પ્રગટપ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
ૐ શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂર-યશોભદ્રસૂરિ સદ્‌ગુરૂભ્યો નમઃ

ઉદયવીરગણિ રચિત

# શ્રી પાર્શ્વનાથ ચરિત્ર

ભાષાંતર

—: સંપાદક :—

કવિરત્ન સમર્થ વ્યાખ્યાનકાર
પ. પૂ. આ. શ્રી વિજય યશોભદ્રસૂરિ મ. સા. ના
શિષ્ય પ. પૂ. પં. શ્રી શ્રેયાંસવિજયજી ગણિવર્યઃ

—: પ્રકાશક :—

શ્રી ભવાનીપુર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ
૧૧ એ, હૈશામરોડ કલકત્તા-૭૦૦૦૨૦

સને ૧૯૮૫

[વિક્રમ સંવત ૨૦૪૧] [વીર સંવત ૨૫૧૧

પ્રગટપ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

ૐ શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂર-યશોભદ્રસૂરિ સદ્ગુરુભ્યો નમઃ

ઉદયવીરગણિ રચિત

# શ્રી પાર્શ્વનાથ ચરિત્ર

ભાષાંતર

—: ૨ પોસ્ક શેઠ

કવિરત્ન સમર્થ વ્યાખ્યાનકાર

પ. પૂ. આ. શ્રી વિજય યશોભદ્રસૂરિ મ. સા. ના

શિષ્ય પ. પૂ. પં. શ્રી શ્રેયાંસવિજયજી ગણિવર્ય

—: પ્રકાશક :—

શ્રી ભવાનીપુર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ


૧૧ એ, હેશામરોડ કલકત્તા—૭૦૦૦૨૦

સને ૧૯૮૫

વિક્રમ સંવત ૨૦૪૧] [વીર સંવત ૨૫૧૧

**પ્રાપ્તિસ્થાન :**

(૧) જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

(૨) સોમચંદ ડી. શાહ
જીવનનિવાસ સામે,
પાલીતાણા, જી. ભાવનગર

(૩) પાર્શ્વ પ્રકાશન
પ્રગતિ બેંકના મેડા પર
નિશાપોળ, ઝવેરીવાડ રીલીફરોડ
અમદાવાદ-૧

(૪) સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના રતનપોળ,
અમદાવાદ.

મુદ્રક :
નયન પ્રિંન્ટીંગ પ્રેસ
ગાંધીરોડ પુલ નીચે, ઢીંકવાવાડી,
અમદાવાદ-૧

## પાર્શ્વનાથ ચરિત્રમાં આવતું વર્ણન તેનું

## સંક્ષિપ્ત કથન

### પહેલો સર્ગ : ભવ ૧–૨–૩

પાર્શ્વનાથને તથા વાગ્દેવીને નમસ્કાર. અરવિંદ રાજા, ધારિણી રાણી, વિશ્વભૂતિ પુરોહિત, અનુદ્ધરા સ્ત્રી, તેના મરૂભૂતિને કમઠ નામના બે પુત્ર, એક ધર્મી ને બીજો અધર્મી. કમઠની સ્ત્રી અરૂણા મરૂભૂતિની વસુંધરા, વિશ્વભૂતિ પ્રથમ સ્વર્ગે, અનુદ્ધરા તેની દેવાંગના. મરૂભૂતિ પુરોહિત હરિશ્ચંદ્ર મુનિનું આગમન. તેની દેશના, લલિતાંગની કથા, મરૂભૂતિને વૈરાગ્ય, તેની સ્ત્રીનો કમઠ સાથે સંબંધ, કમઠની સ્ત્રીથી મરૂભુતિએ જાણવું. મરૂભૂતિએ નજરે જોયા બાદ પ્રસંગે રાજાને કહેવું, રાજાએ અપમાનપૂર્વક કાઢી મૂકવો. તેનો ભાઈ પર કોપ, શિવતાપસ પાસે તેણે લીધેલી તાપસી દીક્ષા, મરૂભૂતિનો ખમાવવા જવાનો વિચાર, રાજાએ ના કહ્યા છતાં તેનું જવું, ખમાવવાથી ઉલટું ક્રોધનું વધવું, મરૂભૂતિ ઉપર કમઠે શિલા મૂકવી, તેથી મરણ પામીને મરૂભૂતિનું હાથી થવું, અરૂણાનું હાથીણી થવું.

અરવિંદ રાજાને વાદળાનું થવું ને વીખરાઈ જવું દેખાવથી થયેલો વૈરાગ્ય, તેણે લીધેલી દીક્ષા, અષ્ટાપદ યાત્રાએ જતાં સાગરદત્ત સાર્થવાહનું મળવું, સાથે રહેવું, હાથીવાળા વનમાં આવવું, હાથીએ મારવા દોડવું. અરવિંદ મુનિએ આપેલ ઉપદેશ, તેનું ધર્મ પામવું, અરૂણા હાથીણીનું પણ ધર્મ પામવું. અરવિંદ મુનિનું અષ્ટાપદ ગમન. ત્યાં કેવળજ્ઞાન ને મોક્ષગમન

કમઠનો તાપસોએ કરેલ તિરસ્કાર. મરીને કુર્કુટ સર્પ થવું. હાથીવાળા સ્થાને આવવું. તેણે હાથીને કરેલ દંશ, હાથીનું સમાધિ મરણ, આઠમે દેવલોકે દેવ થવું, અરૂણાનું બીજે દેવલોકે દેવી થવું, દેવ સાથે સંબંધ, કુર્કુટસર્પનું પાંચમી નરકે ૧૭ સાગરોપમને આયુષ્યે નારકી થવું. પૃષ્ટ ૧ થી ૭૧

## બીજો સર્ગ : ભવ ૪-૫

જંબુદ્વીપનાં પૂર્વ મહાવિદેહની સુકચ્છા વિજયમાં વૈતાઢ્ય ઉપર તિલકપુરી નગરીમાં વિદ્યુદ્ગતિ વિદ્યાધર, તિલકાવતી રાણી, હાથીના જીવનું સ્વર્ગથી ચ્યવી તેના ઉદરમાં ઉપજવું, કિરણવેગ નામ સ્થાપન, પદ્માવતી સાથે પાણિગ્રહણ, પિતાએ દીક્ષા લેવી, મોક્ષગમન, ધરણવેગ પુત્ર, વિજયભદ્રાચાર્યનું પધારવું, દેશના પાંચ અણુવ્રતાદિ ઉપર કથાઓ, કિરણવેગને વૈરાગ્ય, દીક્ષા ગ્રહણ, હેમાદ્રીગમન, કુર્કુટ સર્પનું નર્કમાંથી નીકળી હેમાદ્રીમાં કાળદારૂણ સર્પ થવું, તેનો દંશ, મુનિનું બારમે દેવલોકે ગમન. ૨૨ સાગર આયુ, સર્પનું દવમાં બળીને છઠ્ઠી નરકે જવું. ૨૨ સાગરાયુ. પૃષ્ટ ૭૨ થી ૧૬૯

## ત્રીજો સર્ગ ભવ ૬-૭

જંબુદ્વીપના પશ્ચિમ મહાવિદેહની સુગંધી વિજયમાં શુભંકરા નગરી, વજ્રવીર્ય રાજા, લક્ષ્મીવતી રાણી, કિરણવેગનો જીવ તેનો પુત્ર વજ્રનાભ. વિજયા સાથે પાણિગ્રહણ, તેના મામાનો દીકરો કુબેર, તેનું રીસાઇને ત્યાં આવવું. તેણે પ્રકટ કરેલ નાસ્તિકવાદ. અન્યદા લોકચંદ્રસૂરિનું પધારવું. રાજાનું કુબેર,

સહિત વાંદવા જવું, દેશના, કર્મસ્વરૂપ, કર્મબંધના કારણો. કર્મની સ્થિતિ. કુબેરે કહેલો નાસ્તિકવાદ. ગુરૂએ આપેલ તેનો સવિસ્તર ઉત્તર. ત્રણ વણિક પુત્રની કથા. ઉપનય. પંદર કર્માદાનનું સ્વરૂપ. બાવીશ અભક્ષ્યનું સ્વરૂપ, રાત્રિભોજન પર કથા, બત્રીશ અનંતકાયનું સ્વરૂપ. અનર્થદંડ સ્વરૂપ, ધર્મનું મૂળ વિનય ને વિવેક ઉપર સુમતિની કથા. સત્સંગની જરૂર તેની ઉપર પ્રભાકરની કથા. સ્તોત્રાક્ષરમાં ધર્મનું સ્વરૂપ દેવ ગુરૂ ધર્મનું સ્વરૂપ. કુબેરને થયેલ પ્રતિબોધ. રાજાએ ને કુબેરે લીધેલી દીક્ષા. વજ્રનાભનું રાજા થવું તેને ચક્રાયુધ પુત્ર. ક્ષેમંકર જિન પાસે વજ્રનાભે લીધેલ ચારિત્ર, આકાશમાર્ગે સુકચ્છ વિજયે જવું, સર્પના જીવનું નર્કમાંથી નીકળી ત્યાં ભીલ્લ થવું. તેણે મુનિ પર મારેલ બાણ. મુનિનું આરાધના કરી મધ્ય ગ્રૈવેયકમાં ઉત્પન્ન થવું. ૨૭ સાગરાયુ. ભિલ્લનું મરીને ૭ મી નરકે જવું. પૃષ્ટ ૧૭૦ થી ૨૪૬

## ચોથો સર્ગ : ભવ ૮-૯

જંબુદ્વીપના પૂર્વ મહાવિદેહમાં સુરપુર નામે નગર, વજ્રબાહુ રાજા, સુદર્શના રાણી, મધ્ય ગ્રૈવેયકથી ચ્યવી ચૌદ સ્વપ્ન સૂચિત સુવર્ણબાહુ નામે પુત્ર થવું. પુત્રને રાજ્ય આપી વજ્રબાહુએ લીધેલ દીક્ષા. તેમને કેવળજ્ઞાન અને મોક્ષગમન.

રાજ્ય પાળતાં એકદા વનમાં જવું, એક હસ્તી દેખવો. તેની પાછળ ગમન. ઉછાળો મારી ઉપર ચડી બેસવું, હાથીનું ઉંચે ચઢવું. વૈતાઢ્ય પર લઈ જઈ એક નગર સમીપે મૂકવું.

ઉત્તર શ્રેણીના અધિપતિ મણિચૂડને કહેવું, મણિચૂડનું સત્કાર કરીને નગરમાં લાવવું. પોતાની પુત્રી પદ્માવતીને પરણવા કહેવું. દક્ષિણશ્રેણીના અધિપતિ રત્નચૂડે પણ પોતાની પુત્રી આપવી. ૫૦૦૦ કન્યા સાથે પાણિગ્રહણ. તેને લઇને પોતાને નગરે આવવું. ચૌદ રત્નનું પ્રગટ થવું. ચક્રનું આયુધશાળામાંથી બહાર નીકળવું. તેની પાછળ ચાલી છ ખંડ સાધવા. નવ નિધાનની પ્રાપ્તિ. પોતાને નગરે આવવું. બારવર્ષ સુધી રાજ્યાભિષેક મહોત્સવ. ચક્રીની ઋદ્ધિનું વર્ણન.

અન્યદા જગન્નાથ તીર્થંકરનું પધારવું. રાજાનું વાંદવા જવું. પ્રભુની દેશના સમક્તિ પ્રાપ્ત થવા માટે મિથ્યાત્વ તજવું. મિથ્યાત્વના ૮૦ વિગેરે ભેદ. દેશનાંતે ઉહાપોહ કરતાં ચક્રીને થયેલ જાતિસ્મરણ પૂર્વચારિત્રનું સ્મરણ, વૈરાગ્ય, પંચમુષ્ટી લોચ, દીક્ષાગ્રહણ, ગીતાર્થ થવુ, એકલવિહારી થવું, વીશસ્થાનકનું આરાધન. વિહાર કરતાં ક્ષીરગિરિગમન. કમઠના જીવનું નરકમાંથી નીકળી ત્યાં સિંહ થવું. મુનિને જોઇને તેને ઉપજેલ દ્વેષ. તેણે કરેલ ચપેટાનો પ્રહાર. મુનિએ કરેલ આરાધના. દશમે દેવલોકે દેવપણે ઉપજવું. ૨૦ સાગર આયુ. સિંહનું મરીને ચોથે નરકે જવું. ત્યાંથી નીકળીને તેનું તિર્યંચ ગતિમાં પરિભ્રમણ.

પૃષ્ટ ૨૪૭ થી ૨૬૦

## સર્ગ પાંચમો. ભવ ૧૦ મો છેલ્લો

સિંહના જીવનું નરક અને તિર્યંચ ગતિમાં ભમી એક દરિદ્રી બ્રાહ્મણના પુત્ર થવું. જન્મતાં જ માતાપિતાનું મરણ

પામવું. લોકોએ કમઠ નામ પાડવું. મહા દુઃખી સ્થિતિનો અનુભવ. દ્રવ્યવાનોને જોઈને તેને થતી ઈર્ષ્યા. અત્યંત ખેદ થવાથી તેણે લીધેલી તાપસી દીક્ષા.

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ગંગા કીનારે વારાણસી નગરી. અશ્વસેન રાજા. વામાદેવી રાણી. દશમા દેવલોકથી ચ્યવી ચૈત્ર વદી (ફાગણ વદ) ૪ થે વિશાખા નક્ષત્રે તેમની કુક્ષીમાં અવતરવું. ચોદ સ્વપ્ન દેખવાં. સ્વપ્નપાઠકનું આવવું. અનુક્રમે પોસ વદી ૧૦ મે (માગસર વદ ૧૦) વિશાખા નક્ષત્રમાં સર્પ લાંછનવાળા નિલવર્ણી પુત્રનો જન્મ. દિગ્કુમારીનું આગમન. દિગકુમારી કૃત સૂતિકાની કરણી. જન્મોત્સવ. ઈંદ્રના આસનનું કંપવું. તેનું આવવું. દેવકૃત મેરૂપર જન્મોત્સવ. ઈંદ્રે કરેલ સ્તુતિ, ઘરે મૂકી જવું, નંદીશ્વરે મહોત્સવ, પ્રભાતે રાજાએ કરેલો જન્મોત્સવ, પાર્શ્વ નામ સ્થાપન. રૂપવર્ણન. અન્યદા કોઈ માણસે આવીને કહેલ એક વાત. કુશસ્થળના રાજા પ્રસેનજિત્‌ને પ્રભાવતી નામે પુત્રી. તેનું પાર્શ્વકુમારના ગુણગાન સાંભળીને તેનાપર રાગી થવું. તેના પિતાએ પાર્શ્વનાથને આપવાનો નિર્ણય કરી સ્વયંવરે મોકલવાનું નક્કી કરવું. તે વાતનું કલિંગ દેશના યવન રાજાએ સાંભળવું. તેનું પ્રભાવતીના ઈચ્છક થઈ ચડી આવવું. પ્રસેનજીત્‌નું ચિંતાતુર થવું. મંત્રીઓ સાથે વિચાર કરીને મંત્રીપુત્ર પુરૂષોત્તમને અશ્વસેન પાસે મોકલવો. અશ્વસેન રાજાએ તેને મદદ આપવા માટે તૈયાર થવું. પાર્શ્વકુમારે તે વાત જાણવાથી પિતાને રોકી પોતે જવા માટે તૈયાર થવું, પિતાની આજ્ઞા, પાર્શ્વકુમારનું પ્રયાણ, ઈંદ્રે માતલી સારથીને રથ લઈને

મોકલવો. પ્રભુનું કુળસ્થળે આવવું. યવનનું નમી જવું. પ્રસેનજિત્ રાજાએ પ્રભાવતીની સાથે લગ્ન કરવા પ્રાર્થના કરવી. પાર્શ્વપ્રભુએ પિતાને કહેવા કહેવું. પ્રભાવતીને લઈને તેના પિતાનું વારાણસી આવવું. પિતાના આગ્રહથી પ્રભુએ લગ્ન કરવું.

પૃષ્ટ ૨૬૧ થી ૨૮૦

## સર્ગ ૬ઠ્ઠો

એકદા પાર્શ્વકુમારનું ગોખમાં બેસવું. લોકોને પૂજનાદિ સામગ્રી લઈને નગર બહાર જતા જોઈને કારણ પૂછવું. લોકોએ કમઠ તાપસ આવ્યાની કરેલી વાત. પ્રભુનું ઘોડા પર બેસીને ત્યાં પધારવું. કમઠ સાથે વિવાદ. અગ્નિમાં સર્પને બળતો જોવો. કમઠને કહેવું. લાકડું ફડાવી સર્પ કઢાવવો. સર્પને નવકાર સંભળાવવો. સર્પનું મરીને ધરણેન્દ્ર થવું. પ્રભુનું સ્વસ્થાને આવવું. કમઠની અપભ્રાજના (નિંદા) થવી. તેનું દ્વેષથી મરણ પામી મેઘકુમારમાં મેઘમાળી નામે દેવતા થવું.

એકદા લોકાગ્રહથી પ્રભુનું ઉદ્યાનમાં જવું ત્યાં રાજીમતિનું ને તેનો ત્યાગ કર્યાનું ચિત્રામણ જોઈ વૈરાગ્ય થવો. શુભ ભાવનાનું ભાવવું. લોકાંતિક દેવોએ આવી દીક્ષા અવસરનું જણાવવું. સવારે પિતાની આજ્ઞા લઈ વરસીદાન દેવા માંડવું. વર્ષ આખરે ઈંદ્રાદિકનું આવવું. તેમણે કરેલા મહોત્સવપૂર્વક પ્રભુએ પોસ *વદ ૧૧ ને (માગસર વદ ૧૧) ચારિત્ર ગ્રહણ કરવું.* પહેલું અઠ્ઠમનું પારણું પ્રભુએ ધન્ય સાર્થવાહને ત્યાં કરવું, પાંચ દિવ્યનું પગટ થવું. પ્રભુનું વિહાર કરી કુંડ–સરોવરને તીરે રહેવું.

મહિધર નામે હાથીનું ત્યાં આવવું. પ્રભુને જોઈને તેને જાતિસ્મરણ થવું. તેણે પ્રભુની કમળો વડે કરેલી પૂજા, તે વાતની નજીકમાં રહેલા ચંપાના રાજા કરકંડુને ખબર પડતાં તેનું ત્યાં આવવું. પ્રભુનું વિહાર કરી જવું. તેનું ત્યાં પ્રભુની પ્રતિમાનું સ્થાપન કરવું. દેરાસર બનાવવું. તેનું કળિકુંડ નામે પ્રભાવિક તીર્થ થવું. હાથીનું મૃત્યુ પામી વ્યંતર દેવ થવું ને તે તીર્થના અધિષ્ટાતા બનવું.

પ્રભુનું શિવપુરીએ આવવું. ત્યાં કોશાંબ્ય નામના વનમાં કાઉસગ્ગે રહેવું. ધરણેંદ્રનો ઉપકાર સંભારીને ત્યાં આવવું. પ્રભુની ઉપર છત્ર ધરીને રહેવું, પ્રભુએ વિહાર કરવો; ઇંદ્રનું સ્વસ્થાને જવું, લોકોએ અહિછત્રા નગરી વસાવી.

પ્રભુનું રાજપુર નગરે જવું. ઈશ્વર નામે રાજા રયવાડી જતાં પ્રભુને દેખી નમવું, ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન થવું. મંત્રીના પૂછવાથી પૂર્વભવ કહી બતાવવો. પ્રભુએ વિહાર કરવો, રાજાએ ત્યાં દેરાસર કરાવવું, તેનું કુકુંટેશ્વર નામથી પ્રસિદ્ધ થવું.

પ્રભુએ કોઈ તાપસના આશ્રમ પાસે કાઉસગ્ગે રહેવું, મેઘમાળીએ અવધિજ્ઞાનથી પૂર્વભવના વૈરી તરીકે ઓળખવું, તેનો ઉપસર્ગ કરવા આવવું, અનેક ઉપસર્ગો કરવા, હાથી, વાઘ, ચિત્તો, સાપ, વીંછી, દેવાંગના, ધુળનો વરસાદ અને વેતાળોના ઉપસર્ગો કરી વરસાદ વરસાવવો. ભગવંતના નાકના અગ્ર ભાગ સુધી પાણી આવતાં આસનકંપથી ધરણેંદ્રનું ત્યાં આવવું, તેણે

નીચે કમળ અને ઉપર છત્ર કરવું, ઉપસર્ગનું નિવારણ, મેઘમાળીને હાંકી કાઢવો, તેનું વરસાદ (પાણી) સંહરી નમસ્કાર કરીને સ્વસ્થાને જવું, ધરણેંદ્રનુ પણ સ્વસ્થાને જવું.

દીક્ષા લીધા પછી ૮૪ મે દિવસે વિશાખા નક્ષત્રને યોગે ચૈત્ર (ફાગણ વદ ૪) વદિ ૪ ચોથે ઘાતી કર્મો ક્ષય થવાથી પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થવું. સમવરણની રચના, તેનું વર્ણન, અશ્વસેન રાજાને વધામણી. તેનું સૌને લઈને વાંદવા આવવું. તેમણે કરેલી સ્તુતિ, ભગવંતે આપેલી દેશના, દાન ધર્મની વ્યાખ્યા, જ્ઞાનદાનની શ્રેષ્ઠતા, તે ઉપર ધનમિત્રની કથા, અભયદાન ઉપર વસંતકની કથા, સુપાત્રદાન ઉપર ચાર વણિકપુત્રની કથા. શીલધર્મ, તે ઉપર મદનરેખાની કથા. તપધર્મ, તે ઉપર સનતકુમાર ચક્રીની કથા. ભાવધર્મ, પુંડરીક કંડરીકની કથા, અશ્વસેન રાજા વિગેરેનું પ્રતિબોધ પામવું, તેમણે વામાદેવી ને પ્રભાવતી સહિત દીક્ષા લેવી, ભગવંતે કરેલી ગણધર સ્થાપના, ૧૦ ગણધર, પ્રભુનું દેવછંદામાં બીરાજવું.

પૃષ્ટ ૨૮૧ થી ૩૭૧

## સર્ગ ૭ મો

પ્રથમ ગણધર આર્યદત્તે આપેલી દેશના. પ્રધાને ગૃહસ્થ ધર્મ પૂછવો. ગણધરે સમક્તિમૂળ બાર વ્રતનું સ્વરૂપ કહેવું, તેના અતિચારો સમજાવવા. શ્રાવકના વ્રત પાળવાને અશક્ત ગૃહસ્થે જિનપૂજા તો અવશ્ય કરવી. રાવણે જિનપૂજાથી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું તેની કથા, પૂજાના ત્રણ પ્રકાર, પુષ્પ પૂજા ઉપર વયરસેન કથા. અક્ષત પૂજા પર શુકરાજ કથા.

ભાવપૂજા ઉપર વનરાજ કથા ગણધરની દેશના સમાપ્ત થયે સર્વ સભાનું પ્રભુને નમીને સ્વસ્થાને જવું. પાર્શ્વ યક્ષ–પદ્માવતી દેવી. ભગવંતે કરેલ વિહાર. પૃષ્ટ ૩૭૨ થી ૪૫૭

## સર્ગ ૮ મો

પાર્શ્વ પ્રભુનું પુંડ્રદેશે સાકેતપુરના ઉદ્યાનમાં સમવસરવું, સાગરદત્ત સાર્થવાહનું વૃત્તાંત, પ્રભુનાં દેશના. તેને વૈરાગ્ય, શુભ ભાવથી ત્યાંજ કેવળજ્ઞાન. ભગવાનના ચાર શિષ્ય. તે ભવ મોક્ષની વાત સાભળી ઘરે જવું, ફરીને પ્રભુ પાસે આવવાનો વિચાર કરતાં શુભ ભાવના ભાવના ભાવવાથી કેવળી થવું.

બંધુદત્તની કથા. અંતર્ગતમાં શ્રીગુપ્તની કથા. બંધુદત્તનો ને પલ્લિપતિનો ભવ નિસ્તાર. પ્રભુનો પરિવાર. પ્રભુનું સમેતશિખર પધારવું, શ્રાવણ સુદિ ૮ મે નિર્વાણ (મોક્ષગમન) ઈંદ્રાદિકનું આવવું નિર્વાણ મહોત્સવ.

પૃષ્ઠ ૪૫૮ થી ૪૮૯

## પ્રશસ્તિ

ચંદ્રગચ્છમાં તપગચ્છીય શ્રી જગચ્ચંદ્રસૂરિના પટ્ટ પરંપરામાં સંઘવીરગણિના શિષ્ય ઉદયવીરગણિએ સં. ૧૬૫૪ માં જેઠ સુદિ ૭ મે ગદ્યબંધ ચરિત્રની શ્લોક ૫૫૦૦ પ્રમાણ કરેલી રચના. ૪૯૦. મંગલમય આરાધના–૪૯૩

# પ્રસ્તાવના (પ્રથમ આવૃત્તિની)

## ક્રોડો વંદન હો શ્રી પાર્શ્વનાથ ભગવાનને

સંસારના પ્રત્યેક (દરેક) જીવોનાં ચરિત્રમાં સારૂં–નરસું, પ્રેરક–ઘાતક, સદાચાર–દુરાચાર, ધર્મ–અધર્મ આદિ તત્ત્વો ઓછે વત્તે અંશે ભર્યા પડયાં હોય છે. પરંતુ તીર્થની સ્થાપના કરનાર મહાન તીર્થંકરોનાં જીવનમાં લગભગ બધું શુભ, સુંદર, સત્ય અને નિર્મળ જ હોય છે. બધા તીર્થંકર ભગવંતોનાં ચરિત્રમાં આવી વિશેષતા ઉભરાતી હોય છે. તેમાંય ૨૩ મા તીર્થપતિ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચરિત્ર તો આત્માની અનંત શક્તિનું ભાન કરાવનારૂં એક ભવ્ય આદર્શ અને પ્રેરક જીવન છે.

તીર્થપતિ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચરિત્ર તો જૈન સાહિત્યમાં ઘણા સ્થળે અંક્તિ થયેલું છે. પણ સર્વ જીવોને હિતકારક એવું લગભગ પંચાવનસો શ્લોક પ્રમાણ વડે શણગારેલું ચરિત્ર શ્રી ઉદયવીરગણિવરે વિ. સં. ૧૬૫૪ માં અંકિત કર્યું હતું. આ ગ્રંથ પરથી ગુજરાતીમાં ભાષાનુવાદ કરીને વિ સં. ૧૯૭૫ માં જૈનધર્મ પ્રસારક સભાએ પ્રથમવાર પ્રગટ કર્યું તે હાલ અપ્રાપ્ય બનતાં પ. પૂ. આ વિ. યશોભદ્રસૂરિ મ. સા. ની શુભ પ્રેરણાથી પ્રસ્તુત ચરિત્ર પ્રતાકારે પ્રગટ થાય છે.

પ્રસ્તુત શ્રી પાર્શ્વનાથ ચરિત્રમાં ભગવંતના દશ ભવનું આલેખન છે અને પ્રત્યેક ભવમાં આત્માનું પ્રેરક બળ ભર્યું પડ્યું છે જન્મ, જરા, રોગ અને મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરી શાશ્વત સુખ મેળવવા પાછળ આત્માને કેટલો ભવ્ય પુરૂષાર્થ કરવો પડે છે તે હકિકત ભગવંતના ચારિત્રમાંથી જાણવા મળે છે.

જૈનોના સાહજીક જીવનમાં કોઈ પણ પ્રકારનું દુષણ ન પ્રવેશે

તે લક્ષ્યમાં રાખીને આ ચરિત્રમાં રાખીને આ ચરિત્રમાં અનેક ઐતિહાસિક તથા પ્રાચીન કથાનકો પણ આપવામાં આવ્યા છે. આમ આખું ચરિત્ર સદાચાર, ધર્મ અને સંસ્કાર વડે સમૃદ્ધ થયું છે.

ખરી રીતે આપણાં જીવન માટે આવા ચરિત્રો જ માર્ગ-દર્શક રહેતાં આવ્યાં છે. પણ વર્તમાન યુગની ભૌતિક લાલસા આજ એટલી બેફામ બની છે કે ધર્મ, આધ્યાત્મિક તત્ત્વનું ચિંતન, સદાચાર, સંસ્કાર, વિગેરે સર્વ માટેનાં (હિત) રૂપ તત્ત્વો એક તરફ હડસેલાવા માંડયા છે. ભોગલિપ્સાનો યુગ કયારે આથમશે અને ચિર સુખ પ્રાપ્ત કરાવનાર અધ્યાત્મયુગ કયારે પ્રફુલ્લ બનશે તે તો જ્ઞાની જાણે. પરંતુ આવાં ચરિત્ર પ્રત્યેનો આપણો સદ્ભાવ, વાંચન વિગેરે જળવાઈ રહેશે તો મને શ્રદ્ધા છે કે અધ્યાત્મ રૂપી સૂર્ય સામે આડા આવેલાં વાદળદળો અવશ્ય વિખરાઇ જશે.

પ્રસ્તુત ચરિત્ર સંસ્કૃતમાં ગદ્યબંધ સરલ અને સુવાચ્ય તો છે પરંતુ તેનું આ ગુજરાતી સ્વરૂપ પણ એટલું જ સરલ, સુવાચ્ય અને સુમધુર છે. સંપાદક પ. પૂ. મુનિરાજ શ્રી શ્રેયાંસ-વિજયજી મ. જે આ ચરિત્રનું સંપાદન કાર્ય કરીને આપણા ભવ્ય વારસાને જાળવી રાખ્યો છે. એમાં કોઈ શક નથી.

હું એક સામાન્ય સંસારી છું. આવા મહાન ગ્રંથની પ્રસ્તાવના હું કેમ લખી શકું ? હું કેવળ ભગવાન પાર્શ્વનાથ પ્રભુના જીવન મંગળ રૂપ આ ચરિત્રને મસ્તક જ નમાવી શકું.

ધામી નિવાસ, કરણપુરા, રાજકોટ.

**મોહનલાલ ચુનિલાલ ધામી**

વૈ. શુ. ૧૩ વિ. સં. ૨૦૩૦ વીર સંવત ૨૫૦૦

(બીજી આવૃત્તિ–૨૦૪૧ પ્રથમ શ્રા. સુ. ૫ તા. ૨૨–૭–૮૫)

# શ્રી પાર્શ્વનાથ ચરિત્ર અંગે

## -: પ્રકાશકીય વક્તવ્ય :-

પરમપૂજ્ય આરાધ્યપાદ આચાર્યદેવ આદિ ઉપકારી મુનિભગવંતોએ સ્વ-પરના કલ્યાણ માટે અનેક ગ્રન્થોની રચના કરેલ છે. તે તે ગ્રન્થોના વાંચન-મનન-શ્રવણ કરવાથી આત્માને સમ્યગ્ બોધ થાય છે. તે બોધ સમ્યક્ ક્રિયામાં પરિણમે છે. "જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ" અને એ રીતે સમ્યક્ પ્રકારે જ્ઞાનક્રિયાની આરાધના દ્વારા આત્મા પરમાત્મપદને પામે છે.

૧૬ મી શતાબ્દિમાં પરમપૂજ્ય શ્રી ઉદયવીરગણીએ પુરૂષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુના જીવનચરિત્રની સંસ્કૃતમાં રચના કરી વિદ્વદ્દસમાજને એક ચરિત્રગ્રન્થની ભેટ આપી છે અને કથાનુયોગમાં એક મહાન ગ્રન્થનો ઉમેરો કરેલ છે.

વિક્રમ સંવત ૧૯૭૫ માં શ્રી જૈનધર્મપ્રસારક સભાએ તે પાર્શ્વનાથ ચરિત્રનો ગુજરાતીમાં અનુવાદ કરાવી પુસ્તકરૂપે પ્રકાશન કરી બાળજીવો ઉપર મહાન ઉપકાર કરેલ છે. જે હાલ અપ્રાપ્ય બનતાં વિક્રમ સંવત ૨૦૪૦ માં અમારી આગ્રહભરી વિનંતિનો સ્વીકાર કરી ચાતુર્માસાર્થે પધારેલ પરમપૂજ્ય પંન્યાસજી શ્રી શ્રેયાંસચંદ્રવિજયજી ગણિવર્યશ્રીની પ્રેરણાથી

શ્રી સંઘના જ્ઞાનદ્રવ્યમાંથી શ્રી પાર્શ્વનાથ ચરિત્ર પુસ્તકાકારે છપાવવામાં આવેલ છે.

આ પુસ્તક છપાવવાની પરવાનગી આપવા બદલ શ્રી જૈન ધર્મપ્રસારક સભાનો તથા જે જે સદ્ગૃહસ્થોએ ફોટાઓ અગાઉથી નોંધાવીને આર્થિક સહયોગ આપવા બદલ તથા પુસ્તક છપાવવામાં પ્રુફરીડીંગ વિ. આદિ કાર્યોમાં સહકાર આપવા બદલ નયન પ્રિન્ટીંગ પ્રેસના સંચાલક શ્રી કીર્તિભાઈ મફતલાલ ગાંધીનો તથા આ કાર્યમાં ખંતથી સહકાર આપવા બદલ શ્રી કૌશીકભાઇ આર. શાહ આદિનો આભાર વ્યકત કરીએ છીએ.

લી. શ્રી ભવાનીપુર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ
૧૧ એ, હૈશામરોડ
કલકત્તા–૭૦૦૦૨૦

(તા.ક. :– આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી છપાવેલ હોવાથી સ્ટોકમાં હશે ત્યાં સુધી પ. પૂજ્ય સાધુસાધ્વીજી મહારાજ સાહેબોને

તથા

શ્રી સંઘના જ્ઞાનભંડારોને ભેટ આપવામાં આવશે.

# શ્રી પાર્શ્વનાથ ચરિત્રાંતર્ગત પ્રાસંગિક કથાઓ


| નામ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| **સર્ગ પહેલો પૃષ્ઠ ૧–૭૧** | | |
| ૧ લલિતાંગ ને સજ્જન (અનેક અંતરંગ કથાયુક્ત) | ધર્મથી જય | ૫–૫૧ |
| ૨ નંદક ને ભદ્રક | કુવિકલ્પથી દેવાર્ચન | ૬૨–૬૩ |
| ૩ ધન્ય વણિક | કુવિકલ્પથી મુનિદાન | ~~૬૩–૬૪~~ |
| **સર્ગ બીજો પૃષ્ટ ૭૨–૧૬૯** | | |
| ૪ બે ભાઈ | એક કાકિણી માટે હજાર રત્નનું ખોવું. | ૭૫–૮૦ |
| ૫ ભીમકુમાર | જીવદયા ઉપર | ૮૧–૧૦૮ |
| ૬ ચંદ્રા ને સર્ગ | કઠોર ભાષા ઉપર | ૧૦૯–૧૧૪ |
| ૭ વસુરાજા | સત્ય ઉપર | ૧૧૬–૧૨૪ |
| ૮ મહાબળ | અદત્તાદાન નિષેધ | ૧૨૬–૧૩૬ |
| ૯ સુંદરરાજા | પરસ્ત્રી ત્યાગ | ૧૩૭–૧૫૩ |
| ૧૦ ધનસાર | પરિગ્રહ પ્રમાણ | ૧૫૪–૧૬૬ |
| **સર્ગ ત્રીજો પૃષ્ટ ૧૭૦–૨૪૬** | | |
| ૧૧ ત્રણ વણિક | મનુષ્યભવની સફળતા | ૧૮૧–૧૯૧ |
| ૧૨ ત્રણ મિત્ર | રાત્રિભોજન ત્યાગ | ૨૦૪–૨૦૮ |
| ૧૩ સુમતિ | વિવેક | ૨૧૯–૨૨૭ |
| ૧૪ પ્રભાકર | સત્સંગ | ૨૨૮–૨૪૦ |

સર્ગ ચોથો પૃષ્ઠ ૨૪૭–૨૬૦, સર્ગ પાંચમો ૨૬૧–૨૮૦

સર્ગ છઠ્ઠો ૨૮૧–૩૭૧

| | | | |
|---|---|---|---|
| ૧૫ | ધનમિત્ર | જ્ઞાનદાન | ૩૦૪–૩૦૮ |
| ૧૬ | રોહિણી (અંતરંગ કથા) | શાળિના પાંચ દાણા | ૩૧૧–૩૧૫ |
| ૧૭ | વસંતક | અભયદાન | ૩૧૮–૩૨૪ |
| ૧૮ | સાર્થવાહના ચાર પુત્ર | સુપાત્રદાન | ૩૨૬–૩૩૨ |
| ૧૯ | મણિરથ ને મદનરેખા | શીલ | ૩૩૬–૩૫૫ |
| ૨૦ | પ્રત્યેકબુદ્ધ નમિ રાજર્ષિ (અંતરંગ કથા) | એકત્વભાવના | ૩૦૫–૩૧૦ |
| ૨૧ | સનત્કુમાર ચક્રી | તપ | ૩૫૬–૩૬૨ |
| ૨૨ | પુંડરિક ને કંડરિક | ભાવના | ૩૬૩–૩૭૦ |

સાતમો સર્ગ ૩૭૨–૪૫૭

| | | | |
|---|---|---|---|
| ૨૩ | રાવણ (પ્રાસંગિક અન્ય વિસ્તૃત ચુક્તકથા) | જિનપૂજા | ૩૭૮–૩૯૪ |
| ૨૪ | અમરસેન વયરસેન | પુષ્પપૂજા | ૩૯૫–૪૧૯ |
| ૨૫ | શુકરાજ (શુક–શુકી) | અક્ષતપૂજા | ૪૧૯–૪૩૭ |
| ૨૬ | વનરાજ | ભાવપૂજા | ૪૩૭–૪૫૪ |
| ૨૭ | ભિલ્લ | ગુરૂભક્તિ–ભાવપૂજા | ૪૫૪–૪૫૬ |

આઠમો સર્ગ ૪૫૮–૪૮૯

| | | | |
|---|---|---|---|
| ૨૮ | સાગરદત્ત | સત્ય ધર્મ નિશ્ચય | ૪૫૮–૪૬૩ |
| ૨૯ | ચાર મુનિ કથા | | ૪૬૩–૪૬૪ |
| ૩૦ | બંધુદત્ત | ધર્મની પુષ્ટિ | ૪૬૪–૪૮૫ |
| ૩૧ | શ્રીગુપ્ત (અંતરંગ કથા) | સુકૃતથી પાપનાશ | ૪૭૬–૪૮૪ |
| ૩૨ | અશોકમાળી | | ૪૮૬–૪૮૯ |

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવ પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઇ મંગલમ્ ॥




અ. સૌ. મુક્તાબેન મગનલાલ શાહ

ભવાનીપૂર, કલકત્તા

તરફથી દર્શનાર્થે ભેટ

DESIGN & PRINTED BY:
AMIVARSHA, CALCUTTA-47·3549

ૐ પદ્માવતી પદ્મનેત્રે પદ્માસને લક્ષ્મીદાયિનિ
વાંછા પૂર્ણિ ઋદ્ધિં સિદ્ધિં જયં જયં કુરૂકુરૂ સ્વાહા



અ. સૌ. સરોજબેન કમળકુમારજી બોથરા
કલકત્તા, ભવાનીપૂર, તરફથી દર્શનાર્થે ભેટ

DESIGN & PRINTED BY :
AMIVARSHA, CALCUTTA-47-3549




શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ ભગવાન



શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન



શ્રી નાકોડાજી પાર્શ્વનાથ ભગવાન



શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાન
(સમેતશિખરજી જલમંદિર)



શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાન



શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાન

ॐ ह्रीँ अर्हम् नमः

प्रगटप्रभावी श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ।

श्री नेमि विज्ञान-कस्तूर-यशोभद्रसूरि सद्गुरुभ्यो नमः ।

# ॥ श्री पार्श्वनाथचारित्र ॥

## ભાષાંતર

प्रोद्यत्सूर्यसमं सुरासुरनरैः संसेवितं निर्मलं,
श्रीमत्पार्श्वजिनं जिनं जिनपतिं कल्याणवल्लीघनम् ।
तीर्थेशं सुरराजवंदितपदं लोकत्रयीपावनं,
वंदेऽहं गुणसागरं सुखकरं विश्वैकचिंतामणिं ॥१॥

દેદીપ્યમાન સૂર્યસમાન, સુરાસુર અને મનુષ્યોથી સંસેવિત, નિર્મળ, જિનપતિ, કલ્યાણરૂપી લતાને મેઘરૂપ, તીર્થના નાયક, દેવેંદ્રોએ જેમના ચરણોને વંદન કર્યું છે એવા, લોકત્રયને પવિત્ર કરનાર, જ્ઞાનાદિ ગુણના સાગર, સુખના કરનાર, અને જગતને એક ચિંતામણિરૂપ-એવા શ્રી પાર્શ્વનાથ જિનને હું વંદન કરૂં છું.

પ્રભાવથી પ્રકાશિત દેવોએ નિર્માણ કરેલ શ્રેષ્ઠતર સિંહાસન પર બિરાજમાન, ચળકતા ચામરથી વીજાયમાન, છત્રત્રયથી વિરાજિત, રૂપા (આદિ) સ્વર્ણ અને મણિથી પ્રભાસિત, ત્રણ કિલ્લાથી વિભૂષિત અને સૂર્યની જેમ ઉદયમાન એવા શ્રી પાર્શ્વનાથ દેવને હું વંદન કરૂં છું.

વીણા અને પુસ્તકને ધારણ કરનારી, દેવેંદ્રથી સંસેવિત, સુરાસુર અને મનુષ્યોથી પૂજિત, સંસારસાગરથી તારનારી, વિજય પ્રાપ્ત કરાવનારી, દારિદ્રયનો નાશ કરનારી, વિઘ્નરૂપ ધ્વાંત (અંધકાર)ને હરનારી, સુખને કરનારી અને સર્વ અર્થને સાધનારી–એવી ભગવતી વાગ્દેવી શ્રુતદેવી જયવંતી વર્તો.

સરસ્વતીને પ્રણામ કરીને અને ગુરૂમહારાજના ચરણ-કમળને નમસ્કાર કરીને શ્રી પાર્શ્વનાથ ભગવંતના ચરિત્રની હું રચના કરૂં છું.

લાખ યોજન વિસ્તારવાળો જંબુદ્વીપ નામના દ્વીપમાં દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં બાર યોજન લાંબુ, નવ યોજન વિસ્તૃત, દિવ્ય પ્રાસાદોથી મનોહર, દુકાનોની શ્રેણીથી વિરાજિત અને નરરત્નોથી અલંકૃત પોતનપુર નામે નગર છે. તે નગરમાં અરવિંદસમાન શ્રીમાન અરવિંદ નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજા ન્યાયવાન, પ્રજાપાલક, શત્રુઓને જીતવામાં વિચક્ષણ, ધર્મનિષ્ઠ, શ્રદ્ધાળુ, પરોપકારી અને પ્રતાપી હતો, તેને પરોપકારિણી, ન્યાયવતી, શીલવતી, ગુણવતી, ધર્મવતી અને પુત્રવતી ઈત્યાદિ ગુણને ધારણ કરનારી **ધારિણી** નામે પટરાણી (પ્રાણપ્રિયા) હતી. તે રાજા રાજ્ય કરતે છતે સમસ્ત પ્રજા અતિશય સુખી હતી. તે રાજાને **વિશ્વભૂતિ** નામે પુરોહિત હતો. તે

વિદ્વાન, પંડિત, ન્યાયશાસ્ત્ર તથા ધર્મશાસ્ત્રમાં કુશળ, શ્રાવક-ધર્મમાં પ્રવીણ, રાજમાન્ય અને મહર્દ્ધિક હતો તે ધર્મનિષ્ઠ હોવાથી રાજાનું પુરોહિતપણું કરતો હતો તથા પ્રતિક્રમણાદિ ધર્મક્રિયા પણ પ્રતિદિન કરતો હતો તેને પતિવ્રતા, સદ્ધર્મચારિણી અને શીલરૂપ અલંકારને ધારણ કરનારી **અનુદ્ધરા** નામે પ્રાણપત્ની હતી. તે દંપતીને **મરૂભૂતિ** અને **કમઠ** નામના બે પુત્રો થયા હતા, તે નિપુણ અને પંડિત હતા. તેમાં મરૂભૂતિ પ્રકૃતિએ સરલ સ્વભાવી, સત્યવાદી, ધર્મિષ્ઠ, સજ્જન અને ગુણવાન હતો અને કમઠ દુષ્ટ, લંપટ, દુરાચારી અને કપટી હતો. 'એક નક્ષત્રમાં અને એક ઉદરમાં ઉત્પન્ન થયા હોય છતાં બોરડીના કાંટાની જેમ માણસો પણ સમાન શીલવાળા થતા નથી.' કમઠને **અરૂણા** નામની અને મરૂભૂતિને **વસુંધરા** નામની પત્ની હતી તે બંને સ્ત્રીઓની સાથે શબ્દ, રૂપ, રસ, સ્પર્શ અને ગંધ–એ પાંચ વિષયો સંબંધી સુખભોગ ભોગવતાં તે બંને ભ્રાતા સમય પસાર કરતા હતા.

અન્યદા વિશ્વભૂતિ પુરોહિત પોતાના ઘરનો ભાર બંને પુત્રોને સોંપીને પોતે કેવળ જિનધર્મરૂપ સુધારસનોજ આસ્વાદ લેવા લાગ્યો. તૃષ્ણાનો ત્યાગ કરીને વૈરાગ્યથી મનને એકાગ્ર રાખી સામાયિક અને પૌષધાદિક કરવા લાગ્યો અને કેટલાક વખત પછી **વિવિક્તાચાર્ય** નામના ગુરુ પાસે અનશન અંગીકાર કરીને એકચિત્તે પંચ પરમેષ્ઠિ મંત્રનું સ્મરણ કરતાં સ્વદેહનો ત્યાગ કરી સૌધર્મ દેવલોકમાં દેવતા થયો. એટલે પતિવિયોગથી વ્યાકુળ થયેલી અનુદ્ધરા પણ ઉગ્ર તપ તપી મરણ પામીને વિશ્વભૂતિ દેવની દેવી થઇ. કમઠ અને મરૂભૂતિ

માતપિતાનું પ્રેતકાર્ય (મૃત પાછળની ક્રિયા) કરીને સ્વકુટુંબની ચિંતામાં પડયા. કેટલાક વખત પછી તેઓ શોકરહિત થયા અને મરૂભૂતિ રાજાનું પુરોહિતપણું કરવા લાગ્યો.

એકદા શ્રેષ્ઠ પ્રશમામૃતથી સિંચાયેલા અને ચાર જ્ઞાનને ધારણ કરનારા હરિશ્ચંદ્ર નામના આચાર્ય ભવ્યકમળોને પ્રતિબોધ પમાડતા છતાં પોતનપુરના નજીકના ઉપવનમાં પધાર્યા, એટલે તે મુનીશ્વરના આગમનને જાણીને નગરજનો પોતાના આત્માને ધન્ય માનતા તેમને વંદન કરવા ગયા. તે વખતે રાજા, કમઠ અને મરૂભૂતિ વિગેરે સમસ્ત રાજવર્ગ પણ તેમને વંદન કરવા આવ્યો અને સૂરિજીને ભાવથી વંદન કરીને રાજાદિક સર્વે યથાસ્થાને બેઠા. એટલે સૂરીશ્વરે પોતાના જ્ઞાનથી મરૂભૂતિને ભાવિ પાર્શ્વજિનનો જીવ જાણીને વિશેષ રીતે તેને ઉદ્દેશીને ધર્મદેશના દેવાનો પ્રારંભ કર્યો.

"હે ભવ્ય જનો ! કરોડો ભવોમાં પણ પ્રાપ્ત થવી દુર્લભ એવી નરભવાદિ સકળ સામગ્રી પ્રાપ્ત કરીને ભવજલધિમાં નાવસમાન એવા જૈનધર્મના આરાધનમાં સદા પ્રયત્ન કરો. જેમ અક્ષર વિનાનો લેખ, દેવ વિનાનું મંદિર અને જળ વિનાનું સરોવર ન શોભે તેમ ધર્મ વિના મનુષ્ય ભવ પણ શોભતો નથી, વળી હે ભવ્યાત્માઓ ! વિશેષ રીતે શ્રવણપુટ (મન)ને એકાગ્ર કરીને સાંભળો—આ દુર્લભ માનવભવને પામીને ધન, ઐશ્વર્ય, પ્રમાદ અને મદથી મોહિત થઇ તેને વૃથા ન ગુમાવો. મૂળથી છેદાયેલ વૃક્ષ, મસ્તક રહિત સુભટ અને ધર્મહીન ધનવાન કેટલો વખત લીલા કરી શકે. જેમ વૃક્ષની ઉંચાઇ ઉપરથી પૃથ્વીમાં રહેલ તેનું મૂળ કેટલું ઉંડું છે તે

સમજી શકાય છે, તેમ પૂર્વે કરેલ ધર્મ અદૃષ્ટ છતાં પ્રાપ્ત-સંપત્તિથી તેનું અનુમાન થઈ શકે છે. એટલા માટે સુજ્ઞજનો તે ધર્મને મૂળભૂત ગણી તેને સિંચીને ભોગફળને વારંવાર ગ્રહણ કરે છે અને મૂઢજનો તેને ઉચ્છેદીને એકવાર ભોગફળ મેળવી લે છે. નિર્મળ કુળ, કામદેવ જેવું રૂપ, વિશ્વ (સર્વ)ને ભોગવવા લાયક અને અવ્યય એવું સૌભાગ્ય, વિકસ્વર લક્ષ્મી-વિલાસ, નિર્દોષ વિદ્યા, સ્ફુરાયમાન કીર્તિ વિગેરે મનોહર ગુણો ધર્મથી મેળવી શકાય છે. ધર્મનો પક્ષપાત કરેલ હોય તો તે લલિતાંગકુમારની જેમ જયનિમિત્તો થાય છે, અને ધર્મની વિરૂદ્ધતા તેના નોકર સજ્જનની જેમ અનર્થને માટે થાય છે.

## લલિતાંગકુમારની કથા :

આજ જંબુદ્વીપમાં ભરત નામના ક્ષેત્રમાં શ્રીવાસ નામનું નગર છે ત્યાં અશેષ રાજાને પોતાના દાસ બનાવે એવો **નરવાહન** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને કમળ જેવા મુખવાળી **કમળા** નામની રાણી હતી. તે દંપતીને ડાહ્યો ધીમાન બહોંતેર કળામાં કુશળ અને શાસ્ત્ર તથા શસ્ત્રવિદ્યામાં ચાલાક **લલિતાંગ** નામે પુત્ર હતો. તે દીપકની જેમ પોતાના કુળને અજવાળતો હતો. વળી દીપકમાં તો કાળાશ હોય છે, પણ તે કુમારમાં તો લેશ પણ દોષ નહોતો. તે અવસ્થાએ નાનો હતો, છતાં તેનામાં ગુણો મોટા હતા; કારણ કે માથે ધોળા વાળ થાય તેથી મનુષ્ય વૃદ્ધ-મોટો ગણાય એવી માન્યતા ભૂલભરેલી છે, પણ યુવાન છતાં જો તે ગુણવાન હોય તો તેજ સ્થવિર-વૃદ્ધ છે એમ સમજવું.

તે લલિતાંગકુમારમાં બીજા ઘણા ગુણો હતા, છતાં દાનગુણમાં તેને વધારે પ્રીતિ હતી. યાચકને જોતાં તેને જે આનંદ ઉપજતો, તેવો આનંદ તેને કથા, કાવ્ય, સ્ત્રી, ઘોડા અને હાથીની લીલા કરવામાં આવતો ન હતો. જે દિવસે તેને યાચકની પ્રાપ્તિ ન થતી, તે દિવસને તે ક્ષય તિથિની જેમ ગણતો હતો. વળી અર્થીના આગમનને તે પુત્રજન્મના લાભ કરતાં પણ અધિક માનતો હતો. વળી દાનના વ્યસની એવા તેને અદેય (ન દેવા લાયક) કંઈ પણ ન હતું. તે કુમારને નામથી સજ્જન પણ સ્વભાવે દુર્જન એવો એક અધમ સેવક હતો. કુમારને હાથે તે વૃદ્ધિ પામેલ હોવા છતાં તે કુમારનું જ પ્રતિકૂળ કરનારો હતો. જેમ સમુદ્રના જળથી પૃષ્ટ થયેલ વડવાનલ તેનું જ શોષણ કરે છે. તેમ તે સજ્જન કુમારને દુર્જનરૂપ જ હતો; તો પણ કુમાર તે અધમ સેવકનો ત્યાગ કરતો ન હતો, કારણ કે ચંદ્રમા શું કલંકનો કદાપિ ત્યાગ કરે છે?

એકદા કુમાર પર પ્રસન્ન થઇ તેના ગુણથી આકર્ષાઇને રાજાએ તેને પોતાના હાર વિગેરે કિંમતી અલંકારો આપ્યા. તે કિંમતી અલંકારો પણ તે રાજકુમારે યાચકને આપી દીધા; એટલે સજ્જને તે બધું રાજા પાસે જઈને ગુપ્તપણે નિવેદન કર્યું. તે સાંભળીને રાજા અગ્નિની જેમ અંતરમાં બળવા લાગ્યો. પછી રાજાએ કુમારને એકાંતમાં બોલાવીને કોમળ વાણીથી શિખામણ આપવા માંડી કે :- "હે વત્સ! જરા વિના પણ ગુણગણથી તને વૃદ્ધત્વ પ્રાપ્ત થયું છે, તો પણ તને ઉપયોગી થાય એવી કંઈક હું શિખામણ આપું છું તે સાંભળ :- હે

વત્સ ! રાજ્ય બહુ કાર્યોથી વ્યાપ્ત છે અને તું હજી બાળક છે. આ સપ્તાંગ રાજ્ય બધું તારૂં જ છે; પરંતુ તે કરંડીઆમાં રહેલ સાપની જેમ સાવધાનપણે ચિંતનીય છે, ફળેલા ખેતરની જેમ નિત્ય પ્રયત્નથી તે રક્ષણીય છે અને નવા બગીચાની જેમ તે વારંવાર સેવનીય છે. રાજાએ કોઈનો પણ વિશ્વાસ ન કરવો. રાજા પોતાના કોશ (ખજાના)થી જ પોતાના સ્કંધને દૃઢ કરે છે. તેથી સ્વાર્થ સાધવામાં તત્પર રહેવું અને હાથી ઘોડાદિ સેનાની વૃદ્ધિ કરવી. તું પોતે નિપુણ અને વિચક્ષણ છે. વળી દાનગુણ જો કે તારામાં સર્વોત્તમ છે, તથાપિ દાન થોડું થોડું આપવું, તેમાં અત્યંત આસક્તિ રાખવી તે ઠીક નહિ, કહ્યું છે કે :–' બહુ હિમ પડવાથી વૃક્ષો બળી જાય, બહુ વરસાદ વરસવાથી દુકાળ પડે અને અતિ આહાર કરવાથી અજીર્ણ થાય–માટે સર્વત્ર અતિનો ત્યાગ કરવો. વળી અતિ દાનથી બલીરાજા બંધનમાં પડયો, અતિ ગર્વથી રાવણ હણાયો અને અતિ રૂપથી સીતાનું હરણ થયું–માટે અતિ સર્વત્ર વર્જવું.' બહુ કપૂરના ભક્ષણથી દાંત પડવાનો સંભવ રહે છે, માટે દ્રવ્ય એકઠું કરવામાં પ્રયત્ન કરવો. જ્યાં સુધી દ્રવ્યનો સમાગમ છે, ત્યાં સુધી જ સ્ત્રી અને પુત્રાદિ પરિવાર આપણો છે. વિશુદ્ધ ગુણગણ પણ દ્રવ્ય વિના નિષ્ફળ છે. માટે તારે જેમ તેમ દ્રવ્યને ઉડાડી ન દેવું," આ પ્રમાણેના રાજાના ઉપદેશામૃતનું હર્ષપૂર્વક પાન કરીને કુમાર હૃદયમાં ચિંતવવા લાગ્યો કે :– 'અહો ! હું ધન્ય છું કે મારા પિતા પોતે જ આમ પ્રત્યક્ષ મને વખાણે છે. એ તો સુવર્ણ અને સુગંધના મેળાપ જેવું છે. માબાપ અને ગુરૂના શિક્ષણ કરતાં લોકમાં બીજું અમૃત

નથી' એ પ્રમાણે વિચારીને તે બોલ્યો કે :- 'હે પિતાજી! આપની આજ્ઞા મને પ્રમાણ છે.' એ રીતે કહી ભક્તિપૂર્વક નમસ્કાર કરીને કુમાર સ્વસ્થાને ગયો.

ત્યારપછી પિતાની આજ્ઞાથી બહુ જ થોડું દાન આપતાં યાચકોના મુખથી તેનો અપવાદ વધી પડ્યો, એટલે કેટલાક યાચકોએ મળીને કુમારને કહ્યું કે :- "હે દાનેશ્વરી મુગટ કુમાર! અકસ્માત્ આ શું આરંભ્યું? દાનમાં પૃથ્વી પર ચિંતામણિ સમાન થઈને અત્યારે આપ અટોલપાષાણ જેવા કેમ થઈ ગયા? જગતમાં એક દાન જ શ્રેષ્ઠ છે. મહર્દ્ધિક મનુષ્ય પણ દૂધ વિનાની સ્થૂળ ગાયની જેમ શોભતો નથી. કહ્યું છે કે:-કીડીઓએ ભેગું કરેલ ધાન્ય, મક્ષિકાઓએ ભેગું કરેલું મધ અને કૃપણોએ ભેગી કરેલ લક્ષ્મી એ ત્રણેનો અન્ય જ કોઈ ઉપભોગ કરે છે. સંગ્રહ કરવામાં જ એક તત્પર એવો સમુદ્ર રસાતલે પહોંચ્યો અને મેઘ દાતા હોવાથી જુઓ પૃથ્વી ઉપર રહીને ગર્જના કરે છે. ધન, દેહ અને પરિવાર વિગેરે બધાનો વિનાશ થાય છે પણ દાનથી ઉત્પન થયેલ કીર્તિ તો જગતમાં અખંડ જ રહે છે' હે કુળદીપક કુમાર! તમારો મતિવિપર્યાસ કેમ થઈ ગયો? સંતજનો અંગીકાર કરેલ વ્રતને કદીપણ મૂકતા નથી, કહ્યું છે કે:- 'સૂર્ય કોના આદેશથી અંધકારનો નાશ કરે છે? રસ્તા પર પ્રજાને છાયા કરવા માટે વૃક્ષોને કોણ વિનંતિ કરવા ગયું છે? વરસાદ વરસાવવાને મેઘને કોણ પ્રાર્થના કરે છે? પણ સ્વભાવે જ સજ્જનો પરહિત કરવાને તત્પર હોય છે. ઉત્તમ પુરૂષો આદરેલ કાર્યને કદાપિ છોડતા નથી. કારણ કે ધંતુરાનું પુષ્પ ગંધ રહિત છે છતાં મહાદેવ તેનો ત્યાગ કરતા નથી. તેમજ

મહાદેવ વિષને, ચંદ્રમા હરણને, સમુદ્ર વડવાનલને એ અરમ્ય છતાં આદતને મૂકતા તથી, તો પ્રિય વસ્તુની તો શી વાત કરવી ? વળી ચંદ્રમાં કલંક, પદ્મનાળમાં કાંટા, સમુદ્રમાં ખારૂ જળ, પંડિતમાં નિર્ધનત્વ, પ્રિયજનમાં વિયોગ, સુરૂપમાં દુર્ભગત્વ અને ધનપતિમાં કંજુસાઇ એમ ઉત્તમ વસ્તુઓને દૂષિત કરવાથી યમ ખરેખર રત્નદોષી છે.' માટે હે કુમાર ! અંગીકાર કરેલ દાનવ્રતનો તમારે ત્યાગ ન કરવો. કારણ કે 'સમુદ્ર કદાચ પોતાની મર્યાદાનો ત્યાગ કરે અને કુળપર્વતો કદાચ ચલાયમાન થાય, છતાં મહાપુરૂષો પ્રાણાંતે પણ સ્વીકૃત વ્રતનો ત્યાગ કરતા નથી."

આ પ્રમાણેની તે યાચકોની વાણી સાંભળીને લલિતાંગકુમાર વિચારવા લાગ્યો કે :- 'હવે મારે શું કરવું ? આ તો ખરેખર વાઘ અને દુસ્તટી (ખરાબ નદી)નો ન્યાય ઉપસ્થિત થયો. એક બાજુ મારાથી પિતાની આજ્ઞા ઓળંગી શકાય તેમ નથી અને બીજી બાજુ અવર્ણવાદ થાય છે તે પણ દુસ્તર છે, માટે જેમ થવાનું હોય તેમ થાઓ.' એ રીતે વિચાર કરીને ફરી તેવી જ રીતે દાન દેવામાં પ્રવૃત્ત થયો. તે હકીકત જાણીને રાજા કુમાર ઉપર અત્યંત કોપાયમાન થયા અને તેના સેવકોની સાથે તેને રાજસભામાં આવવાનો નિષેધ કર્યો. એટલે તે અપમાનથી અંતરમાં અત્યંત ક્રોધથી યુક્ત થઇને કુમાર વિચારવા લાગ્યો કે :- 'અહો મારે જેવું દાનનું વ્યસન છે, તેવી રાજ્યની ઈચ્છા નથી અને વળી જંતુઓને પ્રિયકર દાન દેતાં પિતાએ મારૂં અપમાન કર્યું છે, માટે હવે અહીં રહેવું ઉચિત નથી; હવે તો દેશાંતર ગમન કરવું તે જ યુક્ત છે. કહ્યું છે કે :-

'દેશાટન, પંડિતની મિત્રતા, વેશ્યાની સાથે સંસર્ગ, રાજસભામાં પ્રવેશ અને અનેક શાસ્ત્રોનું અવલોકન—એ પાંચ ચાતુર્યનાં મૂળ છે, માટે વિવિધ પ્રકારના ચરિત્ર જોઈ શકાય, સજ્જન અને દુર્જનની વિશેષતા જાણી શકાય અને પોતાની ખ્યાતિ થાય માટે પૃથ્વી પર વિચરવું—ફરવું એ જ યોગ્ય છે.'

આ પ્રમાણે નિશ્ચય કરીને રાત્રિએ એકાંત સાધી ગુપ્ત રીતે ઘરથી બહાર નીકળીને એક શ્રેષ્ઠ ઘોડા પર બેસી કુમાર એક દિશા તરફ ચાલતો થયો. તે વખતે ઈંગિતને જાણનાર પેલો અધમ સેવક સજ્જન પોતાના દૌર્જન્ય દોષથી તેની પાછળ ચાલ્યો. અનુક્રમે તે બંનેએ સાથે દેશાંતર જવા પ્રયાણ કર્યું. એકદા રસ્તામાં કુમારે તેને કહ્યું કે—'હે સેવક! વિનોદ થાય તેવું કંઈક બોલ.' એટલે તે બોલ્યો કે—'હે દેવ! પુણ્ય અને પાપમાં શું શ્રેષ્ઠ? તે કહો.' આ પ્રમાણેનો પ્રશ્ન સાંભળીને કુમાર બોલ્યો કે—"હે મૂર્ખ! આ તું શું બોલ્યો? તારૂં નામ સજ્જન છે, પણ ગુણથી તો તું દુર્જન લાગે છે; કારણ કે—ભોમનું મંગળ નામ, વિષ્ટિ વિષયમાં ભદ્રાનામ, કણોનો ક્ષય કરનાર છતાં અતિવૃષ્ટિ નામ, અત્યંત તીવ્ર ફોટકાનું શીતળા નામ, રજપર્વ (હોળી)માં કહેવાતો રાજા, લવણમાં મિષ્ટ (મીઠું) શબ્દ, વિષમાં મધુર શબ્દ, કટંકયુક્ત છતાં લક્ષ્મી અને વેશ્યામાં પાત્રત્વ આ બધાં માત્ર નામથી જ સારા છે, પણ અર્થથી નથી.' રે મૂઢ! ધર્મથી જય અને અધર્મથી જ ક્ષય એમ અબળા, નાના ગોપાળ અને હાલિક (ખેડુત) જનો પણ સ્પષ્ટ કહે છે." તે સાંભળીને સજ્જન બોલ્યો કે—'હે દેવ સત્ય છે,

હું મૂર્ખ છું, પણ ધર્મ કેવો હોય તે તો કહો.” કુમારે કહ્યું– ‘હે દુરાત્મન! સાંભળ–

“वचः सत्यं गुरौ भक्तिः, शक्त्या दानं दया दमः ।
अधर्मः पुनरेतस्मा–द्विपरीतोऽसुखावहः” ॥

‘સત્ય વચન, ગુરૂ ઉપર ભક્તિ, યથાશક્તિ દાન, દયા અને ઈંદ્રિયદમન–એ ધર્મ અને એનાથી જે વિપરીત અને દુઃખકર તે અધર્મ.’ પુનઃ સજ્જન બોલ્યો કે–‘સમયના બળે કોઈવાર અધર્મ પણ સુખકારક થાય છે અને ધર્મ દુઃખકારક થાય છે; જો એમ ન હોય તો અત્યારે તમે ધર્મિષ્ઠ છતાં પણ તમારી આવી અવસ્થા કેમ હોય? માટે આ સમય અધર્મનો છે તેથી ચોરી વિગેરે કરીને પણ ધન ઉપાર્જન કરવું ઠીક છે.’ આ પ્રમાણે સાંભળીને કુમાર બોલ્યો કે–‘અરે! પાપિષ્ટ! કાનને ન સાંભળવા લાયક એવું વચન તું ન બોલ; ધર્મથી જ જય થાય છે અને ધર્મ કરતાં છતાં જે કંઈ અજય થાય તે પૂર્વે બાંધેલા અંતરાય કર્મનો વિપાક (ફળ) સમજવો. વળી અન્યાયથી જે લક્ષ્મી મેળવવી તે ઘર બાળીને પ્રકાશ કરવા જેવું છે.’ એટલે ફરી તે અધમ સેવક બોલ્યો કે– ‘સ્વામિન્! આ જંગલમાં રૂદન જેવી વાત કરવાથી શું? આગળના ગામમાં ગામજનોને પૂછીશું, પણ તેઓ જો અધર્મથી જય કહેશે તો તમે શું કરશો?’ કુમારે કહ્યું કે–‘તો હું આ મારી અશ્વાદિક બધી સામગ્રી તને આપીને જીંદગી સુધી હું તારો દાસ થઈને રહીશ.’ આ પ્રમાણે નિશ્ચય કરીને તે બંને ઉતાવળા

નજીકના ગામમાં ગયા અને વૃદ્ધોને પૂછયું કે-'હે સજ્જનો! અમને ઘણા વખતથી સંશય છે કે-ધર્મથી જય કે અધર્મથી જય? તેનો નિર્ણય કરીને સાચું કહો' એટલે અસંભવિત નવીન પ્રશ્ન થતાં તેઓ દૈવયોગે એકદમ એમ બોલી ગયા કે-'અત્યારે તો અધર્મથી જ જય લાગે છે' તે સાંભળીને તે બંને આગળ રસ્તે પડયા. રસ્તામાં ઉપહાસ્ય કરીને તે સેવક બોલ્યો કે-'હે સત્ય એ જ ધન! હે ધાર્મિક! હવે એ અશ્વને મૂકી દો અને જલ્દી મારા દાસ બની જાઓ' એટલે કુમાર વિચારવા લાગ્યો કે-'રાજ્ય, લક્ષ્મી અને વિનશ્વર પ્રાણો પણ ચાલ્યા જાઓ, પણ જે વચન હું પોતે બોલ્યો છું તેનો ભંગ ન થાઓ.' વળી-'સુખ અને દુઃખ કોઇ આપનાર નથી. અન્ય કોઈ આપે છે એમ માનવું તે કુબુદ્ધિ છે. હે નિષ્ઠુર શરીર! જે તેં પૂર્વે કર્મો કરેલાં છે તે જ તારે ભોગવવાનાં છે; કારણ કે લોકો પોતાના કર્મરૂપ દોરીથી ગુંથાયેલ છે.' આ પ્રમાણે વિચાર કરીને કુમાર બોલ્યો કે:-'આ ઘોડો લઇ લે, હવે હું તારો સેવક છું.' પછી તે અધમ સેવક ઘોડો લઈ તરત તેની ઉપર બેસીને જલ્દી ચાલવા લાગ્યો. પછી પછવાડે દોડતાં થાકથી ખેદયુક્ત થયેલા કુમારને જોઈને તે હર્ષિત થઈ આ પ્રમાણે બોલ્યો કે:-"હે કુમાર! ધર્મનો પક્ષપાત કરવાથી તને આ ફળ મળ્યું છે, માટે હજી પણ ધર્મનો આગ્રહ છોડી દઈને 'અધર્મથી જ જય' એમ કહી આ ઘોડો પાછો લઈ લે." આ પ્રમાણે સાંભળીને કુમાર બોલ્યો કે:-'હે દુષ્ટ! તારૂં સજ્જન નામ ફોગટ છે; અને વળી હે દુર્મતિ! તું દુર્મતિને આપે છે, તેથી શિકારી કરતાં પણ વધારે દુષ્ટ છે.'

## વ્યાધ (શિકારી)ની કથા :

કોઈ વનમાં એક વ્યાધ-શિકારી કાન સુધી બાણ ખેંચીને એક હરણીના વધને માટે દોડયો. તે વખતે હરણી બોલી કે :-'હે વ્યાધ ! ક્ષણવાર ઉભો રહે ! કારણ કે ભૂખથી પીડાતાં મારાં બચ્ચાં મારી રાહ જોઈને આશાથી બેઠા છે, માટે હું તેમને સ્તનપાન કરાવીને તરત તારી પાસે આવું, જો હું ન આવું તો મને બ્રાહ્મણહત્યાદિક પાંચ મહાપાતક લાગે.' શિકારી બોલ્યો કે :-'એવા સોગનનો મને વિશ્વાસ નથી.' એટલે ફરી હરણી બોલી કે :-'હે શિકારી ! જો હું જલ્દી ન આવું તો વિશ્વાસથી પૂછનારને દુર્મતિ આપનાર જેટલું મને પાપ લાગે.' આથી તેણે હરણીને મુક્ત કરી, એટલે તે પણ પોતાના બાળકોને સ્તન્યપાન કરાવીને તરત પાછી શિકારીની પાસે આવી, અને શિકારીને પૂછવા લાગી કે :-'હે શિકારી ! તારા પ્રહારથી હું શી રીતે છુટી શકું ?' એટલે શિકારીએ વિચાર કર્યો કે :-'અહો ! પશુઓ પણ દુર્બુદ્ધિ આપવાના પાપથી ભય પામે છે, તો હું કેમ દુર્મતિ આપું ?' આ પ્રમાણે વિચાર કરીને તે બોલ્યો કે :-'હે ભદ્રે ! જો મારી જમણી બાજુથી નીકળી જાય તો હું તને મૂકી દઉં.' એટલે તે હરણીએ તેમ કર્યું. તેથી તે મુક્ત થઈ અને જીવતી પણ રહી. એટલા માટે સજ્જનો વિપત્તિમાં આવ્યા છતાં પણ પાપકર્મ કદાપિ કરતા નથી. હંસ ભુખ્યો થયો છતાં કુકડાની જેમ કૃમિ અને કીડાનું ભક્ષણ કરતો નથી. ગુણ રહિત અને ક્ષણવિનાશી શરીરને ધર્મ જ શરણ છે. કદાચ ગ્રામજનોએ અજાણતાં ધર્મનું બહુમાન ન

કર્યું તેથી શું ધર્મનું મહાત્મ્ય ચાલ્યું ગયું ? કદાચ દ્રાક્ષ તરફ ઊંટ વાંકુ મુખ કરે, તેથી શું દ્રાક્ષની મીઠાશ ઓછી થઇ જાય ? માટે ધર્મ જ એક ખરો મિત્ર છે.' આ પ્રમાણે સાંભળીને ફરી તે અધમ સજ્જન કહેવા લાગ્યો કે :–"હે કુમાર ! તું મહા કદાગ્રહી છે, જેમ પૂર્વે કોઈ એક ગામડીઆ છોકરાંને તેની માતાએ કહ્યું હતું કે :–'હે વત્સ ! ગ્રહણ કરેલ વસ્તુ મૂકવી નહિ.' એકદા તેણે એક મહા બળવાન બળદને પૂંછડામાં જોરથી પકડયો. તે બળદની ખૂબ લાતો ખાતા છતાં પણ પૂંછડાને તેણે મૂકયું નહિ, એટલે માણસો 'મૂકી દે, મૂકી દે' એમ કહેવા લાગ્યા; તો પણ પૂંછડું તેણે ન જ મૂકયું. તેની જેમ તું પણ કદાગ્રહી છો. અને જો એક ગામવાળે કહ્યું તે પ્રમાણે ન હોય તો હજી બીજીવાર આપણે અન્ય ગ્રામજનોને પૂછી જોઇએ પણ કદાચ તેઓ પણ તેવી જ રીતે કહે, તો તારે શી શરત ? હવે તો આંખ કાઢી આપવી તે વિના બીજી કાંઇ શરત કરવાની નથી." કુમારે તે વચન પણ અમર્ષથી સ્વીકારી લીધું. પછી તેમણે આગળના ગામજનોને પૂછયું, એટલે તેઓએ પણ ભવિતવ્યતાના નિયોગથી પૂર્વ પ્રમાણે જ કહ્યું. પછી તેઓ રસ્તે પડયા એટલે સજ્જન ફરી બોલ્યો કે :– 'અહો કુમાર ! અહો ધર્મના એક નિધાન ! અહો વચનનું પાલન કરવામાં તત્પર ! બોલ, હવે શું કરીશ ?' આ પ્રમાણેનાં તેનાં જેવા તેવા વચનોથી ધનુષ્ય પર ચડાવેલ બાણની જેમ મનમાં વધારે ઉત્તેજિત થઇને તત્કાળ જંગલમાં એક વટવૃક્ષની નીચે જઈને કુમારે કહ્યું કે :–'અહો ! વનદેવતાઓ ! સાંભળો, અહો ! લોકપાળો ! તમે સાક્ષીભૂત થાઓ અને ધર્મ જ એક

કેવળ મારૂં શરણ થાઓ.' એમ કહીને પોતાના બંને નેત્રોને છુરીથી કહાડીને સજ્જનને આપ્યા. તે વખતે પેલો અધમ નોકર કહેવા લાગ્યો કે :–'અહો ? સત્યપરાયણ કુમાર ! ધર્મ-વૃક્ષનું આ સુંદર ફળ હવે ભોગવ !' એમ કહી ઘોડા પર આરૂઢ થઈને તે ચાલ્યો ગયો. હવે કુમાર દુસ્તર આપત્તિરૂપ નદીના તરંગમાં પડયો છતાં વિચારવા લાગ્યો કે :–'અહો ! આ અસંભવિત શું થયું ? ધર્મનો પક્ષપાત કરતાં આ શું ઉત્પન્ન થયું ? અસ્તુ, આ તો મારા દુષ્કર્મનું જ ફળ છે. પણ ત્રણ જગતમાં નિશ્ચય જયનું કારણ તો ધર્મ જ છે.' એ પ્રમાણે તે વિચાર કરે છે, એવામાં તેના મહા દુઃખથી સૂર્ય પણ અસ્ત પામ્યો. તે વખતે પક્ષીઓ પણ જાણે તેના દુઃખથી શબ્દ કરતા પોતાના માળામાં છુપાઇ જતા હોય એમ છુપાઈ ગયા અને દિશાઓના મુખ અંધકારથી કાળા થઈ ગયા.

એવા અવસરે ત્યાં વટવૃક્ષ પર ભારંડ પક્ષીઓ એકત્ર થઈને આ પ્રમાણે યથેષ્ઠ વાર્તાલાપ કરવા લાગ્યા :– ભાઇઓ ! જેણે ક્યાં પણ કંઇ કૌતુક જોયું કે સાંભળ્યું હોય તે નિવેદન કરો.' એટલે એક ભારંડ બોલ્યો કે:– 'હું એક કૌતુકની વાત કહું છું તે સાંભળો :–

"'અહીંથી પૂર્વ દિશામાં ચંપા નામે મહાનગરી છે. ત્યાં ભુવનમાં વિખ્યાત એવો **જિતશત્રુ** નામે રાજા રાજય કરે છે. તેને પોતાના જીવ કરતાં પણ પ્રિય સ્વરૂપવતી અને ચોસઠ કળામાં પ્રવીણ એવી **પુષ્પાવતી** નામે પુત્રી છે, પરંતુ નેત્રનો અભાવ હોવાથી તે બધું ફોગટ થઇ ગયું છે. એકદા રાજા તેની તેવી સ્થિતિ જોઇને ચિંતાતુર થયોને વિચારવા

લાગ્યો :– 'અહો ! ભાગ્ય શું કરે છે? પરંતુ અત્યારે ભાગ્યને ઠપકો દેવાની જરૂર નથી, કંઇ પણ ઈલાજ કરવાની જરૂર છે.' પ્રમાણે નિશ્ચય કરીને રાજાએ નગરમાં ઘોષણા કરાવી કે :– 'અહો પ્રજાજનો ! જિતશત્રુ રાજાની પુત્રીની આંખને જે સારી કરશે, તેને રાજા તે કન્યા તથા પોતાનું અર્ધું રાજ્ય આપશે' તે સાંભળીને દેશાંતરથી વિવિધ ઉપાયો કરનારા આંખના વૈદ્યો આવ્યા અને વિધવિધ ઉપાયો કર્યા, પણ તેના નેત્રને કાંઇ આરામ થયો નહીં; એટલે રાજા ચિંતાથી અત્યંત વ્યાકુળ થઇ ગયો. કહ્યું છે કે :–

"बिंदुनाप्यधिका चिंता चिताचिंता समा न हि।
चिंता दहति निर्जीवं, चिंता जीवंतमप्यहो" ॥

'ચિંતા ચિતા કરતાં એક બિંદુ (અનુસ્વાર) વડે અધિક છે, એટલે તે ચિતા સમાન નથી, અર્થાત્ તેમ કરતાં વધે તેમ છે, કારણ કે ચિતા[૧] તો મુએલાને બાળે છે, અને ચિંતા તો અહો ! જીવતાને પણ બાળી મૂકે છે' રાજા એ પ્રમાણે નગરમાં પટહઘોષણા દરરોજ કરાવે છે, પરંતુ તેનો પ્રતિકાર કરનાર કોઈ ન મળવાથી આવતી કાલે સવારે તે દુઃખથી દુઃખિત થઈને રાજા અને રાણી બંને ચિંતામાં પ્રવેશ કરનાર છે, પછી કોણ જાણે શું થશે? માટે સવારે આપણે ત્યાં જોવા જઈશું.'

આ પ્રમાણે સાંભળી એક નાના બાળકે વિસ્મયથી પૂછયું કે :– હે તાત ! તેનાં નેત્ર સારાં થાય તેને માટે કંઇ

---

[૧] મૃતકને બાળવા માટે ખડકેલ કાષ્ટ સમૂહ.

ઉપાય છે? એટલે વૃદ્ધ બોલ્યો કે :– 'હે વત્સ! જન્મથી અંધ એવી તે રાજપુત્રીને નેત્ર ક્યાંથી આવે? તથાપિ મણિ, મંત્ર અને મહૌષધિઓમાં અચિન્ત્ય પ્રભાવ રહેલો છે.' ત્યારે તે બાળક બોલ્યો કે :– 'એમ છે તો તે કહો.' વૃદ્ધ બોલ્યો કે :– 'રાત્રિએ ન કહેવાય.' કહ્યું છે કે :– દિવસે જોઇને બોલવું પણ રાત્રે તો બોલવું જ નહિ, કારણ કે સ્થળે સ્થળે મહા ધૂર્ત્તજનો રાત્રિએ વિશેષે ફરતા હોય છે' આવા ઉત્તરથી તો તે બાળકે ફરી વધારે આગ્રહથી તે વૃદ્ધને પૂછ્યું; એટલે વૃધ્ધે કહ્યું કે :– 'આ વૃક્ષના સ્કંધ પ્રદેશમાં જે વેલડી ચારે બાજુ વીંટીને રહી છે, તેના રસમાં ભારંડ પક્ષીની ચરક મિશ્રિત કરીને જો આંખમાં આંજવામાં આવે તો તરત નવાં નેત્ર થઇ જાય.' આ પ્રમાણે બોલતાં બોલતાં તેમને નિદ્રા આવી ગઇ· આ બધું વટવૃક્ષની નીચે રહેલા લલિતાંગકુમારે સાંભળીને વિચાર્યું કે – 'શું આ સત્ય હશે કે અસત્ય? પરંતુ અહીં ભ્રમ શો? કારણ કે સંત જનોની આપત્તિનો ઉચ્છેદ કરવાને ધર્મ સદા જાગૃત જ હોય છે.' આ પ્રમાણે નિશ્ચય કરી હાથના સ્પર્શથી તે લતાને છુરીવતી કાપીને અને ત્યાં પડેલ ભારંડ પક્ષીની ચરક લઈને હાથ વતી તે બંનેનું સંમિશ્રણ કરી તેના વડે પોતાની આંખો પૂરી દીધી. તે ક્રિયાને એક બે ઘડી થઇ, તેવામાં તો તેનાં નેત્ર નવીન દિવ્ય જયોતિવાળા થઇ ગયાં તેના વડે તે સર્વત્ર જોઈને મનમાં અતિશય સંતોષ પામ્યો. કહ્યું છે કે :– 'જે મનુષ્યનાં પૂર્વકૃત સુકૃત જાગ્રત છે તેને ભયંકર વન શ્રેષ્ઠ નગર સમાન થાય છે, સર્વ લોકો તેના

સ્વજન થાય છે અને સમસ્ત પૃથ્વી તેને નિધાન અને રત્નથી પૂર્ણ થાય છે. વળી વનમાં, રણમાં, શત્રુ, જળ કે અગ્નિમાં, મહાસમુદ્રમાં અથવા પર્વતના શિખરપર, સુતા, પ્રમાદાવસ્થામાં કે વિષમાવસ્થામાં સર્વદા પૂર્વકૃત પુણ્યો મનુષ્યની રક્ષા કરે છે. કુમાર વિચારે છે કે 'આ બધો ધર્મનો જ પ્રભાવ છે, પરંતુ હવે ચંપાપુરી જઈને તે કન્યાને સ્વસ્થ કરૂં અને આ ભારંડ પક્ષી સાથે જ હું ત્યાં જાઉં, આ પ્રમાણે વિચાર કરીને તે વટવૃક્ષ પર આરૂઢ થઈ તે પક્ષીઓની પાંખમાં (પગ પકડીને) છુપાઈ રહ્યો. પછી સવાર થતાં તે પક્ષી ઉડીને ચંપાનગરીના ઉદ્યાનમાં ગયું, એટલે કુમાર તેની પાંખમાંથી બહાર નીકળી સરોવરમાં સ્નાન કરીને અને સ્વાદિષ્ટ ફળોનો આહાર કરીને તે નગરી તરફ ચાલ્યો. માર્ગમાં પટહોદ્‌ઘોષણા સાંભળતો તે નગરીના મુખ્ય દ્વાર આગળ આવ્યો. એટલે ત્યાં લખેલ એક શ્લોક તેના વાંચવામાં આવ્યો.

"जितशत्रोरियं वाचा, मत्पुत्रीनेत्रदायिने ।
राज्यस्यार्धं स्वकन्यां च, प्रदास्यामीति नान्यथा" ॥

'જિતશત્રુ રાજા એમ કહે છે કે-'મારી પુત્રીને જે નેત્ર આપશે તેને હું અર્ધ રાજ્ય અને સ્વકન્યા આપીશ, અન્યથા નહિ.' આ પ્રમાણેનો શ્લોક વાંચીને અંતરમાં પ્રમુદિત થઈ તેણે નજીકમાં રહેલા માણસોને આ પ્રમાણે કહ્યું-'હે લોકો! તમે જઈને રાજાને કહો કે-એક વિદ્યાવાન્ સિદ્ધ પુરૂષ આવેલ છે, અને તે કહે છે કે-હું તમારી પુત્રીને દિવ્ય નેત્રવાળી કરીશ.'

એટલે તેઓએ ઉતાવળા જઈને તે પ્રમાણે રાજાને નિવેદન કર્યું. તેથી રાજાએ તેમને બહુ દ્રવ્ય આપ્યું, અને અત્યંત ઉત્કંઠિત થઈને કુમારને તરત ત્યાં બોલાવ્યો. પછી તેને ગાઢ આલિંગન દઈ બહુમાનપૂર્વક આસન આપીને પૂછ્યું કે:–'હે વત્સ! તું ક્યાંથી આવે છે? તારૂં કુળ અને જાતિ શું છે? અને તારૂં નામ શું છે?' તે સાંભળીને કુમાર બોલ્યો કે:-'હે સ્વામિન્! બહુ પૂછવાથી શું? આપને જે કામ હોય તે ફરમાવો. આપના પ્રશ્નોનો તે જ ઉત્તર સમજી લેવો.' એટલે રાજાએ ચિંતવ્યું કે:–'આ કોઈ સત્ત્વવાન્ અને પરમાર્થ કરવામાં રસિક પુરૂષ લાગે છે અને અનુમાનથી એના કુળાદિ પણ ઉત્તમ જણાય છે.' આ પ્રમાણે વિચાર કરીને રાજા તેને લઈને કન્યાની પાસે આવ્યો, અને 'હે નરોત્તમ! આ મારી પુત્રીને દેખતી કરો.' એમ કહ્યું; એટલે કુમારે સુગંધી દ્રવ્યો મંગાવી વિધિપૂર્વક તેનું મંડળ કરીને જાપ અને હોમાદિક કરવા લાગ્યો. કહ્યું છે કે:–

"आडंबराणि पूज्यंते, शत्रुमध्ये तथैव च ।
सभायां व्यवहारे च, स्त्रीषु राजकुलेषु च" ॥

'શત્રુઓમાં, સભામાં, વ્યવહારમાં, સ્ત્રીઓમાં અને રાજદરબારમાં આડંબરને વધારે માન મળે છે.' આ પ્રમાણે નીતિમાં કહેલ હોવાથી તેણે કેટલોક આડંબર કરીને પછી કેડમાં રાખેલ વેલ અને ભારંડ પક્ષીની ચરકના પ્રયોગથી તે કન્યાને દિવ્ય નેત્રવાળી કરી. રાજપુત્રી નિર્મળ આંખવાળી થઈ ગઈ, એટલે સૌભાગ્યના નિધાન જેવા, રૂપમાં કામદેવને પણ

જીતે એવા તથા લાવણ્ય, ઔદાર્ય, ગાંભીર્ય અને સુંદર ચાતુર્યાદિ ગુણુના એક પાત્રરૂપ તે કુમારને જોઈને પર મહર્ષ પામી, તેમજ સ્નેહવશ થઇ ગઇ એટલે રાજાએ તેને વિકારવશ થયેલી જોઈને કહ્યું કે :- 'સત્પુરૂષો પોતાના સ્વાર્થનો ત્યાગ કરીને પરાર્થને સાધે છે, સામાન્ય જનો પોતાના સ્વાર્થને બાધા કર્યા વિના પરના અર્થને સાધે છે અને જેઓ પોતાના સ્વાર્થની ખાતર પરહિતનો નાશ કરે છે, તે તો રાક્ષસ જેવા છે, પરંતુ જેઓ પ્રયોજન વિના બીજાના હિતને હણે છે તેમને તો શી ઉપમા આપવી તે સૂજતું જ નથી., હે ઉત્તમ બાલિકા ! આ પુરૂષોત્તમે તને પોતાના ગુણોથી જ વશ કરી લીધી છે અને તેં પણ એને પ્રગટ રીતે સ્વયમેવ પોતાનો આત્મા સમર્પણ કર્યો છે. હું તો નિમિત્તમાત્ર છું. તું પતિસહિત ઘણા કાળ સુધી જીવતી રહે; અને સુંદર ભોગ ભોગવ એજ હું ઈચ્છું છું.' પછી રાજાએ શુભ લગ્ને ચિત્ત વિત્તને અનુસારે સમગ્ર સામગ્રીપૂર્વક તેમનો વિવાહમહોત્સવ કર્યો, અને કુમારને રહેવા માટે એક મનોહર પ્રાસાદ આપ્યો. તથા દેશ, ભંડાર વિગેરે સપ્તાંગ રાજ્યના બે વિભાગ કરીને રાજાએ કુમારને અર્ધ રાજ્ય સમર્પણ કર્યું. એટલે કુમાર પણ પોતાના પુણ્યના પ્રભાવથી ત્યાં પુષ્પાવતીની સાથે કાવ્ય અને કથારસથી તથા ધર્મશાસ્ત્રના વિનોદથી દોગુંદકદેવની જેમ સુખભોગ ભોગવવા લાગ્યો. પુણ્યથી બધું ઇચ્છિત પ્રાપ્ત થાય છે કહ્યું છે કે :-'હે ચિત્ત ! તું ખેદ શા માટે કરે છે ? અને એમાં આશ્ચર્ય શું છે ? જો મનોહર અને સુંદર વસ્તુની તારે ઈચ્છા હોય તો પુણ્ય કર, કારણ કે પુણ્ય વિના ઇષ્ટની સિદ્ધિ થતી નથી. ત્રણે

ભુવનમાં વિજયવંત ખરેખર એક પુણ્યનો જ પ્રભાવ છે કે જેના પ્રતાપથી દુર્વાર ઐરાવણ (શ્રેષ્ઠ હાથીઓ), પવન કરતાં અધિક વેગવાળા ઘોડાઓ, સુંદર રથો, લીલાવતી સ્ત્રીઓ, વીંજાતા ચામરથી વિભૂષિત રાજ્યલક્ષ્મી, ઉંચા પ્રકારનું શ્વેત છત્ર અને ચાર સમુદ્ર પર્યંતની આ પૃથ્વી પરની સત્તા પ્રાપ્ત થાય છે.' હવે અહીં લલિતાંગકુમાર પુણ્યના પ્રભાવથી પ્રાપ્ત થયેલ ભોગો ભોગવી ઘણા સુખમાં દિવસો પસાર કરવા લાગ્યો.

એકદા પોતાના મહેલના ઝરૂખામાં બેસીને નગરનું નિરીક્ષણ કરતાં અકસ્માત્ તે અધમ સેવક સજ્જન કુમારના જોવામાં આવ્યો. કંઠ, આંખ અને મુખથી બીભત્સ, દુર્નિવાર ભુખથી મુખ અને પેટ જેના બેસી ગયાં છે એવો, મલીન શરીરવાળો, ઘા પર બાંધેલા પાટાથી દૂષિત ગાત્રવાળો અને જંગમ પાપરાશિની જેવા દુશ્ચેષ્ટિત તે સેવકાધમને જોઈને અને બરાબર ઓળખીને કુમાર દયાથી ભીંજાયેલા મનથી ચિંતવવા લાગ્યો કે :–'અહો ! આ બિચારાની આવી દશા કેમ થઈ હશે? પરંતુ શાસ્ત્રમાં કહ્યું છે કે :–'પુરૂષોને ફળ મળવું તે કર્માધીન છે.' અને બુદ્ધિ પણ કર્માનુસારિણી જ છે; તથાપિ સુજ્ઞજને સારી રીતે વિચાર કરીને જ કાર્ય કરવું, અહો ! દૈવને ધિકકાર થાઓ.' આ પ્રમાણે વિચારી પોતાના સેવકો પાસે તેને બોલાવીને કુમારે કહ્યું કેઃ–'અરે મને ઓળખતો હોય તો કહે હું કોણ છું ?' એટલે ભયથી કંપતા શરીરે અને ગળતી આંખે તે સજ્જન આ પ્રમાણે બોલ્યો કે :– 'હે સ્વામિન્ ! પૂર્વાચળના ઉંચા શિખર પર રહેલા સૂર્યને કોણ ન ઓળખે ?' કુમાર બોલ્યો કે :–'આવા શંકાયુક્ત વાકયની જરૂર નથી, સત્ય જાણતો

હોય તો કહે.' એટલે તે ફરી બોલ્યો કે :–'હે દેવ! હું સત્ય જાણતો નથી.' એટલે લલિતાંગકુમાર બોલ્યા કે :–'હે સજ્જન! જેની આંખ કાઢી લેવાનો તેં પ્રયત્ન કર્યો હતો તેને કેમ ઓળખતો નથી?' આ પ્રમાણે સાંભળીને તે તરત જ લજ્જા, ભય અને શંકાના ભારથી દબાઇ જઈ નીચું મુખ કરીને બેસી ગયો. પછી તેનો ખરાબ વેષ દૂર કરાવી, સ્નાન તથા ભોજન કરાવી અને સારાં વસ્ત્રો પહેરાવી કુમાર તેને આ પ્રમાણે કહેવા લાગ્યો :–'હે સજ્જન! જે દ્રવ્ય પોતાના સ્વજનના કામમાં ન આવે તેવા દ્રવ્યથી શું? એટલે તે સેવકાધમ અંતરમાં વિસ્મય પામીને વિચારવા લાગ્યો કે :–'અહો! આ કુમારની નિષ્કારણ દયા કેવી છે?' કહ્યું છે કે :–'સંપત્તિમાં જેને હર્ષ ન હોય, વિપત્તિમાં વિષાદ ન હોય અને સમરાંગણમાં જેને ધૈર્ય હોય એવા ત્રિભુવનના તિલક સમાન કોઈ વિરલા પુત્રને જ જનની જન્મ આપે છે.'

પછી તે ત્યાં જ સ્વસ્થ થઇને રહ્યો એકદા કુમારે વાર્તા કરતાં તેને પૂછ્યું કે :–'હે સજ્જન! તારી આવી દુર્દશા કેમ થઈ?' એટલે સજ્જન બોલ્યો કે :–'હે સ્વામિન્! સાંભળો, તમને હું તેવી સ્થિતિમાં વટવૃક્ષની નીચે મૂકીને આગળ ચાલ્યો, એટલે રસ્તામાં ચોરોએ મને લાકડી વિગેરેના પ્રહાર કરીને મારૂં બધું લુંટી લીધું. માત્ર પાપનું ફળ ભોગવવાને તેમણે મને જીવતો મૂક્યો. હે નાથ! મેં સાક્ષાત્ પોતાનાં જ પાપનું ફળ જોયું, અને તમે પણ સાક્ષાત્ તમારા પુણ્યનું ફળ જોયું. માટે ખરેખર! ધર્મથી જ અવશ્ય જય છે. હે સ્વામિન્! અદશ્ય મુખવાળા મને હવે દૂરથી જ વિસર્જન કરો.' આ

પ્રમાણે સાંભળીને કુમાર બોલ્યો :–'હે મિત્ર! તું તારા મનમાં કોઇ જાતનો વિકલ્પ કરીશ નહિ. તારી સહાયથી જ આ બધું મને પ્રાપ્ત થયું છે. જો એમ થયું ન હોત તો મારૂં અહીં આગમન ક્યાંથી થાત? અને કન્યા તથા રાજ્ય વિગેરેની પ્રાપ્તિ કેમ થાત? માટે આ તારો જ ઉપકાર છે, તો હવે આ મારા રાજ્યમાં તું સર્વ રીતે કૃતકૃત્ય થા અને પ્રધાન પદવી લઈને મને નિશ્ચિંત કર.' પછી સજ્જન ત્યાં સ્વસ્થ થઈને સુખે રહેવા લાગ્યો.

એકદા સ્વભાવે ચતુર રાજપુત્રીએ તેની દુષ્ટતા જાણીને રાજપુત્રને કહ્યું કેઃ- હે સ્વામિન્! કુલીન સ્ત્રીઓએ પતિને શિખામણ આપવી એ જો કે યોગ્ય નથી તો પણ આપ ભોળા છો, તેથી કંઇક કહેવાની જરૂર પડે છે. હે નાથ! આ સજ્જનની સંગત કરવી આપને ઉચિત નથી, જો એની ઉપર તમને સ્નેહરાગ હોય તો તેને ધન યા દેશ આપો પણ હે પ્રાણેશ! એની સોબત તો ન જ કરો. સર્પને દૂધ પાવાથી તેના વિષનો જ વધારો થાય છે. અગ્નિ તેજોમય છતાં લોઢાના સંગથી તે ઘણનો માર સહન કરે છે. કહ્યું છે કેઃ– 'તપેલા લોઢા પર પડેલ પાણીનું નામ પણ જણાતું નથી, તેજ પાણી કમળના પત્ર પર રહેલ હોય તો મોતી જેવું શોભે છે, અને સ્વાતિ નક્ષત્રમાં જો તે સમુદ્રમાંની શુક્તિ (છીપના) સંપુટમાં ગયેલ હોય તેના મોતી પાકે છે; માટે પ્રાયઃ અધમ મધ્યમ અને ઉત્તમ ગુણ સહવાસથી જ પ્રાપ્ત થાય છે. તેથી સજ્જનોને નીચની સોબત સુખકર થતી નથી. વળી નીતિશાસ્ત્રમાં પણ એક દૃષ્ટાંત કહ્યું છે કે,

હંસ નીચ કાગડાની સોબતના દોષથી મરણ પામ્યો. તે દૃષ્ટાંત આ પ્રમાણે છે–

એક વનમાં પાણીમાં તરી નહીં જાણતો કોઇ કાગડો બગલાની સ્પર્ધાથી માછલા પકડવાની ઇચ્છાએ આકાશમાંથી નીચે ઉતરીને સરોવરમાં પેઠો, પરંતુ તે તરવાને અશકત હોવાથી શેવાલથી વીંટાઈ જઈ મરણના ભયથી અત્યંત આકુળ વ્યાકુળ થઈને દુઃખ પામવા લાગ્યો. તેને તેવી અવસ્થામાં જોઈને પાસે રહેલી હંસી દયાની લાગણીથી પોતાના પતિ રાજહંસને કહેવા લાગી કે :– 'હે પ્રિય! જુઓ, આ કાગડો મરી જાય છે; તમે પક્ષીઓમાં ઉત્તમ તરીકે લોકોમાં વખણાઓ છો, માટે એને કાંઠે લાવી જીવિતદાન આપો.' એટલે 'બહુ સારૂં' એમ કહીને હંસ અને હંસીએ પોતાની ચાંચમાં તૃણ લઇને તેના વડે શેવાલનાં તંતુ દૂર કરી તેમાં બંધાઈ ગયેલા કાગડાને બહાર કાઢયો. પછી એક ક્ષણભર વિશ્રાંતિ લઈને કાગડાએ અત્યંત નમ્રતાથી પગે લાગીને હંસને નિમંત્રણ કર્યું કે 'હે હંસ ! તારા આ ઉપકારનો બદલો વાળવાની મારી ઈચ્છા છે, માટે મારા વનમાં આવીને મને સંતુષ્ટ કર.' હંસે આ પ્રમાણે સાંભળીને પ્રિયાના મુખ સામે જોયું, એટલે તેણે પણ તેના રહસ્યને સમજીને એકાંતમાં આ પ્રમાણે કહ્યું, 'હે પ્રાણનાથ ! એ વાત યુક્ત નથી. વળી વિચાર્યા વિના કંઇ પણ કાર્ય ન કરવું, તેમજ થોડી પણ નીચની સંગતિ ન કરવી. કહ્યું છે કે :–

"सहसा विदधीत न क्रिया-मविवेक परमापदां पदम् ।
वृणुते हि विमृश्यकारिणं, गुणलुब्धाः स्वयमेव संपदः ॥"

'કોઈ પણ કામ ઉતાવળથી કરી ન નાખવું, કારણ કે અવિવેક એ પરમ આપત્તિનું સ્થાન છે, ગુણલુબ્ધ એવી સંપત્તિઓ વિચારનારને સ્વયમેવ આવીને વરે છે.' ઈત્યાદિ વચનથી તેણે વાર્યો છતાં દાક્ષિણ્યથી 'ક્ષણભર જઇ આવું' એમ હંસીને સમજાવીને તે કાગડાની સાથે તેના વનમાં ગયો. ત્યાં તે બંને લીંબડાની શાખા ઉપર બેઠા. એવામાં ત્યાં પાસેના નગરનો રાજા અશ્વક્રીડા કરીને થાકી જવાથી તે લીંબડાની ડાળ નીચે આવ્યો, એટલે કાગડો સ્વભાવ પ્રમાણે રાજાના મસ્તક પર વિષ્ટા કરીને ઉડી ગયો, અને હંસ તો ત્યાં જ બેસી રહ્યો એવામાં એક રાજપુરૂષે બાણ માર્યું, એટલે હંસ નીચે પડયો. તેને જમીન પર પડેલો જોઇને પરિવારસહિત રાજા બોલ્યો કે :-'અહો આશ્ચર્યની વાત છે કે આ હંસ જેવો કાગડો લાગે છે.' આ પ્રમાણે માણસનો અવાજ સાંભળીને કંઠે પ્રાણ આવેલા હતા છતાં પોતાની જાતિનું દૂષણ નિવારવા માટે હંસે રાજાને કહ્યું કે :-

"नाहं काको महाराज, हंसोऽहं विमले जले।
नीचसंगप्रसंगेन, मृत्युमुखे न संशयः" ॥

'હે રાજન્! હું કાગડો નથી, પણ નિર્મળ જળમાં રહેનાર હંસ છું, પરંતુ નીચની સાથે સોબત કરવાથી અવશ્ય મૃત્યુ પ્રાપ્ત થાય જ છે, અર્થાત્ મેં કાગડાની સોબત કરી તેનું આ ફળ મને મળ્યું છે.' આ પ્રમાણેનાં તેનાં વચન સાંભળીને તે દિવસથી દયાયુક્ત મનવાળા થયેલા રાજાએ નીચની સંગત

છોડી દીધી. એટલા માટે હે પ્રિયતમ! હું આપને પુનઃ પુનઃ વારૂં છું. સુજ્ઞજનો સ્ત્રીઓનું પણ સાનુકૂળ વચન તો માને જ છે. મુસાફર જનો ડાબી બાજુએ રહેલ દુર્ગા (ચકલી)ની પણ શું પ્રશંસા કરતા નથી? આ પ્રમાણેનાં પોતાની સ્ત્રીનાં વચન સાંભળીને કુમાર ચિત્તમાં ચમત્કાર પામ્યો; તથાપિ કોલસાની સાથે કપૂરની પ્રીતિની જેમ તેણે તે અધમની સોબત મૂકી નહિ.

હવે કેટલોક કાળ ગયા પછી એકદા રાજાએ એકાંતમાં બોલાવી સજ્જનને પૂછયું કે :–'અરે! સજ્જન! કુમારની અને તારી આવી અન્યોન્ય મિત્રાઈ શાથી થઇ? કુમારનો દેશ કયો? જાતિ કઈ? માતાપિતા કોણ? તું કોણ અને કયાંથી આવ્યો છે?' એટલે સજ્જને વિચાર્યું કે :–'કુમાર કોઈ વખત મારા પૂર્વના અકાર્યને સંભારીને મને ઉપદ્રવ કરશે, તેથી અત્યારે તેનું ઔષધ કરવાનો વખત છે.' એમ વિચારીને તેણે રાજાને કહ્યું કે :–'હે સ્વામિન્! જે પૂછવા લાયક ન હોય, તે ન કહેવું જ સારૂં છે.' એટલે રાજાએ પુનઃ શંકા સાથે પૂછયું કે –'એટલે શું?' એમ સજ્જનને વારંવાર પૂછવાથી તે કંઈક હસવા લાગ્યો. પછી રાજાએ સોગન દઈને પૂછયું, એટલે સજ્જન કહેવા લાગ્યો કે :–"હે સ્વામિન્! આપનો આગ્રહ જ છે તો સાંભળો :–

"શ્રીવાસપુરમાં નરવાહન નામે રાજા છે, તેનો હું પુત્ર છું. આ મારો સેવક છે અને સ્વભાવે સ્વરૂપવાન છે. કોઇક સિદ્ધપુરૂષ પાસેથી વિદ્યા મેળવી સ્વજાતિની લજ્જાને લીધે ઘરનો ત્યાગ કરીને દેશાંતરમાં ભમતો ભમતો તે અહીં આવ્યો છે. પૂર્વના ભાગ્યયોગે અહીં તે સંપત્તિને પામ્યો છે. હું મારા

પિતાના પરાભવથી ભમતો ભમતો અહીં આવ્યો છું. એણે મને જોઇને ઓળખી લીધો, અને 'આ મારા મર્મને જાણનાર છે.' એમ ધારીને તે મારો અતિ આદર કરે છે' આ પ્રમાણેનાં સજ્જનનાં વચનો સાંભળીને રાજા વ્યાકુળ થઈ વિચારવા લાગ્યો કે :–'અહો ! આ કેવું અયોગ્ય થવા પામ્યું ? એણે મારી પ્રતિજ્ઞાથી બંધાયેલી મારી પુત્રી પરણીને મારૂં કુળ મલીન કર્યું, માટે આ પાપી જમાઇનો હું ઘાત કરૂં.' આ પ્રમાણે વિચાર કરી પોતાના સુમતિ પ્રધાનને બધી વાત કહીને કહ્યું કે–'એનો નાશ કરો.' એટલે પ્રધાને કહ્યું કે :–'હે સ્વામિન્ ! વિચાર વિનાનું કામ ન કરવું. કહ્યું છે કે :–'સગુણ કે અપગુણ (સારૂં કે ખરાબ) કાર્ય કરતાં પ્રથમ પંડિતજને યત્નપૂર્વક તેના પરિણામનો વિચાર કરવો. કારણ કે બહુ જ ઉતાવળથી કરી નાખેલાં કાર્યોનો વિપાક મરણ પર્યંત શલ્યતુલ્ય થઈ હૃદયને બાળ્યા કરે છે.' માટે હે સ્વામિન્ ! કંઈપણ અતિ ઉતાવળથી ન કરવું.' એટલે પ્રધાનના નિવારણથી રાજા મૌન ધરીને રહ્યો.

એકદા રાત્રિએ હુકમ પ્રમાણે તાત્કાલિક કામ કરનારા સેવકોને બોલાવીને રાજાએ આદેશ કર્યો કે :–'આજ રાત્રિએ મહેલના અંદરના રસ્તે જે કોઈ એકાંકી આવે, તેને તમારે વિચાર કર્યા વિના ઠાર કરવો.' તેઓએ કહ્યું કે –'આપનો હુકમ પ્રમાણ છે.' એમ કહીને તે લોકો રાત્રિએ ત્યાં જ ગુપ્ત સ્થાનમાં રહ્યા. પછી રાત્રે કુમારને બોલાવવાને રાજાએ માણસ મોકલ્યો. તે સેવકે જઈને કુમારને કહ્યું કે –'હે સ્વામિન્ ! કાર્યની ઉતાવળથી રાજા તમને મહેલની અંદરને માર્ગે એકલા

બોલાવે છે. માટે તરત આવો ' તે સાંભળીને કુમાર તલવાર લઇ પલંગ પરથી ઉતરીને તરત ચાલવા તૈયાર થયો, એટલે હાથથી વસ્ત્રનો છેડો પકડીને તેની પ્રિયાએ કહ્યું કે:-' હે પ્રિયતમ! તમારો બિલકુલ ભોળો સ્વભાવ છે, તમે રાજનીતિ જાણતા નથી, કે જેથી મધ્યરાત્રે વિચાર કર્યા વિના આમ એકલા ચાલતા થાઓ છો. નિપુણ પુરૂષે કોઇનો પણ વિશ્વાસ ન કરવો. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે:-'राजा मित्रं केन द्रष्टं श्रुतं वा' 'રાજા કોઈનો મિત્ર જોયો કે સાંભળ્યો છે?' "હે સ્વામિન્! તમારા સમસ્ત કાર્યો કરવામાં સજ્જન સમર્થ છે, માટે અત્યારે તેને જ મોકલો." આ પ્રમાણે પોતાની પત્નીના વચન સાંભળીને કુમાર હર્ષિત થઈને વિચારવા લાગ્યો કે:-' અહો! કેવી બુદ્ધિની પ્રૌઢતા?' એમ વિચારીને તે ચિત્તમાં ચમત્કાર પામ્યો. પછી તેણે ઘરના આંગણે સુતેલા સજ્જનને જગાડીને રાજા પાસે મોકલ્યો. તે પણ હર્ષિત થઈને રાજમહેલની અંદરના માર્ગે ચાલ્યો. તે ત્યાં પહોંચ્યો તો તરત જ ગુપ્ત રહેલા રાજપુરૂષોએ તલવારના ઘાથી તેને અત્યંત ઘાયલ કર્યો, તેથી તે ત્યાં જ પડી ગયો અને મરણ પામ્યો. તેણે કહેવતને ખરી પાડી કે:-' પોતાનું ખડ્ગ પોતાના પ્રાણનું ઘાતક પણ થાય છે.' તેનું અન્યને માટે ચિંતવેલું તેને પોતાને શિરે જ આવી પડ્યું. તેના અકસ્માત મરણથી થયેલા અવાજ સાંભળીને તેનું કારણ જાણવામાં આવતાં રાજપુત્રી સગદ્ગદ કહેવા લાગી કે: – "હે નાથ! હે સરલ સ્વભાવી! જો મારૂં કથન ન માન્યું હોત, તો અત્યારે મારી શી દશા થાત? માટે હે આર્યપુત્ર! પ્રભાતે આળસ મૂકીને સજ્જ થઈ સૈન્ય સહિત તમારે નગરની બહાર જતું રહેવું."

પછી પ્રભાતે રાજાની કપટકળા જાણીને કુમાર સસૈન્ય સજ્જ થઈને નગરની બહાર નીકળ્યો. રાજા પણ કોપાયમાન થઈને સૈન્યના આડંબર સાથે યુદ્ધની સામગ્રી સજ્જ કરીને નગરની બહાર કુમારની સન્મુખ ગયો. ત્યાં બન્ને સૈન્યનો સામસામો ભેટો થયો. એ વખતે પ્રધાન પુરૂષોએ વિચાર્યું કે-' અહો ! રાજાએ આ શું અનુચિત આદર્યું છે ?' પછી સર્વે પ્રધાનો મળીને રાજા પાસે આવ્યા, અને મુખ્ય પ્રધાને કહ્યું કે -'હે સ્વામિન્ ! તીક્ષ્ણ શસ્ત્રોથી તો શું, પણ પુષ્પોથી પણ યુદ્ધ ન કરવું. કારણ કે યુદ્ધ કરતાં વિજયનો તો સંદેહ છે અને પ્રધાન (શ્રેષ્ઠ) પુરૂષોના ક્ષયનો તો નિર્ણય છે.' વળી હે નાથ ! જેમ ગ્રહનો નાયક ચંદ્રમા અને નદીઓનો નાયક સમુદ્ર છે, તેમ તમે પ્રજાના નાયક છો, અને વિચાર કર્યા વિના કાંઈ પણ કાર્ય કરવાથી અનર્થ પ્રાપ્ત થાય છે, માટે વિચાર કરો, હે દેવ ! જે ન જોયેલું,ન જાણેલું અને ન ઓળખેલું કાર્ય કરે છે, તે જયપુરના રાજાની જેમ ચિંતાને પ્રાપ્ત થાય છે. તેનું દૃષ્ટાંત આ પ્રમાણે છે :-

વિંધ્યાચલ પર્વતની ભૂમિ પર અનેક વૃક્ષો છે. ત્યાં ઉચ્ચ અને વિસ્તીર્ણ એક વટવૃક્ષ છે. તે વૃક્ષ પર એક પોપટનું જોડું રહે છે, સસ્નેહ કાળ નિર્ગમન કરતાં તે પોપટને પુત્રની પ્રાપ્તિ થઇ. માતાપિતાની પાંખના પવનથી તથા ચૂર્ણ વિગેરે મુખમાં આપવાથી તે બાળક અનુક્રમે વૃદ્ધિ પામ્યો. તેને પાંખો આવી એકદા બાલચાપલ્યથી ઉડીને ગમનોત્સુક એવો તે થોડે દૂર ગયો; એટલે તરત જ થાકી ગયો, તેથી મુખ પહોળું કરીને પડી ગયો. તે વખતે જળને માટે તે બાજુ આવતા કોઈ

તાપસીએ તેને પૃથ્વી પર પડેલો જોઈને કરૂણાથી હાથમાં લીધો, અને પોતાના વલ્કલવસ્ત્રથી પવન નાખી તથા કમંડળમાંથી તેને જળ પીવરાવીને પોતાના આશ્રમમાં લઈ ગયો. ત્યાં સ્વાદિષ્ટ નીવારના ફળ અને જળથી પુત્રની જેમ પાળિત પોષિત થયેલ તે વૃદ્ધિ પામ્યો. એટલે તાપસોએ મળીને તેનું **શુકરાજ** નામ પાડયું. તેને લક્ષણવંત જાણીને કુળપતિએ ભણાવ્યો. તે પોપટના માતાપિતા પણ ત્યાં જ આવીને તેની પાસે રહ્યા.

એકદા કુળપતિએ પોતાના શિષ્યોને કહ્યું કે:–"હે શિષ્યો ! મારૂં કથન સાંભળો–સમુદ્રમાં હારમેલ નામે દ્વીપ છે. ત્યાં ઈશાન ખુણામાં એક મોટું આમ્રવૃક્ષ છે. તે સદા ફળવાળું છે તેને વિદ્યાધરો, કિંનરો અને ગાંધર્વો સેવે છે તે વૃક્ષ દિવ્ય પ્રભાવી છે. તેનાં ફળનું જે ભક્ષણ કરે છે તે રોગ, દોષ અને ઘડપણથી મુક્ત થાય છે અને ફરી તેને નવજીવન પ્રાપ્ત થાય છે." પેલો પોપટ પણ આ વચન સાંભળીને બહુ જ ખુશ થઈ વિચારવા લાગ્યો કે:–"ગુરૂએ ઠીક કહ્યું મારા માતાપિતા ઘડપણથી જીર્ણ અને દષ્ટિથી રહિત થઈ ગયા છે, તો તેમને તે આમ્રફળ લાવી ખવરાવીને હું ઋણમુક્ત થાઉં. કહ્યું છે કે–'જે માબાપ અને ગુરૂનો વત્સલ થઇ તેમના દુઃખને દૂર કરે તે જ પુત્ર અને તે જ શિષ્ય છે, શેષ તો કરમીયા યા કીડી સમાન છે.' તેમજ વૃક્ષ પણ શ્રેષ્ઠ છે કે જેને સિંચન કરવાથી તે વૃદ્ધિ પામે એટલે તેની નીચે વિશ્રાંતિ લઇ શકાય, પણ જે પુત્ર વૃદ્ધિ પમાડયો છતો ઉલટો પિતાને ક્લેશકારક થાય તે સચેતન છતાં પુત્ર ન કહેવાય.' વળી માબાપ તથા ગુરૂ દુઃપ્રતિકાર કહ્યા છે; એટલે કે તેના ઉપકારનો બદલો વળી

શકતો નથી, તો પણ પોતાથી બની શકે તેટલી પુત્રે અને શિષ્યે તેમની સેવા બજાવવી.” આ પ્રમાણે વિચાર કરી પોતાના માબાપની રજા લઈ ઉડીને તે પોપટ પેલા દ્વીપમાં ગયો, ત્યાં તે આમ્રવૃક્ષ તેના જોવામાં આવ્યું. સવારે તે આંબાનું સ્વાદિષ્ટ ફળ પોતાની ચાંચમાં લઇ પાછો વળીને આકાશમાર્ગે જતાં રસ્તામાં તે થાકી ગયો. પોતાના શરીરને પણ પકડી રાખવાને અશક્ત થયેલા તે શુકરાજે સહસા સમુદ્રમાં પડતાં પણ પોતાના મુખથી તે ફળ મૂક્યું નહિ. એવામાં પોતાના નગરથી સમુદ્ર માર્ગે જતાં વહાણમાં બેઠેલા કોઈ **સાગર** નામના સાર્થપતિએ વ્યાકુળ થઇને સમુદ્રમાં બૂડતા તે શુકરાજને જોયો, એટલે તે સાગર તારક પુરૂષોને કહેવા લાગ્યો કે :–‘અહો ! જળમાં બુડીને મરતા આ બિચારા પોપટને કોઈ ઉપાડી લ્યો.’ એમ કહીને સાગર શેઠે એક તરવૈયાને સમુદ્રમાં નાખ્યો. તેણે ત્યાં જઇને પોપટને સમુદ્રમાંથી ઉપાડી લાવીને શેઠને સોંપ્યો. સાગરશેઠે તે પોપટને હાથમાં લઇને તેને બહુવાર સુધી આશ્વાસન આપ્યું, પછી શુકરાજ પણ સાવધાન થયો, એટલે સાગરશેઠને કહેવા લાગ્યો કે :–“હવે ઉપકારી જનોમાં મુગટ સમાન સાર્થવાહ ! તું ચિરકાળ જય પામ જગતમાં જેઓ પરઉપકાર કરવામાં રસિક છે, તેઓ જ ખરેખર ધન્ય છે. કહયું છે કે :–‘સજ્જન પુરૂષોની સંપત્તિ પરોપકારમાં જ વપરાય છે, નદીઓ પરોપકારને માટે જ વહે છે, વૃક્ષો પરોપકાર માટે જ ફળે છે અને મેઘ પરોપકાર કરવા માટે જ પૃથ્વી પર વરસે છે.’ તેમજ વળી– ‘દુઃખમાં ધૈર્ય રાખનાર, સુખના ઉદયમાં ક્ષમા ધરનાર, સભામાં ચાલાકીથી બોલનાર, યુદ્ધમાં શૌર્ય દેખાડનાર, કીર્ત્તિની કામના

કરનાર અને શાસ્ત્રશ્રવણમાં વ્યસન રાખનાર—એવા મહાત્માઓ જગતમાં સ્વભાવથી જ સિદ્ધગુણવાળા છે.' અર્થાત્ મહાત્માઓનો એવો સ્વભાવ જ હોય છે. હે શેઠ ! તમે કેવળ મને જ પ્રાણ નથી આપ્યા, પણ હે સાર્થના માલિક ! જીર્ણ અને અંધ એવા મારા માબાપને પણ તમે પ્રાણ આપ્યા છે. હે ઉપકારી ! સાંભળો :—ચંચામનુષ્યાકાર ચાડીયો ખેતરનું રક્ષણ કરે છે, હાલતી ચાલતી ધજા મહેલનું રક્ષણ કરે છે, રક્ષા (રાખ) કણોનું રક્ષણ કરે છે, અને દાંતથી ગ્રહણ કરેલ તૃણ પ્રાણોનું રક્ષણ કરે છે, એવી સામાન્ય વસ્તુ પણ રક્ષણ કરે છે તો જે કોઈનું રક્ષણ કરતા નથી એવા ઉપકાર વિનાના પુરૂષથી શું ?" ફરી પોપટ બોલ્યો કે :—"હે શેઠ ! મારા ગુરૂએ કહ્યું કે — 'સમુદ્રમાં હરિમેલ નામનો દ્વીપ છે, તેની ઇશાન ખુણામાં દિવ્યપ્રભાવી એક આમ્રવૃક્ષ છે, તેના ફળનું જે કોઇ ભક્ષણ કરે તેને રોગ અને જરા ન આવે, અને શરીરે નવયૌવન પ્રાપ્ત થાય' તે સાંભળીને મેં વિચાર કર્યો કે :—'મારા માબાપ અત્યંત વૃદ્ધ થયેલા છે, તેથી તે ફળ લાવીને તેમને આપું કે જેથી તેઓ સુખી થાય.' એમ ધારી તેમની આજ્ઞા લઇને તે દ્વીપમાં જઈ તે ફળ મેં ગ્રહણ કર્યું, પરંતુ ફળ લઈને ચાલતાં રસ્તામાં થાકયો અને સમુદ્રમાં પડયો, પરંતુ તમે મને મરતો બચાવ્યો. હવે હું કોઈપણ રીતે તમારા ઋણથી મુક્ત થાઉં અને પ્રત્યુપકાર કરૂં એમ ઇચ્છું છું." એટલે સાર્થેશ બોલ્યો કે :—'તું શું કરી શકીશ ?' પોપટ બોલ્યો કે :—'હે સાર્થેશ ! આ આમ્રફળ તમે જ ગ્રહણ કરો.' સાર્થેશ બોલ્યો કે :—'હે પોપટ ! તું તારા માતાપિતાને શું આપીશ ?' પોપટે કહ્યું :—

'હું ફરી ત્યાં જઈ તે આમ્રવૃક્ષનું ફળ લઈને મારે સ્થાને જઈશ.' એમ કહી તે ફળ શેઠને દઈને પોપટ ઉડી ગયો. સાર્થેશ તે ફળ લઈને યત્નપૂર્વક તેની સંભાળ કરી અનુક્રમે જયપુરમાં આવ્યો. ત્યાં પોતાના સાર્થને નગરની બહાર રાખી પોતે મનમાં વિચારવા લાગ્યો કે :–' આ ફળનું ભક્ષણ કરી મારે પેટ ભરવાપણાથી શું ? પણ હું તેમ કરૂં કે જેથી જગત પર ઉપકાર થાય, માટે એ ફળ રાજાને આપું.' એ પ્રમાણે મનમાં વિચાર કરીને મુક્તાફળથી ભરેલા થાળ ઉપર તે આમ્રફળ રાખી તે ભેટણું લઈને સાર્થેશ રાજસભામાં ગયો. દ્વારપાળના નિવેદનથી તે રાજસભામાં બેઠેલા રાજાની આગળ થાળ મૂકીને રાજાને નમ્યો. રાજાએ તે ભેટણું જોઇને વિસ્મય અને આદર પૂર્વક તેને પૂછયું કે :–' હે સાર્થેશ ! આમાં આ આમ્રફળ કેમ મૂકયું છે ? શું આમ્રવૃક્ષ તેં જોયેલ નથી ?' તે સાંભળીને સાર્થેશ બોલ્યો કે :–'હે સ્વામિન્ ! આ ફળનો પ્રભાવ સાંભળો.' એમ કહીને સાગરે તે ફળનો બધો પ્રભાવ કહી બતાવ્યો. પછી રાજાએ પ્રસન્ન થઇને તેને સન્માન આપ્યું, અને આનંદથી તેની જકાત માફ કરી. પછી રાજાએ વિચાર્યું કે :–'હું એકલો જ આ ફળનું કેમ ભક્ષણ કરૂં ? માટે મારી પ્રજા નિરોગી થાય તેમ કરૂં. આ પ્રમાણે વિચારી માળીને બોલાવી તેને શિખામણ આપીને રાજાએ તેને આમ્રફળ રોપવા માટે આપ્યું, અને તેની રક્ષાને માટે પોતાના માણસો નીમ્યા. પછી તે માળીએ પણ સારા સ્થાને તે રોપ્યું. અનુક્રમે તેને અંકુર ફૂટયા તે સાંભળીને રાજાએ ઉત્સવ કર્યો, તથા પુત્રજન્મની જેમ રાજાએ

પોતાના આત્માને કૃતાર્થ માન્યો. વળી તેણે માળી તથા ચોકીદારોને ભોજન અને વસ્ત્રાદિક આપીને સંતુષ્ટ કર્યા. એક એક પલ્લવ નીકળતા રાજા દરરોજ તેને જોવા જતો હતો. એ રીતે તે આમ્રવૃક્ષ વધતા રાજાના હૃદયમાં મનોરથ પણ વધવા લાગ્યા. એ પ્રમાણે સર્વાંગે સુંદર તે આમ્રવૃક્ષને મંજરી (મોર) આવી; અને અંતે ચારે બાજુ ફળોથી તે શોભી રહ્યું, એટલે રાજા પોતાની પ્રજાને મનથી રોગ અને જરાની આપત્તિ રહિત માનવા લાગ્યો.

એવામાં એક ફળની ઉપર શ્યેનપક્ષીએ પકડેલ સર્પના મુખમાંથી વિષ પડયું. તે વિષના તાપથી તે એક ફળ પાકી તુટીને જમીન પર પડયુ, તે ફળ માળીએ લઇને રાજાની આગળ મૂકયું; એટલે રાજાએ તેને ઇનામ આપીને તે ફળ પોતાના પુરોહિતને આપ્યું. પછી તે પુરોહિતે પણ પોતાનાં આવાસમાં જઈ દેવપૂજા કરી હર્ષિત થઇને તે ફળનું ભક્ષણ કર્યું, એટલે ભક્ષણ કરતાં જ તે તરત મરણ પામ્યો, તેથી શોકનો કોલાહલ થયો. તે જાણીને 'આ શું ?' એમ સંભ્રાત થઇને રાજા ચિંતામાં પડયો. તેનું મુખ કાળું થઇ ગયું. છેવટે તેણે વિચાર કર્યો કેઃ– 'આ વિષફળ કોઈ વૈરીએ વણિકના હાથથી મને અપાવ્યું જણાય છે. અહો ! હવે શું કરૂં ? પછી રાજાએ ક્રોધથી એકદમ ગરમ થઇને પોતાના કઠિયારા સેવકોને આદેશ કર્યો કે :–'હે સેવકો ! આ આમ્રવૃક્ષને એવી રીતે છેદી નાખો કે જેથી તેનું નામ પણ ન રહે.' આ પ્રમાણે આજ્ઞા થતાં તે સેવકોએ તરત ત્યાં જઇને તે આમ્રવૃક્ષ છેદી નાંખ્યું. તે સાંભળી ને પોતાના જીવિતથી ઉદ્વેગ પામેલા કોઢીયા, પાંગળા, અંધ

વિગેરેએ ત્યાં જઈને સુખે પોતાનું મરણ સાધવા તે આમ્રવૃક્ષના ફળ અને પત્રાદિકનું ભક્ષણ કર્યું. એટલે ક્ષણવારમાં તેના પ્રભાવથી તેઓ મન્મથ જેવા રૂપવંત અને નિરોગી થઈ ગયાં. આથી સંતુષ્ટ થઈને તે વૃત્તાંત તેમણે રાજાને નિવેદન કર્યો. એટલે રાજા વિસ્મય પામીને વિચારવા લાગ્યો કે 'અહો! આ શું આશ્ચર્ય ? ખરેખર! તે સાર્થેશનું વચન સત્ય હતું, કોઈ પણ કારણથી પ્રથમ આવેલું ફળ વિષમય થયેલું. પછી માંળીને બોલાવીને શપથપૂર્વક પૂછ્યું કે 'અરે! સાચેસાચું કહી દે કે તે ફળ શી રીતે અને કયાંથી તું લાવ્યો હતો ?' તે બોલ્યો કે, બીજા બધાં ફળો કાચાં હતાં, માત્ર આજ ફળ જમીનપર પડેલું અને પાકું જોઈને મેં આપની પાસે મૂકયું હતું. તે સાંભળીને રાજા વિચારવા લાગ્યો કે 'નિશ્ચય વિષના યોગથી આ ફળ પાકીને જમીન પર પડયું હશે.' પછી તે આમ્રવૃક્ષની રક્ષા કરવાને રાખેલા પુરૂષોને જેટલું રહ્યું હોય તેટલું રાખવા મોકલ્યા. તેઓએ ત્યાં જઇ નિરીક્ષણ કરી આવીને રાજાને નિવેદન કર્યું કે 'હે સ્વામિન્! લોકોએ તે વૃક્ષનું એવી રીતે ચૂર્ણ કર્યું છે, કે જેથી તેનું સ્થાન પણ જાણી શકાતું નથી. તે સાંભળીને રાજાએ અત્યંત ખિન્ન થઇ તે આમ્રવૃક્ષને માટે બહુ વિલાપ કર્યો. 'હા! મંદ ભાગ્યને વશ થઈ મેં આ શું કર્યું ?'

અહીં જીતશત્રુ રાજાને તેનો મુખ્ય પ્રધાન કહે છે કે 'હે સ્વામિન્! તેની જેમ વિચાર્યા વિના કંઈ પણ કામ ન કરવું. હે રાજેંદ્ર! સર્વગુણસંપન્ન લલિતાંગ કુમારની પરીક્ષા કર્યા વિના તમે યુદ્ધનું સાહસ શા માટે કરો છો? માટે જો

આપની આજ્ઞા હોય તો કુમારની પાસે જઇને તેનું કુળદિપક સર્વ તેને પૂછું.” આ પ્રમાણે સાંભળીને રાજાએ કહ્યુ કે ‘હે પ્રધાન! બહુ. સારૂં, એમ જ કરો.’ આ પ્રમાણે રાજાનું કથન સાંભળી પ્રધાન કુમારની પાસે આવી પ્રણામ કરીને બોલ્યો કે ‘હે કુમારેન્દ્ર! આ શું અનુચિત આરંભ્યું છે? તમે તમારા કુળ વિગેરે કહો’ કુમાર બોલ્યો કે—‘હે પ્રધાન! મારા ભુજાદંડનુ પરાક્રમ તમને મારા જાતિ વિગેરે કહેશે. પ્રથમ મારા પરાક્રમનું અવલોકન કરો, પછી બધું જાણવામાં આવશે.’ તે સાંભળીને પુનઃપ્રધાને કહ્યું કે—‘હે સ્વામિન્! તમે પરાક્રમથી જ ગુણવાન છો એમ જણાય છે, પણ પેલા પાપી સજ્જને તમારા જાત્યાદિક બધું વિપરીત કહ્યું છે માટે રાજાએ તમને સ્નેહપૂર્વક કહેવરાવ્યું છે કે, ‘તમે તમારા કુળાદિક જણાવો’ એટલા માટે આપના પગે પડીને હું પૂછું છું કે આપનો કુળાદિક જણાવો.’ પછી કુમારે પોતાનું કુળ અને પિતાદિક બધું યથાર્થ નિવેદન કર્યું. તે સાંભળીને પ્રધાને રાજાને કહ્યું, એટલે રાજા પણ હર્ષ પામ્યો. તો પણ શ્રીવાસનગરે નરવાહન રાજાને પોતાના દૂતની સાથે તેણે એક લેખ (કાગળ) મોકલ્યો. દૂતે ત્યાં જઈને લેખ અર્પણ કર્યો અને મુખથી પણ બધું સ્વરૂપ નિવેદન કર્યું; એટલે નરવાહનરાજા તેના વચનથી જાણે ફરી સજીવન થયો હોય તેવો દેખાવા લાગ્યો. પછી હર્ષપૂર્વક તેણે આ પ્રમાણે કહ્યું કે ‘અહો! ત્યારે અત્યારે જિતશત્રુ રાજા જેવો મારો કોઇ બંધુ નથી, જેણે અતિ દાનથી થયેલ તિરસ્કારને લીધે અપમાન સમજી પોતાના રાજ્યનો ત્યાગ કરીને ભ્રમણ કરતા મારા પુત્ર લલિતાંગને પોતાની પાસે રાખ્યો અને

પોષિત કર્યો. હવે મારા વચનથી તેને સત્કાર કરી અતિઆદર-પૂર્વક તેને અહીં મોકલો.’ એમ કહીને વિશિષ્ટ ભેટણા યુક્ત પોતાના પ્રધાન પુરૂષોને ત્યાં મોકલ્યા. તે પ્રધાન પુરૂષોએ ત્યાં જઈને યથાર્થ નિવેદન કર્યું. તે સાંભળીને જિતશત્રુ રાજા હૃદયમાં વિચારવા લાગ્યો કે :– ‘અહો ! અજ્ઞાનને વશ થઈને મેં શું કર્યું ?’ પછી પોતાની પુત્રીને બોલાવી પોતાના ખોળામાં બેસાડીને ગળતા આંસુથી ભીના થયેલા નેત્રયુક્ત રાજા સગદ્‌ગદ આ પ્રમાણે કહેવા લાગ્યો :– ‘ હે વત્સે ! પતિ સહિત તું ઘણો કાળ જીવતી રહે. મેં પાપીએ જે અનુચિત કર્યું તે ક્ષમા કરજે. તારા મનોરથ બધા સિદ્ધ થાઓ.’ પછી કુમારને બોલાવીને જિતશત્રુ રાજાએ સલજ્જ વદને કહ્યું કે:– હે સત્યવીર કુમાર ! દુર્જન એવા સજ્જનના વચનથી મેં આ બધું વિરૂદ્ધ આદર્યું; પરંતુ તમારૂં ભાગ્ય અતિશય મોટું છે, કે તે પાપીએ ખોટી મલિનતા જે દર્શાવી, તે તેને જ ફળિભૂત થઈ. માટે હે વત્સ ! હવે પછી તમારે કુસંગ ન કરવો. વળી સાંભળો :–‘મારૂં અર્ધું રાજ્ય તો તમે સ્વગુણોથી જ મેળવી લીધું છે, બાકી અર્ધું રાજ્ય પણ હું તમને આપું છું તે તમે ગ્રહણ કરો.’ આ પ્રમાણે કહીને તેની ઈચ્છા નહીં હોવા છતાં રાજાએ પોતે તેને પોતાના સિંહાસન પર બેસાડીને વિધિપૂર્વક રાજ્યાભિષેક કર્યો અને પોતે તપસ્યા કરવા તપોવનમાં ચાલ્યો ગયો. લલિતાંગકુમાર તે રાજ્ય પામીને અધિકતર શોભવા લાગ્યો. લોકોને સુખી કરવામાં તે એક પિતાના જેવા થયો: પ્રાણીનું પુણ્ય સર્વત્ર જાગ્રત જ હોય છે. કહ્યું છે કે :–

"पुण्यादवाप्यते राज्यं, पुण्यादवाप्यते जयः ।
पुण्यादवाप्यते लक्ष्मी-र्यतो धर्मस्ततो जयः" ॥

'પુણ્યથી રાજ્ય, જય અને લક્ષ્મી પ્રાપ્ત થાય છે. કારણ કે ધર્મ-ત્યાં સદા જય રહેલો છે' લલિતાંગનો સર્વત્ર જય થયો તે પુણ્યનો જ પ્રભાવ સમજવો.

હવે લલિતાંગકુમાર તે રાજ્યમાં એક સુપરિક્ષિત મંત્રીને નીમીને પુષ્પાવતી સાથે પ્રધાનાદિ પરિવાર સાથે નગરજનોની રજા લઈને પોતાના પિતાએ તરત બોલાવેલ હોવાથી નિરંતર પ્રયાણ કરી શ્રીવાસનગરે આવ્યો. ત્યાં મહેલમાં બેઠેલા રાજા પાસે જઈ નમસ્કાર કરીને અશ્રુપાતથી જાણે પિતાના તાપને દૂર કરતો હોય એવો તે કુમાર પિતાના ચરણમાં પડી બે હાથ જોડીને વિનય અને ભક્તિપૂર્વક આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરવા લાગ્યો :-"હે તાત! શાસ્ત્રમાં ચંદનની જેવી માતાપિતાને શીતળતા આપનાર પુત્રોને કુળદીપક કહેલા છે; મેં કુપુત્રે તો તમને દુઃખ દીધું છે. કેટલાક પુત્રો પોતાના વંશમાં ચિંતામણિ જેવા હોય છે, અને હું તો આપના વંશમાં એક કીડા જેવો થયો છું, અહો! પુણ્યહીન એવા મેં પ્રતિદિન પિતાના ચરણોને વંદન ન કર્યું. વધારે શું કહું? બાલ્યાવસ્થાથી આજ પર્યંત હું માતાપિતાને કેવળ કલેશ આપનાર જ થયો છું; પરંતુ હવે એ બધો અપરાધ ક્ષમા કરીને મારા પૂજ્ય સસરાએ જે ચંપાનું રાજ્ય મને આપ્યું છે, તેનો આપ મારા પર પ્રસન્ન થઈને સ્વીકાર કરો અને તે ચંપાનું રાજ્ય આપને

યોગ્ય લાગે તેને અર્પણ કરો. વળી આ કુળવધુ આપના ચરણનું પૂજન કરે છે, અને યથોચિત અનુજ્ઞાની ઇચ્છા રાખે છે તેને યથોચિત આજ્ઞા કરો." પછી આ પ્રમાણે બોલતા પુત્રને પોતાના બાહુપાશમાં લઈ વિશાળ વક્ષસ્થળ સાથે દઢ આલિંગન કરીને પૂર્ણચંદ્ર સમાન પુત્રનું મુખ જોઈ હર્ષિત થઈ તેના મસ્તક પર ચુંબન કરી તે રાજા સગદ્‌ગદ આ પ્રમાણે કહેવા લાગ્યો:– "હે કુળદીપક વત્સ ! તું એમ ન બોલ. સુવર્ણમાં કાળાશ કોઈ રીતે પણ આવે નહીં. પૂર્વ દિશાનો ત્યાગ કરીને સૂર્ય પશ્ચિમ દિશામાં કદાપિ ઉદય પામે નહિ. કલ્પવૃક્ષ સમાન એવા તારા પર મેં જ અનુચિત આચર્યું હતું. પરંતુ કદાચ વૃદ્ધ ભાવથી મને મતિવિપર્યાસ થયો, પણ તારે આમ કરવું યુક્ત નહોતું. તારા વિયોગથી મને જે દુઃખ થયું છે તે દુઃખ શત્રુઓને પણ ન થાઓ. વળી તારે તો તેમાં કશી હાનિ થઈ નથી. કારણ કે હંસ તો જ્યાં જાય ત્યાં પૃથ્વીના ભૂષણરૂપ જ થાય છે. હાનિ તો માત્ર તે સરોવરને થાય છે કે જેને હંસોની સાથે વિયોગ થયો. વળી પિતા પુત્રને શિક્ષા આપે તેથી તો ઉલટો તે ગૌરવને પામે છે. કહ્યું છે કે–

"पितृभिस्ताडितः पुत्रः, शिष्यस्तु गुरुशिक्षितः ।
घनाहतं सुवर्णं च, जायते जनमंडनम्" ॥

'પિતાથી તાડન પામેલો પુત્ર, ગુરૂથી શિક્ષિત થયેલો શિષ્ય અને ઘણથી આઘાત પામેલું સુવર્ણ મનુષ્યોને શોભારૂપ થાય છે.' વળી ઠપકા વિના આવું સ્વપુત્રનું માહાત્મ્ય કેમ

જાણવામાં આવત ? હે વત્સ ! હજી પણ મારૂં ભાગ્ય જાગૃત છે, કારણ કે તું આવતાં મારે વાદળાં વિના વરસાદ થવા જેવું થયું છે. હવે વધારે શું કહું ? તું યોગ્ય છે. માટે આ રાજ્ય, આ ઘર, અને આ બધા પરિજનનો તું સ્વીકાર કર. અને પ્રજાનું પાલન કર. હું હવે પૂર્વજોએ આચરેલ વ્રત ગુરૂ સમીપે જઇને ગ્રહણ કરીશ.” પિતાના વિરહને સુચવનારાં આ વચનો સાંભળીને લલિતાંગ સખેદ બોલ્યો કે :- “હે તાત ! આટલા દિવસો તો મારા નિષ્ફળ ગયા, કે જેમાં મેં આપ પૂજ્યોની સેવા ન કરી; માટે હે પ્રભુ ! હવે આપની સેવા ન કરી શકું એવી આજ્ઞા ન કરવી. તે રાજ્ય અને તે જીવિતથી પણ શું કે જેથી પ્રસન્ન એવા પિતાના ચરણકમળયુગલના પ્રતિદિન દર્શન ન થાય. જે પરમ શોભા મને આપની સામે બેસવાથી પ્રાપ્ત થશે. તેના હજારમા ભાગની શોભા પણ સિંહાસન પર બેસતાં પ્રાપ્ત નહિ થાય. હું તો આપની સેવા માટે આવ્યો છું, માટે આપ સિંહાસન પર બેસી સામ્રાજ્ય પાળો અને મને આપની સેવાનો લાભ આપો, હું તો આપની સેવા કરીશ. હવે ફરીને મને આપના ચરણકમલનો વિરહ ન થાઓ.” આ પ્રમાણેનાં પુત્રનાં વચનો સાંભળીને રાજાને શું કરવું તે વિચારવાળો બની ગયો; પછી ફરી ધીરતા પકડીને બોલ્યો કે :–‘ હે વત્સ ! મને તું ઉત્તમ કાર્ય કરવામાં અંતરાય ન કર. આ અનુક્રમે આવેલાં બંને રાજ્ય હવે તારાં છે અને મારે તો હવે વ્રત જ લેવું જોઈએ.’ આ પ્રમાણે કહી સમજાવીને વિલક્ષણ સુખવાળા રાજકુમારને ઉછળતા પંચ શબ્દના નિર્ઘોષપૂર્વક તત્કાળ સિંહાસન પર બેસાડીને રાજાએ તેનો રાજ્યાભિષેક

કરાવ્યો. એ રીતે કુમારને રાજ્ય પર સ્થાપીને રાજાએ તેને ટુંકામાં આ પ્રમાણે શિક્ષા આપી કે :–'હે વત્સ ! જેમ પ્રજા મારૂં સ્મરણ ન કરે તેમ તું વર્તજે.' પછી મંત્રી અને સામંત પ્રમુખને આદેશ કર્યો કે :–'તમારે આ રાજકુમારની આજ્ઞા પાળવામાં તત્પર રહેવું, એની આજ્ઞા તમારે કદી ઓળંગવી નહિ અને મારાથી જે કંઈ અનુચિત્ થયું હોય તેની ક્ષમા કરવી,' એ રીતે કહી લોકોની અનુજ્ઞા મેળવીને સદ્ગુરૂની પાસે જઈ તેણે વ્રત ગ્રહણ કર્યું.

રાજ્યલક્ષ્મી અને પુત્ર, સ્ત્રી વિ. પરિગ્રહનો ત્યાગ કરનાર તે રાજર્ષિ અત્યંત શોભવા લાગ્યા. જળને તજી દીધેલ મેઘની જેમ તે મુનીશ્વર પંચમહાવ્રતધારી, શાંત, દાંત, જિતેન્દ્રિય, પાંચસમિતિ સહિત, ત્રણ ગુપ્તિએ ગુપ્ત, વિશુદ્ધ ધર્મના આશયવાળા, સદ્ધર્મની શ્રદ્ધાવાળા અને ધ્યાનમાં તત્પર, બાવીશ પરિષહોના સૈન્યને જીતનાર થોડા કાળમાં આગમના અભ્યાસી અને ગુણોથી મોટા થયા. તેમને તેવા ગુણગરિષ્ઠ સમજીને ગુરૂમહારાજે તેમને સૂરિપદપર સ્થાપીને આચાર્ય બનાવ્યા. પછી અનેક મુનિના પરિવારસહિત તે પૃથ્વીપર વિહાર કરવા લાગ્યા.

લલિતાંગકુમાર પણ રાજ્યની વિશાળ સામ્રાજ્ય સંપત્તિ પામીને સમસ્ત જનને હર્ષજનક થઈ પડયો, અને પોતાની પ્રજાને પુત્રવત્ પાળવા લાગ્યો. કહ્યું છે કે :–'શઠનું દમન, અશઠનું પાલન અને આશ્રિતોનું ભરણપોષણ કરવું–એ રાજાનું મુખ્ય કર્તવ્ય છે, બાકી (જળ) અભિષેક, પટ્ટબંધ અને વાળ-વ્યજન (ચામર, અન્ય પક્ષે વાલવ્યજન તે વાળને દૂર કરવા

તે) તો ત્રણ (ગુમડાં)ને પણ હોય છે' તેમજ વળી-'દુષ્ટને દંડ આપવો, સ્વજનનો સત્કાર કરવો, ન્યાયથી ભંડારની વૃદ્ધિ કરવી, શત્રુઓથી દેશની રક્ષા કરવી અને પક્ષપાત ન કરવો—એ રાજાઓના પાંચ ધર્મ (કર્તવ્ય) કહ્યા છે. લલિતાંગ રાજા ધર્મવાન્ અને પુણ્યવાન્ હોવાથી તેની પ્રજા પણ ધર્મ-પુણ્ય કરવા લાગી '-ાજા ધર્મિષ્ઠ હોય તો પ્રજા ધર્મિષ્ઠ થાય, રાજા પાપી હોય તો પ્રજા રાજાનું અનુકરણ કરે છે. 'યથા રાજા તથા પ્રજા' એ નીતિ વાકય યથાર્થ છે.' લલિતાંગકુમાર માતાની જેમ પ્રજાની રક્ષા કરતો, પિતાની જેમ પ્રજાને ધન આપતો અને ગુરૂની જેમ પ્રજાને ધર્મમાં પ્રેરણા કરતો હતો. એ રીતે સુખપૂર્વક સમય ગાળતો હતો.

એકદા ઉદ્યાનપાળકે આવી અંજલિ જોડી પ્રસન્ન મુખથી સભામાં બેઠેલા રાજાને કહ્યું કે:-'હે સ્વામિન્! જય અને વિજયથી આપને વધાવું છું, નરવાહન રાજર્ષિ ભવ્યાંબુજને પ્રતિબોધતા બહારના ઉદ્યાનમાં પધાર્યા છે.' આ પ્રમાણે સાંભળીને મનમાં અત્યંત હર્ષોલ્લાસ પામી રાજાએ તેને લક્ષ પ્રમાણ ધન આપ્યું. પછી જલ્દી આદર અને આનંદપૂર્વક અંતઃપુરનાં પરિવાર સહિત ગુરૂ મહારાજનાં ચરણકમળને વંદન કરવા ગયો. ત્યાં જઈ પાંચ અભિગમ સાચવી ત્રણ પ્રદક્ષિણા દઇ પૃથ્વી પર મસ્તક સ્થાપી નેત્રને આનંદકારી એવા ગુરૂને વિધિપૂર્વક શુદ્ધ ભાવથી વંદના કરી અને અંજલિ જોડીને ભક્તિપૂર્વક સન્મુખ બેઠો. નગરજનો પણ જ્ઞાનાતિશયથી દેદીપ્યમાન અને અનેક મુનિઓથી જેમનાં ચરણકમળ સંસેવિત છે એવા તે મુનીશ્વરને પ્રણામ કરીને યથાસ્થાને બેઠા. એટલે નરવાહન રાજર્ષિએ પણ

કલ્યાણકારી ધર્મલાભરૂપ આશિષ આપીને આ પ્રમાણે ધર્મદેશના દેવાનો પ્રારંભ કર્યો :—

"જે મૂઢ પ્રાણી દુષ્પ્રાપ્ય મનુષ્યત્વને પામીને પ્રમાદને વશ થઇ યત્નપૂર્વક ધર્મ કરતો નથી. તે પ્રાણી ઘણા ક્લેશથી મેળવેલ ચિંતામણિને મૂર્ખાઇથી સમુદ્રમાં ફેંકી દે છે. કેટલાક પ્રાણીઓ પ્રવાળની માફક સ્વયમેવ ધર્મના રાગી હોય છે, કેટલાક ચુર્ણકણની જેમ રંગ પામવા યોગ્ય હોય છે અને કેટલાક કાશ્મીરમાં ઉત્પન્ન થયેલ કેસરની જેમ સૌરભના પૂરથી વ્યાપ્ત અને સમ્યક્ પ્રકારે સ્વપર રંગીપણાને ભજનારા હોય છે.[૧] તેથી તે તો ધન્યવાદને પાત્ર છે. મનુષ્યત્વ, આર્યદેશ, ઉત્તમજાતિ. ઈંદ્રિયપટુતા અને પૂર્ણ આયુ એ બધું કર્મલાઘવથી મહાકષ્ટે પામી શકાય છે. એ બધાની પ્રાપ્તિ થતાં અક્ષય સુખની ઇચ્છા રાખનારા ભવ્ય જીવોએ સારી રીતે સમજીને સમ્યક્ત્વને અસ્ખલિત રીતે અંતરમાં ધારણ કરવું. સુદેવમાં દેવબુદ્ધિ, સુગુરૂમાં ગુરૂબુદ્ધિ અને સુધર્મમાં ધર્મબુદ્ધિ રાખવી તે સમ્યક્ત્વ કહેવાય છે. ત્રિલોકને પૂજ્ય, રાગાદિદોષરહિત, સંસારથી તારનાર અને વીતરાગ તથા સર્વજ્ઞ હોય તે દેવ કહેવાય; સંસાર સાગરથી સ્વપરને પાર ઉતારવામાં કાષ્ઠના નાવ સમાન, સંવિજ્ઞ, ધીર અને સદા સદુપદેશ આપનાર હોય તે ગુરૂ કહેવાય; વળી પંચમહાવ્રતને ધારણ કરનાર, ધીર, ભિક્ષા માત્રથી જીવન ધારણ કરનાર, સામાયિકમાં સ્થિત અને ધર્મોપદેશક તે પણ ગુરૂ કહેવાય; અને દુર્ગતિમાં પડતા

---

૧ પ્રવાળ પોતે રંગવાળું સ્વભાવે હોય છે અને કેસર તો પોતે રંગવાળું હોય છે અને બીજાને રંગવાળું કરી શકે છે.

પ્રાણીઓને બચાવનાર તે ધર્મ કહેવાય. તે ધર્મ સર્વજ્ઞકથિત અને સંયમાદિ (ક્ષતિમદ્દવ) દશ પ્રકારનો છે, તે જ મુક્તિનો હેતુભૂત છે. વળી ત્રણે ભુવનને સંમત એવી ત્રસ અને સ્થાવર સર્વ પ્રાણીઓ પર દયા જેમાં મુખ્ય છે તેને જ ધર્મ સમજવો. એ તત્ત્વત્રયીરૂપ, શમપ્રમુખ લક્ષણોથી લક્ષિત અને ધર્મસ્થૈર્યાદિ પાંચ ભૂષણોથી ભૂષિત સમ્યક્ત્વ હોય છે સ્થૈર્ય, પ્રભાવના, ભક્તિ, જિનશાસનમાં કુશળતા અને તીર્થસેવા એ સમ્યક્ત્વનાં પાંચ ભૂષણ કહેલા છે.

આ પ્રમાણેની ધર્મદેશના સાંભળીને લલિતાંગ રાજા બોલ્યો કે:–'હે ભગવન્! હું પ્રવ્રજ્યા ગ્રહણ કરવાને અશક્ત છું, માટે મને દેશવિરતિ આપો.' એટલે ગુરૂ મહારાજ બોલ્યા કે:–'પ્રથમ સમ્યક્ત્વને અંગીકાર કર.' પછી લલિતાંગરાજાએ સમ્યક્ત્વ અંગીકાર કર્યું, એટલે ગુરૂ બોલ્યા કે:–'હે મહાનુભાવ! મિથ્યાત્વ સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે.' કુદેવમાં દેવબુદ્ધિ, કુગુરૂમાં ગુરૂબુદ્ધિ અને અધર્મમાં ધર્મબુદ્ધિ તે મિથ્યાત્વ કહેવાય છે, તેનો અને તે સમ્યક્ત્વનાં આ પ્રમાણેના પાંચ અતિચારો છે તેનો ત્યાગ કરવો:—

"संका कंख विगिच्छा, पसंस तह संथवो कुलिंगीसु ।
सम्मत्तस्सइयारे, पडिक्कमे देसियं सव्वं" ॥

એ જ નીચેનાં શ્લોકમાં કહે છે:—

"शंका कांक्षा विचिकित्सा, मिथ्यादृष्टि प्रशंसनम् ।
तस्य संस्तवश्च पंच. सम्यक्त्वं दूषयंत्यमी" ॥

'શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મિથ્યાદષ્ટિની પ્રશંસા અને તેનો પરિચય એ પાંચ અતિચાર સમ્યકૃત્વને દૂષિત કરે છે.' માટે એ શંકાદિક ચોરથી તેની રક્ષા કરવી. અન્ય મંત્રો પણ શંકા કરવાથી સિદ્ધ થતા નથી. તેનાં સંબંધમાં એક દષ્ટાંત કહું છું તે સાંભળ :–

"વસંતપુર નગરમાં ગંધાર નામે શ્રાવક રહેતો હતો, તે દેવ પૂજા, દયા, દાન અને દાક્ષિણ્યાદિ ગુણોથી વિભૂષિત હતો. તે પ્રતિદિન પૂજાની સામગ્રી લઈને દૂરના ઉદ્યાનમાં જિનચૈત્યમાં જિનપૂજા કરવા જતો હતો. ત્યાં જિનપૂજા કરીને નિરંતર એકમનથી તે ભાવના ભાવતો હતો. એકદા જિનેશ્વરને અભિષેક કરી સુગંધી ફુલાદિથી પૂજીને રોમાંચિત થઈ તે ઉત્તમ સ્તવનોથી જિનસ્તુતિ કરવા લાગ્યો, એવામાં કોઈ મહાન જૈન પરમ શ્રાવક એક વિદ્યાધર ત્યાં જિનેશ્વર ભગવંતને નમસ્કાર કરવા આવ્યો, તે ગંધાર શ્રાવકને જોઇને અને તેની સ્તવના સાંભળીને આનંદિત તેમજ હર્ષિત થઈ તેની નજીકમાં આવીને કહેવા લાગ્યો કે :–"હે ધાર્મિક ! હું તમને વંદન કરૂં છું. આજ મારા નેત્ર અને કાનને પારણું થયું છે, માટે કહે જે જોઇએ તે આપું. અદશ્યકરણ, કુબ્જરૂપકરણ, પરકાય પ્રવેશ વિગેરે બહુ વિદ્યાઓ જગતમાં છે, પણ પૃથ્વી પર આકાશગામિની વિદ્યા તે સર્વમાં દુર્લભ છે માટે એ વિદ્યા તું લે, તું યોગ્ય છે, તેથી તે લઈને તું મારૂં પ્રિયકર" ગંધાર શ્રાવક બોલ્યો કે :– 'હે ભદ્ર ! મારે અન્ય વિદ્યાનું શું પ્રયોજન છે ? મને એક ધર્મવિદ્યા જ કાયમ હો.' એટલે વિદ્યાધર બોલ્યો કે :–'હું જાણું છું કે–તું સંતોષી છે, તો પણ સ્વધાર્મિકપણાથી હું

તને એ વિદ્યા અર્પણ કરૂં છું અને કૃતાર્થ થાઉં છું.' શ્રેષ્ઠીએ તેનું વચન અંગીકાર કર્યું એટલે વિદ્યાધરે પણ તેને વિધિ સહિત મંત્ર આપ્યો અને પછી તે બંને સ્વસ્થાને ગયા. પરોપકારી ગંધાર શ્રાવક સુખે સમય ગાળવા લાગ્યો.

કેટલોક કાળ ગયા પછી ગંધારને વિચાર થયો કે :– 'અરણ્યના પુષ્પની જેમ મને આપેલો મંત્ર વૃથા ન થાઓ.' એમ વિચારીને તેણે પોતાના સ્કંદિલ મિત્રને વિધિસહિત તે મંત્ર આપ્યો. પછી તે સ્કંદિલ વિદ્યા સાધવાને માટે બધી સામગ્રી લઇ રાત્રે સ્મશાનની પાસેના ઉદ્યાનમાં ગયો. ત્યાં બળીદાન વિગેરે આપીને એક વૃક્ષની નીચે તેણે બળતા ખેરના અંગારાથી પરિપૂર્ણ એક કુંડ રચ્યો. પછી તેણે વૃક્ષની શાખા પર ચડીને શીંકું બાંધ્યું અને નીચેનાં અગ્નિકુંડ ઉપરની તે વૃક્ષની શાખાપર ચડીને શીંકામાં બેઠો. પછી એકસો આઠવાર અક્ષત મંત્રજાપ કરીને જેટલામાં છુરીથી શીંકાનું એક દોરડું કાપે છે, તેવામાં નીચે અંગારા જોઈને મનમા શંકા થઈ કે :– 'શીંકાના ચારે દોરડા અનુક્રમે કાપી નાખતાં મંત્રસિદ્ધિ નહીં થાય તો નિશ્ચય અગ્નિમાં પડીશ માટે વૃથા પ્રાણ શા માટે ગુમાવવા ? 'जीवन्नरो भद्रशतानि पश्यति' જીવતો નર સેંકડો કલ્યાણ પામે. આ પ્રમાણે વિચાર કરી તે શીંકા પરથી ઉતરી ગયો. અને કિંકર્ત્તવ્યતા–મૂઢ થઇ વિચારવા લાગ્યો કે :–'આવી દુર્લભ સામગ્રી ફરી ક્યાં મળવાની છે ? માટે શું કરૂં ?' એમ ચિંતવીને ફરી પાછો શીંકા પર બેઠો, પણ પાછી તેજ પ્રમાણે મનમાં શંકા આવી. એમ ચઢ ઉતર કરવા લાગ્યો. એવામાં કોઈ ચોર રાજાના મહેલમાંથી અલંકારનો કરંડીયો લઇને ત્યાં

આવ્યો. તેનાં પગને અનુસારે પાછળ લાગેલા રાજપુરૂષો પણ તે વનમાં ચોરને ગયેલો જાણીને વનને ઘેરીને ઉભા રહ્યા પછી ઉદ્યોત (પ્રકાશ) જોવાથી તે ચોરે ઉદ્યાનમાં સ્કંદિલ પાસે જઇને સર્વ સમાચાર પૂછયા. તેના પૂછવાથા તેણે બધું સત્ય કહી દીધું. એટલે ચોરે વિચાર કર્યો કે :–'ગંધાર જિનધર્મમાં સ્થિર ધાર્મિક શ્રાવક છે માટે તેનું કથન યુગાંતે પણ અસત્ય ન હોય' એમ વિચારીને ચોરે કહ્યું કે :–'મને તે મંત્ર કહે અને આ રત્નનો કરંડીયો ગ્રહણ કર, કે જેથી હું તે મંત્ર સાધીને તેની ખાત્રી કરી આપું' એટલે સ્કંદિલે પણ કૌતુકથી એકાગ્રતા પૂર્વક તે મંત્ર તેને યથાતથ્ય કહી બતાવ્યો. પછી તે ચોરે શીંકા પર બેસીને એકમનથી તે મંત્રનો ૧૦૮ વાર પાઠ કર્યો. પ્રાંતે સાહસ પકડીને તેણે શીંકાના ચારે દોરડા એકી સાથે કાપી નાંખ્યા, એટલે વિદ્યાની અધિષ્ઠાયક દેવીએ સંતુષ્ટ થઇને તેને વિમાન રચી આપ્યું. ચોર પણ તે વિમાન પર બેસીને તરત આકાશ-માર્ગે ચાલતો થયો. પ્રભાત સમયે આયુધ સહિત રાજપુરૂષો વનમાં ચોરને શોધવા લાગ્યા, એટલે કરંડીઆ સહિત સ્કંદિલ તેમના જોવામાં આવ્યો. તેને જોતાં જ તેઓ બોલ્યા કે :–'અરે! આને પકડો, બાંધો, તે જ આ ચોર છે.' એમ બોલતા તે સુભટો સ્કંદિલને બાંધીને રાજા પાસે લઇ ગયા. તે વખતે વિદ્યાધર થયેલ ચોરે એક મોટી શિલા વિકુર્વી રાજાની ઉપર આકાશે રહીને બોલ્યો કે :–'આ સ્કંદિલ મારો ગુરૂ છે તેથી જે એનું વિપરીત કરશે તેની ઉપર હું આ શિલા નાંખીશ.' તે સાંભળીને બધા લોકો ભય અને ત્રાસ પામ્યા. રાજા ભયભીત થઇને આ પ્રમાણે બોલ્યો કે :–'હે ખેચરાધીશ!

એ તમારા ગુરૂ શી રીતે ? તે કહો.' એટલે ચોરે બધો વૃત્તાંત કહી બતાવ્યો. તે સાંભળીને બધા વિસ્મય પામ્યા. પછી રાજાએ સ્કંદિલને સન્માનપૂર્વક તેને ઘેર મોકલ્યો." જેમ શંકાથી સ્કંદિલને વિદ્યા સિદ્ધ ન થઇ. તેમ શંકા કરવાથી સમ્યક્ત્વ પણ નષ્ટ થાય છે, એમ સમજીને સમ્યક્ત્વને નિઃશંક મનથી ધારણ કરવું. ચારિત્રયાન ભગ્ન થતાં ભવ્ય જીવ સમ્યક્ત્વરૂપ ફલક (પાટીયા)થી પણ તરી જાય છે. નિસર્ગરૂચિ પ્રમુખ દશ રૂચિ સમ્યક્ત્વધારી પુરૂષે અંતરમાં ધારણ કરવી, તે આ પ્રમાણે :–

(૧) જિનેશ્વરોએ દ્રવ્ય, ક્ષેત્રાદિ જે ભાવ કહ્યા છે, તેને તેવી જ રીતે જે સ્વયમેવ શ્રદ્ધે છે તેને નિસર્ગરૂચી જાણવો. (૨) જે પર એવા છદ્મસ્થ જનથી ઉપદેશ પામી તે ભાવોને ભાવથી માને છે તેને ઉપદેશરૂચિ સમજવો. (૩) જેના રાગ, દ્વેષ મોહ અને અજ્ઞાન ક્ષય થયા છે એવા સર્વજ્ઞની આજ્ઞામાં જે રૂચિ કરે તેને આજ્ઞારૂચિ કહેવો. (૪) અંગોપાંગ પ્રવિષ્ટ જ્ઞાનથી જે શ્રુતનું અધ્યયન કરીને સમ્યક્ત્વને અવગાહે છે તેને સૂત્રરૂચિ જાણવો (૫) એક પદને પ્રાપ્ત કરીને પાણીમાં તેલબિંદુની જેમ જે સમ્યક્ત્વને અનેક રીતે સમજે છે તેને બીજરૂચિ સમજવો. (૬) જેણે શ્રી સર્વજ્ઞના સમસ્તે આગમ સ્પષ્ટાર્થથી જોયા હોય તેને આગમજ્ઞ જનો અભિગમરૂચિ કહે છે. (૭) દ્રવ્યોના સમસ્ત ભાવો બધા પ્રમાણો અને નયોથી જે સમજી શકે તેને વિસ્તારરૂચિ જાણવો. (૮) જ્ઞાન, દર્શન, ચારિત્ર. તપ સમિતિ અને ગુપ્તિ વિગેરે ક્રિયામાં જે સદા તત્પર હોય તેને ક્રિયારૂચિ જાણવો. (૯) જે ભદ્રિક ભાવથી માત્ર આજ્ઞા માનવા

વડે જ જૈન છે અને કુદૃષ્ટિમાં જેને કદાગ્રહ નથી તે સંક્ષેપરૂચિ સમજવો. (૧૦) જે જિનેશ્વર ભગવંતે કહેલ શ્રુત, ચારિત્ર અને અસ્તિકાય (ષડ્દ્રવ્ય) સંબંધી ધર્મની પૂર્ણ શ્રદ્ધાવાળો હોય તેને ધર્મરૂચિ કહેવો. આ પ્રમાણે સર્વભેદોનું મૂળ કારણ મન છે. માટે સુજ્ઞજનોએ તે મનને જ એકતાનવાળું કરવાની જરૂર છે.

આ પ્રમાણે ગુરૂના મુખથી ઉપદેશ સાંભળીને લલિતાંગ રાજાનું મન સમકિતમાં નિશ્ચળ થયું. ગુરૂવચનરૂપ અમૃતથી સિંચાયેલ તે (જિનમંદિર, જિનમૂર્તિ, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકારૂપ) સાત ક્ષેત્રોમાં ધન વાપરવા લાગ્યો અને વિશેષે સંઘભક્તિ કરવા લાગ્યો. સંઘભક્તિ કરવાથી બહુ લાભ થાય છે. કહ્યું છે કે :-"જે કલ્યાણરૂચિ પ્રાણી, ગુણરાશિના ક્રીડાઘર સમાન સંઘની સેવા કરે છે તેની પાસે લક્ષ્મી સ્વયમેવ આવે છે, કીર્તિ તરત તેનું આલિંગન કરે છે, પ્રીતિ તેને ભજે છે, મતિ તેને મેળવવાની ઉત્કંઠાથી પ્રયત્ન કરે છે, સ્વર્ગ-લક્ષ્મી તેને આલિંગન કરવા ઇચ્છે છે અને મુક્તિ તેને વારંવાર જોયા કરે છે.' લોકોમાં રાજા શ્રેષ્ઠ, તે કરતાં ચક્રવર્તી શ્રેષ્ઠ, તે કરતાં ઇંદ્ર શ્રેષ્ઠ અને સર્વ કરતાં લોકત્રયના નાયક એવા જિનેશ્વર શ્રેષ્ઠ ગણાય છે. તે જ્ઞાનના મહાનિધિ જિનેશ્વર પણ શ્રી સંઘને પ્રતિદિન નમસ્કાર કરે છે. (માટે જે વૈરસ્વામીની જેમ શ્રી સંઘની ઉન્નતિ કરે છે તે પૃથ્વી પર પ્રશસ્ય છે.) લલિતાંગરાજા સદા ધર્મકૃત્ય કરતાં કાળ પસાર કરવા લાગ્યો.

એકદા સંસારની અસારતા ભાવતાં તે રાજાએ શ્રેષ્ઠ

રત્નના સ્તંભથી શોભિત, સુવર્ણની ભીંતથી દેદીપ્યમાન, સ્ફુરાયમાન મણિના બનાવેલા ઉત્તાન અને સુંદર પગથીઆથી વિભૂષિત, સર્વાંગ સુંદર, પવિત્ર, પુણ્યના મંદિર જેવા રંગમંડપ, સ્નાત્રમંડપ અને નૃત્યમંડપ વિગેરે ચોરાશી મંડપોથી મંડિત અને દિવ્ય શિખરોથી અખંડિત એવું એક સુંદર જિનેંદ્ર ભવન કરાવ્યું અને ત્યાં શ્રી આદિનાથના બિંબની વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરાવીને સ્થાપના કરી. પછી ત્યાં વિધિપૂર્વક સ્નાત્ર કરી, સચ્ચંદન અને કપૂરથી મિશ્ર સુગંધી દ્રવ્યોથી વિલેપન કરી, ભક્તિપૂર્વક આભૂષણ પહેરાવી, શતપત્ર ચંપક જાઇ વિગેરે પુષ્પોથી તે બિંબની પૂજા કરીને રાજાએ કૃષ્ણગુરૂનો ધૂપ ઉખેવ્યો. પછી ઉત્તરાસંગ કરી શુદ્ધ પ્રદેશમાં રહી જિનેન્દ્રની સમક્ષ ભૂમિ ઉપર જાનુયુગલ સ્થાપી ત્રણવાર પ્રણામ કરી હાથ જોડીને તે રાજા આ પ્રમાણે પરમાત્માની સ્તુતિ કરવા લાગ્યો :– "હે યુગાદિ પરમેશ્વર ! હે ત્રિભુવનાધીશ ! તમે જયવંતા વર્તો. હે ત્રૈલોકયતિલક ! તમે જય પામો. હે વીતરાગ ! આપને નમસ્કાર થાઓ. હે સ્વામિન્ ! હે જગન્નાથ ! હે પ્રણતપાળ ! તમે પ્રસન્ન થાઓ. હે જંગમ કલ્પવૃક્ષ ! હે વિભો ! મને આપનું શરણ થાઓ. હે સદાનંદમય ! હે સ્વામિન્ ! હે કરૂણાસાગર ! આ લોક અને પરલોકમાં તમે જ મને શરણ થાઓ." આ પ્રમાણે જિનેન્દ્રની સ્તુતિ કરી આંખને આનંદજળથી પૂર્ણ કરી ઉભો થઈને ફરી આ પ્રમાણે તે વિજ્ઞપ્તિ કરવા લાગ્યો :– 'હે સ્વામિન્ ! હે ત્રૈલોકય નાયક ! સંસારસાગરમાંથી મને તારો.' એમ રોજ ભક્તિ કરતાં બહુ સમય પસાર કરીને તે વૃદ્ધાવસ્થા પામ્યો, કહ્યું છે કે :–'જરા

આવતાં ગાત્ર સંકુચિત થાય છે, ગતિ સ્ખલિત થાય છે, દાંત નાશ પામે છે, દષ્ટિહીન થાય છે, રૂપની હાનિ થાય છે, મુખમાંથી લાળ ઝરે છે, સ્વજનો વચન માનતા નથી અને પત્ની સેવા કરતી નથી. અહો ! જરાથી પરાભવ પામેલા પુરૂષની પુત્ર પણ અવજ્ઞા કરે છે—એ બહુ ખેદની વાત છે.' તેમજ વળી કહ્યું છે કે :–'જરા આવતાં મુખમાંથી લાળની માળા ઝરે છે, દાંત ગળી જાય છે અને મુખ પર લાલી રહેતી નથી. શરીર જરાથી જીર્ણ થાય છે અને માથે ધોળા વાળ પ્રગટ થાય છે, ચાલતા થાકી જાય છે અને બે આંખોનું તેજ ક્ષીણ થાય છે તથા સદા પાણી વહ્યા કરે છે. અહો ! તો પણ તૃષ્ણા રૂપી સ્ત્રી વૃથા મનુષ્યને સતાવ્યા કરે છે, અર્થાત્ એ સ્થિતિમાં પણ તૃષ્ણા મંદ થતી નથી.' આ પ્રમાણે વૃદ્ધાવસ્થા પામતાં તૃણવત્ રાજ્યનો ત્યાગ કરીને પોતાનાં પુત્રને રાજ્યભાર સોંપી રાજાએ સદ્ગુરૂની પાસે દીક્ષા અંગીકાર કરી. પછી છઠ્ઠ અને અઠ્ઠમાદિક તપસ્યા કરતાં, બાવીશ પરિષહોનો જય કરતાં, વિધિપૂર્વક ચારિત્ર પાળતાં અંતે અનશન કરી લલિતાંગમુનિ ઔદારિક દેહનો ત્યાગ કરી સ્વર્ગસ્થ થયા. ત્યાં દેવસુખ ભોગવીને મહાવિદેહમાં સિદ્ધિપદને પામશે, માટે ઉત્તમ મનુષ્યોએ ધર્મથી જ જય સમજીને ધર્મમાં સદા ઉદ્યમ કરવો.'

ઇતિ લલિતાંગકુમારની કથા :

આ પ્રમાણે મુનિરાજની દેશના સાંભળીને બહુ લોકો પ્રતિબોધ પામ્યા અને પોતપોતાનાં ભાવ પ્રમાણે નિયમ અને

અભિગ્રહ લઈ નમસ્કાર કરીને સર્વે સ્વસ્થાને ગયા. તે વખતે પ્રકૃતિએ લઘુકર્મી મરૂભૂતિ વિષયથી વિરક્ત થઈ ધર્મકર્મમાં તત્પર થયો. દક્ષતા, દાક્ષિણ્ય, સૌજન્ય, સત્ય, શૌચ અને દયા વિગેરે ગુણોથી તે નાનો છતાં મોટો બની ગયો, અને મોટો કમઠ તો મિથ્યાત્વના કઠિનપણાથી મગશેળીયા પાષાણ જેવો રહ્યો. એક કુળમાં જન્મ પામ્યા છતાં પુત્રો બધા સમાન થતા નથી. કહ્યું છે કે:-'કેટલાક તુંબડા યોગીના હાથમાં આવીને પાત્રપણાને પામે છે, કેટલાક શુદ્ધ વંશ સાથે સંલગ્ન થઈને સરસ અને મધુર ગાયન કરે છે, કેટલાક સારા દોરડાથી યુક્ત થઈ દુસ્ત જળાશયને પાર પમાડે છે અને કેટલાક તુંબડા હૃદયમાં જ્વલિત થઈ રક્તપાન કરવાના ઉપયોગમાં આવે છે.' તેમજ વળી-'ગુણથી ઉજ્વલ એવા પ્રદીપ (દીવો) અને સરસવ લઘુ છતાં શ્લાઘ્ય છે અને પ્રદીપન (આગ) તથા બિભીતક (બેડાં) મોટા છતાં તે શ્રેષ્ઠ નથી.'

ભાવયતિ એવા મરૂભૂતિને સ્વપ્ને પણ કામવિકાર થતો ન હતો અને તેની પત્ની વસુંધરા કામાકુળ રહ્યા કરતી હતી. કમઠનું તેના પર અત્યંત સવિકારી મન થયું હતું, તેથી તેણે સવિકારી વચનો કહ્યા અને તેને પોતાને વશ કરી લીધી. પછી તે બંને કામાંધ થઈ નિરંકુશપણે નિરંતર અનાચારમાં તત્પર થયા અને સ્વેચ્છાએ કામક્રીડા કરવા લાગ્યા. કમઠની સ્ત્રી વરૂણાએ તે બધું અનુચિત જાણીને મરૂભૂતિને નિવેદન કર્યું. તે વાત સાંભળીને મરૂભૂતિએ તેને કહ્યું કે:-'એ વાત સંભવતી નથી.' વરૂણા તેને વારંવાર એ વાત કહેવા લાગી, એટલે તેની ખાત્રી કરવા સારૂં એકદા મરૂભૂતિ ગ્રામાંતર (બહાર ગામ)

જવાના બહાનાથી કમઠની રજા લઈ થોડે દૂર જઈને પાછો વળ્યો અને સંધ્યા વખતે શ્રાંત કર્પટી (થાકેલો વેષધારી કાપડી) થઈને કમઠના ઘેર આવી તેની પાસે જ રાત્રીવાસો રહેવાની યાચના કરી. એટલે કમઠે વિચાર કર્યો કે :–' જેના ઘરથી અતિથિ નિરાશ થઈને પાછો ફરે છે, તે તેને દુષ્કૃત આપી જાય છે અને પુણ્ય લઈ જાય છે.' એમ વિચારીને તેને ઘરના ખુણામાં રાત્રીએ સુઈ રહેવા માટે જગ્યા બતાવી એટલે તે ત્યાં જ રહીને કપટ નિંદ્રાએ સુતો. રાત્રીએ મરૂભૂતિએ તે બંનેનું દુશ્ચરિત્ર પોતાની નજરે જોયું. પછી પ્રભાતે તે સ્થાનથી દૂર જઈને મરૂભૂતિ પાછો સ્વગૃહે આવ્યો, અને મનમાં કુપિત થયો. કારણ કે સ્ત્રીનો પરાભવ તિર્યંચોથી પણ સહન થઈ શકતો નથી.

પછી ભવિતવ્યતાના યોગે મરૂભૂતિએ તે બંનેનું દુશ્ચરિત્ર અરવિંદ રાજાને નિવેદન કર્યું. તે સાંભળીને તેજના નિધાનરૂપ તે રાજા કોપાયમાન થયો અને ધર્મિષ્ઠ જનોને સૌમ્ય, અન્યાય માર્ગે ચાલનારાને યમ અને યાચકોને કુબેર સમાન એવા તે રાજાએ કોટવાળને બોલાવીને આ પ્રમાણે આદેશ કર્યો કે, 'અરે ! આ કમઠનો તરત નિગ્રહ કરો.' એટલે તેણે યમદૂતની જેમ તેને ઘરે જઈને કમઠને બાંધી ગધેડા પર બેસાડી શિક્ષા પૂર્વક સૂપડાનું છત્ર માથે ધરીને પાપના ફળરૂપ સ્થૂળ બિલ્વ-ફળનો હાર ગળામાં નાંખી તથા શરાવલાંની વરમાળા પહેરાવી કાહલિકા વાદ્ય પૂર્વક તેને આખા નગરમાં ફેરવીને તેની વિડંબના કરી પછી

'अवध्यो ब्राह्मण बाल, स्त्री तपस्वी च रोगवान्।
विधेया व्यंगिता तेषा-मपराधे महत्यपि ॥

બ્રાહ્મણ, બાલક, સ્ત્રી. તપસ્વી અને રોગી એમનો મોટો અપરાધ થાય તો પણ તેમને અન્ય શારીરિક શિક્ષા કરવી, પણ પ્રાણ રહિત ન કરવાં. એમ કહેલું હોવાથી તેને અવધ્ય જાણીને નગરથી બહાર કાઢી મૂકયો, અને રાજપુરૂષો સ્વસ્થાને ગયા

પછી એકાકી શરણરહિત તે કમઠ દીનની જેમ જંગલમાં આમતેમ ભટકતો મનમાં વિચારવા લાગ્યો કે-'મારા ભાઈથી જ મને આ પ્રમાણે પરાભવ પ્રાપ્ત થયો, તેથી હું કોઈ રીતે પણ તેનો વધ કરૂં,' એમ વિચારતો ભૂખ અને ક્રોધથી પૂર્ણ છતો તે મરૂભૂતિનું કંઈ પણ અનિષ્ઠ કરવાને શક્તિમાન થયો નહીં કેટલાક દિવસ પછી તે કોઈ તાપસના આશ્રમમાં ગયો અને ત્યાં શિવ નામના મુખ્ય તાપસને પ્રણામ કરી પોતાનું દુઃખ જણાવીને તેની પાસે તાપસી દીક્ષા લઇ પર્વત પર જઈને તપ કરવા લાગ્યો અને તાપસોની સેવા કરવા લાગ્યો.

હવે અહીં પોતાના મોટાભાઈ કમઠનો દારૂણ વૃત્તાંત સાંભળીને મરૂભૂતિને કોઇ સ્થાને ચેન પડતું નહિ. જેમ કોટર (ખાના)માં રહેલા અગ્નિથી વૃક્ષ અંતરમાં બળ્યા કરે તેમ મરૂભૂતિ મનમાં બળવા લાગ્યો. એકદા તેણે લોકવાયકાથી સાંભળ્યું કે કમઠ શિવ તાપસની પાસે તાપસ થયો છે.' એટલે મરૂભૂતિએ વિચાર કર્યો કે 'વિપાકમાં ક્રોધનું ફળ અતિ ભયંકર છે. કહ્યું છે કે સંતાપને વિસ્તારનાર, વિનયને

ભેદનાર, મિત્રાઈનો નાશ કરનાર, ઉદ્વેગને ઉત્પન્ન કરનાર, અવદ્ય (પાપકારી) વચન અને કજીયાને નીપજાવનાર, કીર્તિને કાપનાર, દુર્મતિને આપનાર, પુણ્યોદયને હણનાર તથા કુગતિને આપનાર એવો સદોષ ક્રોધ સંતજનોને ત્યાજ્ય જ છે.' વળી 'દાવાનળ જેમ વૃક્ષને બાળે તેમ ધર્મને જે ભસ્મીભૂત કરે છે, હાથી જેમ લતાને ઉખેડી નાંખે તેમ નીતિનું જે ઉચ્છેદન કરે છે, રાહુ જેમ ચંદ્રમાંની કળાને મલિન કરે તેમ મનુષ્યોની કીર્તિને જે મલિન કરે છે, વાયુ જેમ વાદળાને વિખેરી નાંખે તેમ જે સ્વાર્થને વિખેરી નાખે છે તથા ગરમી જેમ તરસને વધારે તેમ જે આપત્તિને વધારે છે એવો અને દયાનો લોપ કરનારો એવો ક્રોધ કરવો શી રીતે ઉચિત ગણાય?'

કરડ અને ઉકરડ મુનિની જેમ ક્રોધનું ફળ મહા હાનિકાર જાણીને સંવેગવાન્ મરૂભૂતિ વળી મનમાં વિચારવા લાગ્યો કે :– 'હું કોઇ રીતે પણ કમઠ પાસે જઈને તેને ખમાવું' એમ મનમાં વિચારીને તેણે રાજાને કહ્યું કે, 'હે સ્વામિન્! વનમાં જઇને હું કમઠને ખમાવું! એમ કહી રાજાએ વાર્યો છતાં કમઠને ખમાવવા મરૂભૂતિ વનમાં ગયો. ત્યાં તેના ચરણે પડીને તે સગદ્ગદ બોલ્યો કે 'હે ભાઇ! તમારે ક્ષમા કરવી. ઉત્તમજનો પ્રણામ સુધી જ ક્રોધ કરે છે. મારો અપરાધ ક્ષંતવ્ય છે.' આ પ્રમાણે તેના પ્રણામ અને પ્રેમથી ઉલટો કમઠને તીવ્ર ક્રોધ ઉત્પન્ન થયો, એટલે તપાવેલા તેલમાં પાણી નાખવા જેવું થયું, તેથી એક મોટી પથ્થરની શિલા ઉપાડીને તેણે મરૂભૂતિના શિર ઉપર ફેંકી અને ફરી આંખ લાલ કરીને ક્રોધના આટોપથી એક બીજી શિલા ઉપાડી તેની

ઉપર ફેંકીને કમઠે તેને ચૂર્ણ કરી નાખ્યો. એટલે પ્રહારની પીડાથી થયેલ આર્તધ્યાનમાં મરણ પામીને મરૂભૂતિ વિંધ્યાચલમાં ભદ્રજાતિનો યૂથનાયક હાથી થયો. સ્થુલઉપળ સમાન કુંભ સ્થળવાળો, ગંભીર મુખવાળો, ઉંચે સંચાર કરતી દંડાકાર સુંઢવાળો ઉદ્દામ મદ ઝરવાથી પૃથ્વી ભાગને પંકિલ કરનારો, મદની ગંધથી લુબ્ધ થઇને આવેલા ભમરાઓના અવાજથી મનોહર, બહુ નાના હાથીઓથી વીંટળાએલો, અને જંગમપર્વત જેવો તે હાથી ચોતરફ ફરતો શોભવા લાગ્યો. કમઠની સ્રી વરૂણા ક્રોધાંધપણે મરણ પામીને તેજ યુથનાયકની સ્રી હાથીણી થઈ તે હાથી તેની સાથે પર્વત, નદી આદિકમાં સર્વત્ર ભમતાં અખંડ ભોગસુખ અનુભવતો ક્રીડા કરવા લાગ્યો.

અહીં પોતનપુરમાં અનુપમ રાજ્યસુખ ભોગવતાં અરવિંદ રાજાને શરદઋતુનો સમય પ્રાપ્ત થયો, તે વખતે પાણીથી પૂર્ણ સરોવર અને વિકસ્વર કાશપુષ્પો શોભવા લાગ્યા, સર્વત્ર સુકાળ થયો અને લોકો બધા સર્વત્ર પ્રસન્ન મુખવાળા થયા. તેવા અવસરે એક દિવસ અરવિંદ રાજા મહેલ ઉપર ચઢી ગોખમાં બેસીને પોતાની પ્રિયાઓની સાથે સ્નેહ રસથી નિર્ભર થઈ આનંદ કરતો હતો. એવામાં આકાશમાં એકદમ ગર્જનાથી જબરજસ્ત, ઈંદ્રધનુષ્ય અને વિજળી સહિત નૂતન ઉદય પામેલા વાદળાને તેણે જોયો. તે વખતે આકાશમાં કયાંક સ્ફટિક, શંખ, ચંદ્ર, મંડળ, રજત અને હિમના પિંડ જેવા ઉજ્વળ વાદળાનો સમૂહ જોવામાં આવતો અને કયાંક પોપટના પિંછા અને ઈંદ્રનીલ સમાન પ્રભાવાળુ નીલ વાદળનો સમૂહ જોવામાં આવતો. અને કયાંક કાજળ, લાજવર્ગ અને રિષ્ટરત્ન જેવી પ્રભાવાળુ

કાળા વાદળનો સમૂહ જોવામાં આવતો. એ રીતે અંબના આક્ષેપન પૂર્વક જોવા લાયક પંચવર્ણી અભ્રપટલ, જલધર અને ગર્જારવ જોઈને રાજા બોલ્યો કે, 'અહો! આ વિચિત્ર રમણીયતા દેખાય છે.' એ રીતે કહેતો વારંવાર તેની સામે જુએ છે તેવામાં તો તે બધું એકાએક પવનથી વિખરાઇ ગયું એટલે પાછું આકાશનું હતું તેવું સ્વરૂપ થઈ ગયું. તે જોઈને વૈરાગ્ય પામેલો રાજા બોલ્યો કે, 'અહો! બહુ આશ્ચર્યની વાત છે કે તેવા પ્રકારનો વાદળનો સમૂહ વાયુથી ઉડેલ અર્કના રૂની જેમ ક્ષણવારમાં દૃષ્ટ નષ્ટ થઈ ગયો. અહો! જેમ એ વાદળનો સમૂહ તેમ સંસારમાં બીજું બધું ક્ષણવિનશ્વર છે.' કહ્યું છે કે—

હઠીસિંહની વાડી, અમદા...

विद्युद्द्योत वल्लक्ष्मी, ग्ष्टानां संगमा पुनः ।
मार्गस्थ तरूविश्रांत, सार्थ संयोग संनिभाः ॥

લક્ષ્મી વિજળીના ચમકારા જેવી છે, અને માર્ગમાં રહેલ વૃક્ષતળે વિશ્રામ લેનારા મુસાફરોના સંયોગ જેવો ઈષ્ટ સમાગમ છે. વળી જે સવારે હોય છે તે બપોરે જોવામાં આવતું નથી અને જે બપોરે જોવામાં આવે છે તે રાત્રે દેખાતું નથી. એ રીતે આ સંસારમાં પદાર્થોની અનિત્યતા દેખાય છે. રમણીય જણાતું યૌવન ઈંદ્ર ધનુષ્યની જેવું ક્ષણિક છે, પ્રિયજનોના નિર્વાહમાં સ્નેહનો રંગ પણ પતંગના રંગ જેવો છે, વિષયો બધા આપાત મધુર (શરૂઆતમાં મધુર)

પણ અંતે દારૂણ છે. અહો! આ સંસારમાં સાચું કંઈજ જોવામાં આવતુ નથી. સંસાર સદા અસારજ છે. પ્રતિક્ષણે ક્ષીણ થતું આ શરીર પ્રાણીના લક્ષ્યમાં આવતું નથી, પરંતુ તે પાણીમાં રહેલા કાચાઘડાની જેમ ક્ષણે ક્ષણે ગળી જાય છે. પગેપગે આઘાત પામતા વધ્યજનની જેમ દિવસેદિવસે મૃત્યુ પ્રાણીની પાસેને પાસે આવે છે અને અહો! માતા, પિતા, ભાઈ, પ્રિયા અને પુત્રના દેખતાં આ પ્રાણી શરણરહિત થઇ પોતાના કર્મયોગે યમને ઘેર ચાલ્યો જાય છે, અર્થાત્ મૃત્યુ પામે છે.' આ પ્રમાણે આ સંસારમાં બધું અનિત્ય જ છે. કહ્યું છે કે, (દશવૈકાલિક સૂત્રમાં)

**जरा जाव न पीडेइ. वाही जाव न वड्ढइ ।**
**जाव इंदिया नहायंति ताव धम्मं समायरे ॥**

હે પામર પ્રાણી! જ્યાં સુધી તને જરા સતાવે નહીં, વ્યાધિઓ વધે નહીં અને ઇંદ્રિયો હાનિ પામે નહીં, ત્યાં સુધીમાં ધર્મ સાધી લે. ખરેખર! તેજ મહાનુભાવ પુણ્યવંત છે, કે જેઓ રાજ્યને તજીને સદ્ગુરૂની પાસે વ્રત અંગીકાર કરે છે. હું અધન્ય રાજ્ય લંપટ છું. હવે મારૂં યૌવન તો પસાર થઇ ગયું છે, તેથી વગર વિલંબે મારે દીક્ષા લેવી યોગ્ય છે. પત્નિ, પુત્ર અને રાજ્યાદિક કોના! (મારા નહીં) આ પ્રમાણે વિચાર કરતો રાજા વૈરાગ્યવારિધિ પર ચઢયો, અને સ્વજનો સમક્ષ તેણે પંચમુષ્ટિ લોચ કરવાનો આરંભ કર્યો. એ રીતે રાજાને વિરક્ત અને વ્રતોત્સુક જોઈને અંતપુરજને

અત્યંત દુઃખિત થઇને કહ્યું કે, 'હે પ્રાણપ્રિય! તમારી રાજ્ય પરિત્યાગની વજ્ર તુલ્ય વાર્તા સાંભળીને અમારૂં હૃદય શતખંડ થઈ જાય છે. હે સ્વામિન્! હે જીવિતેશ્વર! પ્રસન્ન થાઓ, અને એ આગ્રહ મૂકી દો એ કર્કશતપ કયાં! અને આ સુકુમાળ એવું તમારૂં શરીર કયાં! માટે આ રાજ્ય ભોગવો અને પ્રજાનું પાલન કરો. તથા સુભટોની રક્ષા કરો.' એ પ્રમાણે પ્રબળ સ્નેહને વશ થયેલી પોતાની પત્નીઓને જોઈને તેને પ્રતિબોધવા રાજા બોલ્યો કે હે પ્રિયાઓ સાંભળો—

**जन्मदुःखं जरादुःखं, मृत्युदुःखं पुनः पुनः ।**
**संसार सागरे घोरे, तस्मा ज्जागृत जागृत ॥१॥**
**कामक्रोध लोभ मोहा देहे तिष्ठंति तस्कराः ।**
**हरंति ज्ञान रत्नानि तस्माज्जागृत जागृत ॥२॥**

આ ભયંકર સંસારમાં જન્મ, જરા અને મરણનું દુઃખ વારંવાર પ્રાણી પર તરાપ મારે છે, માટે જાગૃત થાઓ જાગૃત થાઓ. (૧) આ દેહમાં રહેલા કામ, ક્રોધ અને લોભરૂપ ચોરો તમારૂં જ્ઞાનરત્ન ચોરી લે છે, માટે જાગૃત થાઓ, જાગૃત થાઓ. (૨) માતા, પિતા, પત્ની, ભાઇ, ધન અને ઘર એમાંનું તારૂં કશું નથી, માટે જાગૃત થાઓ, જાગૃત થાઓ, વ્યવહારની બહુ કાળજી રાખતાં અને આશાથી બંધાતાં મનુષ્યો પોતાનું ક્ષણે ક્ષણે ક્ષીણ થતું આયુષ્ય જોઈ શકતા નથી, માટે જાગૃત થાઓ, જાગૃત થાઓ. હે ચેતન! જરા, વ્યાધિ અને મૃત્યુ

એ ત્રણે તારી પછવાડે લાગ્યા છે, માટે પ્રમાદ ન કર અને વિચાર કર્યા વિના જાગૃત થઈને પલાયન કર. આ ભાગી જવા જેવે સ્થાને વિસામો ખાવા કેમ બેઠા છે? ઇંદ્ર અને ઉપેંદ્રાદિ પણ બધા મરણના પંજામાં ફસાય છે, તો અહો! તે કાળની પાસે આ પ્રાણીઓને કોણ શરણભૂત છે? દુઃખરૂપ દાવાનળની સળગેલી જવાળાથી ભયંકર ભાસતા આ સંસારરૂપ વનમાં બાળહરણની જેમ પ્રાણીઓને કોણ શરણ છે? કોઈ નથી.

આ પ્રમાણેના સંવેગના રંગથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને મોહનીય કર્મનો ક્ષયોપશમ થતાં તેને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. એટલે પોતાના પુત્ર મહેંદ્રને રાજ્ય પર બેસાડી રાજાએ પોતે ભદ્રાચાર્ય ગુરૂની પાસે જઈ દીક્ષા અંગીકાર કરી, અનુક્રમે તે અગ્યાર અંગ અને ચૌદ પૂર્વ ભણ્યા. પછી ગુરૂની આજ્ઞા લઇને નિર્મમ, નિરહંકારી, શાંતાત્મા અને ગારવરહિત એવા તે રાજર્ષિ એકલવિહારી અને પ્રતિમાધર થઇ ગામમાં એક રાત્રિ અને નગરમાં પાંચ રાત્રિ રહેવા લાગ્યા, તથા શત્રુ મિત્રમાં સમાન વૃત્તિવાળા અને સોનું પથ્થરમાં તુલ્ય બુદ્ધિવાળા એવા તે મહાત્માને વસતિમાં કે ઉજ્જડમાં, ગામમાં કે નગરમાં કયાંય પણ પ્રતિબંધ રહ્યો નહીં, તેઓ એક માસખમણે પારણું, બે માસખમણે પારણું, ત્રણ માસખમણે પારણું, એમ અનુક્રમે બાર માસખમણે પારણું કરતા હતા. એવા ઉગ્ર તપથી નાના પ્રકારની લબ્ધિઓ ઉત્પન્ન થતાં તે પુણ્યાત્માનો દેહ તુષ જેવો હલકો (શુષ્ક) થઇ ગયો. તે વખતે તેમને ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું.

એકદા તે અરવિંદઋષિ અષ્ટાપદની યાત્રા કરવા ચાલ્યા.

રસ્તે જતાં તેમને વ્યાપારને માટે પરદેશ જતો સાગરદત્ત નામનો સાર્થવાહ મળ્યો. એટલે સાગરદત્તે તે મુનીશને પૂછ્યું કે 'તમે ક્યાં જશો ?' મુનિ બોલ્યા કે અષ્ટાપદ પર ભગવંતને વંદન કરવા જઈશું. સાર્થેશે ફરી પૂછ્યું કે, 'હે સાધો ! તે પર્વત પર કયા દેવ છે ? તે મંદિર ને મૂર્તિ કોણે કરાવ્યા છે અને તેમને વંદન કરવાથી ફળ શું પ્રાપ્ત થાય ?' એટલે અરવિંદ રાજર્ષિએ તેને આસન્નભવી ( થોડા કાળમાં મોક્ષે જવાવાળો ) જાણીને કહ્યું કે, 'હે મહાનુભાવ ! ત્યાં દેવના સર્વ ગુણથી યુક્ત અરહિંતદેવ છે, તેમનામાં અનંતગુણો હોય છે, અને તેઓ અઢાર દોષથી રહિત હોય છે. કહ્યું છે કે, 'અજ્ઞાન, ક્રોધ મદ માન, લોભ, માયા, રતિ, અરતિ, નિંદ્રા, શોક, અસત્યવચન, ચોરી મત્સર, ભય, હિંસા, પ્રેમ, ક્રિયા-પ્રસંગ અને હાસ્ય એ અઢાર દોષ જેમના નાશ પામ્યા છે તે દેવાધિદેવને હું નમસ્કાર કરૂં છું ! ત્યાં અષ્ટાપદ ઉપર ઋષભાદિક ચોવીશે તીર્થંકરોની પ્રતિમાઓ છે. ઇક્ષ્વાકુ કુળમાં ઉત્પન્ન થયેલા શ્રી આદિનાથ પ્રથમ તીર્થંકરના પુત્ર ભરત ચક્રવર્તિએ અષ્ટાપદ પર એક મોટું દિવ્ય દહેરાસર કરાવ્યું છે તેમાં ઋષભાદિક ચોવીશ જિનેશ્વરોની સ્વસ્વ વર્ણ અને પ્રમાણવાળી રત્નની પ્રતિમાઓ કરાવીને તેણે સ્થાપન કરી છે. તેમને વંદન કરતાં નરેંદ્રપણાનો અને સ્વર્ગના સામ્રાજ્યપદનો (ઈંદ્રપણાનો) લાભ તો પ્રાસંગિક મળે છે, એનું મુખ્ય ફળ તો મોક્ષની પ્રાપ્તિ થાય તે છે. જેમનું ભાગ્ય વધારે જાગૃત હોય, તેઓ જ તેમનું પૂજન અને દર્શન કરી શકે છે. તેમની પૂજા કરવાથી બંને દુર્ગતિ (નરક, તિર્યંચગતિ)નો ક્ષય થાય.

છે વળી હે સાર્થેશ! સાંભળ 'જે ભવ્યો જિનાજ્ઞાને માથાના મુગટ તુલ્ય માને છે, સદ્‌ગુરૂની સામે અંજલી જોડવી તેને લલાટનુ ભૂષણ સમજે છે, શાસ્ત્ર શ્રવણને કાનનું ભૂષણ સમજે છે, સત્યને જીભનું ભૂષણ માને છે, પ્રણામની નિર્મળતાને હૃદયનું ભૂષણ ગણે છે, તીર્થ તરફના ગમનને બે પગનું ભૂષણ માને છે તથા જિનપૂજનને અને નિર્વિકલ્પ દાનને પોતાના હાથનું ભૂષણ માને છે તેઓ જ આ ભવસાગરને જલ્દી તરી જાય છે' જે વિકલ્પવાળા ચિત્તવડે દેવપૂજા કરે છે તે પોતાના પુણ્યને હારી જાય છે એ સંબંધમાં બે પુત્રોનું દૃષ્ટાંત છે તે સાંભળ.

પ્રતિષ્ઠાનપુરમાં બે વણીક ભાઈ હતા, તે એક વખત જુદા થયા, એટલે નંદક અને ભદ્રક એવા તેમણે બે દુકાન માંડી. તે બન્ને શ્રાવક હતા. ભદ્રક સવારે ઉઠીને રોજ દુકાને જતો અને નંદક દહેરાસરમાં દરરોજ જિનપૂજા કરવા જતો. તે વખતે ભદ્રક વિચારતો કે, 'અહો! આ નંદકને ધન્ય છે, કે જે બીજા સર્વ કાર્યનો ત્યાગ કરી સવારે ઉઠીને દરરોજ જિનપૂજા કરે છે, અને હું તો પાપી, થોડા ધનવાળો અને ધન મેળવવામાં આસકત છું, તેથી સવારે અહીં દુકાને બેસીને દરરોજ પામરજનોના મુખ જોઉં છું, માટે મારા જીવતરને ધિક્કાર છે.' એ રીતે શુભ ધ્યાનરૂપ પાણીથી તે પોતાના પાપમળને સાફ કરતો હતો. અને તેની અનુમોદનારૂપ પાણીથી પોતાના પુણ્યબીજનું સિંચન કરતો હતો, તેથી તેણે સ્વર્ગાયુ બાંધ્યું અને નંદક જિનપૂજા કરતાં આ પ્રમાણે વિચારતો હતો કે 'મારા દેવપૂજાના વખતમાં ભદ્રક દુકાને બેસી બહુધન

ઉપાર્જન કરે છે. પણ હું શું કરૂં ? મેં પ્રથમ અભિગ્રહ લીધો છે તેથી મારે દેવપૂજા કરવા આવવું પડે છે. આ દેવપૂજાનું શુભ ફળ મળવું તે તો દૂર છે, બાકી વ્યાપારની હાનિરૂપ ફળ તો તરત જ મળે છે. આવા કુવિકલ્પથી દેવપૂજા કરવા છતાં તે પોતાનું પુણ્યધન હારી ગયો. તેણે વ્યંતરજાતિના દેવનું આયુ બાંધ્યું. ભદ્રક જિનપૂજાના અનુમોદનથી સૌધર્મ દેવલોક માં દેવપણું પામ્યો નંદક કુવિકલ્પથી વ્યંતરદેવ થયો. માટે કુવિકલ્પથી જિનપૂજા ન કરવી, પણ શુભભાવથી જિનપૂજા કરવી. હવે કુવિકલ્પથી આપેલ દાનનું ફળ સાંભળ

ઉજજયિનીમાં ધન્ય નામનો વણીક પુત્ર વ્યાપારને માટે પોતાની દુકાને બેઠો હતો. એવામાં કોઇ અણગાર માસખમણને પારણે ભિક્ષા લેવા નીકળ્યા. કારણ કે 'મુનિને પ્રથમ પોરસીએ સજ્જાય, બીજીએ ધ્યાન, ત્રીજીએ ગોચરી અને ચોથીએ ફરી સજ્જાય કરવાનું કહેલ છે' ધન્ય વણીક ભિક્ષા માટે ફરતા મુનિને જોઇને ભાવથી તેમને બોલાવી તેમના પાત્રમાં અખંડ-ધારાએ ઘી વહોરાવતાં તેણે ઉચ્ચગતિ ઉપાર્જન કરી અને વધતા જતાં તેના પુણ્યનો વિઘાત ન થવા માટે મુનિએ તેને અટકાવ્યો નહીં, એવામાં તે દાતાના મનમાં આવ્યું કે અહો ! આ એકાકી મુનિ આટલા બધા ઘીને શું કરશે ? કે જેથી તેઓ ઘી લેતાં અટકતા નથી. એ વખતે તેણે દેવલોકનું આયુ બાંધ્યું હતું. એટલે જ્ઞાની મુનિએ તેને કહ્યુ કે, 'હે મુગ્ધ ! તું ઉચ્ચગતિ બાંધતો નીચે ન પડ.' તે બોલ્યો કે, 'આવું અસંબદ્ધ ન બોલો,' એટલે મુનિ બોલ્યા કે 'હે ભદ્ર ! મને ઘીનું દાન આપતાં તે દેવલોકનું આયુષ્ય બાંધ્યું છે, પણ હવે

કુવિકલ્પ કરવાથી તું અધોગતિ બાંધે છે.' એટલે તે શ્રાવક ફરી બોલ્યો કે, 'હે મહાત્મન્! હવે ફરીને દાન દઉં કે જેથી ઉત્તમગતિ બંધાય. મુનિ બોલ્યા કે, 'લોભથી (આશીર્ભાવથી) તેવું ફળ ન થાય. પછી અનુક્રમે મરણ પામીને તે ધન્ય આઠમા દેવલોકમાં દેવતા થયો અને ફરી પણ વિકલ્પ રહિત સુપાત્રદાન આપતા પરિણામે તે મુક્તિ પામ્યો. આ પ્રમાણે અરવિંદરાજર્ષિની સાથે રહેવાથી સાગરદત્ત સાર્થવાહ દરરોજ ધર્મશિક્ષા સાંભળવા લાગ્યો. પરિણામે કલ્પવૃક્ષની પ્રાપ્તિ સમાન ગુરૂ સંયોગ પામીને તે સાર્થવાહ સર્વથા મિથ્યાત્વ તજીને સમક્તિ પામ્યો.

અનુક્રમે અરવિંદ મુનિની સાથે ચાલતાં જે વનમાં મરૂભૂતિનો જીવ હાથી થયો છે તે વનમાં સાગરદત્ત સાર્થવાહ સાર્થ સહિત આવ્યો. ત્યાં નજીકમાં એક મોટું સરોવર હતું, તે કમળવનોમાં ભમતાં ભમરોનાં ગુંજારવના બહાનાથી આતિથ્ય કરવા માટે જાણે મુસાફરોને બોલાવતું હોય તેવું જણાતું હતું. શબ્દાયમાન હંસ, સારસ અને ચક્રવાક પક્ષીઓ જાણે તેના ગુણો ગાતા હોય તેમ જણાતું હતું અને મુનિશ્વરોના મનની જેવા સ્વચ્છ પાણીથી તે ભરેલું હતું તે સરોવર પર સાર્થજનો પાણી, બળતણ વિગેરેથી રસોઈ કરવી આદિ ક્રિયા કરવા લાગ્યા. એવામાં મરૂભૂતિનો જીવ હાથી હાથણીઓથી પરિવરેલો થઈને તે સરોવરમાં પાણી પીવા આવ્યો. ત્યાં પાણીથી પૂર્ણ સરોવરમાં હાથણીઓ સાથે ઘણા વખત સુધી રમીને બહાર આવી તે સરોવરની પાળ પર ચઢયો. ત્યાં દિશાઓને અવલોકતા તે સાર્થને જોવાથી યમરાજની જેમ મુખ અને આંખને લાલ કરી બે કાનને નિષ્પ્રકંપ કરતો, શુંડાદંડને કુંડળાકાર કરતો. ગર્જનાઓથી

દિશાઓને પૂરતો તે હાથી સાર્થજનોને ત્રાસ પમાડવા લાગ્યો. તેથી પુરૂષો, સ્રીઓ, વાહનો અને કરભાદિક બધા દશે દિશામાં પલાયન કરવા લાગ્યા. એ અવસરે જ્ઞાનવાન અરવિંદરાજર્ષિ જ્ઞાનથી તે હાથીનો બોધકાળ જાણીને ત્યાં કાયોત્સર્ગે રહ્યા. તે હાથી પોતાના જાતિસ્વભાવથી ક્રોધાવેશ વડે દૂરથી તે મુનિની સન્મુખ દોડયો. પણ તેમની નજીક આવતાં તેમના તપના પ્રભાવથી જાણે અંજાઈ ગયો હોય તેમ તે મુનિની સમક્ષ એક નૂતન શિષ્યની જેમ ઉભો રહ્યો. એટલે તેના ઉપકાર માટે કાયોત્સર્ગ પારીને તે મુનિ શાંત અને ગંભીર વાણીથી હાથીને પ્રતિબોધ આપવા લાગ્યા. 'હે ગજેન્દ્ર! તું પોતાના મરૂભૂતિના ભવને કેમ સંભારતો નથી? અને મને અરવિંદ રાજાને કેમ ઓળખતો નથી? પૂર્વે મરૂભૂતિના ભવમાં અંગીકાર કરેલ આર્હત ધર્મને કેમ ભૂલી જાય છે? હે ગજરાજ! એ બધું સંભાર! શ્વાપદ જાતિથી થયેલ આમોહજન્ય અજ્ઞાનને તજી દે.' આ પ્રમાણેનાં તે મુનિનાં અમૃત સમાન વચનનું બે કાનથી પાન કરતાં તે ગજરાજ શુભ અધ્યવસાયથી તત્કાળ જાતિસ્મરણ પામ્યો. એટલે હર્ષાશ્રુથી આંખને ભીની કરી, દૂરથી શરીરને નમાવી, પોતાની સુંઢથી મુનિરાજના ચરણયુગલનો સ્પર્શ કરી સંવેગને પામેલ તે ગજરાજે મસ્તક નમાવીને તે મુનિરાજને નમસ્કાર કર્યો. એટલે ફરી તે મુનિ હાથીને કહેવા લાગ્યા કે, 'હે ગજરાજ! સાંભળ આ નાટક સમાન સંસારમાં જીવ નટની જેમ અનેક પ્રકારનાં રૂપ ધારણ કરે છે. તું પૂર્વભવમાં બ્રાહ્મણ અને તત્વજ્ઞ શ્રાવક હતો અને અત્યારે સ્વજાતિના

અજ્ઞાનથી મૂઢાત્મા હાથી થયો છે. હવે તે સંબંધી બહુ ખેદ કરવાથી સર્યું. હવે તો હે ગજરાજ! પૂર્વજન્મ પ્રમાણે તું વિષય અને કષાયનો સંગ તજી દે અને સમતારસને ભજ. અત્યારે તું સર્વ વિરતિ પાળવા સમર્થ નથી, તો પણ આ ભવમાં દેશવિરતિ ધારણ કરી શકાય છે, માટે પૂર્વભવે અંગીકાર કરેલ બારવ્રત રૂપ શ્રાવક ધર્મ તને પ્રાપ્ત થાઓ.

આ પ્રમાણે અરવિંદ રાજર્ષિએ કહેલ ધર્મનું રહસ્ય શ્રદ્ધા સહિત સુંઢના અગ્રભાગથી તેણે સ્વીકારી લીધું. વરૂણા હાથણી પણ તેની જેમ જાતિસ્મરણ પામી, એટલે તેને સ્થિર કરવા મુનિરાજે ફરી પણ એકવાર ધર્મોપદેશ આપ્યો પછી ગજરાજ શ્રાવક થઈ મુનિને નમસ્કાર કરીને પરિવાર સહિત સ્વસ્થાને ગયો. એટલે ફરી બધા લોકો ત્યાં એકત્ર થયા, અને તે હાથીના બોધથી વિસ્મય પામી કેટલાકજનોએ દીક્ષા લીધી અને કેટલાક શ્રાવક થયા. તે વખતે સાગરદત્ત સાર્થવાહ પણ જિનધર્મમાં દ્રઢાશયવાળો થયો. પછી તે અરવિંદ રાજર્ષિએ અષ્ટાપદ પર્વત પર જઈને બધી જિનપ્રતિમાઓને વંદન કર્યું, અને ત્યાં અનશન કરી કેવળજ્ઞાન પામીને અચલ, અરૂજ, અનંત, અક્ષય અવ્યાબાધ અને અપુનરાવૃત્તિક (ફરી ન આવવું પડે) એવા સિદ્ધ સ્થાનને પ્રાપ્ત થયા.

હવે પેલો હાથી શ્રાવક થઈને સમભાવને ભાવતો, જીવદયા પાળતો; છઠ્ઠ આદિ તપ કરતો, સૂર્યના કિરણોથી ગરમ થયેલ અચિત્ત પાણી અને સુકા પાંદડાથી પારણું કરતો હાથણીઓ સાથેની ક્રીડાથી વિમુખ થઇ મનમાં વિરક્ત ભાવ લાવીને આ પ્રમાણે વિચારવા લાગ્યો કે, 'અહો! જેઓ

મનુષ્યભવ પામીને દીક્ષા ધારણ કરે છે તે પુરૂષોને ધન્ય છે. ગતભવમાં મનુષ્ય જન્મ પામીને હું ફોગટ હારી ગયો. હવે શું કરૂં ? અત્યારે તો હું પશુ છું.' આ પ્રમાણે ભાવના ભાવતા અને જેવા તેવા વન્ય આહારથી પેટ ભરતાં, રાગદ્વેષને છોડતાં, અને સુખદુઃખમાં સમભાવ ધારણ કરતાં તે હાથી વખત ગાળવા લાગ્યો

હવે કમઠ ક્રોધને લીધે મરૂભૂતિનો વધ કરવાથી ગુરૂથી અપમાન પામતો અને બીજા તાપસોથી નિંદાતો વિશેષ આર્ત્ત-ધ્યાનને વશ થઇ મરણ પામીને કુર્કુટ જાતિનો (ઉડતો) સર્પ થયો. તે અટવીમાં પોતાના દર્શન માત્રથી પણ સર્વ પ્રાણી-ઓને ભયંકર થઇ પડયો. તે દાઢ, પક્ષવિક્ષેપ, નખ અને પોતાના મોઢાથી જંતુઓનો યમની જેમ સંહાર કરતો હતો.

એકદા સરોવરમાં સૂર્યથી તપેલા પ્રાસુક પાણી પીવા આવેલા તે હાથીને ત્યાં આવી ચઢેલા પેલા પાપી કુર્કટસાપે જોયો. એવામાં દૈવયોગે પાણી પીતાં તે હાથી કાદવમાં મગ્ન થઇ ગયો, અને તપથી શરીર અશક્ત થયેલું હોવાથી તેમાંથી નીકળવાને અશક્ત થઇ ગયો તેને પેલો સર્પ કુંભસ્થળ પર ડસ્યો, એટલે આખા શરીરમાં તેનું ઝેર ફેલાયું. આ અવસરે પોતાનો અવસાન (મૃત્યુ) કાળ નજીક જાણીને તે હાથીએ ચતુર્વિધ આહારનું 'भव चरिमं पच्चक्खामि' એમ પૂર્વભવના અભ્યાસથી પચ્ચખ્ખાણ કર્યું અને સમ્યક્ત્વનું સ્મરણ કર્યું. 'અરિહંત મારા દેવ, મારા યાવજજીવ સુસાધુ ગુરૂ અને જિનપ્રણિત મારો ધર્મ એ સમ્યક્ત્વ હું અંગીકાર કરૂં છું તથા અઢાર પાપસ્થાન-નું તે આ પ્રમાણે સ્મરણ કરવા લાગ્યો. 'પ્રાણાતિપાત,

મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિઅરતિ, પરિવાદ, માયામૃષાવાદ અને મિથ્યાત્વશલ્ય એ અઢાર પાપસ્થાનોનો હું ત્યાગ કરૂં છું.' એમ ચિંતવવા લાગ્યો તથા—

**खामेमि सव्व जीवे, सव्वे जीवा खमंतु मे ।**
**मित्ति मे सव्व भूअसु वैरं मज्झं न केणइ ॥**

'હું સર્વ જીવોને ખમાવું છું, સર્વ જીવો મારા પર ક્ષમા કરો, પ્રાણીઓ પર મારો મૈત્રીભાવ છે, કોઈ પ્રાણી સાથે મારે વૈરભાવ નથી.' તેમજ વળી હું સર્વ પ્રાણીઓને ખમાવું છું અને તેઓ મારા પર ક્ષમા કરે સર્વ જીવો સાથે મને મૈત્રી થાઓ અને શ્રી વીતરાગનું શરણ મને પ્રાપ્ત થાઓ.

ઈત્યાદિક ભાવના ભાવતાં તેહાથી એકમનથી પંચપરમેષ્ઠિ નમસ્કારનું સ્મરણ કરવા લાગ્યો. તે વિચારવા લાગ્યો કે 'વ્યાધિ અથવા મૃત્યુમાં પર તો નિમિત્ત માત્ર છે, પ્રાણીને પોતાના કર્માનુસાર જ શુભા શુભ ફળ પ્રાપ્ત થાય છે.' આ પ્રમાણે વિચારતો સમતારૂપી અમૃતથી સિકત થઇ ધર્મ ધ્યાન ધ્યાવતાં મરણ પામીને તેહાથી આઠમાં દેવલોકમાં સત્તર સાગરોપમના આયુષ્યવાળો દેવ થયો. ત્યાં એક અંતર્મુહૂર્તમાં તે બે દેવદૂષ્ય વસ્ત્રના મધ્યમાંથી ઉત્પન્ન થઇને ઉઠયો. તે અવસરે ત્યાં હાજર રહેલા સેવક દેવો અને દેવાંગનાઓ શય્યામાં બેઠેલા, તરૂણ પુરૂષાકાર, સર્વાંગે વિભૂષિત, રત્ન, કુંડળ, મુગટ અને ઉજવલહાર વિગેરેથી અલંકૃત શરીરવાળા

અને તરતમાં જ ઉત્પન્ન થયેલા તે દેવને જોઈને આ પ્રમાણે કહેવા લાગ્યા. 'હે નાથ! ચિરકાળ જય પામો, આનંદ પામો, અમને આજ્ઞાવડે અનુગૃહિત કરો, અમ અનાથના નાથ થાઓ, અમે તમારા સેવકો છીએ, આ સમસ્ત લક્ષ્મી આપને સ્વાધીન છે, જે રીતે આપને રૂચે તે રીતે તેનો ઉપભોગ કરો.' પછી તે દેવ સ્નાન મંગળ કરી, પોતાના કલ્પ (આચાર) પુસ્તક વાંચી, શાશ્વત ચૈત્યમાં રહેલી પ્રતિમાની પૂજા કરી સ્તવીને તેના સભાસ્થાનમાં આવ્યો, ત્યાં દેવ અને દેવીઓએ મંગળક્રમ શરૂ કરતાં સંગીતામૃતમાં લીન થઇને તે દિવ્ય ભોગ ભોગવવા લાગ્યો કહ્યું છે કે 'દેવલોકમાં દેવતાઓને જે સુખ છે તે સુખ મનુષ્યને સો જીભ હોય અને સો વર્ષ પર્યંત કહ્યા કરે તો પણ સંપૂર્ણ કહી ન શકે. દેવતાઓ વાળ, હાડકા, માંસ, નખ રોમ, લોહી, વસા, (ચામડી) મુત્ર અને પુરીષ એ તમામ અશુચિ વિનાના, સુંગધી શ્વાસોશ્વાસવાળા, પરસેવા રહિત, નિર્મળ દેહવાળા, અનિમેષ આંખવાળા, મનઃસંકલ્પ પ્રમાણે કાર્યને સાધનારા, ન કરમાય એવી ફુલની માળાવાળા અને ચાર આંગળ ભૂમિથી ઉંચે રહેનારા હોય છે એમ જિનેશ્વરોએ કહેલું છે.'

હવે વરૂણા હાથણી દુસ્તપ તપ તપી અંતે અનશન કરી મરણ પામીને બીજા દેવલોકમાં દેવી થઇ. મહારૂપ લાવણ્ય સંપત્તિથી અધિક એવી તે દેવીને ત્યાંના કોઇપણ દેવ પર પ્રેમ આવતો નહોતો. માત્ર હાથીનો જીવ જે દેવ થયેલો તેના સમાગમના વિચારમાં તે લીન રહેતી. અહીં હાથીનો જીવ દેવતા પણ તેના પર રાગી હોવાથી તેને અવધિજ્ઞાનથી પોતાના

પર આસક્ત જાણીને તેની પાસે જઈ તેને સહસ્રાર દેવલોકમાં લઈ આવ્યો. પૂર્વજન્મના સંબંધથી તેને તેના પર અત્યંત સ્નેહ થયો. કહ્યું છે કે 'પ્રથમના બે દેવલોકના દેવો કાયાથી (મનુષ્યની જેમ) વિષય સેવે છે, ૩-૪ દેવલોકના દેવો સ્પર્શ માત્રથી, ૫-૬ દેવલોકના દેવો રૂપ જોવા માત્રથી, ૭-૮ દેવલોકના દેવો શબ્દ શ્રવણ માત્રથી અને બાકીના ચાર દેવલોકના દેવો મનથી જ વિષય સેવે છે તેની ઉપરના નવ ગ્રૈવેયક તથા પાંચ અનુત્તર વિમાનના દેવો અપ્રવિચાર એટલે વિષય વૃત્તિ વિનાના અને તેનાથી અનંતગણા સુખી હોય છે.'

હવે તે દેવ દેવી સાથે કોઇવાર નંદીશ્વર દ્વીપે જઇને શાશ્વત જિનપ્રતિમાના પૂજન અને ગીતગાનથી, કોઈવાર મહામુનિઓની ઉપાસનાથી, કોઈવાર નંદનવનની વાવડીઓમાં જળક્રીડા કરવાથી અને કોઈવાર ગીતવાજીંત્રના નિત્ય મહોત્સવ રૂપ મરારસથી આનંદ મેળવતો હતો અને તેની સાથે સ્વેચ્છાએ ક્રીડા કરતો હતો ત્યાં વિષય સુખ ભોગવતાં તેમનો અસંખ્યાતો કાળ પસાર થયો.

અહીં કેટલોક સમય પસાર થયા પછી કુર્કટસાપ મરણ પામીને ધૂમ્રપ્રભા નામની પાંચમી નરક પૃથ્વીમાં ૧૭ સાગરોપમનાં આયુષ્યવાળો નારકી થયો. ત્યાં પાંચમી નરકની વિવિધ પ્રકારની વેદના તે સહન કરવા લાગ્યો સિદ્ધાંતમાં કહ્યું છે કે 'નરકમાં નારક જીવો પરમ તીક્ષ્ણ અને મહાભયંકર એવા જે દુઃખો સહન કરે છે તેનું કરોડ વર્ષે પણ કોણ વર્ણન કરી શકે? અગ્નિદાહ સાલ્મલિના ઝાડપરથી પતન, અસિવનમાં ભ્રમણ અને વૈતરણીમાં વહન તેમજ સેંકડો પ્રહારોનું

સહન વિગેરે નારક જીવો જે વેદના સહન કરે છે તે સર્વ પૂર્વભવમાં કરેલા પાપનું અધર્મનું ફળ છે. કમઠનો જીવ નારકી થયેલો ત્યાં થોડો સમય પણ શાંતિ પામ્યો નહીં.

'સૂર્ય જેમ હંમેશા સમસ્ત અંધકારને હરે છે તેમ પૂર્વ સંચિત તમારા દુરિતને સર્વ દિશાઓમાં મેઘની જેમ નિરંતર અત્યંત ગર્જારવ કરતાં શ્રી પાશ્વર્નાથરૂપ હાથી પોતાની સૂંઢથી દૂર કરે.' દેવ સુખમાં નિમગ્ન થયેલો, સુરેન્દ્રોને પૂજ્ય, ત્રૈલોકયથી જેમના ચરણ વંદિત છે એવો, વિષય વાસના નષ્ટ થવાથી પ્રધાન ભુવનમાં પ્રસિદ્ધ અને નામથી મહેંદ્રતિલક એવો તે પાર્શ્વજિનનો વિશદ જીવ જયવંત વર્તો.

---

પ્રથમ મરૂભૂતિનો ભવ, બીજા હાથીના ભવનું અને ત્રીજા દેવના ભવનું વર્ણન પૂરું થયું.

# બીજો સર્ગ

[સરસ્વતી, શાસનદેવતા અને ગુરૂના ચરણાંબુજને ભાવથી પ્રણામ કરીને દેવ ગુરૂના પ્રાસાદથી કર્ણામૃતરૂપ થયેલા બીજા સર્ગને હું સામ્ય ભાવથી કહું છું.]

પૂર્વ મહાવિદેહમાં **સુકચ્છ** નામના વિજયમાં વૈતાઢય પર્વત પર ધનથી પરિપૂર્ણ એવી **તિલકપુરી** નામે નગરી છે. તે ઉંચા, મનોહર, રંગિત અને ધવલ પ્રસાદની શ્રેણીથી શોભાયમાન છે, સર્વદા અનેક વિદ્યાધરોની શ્રેણીથી વિરાજીત છે અને ચોરાશી ચૌટા તથા દુકાનોની પંક્તિઓથી તે ઉપ-શોભિત છે. ત્યાં સકળ વિદ્યાધરોનો સ્વામી, પોતાના યશરૂપ પાણીથી અશેષ દિશાઓના મુખને પ્રક્ષાલિત કરનાર, પોતાના આચારમાં વર્તવાથી અને પ્રજાનું રક્ષણ કરવાથી શિષ્ટ, પ્રશિષ્ટ, હૃષ્ટ અને ન્યાયનિષ્ઠ એવી ખ્યાતિને પામેલો **વિદ્યુદ્ગતિ** નામે રાજા હતો. તેને રૂપ, લાવણ્ય અને સૌભાગ્યાદિક ગુણોથી અન્ય સ્ત્રીઓમાં તિલક સમાન તિલકાવતી નામે પટરાણી હતી. તે રાણીની સાથે રાજા મનોવાંછિત વિષયસુખ ભોગવતો હતો.

અન્યદા આઠમા દેવલોકમાંથી હાથીનો જીવ દેવ ચ્યવીને તિલકાવતી રાણીના ઉદરમાં અવતર્યો. શુભદિવસે અને શુભ

લગ્ન સમયે તે રાણીએ બત્રીસ લક્ષણવાળા પુત્રને જન્મ આપ્યો. પિતાએ તે બાળકનું **કિરણવેગ** નામ રાખ્યું. પાંચ ધાવમાતાઓથી લાલન પાલન કરાતો તે કુમાર અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યો અને નિશાળમાં અભ્યાસ કરવા લાગ્યો. શાસ્ત્ર અને શસ્ત્ર વિગેરેની બહોંતેર કળામાં પ્રવીણ અને અડતાલીસ હજાર વિદ્યાઓમાં પારંગત થયેલો તે કુમાર અનુક્રમે યૌવનાવસ્થા પામ્યો. એટલે રાજાએ મોટા વંશમાં ઉત્પન્ન થયેલા સામંતરાજની કન્યા **પદ્માવતી** સાથે મહર્દ્ધિસૂચક મહોત્સવપૂર્વક તેને પરણાવ્યો અને યુવરાજ પદવી આપી. કેટલાક વખત પછી ગુરૂ સંયોગથી રાજા સંવેગ પામ્યો, એટલે કિરણવેગને રાજ્ય પર સ્થાપન કરી પ્રધાનોને તે આ પ્રમાણે કહેવા લાગ્યો, 'હે પ્રધાનો! આજથી તમારો આ સ્વામી છે, સ્વપ્નમાં પણ તમારે એની આજ્ઞા ઓળંગવી નહિ. હે સેવકો! આ કિરણવેગને તમારે મારા જેવો જ સમજી લેવો. પછી રાજાએ કિરણવેગ કુમારને પણ કહ્યું કે, 'હે વત્સ! તારે પણ આ રાજલોકનું સારી રીતે પાલન કરવું. મોટો અપરાધ થતાં પણ માત્ર બાહ્યવૃત્તિથી ક્રોધ બતાવવો, અંતરમાં તેના પર રોષ રાખવો નહીં', સમુદ્રની જેમ મર્યાદા ઓળંગવી નહિ, પંડિતોની સાથે સમાગમ કરવો, જુગારાદિ વ્યસનો કદાપિ ન સેવવા તથા દુર્ગુણમાં અનાદર કરવો, સ્વામી, પ્રધાન, રાષ્ટ્ર કિલ્લો, ખજાનો, બળ અને મિત્રવર્ગરૂપ સપ્તાંગ રાજ્યલક્ષ્મીની સંભાળ રાખવી. હે વત્સ! રાજ્યને અંતે નરક છે, તેથી રાજ્ય કરતાં પણ ધર્મકાર્યમાં આદર કરવો એ પ્રમાણે શિક્ષા આપી સમસ્તજનોને ખમાવીને શ્રુતસાગર ચારણમુનિની પાસે તે

રાજાએ દીક્ષા અંગીકાર કરી, અને નિરતિચાર ચારિત્ર પાળી અંતે અનશન કરી કેવળ જ્ઞાન પામીને મોક્ષે ગયા.

હવે કિરણવેગ રાજા પિતાની રાજ્યસંપત્તિ પામીને નીતિશાસ્ત્રાનુસારે પ્રજાને પાળવા લાગ્યો. 'જ્ઞાન છતાં મૌન, શક્તિ છતાં ક્ષમા અને દાન દેતાં છતાં પ્રશંસાની અનિચ્છાએ ગુણોએ ગુણાનુબંધીપણાથી ભાઇ હોય તેમ તેનામાં વાસ કર્યો હતો. તેમજ—

निंदंतु नीतिनिपुणा यदिवा स्तुवन्तु,
लक्ष्मीः समाविशतु गच्छतुवा यथेष्टम् ।
अद्यैव मरणमस्तु युगांतरे वा,
न्यायात् पथः प्रविचलंति पदं न धीराः ॥

નીતિનિપુણજનો ભલે નિંદા કરો કે, પ્રશંસા કરો, લક્ષ્મી સ્વેચ્છાએ આવો કે ભલે ચાલી જાઓ અને મરણ આજે જ આવો કે યુગના અંતે આવો તથાપિ ધીરપુરૂષો ન્યાયમાર્ગથી કદીપણ ચળાયમાન થતા નથી. આ નીતિવાકયને તેણે હૃદયમાં ધારણ કરી રાખ્યું હતું. અનાસક્ત મનથી પદ્મમાવતીની સાથે વિષયસુખ ભોગવતાં તે રાજાને **ધરણવેગ** નામે પુત્ર થયો. અનુક્રમે રાજ્ય ભોગવતા ઘણા વર્ષો પસાર થઇ ગયા.

એકદા નગર બહાર નંદનવન નામના ઉદ્યાનમાં ભવ્યજનો રૂપ કમળોને પ્રફુલ્લિત કરતા, પાપનો નાશ કરતાં અને ગ્રામાનુગ્રામ વિચરતા **વિજયભદ્ર** નામે આચાર્ય પધાર્યા. તેમની

સાથે સ્વાધ્યાય ધ્યાનમાં તત્પર એવા અનેક મુનિઓ હતા. વનપાળકે આવીને કિરણવેગ રાજાને વિજ્ઞપ્તિ કરી કે, 'હે રાજેંદ્ર ! આજ આપના નંદનવન ઉદ્યાનમાં બહુમુનિઓથી પરિવરેલા વિજયભદ્ર આચાર્ય પધાર્યા છે. તે સાંભળીને રાજાએ હર્ષ પામી તેને વધામણી આપી. પછી ઉદ્યાનમાં જઇને તેણે સર્વે મુનિઓને ભક્તિપૂર્વક વંદન કર્યું. નગરજનો પણ ગુરૂને વંદન કરવા આવ્યા. એટલે રાજા અને લોકોના અનુગ્રહ નિમિત્તે ગુરૂમહારાજે ધર્મદેશના આપવાનો પ્રારંભ કર્યો.

**आमाम्रते भवां भोधौ, भ्रमद्भिर्यत्कथंचन ।**
**मुग्धैस्तत्प्राप्य मानुष्यं, हा रत्नमिव हार्यते ॥**

ભવસાગરમાં ભમતા મહાકષ્ટે માનવભવ પામીને અહો ! મુગ્ધજનો રત્ન હારી જાય તેમ તેને હારી જાય છે. તેમજ 'આ અસાર સંસારમાં કોઇ રીતે મનુષ્યભવ પામીને જે પ્રાણી વિષયસુખની લાલચમાં લપટાઇને ધર્મ સાધતો નથી, તે મૂર્ખ શિરોમણી સમુદ્રમાં બૂડતાં શ્રેષ્ઠનાવને મુકીને પાષાણને બાથ ભરવા જેવું કરે છે' વળી ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ કહ્યું છે કે જેમ કોડીને માટે મોટો ભાઈ હજાર રત્ન હારી ગયો અને કાચી કેરીનું ભક્ષણ કરવા જતાં રાજા રાજ્યને હારી ગયો. તેમ વિષયસુખને નિમિત્તે જીવ નરભવ હારી જાય છે. આ સંબંધમાં કહેલ કથાનક નીચે પ્રમાણે છે.

સોપારક નગરમાં બે ભાઈઓ રહેતા હતા. ધનદત્ત અને દેવદત્ત નામના તે બંને ભાઇઓ શ્રાવક હતા અને પરસ્પર

સ્નેહપૂર્વક વ્યાપાર કરતા હતા. તેમાં નાનો ભાઈ જિનધર્મમાં અત્યંત આસક્ત હતો, તે બે વખત રોજ પ્રતિક્રમણ કરતો, ત્રિકાળ પૂજા કરતો અને સામાયિક આવશ્યક તથા પૌષધાદિક કરતો અને વ્યાપાર પણ કરતો હતો. એકદા મોટો ભાઈ નાનાભાઈને કહેવા લાગ્યો કે 'હે ભાઇ! હાલ તો લક્ષ્મી ઉપાર્જન કર, પછી વૃદ્ધપણામાં ધર્માનુષ્ઠાન કરજે.' એટલે નાનો ભાઈ બોલ્યો કે, હે ભાઈ! મારૂં કથન સાંભળ. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

यावत्स्वस्थमिदं शरीरमरूजं यावज्जरा दूरतो,
यावच्चेंद्रियशक्ति रप्रहिता यावत्क्षयो नायुषः ।
आत्मश्रेयसि तावदेव विदुषा कार्यः प्रयत्नो महान्,
संदीप्ते भवने तु कूपखननं प्रत्युद्यमः कीदृशः ॥

'જયાં સુધી આ શરીર નિરોગી અને સ્વસ્થ છે, જયાં સુધી ઘડપણ દૂર છે ઈંદ્રિયોની શક્તિ કાયમ છે અને જયાં સુધી આયુષ્ય ક્ષીણ થયું નથી, ત્યાં સુધીમાં જ સુજ્ઞજને આત્મકલ્યાણનો ઉદ્યમ કરી લેવો, આગ લાગે ત્યાર પછી કુવો ખોદવો એ ઉદ્યમ શા કામનો?

એકદા મોટા ભાઈએ કહ્યું કે હું દ્રવ્ય ઉપાર્જન કરવા દેશાંતર જઈશ આ ધન અને ઘર બધું તારે સંભાળવાનું છે, માટે કાળજી રાખજે. એમ કહીને તે દેશાંતર ચાલ્યો. અનુક્રમે રોહણાચળ પર જઈને વેપાર કરવા લાગ્યો. ત્યાં તેણે પંદર

વર્ષમાં એક હજાર રત્ન ઉપાર્જન કર્યા, પછી તેણે ચિંતવ્યું કે હવે હું ઘેર જાઉં, વ્યાપારથી સર્યું. એમ નિર્ણય કરીને તે પોતાના ગામ તરફ ચાલ્યો. બધા રત્નો એક નવલિકા (વાંસળી)માં ભરી તેને કેડ પર બાંધીને તે તૈયાર થઇ એક સારા સાર્થ સાથે ચાલતાં પોતાના નગરની પાસેના ગામમાં આવ્યો. ત્યાં તે ભોજન કરવા રોકાણો, અને એક દુકાનપર નવલિકા મૂકીને ભોજનને માટે અન્નાદિ સામગ્રી લઈ તે સરોવરને કાંઠે ગયો તે વખતે તેના હાથમાં એક કાણી કોડી રહી હતી, તેને જમીન પર મૂકી અન્ન પકાવી જમીને દુકાનપરથી નવલિકા લઈ તે કેડ પર બાંધીને તે પોતાના નગર તરફ ચાલ્યો, પણ પેલી કાણી કોડી સરોવરની પાળે મૂકી હતી તે ત્યાં જ ભુલી ગયો રસ્તે જતાં હવે માત્ર થોડો દિવસ જ બાકી હતો, તેથી તે ઉતાવળે જવા લાગ્યો એવામાં તે કોડી યાદ આવી એટલે અરે! મારે હવે શું કરવું? કોડીતો ત્યાંજ રહી ગઈ, માટે હું પાછો લેવા જાઉં એમ નિશ્ચય કરીને ત્યાં પીપળાના ઝાડ નીચે એક ખાડો ખોદી તેમાં નવલિકા મૂકીને કોડી લઈને જેટલામાં પાછો વળ્યો, તેવામાં રાત પડી એટલે તેજ ગામમાં રાત રહ્યો.

હવે તે વખતે કોઈ કઠીયારો તે ઝાડ ઉપર બેઠો હતો. તેણે તે ખાડામાં નવલિકા રાખતાં તેને જોયો એટલે તેના ગયા પછી તે ખાડામાંથી બહાર કાઢી પોતાના ઘેર લઇ જઈને દીવાના પ્રકાશમાં તે બધું જોવા લાગ્યો. તે મૂર્ખશેખર કંઇ પણ જાણતો ન હતો, તેથી તેણે વિચાર્યું કે અરે! શું આ કાચના કટકા હશે? એનું મારે શું પ્રયોજન છે? સવારે

કોઈને પણ આપી દઈશ, એટલે તેમને આના બદલામાં કંઇક અન્નાદિક આપશે. એમ વિચારીને લાકડાનો ભારો માથે લઈને અને પેલા ધનદત્તના નામ વાળી તે નવલિકાને વસ્ત્રને છેડે બાંધીને તે નગર બાજુ ગયો.

અહીં નાનોભાઈ દેવદત્ત પોતાને ઘેર બેઠો છે, ત્યાં તેને તેની માતાએ કહ્યું કે હે વત્સ! તારો મોટો ભાઈ ધર્મદત્ત દેશાતર ગયો છે, તેને ઘણા દિવસો થઇ ગયા, તેના સમાચાર માત્ર પણ નથી, માટે કયાંક તપાસ કર અને કોઈને પૂછ આ પ્રમાણે તેની માતા તેને વારંવાર કહેતી હતી, તેથી આજે તો દેવદત્ત પાણીનો ઘડો હાથમાં લઈને નગરની બહાર નીકળ્યો, અને તેણે મનમાં વિચાર્યું કે કોઇ પણ જતો આવતો માણસ મળે તો મારે તેને મારા ભાઈની ખબર પૂછવી. એમ ધારીને તે આગળ ચાલ્યો. એવામાં આગળ ચાલતાં રસ્તા માથે ભારો લીધેલ અને થાકેલો પેલો કઠીયારો તેને સામે મળ્યો. એટલે તે કઠીઆરાએ કહ્યું કે, 'હે પુરૂષોત્તમ! હે શેઠ! હું થાકેલો અને તરસ્યો છું, માટે મને પાણી આપો' તે સાંભળીને દેવદત્ત બોલ્યો કે :-આ લે, પાણી પી એમ કહીને તેણે તેને પાણી પાયું. પછી પાણી પી કરી થોડીવાર આરામ કરી સંતુષ્ટ થઈને તે બોલ્યો કે–હે શેઠ! મારા વસ્ત્રમાં કંઈક બાંધેલું છે, તે તને બતાવું. એમ કહીને તેણે ધનદત્તના નામવાળી નવલિકા બતાવી, તે નવલિકાપર પોતાના ભાઈનું નામ જોઈને પૂછયું કે, હે ભદ્ર! આ નવલિકા તને કયાંથી મળી? એટલે તેણે સત્ય કહ્યું કે, હું તને ઓળખતો નથી, પણ કોઇક પુરૂષ રસ્તે જતાં નવલિકાને ખાડામાં દાટીને

કાંઈક વિચારતો તરત પાછો વળ્યો. મેં તે જોયું હતું, તેથી ઝાડ પરથી નીચે ઉતરી આ લઈને ઘેર જઈ દીપકના પ્રકાશમાં મેં જોઈ તો તેમાં કાચના કટકા જોયા. માટે મને કંઈક ધન આપીને આ તું લઇ લે એટલે તેને થોડા પૈસા આપીને તે નવલિકા લઇ ભાઇનું આગમન જાણીને આનંદ થયો. અને તે સન્મુખ ગયો.

એવામાં મોટો ભાઈ રાતે પેલા ગામમાં રહીને સૂર્યોદય વખતે ચાલ્યો, અને તે ખાડા પાસે આવ્યો. ત્યાં ધન જુએ છે, તો ત્યાં ધન ન હોવાથી તે વિલાપ કરવા લાગ્યો. રૂદન કરતો કરતો તે વારંવાર જમીન પર આળોટીને બકવાદ અને આક્રંદ કરવા લાગ્યો. તથા અહો! બધું ગુમાવ્યું હોય એમ તે વારંવાર બોલવા લાગ્યો. એવામાં નાનોભાઈ દેવદત્ત ત્યાં આવી પહોંચ્યો, પણ ધનદત્ત ગ્રહિલપણાથી (ચિત્તભ્રમથી) તેને ઓળખી શકયો નહિ એટલે નાનાભાઇએ તેને નવલિકા આપી. તેને જોતાં જ તે સાવધાન થઇ ગયો. અને તે નવલિકાને ચુંબન અને આલિંગન દેવા લાગ્યો. પછી બંને ભાઈ એકબીજાને ભેટી કરીને ઘરે ગયા. ત્યાં બધા સ્વજન મળ્યા અને આનંદિત થયા. પછી સ્નાન, ભોજન કરી મોટાભાઇએ પૂછ્યું કે, ‘હે ભાઇ! તેં શું ઉપાર્જન કર્યું? એટલે નાનોભાઇ બોલ્યો કે હે ભાઈ! સાધર્મિક વાત્સલ્યાદિકમાં મેં બહુ ધનનો ખર્ચ કર્યો, તે મેં ઉપાર્જન કર્યું અને એ જ મારી મુખ્ય નવલિકા જાણવી.’ મોટાભાઈએ કહ્યું કે:—જો મેં તો બહુ ધન ઉપાર્જન કર્યું. નાનોભાઈ બોલ્યો કે, ‘હે ભાઈ! તેં બહુ ધન ઉપાર્જન કર્યું, પણ તે બધું ગુમાવ્યું, અને ફરી મારા પુણ્યથી તને પ્રાપ્ત

થયું.' આ પ્રમાણે કહેવાથી ધનદત્ત સમજ્યો. પછી પુણ્યકાર્ય કરીને તે બંને ભાઈ સુખી થયા અને પરભવમાં દેવગતિને પામ્યા.

માટે હે ભવ્યજનો ! સાંભળો જેમ એક કોડીને માટે તે ધનદત્ત હજાર રત્ન હારી ગયો, તેમ ફુલની માળા. ચંદન, સ્ત્રી અને ધનાદિકના સુખો કોડીરૂપ છે, તેને માટે આ જીવ હજાર રત્ન સમાન મોક્ષ સુખ હારી જાય છે, માટે ભવ્યજનોએ ધર્મને માટે યત્ન કરવો અને પ્રમાદનો સર્વથા ત્યાગ કરવો. કારણ કે, 'પ્રમાદ પરમ દ્વેષી છે, પ્રમાદ પરમ શત્રુ છે, પ્રમાદ મુક્તિનો ચોર છે અને નરકના સ્થાનરૂપ છે.' માટે ધર્મ કરવો. તે ધર્મ મુનિધર્મ અને શ્રાવકધર્મ એમ બે પ્રકારનો છે તેમાં મુનિધર્મ દુષ્કર છે અને શ્રાવકધર્મ બારવ્રતરૂપ સુખે પળાય એવો છે. તેમાં મુખ્ય પાંચ અણુવ્રત છે તે આ પ્રમાણે છે. અહિંસા એટલે પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ. અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ અને પરિગ્રહનું પ્રમાણ અથવા વિરમમ. તેમાં પ્રથમ પ્રાણાતિપાત વિરમણ વ્રતનું ફળ શાસ્ત્રમાં આ પ્રમાણે કહેલ છે. 'કૃપાવડે આર્દ્ર ચિત્ત રાખવાથી દીર્ઘ આયુષ્ય મળે છે, સારૂં શરીર અને ઉચ્ચગોત્ર, ઘણું ધન અને બહુ બળ મળે છે. ઉંચા પ્રકારનું સ્વામિત્વ. અખંડ આરોગ્ય અને ત્રણે જગતમાં અતિશય પ્રશંસા પ્રાપ્ત થાય છે, તેમજ સંસારરૂપી સાગર સુખે તરી શકાય છે. વળી ધન. ગાય અને જમીન આપનારા પૃથ્વી પર સુલભ છે, પણ પ્રાણીઓને અભય આપનાર પુરૂષ લોકોમાં દુર્લભ છે. મનુષ્યે કૃમિ, કીટ અને પતંગ તથા ઘાસ અને ઝાડાદિમાં પણ સર્વત્ર દયા કરવી.

કારણ કે પોતાના આત્મા પ્રમાણે બીજાને પણ સમજવો.’ તે વ્રતમાં આ પ્રમાણે પાંચ અતિચાર તજવાના કહેલા છે. વધ, બંધન, છવિચ્છેદ, અતિભાર આરોપણ યા પ્રહાર અને અન્નાદિકનો નિરોધ–એ પાંચ અતિચાર પણ હિંસારૂપ કહ્યા છે. તેની વ્યાખ્યા આ પ્રમાણે છે. વધ એટલે ચોપગાદિકને નિર્દય થઈને મારવું તે. બંધ એટલે દોરડાદિકથી નિર્દય રીતે તેમને બાંધવું તે. છવિચ્છેદ એટલે કાન, નાક, ગળુ, કંબળ અને પુંછડાદિકને છેદવું તે. પ્રહાર એટલે નિર્દય રીતે દંડાદિકનો પ્રહાર કરવો તે અથવા અતિભારારોપણ તે તેની શક્તિનો વિચાર ન કરતાં તેના પર બહુ ભારનું આરોપણ કરવું તે. અને આહાર પાણી નિષેધ એટલે યોગ્ય અવસરે તેને આહાર પાણીનો નિષેધ કરવો તે. એ પાંચ અતિચારો ત્યાજ્ય છે. જે પ્રાણી પોતે જીવ રક્ષા કરે છે. અને બીજા પાસે પણ કરાવે છે, તે ભીમકુમારની જેમ અદ્‌ભુત સમૃદ્ધિને પામે છે. તેની કથા આ પ્રમાણે છે.

આજ ભરતક્ષેત્રમાં **કમલપુર** નામે નગર છે ત્યાં પ્રજાપાલક અને ન્યાયનિષ્ઠ એવો **હરિવાહન** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને શીલ–અલંકારથી વિભૂષિત **મદનસુંદરી** નામની પટરાણી હતી. તે એકદા સુખે સુતી હતી એવામાં પોતાના ખોળામાં રહેલ સિંહને સ્વપ્નમાં જોઈને તેણે તે હકીકત રાજાને નિવેદન કરી, એટલે રાજા પણ તે સાંભળીને આનંદ પામ્યો. પછી સવારના કાર્ય કરી સભામાં આવીને રાજાએ સ્વપ્નશાસ્ત્રમાં વિશારદ એક બ્રાહ્મણને બોલાવી આસન આપી

બેસાડીને પૂછયું કે, 'હે નિમિત્તજ્ઞ! સ્વપ્નોનાં ફળ કહો. એટલે બ્રાહ્મણ બોલ્યો કે હે નરેંદ્ર! સાંભળો શાસ્ત્રમાં આ પ્રમાણે કહ્યું છે કે જો સ્વપ્નમાં ગાય પર, બળદ પર, ઝાડ પર, પર્વત પર, મહેલ પર કે હાથી પર આરોહણ કરવાનું જોવામાં આવે અથવા પોતાનું રૂદન કે અગમ્ય (અજાણ્યા) સ્થાનમાં જવાનું જોવામાં આવે તો તે મરણને જણાવનારૂં છે. વસ્ત્ર, અન્ન, ફળ, પાન, ફુલ, દીવો, દહીં, ધ્વજા, રત્ન, ચામર અને છત્ર એ જો મંત્રથી મેળવેલા સ્વપ્નમાં જોવામાં આવે તો ધન આપનાર થાય છે. દેવનું દર્શન થાય તો તે ધન્ય છે અને પૂજન તો વિશેષ ધન્ય છે. રાજ્યલાભ, પયપાન અને સૂર્ય તથા ચંદ્રના દર્શનથી લક્ષ્મીનો લાભ થાય છે. પોતાને તેલ અને કુંકુમ લેપાએલો, ગીત નાચમાં તત્પર અથવા હસતો જુએ તો તે દુઃખ આપનાર થાય છે, (અર્થાત્ દુઃખી થાય છે.) આ પંડિતોક્તિ અન્યથા ન સમજવી. વિશેષમાં પ્રશસ્ત સફેદ બધું શુભ છે. અને નિંદ્ય કાળુ બધું અશુભ છે હે દેવ! ઈત્યાદિ સ્વપ્નશાસ્ત્રમાં બહુ વાતો કહેલી છે.' આ પ્રમાણે સાંભળીને રાજાએ ફરી પૂછયું કે, 'આજ રાત્રે સ્વપ્નમાં પોતાના ખોળામાં રાણીએ સિંહ જોયો છે, તો હે પંડિત! તેનું શું ફળ પ્રાપ્ત થશે? એટલે તે બોલ્યો કે:-હે રાજન્! તમને પુત્રનો લાભ થશે.' પછી રાજાએ અત્યંત સંતુષ્ટ થઈને તે બ્રાહ્મણને સન્માનપૂર્વક બહુ ધન આપીને વિસર્જન કર્યો. અનુક્રમે રાણીએ સારા સમયે અતિ તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. એટલે કુળ ક્રમાનુસારે ઉત્સવપૂર્વક રાજાએ તે પુત્રનું **ભીમ** એવું નામ રાખ્યું. તે ભીમકુમાર પાંચ ધાવમાતાઓથી લાલનપાલન કરાતો

અનુક્રમે માતાપિતાના મનોરથની સાથે વૃદ્ધિ પામવા લાગ્યો. તેને બુદ્ધિસાગર મંત્રીના પુત્ર મતિસાગરની સાથે મિત્રાચારી થઈ. તે તેને પરમ ઈષ્ટ અને પરમ પ્રિય થઇ પડયો. એક ક્ષણવાર પણ તે તેના વિયોગને સહન કરી શકતો નહિ. અનુક્રમે ભીમકુમાર શાસ્ત્ર અને શસ્ત્રાદિ કળામાં પ્રવિણ થયો.

એકદા રાજા રાજસભામાં પુત્રની સાથે ઉચિતાસન પર બેઠો હતો, એવામાં વનપાલકે આવીને વિજ્ઞપ્તિ કરી કે, 'હે સ્વામિન્ ! દિવ્ય વાણીવાળા દેવચદ્ર નામના મુનિંદ્ર ચંપક ઉદ્યાનમાં પધાર્યા છે' તે સાંભળી હર્ષથી રોમાંચિત થઈને રાજાએ એક મુગટ સિવાય બધા અલંકારો પોતાના અંગ પરથી ઉતારીને તેને ઇનામમાં આપી દીધા. પછી કુમાર, મંત્રી અને સામંતાદિ સહિત રાજા મુનિંદ્રને વંદન કરવા ગયો. ત્યાં ઉત્તરાસંગ કરી અંજલિપૂર્વક ગુરૂમહારાજને વંદન કરીને રાજા યથાસ્થાને બેઠો. ગુરૂમહારાજે પાપનો નાશ કરનારી ધર્મલાભરૂપ આશીષ આપી. પછી તેમણે આ પ્રમાણે, ધર્મદેશના આપી :-

"હે ભવ્યજનો ! જેમ કોઈ કાચબો અગાધ સરોવરમાં રહેતો હતો, ત્યાં વાયુથી શેવાલ દૂર થઇ જતાં તે છિદ્રમાંથી તેણે ચંદ્રમાને જોયો; પરંતુ ફરી વાયુવડે જ તે છિદ્ર શેવાલથી પૂરાઈ જતાં તે કાચબાને ચદ્રના દર્શન દુર્લભ થઇ પડયાં, તેમ પ્રાણીને મનુષ્યભવની પ્રાપ્તિ દુર્લભ સમજવી. જેને અનુત્તરાવમાનવાસી દેવતાઓ પણ પ્રયત્નથી પામી શકે છે, એવા આ માનવભવને પામીને ઉત્તમ જનોએ શિવમાર્ગમાં અવશ્ય યત્ન કરવો."

ઈત્યાદિ બહુધા ગુરૂકથિત ધર્મદેશના સમ્યક્ પ્રકારે સાંભળીને ભાલતલપર અંજલિ રચીને રાજા ગુરૂને ભક્તિપૂર્વક નમસ્કાર કરી વિજ્ઞપ્તિ કરવા લાગ્યો કે :– ‘હે પ્રભો! હું યતિધર્મ ગ્રહણ કરવા અશક્ત છું; માટે કૃપા કરીને મને ગૃહસ્થધર્મ આપો, એટલે ગુરૂમહારાજે રાજાને સમ્યક્ત્વ મૂળ બાર વ્રતરૂપ ગૃહસ્થધર્મ આપ્યો. રાજાએ તે ધર્મનો સમ્યક્રીતે સ્વીકાર કર્યો. ભીમકુમાર પણ તે દેશના સાંભળીને શ્રદ્ધાયુક્ત થયો, એટલે ભીમકુમારને યોગ્ય જાણીને ફરી મુનિંદ્ર બોલ્યા કે:– “હે ભીમ! સાંભળ —

“धर्मस्य दया जननी, जनकः
किल कुशलकर्मविनियोगः !
श्रद्धातिवल्लभेयं, सुखानि
निखिलान्यपत्यानि ” ॥

‘દયા એ ધર્મની માતા છે, કુશળ કર્મનો વિનિયોગ એ તેનો પિતા છે, શ્રદ્ધા એ તેની પત્નિ છે, અને સમસ્ત સુખો એ તેના સંતાન છે.’ માટે હે ભીમ! તારે સર્વદા દયા પાળવી. નિરપરાધી જીવોની હિંસા ન કરવી, અને મૃગયા–શિકાર વિગેરેનો તો સર્વથા તારે અભ્યાસ જ ન કરવો.” પછી ભીમે નિરપરાધી જીવોના વધનું પચ્ચક્ખાણ કર્યું અને સમ્યક્ત્વ પણ પામ્યો, એટલે ફરી મુનિ બોલ્યા કે –‘હે કુમાર! તું ધન્ય છે. તું બાળ છતાં તારી મતિ વૃદ્ધ જેવી છે.’ વળી ભીમને વ્રતમાં

સ્થિર કરવા માટે ફરી મુનિએ કહ્યું કે :– "હે ભદ્ર! નિરપરાધી જીવોની હિંસા ન કરવાના સંબંધમાં એક ઉદાહરણ સાંભળ :—

કોઈક છ પુરૂષો એક ગામનો નાશ કરવાને ચાલ્યા, તેમાં એક બોલ્યો કે :– 'બેપગ અને ચોપગા વિગેરે બધાનો નાશ કરવો,' બીજો બોલ્યો કે :– 'પશુવધથી આપણને શું પ્રયોજન છે? માત્ર મનુષ્યોનો વધ કરવો.' ત્રીજો બોલ્યો કે :–'પુરૂષોનો વધ કરવો, પણ સ્ત્રીઓનો વધ ન કરવો.' ચોથો બોલ્યો કે:– 'જેમના હાથમાં શસ્ત્ર હોય એવા પુરૂષોને મારવા, બીજાને ન મારવા.' પાંચમો બોલ્યો કે :– 'જેઓ આપણો ઘાત કરવા સામા આવે તેમને મારવા, બીજા શસ્ત્રધારીને ન મારવા.' છઠ્ઠો બોલ્યો કે :– કોઈને પણ મારવાની જરૂર નથી, માત્ર તેની સાર સાર વસ્તુ જ લઈ લેવી.' એમના મનની ભિન્નતાને લીધે કૃષ્ણ, નીલ, કાપોત, તૈજસ, પદ્મ અને શુકલ એ છ લેશ્યાઓ થઈ. એમ જાણીને શુકલ લેશ્યા ધારણ કરવી. કહ્યું છે કે:– લઘુકર્મી ઉત્તમજનો થોડા ઉપદેશથી પણ ભીમકુમારની જેમ પાપારંભની પ્રવૃત્તિથી નિવૃત્ત થાય છે."

પછી ભીમકુમારે મુનિશ્વરને પૂછયું કે :– 'હે પ્રભો! આપને આવી તરૂણાવસ્થામાં વૈરાગ્ય પામવાનું કારણ શું થયું? એમ પૂછતાં મુનિશ્વર બોલ્યા કે :–"હે ભીમ! સાંભળઃ–

"કુંકણદેશમાં સિદ્ધપુર નામનું નગર છે. ત્યાં ભુવનસાર નામે રાજા રાજ્ય કરતો હતો. તે એકદા સભામાં બેઠો હતો, એવામાં દક્ષિણદેશના નૃત્ય કરનારા આવ્યા. તેમણે સમ–તાલયુક્ત મૃદંગાદિક તથા તાલ, છંદ અને રાગને અનુસરતું 'તાતા

દ્રેંગ દ્રેં અતિ ધપં મપ ધોં ધોંતા થંગનિ થંગનિ ધિધિકટિ ધિધિકટિ પૂર્વક' સુંદર આલાપ કરીને પ્રેક્ષણીય (નાટક) શરૂ કર્યું, એટલે સભામાં બેઠેલ રાજા તે જોવાને લયલીન થઇ ગયો. એવામાં દ્વારપાળે આવીને વિજ્ઞપ્તિ કરી કે :–' પ્રભો! અષ્ટાંગ નિમિત્તને જાણનાર કોઈ નૈમિત્તિક આવ્યો છે, તે આપનું દર્શન કરવા ઈચ્છે છે.' રાજાએ કહ્યું કે ;–' આ અવસર કયો છે? દેવતાઓને પણ દુર્લભ એવું આ નાટક થાય છે તે જોતો નથી ? એટલે મંત્રી બોલ્યો કે :–' હે સ્વામિન્ એમ ન કહો, નાટક સુલભ છે, પણ અષ્ટાંગ નિમિત્તજ્ઞ પુરૂષ દુર્લભ છે.' પછી રાજાની આજ્ઞાથી દ્વારપાળે તે નૈમિત્તિકને સભામાં પ્રવેશ કરાવ્યો, એટલે જેના હાથમાં પોથી છે અને જેની આકૃતિ સુંદર છે એવો શ્વેત વસ્ત્રધારી તે રાજાની પાસે આવ્યો, અને મંત્રોચ્ચારપૂર્વક રાજાને આશીર્વાદ દઈને યથોચિત સ્થાને બેઠો. એટલે રાજાએ તેને પૂછ્યું કે :–' હે નિમિત્તજ્ઞ! તમને કુશળ છે?' એટલે દીન વાણીથી નિમિત્તજ્ઞ બોલ્યો કેઃ– 'હે સ્વામિન્! કુશળ તો એવું છે કે જે કહી પણ ન શકાય.' આથી રાજા સાશંક થઇને બોલ્યો કેઃ–' શું વાદળ તુટી પડશે?' તે બોલ્યો કે :– ' હે રાજન્! તમે જે બોલ્યા, તે સત્ય છે.' એટલે ફરી સાશંક થઈને રાજાએ આદરપૂર્વક કહ્યું કે :– 'હે ભદ્ર! જ્ઞાનથી જે તમારા જાણવામાં આવતું હોય, તે નિઃશંકપણે કહો.' નૈમિત્તિક બોલ્યો કે :– ' હે સ્વામિન્! બહુ કહેવાથી શું? ટુંકામાં જ કહું છું કે બે ઘડી પછી પૃથ્વી પર મેઘ એવી રીતે મુશળધારાથી વરસશે કે જેથી પ્રસાદ, મંદિરાદિ બધું જળમય અને એક સમુદ્રાકાર થઈ જશે.' આ પ્રમાણે સાંભળીને સર્વે

સભાસદો સંભ્રમિત થઈ ગયા. એવામાં તો એકદમ ઉત્તર દિશાનો પવન પ્રગટ થયો અને ઈશાન ખુણામાં એક કચોળા-માત્ર જેટલો વાદળનો સમૂહ પ્રગટ થયો; એટલે નિમિત્તજ્ઞ બોલ્યો કે :–'હે લોકો! જુઓ, જુઓ, આ વાદળું બધા આકાશને ઢાંકી મૂકશે.' એમ તે બોલે છે તેવામાં તો તે વાદળું આકાશમાં સર્વત્ર વ્યાપ્ત થઈ ગયું. એટલે સભાસદો બધા સ્વસ્થાને ગયા, અને નાટક વિસર્જન કરવામાં આવ્યું. એ વખતે આકાશમાં એકદમ એવો ગર્જારવ થયો કે જેથી પૃથ્વી જાણે ભય પામી હોય તેમ પ્રતિશબ્દથી બુંબારવ કરવા લાગી, તથા ઉદ્દંડ વીજળીના ઝબકારા જાણે મહીમંડલને ગ્રસ્ત કરવાને ઇચ્છતા હોય તેમ પ્રસરવા લાગ્યા અને રાજા વિગેરેના જોતાં વરસાદ મુશળધારાએ વરસવા લાગ્યો. ક્ષણવારમાં બધું જળથી વ્યાપ્ત થઈ ગયું. નગરમાં હાહારવ થઈ રહ્યો. લોકો આક્રંદ કરવા લાગ્યા. નગરમાં મોટો ક્ષોભ થયો. પાણી કયાંય પણ માતું ન હતું. તે વખતે રાજા, પ્રધાન અને નિમિત્તજ્ઞ એ ત્રણે એક સાત ભૂમિવાળા મહેલ પર ચડયા. નગરજનોનું આક્રંદન સાંભળીને રાજા દુઃખિત થવા લાગ્યો. પાણી વધતું વધતું અનુક્રમે સાતમી ભૂમિકાએ પહોંચ્યું. તે જોઈને રાજા વિચાર કરવા લાગ્યો કે :–"અહો! ધર્મ ન કરવાથી મને આ સંકટ પ્રાપ્ત થયું, મેં કંઈ પણ સુકૃત ન કર્યું, મારૂં આયુષ્ય ક્ષીણ થઈ ગયું. અહો! વિષયમાં આસક્ત મન હોવાથી મેં જિનેંદ્રભાષિત ધર્મ ન આરાધ્યો. અહો! મેં આ જન્મ ફોગટ ગુમાવ્યો. કહ્યું છે કે :– 'મનુષ્યોના સો વર્ષના પરિમિત આયુષ્યમાંથી અર્ધ આયુ રાત્રિનું જાય છે, તે અર્ધનું અર્ધ

બાલત્વ અને વૃદ્ધત્વમાં જાય છે, અને બાકીનું વ્યાધિ, વિયોગ અને દુઃખમાં સમાપ્ત થાય છે. અહો! જળતરંગના જેવા ચપળ જીવિતમાં પ્રાણીઓને સુખ કયાં છે ?' થોરના વૃક્ષને માટે હું કલ્પવૃક્ષ હાર્યો, કાચના કટકાને માટે ચિંતામણિ હાર્યો, આ અસાર સંસારના મોહમાં લીન થઈને હું મૂઢ ધર્મને હારી ગયો. હવે હું શું કરૂં ? અને કયાં જાઉં ?" એમ વિચારીને રાજા બોલ્યો કે :-'મને અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળી-ભાષિત ધર્મનું શરણુ થાઓ.' આ પ્રમાણે રાજા વિકલ્પ કરે છે એવામાં પાણી નજીક આવ્યું એટલે રાજા અંતરમાં નમસ્કાર ચિંતવવા લાગ્યો. એ વખતે એક વહાણુ તેની સન્મુખ આવ્યું. તે જોઈને પ્રધાન બોલ્યો કે :- 'હે રાજન્! કોઈ દેવતાએ તમને આ વહાણુ મોકલ્યું જણાય છે, માટે એની ઉપર આરૂઢ થાઓ.' એમ સાંભળીને રાજા જેટલામાં તે વહાણમાં ચડવાને પગ ઉપાડે છે, તેવામાં ન મળે મેઘ કે ન મળે ગર્જારવ. પ્રથમ પ્રમાણે જ પોતાને સભામાં સ્વસ્થ બેઠેલો જોયો, અને ગીત નૃત્યાદિ મહોત્સવથી આનંદિત થયેલા સર્વ લોકો પણ જોવામાં આવ્યા. એટલે રાજાએ નિમિત્તજ્ઞને પૂછયું કે :-'દૈવજ્ઞ! આ તે શું આશ્ચર્ય ?' નૈમિત્તિક બોલ્યો કે :-'હે રાજેન્દ્ર ! મેં વિદ્યાના બળથી તમને ઈંદ્રજાળ બતાવી.' એટલે રાજાએ પ્રસન્ન થઈને તેને બહુ ધન આપી વિસર્જન કર્યો પછી તે ઇંદ્રજાળ જોઈને રાજ્યથી વિરક્ત થયેલ રાજા મનમાં આ પ્રમાણે ચિંતવવા લાગ્યો કે :-"અહો ! જેવું આ ઈંદ્રજાળનું સ્વરૂપ ક્ષણિક જોવામાં આવ્યું, તેવું જ યૌવન, સ્નેહ, આયુ અને વૈભવાદિક બધું સંસારનું સ્વરૂપ ક્ષણિક છે, વળી આ દેહ

અપવિત્ર છે કારણ કે :–'રસ, રક્ત, માંસ, ચરબી, હાડકા, મેદ, વીર્ય, આંતરડા અને ચામડી–ઈત્યાદિ અશુચિ પદાર્થોનાં સ્થાનરૂપ આ શરીરમાં પવિત્રતા કયાંથી હોય ?' વળી 'જ્યાંથી જન્મવું તેમાં જ રક્ત થવું અને જેનું પાન કરવું તેનું જ મર્દન કરવું–અહો આમ હોવા છતાં મૂઢ જનોને વૈરાગ્ય કેમ થતો નથી ?' 'હું કોણ અને કયાંથી આવ્યો ? મારી માતા કોણ અને મારા પિતા કોણ ?' આ પ્રમાણે વિચાર કરતાં આ લોકનો બધો વ્યવહાર સ્વપ્ન જેવો લાગે છે. વળી કાંણાવાળા ઘડામાં રહેલ જળની જેમ આયુ નિરંતર ગળતું જાય છે અને વાયુથી ચલિત થયેલ દીવાની જ્યોતની જેમ લક્ષ્મી ચલાચલ છે એ રીતે જગત સર્વ અનિત્ય હોવાથી હવે મારો આત્મા તેમાં રક્ત થતો નથી. હું હવે પૂર્વપુરૂષોએ આચરેલા યતિધર્મનો જ સ્વીકાર કરવા ઇચ્છું છું." આ પ્રમાણે મનમાં નિશ્ચય કરી પોતાના હરિવિક્રમ નામના કુમારને રાજ્ય પર બેસાડીને રાજા પોતે તિલકાચાર્ય ગુરૂ પાસે દીક્ષા લઈ સાધુ થયા. હે ભદ્ર ! તે ભુવનસાર રાજા હું પોતે જ છું અને એ મારા વૈરાગ્યનું કારણ છે." આ પ્રમાણે કહીને ફરી મુનિ બોલ્યા કે : 'હે ભીમ ! અંગીકાર કરેલ વ્રતમાં તારે નિશ્ચળ રહેવું' એટલે ભીમ બોલ્યો કે :–'હે પ્રભો ! આપનો આદેશ મને પ્રમાણ છે.' પછી મુનિને નમસ્કાર કરીને પર્ષદા બધી સ્વસ્થાને ગઇ અને ભીમ પણ દેવપૂજા, દયા, દાનાદિક અગણ્ય પુણ્ય કરતો યુવરાજ પદવી ભોગવવા લાગ્યો.

એકદા ભીમકુમાર પોતાના મહેલમાં મિત્રો સાથે ક્રીડા કરતો હતો એવામાં ત્યાં એક કાપાલિક આવ્યો. અને આશીર્વાદ

દેવાપૂર્વક ભીમની પાસે બેસી તેને એકાંતે લઇ જઇને આ પ્રમાણે કહ્યું :–'હે ભીમ! હે પરાક્રમથી પરોપકારક! સાંભળ–મારી પાસે **ભુવનક્ષોભિણી** નામે એક શ્રેષ્ઠ વિદ્યા છે. તેની બાર વર્ષ થયા મેં પૂર્વસાધના કરી છે, હવે તેની ઉત્તરસાધના પ્રેતવનમાં (સ્મશાનમાં) જઈ આવતી વદ ચતુર્દશીના દિવસે કરવાની છે. માટે હે મહાસત્ત્વ! જો તું ઉત્તરસાધક થા, તો મારી વિદ્યા સિદ્ધ થાય' આ પ્રમાણે સાંભળીને રાજકુમાર મનમાં વિચારવા લાગ્યો કે :–'આ વિનશ્વર અને અસાર દેહથી જો કોઇનો પણ ઉપકાર થતો હોય તો શા માટે ન કરવો?' એમ વિચારીને કુમારે તેનું વચન કબુલ રાખ્યું, એટલે ફરી તે પાખંડી બોલ્યો કે :–'હે કુમાર! દશ દિવસ પછી વદ ચતુર્દશી આવશે; તો તેટલા દિવસ મારે તારી પાસે રહેવું છે' કુમારે તેની પણ પરવાનગી આપી, એટલે તે ત્યાં રહ્યો, અને કુમારની સાથે ભોજન અને ગોષ્ઠી (વાતચીત) કરવા લાગ્યો. આથી મંત્રી પુત્રે તેને એકાંતમાં કહ્યું કે :–'હે સ્વામિન્! આ પાખંડીની સાથે તમારે વાતચીત કરવી યુક્ત નથી, દુર્જનનો સંગ વિષની જેમ મનુષ્યને મારે છે.' કુમાર બોલ્યો કે :–'હે મિત્ર! તારૂં કહેવું સત્ય છે, પરંતુ દાક્ષિણ્યથી મેં તેનું વચન અંગીકાર કર્યું છે. તેથી તેનો નિર્વાહ કરવો એજ શ્રેયસ્કર છે.' આ પ્રમાણેનો ઉત્તર સાંભળી મંત્રી પુત્રે તેને ફરી ફરી વાર્યો, છતાં કુમારે પોતાનો કદાગ્રહ મૂકયો નહિ,

એવામાં અનુક્રમે વદ ચૌદશ આવી, એટલે રાત્રિના એક પહોર પછી વીરવેષને ધારણ કરી નિર્ભય થઇને કુમાર તે કાપાલિકની સાથે સ્મશાન તરફ ચાલ્યો. ત્યાં મંડળ આળેખી

કોઈ દેવતાનું સ્મરણ કરીને કાપાલિક કુમારનો શિખાબંધ કરવા લાગ્યો, એટલે ભીમકુમાર બોલ્યો કે:–'મારે શિખાબંધ કેવો? મારે તો સત્ત્વ એજ શિખાબંધ છે' એમ કહી ભીમ ખડ્ગને સજ્જ કરી અને સાહસમાં રસિક થઈ સિંહની જેમ તેની પાસે ઉભો રહ્યો. એટલે પાખંડીએ ચિંતવ્યું કે:– આનો શિખાબંધનો છળ તો વ્યર્થ થયો; હવે તો પરાક્રમથી જ એનું શિર લેવું,' એમ વિચારી હાથમાં નાની તલવાર લઈને આકાશ જેવું મોટું પોતાનું રૂપ કરી ક્રોધથી વ્યાપ્ત થઈ ભયંકર ગર્જારવ કરતો તે ભીમને કહેવા લાગ્યો કે:–'હે બાળ! પરાક્રમથી જ તારૂં મસ્તક મારે લેવું છે, પણ જો સ્વયં તું તારૂં મસ્તક આપીશ તો આવતા ભવમાં સુખી થઈશ,' આ પ્રમાણે સાંભળીને ભીમ બોલ્યો કે:–'રે ચંડાળ! પાખંડિક! માયિક! હવે તો હું તને મારવાનો જ છુ.' એટલે પાખંડીએ ભીમ ઉપર શસ્ત્રનો પ્રહાર કર્યો, ભીમે તે શસ્ત્રનો ઘા ચૂકાવીને હાથમાં કૃપાણને કંપાવતો તરત કુદકો મારીને તેના સ્કંધ પર ચડી બેઠો તે વખતે કરવાલરૂપ સ્ફુરાયમાન જીભવાળા સિંહની જેમ તેના સ્કંધપર આરૂઢ થયેલો ભીમકુમાર અધિક શોભવા લાગ્યો. પછી ભીમ વિચારવા લાગ્યો કે:–'હું આને મારી નાખું?' ફરી વિચાર કર્યો કે:–'કપટથી શા માટે મારૂં? જો જીવતો રહીને મારી સેવા સ્વીકારતો હોય તો વધારે સારૂં.' એમ કુમાર વિચારે છે એવામાં તો કાપાલિકે તેને બે પગવડે પકડીને આકાશમાં ઉછાળ્યો. આકાશમાંથી પડતાં તેને કોઈ યક્ષિણી હાથમાં અદ્ધર ઝીલી લઈ પોતાના મંદિરમાં ઉપાડી ગઈ. ત્યાં ઉંચા, મનોહર અને

વિસ્તીર્ણ એવા દિવ્ય રત્નમય સિંહાસન પર બેસાડીને દેવી કુમારને કહેવા લાગી કે:-'હે સુભગ! આ વિંધ્યાચલ પર્વત છે, તેની ઉપર આ મારૂં વિકુર્વેલું ભવન છે અને હું કમલા નામે યક્ષિણી અહીં ક્રિડાને માટે રહું છું. આજે હું મારા પરિવાર સહિત અષ્ટાપદ પર્વતપર ગઇ હતી, ત્યાંથી પાછી વળતાં મેં કાપાલિકે આકાશમાં ઉછાળેલા એવા તને જોયા, તેથી નીચે પડતા તને હાથમાં યત્નથી ઝીલી લઈને મેં બચાવ્યો. અત્યારે હું દુર્વાર કામદેવના બાણથી વ્યાકુળ થઈ ગઇ છું, માટે તેનાથી મારૂં રક્ષણ કર. હું તારે શરણે આવી છું. વળી આ મારો બધો પરિવાર તારા સેવકતુલ્ય છે. માટે હે સુભગ! તું મારી સાથે યથેચ્છ દિવ્ય ભોગ ભોગવ.' આ પ્રમાણે દેવીનું વચન સાંભળીને કુમાર બોલ્યો કે:-'હે દેવી! સાંભળ -હું મનુષ્ય છું અને તું દેવાંગના છે, તો આપણો સંયોગ કેમ બને? વળી વિષયો અંતે ભયંકર દુઃખ આપે છે, વિષયરૂપ વિષયથી પરાભવ પામેલા જીવો નરક અને તિર્યંચગતિમાં પરિભ્રમણ કરે છે. સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે:- 'વિષયરૂપ વિષ તે હળાહળ છે, એ ઉત્કટ વિષયવિષને પીવાથી પ્રાણીઓ વારંવાર મરણ પામે છે. એ વિષયવિષથી અન્ન પણ વિશૂચિકારૂપ થઇ જાય છે, કામ એ શલ્ય છે, તે એક પ્રકારનું વિષ છે, તે આશીવિષ સમાન છે, માટે તેનો ત્યાગ કરવો, એનો ત્યાગ કરવાથી તિર્યંચો પણ સ્વર્ગે જાય છે, માટે હે માતા! તમારે એવું ન બોલવું. તમે તો મારી માતારૂપ જ છો' એમ કહી કુમાર તે દેવીના ચરણમાં પડયો, એટલે દેવી સંતુષ્ટ થઈને બોલી કે:-'હે વત્સ! તું સાહસિકોમાં

અગ્રેસર છે, માટે વરદાન માગ' એટલે ભીમ બોલ્યો કે :–'હે માત! તમારા પ્રસાદથી મારે બધું છે.' દેવીએ કહ્યું કે :–'હે વત્સ! તું અજેય થા.' કુમાર બોલ્યો કે :–'મારે જિનેશ્વરનું જ શરણ છે તેથી હું અજેય જ છું.' એટલે દેવી બોલી કે :–'મારે પણ જિનેશ્વરનું જ શરણ છે' આ પ્રમાણે તે બંને પરસ્પર વાર્તાલાપ કરતા હતા, એવામાં કયાંકથી મધુર ધ્વનિ સાંભળવામાં આવ્યો; એટલે તેણે દેવીને પૂછયું કે :–'હે દેવી! આ કોનો અવાજ સંભળાય છે?' તે બોલી કે :–'આ વિંધ્યાચળ પર મુનિઓ ચાર માસના ઉપવાસી થઈને ચાતુર્માસ રહ્યા છે, તે ધન્ય મુનિઓ અત્યારે સ્વાધ્યાય ધ્યાનમાં તત્પર છે (સ્વાધ્યાય કરે છે) તેમનો એ અવાજ છે.' ભીમ બોલ્યો કે :–'તો હું ત્યાં જઈ તેમને વંદના કરીને મારા જન્મને સફળ કરૂં.' દેવીએ તે વાત સ્વીકારી, એટલે ભીમ ત્યાંથી નીકળ્યો અને દેવીએ બતાવેલા માર્ગે જ્યાં વિવિધ આસનોનો અભ્યાસ કરતા તે તપોધન મુનિઓ બેઠા હતા ત્યાં જઈને તે સાધુઓને વંદન કર્યું. એવામાં તે યક્ષિણી પણ પરિવાર સહિત મુનિઓને વંદન કરવા આવી, પછી ત્યાં દેવી અને કુમાર બંને ધર્મધ્યાનમાં લીન એવા સાધુઓને વંદન કરીને સ્વાધ્યાય સાંભળી અનુમોદના કરવા લાગ્યા.

એવામાં ભીમે આકાશમાંથી ઉતરતી એક મહાભુજા જોઈ. તે કાળના દંડની જેમ અકસ્માત્ કુમારની પાસે પડી. એટલે ભીમ ચિંતવવા લાગ્યો કે :–'આ શું કરશે?' એમ તે વિચારે છે, તેવામાં તેની તલવાર લઈને તે ભુજા ચાલતી થઈ 'આ લાંબી અને કાળી ભુજા કોની હશે?' અને તે ક્યાં જશે?'

એમ વિચારતો ભીમકુમાર તરત કુદકો મારી તેની ઉપર ચડી બેઠો. આગળ ચાલતાં તે ભુજા પર બેઠેલ કુમાર અનેક નદી, પર્વત અને વન જોતો અનુક્રમે જ્યાં નાના પ્રકારનાં હાડકાંની ભીંતો ઉપર મનુષ્યોના મસ્તકરૂપ કાંગરા કરેલા છે. જ્યાં કંકાલનાં દ્વાર બનાવેલાં છે, જ્યાં હાથીઓનાં દાંતના મોટા તોરણ લટકાવેલાં છે, જ્યાં કેશપાશરૂપ ધ્વજા લટકી રહી છે, જ્યાં કૃષ્ણ ચામર લંબાયમાન છે, જ્યાં વાઘના ચર્મનો ચંદરવો કરવામાં આવેલો છે અને જ્યાં રૂધિરથી જમીન લાલ થઈ ગયેલી છે એવા કાલિકાભવનની પાસે તે આવી પહોંચ્યો. તે ભવનમાં મુંડમાળા અને અસ્રધારિણી, ક્રૂરાક્ષી અને પાડા પર બેઠેલી એવી કાલિકાની મૂર્તિ ભીમકુમારના જોવામાં આવી તેની સમક્ષ તેજ શઠ, પાપિષ્ઠ, દુષ્ટ, નિર્લજ અને પાખંડી કાપાલિકને પોતાના ડાબા હાથમાં એક સુંદર નરને ધારણ કરીને ઉભો રહેલો દીઠો. જે ભુજા પર આરૂઢ થઈને ભીમકુમાર આવ્યો, તે પેલા કાપાલિકની જમણી ભુજા હતી. 'હાથમાં પકડેલ માણસનું એ શું કરશે તે ગુપ્ત રહીને જોઉં, પછી જેમ યોગ્ય લાગે તેમ કરીશ.' એમ નિશ્ચય કરીને ભુજા પરથી નીચે ઉતરી કુમાર તે જ ભવનની પછવાડે છાની રીતે છુપાઈ રહ્યો. પછી કાપાલિક તે ભુજા પાસેથી તલવાર લઈને ડાબા હાથમાં પકડેલ પેલા નરને કહેવા લાગ્યો કે :-'હે દીન ! હવે ઇષ્ટ દેવતાને સંભારી લે, આ તલવારથી તારૂં માથું છેદીને હું દેવીની પૂજા કરીશ.' તે સાંભળીને તે નર બોલ્યો કે :-'ત્રિજગજ્જનના વત્સલ એવા વીતરાગનું મને શરણ થાઓ તથા કુળક્રમથી આવેલા પરોપકારી પુણ્યવાન, મારા પ્રાણ કરતાં અધિક, દયાવાન અને જિનધર્મ

રસિક-હરિવાહન રાજાના પુત્ર અને મારા મિત્ર ભીમકુમારનું મને શરણ થાઓ, કે જેને મેં વાર્યો છતાં કાપાલિકની સાથે ક્યાંક ચાલ્યો ગયો. હવે તારે જે કરવું હોય તે કર.' એટલે પાખંડી બોલ્યો કે :-"રે મૂર્ખ ! તેને લક્ષણવંત જાણીને તેના શિરચ્છેદથી મેં દેવીની પૂજા કરવાનો પ્રારંભ કર્યો હતો, એવામાં તે મારા હાથમાંથી છટકીને ક્યાંક ચાલ્યો ગયો. તું પણ તેવા જ લક્ષણવાળો છે, માટે તેને સ્થાને હું તને અહીં લાવ્યો છું. હવે નિઃસત્વ એવા તેનું સ્મરણ કરવાથી શું ? વળી દેવીએ મને કહ્યું કે :-'તારો સ્વામી વિંધ્યાચળની ગુફા પાસે એક શ્વેતાંબર સાધુ પાસે બેઠો છે.' સારા લક્ષણવાળું હોવાથી તેની આ તલવાર મેં અહીં મંગાવી છે. અરે મૂર્ખ ! તે અહીં આવીને તારી શી રીતે રક્ષા કરશે ?" આ પ્રમાણેના તેના વચનો સાંભળીને ક્રોધથી પૂરિત ભીમકુમાર વિચારવા લાગ્યો કે :-'આ પાપી મારા મિત્રને જ વિડંબના પમાડે છે.' પછી એક હાક મારી પ્રગટ થઈને તે બોલ્યો કે :-'અરે દુષ્ટ ! સર્વ જંતુઓ પર સૌમ્ય અને તારો સંહાર કરવામાં ભીમ-એવો તે જ ભીમ હું અહીં આવ્યો છું.' એટલે તે કાપાલિક મંત્રી-પુત્રને મૂકીને ભીમની સન્મુખ આવ્યો. ભીમે પણ સાહસ પકડીને જરા નીચે નમી તેને પગમાંથી પકડીને તરત જ જમીન પર પાડી દીધો; અને કેશ વડે પકડીને તેની છાતી પર જેવો પગ મારે છે અને ભયભીત કરી મૂકે છે, તેવામાં દેવી આકુળ વ્યાકુળ થઈને બોલી કે :-"હે ભીમ ! એને માર નહિ. એ કાપાલિક મારો મોટો ભક્ત છે એ મસ્તકરૂપ કમળોથી મારૂં ઈષ્ટ કરે છે. એકસો આઠ મસ્તકથી જ્યારે એ મારી પૂજા સમાપ્ત કરશે

ત્યારે હું સિદ્ધ થઈ પ્રત્યક્ષ રીતે એને મનોવાંછિત આપનાર છું. હે વત્સ અત્યારે તું અચાનક અહીં આવી ચડયો છે, તારા પુરૂષાર્થથી હું સંતુષ્ટ થઇ છું, માટે તારી ઇચ્છા પ્રમાણે માંગી લે." એટલે ભીમ બોલ્યો કે :–"હે માત! જો તું મારા પર સંતુષ્ટ થઇ મને પ્રિય આપવા ઇચ્છતી હોય તો મન વચન અને કાયાથી જીવહિંસાનો ત્યાગ કર, હે માત! સાંભળ–ધર્મનું બીજ જીવદયા જ છે, એનાથી સર્વ ઈષ્ટ સિદ્ધ થાય છે, તારે પણ કેવળ દયા જ ધારણ કરવાં જોઇએ. હિંસાથી આ સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે, માટે હે માત! હિંસા તજીને ઉપશમનો આશ્રય કર." આ પ્રમાણેના તેના વાકયામૃતથી સિંચાયેલી દેવી લજ્જિત થઈને મનમાં વિચારવા લાગી કે :–'અહો એનું પુરૂષાર્થ કેવું? એનું સત્ત્વ કેવું? મનુષ્યપણામાં પણ એની મહાબલિષ્ઠ બુદ્ધિ કેવી?' એ પ્રમાણે વિચાર કરીને કાલિકા દેવી બોલી કે :–'હે વત્સ! સાંભળ–આજથી 'મારે સર્વ જીવોની પોતાના જીવિતની જેમ રક્ષા કરવી.' એમ બોલીને કાલિકા અદૃશ્ય થઇ ગઈ.

પછી મતિસાગર મંત્રીએ અવસર મેળવીને ભીમને પ્રણામ કર્યા, એટલે આંખમાં આંસુ લાવીને અને મિત્રને આલિંગન કરીને ભીમે પૂછયું કે :–'હે મિત્ર! આ પાપી કાપાલિકે તેને પણ આવી ભયંકર અવસ્થાએ કેમ પહોંચાડયો? મંત્રી બોલ્યો કે :–"હે પ્રભો! સાંભળો–રાત્રે પ્રથમ પહોરે તમારા નિવાસસ્થાને તમારી પ્રિયા આવી, તેણે ત્યાં તમને ન જોવાથી સંભ્રાંત થઈને ચોકીદારોને પૂછયું, એટલે તે બધાએ તમને શોધ્યાં, પણ તમને ન જોવાથી તેમણે જઈને રાજાને

નિવેદન કર્યું. પછી રાજાએ તમારી બધે ઠેકાણે શોધ કરાવી, પણ કોઈ ઠેકાણેથી પત્તો ન મળ્યો, એટલે તેમણે ધાર્યું કે-'જરૂર મારા પુત્રનું કોઈ હરણ કરી ગયું લાગે છે.' આમ વિચારતાં ને બોલતાં રાજા અત્યંત શોકાક્રાંત થઈ જવાથી બેશુદ્ધ થઇને સિંહાસનપરથી નીચે પડયા અને મૂર્ચ્છા આવી ગઈ માતૃવર્ગ પણ મૂર્ચ્છા પામ્યો. પછી ચંદનરસ વિગેરે સિંચતાં કોઈપણ રીતે પણ તેઓ ચેતના પામ્યા નહીં અને રાજા રાણીઓ તથા મંત્રીઓ સર્વે વિલાપ કરવા લાગ્યા. એવામાં એકાએક ત્યાં એક સ્ત્રી આવી, તેણે કહ્યું કે :-'હે રાજન્! ચિંતા ન કરો, હું તમારી કુળદેવી છું, તમારા પુત્રને એક પાખંડી ઉત્તરસાધકના બહાનાથી સ્મશાનમાં લઇ ગયો છે, ત્યાં તે તેનું મસ્તક લેવાને તૈયાર થયો હતો પણ તે બચી ગયો છે.' ઇત્યાદિ બધી હકીકત કહીને ફરી તે બોલી કે :-'તમારો પુત્ર કેટલાક દિવસ પછી મહર્દ્ધિપૂર્વક આવશે એમ કહીને તે અદ્દશ્ય થઇ ગઇ. તેના આ પ્રમાણેના વચનો સાંભળીને હું સ્મશાનમાં તમને શોધવાને માટે ઘરેથી નીકળ્યો, એવામાં આ પાપી કાપાલિક ત્યાંથી ઉપાડીને મને અહીં લઈ આવ્યો. એણે મારી ઘણી વિડંબના કરી, એવામાં મારા પુણ્યયોગે હે પ્રભો! તમે અહીં આવી પહોંચ્યા. પછી કાપાલિક બોલ્યો કે :-'અહો! સાત્ત્વિક શિરોમણિ! તેં કાલિકાને જે દયામય ધર્મ સંભળાવ્યો, તેનો હું પણ સ્વીકાર કરૂં છું. તું મને ધર્મદાન આપવાથી મારો ધર્મગુરૂ થયો છે, હું તારો સેવક છું, હું તને વધારે શું કહું? તું અતિશય દયાવાન હોવાથી હું તારી કેટલી

સ્તુતિ કરૂં ? એમ બોલે છે એવામાં સૂર્યોદય થયો. તે વખતે સપ્તાંગ સજ્જિત અને મોટો પર્વત જેવો એક હાથી ત્યાં આવ્યો, અને મંત્રી સહિત કુમારને પોતાની સૂંઢવડે ઉપાડી પોતાની પીઠપર બેસાડી કાલિકાના મંદિરમાંથી બહાર નીકળી તે આકાશમાં ઉડયો એટલે કુમાર વિસ્મય પામીને બોલ્યો કે :–'હે મંત્રીશ ! જો, પૃથ્વીતલપર કેવા કેવા હસ્તીરત્ન જોવામાં આવે છે ? આ આપણને લઈને કયાં જશે તે સમજાતું નથી,' તે વખતે સર્વજ્ઞ વચનને મનમાં લાવીને મંત્રી બોલ્યો કે:–'હે કુમારેંદ્ર ! એ હાથી જણાતો નથી, પણ તમારા પુણ્યથી પ્રેરિત કોઈ દેવ જણાય છે, તેથી આપણને લઈને એને જયાં જવું હોય ત્યાં ભલે જાય. સર્વત્ર પુણ્યના પ્રભાવથી સારૂં જ થશે.' મંત્રીપુત્ર ને કુમાર આ પ્રમાણે વાતો કરે છે. એવામાં તે હાથી એક ક્ષણવારમાં આકાશથી નીચે ઉતરી એક નિર્જન નગરના મુખ્ય દ્વાર આગળ તેમને મૂકીને કયાંક ચાલ્યો ગયો, પછી મંત્રીને બહાર મૂકીને કૌતુકથી નિર્ભય અને નિઃશંક તે કુમાર એકાકી નગરમાં ચાલ્યો. ત્યાં ઋદ્ધિપૂર્ણ અને મનોહર એવા શૂન્ય બજાર અને ઘર જોતો જોતો નગરના મધ્ય ભાગમાં આવ્યો. એવામાં એક સિંહના મુખમાં સપડાયેલ પુરૂષને તેણે જોયો. કુમારે તેને જોઈને વિચાર કર્યો કે :–'આ કંઈ પણ દિવ્ય પ્રભાવ છે !' એમ વિચારી તે વિનયપૂર્વક સિંહને કહેવા લાગ્યો કે :–'હે સિંહ ! આ પુરૂષને મૂકી દે.' એટલે સિંહ પણ તે પુરૂષને મોઢામાંથી કાઢી પોતાના બંને પગની વચમાં રાખીને સાશંકપણે ભીમને કહેવા લાગ્યો કે :–'અહો ! સત્યપુરૂષ ! ઘણા સમયથી ભુખ્યા

એવા મને ભક્ષ્ય મળ્યું છે તેને હું શી રીતે મૂકી દઉં ?' એટલે કુમાર બોલ્યો કે :–' તું કોઈ દેવ લાગે છે, કોઈ પણ કારણથી તેં આ સિંહનું રૂપ વીકુર્વ્યું જણાય છે. પરંતુ દેવો કવલાહાર કરતા નથી અને દેવને હિંસા કરવી પણ ઉચિત નથી. અથવા તો જો તને માનુષમાંસ ભક્ષણ કરવાની ઈચ્છા જ હોય તો હું તને મારા શરીરમાંથી માંસ આપું, તેનું તું ભક્ષણ કર, પણ એને છોડી દે' તે સાંભળીને સિંહ બોલ્યો કે :–' હે સજ્જન ! તું કહે છે તે સત્ય છે, તથાપિ આણે પૂર્વભવે મને એવું દુઃખ દીધું છે કે જે કહી પણ ન શકાય. એ પાપીને હું સો ભવ પર્યંત માર્યા કરૂં તો પણ મારો ક્રોધ શાંત ન થાય.' કુમાર બોલ્યો કે –' હે ભદ્ર ! એ દીન દેખાય છે, દીનપર કોપ કેવો ? એ દીનને મૂકી દે; વળી તું કષાયજન્ય પાપને દૂર કરીશ તો અન્ય ભવે મોક્ષે જઈશ.' ઈત્યાદિ યુક્તિથી સમજાવતાં પણ સિંહે તે પુરૂષને મૂકયો નહિ એટલે રાજકુમાર ચિંતવવા લાગ્યો કે :–'કોપાવિષ્ટ એવા આ દુષ્ટને કેવળ મારવું એ જ ઉચિત છે.' પછી હાથમાં તલવાર લઈને સજ્જ થઈ કુમાર સિંહની સન્મુખ દોડયો, એટલે સિંહ પણ તે નરને પોતાની પીઠ પર નાખીને મુખ ફાડી કુમારની સામે દોડયો. પણ ભીમ તેને પોતાના હાથમાં પકડી લઈને મસ્તક પર ભમાવવા લાગ્યો. એટલે તે સિંહ તેના હાથમાંથી સૂક્ષ્મરૂપ કરીને અદૃશ્ય થઈ ગયો. સિંહે પકડેલ પુરૂષ ત્યાં જ બેસી રહ્યો.

પછી ભીમે તેનો હાથ પકડીને તેની સાથે રાજમંદિરમાં પ્રવેશ કર્યો ત્યાં શૂન્ય રાજભવન જોતો જોતો તેના સાતમા

માળે તે ચડયો. ત્યાં લાકડાની પુતળીઓએ તેને સગૌરવ સુવર્ણમય આસન આપ્યું. ભીમકુમાર વિસ્મય પામીને ત્યાં બેઠો. ક્ષણવાર પછી સ્નાનસામગ્રી આવી એટલે કાષ્ઠપુતળીઓએ કહ્યું કે :–'હે વિભો ! સ્નાન કરો.' ભીમ બોલ્યો કે :–'મારો મિત્ર મતિસાગર બહાર બેઠો છે, તેને બોલાવો.' એટલે તેઓ તેને પણ ત્યાં લઈ આવી. પછી ભીમને મિત્ર સહિત સ્નાન અને દિવ્ય ભોજન તેમણે કરાવ્યું અને તેને એક શ્રેષ્ઠ પલંગ પર બેસાડયો. ત્યાં તે આશ્ચર્યચકિત થઈને ચોતરફ જુએ છે, તેવામાં ચંચળ કુંડળ અને આભરણ સહિત તથા સ્ફુરાયમાન કાંતિયુક્ત એક દેવ પ્રગટ થઈને બોલ્યો કે :–'હે વીર ! તારા સાહસથી હું સંતુષ્ટ થયો છું, તેથી વર માગ.' ભીમ બોલ્યો કે :– જો સતુષ્ટ થયો હોય તો પ્રથમ કહે કે તું કોણ છે! અને આ નગરશૂન્ય કેમ છે! એટલે દેવ બાલ્યો કે :– 'સાંભળ. આ હેમપુર નામનું નગર છે. અહીં હેમરથરાજા રાજ્ય કરતો હતો તેને ચંડ નામે પુરોહિત હતો. તે સર્વ જન પર દ્વેષી હતો અને રાજા પણ સ્વભાવે ક્રૂર અને કાનનો કાચો હતો. તેથી કોઈનો થોડો ગુનો થયો હોય છતાં તેને ઘણો દંડ કરતો હતો. એક દિવસ કોઈ પાપીએ ચંડ પુરોહિતનો ખોટો અપરાધ રાજાને કહ્યો, એટલે રાજાએ રૂષ્ટમાન થઈને વિચાર કે તપાસ કર્યા વિના ચંડ પુરોહિતને તપેલા તેલના સિંચનથી કદર્થના પમાડીને મારી નાખ્યો. તે અકામ નિર્જરાના ભાવથી મરણ પામીને સર્વંગિલ નામે રાક્ષસ થયો તે હું પોતે છું. પૂર્વ ભવના વૈરથી હું અહીં આવ્યો અને નગરના સર્વ લોકોને મેં અદૃશ્ય કરી દીધા. પછી સિંહનું રૂપ વિકુર્વીને

મેં આ હેમરથ રાજાને પકડયો. એવામાં તેં મહાત્માએ એ રાજાને છોડાવીને મને ચમત્કાર ઉપજાવ્યો. તારા પુન્યપ્રભાવથી મેં એને છોડી મૂક્યો. પછી અદૃશ્ય રહીને મેં સ્નાન ભોજનાદિકથી તારો સત્કાર કર્યો, અને તારા અનુભાવથી મેં લોકોને પણ પ્રગટ કર્યા.' તે સાંભળીને કુમારે નગર તરફ જોયું તો બધા લોકો પોતપોતાના કાર્યમાં મશગુલ જોવામાં આવ્યા, અને રાજવર્ગ પણ તમામ પ્રગટ જોવામાં આવ્યો.

એ અવસરે સુરાસુરથી સ્તુતિ કરતા અને આકાશથી ઉતરતા કોઇ ચારણશ્રમણ (મુનિ) કુમારના જોવામાં આવ્યા. તે નગરની બહાર ઉતર્યા, એટલે ભીમે કહ્યું કે:–'હે રાક્ષસેંદ્ર ! એ મારા ગુરૂ છે, એમના ચરણકમળને વંદન કરીને તમે પોતાના ભવને સફળ કરો. કહ્યું છે કે:—

"जिनेंद्रप्रणिधानेन, गुरूणां वंदनेन च ।
न तिष्ठति चिरं पापं, छिद्रहस्ते यथोदकम् ॥"

'જિનેંદ્રના પ્રણિધાનથી (ધ્યાનથી) અને ગુરૂને વંદન કરવાથી છિદ્રવાળા હાથમાં રહેલ જળની જેમ પાપ વધારે વખત રહી શકતું નથી.' પછી કુમાર, મંત્રી, રાક્ષસ અને હેમરથ રાજા–બધા તે મુનિની પાસે ગયા તેમણે પૃથ્વી પર શિર સ્પર્શીને મુનિને વંદન કર્યું. નગરજનોએ પણ આવીને વંદન કર્યું. પછી મુનિએ દેશના આપી કે:—

कषाया भवकारायां चत्वारो यामिका इव,
यावाज्जाग्रति पार्श्वस्थास्तावन्मोक्षो नृणां कुतः ॥१॥

"હે ભવ્યજનો ! કષાયો-એ સંસારરૂપ કેદખાનાના ચાર ચોકીદાર છે. જ્યાં સુધી એ ચારે જાગ્રત હોય ત્યાં સુધી મનુષ્યો તેમાંથી છુટીને મોક્ષ ક્યાંથી મેળવે ? (૧) હે ભવ્યાત્માઓ ! તે ચાર કષાયોની વ્યાખ્યા આ પ્રમાણે છે:–ક્રોધ, માન, માયા અને લોભ–એ ચાર કષાયો કહેવાય છે. તે પ્રત્યેક સંજવલનાદિ ભેદોથી ચાર ચાર પ્રકારે છે. સંજવલન કષાય પંદર દિવસ સુધી, પ્રત્યાખ્યાન ચાર માસ સુધી, અપ્રત્યાખ્યાન એક વર્ષ સુધી અને અનંતાનુબંધી જીંદગી પર્યંત રહે છે, એ ક્રોધાદિ ચારે કષાયોનું સ્વરૂપ સમજીને તે તજવા લાયક છે. તેમાં ક્રોધ બહુ ભયંકર છે; કહ્યું છે કે :–'ક્રોધ વધારે સંતાપકારક છે, ક્રોધ વૈરનું કારણ છે, દુર્ગતિમાં રોકી રાખનાર ક્રોધ છે અને ક્રોધ એ શમસુખની અર્ગલારૂપ છે.' 'હે સાધો ! મનહર મિષ્ટાન્ન જમ, સુંદર જળનું પાન કર, તેવા તેવા રસોને પણ રોક નહિ, કાયક્લેશ તજી દે, શરીરને પવિત્ર રાખ.' આવો કૂરકુંભર્ષિનો સુકર (સારી રીતે પળી શકે તેવો) ઉપદેશ છે, પણ તે દુર્ગતિએ લઇ જનાર છે. માટે હે મુને ! ક્રોધનો જય કર અને શિવસુખ કરનાર સમતાને સેવ એ જ મોક્ષનો ઉપાય છે. વળી દ્રાક્ષ, શેરડી, ક્ષીર અને ખાંડ વિગેરે બલિષ્ઠ રસો જેમ સંનિપાતમાં દોષની વૃદ્ધિને કરે છે, એ પ્રમાણે પૂર્વોક્ત કષાયો પણ સંસારની વૃદ્ધિ કરનાર છે. વળી સિદ્ધાંતમાં કહ્યું છે કે :–'માર્મિક વચનથી એક દિવસનું તપ હણાય છે, આક્ષેપ કરતાં એક માસનું તપ હણાય છે, શ્રાપ આપતાં એક વરસનું તપ નષ્ટ થાય છે અને હણવા જતાં સમસ્ત તપ ભસ્મીભૂત થઈ જાય છે. જેણે પોતાના ક્ષમારૂપ

તલવારથી ક્રોધરૂપ શત્રુનો જલ્દી નાશ કર્યો છે તે જ સાત્ત્વિક વિદ્વાન, તપસ્વી અને જિતેંદ્રિય છે.”

ઇત્યાદિ ધર્મદેશના સાંભળીને સર્વંગિલ રાક્ષસ પ્રતિબોધ પામી બોલ્યો કે :–‘હે ભગવન્! કુમારના પ્રભાવથી આ ગામના લોકો પરનો તથા રાજા ઉપરનો કોપ હું સર્વથા તજી દઉં છું’ એમ કહે છે તેવામાં એક હાથી ગર્જારવ કરતો આવ્યો, એટલે પર્ષદા બધી ક્ષોભ પામી. હાથીએ તો શાંત મનથી મુનિને વંદન કર્યું. પછી હાથીનું રૂપ સંહરીને પ્રત્યક્ષ ચલાયમાન કુંડળ વિગેરે ભૂષણયુક્ત યક્ષ થઇ ગયો. એટલે મુનિ બોલ્યા કે –‘અહો! યક્ષરાજ! તું ગજનું રૂપ કરીને પોતાના પુત્ર હેમરથની રક્ષા કરવા માટે ભીમકુમારને અહીં લાવ્યો હતો’ યક્ષ બોલ્યો કે :–‘હે ભગવન! સત્ય છે. પૂર્વજન્મમાં હેમરથ મારો પુત્ર હતો, તેથી પૂર્વભવના સ્નેહને લીધે હેમરથની રક્ષા કરવા માટે ભીમકુમારને હું અહીં લાવ્યો હતો. પૂર્વજન્મમાં સમકિત અંગીકાર કરીને કુસંસર્ગથી મેં તેને દૂષિત કર્યું હતું, તેથી હું વ્યંતર થયો છું; માટે હવે ફરીને મને સમ્યક્ત્વ આપો’ એટલે મુનિરાજે તે યક્ષ, રાક્ષસ અને રાજા વિગેરેને વિધિપૂર્વક સમ્યક્ત્વ આપ્યું. ભીમે પાખંડીના સંસર્ગથી મલિન થયેલા સમ્યક્ત્વની શુદ્ધિ માગી, એટલે મુનિએ તેને આલોચના આપી. પછી કુમાર વિગેરે સર્વે મુનીશ્વરને નમસ્કાર કરીને હેમરથરાજાના મહેલમાં આવ્યા.

ત્યાં હેમરથરાજાએ કુમારને પ્રણામ કરીને વિજ્ઞપ્તિ કરી કે :–“હે કુમાર! હવે હું જે જીવું છું અને જે રાજ્યસંપત્તિ ભોગવું છું, તે તમારો જ પ્રભાવ છે. હું આપનો આદેશકારી

છું, છતાં હું એક વિજ્ઞપ્તિ કરૂં છું કે આ મારી મદાલસા નામે પુત્રી છે. તેનું તમે પાણિગ્રહણ કરો.” એટલે કુમારે તેના આગ્રહથી તેનું પાણિગ્રહણ કર્યું.

એવામાં કાપાલિક સહિત વીશ ભુજાવાળી કાલિકા વિમાનમાં બેસીને ત્યાં આવી, અને કુમારને નમન કરીને બેઠી. પછી તે બોલી કે –“હે કુમાર! આ મારો હાર તું ગ્રહણ કર. એ હારમાં નવ રત્નો છે, તેના પ્રભાવથી તને ત્રણ ખંડનું રાજ્ય અને આકાશગમનની શક્તિ પ્રાપ્ત થશે, તેમજ બધા રાજાઓ તારી આજ્ઞાને વશ થશે. બીજી એક વાત સાંભળ–તારા માબાપ અને તારા નગરજનો તારા વિરહથી અતિ દુઃખિત છે, તેઓ તારા દર્શનને ઇચ્છે છે. હું વિમાનમાં બેસીને તારા નગર ઉપરથી ચાલી આવતી હતી, તે વખતે તારા માતાપિતા અને નગરજનો તારા ગુણોને સંભારી સંભારીને વારંવાર વિલાપ કરતા મારા જોવામાં આવ્યા. એટલે તેમને મેં કહ્યું કે –‘તમે ચિંતા ન કરો, હું બે દિવસમાં ભીમકુમારને અહીં લઇ આવીશ.’ માટે હવે તમારે ત્યાં તરત જવું જોઈએ” આ પ્રમાણે સાંભળીને ભીમકુમાર ત્યાં જવાને ઉત્સુક થયો. એટલે યક્ષ વિમાન વિકુર્વીને બોલ્યો કે ‘હે કુમાર! આ વિમાનમાં બેસીને તમારા પિતાના નગરે જવા ચાલો.’ પછી હેમરથરાજાએ હાથી, ઘોડા આદિ બહુ વસ્ત્રો તથા દ્રવ્ય, આભરણ અને રત્નાદિ આપ્યા, અને પોતાની પુત્રીને વળાવી. પછી ભીમકુમાર હેમરથરાજાની આજ્ઞા લઇને વિમાનમાં બેસી કન્યા અને મંત્રી સહિત પોતાના નગર તરફ ચાલ્યો. હાથી, અશ્વો અને પદાતીઓ સર્વે ભૂમિમાર્ગે ચાલવા લાગ્યા. દેવતાઓ તેની આગળ

ગીત અને નૃત્ય કરવા લાગ્યા, હાથીઓ ગર્જારવ કરવા લાગ્યા અને અશ્વો હેષારવ અને હણુહણાટ કરતા ચાલવા લાગ્યા. અનુક્રમે મોટા વાજીંત્રનાદ અને ઉત્સવપૂર્વક કુમાર કમલપુરની નજીકના ઉદ્યાનમાં આવ્યો. ત્યાં વિમાનમાંથી ઉતરી રાક્ષસ અને યક્ષાદિ સહિત જિનચૈત્યમાં પ્રવેશ કરી વિધિપૂર્વક વંદના નમસ્કાર કરીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો:—

'મુનીંદ્રોના આનંદરૂપ કંદને વૃદ્ધિ પમાડવામાં મેઘ સમાન તથા વિકલ્પની કલ્પના રહિત એવા હે વીતરાગ! તમને નમસ્કાર થાઓ. વિકસિત મુખ કમળવાળા હે જિનેશ ! તમારૂં જે ધ્યાન ધરે છે તે વિશ્વમાં ઉત્તમ અને અનંત સૌખ્યલક્ષ્મી ને પાત્ર થાય છે. આકસ્મિક મેઘ સમાન એવા હે પરમેશ્વર ! તમને જોતાં જ સંસાલના માર્ગમાં રહેલ મરૂસ્થલ (મારવાડ) ફીટી જાય છે. હે ભગવાન ! જ્યોતિરૂપ એવા તમેજ યોગીઓને ધ્યેય છો. વળી અષ્ટકર્મનો નાશ કરવા માટે જ તમે અષ્ટાંગ-યોગ બતાવેલા છે જળમાં, અગ્નિમાં, જંગલમાં, શત્રુ સબંધી સંકટમાં, સિંહાદિ શ્વાપદોમાં અને રોગની વિપત્તિમાં તમે જ મને શરણભૂત છો.'

એ રીતે જગન્નાથની સ્તુતિ કરીને ત્યાંથી પગે પિતાના ચરણને નમસ્કાર કરવા ચાલ્યો. એ વખતે ત્યાંથી ગમન કરતાં ભેરી, ઢક્ક, મૃદંગ, પટહ વિગેરે વાજીત્રોનો અત્યંજ અવાજ થયો. તે સાંભળીને હરિવાહન રાંજાએ મંત્રીને પૂછ્યું કે:- 'આ મોટો અવાજ શેનો સંભળાય છે?' મંત્રી તેનો ઉત્તર આપે છે, એવામાં તો વનપાળે આવીને રાજાને વધામણી આપી કે -'હે સ્વામિન ! ચિરકાળ જયવંત રહો. આંપના

પુત્ર ભીમકુમાર ઉદ્યાનમાં પધાર્યા છે.' એટલે રાજાએ પોતાના અંગપર પહેરેલા તમામ આભરણો તેને દાનમાં આપી દઈને પ્રતિહારને આદેશ કરી આખા નગરમાં શોભા કરાવી. રાજાની આજ્ઞાથી પ્રધાનાદિક સર્વે કુમારની સન્મુખ આવ્યા. ભીમકુમારે પરિવાર સહિત આવીને માત–પિતાના ચરણને પ્રણામ કર્યા, પરસ્પર અતિ આનંદ થયો. પછી રાજાએ સભા વિર્સજન કરી એટલે સર્વે પોતપોતાને સ્થાને ગયા. ભોજનાનંતર પછી રાજાએ ભીમકુમારના ઈષ્ટ મિત્ર મતિસાગરને તમામ વૃત્તાંત પૂછયો, એટલે તેણે રાજાની આગળ જે પ્રમાણે બન્યું હતું એ પ્રમાણે બધો વૃત્તાંત કહી બતાવ્યો. પછી રાજાએ સંતુષ્ટ થઈને તેને ઘણી રાજકન્યાઓ પરણાવી અને અનુક્રમે રાજ્ય પર સ્થાપન કરી પોતે ગુરૂમહારાજની પાસે દીક્ષા અંગીકાર કરી. ભીમરાજા જૈનધર્મનો પ્રભાવક થયો અને અનુક્રમે ત્રણ ખંડનો ભોક્તા થયો. દોગુંદક દેવની જેમ સાંસારિક સુખ ભોગવતાં તેને પાંત્રીસ હજાર વર્ષ પસાર થયા.

એકદા ચાર જ્ઞાનધારી અને બહુ પરિવારથી પરિવરેલા ક્ષમાસાગર નામના આચાર્ય સહસ્રામ્રવનમાં પધાર્યા; એટલે વનપાળે રાજાને વધામણી આપી. તેથી સંતુષ્ટ થઈ પોતાના શરીરના આભરણો તેને આપી દઇને રાજા સપરિવાર ગુરૂને વંદન કરવા આવ્યો, ત્યાં ગુરૂ અને અન્ય સાધુઓને વંદન કરી તે યથાસ્થાને બેઠો, એટલે ગુરૂ મહારાજે સંસારથી તારવાવાળી, ભવ્ય જીવોને મનોહર અને કર્ણને સુખકારી એવી ધર્મદેશના દેવાનો પ્રારંભ કર્યો :—

"અહો ભવ્ય જીવો ! ધર્મનો અવસર પામીને વિવેકી

પુરૂષે આડંબરને માટે વિલંબ ન કરવો; કારણ કે બાહુબળિયે જો રાત્રી પસાર થવા દીધી તો તે પ્રભાતે તક્ષશિલામાં આદિનાથને વંદન કરી ન શકયા. [1]વળી આ અપાર સંસારમાં મહાકષ્ટે મનુષ્યભવ મેળવ્યા છતાં જે પ્રાણી વિષયસુખની લાલચમાં લપટાઈને ધર્મ કરતો નથી તે મૂર્ખશિરોમણિ સમુદ્રમાં બૂડતાં મજબુત નાવને મૂકીને પાષાણનો આશ્રય લેવા જેવું કરે છે." (સિંદુર પ્રકરણ)

ઇત્યાદિ ધર્મદેશના સાંભળીને વૈરાગ્યથી રંગિત થયેલા રાજાએ કહ્યું કે :–'હે ભગવન્! મેં પૂર્વભવમાં શું પુણ્ય કર્યું હતું કે જેથી હું ઇષ્ટ સુખ પામ્યો.' એટલે ગુરૂ બોલ્યા કે :– "હે રાજન્! સાંભળ :—

"પ્રતિષ્ઠાનપુરમાં દેવદત્ત અને સોમદત્ત નામના બે ભાઈ રહેતા હતા તે બંને પરસ્પર ઇર્ષ્યા ધરાવતા હતા અને પૂર્વભવના અભ્યાસથી તે એકબીજાની ઇર્ષ્યા કરતા હતા. પુત્રના અભાવથી મોટાભાઈએ બહુ સ્ત્રીઓનું પાણિગ્રહણ કર્યું, તો પણ તેને પુત્રની પ્રાપ્તિ થઈ નહીં. એકદા તે એક ગામમાં ઉઘરાણી કરવા ગયો હતો, ત્યાં રસ્તામાં દાવાનળમાં બળતો એક સર્પ તેના જોવામાં આવ્યો, એટલે કૃપાર્દ્ર મનથી દેવદત્તે તેને બહાર કાઢયો, અને મરણાંત કષ્ટથી બચાવ્યો. એકદા ભોજન કરવા બેઠો હતો, એવામાં માસોપવાસી એક સાધુ ત્યાં પધાર્યા. તે મુનીશ્વરને તેણે શુભ ભાવથી વહેરાવ્યું. તે દેવદત્ત આયુ પૂર્ણ થતાં મરણ પામીને હે રાજન્! તું ભીમ-

૧. આ હકીકત ઋષભદેવની છદ્માવસ્થાની છે. જુઓ શ્રી ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર. પર્વ પહેલું.

કુમાર થયો છે. પૂર્વભવે તેં મુનિને વહોરાવ્યું, તેથી આ ભવમાં રાજ્ય પ્રાપ્ત્યો છે; તથા પૂર્વે તેં સર્પને કષ્ટથી બચાવ્યો હતો તેથી તારૂં કષ્ટ પણ નષ્ટ થયું છે. તારો પૂર્વભવનો ભાઈ સોમદત્ત મરણ પામીને કાપાલિક થયો. પૂર્વભવના અભ્યાસથી તે તારી ઉપર દ્વેષી થયો, એટલે તેણે તને કષ્ટ આપવાના ઉપાયો કર્યા, પણ સર્પનું રક્ષણ કરવાથી તારૂં સંકટ નાશ પામ્યું. આ પ્રમાણેનો તારો પૂર્વભવ જાણીને હે ભીમરાજ! તારે સર્વથા હિંસાનો ત્યાગ કરીને સર્વ જીવોની નિરંતર દયા પાળવી."

આ પ્રમાણે પોતાનો પૂર્વભવ સાંભળીને રાજાને જાતિ-સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને તે વૈરાગ્ય પામ્યો. પછી તેણે ગુરૂ મહારાજને વિજ્ઞપ્તિ કરી કે:–'હે ભગવન્! આપ અહીં ચાતુર્માસ રહો કે જેથી મને મોટો લાભ થાય' ગુરૂ તેના આગ્રહથી શુદ્ધ ઉપાશ્રયમાં ચાતુર્માસ રહ્યા રાજાએ સમસ્ત દેશોમાં અમારિપટહની ઘોષણા કરાવી, જિનમંદિરો કરાવ્યા, અને પ્રતિદિન વ્યાખ્યાન સાંભળવા લાગ્યો. ચોમાસું ઉતરતાં તેણે ગુરૂ મહારાજ પાસે ચારિત્ર અંગીકાર કર્યું. પછી ગુરૂ સાથે વિહાર કરતાં નિરતિચાર ચારિત્ર પાળી અન્તે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને તે પરમપદ પામ્યો.

## ઇતિ ભીમકુમારની કથા:

આ દૃષ્ટાંત સાંભળીને ધર્માર્થી પુરૂષે નિરંતર દયા પાળવી. વળી નિપુણ પુરૂષે કઠોર વાકય પણ ન બોલવું. એ સંબંધમાં ચંદ્રા અને સર્ગ–માતા પુત્રનું દૃષ્ટાંત છે તે સાંભળો:–

આજ ભરતક્ષેત્રમાં **વર્દ્ધમાનપુર** નામનું એક સુંદર નગર છે, ત્યાં **સિદ્ધડ** નામે કુલપુત્ર રહેતો હતો, તેને **ચંદ્રા** નામની સ્ત્રી હતી, અને તે દંપતીને **સર્ગ** નામે પુત્ર હતો, પણ કર્મવશાત્ એ ત્રણે અત્યંત દુઃખિત હતાં. કહ્યું છે કે :– 'ખલ્વાટ (માથે ટાલવાળો) પુરૂષ મસ્તક પર પડતા સૂર્યના કિરણોથી ત્રાસિત થઈ તડકા રહિત સ્થળ શોધતો દૈવયોગે બિલ્વવૃક્ષની નીચે ગયો; એટલે ત્યાં પણ એ વૃક્ષ પરથી પડતા એક મોટા ફળ સાથે એનું મસ્તક અથડાયું અને ભાંગી ગયું. અહો ! ભાગ્યહીન પુરૂષ જ્યાં જાય છે, ત્યાં તેની પાછળ પ્રાયઃ આપત્તિઓ આવે જ છે.' તે ત્રણે કષ્ટથી પોતાનું ગુજરાન ચલાવતા હતા. કહ્યું છે કે :–' એક દુષ્પૂર એવા આ પેટને પૂરવા માટે પુરૂષ માનને મૂકે છે, હલકા જનની સેવા સ્વીકારે છે, દીન વચન બોલે છે, કૃત્યાકૃત્યના વિવેકને દૂર કરે છે, સત્કૃતિને વાંછતો નથી, ભાંડપણું કરે છે, અને નૃત્યકલાનો અભ્યાસ પણ કરે છે; અહો ! એને માટે માણસ શું શું કરતો નથી ?' તેમજ વળી 'જ્યાં ઉંચા પ્રકારની સ્વજન–સંગતિ નથી, જ્યાં નાના નાના બાળકો નથી, જ્યાં ગુરુ–ગૌરવની કાળજી નથી, અહો ! તે ઘર છતાં જંગલ જ છે.'

તે ત્રણે દુઃખથી કાળ વ્યતીત કરતા હતા, એવામાં સિદ્ધડ મરણ પામ્યો, એટલે ચંદ્રા ઉદર પોષણને માટે અન્ય ઘરનાં પાણી ભરવા વિગેરે કામ કરવા લાગી, અને સર્ગ જંગલમાંથી લાકડા લાવીને વેચવા લાગ્યો. એકદા પૂર્ણશ્રેષ્ઠીનો જમાઇ આવ્યો, એટલે ચંદ્રાને જળ ભરવા બોલાવી; તે વખતે સર્ગ વનમાં ગયો હતો. તેથી ચંદ્રા તેને માટે રોટલો અને છાશ

વિગેરે ટાઢું અન્ન શીંકા પર મૂકીને દ્વાર પર સાંકળ દઈ શ્રેષ્ઠીને ઘરે ગઈ. બપોર થતાં સર્ગ લાકડાઆદિ લઇને ઘરે આવ્યો, ત્યાં માતાને ન જોવાથી ભુખ અને તરસથી તે બહુ પીડાયો હોવાથી અકળાયો, અને ચંદ્રા પણ પાણી ભરીને થાકી ગઈ, છતાં કામમાં લાગેલી હોવાથી શેઠના માણસોએ તેને કંઈ પણ ખાવાનું આપ્યું નહિ, એટલે તે પણ ખાલી હાથે પોતાને ઘરે આવી. કહ્યું છે કે :– 'સુજ્ઞ જનને અન્યની સેવાની જે પરવશતા છે, તે શ્વાસોશ્વાસ સહિતનું મરણ. અગ્નિ વિના દહન, સાંકળ વિના બંધન, કાદવ વિના મલિનતા અને નરક વિનાની તીવ્ર વેદના છે. એ પાંચ કરતાં પણ પરવશતા–એ છઠું મહાપાતકરૂપ છે.'

પછી માતાને આવતી જોઈને સર્ગે ક્રોધવડે કહ્યું કે :– 'હે પાપિણી ! શું ત્યાં શેઠના ઘરે તને શુળી ઉપર ચડાવી હતી કે જેથી આટલો બધો વખત ત્યાં રોકાઇ રહી ?' આ પ્રમાણેના કઠોર વચન સાંભળીને થાક, ભુખ અને તરસથી પીડિત એવી તે પણ બોલી કે :–' શું તારા હાથ કપાઇ ગયા હતા કે શીંકાપરથી શીતળ અન્ન લઈ ને ખવાયું નહિ ?' એમ તે બંનેએ નિષ્ઠુર વાકય બોલવાથી ભયંકર કર્મ બાંધ્યું. પછી વખત જતાં તે બંને સુગુરૂના યોગથી શ્રાવકત્વ પામ્યા, અને અન્તે બંને વિધિપૂર્વક અનશન કરી સમાધિમરણ સાધીને સ્વર્ગે ગયા. ત્યાંથી ચ્યવી સર્ગનો જીવ તામ્રલિપ્તિ નગરીમાં કુમારદેવ નામના શ્રેષ્ઠીનો અરૂણદેવ નામે પુત્ર થયો. અને ચંદ્રાનો જીવ પાટલીપુરમાં જસાદિત્ય વ્યવહારીની દેયિણી નામે પુત્રી થઇ. દૈવયોગે તેનો અરૂણદેવની સાથે વિવાહ (વેવિશાળ) મેળવ્યો.

હજી લગ્ન થયા ન હતા, એવામાં અરૂણદેવ કટાહદ્વીપ તરફ જળમાર્ગે વ્યાપાર કરવા નીકળ્યો. અનુક્રમે આગળ ચાલતાં દૈવવશાત્ પ્રચંડ પવનયોગે તેનું વહાણ ભાંગ્યું; એટલે અરૂણ-દેવ સમુદ્રમાં પડયો, પરંતુ મહેશ્વર નામના પોતાના મિત્રની સાથે ફલકના યોગે બહાર નીકળ્યો; પછી અનુક્રમે તે બંને પાટલીપુરમાં આવ્યા. ત્યાં મિત્રે કહ્યું કે:–' અહીં તારા સસરાનું ઘર છે, તેથી આપણે ત્યાં જઈએ' અરૂણદેવ બોલ્યો કે:–'આવી સ્થિતિમાં ત્યાં જવું યોગ્ય નથી.' એટલે મિત્રે કહ્યું કે:–' જો એમ હોય તો તું અહીં નગર બહાર બેસ અને હું ખાવાનું લેવાને નગરમાં જાઉં.' એમ કહીને તે નગરમાં ગયો, અને અરૂણદેવ નગરની બહાર એક વાડીમાં આવેલા જિર્ણ ચૈત્યમાં સૂતો, ત્યાં થાકેલો હોવાથી તેને નિંદ્રા આવી ગઈ

એવામાં તેની પૂર્વભવની માતા દેયિણી ત્યાં ક્રીડા કરવા આવી. આ વખતે પૂર્વોપાર્જિત કર્મ તેમને પ્રગટ રીતે ઉદયમાં આવ્યું. ક્રિડાઉદ્યાનમાં આવેલી દોયણીના કોઈ ચોરે હાથમાં પહેરેલાં કડાં લેવા માટે હાથ કાપી નાખ્યા અને સુવર્ણના બે કડાં લઈને ભાગ્યો. એટલે માળીએ બૂમાબૂમ કરી. તે સાંભળી રાજપુરૂષો શસ્ત્ર લઈને ચોરની પાછળ દોડયા. ચોર ભાગ્યો. પણ તે વધારે દોડવાને અશક્ત હોવાથી જ્યાં અરૂણદેવ સૂતો હતો તે જીર્ણચૈત્યમાં પેઠો, અને અરૂણદેવની પાસે બે કડાં અને છરી મૂકીને ચૈત્યના શિખરમાં છુપાઈ ગયો. એવામાં અરૂણદેવ જાગ્યો. બંને કડાં અને છરી જોઈને 'આ શું ? એમ જેટલામાં ચિંતવે છે, તેટલામાં સિપાઇઓ ત્યાં

આવી પહોંચ્યા. એટલે અરૂણુદેવ ક્ષોભ પામ્યો, તેઓએ હાક મારીને કહ્યું કે :–'અરે! હવે તું ક્યાં જવાનો છે?' પછી છરી અને બંને કડાં સહિત અરૂણુદેવને બાંધીને રાજાને સોંપ્યો અને બધો વૃત્તાંત નિવેદન કર્યો. એટલે રાજાએ કહ્યું કે :–' એ મહાપાપીને શૂળીપર ચઢાવો.' પછી તે પુરૂષોએ રાજાની આજ્ઞાથી તેને શૂળીપર ચડાવ્યો.

અહીં નગરમાંથી અન્ન લઇને અરૂણુદેવનો મિત્ર ત્યાં આવ્યો, અને અરૂણુદેવ ત્યાં ન જોવાથી તેણે માળીઓને પૂછ્યું કે :–' અહો! તમે આ બાગમાં કોઈ પુરૂષને જોયો?' તેમણે કહ્યું કે :–' અમે કાંઈ જાણતા નથી; પરંતુ અહીંથી કોઇ ચોરને રાજપુરૂષોએ પકડી બાંધીને રાજાને સોંપ્યો; અને રાજાએ તેને અત્યારે જ શૂળી પર ચડાવ્યો છે.' આ પ્રમાણે સાંભળી વ્યાકુળ થઇને તે શૂળી પાસે ગયો. ત્યાં શૂળી પર ભયંકર અવસ્થાએ પહોંચેલ અરૂણુદેવને જોઈને તે વિલાપ કરવા લાગ્યો કે :–' હા! મિત્ર! હા શ્રેષ્ઠિપુત્ર! હા! પ્રાણ કરતાં પણ અધિક વલ્લભ! આવું વિપરીત તને કેમ થયું?' એ પ્રમાણે ભીષણ પોકાર કરીને મૂર્ચ્છિત થઇ તે જમીનપર પડી ગયો. ક્ષણવાર પછી શીતળ વાયુથી સાવધાન થયો, એટલે રડવાનું તેને લોકોએ કારણ પૂછ્યું. આથી તે બોલ્યો કે :–' એ કુમાર તામ્રલિપ્ત નગરીના કુમારદેવ વ્યવહારીનો પુત્ર હતો, અને આ નગરમાં વસનાર જસાદિત્ય શ્રેષ્ઠીની પુત્રીનો પતિ હતો. નાવના ભંગથી તે આજેજ મારી સાથે અહીં આવ્યો હતો.' ઈત્યાદિ બાકીનો વૃત્તાંત કહેતાં રાજપુરૂષો પોતાની ભૂલ જાહેરમાં આવશે એમ જાણી તેને પત્થરવડે મારવા લાગ્યા. એવામાં જસાદિત્ય

તે હકીકત સાંભળીને પોતાની પુત્રી દેયિણીને લઈ ત્યાં આવ્યો, અને રાજાની આજ્ઞાથી અરૂણદેવને શૂળીપરથી નીચે ઉતાર્યો; એટલે દેયિણીએ તેની સાથે બળી મરવાની માગણી કરી, પણ રાજાએ અટકાવી, એટલે તે વિલાપ કરવા લાગી. તેથી રાજાએ કહ્યું કે :–' કર્મની ગતિ અતિ વિચિત્ર છે, નહીં તો શ્રેષ્ઠીપુત્ર આવું વિપરીત કેમ કરે? (રાજા હજુ તેણેજ કાંડા કાપીને કડાં લીધાનું માને છે.) પણ તે જ્ઞાની વિના સમ્યક્ કોણ જાણી શકે?' એવામાં ચતુર્જ્ઞાનધર ચંદ્રધવલ નામના ચારણશ્રમણ મુનીશ્વર આકાશમાર્ગે ત્યાં આવ્યા. તેમનું આગમન સાંભળીને રાજા તેમની પાસે ગયો. દેવોએ ત્યાં કમળની રચના કરી. ૧ એટલે મુનીશ્વર તે પર બેસીને ધર્મદેશના દેવા લાગ્યા :–

"धर्मोऽयं जगतः सारः, सर्व सुखानां प्रधानहेतुत्वात् ।
तस्योत्पत्तिर्मनुजाः सारं तेनैव मानुष्यम् ॥"

'સર્વ' સુખોનો પ્રધાન હેતુ હોવાથી ધર્મ–એજ જગતમાં સાર વસ્તુ છે; વળી તેનું ઉત્પત્તિસ્થાન મનુષ્યો છે–તેથીજ મનુષ્યત્વ એ સાર વસ્તુ છે.' હે ભવ્ય જનો! મોહનિદ્રાનો ત્યાગ કરો, જ્ઞાનજાગૃતિથી જાગૃત થાઓ, પ્રાણઘાતાદિનો ત્યાગ કરો, કઠોર વચન ન બોલો, કઠોર વચન બોલવાથી આગામી

૧. ચાર જ્ઞાની અથવા અવધિજ્ઞાની માટે પણ નજીક રહેલા ક્ષેત્રદેવતા ભક્તિ વડે કમળરચના કરે છે.

ભવે દેયિણી અને અરૂણદેવની જેમ દુઃખ પ્રાપ્ત થાય છે.' એટલે રાજા વિગેરેએ પૂછ્યું કે :-'દોયણી અને અરૂણદેવ પૂર્વભવે શું કઠોર વાકય બોલ્યા હતા ?' એટલે મુનિએ તેમનું પૂર્વભવનું ચરિત્ર કહી સંભળાવ્યું. તે સાંભળીને સર્વે સંવેગને પામ્યા, અને દોયણી તથા અરૂણદેવને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, એટલે તેમણે પરસ્પર ખમાવ્યું. પછી મિથ્યાદુષ્કૃત થઈ અનશન કરી ધર્મધ્યાનમાં એકાગ્ર મનવાળા એવા તે બંને મરણ પામીને સ્વર્ગે ગયા.

પછી રાજાએ કહ્યું કે :-'અલ્પ માત્ર કઠોર વચન બોલવાથી પણ આવી અવસ્થા થઈ તો મારા જેવાની શી ગતિ થશે ? અહો ! આ સંસારને ધિકકાર થાઓ.' આ પ્રમાણે કહીને રાજા અને જસાદિત્યે ચારિત્ર અંગીકાર કર્યું, અને ચોરે પણ ત્યાં આવી પોતાનું પાપ પ્રકટ કરીને ચારિત્ર લીધું. ઉગ્ર તપ તપીને તે ત્રણે સ્વર્ગે ગયા.

## ઇતિ ચંદ્રા સર્ગ કથા :

કઠોર વચનનું આવું ખરાબ ફળ જાણીને ક્રોધ કરવા વિગેરેના પ્રયત્નથી ત્યાગ કરવો કારણ કે વચન અને કાયાથી કરેલ હિંસા તો દૂર રહો, પરંતુ મનથી ચિંતવેલ હિંસા પણ પોતાના જીવનો વિનાશ કરનારી અને નરકનાં દુઃખ આપનારી થાય છે. તે આ પ્રમાણે :—

પૂર્વે કોઈ રંક ભિક્ષુક વૈભારગિરિના ઉદ્યાનમાં ઉજાણી આવેલા લોકો પાસે ભિક્ષા માગવા ગયો, પણ તેના કર્મદોષથી

તેને ભિક્ષા ન મળી, તેથી તે અંતરમાં વિચારવા લાગ્યો કે:- "અહો! ભક્ષ્યભોજ્ય પુષ્કળ છતાં પણ આ લોકો મને ભિક્ષા આપતા નથી, માટે હું આ સર્વનો ઘાત કરૂં. (સર્વને મારી નાખું) એ પ્રમાણે રૌદ્રધ્યાન વડે ચિંતવીને પર્વત પર ચડી નિર્દયપણાથી એક મોટી શિલા મૂળમાંથી ઉપાડીને ગબડાવી. તે મોટી શિલા નીચે આવતાં ઘણા લોકો તેની નીચે કચરાઈ ગયા અને તે ભિક્ષુક પણ ચૂર્ણ થઇ ગયો. ભિક્ષુક મરણ પામીને નરકે ગયો. (અન્યત્ર તે શિલા નીચે ભિક્ષુક જ દબાઈ ગયો એમ કહ્યું છે.) એ કારણ માટે મન, વચન અને કાયાથી જીવ હિંસાનો ત્યાગ કરવો. (જુઓ! મનથી ચિંતવેલ પાપ પણ તે ભિક્ષુકને નરકગમન માટે થયું.)

એ પ્રમાણે જીવહિંસાના ત્યાગરૂપ પહેલા અણુવ્રતના સંબંધમાં વ્યાખ્યાન આપીને ગુરૂ આગળ બીજા વ્રત સંબંધી કહેવા લાગ્યા.

બીજું અણુવ્રત મૃષાવાદવિરમણ નામનું છે. તેના પાંચ અતિચારો વર્જવા યોગ્ય છે:- મિથ્યા ઉપદેશ, સહસાત્કારે આળ દેવું, ગુપ્ત કથન, વિશ્વસ્ત જનનો છુપો ભેદ પ્રગટ કરવો અને ખોટો લેખ લખવો—એ સત્યવ્રતના પાંચ અતિચાર છે.' સત્ય વચનથી દેવતાઓ પણ સહાયતા કરે છે કહ્યું છે કે:-'સત્યના પ્રભાવથી નદી નીરપૂર્ણ થઈને વહે છે, અગ્નિ શાંત થાય છે, સિંહ, હાથી અને મહાસર્પ—એ સત્યવતીએ કરેલી રેખા (લીટી) ને ઓળંગવા સમર્થ થતા નથી, ઝેર, ભૂત કે મોટા શસ્ત્રો પણ તેના પર ચાલી શકતા નથી; વધારે શું કહેવું? પણ સત્યાસક્ત જનથી દૈવ પણ દૂર થઇ જાય છે. જે સત્ય

વચન બોલે છે, તેની પાસે અગ્નિ જળ સમાન, સમુદ્ર સ્થળ સમાન, શત્રુ મિત્ર સમાન, દેવતાઓ સેવક સમાન, જંગલ નગર સમાન, પર્વત ગૃહ સમાન, સર્પ પુષ્પમાળા સમાન, સિંહ હરણ સમાન, પાતાળ છિદ્ર સમાન, અસ્ત્ર કમળના દળ સમાન, વિકરાળ હાથી શિયાળ સમાન, વિષ અમૃત સમાન અને ભયંકર પણ અનુકૂળ થઈ જાય છે.' વળી બોબડાપણું, કાહલત્વ, મુંગાપણું મુખરોગતા, એ અસત્યનું ફળ જોઈને કન્યાઅસત્ય વિગેરે અસત્યનો ત્યાગ કરવો.' કન્યા, ગાય અને ભૂમિ સંબંધી અસત્ય, થાપણ ઓળવવી અને ખોટી સાક્ષી પૂરવી–એ પાંચ મોટા અસત્ય કહેલા છે.' જુઓ ! નારદ અને પર્વત નામના બે મિત્રના સંવાદમાં ગુરૂપત્ની પ્રાર્થનાથી થોડું પણ અસત્ય બોલતાં પણ વસુરાજા ઘોર દુર્ગતિ પામ્યો. વળી ખોટી સાક્ષી પૂરવાથી બ્રહ્મા પૂજારહિત થયા અને કેટલાક દેવતાઓ નાશ પામ્યા. સત્યની પરીક્ષામાં પાર ઉતરતાં શું મનુષ્ય સાક્ષાત હરિની જેમ પૂજિત થતો નથી ? થાય છે. આ વ્રતના સંબંધમાં વસુરાજાનું દષ્ટાંત આ પ્રમાણે છે તે સાંભળો :–

## વસુરાજાની કથા :

આ ભરતક્ષેત્રમાં શુક્તિમતી નામે નગરી છે, જે સર્વ નગરીઓમાં પોતાની શોભાથી વધારે શોભી રહી છે. ત્યાં સર્વ રાજાઓમાં મુગટ સમાન અને પોતાના તેજથી શત્રુરૂપ અંધકારનો નાશ કરનાર શ્રીમાન અભિચંદ્ર નામે રાજા રાજ્ય

કરે છે તેને કમલાવતી નામની પટરાણી છે. વિષય સુખ ભોગવતાં તે દંપતીને વસુ નામે પુત્ર થયો. તે મહામતિ બાલ્યાવસ્થાથીજ સત્યવ્રતમાં આસક્ત છે. રમત કરતાં પણ તે સાચું જ બોલે છે. જો કે તે વિનયી, ન્યાયવાન, ગુણનો સાગર તથા સકળ કળામાં કુશળ હતો, છતાં પણ સત્ય વ્રત તેને વધારે ઇષ્ટ હતું; સ્વપ્નમાં પણ તે અસત્યને ઇચ્છતો નહિ.

તે નગરીમાં બ્રહ્મવિદ્યામાં નિપુણ અને સકળ શાસ્ત્ર-વિશારદ–એવા ક્ષીરકદંબક નામના ઉપાધ્યાય રહેતા હતા તેને પર્વત નામે પુત્ર હતો. પર્વત અને દેશાંતરથી આવેલો નારદ–એ ત્રણે ક્ષીરકદંબક ઉપાધ્યાયની પાસે નિરંતર શાસ્ત્રાભ્યાસ કરતા હતા. તે ત્રણે ગુરૂભક્તિમાં મશગુલ હતા કહ્યું છે કે:– ‘એક અક્ષર આપનારને પણ જે ગુરૂ તરીકે ન માને, તે શ્વાનની યોનિમાં સો વાર ઉત્પન્ન થઈને ચાંડાળકુળમાં જન્મ પામે છે. જે ગુરૂ એક અક્ષર પણ ભણાવે, તેમને જગતમાં એવી એકે વસ્તુ નથી કે જે આપીને ઋણમુક્ત થવાય.’ તે ત્રણે નાના પ્રકારના પાંડિત્યશાસ્ત્ર શીખતા હતા. શાસ્ત્રાભ્યાસ કરવાથી પુરૂષો સર્વ ઈષ્ટને પ્રાપ્ત કરે છે કારણ કે:–(વિદ્યાનામ નર-સ્યરૂપ મધિકં પ્રચ્છન્નં ગુપ્તં ધનં) વિદ્યા એ પુરૂષનું અધિક રૂપ છે, તે પ્રચ્છન્ન અને ગુપ્ત ધન છે; વિદ્યા, ભોગ, યશ અને સુખને આપે છે, તે ગુરૂની પણ ગુરૂ છે, વિદેશગમનમાં તે બધુ સમાન છે; તે પરમ દેવતા છે, રાજાઓમાં તે પૂજાયેલી છે, પણ ધન પૂજાયેલું નથી, માટે વિદ્યાહીન પુરૂષ તે પશુ સમાન છે.’ અહીં ઉપાધ્યાય તેમને આદરપૂર્વક ભણાવતા હતા.

એકદા રાત્રે અગાશી પર બેઠેલા ગુરૂ જાગતા હતા અને થાકના વશથી ત્રણે શિષ્યોને ભણતાં ભણતાં ક્ષણભર નિંદ્રા આવી ગઈ હતી. એવામાં આકાશમાં જતાં બે ચારણ શ્રમણ મુનિ તેમને જોઈને પરસ્પર કહેવા લાગ્યા કે :–'આ ત્રણ વિદ્યાર્થીઓમાં એક મોક્ષગામી છે અને બીજા બે નરકગામી છે.' આ પ્રમાણે સાંભળીને ક્ષીરકદંબક ઉપાધ્યાય તરત મ્લાન (ઉદાસ) મુખવાળા થઈને વિચારવા લાગ્યા કે :–'આ વચન ખરેખર દુઃખે સાંભળી શકાય એવું છે, મને ધિક્કાર છે કે હું અધ્યાપક છતાં મારા શિષ્યો નરકે જાય; પરંતુ આ કોઈ પણ જ્ઞાનીનું વચન હોવાથી તે અસત્ય થાય એમ લાગતું નથી. તો પણ નરકે કોણ જશે અને મોક્ષે કોણ જશે તેની પરીક્ષા તો કરવી જોઈએ.' પછી તે જાણવાને માટે સવારે ગુરૂએ ત્રણેને પોતાની પાસે બોલાવ્યા અને તેમને એક એક લોટનો કુકડો આપીને કહ્યું કે :–'જ્યાં કોઈ ન જુએ ત્યાં એને મારી નાખવો' આ પ્રમાણેનું ગુરૂનું વચન સાંભળીને વસુ અને પર્વત તો પોત-પોતાને આપેલ કુકડો લઈને શૂન્ય (નિર્જન) પ્રદેશમાં ગયા, અને ત્યાં તેમણે તેને મારી નાખ્યો. નારદ તે કુકડો લઈને નગરની બહાર નિર્જન પ્રદેશમાં જઈ સ્થિર ચિત્તે મનમાં ચિંતવવા લાગ્યો કે :–'ગુરૂરાજે એવી આજ્ઞા કરી છે કે–જ્યાં કોઈ ન જુએ ત્યાં એને મારવો. પરંતુ અહીં તો પક્ષીઓ અને વૃક્ષો જુએ છે.' પછી તે પર્વતની ગુફામાં ગયો અને ચિંતવવા લાગ્યો કે :–'અહીં પણ લોકપાળ અને સિદ્ધો જુએ છે, માટે શી રીતે એનો ઘાત કરૂં ? પરંતુ ગુરૂરાજ દયાવંત અને હિંસાથી સર્વથા વિમુખ છે, તેથી તે હિંસા કેમ કરાવે ?

માટે ખરેખર ! અમારી બુદ્ધિની પરીક્ષા કરવાને માટે જ આ પ્રમાણે આદેશ કર્યો હશે' એમ વિચારી કુકડો લઈને તે પાછો આવ્યો અને કુકડાને ન મારવાનો હેતુ ગુરૂને નિવેદન કર્યો, એટલે ગુરૂએ વિચાર્યું કે :–'આ નિશ્ચય મોક્ષે જશે,' એમ ચિંતવી સ્નેહથી 'બહુ સારૂ" એમ કહ્યું. પછી 'તું મને ઇષ્ટ છે, તું સુકૃતિ અને ધન્ય છે.' એમ પ્રશંસા કરી ઉપાધ્યાય તેનું ગૌરવ કરવા લાગ્યા. એવામાં વસુ અને પર્વત પાછા આવીને આ પ્રમાણે બોલ્યા કે :–'જ્યાં કોઈ પણ ન જોઇ શકે ત્યાં જઇને અમે કુકડાને મારી આવ્યા' ગુરૂએ કહ્યું કે :–'તમે અને વિદ્યાધરો વિગેરે જોતા હતા, છતાં કોઇ જોતું નથી એમ ધારીને અરે ! પાપિષ્ઠો ! તમે, કુકડાને કેમ માર્યો ? તમને ધિક્કાર થાઓ' પછી ગુરૂને વિચાર થયો કે :–"મુનિઓએ જે કહ્યું છે તે સત્ય છે, જરૂર આ બંને નરકગામી છે; તો હવે એમને ભણાવવાથી શું ? એને ભણાવવા તે અંધને અરિસો દેખાડવો, બહેરા આગળ શંખ વગાડવો, વનમાં વિલાપ કરવા. પથ્થર પર કમળ રોપવા અને ક્ષાર ભૂમિમાં વરસવું તેના જેવું છે. કહ્યું છે કે :–'જે ગુણ વિદ્યમાન છતાં પણ અધોગતિ થાય એવા ગુણોને આગ લાગો, તેવું શ્રુત પાતાળમાં ચાલ્યું જાઓ અને તેવું ચાતુર્ય (ચતુરાઇ) વિલય પામો કેમકે તે તો ઉલટું હાનિકારક છે.' તેજ જળ કે જે તરસને છેદે, તેજ અન્ન કે જે ભૂખને દૂર કરે, તેજ બંધુ કે જે આપણી પીડાને ધારણ કરે—આપણને સહાય કરે અને તેજ પુત્ર કે જેનાથી પિતાને નિવૃત્તિ મળે. તે જ શ્રુત શીખ્યું અને સાંભળ્યું પ્રમાણ છે કે જેથી આત્મા નરકમાં ન પડે.

શેષ બધું કલેશ નિમિત્તે જ છે અને બધી વિડંબના છે' જ્યારે મારો પુત્ર પર્વત અને રાજપુત્ર વસુ કે જે બંનેને મેં ભણાવ્યા છે છતાં એ બંને નરકે જવાના છે તો હવે મારે ગૃહવાસથી શું ?" એ પ્રમાણે નિર્વેદ પામીને ઉપાધ્યાયે દીક્ષા લીધી એટલે તેની પદવી પર્વતને મળી. તે શાસ્ત્રોની વ્યાખ્યા કરવામાં વિચક્ષણ થયો. વિશુદ્ધમતિ નારદ ગુરૂપ્રાસાદથી સર્વ શાસ્ત્રમાં વિશારદ થઈ સ્વસ્થાને ગયો, અને ગુરૂનો યોગ મળવાથી અભિચંદ્ર રાજાએ દીક્ષા લીધી; એટલે વસુ વસુદેવ સમાન રાજા થયો. તે વસુ પૃથ્વીતળ પર સત્યવાદીના નામથી પ્રસિદ્ધિ પામ્યો અને તે સત્ય વચન જ બોલવા લાગ્યો.

એકદા કોઇ શિકારીએ વનમાં શિકાર કરવા જતાં હરણ સામે બાણ છોડયાં. તે બાણો વચમાં અટકી ગયા, એટલે તે બાણ અટકવાનું કારણ જાણવાને નજીક ગયો. ત્યાં હાથવડે સ્પર્શ કરતાં આડી સ્ફટિકની શિલા છે એમ તેના જાણવામાં આવ્યું. તે મનમાં ચિંતવવા લાગ્યો કે :–' આની પેલી બાજુ ચરતો હરણ ભૂમિછાયાની જેમ મારા જોવામાં આવ્યો હતો. ખરેખર હાથથી સ્પર્શ કર્યા વિના આ શિલા છે એમ સર્વથા જાણી શકાય તેમ નથી, માટે આ શિલા પૃથ્વીપતિ વસુરાજાને યોગ્ય છે." એમ વિચારી તે શિલા તે તેણે ગુપ્ત રીતે વસુરાજા ને ભેટ કરી. એટલે રાજાએ સંતુષ્ટ થઈને તેનો સ્વીકાર કર્યો, અને તેને સારી રીતે ઇનામ આપ્યું. પછી રાજાએ તે શિલાની ગુપ્ત રીતે પોતાના આસનની વેદિકા ઘડાવી, અને તે ઘડનારા શિલ્પીને મારી નંખાવ્યો. ' રાજાઓ કદાપિ પોતાના થતા નથી.'

પછી તે વેદિકાપર સિંહાસન સ્થાપીને વસુરાજા બેસાવા લાગ્યો એટલે બધા લોકો એમ કહેવા લાગ્યા કે :–'સત્યના પ્રભાવથી વસુરાજા નિરાધાર અદ્ધર સિંહાસન પર બેસે છે.' સત્યના પ્રભાવથી દેવતાઓ પણ વસુરાજાને સહાય કરવા લાગ્યા, તેથી તેની યશસ્વતી પ્રસિદ્ધિ દશે દિશાઓમાં સર્વત્ર વ્યાપી ગઈ, અને તેને લીધે અન્ય રાજાઓ સર્વે ભય પામીને તેને સ્વાધીન થઇ ગયા. વસુરાજાનો સર્વત્ર જય થવા લાગ્યો.

એકદા નારદ ઈષ્ટ એવા ગુરૂભાઈ પર્વતને મળવાને માટે ત્યાં આવ્યો. તે વખતે પર્વત વિદ્યાર્થીઓને 'अजैर्यष्टवय' એ પદનો અર્થ શિખવતો હતો. ત્યાં 'અજ એટલે બકરાથી યજન કરવું' એવો તેનો કરેલો અર્થ સાંભળીને નારદે કહ્યું કે "હે ભ્રાતા ! ભ્રાંતિથી ફોગટ અસત્ય શા માટે બોલે છે ? ગુરૂજીએ તો 'અજ એટલે ન ઉગે એવા ત્રણ વર્ષના વ્રીહિથી યજન કરવું" એમ કહ્યું હતું 'न जायन्ते इत्यजा' 'ઉત્પન્ન ન થાય તે અજ' એમ અજ શબ્દની વ્યાખ્યા કરી હતી, તે શા કારણથી તું ભૂલી ગયો ?" એટલે પર્વત બોલ્યો કે :– 'પિતાજીએ એમ નહોતું કહ્યું પણ અજનો અર્થ મેષ (બકરો) જ કર્યો હતો.' ફરી નારદ બોલ્યો કે :–'શબ્દોના અર્થ અનેક થાય છે, પરંતુ ગુરૂજી દયાવંત હોવાથી તેમણે અજનો અર્થ બકરો કહેલ નથી, માટે હે મિત્ર ! તું એવો અર્થ કરીને ફોગટ પાપ ન બાંધ' એટલે પર્વત ફરી આક્ષેપથી બોલ્યો કે :–'તું ખોટું બોલે છે.' આ પ્રમાણે વાદ કરતાં પોતપોતાના પક્ષને સ્થાપન કરવા તેમણે જીભછેદનો પણ નિર્ણય

કર્યો. અને તેમણે પ્રતિજ્ઞા કરી કે:–'આપણે સહાધ્યાયી વસુરાજા સત્યવાદી છે માટે તે જે અર્થ કહે તે સત્ય માનવો.'

નારદ ગયા પછી પર્વતની માતાએ પર્વતને એકાંતમાં બોલાવીને કહ્યું કે: 'હે વત્સ! તારા પિતાએ અજ એટલે ત્રણ વરસના વ્રીહિ કહ્યા છે, તો તેં જીભછેદનું પણ શા માટે કર્યું? હે પુત્ર! વિચાર કર્યા વિના કામ કરનારા પુરૂષો આપત્તિને પામે છે અહો! તું ફોગટ હારી ગયો.' પર્વત બોલ્યો કે:–'હે માતા હવે શું કરૂં? હવે તો જે થવાનું હોય તે થાઓ. અભિમાનને કાંટે ચડેલો જીવ કૃત્યાકૃત્યને જાણતો નથી' પછી પર્વતની માતા દુઃખથી પીડિત થઈને છાની રીતે વસુરાજા પાસે ગઇ, એટલે વસુરાજા તેમને જોઈને ઉભો થયો અને સન્મુખ આવીને પગે પડી બોલ્યો કે: 'હે માતા! શો હુકમ છે? તમારે માટે હું શું કરૂં? શું આપું?' તે બોલી કે:–'હે રાજન્! મને પુત્રભિક્ષા આપો. પુત્ર વિના ધન, ધાન્યનું શું પ્રયોજન છે?' વસુરાજા બોલ્યો કે:–'હે માતા! મારો ભ્રાતા પર્વત તમારો પુત્ર છે, મારા ભાઈનો ઘાત કરવા કોણ તૈયાર થયો છે? કોણ તેનો પરાભવ કરે છે?' એટલે તેણે બધો વૃત્તાંત કહી બતાવ્યો; અને જીભછેદનો પણ નિર્ણય કર્યા સંબંધી બધું કહી સભળાવ્યું. અંતે તે બોલી કે:–'એ સંબંધમાં તમને પ્રમાણભૂત કરેલ છે, માટે ભાઇની રક્ષાને માટે તમારે અજ શબ્દનો બકરો અર્થ કરવો. સંતજનો તો પોતાનો પ્રાણ આપીને પણ પરનો ઉપકાર કરે છે, તો વચનથી કરે તેમાં તો શું કહેવું? રાજા બોલ્યો કે:–''હે માતા! હું સર્વથા ખોટું બોલતો નથી. સત્યવાદી પુરૂષો પ્રાણાંતે પણ

અસત્ય બોલતા નથી. વળી બીજું પણ સાંભળો—પાપભીરૂ પુરૂષ ગુરૂવાણીને પણ અન્યથા કેમ કરી શકે ? વળી ખોટી સાક્ષી પૂરનાર નરકે જાય છે—એમ સ્મૃતિમાં પણ કહ્યું છે.” આ પ્રમાણે સાંભળીને તે રોષ લાવીને બોલી કે :—‘ હે રાજા ! તારી પાસે કદાપિ મેં કંઈ માગ્યું નથી, આજે જ હું માગવા આવી છું, માટે ગમે તેમ કરીને પણ મારી માગણી કબુલ રાખ.’ એટલે તે પ્રમાણે બોલવાનું વસુરાજાએ માન્ય રાખ્યું, પછી ક્ષીરકદંબકની પત્ની ખુશ થઈને પોતાને ઘેર ગઈ.

પછી નારદ અને પર્વત બંને રાજસભામાં આવ્યા. વસુરાજાએ તેમને સન્માન આપ્યું. તેઓ બંને આસનપર બેઠા અને પોતપોતાના પદનું વ્યાખ્યાન કરીને બોલ્યા કે :—“હે રાજન્ ! તું અમારો સહાધ્યાયી સાથે ભણેલ છે અને સત્યવાદી છે. માટે સત્ય બોલ. ગુરૂજીએ અજ શબ્દની વ્યાખ્યા શું કરી છે ? તું અમારો સાક્ષી છે, વળી સત્યથી બધું ઇષ્ટ સિદ્ધ થાય છે, રાજ્યાધિષ્ઠાયિક દેવો, લોકપાળો અને દિક્પાલ બધા સાંભળે છે; તેથી હે રાજન્ ! સત્ય જ બોલજે. સૂર્ય કદાચ પૂર્વ દિશા તજીને બીજી દિશામાં ઉગે અને કદાચ મેરૂપર્વત પણ ચળાયમાન થાય, તથાપિ સત્યધન પુરૂષો કોઈ રીતે અસત્ય બોલતા નથી.” આ પ્રમાણેનાં સત્યતાપ્રેરક તેમનાં વચનો સાંભળ્યા છતાં દુર્ગતિએ જવાનું હોવાથી પોતાની સત્યપ્રસિદ્ધિની પણ અવગણના કરીને વસુરાજા બોલ્યો કે :—‘ગુરૂજીએ અજ શબ્દનો અર્થ બકરો કહ્યો છે.’ આ પ્રમાણે રાજાએ ખોટી સાક્ષી પૂરી; એટલે તેના અસત્ય વચનથી તેના પર દેવતાઓ રૂષ્ટમાન થયા અને તેને સિંહાસન ઉપરથી નીચે પાડી દઇ પેલી શુદ્ધ

સ્ફટિકની શિલા લઈ ગયા. વસુરાજા રૂધિર વમતો સિંહાસનથી નીચે પડયો; એટલે 'ચાંડાળની જેમ ખોટી સાક્ષી આપનારનું મુખ કોણ જુએ ?' એમ વસુરાજાની નિંદા કરતો નારદ તરત જ સ્વસ્થાને ગયો; અને વસુરાજા મરણ પામીને નરકે ગયો. તે અપરાધીના અનુક્રમે રાજ્ય પર બેસતા આઠ પુત્રોને ક્રોધાયમાન થયેલા દેવતાઓએ નીચે પાડીને મારી નાખ્યા.

એ પ્રમાણે અસત્ય વચનનું ફળ જાણીને સુજ્ઞ પુરૂષે સ્વપ્નમાં પણ અસત્ય ન બોલવું. 'જેમ ગળણાથી જળ, વિવેકથી ગુણો અને દાનથી ગૃહસ્થ શુદ્ધ થાય છે, તેમ વચન સત્યથી શુદ્ધ થાય છે.' સત્યના પ્રભાવથી દેવો પણ પ્રસન્ન થાય છે. પાંચ પ્રકારના સત્યથી દ્રૌપદીને આમ્રવૃક્ષે જલ્દી ફળ આપ્યાં હતાં. જેમ સુવર્ણ અને રત્નના બનાવેલાં બાહ્ય ભૂષણો હોય છે, તેમ સત્યવચન એ અંતરનું ભૂષણ છે કહ્યું છે કે:– 'ખોટી સાક્ષી પૂરનાર, પરનો ઘાત કરનાર, પરના અપવાદ બોલનારા, મૃષાવાદી અને નિઃસાર બોલનાર–એ સર્વથા નરકે જાય છે,' જે વચનથી પરનો અપકાર થાય–તે સત્ય છતાં અસત્ય છે અને જે વચનથી પરનો ઉપકાર થાય, તે અસત્ય વચન છતાં પણ સત્ય છે. હાસ્યથી પણ જો અસત્ય બોલાય તો તે દુઃખદાયક છે. જુઓ ! હર્ષથી વિષનું ભક્ષણ કરતાં શું તે મારતું નથી ? 'હસતાં સહજમાં જે કર્મ બંધાઈ જાય, તે રોતાં પણ છુટતું નથી' એવું સિદ્ધાંતનું કથન જાણીને ચતુર પુરૂષ મૃષાવાદના કાદવથી લેપાતો નથી. આ પ્રમાણે વસુરાજાનું દૃષ્ટાંત સાંભળીને વિશેષજ્ઞ જનોએ વિશેષે અસત્યને વર્જવું.

મૃષાવાદના સંબંધમાં વિશેષ પુષ્ટિ માટે બીજું દષ્ટાંત આપે છે—કોઈ સંન્યાસી વિદ્યાબળે આકાશમાં અધર વસ્ત્ર રાખતા બહુ માન પામ્યો, પણ મૃષાવાદ બોલી વિદ્યાગુરૂને ઓળવતાં તે પતિત થયો અને લઘુતા પામ્યો. તેનું દષ્ટાંત આ પ્રમાણે છે

સુદર્શનપુરમાં કોઈ હજામ રહેતો હતો. તેણે કોઇ યોગીની સેવા કરીને તેની પાસેથી એક વિદ્યા મેળવી, તેથી તે વસ્ત્રો[૧] ધોઇને આકાશમાં નિરાધાર રાખી શકતો હતો એકદા કોઈ સંન્યાસીએ તેની પાસે યાચના કરી કે :–'હે ભદ્ર ! એ સદ્વિદ્યા તું મને આપ,' પેલા હજામે તેને સત્પાત્ર જાણીને તે વિદ્યા આપી. પછી તે સંન્યાસી વિદ્યા લઈને દેશાંતરમાં ભમવા લાગ્યો. તે સર્વત્ર પોતાના વસ્ત્રો ધોઈને ઉંચે આકાશમાં નિરાધાર રાખતો હતો તેથી લોકોએ આશ્ચર્ય પામીને એકદા તેને પૂછ્યું કે :–'હે સ્વામિન્ ! આવી મહાવિદ્યા તમે ક્યાંથી મેળવી ? એટલે તે બોલ્યો કે :–'હે લોકો ! જુઓ, આ સર્વ મારા તપનો પ્રભાવ છે ! એમાં ગુરૂનો કે વિદ્યાનો પ્રભાવ નથી. એમ બોલતાં જ તેનાં વસ્ત્રો નીચે પડયાં અને તેની વિદ્યા નષ્ટ થઈ ગઈ. એ કારણ હે ભવ્યજનો ! મૃષાવાદના પ્રભાવથી વિદ્યા પણ અવિદ્યા થઈ જાય છે; માટે મૃષાવાદ સર્વથા વર્જનીય છે.

હવે ત્રીજું અણુવ્રત અદત્તાદાનવિરમણ છે. તેના પણ પાંચ અતિચાર વર્જવા યોગ્ય છે તે આ પ્રમાણે :–'ચોરને અનુજ્ઞા આપવી, તેનો ચોરીનો માલ લેવો, રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું, વસ્તુમાં ભેળસેળ કરીને વેચવી અને તોલ

---

૧. અન્યત્ર પોતાના અસ્ત્રા અદ્ધર રાખતો હતો એમ કહેલું છે.

માપમાં હગલબાજી કરવી ’ પડી ગયેલ, વીસરી ગયેલ, ખોવાઈ ગયેલ, રહી ગયેલ, સ્થાપન કરેલ યા રાખેલ-પારકું ધન જે અદત્ત ગણાય છે તે સુજ્ઞ જનોએ કદાપિ ન લેવું. જે અદત્તને ગ્રહણ કરતો નથી તેની સિદ્ધિ અભિલાષા કરે છે, સમૃદ્ધિ તેને વરે છે, કીર્તિ તેની સન્મુખ આવે છે, ભવની પીડા તેને તજી દે છે, સુગતિ તેની ઈચ્છા કરે છે, દુર્ગતિ તેને જોતી પણ નથી અને વિપત્તિ તો તેનો ત્યાગ જ કરે છે. દેખીતી રીતે પરના હિતાહિતાર્થ જાણવાનું જેણે દૂર કરેલું છે એવો ચોર પણ વૈરાગ્યરૂપી શસ્રથી મોહરૂપ અંધકાર અને કર્મરૂપ મળ નષ્ટ થઈ જવાને લીધે અંતર્દ્રષ્ટિ પ્રગટવાથી દૃઢપ્રહારીની જેમ સમભાવવડે શુદ્ધ થાય છે. જુઓ ! મોટો દાવાનળ પણ શું મેઘથી દૂર થતો નથી ? થાય છે. સુજ્ઞ જન પરનું એક તૃણ માત્ર પણ વગર દીધુ (અદત્ત) લેતો નથી કારણ કે ચાંડાળને આંગળાથી સ્પર્શ કરતાં શું માણસ અભડાય નહિ ? આખા શરીરે અડે તો જ અભડાય ? વેર, વૈશ્વાનર તે ક્રોધ અથવા અગ્નિ, વ્યાધિ, વ્યસન અને વાદ–એ પાંચ વકાર વધવાથી મહા અનર્થ કરે છે. ચોરીનું પાપ તપ કરતાં છતાં પણ પ્રાયઃ ભોગવ્યા વિના ક્ષીણ થતું નથી. એ સંબંધમાં મહાબલનું દૃષ્ટાંત સમજવા લાયક છે તે આ પ્રમાણે :–

આ ભરતક્ષેત્રમાં શ્રીપુર નામના નગરમાં યથાર્થ નામવાળો માનમર્દન નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં એક બળીષ્ટ મહાબળ નામે કુળપુત્ર રહેતો હતો. તેના માબાપ બાલ્યવયમાં જ મરણ પામ્યા હતા. તેથી અંકુશ વિના સર્વત્ર ભમતાં પૂર્વ દુષ્કર્મના દોષથી તેને જુગારનું વ્યસન લાગુ

પડ્યુ. અનુક્રમે તે સાતે વ્યસનમાં આસક્ત થયો, કહ્યું છે કે :-

द्यूतं च मांसं च सुरा च वेश्या,
पापर्द्धिचौर्यं परदारसेवा ।
एतानि सप्त व्यसनानि लोके,
घोरातिघोरं नरकं नयंति" ॥

'જુગાર, માંસ, દારૂ, વેશ્યા, શિકાર, ચોરી અને પરદારસેવા-એ સાત વ્યસનો પ્રાણીને ભયંકર નરકમાં લઇ જાય છે.' તે મહાબલ એકદા રાત્રે ચોરી કરવા માટે દત્ત નામના શેઠના ઘરમાં પેઠો, અને જાળીમાંથી તેણે ઘરની અંદર જોયું તો મેળમાં એક દોકડાની ભૂલ આવવાથી પોતાના પુત્રની સાથે તે કજીયો કરતો હતો. એટલે ચોરે વિચાર કર્યો કે:-'એક નજીવી બાબતને માટે આટલી મધ્યરાત્રે નિંદ્રાથી વિમુખ થઇ જે પુત્રની સાથે આવો કજીયો કરે છે, તેનું ધન જો હરણ કરવામાં આવે, તો તેનું હૃદય તરત ફાટી જાય અને તે મરણ પામે, માટે આનું કાંઇપણ ન લેતાં અન્યત્ર જાઉં.' એમ વિચારીને તે કામસેના વેશ્યાના ભવનમાં ગયો. પણ તે ચોરે જોયું કે :- કામસેના વેશ્યા રતિ કરતાં અધિક રૂપવંત છતાં દ્રવ્યને માટે એક કોઢીની સાથે વિવિધ પ્રકારના ઉપચાર અને હાવભાવ વિગેરે કરતી હતી. તે જોઈને ચોર ચિંતવવા લાગ્યો કે :-'ધનની વાંચ્છાથી આવા કોઢીની સાથે પણ જે વિલાસ કરે છે, એના ધનની મારે જરૂર નથી.' આ પ્રમાણે

વિચાર કરતાં તેને એવી મતિ આવી કે:–'અન્ય પામર જનોની ચોરી કરવાથી શું? સકળ અર્થને સાધનાર એવા રાજમંદિરમાં જ જાઉં.' એમ વિચારી એકાગ્ર મનથી તે રાજમંદિરમાં ખાતર પાડવા પેઠો. ત્યાં રાણીની સાથે સુખનિદ્રામાં સુતેલા રાજાને જોઇને તે અત્યંત ખુશ થઈ આ પ્રમાણે ચિંતવવા લાગ્યો કે:–'અહો! મારૂં ભાગ્ય જાગતું છે કે જેથી ચિંતામણિ સમાન સર્વ ઇચ્છા પૂરનાર રાજા જ હાથ પડયો છે.' પછી રત્નદીપના પ્રકાશથી મનોહર હારાવળી વિગેરે અલંકારો તથા બહુ દ્રવ્યની પેટીઓ લેવાને તૈયાર થઈ જેટલામાં આજુબાજુ જુએ છે, એટલામાં બારણાના છિદ્રમાંથી પ્રવેશ કરતાં એક સર્પને તેણે જોયો. 'અરે! અહીં આ સર્પ શું કરશે?' એમ વિસ્મય પામી તે સાહસિક શિરોમણિ ત્યાં જ છુપાઇ રહ્યો. સર્પ પણ વાસગૃહમાં પ્રવેશ કરીને રાણીના મસ્તકના છુટા અંબોડા વડે ઉપર ચડી સુતેલી રાણીના ભાળ અને હાથને ડંસી પાછો વળી ચાલ્યો ગયો. તે જોઇ કૌતુક અને આશ્ચર્યથી તે ચોર નિઃશબ્દ દ્વાર ઉઘાડી તરત જ તેની પાછળ ચાલ્યો. એવામાં મહેલ પરથી નીચે ઉતરીને તે સર્પે મહાપુષ્ટ એવા બળદનું રૂપ ધારણ કર્યું. તે બળદે દંડ ઉપાડીને તેની પછવાડે દોડતાં મુખ્ય દરવાજાના દ્વારપાળને જમીનદોસ્ત કરીને સીંગના અગ્ર ભાગથી મારી નાખ્યો. તે બનાવ જોઇને ચોર પણ સાહસ પકડી બે હાથથી મજબુત રીતે તેના પૂંછને પકડીને પૂછવા લાગ્યો કે:–'અરે! તું કોણ છે? અને શા કારણે તેં એમને મારી નાખ્યા? તેમજ હવે શું કરવાનો છે તે કહે?' એટલે તે બળદ મનુષ્યવાણીથી બોલ્યો કે:–"હે ભદ્ર! મારૂં કથન સાંભળ-હું

નાગકુમાર દેવ છું. એ બંને મારા પૂર્વભવના વૈરી હતા, તેથી એ રાણી અને ચોકીદારને મારવાને માટે જ હું અહીં આવ્યો હતો.' ચોર બોલ્યો કે :–'જો એમ હોય તો હે સુંદર! કહે, મારૂં મરણ શી રીતે અને કોનાથી થશે?' દેવ બોલ્યો કે :– 'હે ભદ્ર! એ પશ્ચાત્તાપ ઉત્પન્ન કરનાર પ્રશ્ન ન પૂછ.' એટલે ચોરે ફરી વધારે આગ્રહથી પૂછ્યું; તેથી બળદ બોલ્યો કે :– 'હે ભદ્ર! સાંભળ–આજ નગરના રાજમાર્ગમાં એક મહાન્ વટવૃક્ષ છે, તેની શાખા પર લટકીને તારૂં મરણ થશે.' ફરી ચોર બોલ્યો કે :–તારૂં વચન સત્ય હશે, તો પણ કંઈક નિશાની બતાવ.' એટલે બળદ બોલ્યો કે :–' આવતી કાલે બપોરે રાજમહેલના શિખર પરથી સુથાર નીચે પડીને મરણ પામશે. તે નિશાનીથી તું પણ વટશાખામાં બંધાઇને મરણ પામીશ એમ માનજે. તે સાંભળીને અત્યંત ભયભીત થઈ તેને ચોરે છોડી મૂકયો, એટલે તે અદૃશ્ય થઈ ગયો.

બીજા દિવસે પેલા દેવે કહ્યું હતું તેવી જ રીતે બપોરે સૂત્રધારનું મરણ જોઈને પોતાના ભાવિ મરણના ભયથી વ્યાકુળ થઈ તે અત્યંત ગભરાઈ ગયો. તેને ભોજન પણ ભાવતું ન હતું. ખરેખર! જંતુઓને મરણનો ભય મહાદુઃખનું કારણ છે કહ્યું છે કે :—

"पंथसमा नत्थि जरा,
दारिद्दसमो पराभवो नत्थि ।
मरणसमं नत्थि भयं,
खुहासमा वेयणा नत्थि" ॥१॥

मृत्योर्बिभ्यति ते बाला ये स्युः सुकृतवर्जिताः ।
पुण्यवंतो नराः सर्वे मृत्युं प्रियतमातिथिं ॥२॥

'પંથ સમાન જરા નથી, દારિદ્ર સમાન પરાભવ નથી, મરણસમાન ભય નથી અને ભુખસમાન વેદના નથી.' (૧) વળી 'જે બાળ જીવો સુકૃતથી રહિત હોય છે તેઓ જ મરણથી ભય પામે છે; પુણ્યવંત પુરૂષો તો મૃત્યુને એક પ્રિયતમ અતિથિ માને છે.' (૨)

હવે મૃત્યુથી ભયભીત થયેલા ચોરે વિચાર કર્યો કે :– અહીં ફોગટ મારે શા માટે રહેવું ? અહીંથી દૂર જ ચાલ્યો જાઉં કે જેથી એ વૃક્ષની શાખા મારી નજરે જ ન પડે. વળી સંન્યાસ લઇને કોઈ નદીને કાંઠે બેસી સર્વ અનર્થને દૂર કરવા માટે તપ કરૂં.' આ પ્રમાણે વિચાર કરીને તે નગરની નજીકના કોઈ ગામની પાસે વનમાં એક નદીને કાંઠે કોઈ તાપસ પાસે તાપસી દીક્ષા લઇને તપ તપવા લાગ્યો. તેનો ગુરૂ મરણ પામતાં તેજ મઠમાં રહીને તે તીવ્ર અજ્ઞાનતપ કરવા લાગ્યો. તેમ કરતાં તેણે ઘણા વર્ષો પસાર કર્યા.

અન્યદા કોઇક ચોર રાત્રે રાજભવનમાંથી રાજાની રત્નની પેટીઓ લઈને ભાગ્યો. તેની પાછળ રાજપુરૂષો પડયા; એટલે તેના ભયથી પ્રેરાઈને ભયાકુળપણે ભાગતાં તે ચોર જ્યાં પેલો તાપસ થયેલો ચોર રહે છે તે ઉપવનમાં પેઠો, અને તે તાપસ થયેલા ચોરની પાસે પેલી પેટી મૂકીને દૂર ભાગી ગયો. પેલો તાપસ આભૂષણની પેટી જોઈ ખુશ થઇને મનમાં કહેવા લાગ્યો કે :–'અહો! મારા તપના પ્રભાવથી દૈવે મને રત્નાભરણની પેટી આપી. તપના પ્રભાવથી મનુષ્યોને શું શું નથી મળતું ?' એમ બોલતો જેટલામાં વિષકન્યાની જેમ હાથથી તે પેટીનો સ્પર્શ કરે છે તેટલામાં પ્રચંડ રાજપુરૂષોએ તે તાપસને ઘેરી લીધો. 'અરે! પાપિષ્ઠ! દુષ્ટ! તાપસના વેષથી આખા શ્રીપુરને લુંટયું અને અરે મુર્ખ! અત્યારે રાજવસ્તુની પણ ચોરી કરી.' એમ કહી લાકડી અને મુષ્ટિ વિગેરેથી સખત માર મારી ગાઢ બંધને બાંધીને તેઓ તેને શ્રીપુર નગર તરફ લઈ ચાલ્યા. એટલે ચોર તાપસ અંતરમાં વિચારવા લાગ્યો કે :–'પેલા દેવતાએ પૂર્વે જે મારૂં મરણ કહ્યું હતું તે અત્યારે ઉપસ્થિત થયું.' એમ મનમાં ચિંતવીને તે પ્રગટ રીતે આ શ્લોક બોલ્યો :—

"रक्ष्यते नैव भूपालैर्न देवैर्न च दानवैः ।
नीयते वटशाखायां कर्मणाऽसौ महाबलः" ॥

'પોતાના કર્મ આ મહાબલને વટશાખાપર લઈ જાય છે, તેનું રક્ષણ કરવાને રાજા, દેવ કે દાનવ કોઈ સમર્થ નથી.' આ શ્લોક સાંભળીને પેલા ક્રૂર રાજપુરૂષો બોલ્યા કે :–'ગળેથી

પકડેલા બકરાની જેમ તું વારંવાર શું બડબડ કરે છે ?' તેનો જવાબ આપ્યા વિના તે તાપસ તો વારંવાર તેજ શ્લોક બોલતો હતો પછી રાજપુરૂષોએ તેને રાજાને સુપ્રત કર્યો અને પેટી પણ રજુ કરી, એટલે તેની સામું જોતાં મનમાં સંશય લાવીને રાજાએ તેને કહ્યું કે :-'અહો ! તારૂં શરીર અને વેષ તો સૌમ્ય છે, તેથી આવું ચૌર્યકર્મ તને ઘટતું નથી.' આથી મહાબળ બોલ્યો કે :-'હે રાજન્ ! બધું ઘટે તેમ છે, કારણ કે વિચિત્ર દૈવને કંઈ પણ દુર્ઘટ નથી.

"रक्ष्यते तपसा नैव, न देवैर्न च दानवैः ।
नीयते वटशाखायां, कर्मणाऽसौ महाबलः" ॥

આ શ્લોક સાંભળી 'અહો ! એ વટ શું ? શાખા કઇ ? અને મહાબલ કોણ ?' એમ રાજાએ વારંવાર પૂછ્યું, છતાં તે ચોર તાપસ તો એ શ્લોક જ બોલવા લાગ્યો. એટલે આશ્ચર્ય અને મર્મગર્ભિત તે વચન જાણીને તે રાજાએ તેને બંધનમુક્ત કરાવી અભય આપીને આગ્રહથી પૂછ્યું. એટલે તેણે રાજાને ચોરી સર્પદંશાદિ સર્વ જેવો બનાવ બનેલો તેવો કહી સંભળાવ્યો ચોરે કહેલ વૃત્તાંત સાંભળીને સર્પે ડશેલ પોતાની સ્ત્રીના સ્મરણથી ઉત્પન્ન થયેલ રોષથી આંખને લાલ કરીને રાજા બોલ્યો કે :-'અરેરે ક્રૂર દૈવ ! અરે બાળ સ્ત્રી ને વૃદ્ધના ઘાતક ! અરે ! ચરપુરૂષની જેમ છિદ્રને જોનાર ! તે વખતે મારી પ્રાણપ્રિયાનું મારી અજાણમાં તેં હરણ કર્યું છે, પણ એવી કૂતરાની વૃત્તિથી તું ગર્વ કરીશ નહિ; હવે હું

રક્ષક છતાં જો આ મહાબળને તું પકડે, તો હું તને બહાદુર સૈનિક સમજું.' એમ કહીને રાજાએ પોતાની સંપત્તિથી તેનો સત્કાર કરી પોતાના પુત્રની જેમ તે મહાબલને પોતાની પાસે રાખ્યો, પુષ્ટ બનાવ્યો, અને દૈવનો તિરસ્કાર કરીને બોલ્યો કે :—'હે મહાબલ ! યમના શિરપર લાત મારીને તું રમત કર' મહાબલ ત્યાં રહીને સુખ ભોગવવા લાગ્યો; પરંતુ તે વૃક્ષની શાખા જોવાથી અંતરમાં તેને એક શલ્યરૂપ લાગતું હતું.

એકદા તેણે રાજાને વિજ્ઞપ્તિ કરી કે :—'હે રાજન્ ! જો મારા પર પ્રસન્ન હો, તો મને અહીંથી દૂર દેશાંતરમાં મોકલી દ્યો, કે જેથી દૃષ્ટિવિષ નાગણ જેવી એ શાખાને હું જોવા ન પામું.' રાજાએ કહ્યું કે :-'હે વત્સ ! તું ભય ન પામ, મારી ભુજાપંજરમાં રહેલા તને દૈવના સેવક પણ શું કરવાના છે? તું નિ શંક મનથી ભોગ ભોગવ.' રાજાનાં આવાં વચન સાંભળીને તે દૈવને નિર્માલ્ય ગણવા લાગ્યો એમ કરતાં કેટલોક કાળ પસાર થયો.

એકદા શૃંગાર સજી કંઠમાં સુવર્ણની સાંકળી તથા હારાદિક પહેરી ઘોડાપર બેસીને રાજાની સાથે રયવાડીએ જતાં કંઈક કારણસર તેની સ્ત્રીએ તેને પાછો વાળીને ઘેર બોલાવ્યો, એટલે તે ક્ષણવાર ઘરે રહીને ફરી વેગથી રાજાની પાછળ જવા ચાલ્યો. રસ્તામાં તે વટવૃક્ષની નીચે આવતાં મરણની શંકાથી તેણે અશ્વને ચાબુકથી સખ્ત રીતે માર્યો, એટલે અશ્વ એકદમ ઉછળ્યો અને મહાબલના ગળામાં રહેલી સુવર્ણની સાંકળી પછવાડેના ભાગથી ઉછળીને તેજ વટની શાખાના કોઇ તીક્ષ્ણ ભાગમાં ભરાઇ ગઈ. નીચે રહેલો અશ્વ એકદમ આગળ ચાલ્યો ગયો.

એટલે મહાબલ વડની શાખા સાથે લટકી જવાથી નિર્બળ થઇને પેલો શ્લોક સંભારી બોલવા જતો હતો, તેવામાં તો કંઠે ફાંસો આવી જતાં પીડિત થઈને તે મરણ પામ્યો. લોકોએ તેને નીચે ઉતાર્યો અને તેનો અનેક પ્રકારે ઉપાય કરવામાં આવ્યો, પણ તે સર્વ નકામો ગયો.

રાજાને તે ખબર પહોંચ્યા. એટલે કાનને શૂળરૂપ તે વચન સાંભળીને અત્યંત વિલાપ કરવા લાગ્યો-"હા! વત્સ! તેને આ શું થયું? અરે એ વટવૃક્ષનું મેં મૂળથી કેમ ઉન્મૂલન ન કર્યું? અરે! મેં પાપીએ એ શાખા (ડાળ) પણ કેમ કપાવી નાખી નહિ? અરે! મેં તને બીજા નગરમાં પણ કેમ ન મોકલ્યો? હવે મારો સર્વ રીતે માનભ્રંશ કર્યો. અહો! સૈન્ય અને વાહનયુક્ત હું રક્ષક નાથ છતાં અનાથની જેમ તારી કેવી દુર્દશા થઈ? શું આ મારૂં નાથત્વ? અથવા તો મારાથી શું રક્ષા થઈ શકે? અરે! આ શું મેં મિથ્યાભિમાન કર્યું? કોઈએ હજી જરાને જર્જરીભૂત કરી નથી, અને મૃત્યુને કોઈએ જીત્યો નથી. માટે રે જીવ! ખોટો ગર્વ કરતાં તને લજ્જા કેમ થતી નથી? હું કર્ત્તા, હું કર્ત્તા, હું ધણી, હું ગુણી-એ બધુ ફોગટ જ છે, હે દૈવ! કેવળ મારી સ્ત્રીનું હરણ કરીને તું બેસી ન રહ્યો, આ પુત્રનું પણ તેં હરણ કર્યું, અને મારા માનનું પણ તેં જ હરણ કર્યું. અથવા તો વિધાતા કોણ? દૈવ કોણ? યમ કોણ? જીવ પોતાના કરેલા શુભાશુભ કર્મનાં ફળ જ ભોગવે છે. માટે હે ચેતન! શુભ કર્મ કર." આ પ્રમાણે રાજાને સંબોધની સન્મુખ થયેલ જોઈને મંત્રીઓએ ચંદનાદિ કાષ્ટથી મહાબળના દેહનો અગ્નિ સંસ્કાર કરાવ્યો. તે દિવસથી

રાજા ચિંતાતુર, લજ્જિત અને ક્રીડારહિત થઈને મહેલમાંજ બેસી રહેવા લાગ્યો.

એકદા નંદનવનમાં બે ચારણશ્રમણ મુનીશ્વર પધાર્યા. તેમનું આગમન જાણીને મંત્રીશ્વરો રાજાને તેમની પાસે લઇ ગયા. એટલે મુનીંદ્ર પણ રાજાના ભાવને જાણીને બોલ્યા કે:– "આ સંસારમાં જીવ કર્મને લઇને સુખ દુઃખ ભોગવે છે, માટે સુખાર્થી જીવોએ શુભ કર્મનો સંચય કરવો, અને ચેતનસ્વરૂપ આત્માને સુજ્ઞાન સાથે જોડી દેવો, તથા અજ્ઞાનથી તેનો બચાવ કરવો. માણસો બુદ્ધિ, ગુણ, વિદ્યા, લક્ષ્મી, બળ, પરાક્રમ, ભક્તિ અને યુક્તિથી અથવા બીજા કોઈ પણ પ્રકારથી પોતાના આત્માને મરણથી બચાવવા સમર્થ નથી. કહ્યું છે કે:– 'શરીરના રક્ષણ કરનાર પર મૃત્યુ અને ધનના રક્ષણ કરનાર પર પૃથ્વી–પુત્રવત્સલ સ્વપતિ પર દુશ્ચારિણી સ્ત્રીની જેમ હસે છે' 'જે ઘટિત ન થઇ શકે-દૈવ તેને ઘટિત કરે છે, અને જે સુઘટિત થઈ શકે–તેને તે વિખેરી નાખે છે, જે પુરૂષના ખ્યાલમાં પણ ન આવી શકે–દૈવ તેને ઘટિત કરે છે.' એવો કોઇ પણ પ્રકાર નથી કે જેથી જંતુઓ પોતાના દેહની છાયાની જેમ ભવિતવ્યતાને ઓળંગી શકે. આ જીવ અશરણ છે. પ્રાણીઓ પર વારવાર પડતી જન્મ મરણની આફતને કોઇ નિવારી શકે તેમ નથી. આ પ્રાણો પાંચ દિનના અતિથિ છે, એમ જાણીને કોઈની ઉપર રાગ દ્વેષ શું કરવો ? અને સ્વપર કોણ ? અરણ્યના રૂદન તુલ્ય દૈવને ઠપકો દેવાથી શું ? અને સમુદ્રના અવગાહન તુલ્ય વિકલ્પની કલ્પનાથી પણ શુ ? સ્વપરનું ખરૂં સ્વરૂપ જાણવું જોઈએ." –આ પ્રમાણે ગુરૂએ

આપેલા બોધથી પ્રતિબોધ પામેલ રાજા વૈરાગ્યથી વ્રત અંગીકાર કરીને મોક્ષપદને પામ્યો. માટે પરદ્રવ્યના પરિહારમાં પરાયણ થઇ પુરૂષોએ તૃતીય વ્રતનું પાલન કરવું.

## ઇતિ અચૌર્ય વ્રતોપરી મહાબલ કથા :

હવે ચોથું અણુવ્રત-બ્રહ્મવ્રતનું પાલન કરવું, તેના પણ આ પ્રમાણેના પાંચ અતિચાર છોડવા યોગ્ય છે :–' ઇત્વર પરિગૃહિત અંગના (કોઈએ અમુક મુદત માટે રાખેલી પરસ્ત્રી) સાથે ગમન કરવું, અપરિગૃહિત સ્ત્રી (વેશ્યા) સાથે ગમન કરવું, અન્યના વિવાહ કરવા, કામભોગનો તીવ્ર અભિલાષ કરવો અને અનંગક્રીડા કરવી.' જે પુરૂષો શીલવ્રતને ધારણ કરે છે તેમની—વાઘ, સર્પ, જળ, વાયુ વિગેરેની આપત્તિ નાશ પામે છે, કલ્યાણ પ્રગટ થાય છે, દેવતાઓ તેને સહાય કરે છે, કીર્તિ વધે છે, ધર્મ વૃદ્ધિ પામે છે, પાપ નષ્ટ થાય છે અને સ્વર્ગ તથા મોક્ષનાં સુખ પામે છે. પવિત્ર શીલ–કુળના કલંકને હરે છે, પાપરૂપ પંકને ક્ષીણ કરે છે, સુકૃતને વધારે છે, શ્લાઘ્યતાને વિસ્તારે છે, દેવતાઓને નમાવે છે, દુર્ઘટ ઉપસર્ગને હણે છે અને સ્વર્ગ તથા મોક્ષને લીલામાત્રમાં આપે છે.' તેમજ વળી–'જેઓ બ્રહ્મવ્રતમાં રક્ત થઈ પરસ્ત્રીથી વિરક્ત થાય છે, તે મહા તેજસ્વી તથા દેવતાઓને વંદનીય થાય છે.' પરસ્ત્રીનો ત્યાગ કરનારા પુરૂષો તથા પરપુરૂષોનો ત્યાગ કરનારી સ્ત્રીઓને દૈવ પણ અનુકૂળ થાય છે. આ સંબંધમાં નીચે જણાવેલું દૃષ્ટાંત ધ્યાન આપવા લાયક છે :—

## સુંદરરાજાની કથા

અંગદેશમાં સર્વત્ર પ્રસિદ્ધ એવું ધારાપુર નામે નગર છે. ત્યાં સ્વભાવે સુંદર એવો સુંદર નામે રાજા રાજ્ય કરતો હતો, તે રાજાને ભાગ્ય અને સૌભાગ્યના સ્થાનરૂપ, સતીજનના મુગટ સમાન અને અત્યંત વલ્લભ–એવી મદનવલ્લભા નામે એક જ રાણી હતી. તેમને કીર્ત્તિપાલ અને મહીપાલ નામના બે પુત્ર હતા. ન્યાયધર્મમાં એકનિષ્ઠ એવા તે રાજાના હૃદયમાં વિશેષે કરીને પરનારીના સહોદરસ્વરૂપ દૃઢ વ્રત રહેલું હતું. આ વ્રત પાળવાથી સત્ત્વના એક નિધાન એવા તે રાજાની કીર્ત્તિ સર્વત્ર વિસ્તાર પામી. અનુક્રમે તેને બહુ સમય પસાર થઈ ગયો.

એકદા મધ્યરાત્રે તેની કુળદેવી આવીને ખિન્ન વદને તે રાજાને આ પ્રમાણે કહેવા લાગી કે :–"અહો રાજન્! જેનો સામનો ન થઇ શકે એવી માઠી અવસ્થા તારાપર આવવાની છે. અત્યારે તારૂં યૌવનવય છે, આગળપર વૃદ્ધવય થશે. તારા વચનની ખાતર હું સ્વપ્રભાવથી કાળવિલંબ કરી શકું તેમ છું. જો કહે તો નવયૌવનમાં તેવી અવસ્થા પ્રગટ થાય અને જો કહે તો વૃદ્ધવયમાં તેવી અવસ્થા પ્રગટ થાય? મારાથી કાળ-વિલંબ થઈ શકે તેમ છે, પણ મૂળથી તેનો ઉચ્છેદ થઇ શકે તેમ નથી" આ પ્રમાણેનાં કુળદેવીનાં વચન સાંભળીને રાજા હૃદયમાં બહુ જ ખેદ પામ્યો. છેવટે ધૈર્ય પકડી તેને નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યો કે :–'હે માતા! જીવે જે શુભા-શુભ કર્મ કર્યા છે, તે તેને જ ભોગવવાનાં હોય છે, કહ્યું છે કે :–'જેમ હજાર ગાયોમાં વત્સ પોતાની માતાને શોધી લે છે,

તેમ પૂર્વકૃત કર્મ કર્તાને અનુસરે છે.' 'કોટીકલ્પ–લાખો વરસો જતાં પણ કૃતકર્મનો ક્ષય થતો નથી; જીવે કરેલ શુભાશુભ કર્મ અવશ્ય તેને ભોગવવાં જ પડે છે' માટે જે થવાનું હોય તે થાઓ હે દેવી! વૃદ્ધવયમાં હું દુર્દશા ભોગવવાને અસમર્થ છું, માટે તે અવસ્થા અત્યારે જ પ્રાપ્ત થાઓ." પછી તે કુળદેવી ખિન્ન થઈને સ્વસ્થાને ગઈ, અને રાજાએ ધૈર્ય ધરીને વિકટ અવસ્થા સ્વીકારી લીધી. કારણ કે :—

"त्रिपदि धैर्यमथाभ्युदये क्षमा,
सदसि वाक्पटुता युधि विक्रमः ।
यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ,
प्रकृति सिद्धमिदं हि महात्मनाम्" ॥

'વિપત્તિમાં ધૈર્ય, અભ્યુદયમાં ક્ષમા, સભામાં વાક્પટુતા, યુદ્ધમાં પરાક્રમ, યશમાં અભિરૂચિ અને શાસ્ત્રમાં વ્યસન–એ મહાત્માઓને સ્વભાવથી સિદ્ધ હોય છે.' રાજાએ વિચાર કર્યો કે :–સૈનિકોએ તો આપત્તિ, મૃત્યુ અને શત્રુઓની સામે જવું જોઈએ, એટલા માટે પ્રેમવતી અને સતી સ્ત્રી અને મુગ્ધ બે બાળક–એટલું જ મારે કુટુંબ છે, માટે રાજ્ય તજીને એ કુટુંબની સાથે હું અન્યત્ર ચાલ્યો જાઉં.' એમ નિશ્ચય કરી રાત્રે બનેલ વૃત્તાંત તેણે પ્રધાનને કહી સંભળાવ્યો. પછી 'આ રાજ્યનું યથાવિધિ પાલન કરવું અને મને કોઇ જાતનો પ્રતિબંધ ન કરવો. હું અહીંથી દેશાંતર ચાલ્યો જઇશ.' એમ કહીને

ભાવિ અવસ્થાને ઉચિત વેષ ધારણ કરી રાજ્યાદિકને ઘાસની જેમ ત્યાગ કરી રાજા પોતાના કુટુંબની સાથે એકચિત્તે એક દિશા તરફ ચાલી નીકળ્યો. ભાતાને માટે એક વીંટી સાથે લીધી હતી, તે પણ રસ્તામાં કોઈ ચોરે ચોરી લીધી

હવે આગળ ચાલતાં રસ્તામાં અબળા રાણીનું પ્રતિપાલન કરતો, ભુખ, તરસ અને શ્રમથી થાકેલા અને પગલે પગલે રૂદન કરતા બંને પુત્રોને વારતો અને ભોજન, પાણી તથા વનફળાદિક આપીને તેમનું પ્રતિપાલન કરતો તે રાજા ઘણી પૃથ્વીને ઓળંગીને અનુક્રમે કેટલેક દિવસે પૃથ્વીપુર નામના નગરમાં આવ્યો. ત્યાં કિલ્લાના બાહ્ય ભાગમાં શ્રીસાર શેઠના પાડામાં શેઠે દયા લાવીને આપેલા એક ઘરમાં તે રાજાએ નિવાસ કર્યો. તે પોતે કોઈનું પણ કામ કરવાને અશક્ત હતો, અને પુત્ર બંને નાના હતા, એટલે સ્ત્રીસ્વભાવથી ગૃહકર્મમાં કુશળ એવી રાણી પાડોશીઓના ઘરમાં તુચ્છ કામ કરીને બધાનો નિર્વાહ ચલાવતી હતી. થોડું કાર્ય કરતાં છતાં પણ તેમના સુશીલત્વ, સુસાધુત્વ અને સુવચનથી લોકો તેમને બહુ માન આપતા હતા. કારણ કે :–

"स्थानभ्रंशान्नीचसंगा-त्खंडनाद् घर्षणादपि ।
अपरित्यक्तसौरभ्यं, वंद्यते चंदनं जनैः" ॥

'સ્થાન ભ્રષ્ટ થતાં, નીચ સંગ કરતાં, ખંડાતાં અને ઘસાતાં પણ સુગંધને ન મૂકવાથી ચંદન જગતમાં માન પામે છે.' જીર્ણ અને ઉતરેલાં વસ્ત્ર તથા લોક પાસેથી મળેલ ટાઢું

લુખું ભોજન પણ તેમને પ્રિય થઇ પડયું. એમ કરતાં તેમનો કેટલોક સમય પસાર થયો.

એકદા કોઈ સાર્થવાહ દૂર દેશાંતરથી બહુ સાર્થ સાથે વ્યાપારને માટે ત્યાં આવીને શ્રીસાર શેઠના પાડાની નજીકના વનમાં ઉતર્યો. શ્રીસાર શેઠની દુકાનેથી ધાન્ય, ઘી અને મીઠું આદિ લેતાં સાર્થવાહે પૂછયું કે 'અહીં કોઇ કામ કરનારી છે ?' એટલે શેઠે તે રાણીને બતાવી અને સાર્થવાહને ત્યાં કામ કરવા જવાની તેને પ્રેરણા કરી. પછી તે સાર્થવાહનું ગૃહકામ કરવા લાગી. તેના રૂપ અને લાવણ્યથી સાર્થેશ અત્યંત મોહિત થઇને વિકારવશ થયો. એટલે તે સાર્થવાહે પોતાના માણસો પાસે રાણીને કહેવરાવ્યું કે :—'તું મારા ઘરની સ્વામિની થા.' એમ સાંભળીને તે બહુ કુપિત થઈ. તે રાણી સરાગીપર અત્યંત વિરાગી થઈ ગઈ. પછી સાર્થવાહ તેનો સ્વભાવ જાણીને અંતરમાં દુષ્ટ છતાં બાહ્ય વૃત્તિથી તેને ખમાવવા લાગ્યો; એટલે સાર્થેશના કથનથી રાણી વિશ્વાસ પામી અને તેનું કાર્ય કરવાને નિરંતર ત્યાં જવા લાગી.

એકદા પ્રયાણના દિવસે વિશેષ કાર્ય બતાવી તેને ભોળાપણાથી છેતરી સાર્થવાહે અટકાવી રાખી અને બાકીનો દિવસ પસાર થતાં સાર્થેશે પોતાના નગર તરફ પ્રયાણ કર્યું; એટલે તે રાણી સાર્થમાં સપડાઈ ગઇ તેને લઈને માર્ગે સાર્થવાહે વિવિધ ઉપાયથી તેને ક્ષોભ પમાડવાનો પ્રયત્ન કર્યો, પણ રાણી ક્ષોભ ન પામી તે તો પોતાના પતિનું ધ્યાન ધરી મૌન જ ધરી રહી, એટલે તે પાપી તેના શીલનો ભંગ કરી ન શકયો; પરંતુ રાણી મહા દુઃખથી દિવસો ગાળવા લાગી.

અહીં તેના પતિ રાજાને પત્નિ વિના અત્યંત દુઃખ થઇ પડયું. અંતરમાં બળતો એવા દુઃખનો અનુભવ કરતાં તે અંતરમાં વિચારવા લાગ્યો કે :–'અહો ! હું ખરેખર કઠોર હૃદયનો છું, કેમકે રાણીના દુઃખનો તો વિચાર જ કરતો નથી. મારા વિયોગથી પીડિત થયેલી તે શું કરશે ? ઠીક છે, હે દૈવ ! તારા મનોરથ ભલે પૂરા થાય.' એ પ્રમાણે વિચારતાં હવે શું કરવું જોઈએ એ પરિસ્થિતિમાં મૂઢ બનીને જેટલામાં બેઠો છે તેટલામાં શ્રીસાર શેઠ ત્યાં આવ્યો. પોતાના પાડાના માણસોની સંભાળ કરતાં તે (રાજા) જોવામાં આવ્યો, એટલે શેઠ બોલ્યા કે 'હે ભદ્ર ! તું ચિંતાતુર કેમ દેખાય છે ?' રાજા લજ્જાવશ થઇને ઉત્તર આપી ન શકયો, એટલે પાસે રહેલા માણસોએ શેઠની આગળ બધું જે બન્યું હતું તે કહી સંભળાવ્યું; એટલે શેઠ બોલ્યા કે "હે મહાભાગ ! હવે શું થાય ! કર્મની ગતિ વિષમ છે. કહ્યું છે કે :–વર્ધમાન જિનનો નીચ ગોત્રમાં અવતાર, મલ્લિનાથને સ્ત્રીપણું, બ્રહ્મદત્તને અંધત્વ, ભરતરાજાને પરાજય, કૃષ્ણને સર્વનાશ, નારદને નિર્વાણ અને ચિલાતી પુત્રને પ્રશમના પરિણામ પ્રાપ્ત થયા તે વિચારતાં સ્પર્ધામાં તુલ્યરૂપ એવાં કર્મ અને આત્મવીર્યમાં કર્મ પ્રગટ રીતે જયવંત વર્તે એમ જણાય છે; પરંતુ તમારે ગભરાવું નહિ. હવે પછી તમારા ભોજન, શયન વિગેરેની હું વ્યવસ્થા કરીશ. બીજું પણ સાંભળો અહીં મેં કરાવેલ ચૈત્યમાં તમારે ત્રિકાળ દેવપૂજા કરવી અને તમારા પુત્રોએ દરરોજ આપણી વાડીમાંથી પુષ્પ લઇ આવવાં." રાજાએ પુત્ર સહિત તે વાત કબુલ રાખીને તે પ્રમાણે કરવા માંડયું. આ જગતમાં જે રીતે દૈવ પટહ વગાડે તે પ્રમાણે

જીવ નૃત્ય કરે છે. રાજાએ શેઠના મનને અતિશય રંજિત કર્યું. એમ કરતાં કેટલોક સમય પસાર થયો.

એકદા શેઠ પોતાની વાડી જોવાને ગયો. ત્યાં તે બંને કુમારો પક્ષીઓમાં લક્ષ્ય બાંધી હાથમાં ધનુષ્ય અને બાણ રાખી શિકારીના જેવી ચપળતા કરતાં તેના જોવામાં આવ્યા, એટલે તે પાપકર્મને જોવાથી ઉત્પન્ન થયેલા કોપાટોપને લીધે લાલ આંખ કરી શેઠે તેમને મારી અને તિરસ્કાર કરી અને તેમના ધનુષ્ય બાણ ભાંગી નાખ્યા. પછી તેમને બગીચાની બહાર કહાડી તેમના પિતાની પાસે જઈને શેઠ બોલ્યા કે :– 'હે ભદ્ર ! સાંભળ–તારા પુત્ર પાપી છે, માટે હવે એક ક્ષણભર પણ તારે અહીં રહેવું નહિ.' એ પ્રમાણે આક્ષેપ પૂર્વક કહીને તે સ્વસ્થાને ચાલ્યા ગયા. એવામાં રૂદન કરતાં પુત્રોને આવતા જોઈને રાજાએ તેમને નિવાર્યા કે :–'હે વત્સો ! તમે રૂદન ન કરો. એમાં મારાથી શું થઈ શકે ? અહીં બીજા કોઈનો દોષ નથી, માત્ર આપણા કર્મનો જ દોષ છે તેનો કોની પાસે જઈને પોકાર કરવો. શેઠે પણ આવા એક જ અપરાધમાં મારા પુત્રોને કાઢી મૂકયા; પરંતુ દેવ પ્રતિકૂળ હોય ત્યારે શું ન થાય ? કારણ કે :—

"प्रतिकूले विधौ किंवा. सुधापि हि विषायते ।
रज्जुः सर्पीभवेदाशु, बिलं पातालतां भजेत् ॥
तमायते प्रकाशोऽपि, गोष्पदं सागरायते ।
सत्यं कूटायते मित्रं, शत्रुत्वेन प्रवर्त्तते" ॥

'દૈવ પ્રતિકૂળ હોય ત્યારે અમૃત વિષ સમાન, દોરડું સર્પ સમાન, બીલ પાતાળ સમાન, પ્રકાશ અંધકાર સમાન, ગાયની ખરી જેટલી જમીન સાગર સમાન, સત્ય અસત્ય સમાન અને મિત્ર શત્રુ સમાન લાગે છે. (થઈ જાય છે,)

પછી રાજા 'જે થવાનું હોય તે થાઓ' એમ વિચારીને બંને પુત્રને આગળ કરી શૂન્ય મુખવાળો થઈને અન્ય નગર ભણી ચાલ્યો. માર્ગમાં કયાંક કંદ અને ફળાહાર કરી, કયાંક ભિક્ષાભોજન કરી, કયાંક ભિક્ષા પણ ન પામતાં અને કયાક લોકોથી નિંદા પામતાં ભુખને સહન કરી, બહુ ભૂમિને ઓળંગીને એક મહા ભયંકર અટવીમાં આવી પહોંચ્યો તે અટવીનું ઉલ્લંઘન કરીને જેટલામાં આગળ ચાલે છે, તેટલામાં એક મુશ્કેલીથી તરી શકાય એવી નદી આવી. એટલે રાજા ચિંતવવા લાગ્યો કે:–'હવે શુ કરવું ? આ નદી બે પુત્રને લઇને શી રીતે ઉતરવી ?' એમ પોતે વિચાર કરતો હતો–એવામાં તેને ઉપાય સૂજ્યો. એટલે એક પુત્રને ત્યાં મૂકી અને એકને સ્કંધ પર લઇ તે પેલે પાર ગયો. ત્યાં તીર (કીનારા) પર પુત્રને મૂકી ફરી બીજા પુત્રને લાવવા માટે નદીમાં પેઠો, અને જેવામાં મધ્ય ભાગમાં આવ્યો, તેવામાં નદીના પુરથી તે તણાયો, એટલે આમતેમ હાથ પસારતાં એક કાષ્ટનો કટકો મેળવીને પાંચ રાત પછી કાંઠે આવ્યો. ત્યાં કિનારે ઉતરી ખેદ પામીને તે વિચારવા લાગ્યો કે :–'અહો ! હતાશ એવા દૈવ મને કેવું ફળ દેખાડયું ? કયાં તે મારૂં આનંદી રાજ્ય ? અને કયાં આ અનર્થપરંપરા ? રાજ્યથી ભ્રષ્ટ કરતાં

પણ દુષ્કર્મો વડે સ્ત્રી અને બંને પ્રિય પુત્રનો વિયોગ થયો. હવે મારે જીવીને શું કરવું? પરંતુ આત્મહત્યા કરતાં તો દુર્ગતિ થાય, અને પરલોકમાં પણ ફરી તેવું જ ફળ ભોગવવું પડે, માટે તે તો અહીં જ ભોગવી લેવું. કારણ કે:-

"कस्य वक्तव्यता नास्ति,
सापायं को न जीवति ।
व्यसनं केन न प्राप्तं,
कस्य सौख्यं निरंतरम्" ॥

'કોનામાં કહેવાપણું નથી, અપાય (કષ્ટ) સહિત કોણ જીવતું નથી? કોને દુઃખ પ્રાપ્ત થયું નથી? અને કોને નિરંતર સુખ છે?' તેમજ વળી-'જેમ પ્રાણીઓને અણધાર્યાં દુઃખો પ્રાપ્ત થાય છે, તેમ સુખો પણ અણધાર્યાં પ્રાપ્ત થાય છે, એમ મને લાગે છે; માટે દીનતા કરવા યોગ્ય નથી. દીનજન સંપત્તિ મેળવીને પણ પોતાની દીનતાને મૂકતો નથી, અને શિરચ્છેદ થતાં પણ ધીર પુરૂષ પોતાનું ધૈર્ય મૂકતો નથી.

આ પ્રમાણે વિચારીને પાસેના ગામમાં કોઇ કૌટુંબિકના ઘરે પાણી પીવા ગયો. એટલે તેણે કહ્યું કે:-'તું કોણ છે?' તે બોલ્યો કે:-'હું ક્ષત્રિય છું.' કૌટુંબિક બોલ્યો કે:-'મારે ઘરે રહે અને ઘરનું કામ કર' એટલે તે હા કહીને ત્યાં જ રહ્યો અને તેનું ઘરકામ કરવા લાગ્યો. ત્યાં તેને ભોજન અને વસ્ત્રાદિક મળતાં હતાં અને વિનીતપણાથી ઘીઆદિ ભોજનનો

લાભ પણ મળતો હતો, તેથી તેના દેહમાં રૂપ, કાંતિ અને તેજ ધીમે ધીમે વધવા લાગ્યા.

એકદા કૌટુંબિકની સ્ત્રી તેને જોઈને કામાતુર થઈ, અને અસતીજનને યોગ્ય એવા વચનો તે બહુધા બોલવા લાગી. તે સાંભળીને રાજા ચકિત થઈને ચિત્તમાં ચિંતવવા લાગ્યો કે :– 'અરે દૈવ ! તારે આધિન એવું રાજ્ય અને ધનાદિક ભલે જાઓ, પરંતુ શીલ મારે આધીન છે તે ન જાઓ. પણ હવે અહીં રહેવાથી મારા શીલનો ભંગ થશે, માટે અહીંથી અન્યત્ર જતો રહું. વિરૂદ્ધ ભૂમિનો ત્યાગ કરવો તે જ યોગ્ય છે.' એમ ચિંતવી તેનો આગ્રહ છતાં જેમતેમ જવાબ દઈને તે ઘરમાંથી ચાલ્યો ગયો. દેશાંતરમાં ભમતાં એક સ્થળે શ્રી આદિનાથનું દેરાસર તેના જોવામાં આવ્યું. તે દેરાસરમાં પ્રવેશ કરી શ્રી ઋષભદેવને સ્તવીને તે ગવાક્ષમાં બેઠો. એવામાં કોઇ યક્ષિણી ત્યાં આવી, અને જિનેશ્વરને પ્રણામ કરીને પાછા વળતાં તેણે તે રાજાને જોયો. એટલે રતિપતિ સમાન તેના રૂપને જોઈએ મોહવશ થઈ કામાતુર થયેલી તેણે રાજાને કહ્યું કે :–'હે સુંદર પુરૂષ ! મારી સાથે તું પંચવિધ વિષયસુખ ભોગવ, હું તને મનોવાંછિત આપીશ. તું જલ્દી મારા વિમાનમાં આવીને બેસ, નહિં તો હું તને અત્યંત દુઃખ દઈશ અને તારે મરણના સંકટમાં પડવું પડશે' તે સાંભળીને રાજાએ વિચાર કર્યો કે :–'અહો ! જેનાથી હું ડરીને દૂર ભાગ્યો, તેજ આગળ આવીને ઉભું રહ્યું.' એમ ચિંતવીને તે બોલ્યો કે :– 'અહો ! દેવી ! મારે પરનારીનો નિયમ છે, તેથી મારાથી

તારી ઇચ્છા પૂર્ણ થઈ શકે તેમ નથી. પરંતુ અબ્રહ્મના સેવનથી થતું અનિષ્ટ ફળ સાંભળ :—

"षढत्वमिंद्रियच्छेदं, वीक्ष्याब्रह्मफलं सुधीः ।
भवेत्स्वदारसंतुष्टोऽन्यदारान् वा विवर्जयेत्" ॥

'નપુંસકપણું અને ઇંદ્રિયચ્છેદ–એ અબ્રહ્મના ફળને જોઈને સુજ્ઞજને પરદારાથી વિરક્ત થઈ સ્વદારસંતુષ્ટ થવુ.' "હે દેવી! મારે પરસ્રીનો ત્યાગ છે તેથી તારે અનુચિત વચન ન બોલવું. વળી તું દેવ અને હું મનુષ્ય–એ સંયોગ પણ કેમ ઘટે?" આ પ્રમાણેનાં વચનો સાંભળી તેનો નિશ્ચય જાણીને દેવી તેના પર ક્રોધિત થઈ, તેથી નાગણના રૂપે તે રાજાને ડશી અને સમુદ્રના મધ્યમાં આવેલા કોઈ દ્વીપમાં એક કુવાની અંદર તેને મૂકી દીધો પછી તે અદૃશ્ય થઈ ગઈ. કુવામાં પડતાં તે શીલના પ્રભાવથી અને કુવાના વાયુથી નિર્વિષ થયો. ક્ષણવારમાં સાવધાન થતાં તેણે પોતાને કુવામાં પડેલો જોયો. તેણે મનમાં વિચાર કર્યો કે:–'જો મારૂં શીલ અખંડિત છે, તો મારૂં કંઈ પણ ગયું નથી. આ બધો મારા પૂર્વકૃત કર્મનોજ પ્રભાવ છે' એવામાં ત્યાં કુવામાં એક દ્વાર તેના જોવામાં આવ્યું, એટલે તેને ઉઘાડીને તે અંદર પેઠો. આગળ ચાલતાં એક ઘર તેના જોવામાં આવ્યું. તેમાં નાટક થતું જોયું અને ત્યાં ચંચળ કુંડળ તથા અન્ય આભરણોથી વિભૂષિત અને સિંહાસન પર બેઠેલ એક દેવ તેના જોવામાં આવ્યો. એટલે રાજા તેની પાસે જઇ તેને પગે પડયો. દેવે પૂછયું કે:–'તું

અહીં શી રીતે આવ્યો ? એટલે રાજાએ બધો પોતાનો વૃત્તાંત નિવેદન કર્યો. તે સાંભળીને દેવ સંતુષ્ટ થઈને બોલ્યો કે:– 'અહો ! તું ધન્ય છે, કે જેનો આવા પ્રકારનો દૃઢ નિયમ છે. સંકટમાં પણ જેની આવી પ્રતિજ્ઞા છે. હું તારા સત્ત્વથી સંતુષ્ટ થયો છું. હે વત્સ ! વર માગ.' રાજા બોલ્યો કે:–'હે સ્વામિન્ ! મારા સ્ત્રી પુત્રો કયાં છે ? અને તે મને કયારે મળશે ?' દેવે કહ્યું કે:–'તને તારૂં કુટુંબ મળશે અને શીળના પ્રભાવથી તને રાજ્યની પણ પ્રાપ્તિ થશે. આ ચિંતામણિ રત્ન તું ગ્રહણ કર. એના પ્રભાવથી તારા ઈષ્ટની સિદ્ધિ થશે.' એ પ્રમાણે કહી ચિંતામણિ રત્ન આપીને દેવતાએ તેને પેલા આદિનાથના દેરાસરમાં મૂકયો. પછી સુંદરરાજા આનંદિત થઈ આમતેમ ભમતો શ્રીપુરનગરની નજીકના બગીચામાં આવ્યો અને એક આંબાના ઝાડ નીચે વિસામો ખાવા બેઠો. પછી તે આંબાનાં ઝાડનાં ફળોથી તેણે પોતાની ભુખને દૂર કરી. ત્યાં તેને માર્ગના થાકથી નિદ્રા આવતાં તે ઉંઘી ગયો.

એવામાં તે નગરનો અપુત્રીયો રાજા મરણ પામ્યો, એટલે રાજલોકોએ હાથી, ઘોડો, ચામર, છત્ર અને કુંભ–એ પાંચ દિવ્ય – પંચ શબ્દના અવાજથી ભેગા કરી આગળ કર્યા. ભમતાં ભમતાં તે જ્યાં આંબાના ઝાડ નીચે સુંદરરાજા સુતો છે ત્યાં આવ્યા, એટલે અશ્વે હેષારવ કર્યો, હાથીએ ગર્જના કરી, રાજાના મસ્તક પર કુંભનું જળ પડયું, છત્ર તેના મસ્તક પર સ્થિર રહ્યું અને બંને ચામર વીંજાવા લાગ્યા. પછી હાથીએ તેમને સુંઢવડે ઉપાડી પોતાની પીઠ ઉપર બેસાડયા, હાથી પર બેસીને દિવ્ય વેષ ધારણ કરી મહોત્સવપૂર્વક તેણે નગરમાં

પ્રવેશ કર્યો. મંત્રી વિગેરે સર્વ નમ્યા. ત્યાં ભાગ્યનો ઉદય થવાથી તે રાજ્ય કરવા લાગ્યા. અખંડ શીળના પ્રભાવથી અભિમાની સામંતો પણ તેની પાસે નમ્ર થઈ ગયા. એકદા પ્રધાનોએ મળીને તેમને એક સ્ત્રી સાથે લગ્ન કરવા માટે બહુ કહ્યું. છતાં પોતાની સ્ત્રીના વિયોગજન્ય દુઃખથી રાજાએ તે વાત કબુલ ન કરી.

હવે અન્યોન્ય જુદા થયેલા રાજાના તે બંને કુમારો ભમતાં ભમતાં ત્યાં શ્રીપુર નગરમાં જ આવીને કોટવાળની પાસે નોકરીએ રહ્યા. એકદા ભવિતવ્યતાના યોગે પેલો સોમદેવ સાર્થવાહ પણ વેપારને માટે તે જ નગરમાં આવ્યો અને નગરની બહાર તેણે નિવાસ કર્યો. પછી કંઈક શ્રેષ્ઠ ભેટ લઈને સાર્થવાહે રાજા પાસે આવી રાત્રે પોતાની રક્ષાને માટે સિપાઓની માંગણી કરી; એટલે રાજાએ કોટવાળને હુકમ કર્યો. કોટવાળે પેલા બંને કુમારોને જ ત્યાં ચોકી કરવા મોકલ્યા, રાત્રે બેઠા બેઠા તેઓ પરસ્પર વાર્તાલાપ કરતા હતા. તે પ્રસંગે વિનોદને માટે નાનાભાઈએ મોટાભાઈને પૂછ્યું કે :– 'આપણા પિતા ક્યાં ગયા હશે ? અને માતા પણ ક્યાં ગઈ હશે ?' એટલે મોટોભાઈ બોલ્યો કે :–'આપણે કાંઈ સમજી શકતા નથી કે તેઓ ક્યાં ગયા અને તેમનો સમાગમ આપણને ક્યારે થશે ?' એમ પરસ્પર વાતો કરતાં પોતાના રાજ્યાદિકનો વૃત્તાંત તેઓ કહેવા લાગ્યા. તે વખતે ત્યાં નજીકમાં રહેલી અને સાર્થવાહની સાથે આવેલી મદનવલ્લભા રાણીએ તે સર્વ સાંભળ્યું. દુઃખને લીધે તે પ્રાયઃ જાગતી હતી, એટલે મૂળથી અંત પર્યંત તે વૃત્તાંત સાંભળીને સ્નેહ અને શોકથી વિહ્વળ થઇ તે ત્યાં

આવી અને બંને પુત્રોને ગળે વળગીને અત્યંત રૂદન કરવા લાગી. તે બોલી કે :–'હે વત્સો ! મંદ ભાગ્યવાળી એવી મને તમે ઘણા સમયે મળ્યા.' આ હકીકત સાંભળીને સાર્થપતિએ કુપિત થઈ બળાત્કારથી રાણીને દૂર કરી અને તે બંને કુમારને પકડીને સવારે રાજાની પાસે રજુ કરી ઠપકાપૂર્વક કહ્યું કે :– 'હે સ્વામિન્ ! કોટવાળે અમારા માણસને છેતરનાર આ ચોકીદાર તો બહુ સારા મોકલ્યા !' એટલે રાજાએ કોટવાળને પૂછયું કે :–'આ ચોકીદાર કોણ છે ?' તેણે કહ્યું કે :–'હે સ્વામિન્ ! હું ઓળખતો નથી, કેટલાક વખતથી એ આવ્યા છે અને મારે ઘેર રહીને નોકરી કરે છે.' રાજા તેમને સારી રીતે ઓળખીને રોમાંચિત થયો, તથાપિ બહુ જ ગંભીરતાથી આકારગોપન કરીને આક્ષેપપૂર્વક રાજાએ તેમને કહ્યું કે :– 'અરે ! તમે શું કર્યું ?' તેઓ મૌન રહ્યા, એટલે રાજાએ ઉઠીને તેમને આલિંગન કર્યું. તેઓ પણ પોતાના પિતાના ચરણમાં પડયા. પછી મોટો પુત્ર બોલ્યો કે :–'હે દેવ ! આજ રાત્રે હું ભાઈની આગળ મારૂં ચરિત્ર કહેતો હતો, એવામાં કોઈ સ્ત્રી સાર્થમાંથી જલ્દી અમારી પાસે આવીને બોલી કે :– 'તમે મારા પુત્ર છો.' એમ કહી તે અમારે ગળે વળગીને બહુ જ રોવા લાગી. તે સિવાય હું વધારે જાણતો નથી.' પછી રાજાએ સાર્થેશને કહ્યું કે :–'હે સાર્થેશ ! સાચું બોલ, તે સ્ત્રી કોણ છે ?' એટલે સાર્થેશ બોલ્યો કે :–'હું તેને પૃથ્વીપુરથી લાવ્યો છું, તે મારૂં ઘરનું કામ કરે છે, પરંતુ તે સતી છે, સતીત્વપણાથી તેનું કુળ નિર્મળ છે એમ સમજી શકાય છે' પછી રાજાએ પ્રધાનને મોકલ્યો અને 'બળાત્કાર ન

કરતાં તે સ્રીને સમજાવીને લાવવી' એમ ભલામણ કરી. તેણે જઈને તેને બોલાવી, પણ તેણે સન્મુખ પણ ન જોયું. એટલે પ્રધાને પાછા આવીને રાજાને કહ્યું કે :– 'તે તો આવતી નથી અને બોલતી પણ નથી.' પછી રાજા તરત રયવાડીના બહાનાથી બહાર જઈ પાછા વળી સાર્થમાં સાર્થેશના આવાસમાં આવ્યો. ત્યાં ભદ્રાસન પર બેસતાં જ તે રાણી રાજાના જોવામાં આવી. તંબુના એક ભાગમાં બેઠેલી, મલીન, દીન, અત્યંત દુર્બળ, મલિન વસ્રવાળી, આભૂષણ કે શોભા વિનાની અને તે દિવસે તો પુત્રવિયોગના દુઃખથી વધારે દુઃખિત થયેલી– એવી સ્થિતિમાં મદનવલ્લભાને જોઈને લજ્જાથી નીચું મુખ કરીને બેઠેલી તેને રાજાએ આ પ્રમાણે કહ્યું કે :–'હે મદને ! હે દેવી ! શું તું મને ઓળખતી નથી ?' એટલે તે પતિના ચરણમાં આંખ સ્થિર કરી હર્ષિત થઈને ઉભી થઇ તેથી સાર્થેશ ભયભીત થઈને તેના ચરણમાં પડી તેને ખમાવી. એટલે તેના પર ક્રોધિત થયેલા રાજા પાસે રાણીએ તેને અભયદાન અપાવ્યું. પછી રાજા તેને સુંદર વસ્રથી વિભૂષિત કરી, વાજીંત્રના અવાજપૂર્વક હાથીના સ્કંધ પર બેસાડી, રાજચિન્હથી અંચિત (યુક્ત) કરીને નવપરિણીત સ્ત્રીની જેમ નગરની સ્રીઓથી નિરીક્ષણ કરાતો પોતાના મહેલ તરફ ચાલ્યો. કીર્ત્તિપાલ અને મહીપાલ–બંને પુત્રો, રાજા તથા રાણી એ બધું કુટુંબ એકઠું મળ્યું. સાથે મળતાં અને પોતપોતાના દુઃખનો વૃત્તાંત અને પ્રશ્નોત્તર કરતાં ઘણું દુઃખ અનુભવેલું હોવાથી તેમને જે સુખ થયું તે સર્વજ્ઞ જ જાણી શકે. શીલ અને સત્ત્વના પ્રભાવથી રાજ્ય પ્રાપ્ત થયું અને સમગ્ર કુટુંબ મળ્યું, તેમજ બીજા દેશના રાજાઓ પણ શીલના પ્રભાવથી તેના વશવર્તી થયા.

હવે ધારાપુરમાં મંત્રી રાજાની પાદુકા સિંહાસન પર સ્થાપીને પ્રથમ પ્રમાણે રાજ્ય ચલાવતો હતો. એવામાં પોતાના સ્વામીનો વૃત્તાંત જાણીને પ્રધાને એક વિજ્ઞપ્તિપત્રિકા લખી પોતાના માણસને શ્રીપુર મોકલ્યો. તેણે જલ્દી જઈને દ્વારપાળની અનુજ્ઞા મેળવી રાજાને નમસ્કાર કરી તેના ચરણની પાસે વિજ્ઞપ્તિપત્રિકા રજુ કરી. પછી રાજાના આદેશથી તે પત્રિકા ઉઘાડીને મંત્રી વાંચવા લાગ્યો. તેમાં નીચે પ્રમાણે લખ્યું હતું :—

"સ્વસ્તિશ્રી શ્રીપુર નગરે પોતાના પ્રતાપથી બલિષ્ઠ શત્રુ રાજાઓને દબાવનાર મહારાજાધિરાજ શ્રી સુંદર મહાપ્રભુના ચરણકમળને ધારાપુરથી આદેશકારક સુબુદ્ધિ મંત્રી ઉત્કંઠાપૂર્વક નમન કરીને વિજ્ઞપ્તિ કરે છે કે—આપના ચરણયુગલના રજકણના પ્રભાવથી અહીં શાંતિ છે. અને હે સ્વામિન્! સમસ્ત દેશજનો આપના ચરણના દર્શનને ઈચ્છે છે; માટે કૃપા કરીને આપ જલ્દી અહીં પધારો. હવે વિલંબ કરશો નહિ."

આ પ્રમાણે સાંભળી લોકોની પ્રીતિ અને મંત્રીની ભક્તિ જાણીને અને પોતાના પૂર્વભક્ત રાજ્યનું સ્મરણ કરીને પ્રસન્ન થઈ રાજા બોલ્યો કે :—'અહો! જે ઉત્તમ હોય છે, તે કદી પણ પોતાની પ્રકૃતિને તજતા નથી. કહ્યું છે કે :—

"तप्तं तप्तं पुनरपि पुनः कांचन कांतवर्णं,
घृष्टं घृष्टं पुनरपि पुनश्चंदनं चारुगंधम् ।
छिन्नश्छिन्नः पुनरपि पुनः स्वादवानिक्षुदंडः,
प्राणांतेऽपि प्रकृतिविकृतिर्जायते नोत्तमानाम्" ॥

'જેમ સોનાને વારંવાર ઘસતાં છતાં તેને વર્ણ વધારે મનોહર થાય છે, ચંદનને વારંવાર ઘસતાં છતાં તેની સુગંધમાં વધારો થાય છે અને શેરડીના સાંઠાને ફરી ફરી છેદતાં તેના સ્વાદમાં ઉલટી મધુરતા વધે છે; તેમ ઉત્તમ જનોનો સ્વભાવ ખરેખર ! પ્રાણાંતે પણ વિકૃત થતો નથી.'

પછી મોટા પુત્રને ત્યાં રાજ્ય પર સ્થાપીને સમસ્ત રાજવર્ગને તેની ભલામણ કરી નગરજનો પાસે વિદાયગિરી માગી નાના પુત્ર અને પત્ની સહિત તથા ઘણા પરિવાર યુક્ત અવિચ્છિન્ન પ્રયાણવડે સુંદર રાજા ધારાપુર સમીપે આવ્યો; એટલે મંત્રી, સામંત અને નગજનોએ પ્રવેશમહોત્સવ કર્યો. સુંદરરાજા મૂકી દીધેલ રાજ્ય પાછું સ્વીકારીને રાજ્ય કરવા લાગ્યો અને સર્વ જનો ખુશ થઇને તે રાજાને સેવવા લાગ્યા.

એકાદ બાહ્ય ઉદ્યાનમાં જ્ઞાની મુનિને આવેલા જાણીને સુંદર રાજાએ ત્યાં આવી તેમને નમસ્કાર કરીને ધર્મદેશના સાંભળી. પછી રાજાએ પોતાનો પૂર્વભવ પૂછયો, એટલે મુનિએ જ્ઞાનથી જાણીને કહ્યું કે :–'હે રાજન્ ! પૂર્વભવમાં ચંપાનગરીમાં તું શંખ નામે વ્યવહારી હતો. તારી શ્રીમતી નામની સ્ત્રી હતી. સદ્ગુરૂના યોગથી યૌવનઅવસ્થામાં તું દેરાસરોમાં જિનપૂજા અને દિનાદિકને દાન આપતાં અગણ્ય પુણ્ય ઉપાર્જન કરતો હતો, પરંતુ વૃદ્ધપણામાં તે સર્વે પુણ્યકાર્ય તજી દીધું. ત્યાંથી મરણ પામીને તમે રાજા રાણી થયા છો. પૂર્વભવે કરેલા પુણ્યથી પ્રથમ તમે રાજ્યશ્રી પામ્યા અને પછી પુણ્યકાર્ય છોડી દીધેલ હોવાથી દુઃખી થયા. પરંતુ તમે દુઃખી અવસ્થામાં પણ

અખંડ શીલ પાળ્યું, તેના પ્રભાવથી આજ જન્મમાં ફરી રાજ્યસુખ પામ્યા' આ પ્રમાણે સાંભળીને સંવેગરંગથી વિચારની પરંપરા થઈ. તેમણે પોતાને કરવા યોગ્ય ધર્મકૃત્ય સાંભળીને અણુવ્રતો ગ્રહણ કર્યાં. મુનિ વિહાર કરી ગયા. પછી રાજા અનેક જિનભુવનો કરાવી, તેમાં જિનપ્રતિમાઓ સ્થાપીને વિધિપૂર્વક તેમની પૂજા કરવા લાગ્યો. દયાથી આર્દ્રચિત્તવાળો, સત્યમાં આસક્ત, પરદ્રવ્યથી વિમુખ, સુશીલ, સંતોષી અને પરોપકારમાં તત્પર – એવો તે રાજા રાણીની સાથે અખંડિત ગૃહસ્થ ધર્મ પાળી અન્તે શુભ ધ્યાનથી મૃત્યુ પામીને સ્વર્ગે ગયો. આ સુંદર રાજાનું ચરિત્ર સાંભળીને ભવ્યજનોએ અખંડ બ્રહ્મવ્રત પાળવું. (આને જ મળતી ચંદન મલયાગિરિની કથા છે)

## ઇતિ સુંદરરાજાની કથા :

હવે પાંચમું અણુવ્રત–પરિગ્રહ પરિમાણ જાણવું. તેના પણ પાંચ અતિચાર છોડવા યોગ્ય છે. તે આ પ્રમાણે– ધન ધાન્યના, દ્વિપદને ચતુષ્પદના; ખેતર, જમીન, મકાન અને વસ્તુ (ઘરવખરી) ના, સામાન્ય ધાતુઓના અને હિરણ્ય (રૂપ) તથા સુવર્ણના પરિમાણનો અતિક્રમ (ઉલ્લંઘન) કરવાથી પાંચ અતિચાર લાગે છે' પરિગ્રહના પરિમાણનો ગુરૂ પાસે નિયમ કરવો, અને લોભનો ત્યાગ કરવો. કહ્યું છે કે :–'ધનહીન પુરૂષ સો રૂપીઆ ઇચ્છે છે, સોવાળો હજારને ચાહે છે, હજારવાળો લાખ ચાહે છે, લાખવાળો કરોડને ઇચ્છે છે, કોટીશ્વર ગૃહસ્થ

રાજ્યને ઇચ્છે છે, રાજા ચક્રવર્ત્તીપણાને ઇચ્છે છે, ચક્રવર્ત્તી દેવપણાને ઇચ્છે છે અને દેવ ઇંદ્રપણાને ઇચ્છે છે. માટે કોઈ પણ રીતે લોભને નિવારવો જોઇએ.' લોભીજનો કોઈ રીતે સુખ કે સંતોષ પામી શકતા નથી. કહ્યું છે કે :–'જેમ ઇંધનથી અગ્નિ અને પાણીથી સમુદ્ર તૃપ્ત થતો નથી. તેમ લોભી પુરૂષ બહુ ધનથી પણ સંતુષ્ટ થતો નથી. તે એમ પણ નથી માનતો કે–સમગ્ર વૈભવને મૂકીને આત્મા એકલો પરભવમાં ચાલ્યો જાય છે, તો હું ફોગટ બહુ પાપ શા માટે કરૂં? કલુષતાને ઉત્પન્ન કરતું, જડ (જળ) પણાને વધારતું, ધર્મવૃક્ષનું ઉન્મૂલન કરતું નીતિ કૃપા અને ક્ષમારૂપ કમલિનીને મ્લાન બનાવતું, લોભ સમુદ્રને વધારતું, મર્યાદારૂપ તટને પાડી નાંખતું અને શુભભાવરૂપ હંસને હાંકી કાઢતું એવું પરિગ્રહરૂપ નદીનું પૂર વૃદ્ધિ પામ્યું છતું શું શું કલેશ ઉત્પન્ન કરતું નથી?' આ વ્રત પર ધનસારનું દૃષ્ટાંત છે તે નીચે પ્રમાણે :—

## ધનસાર શ્રેષ્ટિનું દૃષ્ટાંત.

આજ ભરતક્ષેત્રમાં વિશ્વવિખ્યાત અને મહામનોહર-એવી મથુરા નામે નગરી છે ત્યાં ધનસાર નામે વ્યવહારી રહેતો હતો, તેની પાસે છાસઠ કરોડ દ્રવ્ય હતું. તેમાં બાવીશ કરોડ જમીનમાં, બાવીશ કરોડ વ્યવહારમાં અને બાવીશ કરોડ દેશાંતરના વ્યાપારમાં ગોઠવી ધનાધિપત્યને પાળતો તે વ્યાપાર કરતો હતો. આટલું દ્રવ્ય છતાં પણ તે અતૃપ્ત હોવાથી ક્યાંય પણ શાંતિ પામતો નહોતો. તે કોઈનો પણ વિશ્વાસ કરતો

નહિ, થોડું ધન પણ ભોગવતો નહિ, દીનાદિકને અલ્પ દાન કરતો નહીં લવણસમુદ્રના જળની જેમ તેનું ધન અભોગ્ય હતું. યાચક ઘરે આવતાં તેનું મસ્તક દુઃખવા આવતું અને તેની યાચના સાંભળતાં તેનું હૃદય બળી જતું હતું. ભિક્ષુકાદિને ભિક્ષા આપતા ઘરના માણસને જોઈને તેને મૂર્છા આવી જતી અને તરત તે તેમ કરતા અટકાવતો હતો. દાનની વાત તો દૂર રહો, પણ સરસ અન્ન અને ઘી આદિક પણ તે ખાતો નહિ, દાન આપતા પડોશીને પણ તે જોઈ શકતો નહિ. દેવાદિ ધર્મકાર્યમાં કોઈ તેને પ્રેરણા કરે, તો તે દાંત મેળવી નિશ્ચેષ્ટ થઈને બેસી રહેતો. વધારે શું કહેવું? ઘરના માણસો પણ તે બહાર જાય ત્યારે જ ભોજન કરતા હતા, કહ્યું છે કે :—'દાન શબ્દમાંથી ઉદાર પુરૂષોએ પ્રથમાક્ષર (દા) લઈ લેતાં જાણે એની સ્પર્ધાથી જ હોય તેમ કૃપણજનોએ (ન) અક્ષર પકડી રાખ્યો છે.' કૃપણપણાથી લોકોએ તેનું મહાકૃપણ એવું નામ પાડયું. કોઈવાર તે તુચ્છ (હલકું) તેલ, તુવેર અને વાલથી ભોજન કરતો અને કોઈવાર ગરમ તો કોઈવાર કોહી ગયેલું જમતો હતો. એમ કરતાં તેનો કેટલોક વખત પસાર થયો.

એક દિવસે જમીન ખોદીને એકાંતમાં બેસી તે પોતાનું ધન જુએ છે, તેવામાં ત્યાં અંગારા (કોલસા) જોવામાં આવ્યા, એટલે તે શંકિત થઈને બીજા પણ બધા દાટેલાં ધન જોવા લાગ્યો. તો ત્યાં પણ મંકોડા, સર્પ અને વીંછી વિગેરે જોઈને હૃદય ફૂટીને તે જમીન પર પડયો, અને અત્યંત દુઃખિત થઈને વિલાપ કરવા લાગ્યો. તેવામાં તેના સમુદ્રમાં ગયેલા વહાણો ભાંગવાનાં સમાચાર કોઈએ આવીને તેને કહ્યા, તે સાથે પણ

રસ્તે ગયેલા ગાડાંઓ લુંટાવાના સમાચાર મળ્યા. એટલે જળ અને સ્થળમાં રહેલું તેનું બધું ધન નષ્ટ થયું, અને બાકી રહેલમાંથી કેટલુંક વણિક્પુત્રો (વાણોતરો) હજમ કરી ગયા. એટલે વારંવાર ધનને સંભારતો તે સર્વત્ર શૂન્ય ચિત્તે ભમવા લાગ્યો. કહ્યું છે કે:—

"दानं भोगो नाश-स्तिस्रो
गतयो भवंति वित्तस्य ।
यो न ददाति न भुंक्ते,
तस्य तृतीया गतिर्भवति ॥

'દાન, ભોગ અને નાશ—ધનની એ ત્રણ ગતિ છે. તેમાં જે દાન દેતો નથી અને ભોગ ભોગવતો નથી તેના ધનની ત્રીજી ગતિ (નાશ) થાય છે' તેમજ વળી:—

"कीटिकासंचितं धान्यं, मक्षिकासंचितं मधु ।
कृपणैः संचिता लक्ष्मी-रन्यैरेवोपभुज्यते" ॥

'કીડીઓએ ભેગું કરેલું ધાન્ય, મક્ષિકાઓએ ભેગું કરેલું મધ અને કૃપણોએ ભેગી કરેલી લક્ષ્મીનો બીજા જનો જ ઉપભોગ કરે છે; તે પોતે ઉપભોગ લઈ શકતા નથી.'

ધનસારે વિચાર કર્યો કે:—'હવે મારે શું કરવું? નગરમાં મહાકૃપણ એવું મારૂં નામ પડી ગયું છે. અને હવે

નિર્ધનપણામાં તો નગરમાં હાસ્યાસ્પદ થાઉં તેમ છે, માટે હજી પણ જો હું સમુદ્રમાર્ગે વ્યાપારાર્થે જાઉં, તો મને સારો લાભ થવા સંભવ છે.' આમ વિચારી મેય,[1] પરિચ્છેદ,[2] ગણ્ય[3] અને તોલનીય[4]–એ ચારે જાતના દશલાખ રૂપીઆના કરિયાણા ખરીદ કરીને સાથે લઈ નાવમાં બેસી, અનાજ, ઘી, ભોજ્ય, પાણી અને ઈંધનયુક્ત નાવિક લોકોની સાથે સમુદ્રમાર્ગે તેણે પ્રયાણ કર્યું. ત્યાં પણ દુર્ભાગ્યવશાત્ થોડે દૂર જતાં અકસ્માત્ આકાશમાં વરસાદ ચડી આવ્યો, પ્રચંડ મહાવાયુ પ્રગટ થયો અને ભયંકર વીજળી થવા લાગી; એટલે સમુદ્ર તે પોત (નાવ)ને ઉછાળવા લાગ્યો, અને નાવિકોએ ધૈર્ય મૂકી દીધું, શરણ્યરહિત લોકો શું કરવું અને શું ન કરવામાં-મૂઢ થઈ ગયા, કોઇક જળમાં ઝંપાપાત દેવા લાગ્યા અને કોઈક દેવતાને સંભારવા લાગ્યા, કોઈ ઘરના માણસોને સંભારવા લાગ્યા, કોઇ નીચે બેસી રહ્યા, કોઈ 'મને બચાવો, બચાવો' એમ બોલવા લાગ્યા, કોઈ મુખ ફાડીને બેસી રહ્યા. એવામાં વહાણના સો ટુકડા થઈ ગયા. વહાણ ભંગાતાં ધનસારને એક પાટીયું મળવાથી તે સમુદ્રનાં તરંગોથી ઘસડાઈને બહાર નીકળ્યો. પછી દીનપણે અટવીમાં ભ્રમણ કરતાં તે વિચારવા લાગ્યો કે :– 'અહો ! મારૂં તે ધન કયાં ? પરિવાર કયાં ? આકડાના રૂને પવન લઈ જાય તેમ દૈવ મને કયાં લઈ આવ્યું ? અહો ! મને ધિક્કાર થાઓ કે મેં બહુ ધનને માત્ર ભેગું કર્યું, ભોગવ્યું

૧. માપીને વેચાય, ૨. કાપીને વેચાય, ૩. ગણીને વેચાય, ૪. તોળીને વેચાય.

નહિ અને ધર્મમાં પણ વાપર્યું નહિ, તેમ પરોપકાર પણ કર્યો નહિ.'

આ પ્રમાણે ભાવના ભાવતાં ભાવતાં અને આમતેમ ભમતાં તત્કાળ ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાનથી દેદીપ્યમાન એવા એક મુનીશ્વરને તેણે જોયા. તેમના મહિમાથી આવેલ દેવોએ રચેલ સુવર્ણકમળ પર બિરાજમાન એવા તે મુનીશ્વરને નમસ્કાર કરીને ધનસાર તેમની પાસે બેઠો. પછી તેમણે કહેલ ધર્મ સાંભળી અવસર મેળવીને તેણે કેવળી ભગવંતને પૂછ્યું કે:- 'હે ભગવન્! હું કૃપણ અને નિર્ધન કેમ થયો? કેવળી બોલ્યા કે:-"હે ભવ્ય! સાંભળ:—

ધાતકીખંડના ભરતક્ષેત્રમાં કોઇ ધનાઢ્ય શેઠને બે પુત્ર હતા. તેનો પિતા મરણ પામ્યો, એટલે મોટોભાઈ ગૃહનો નેતા થયો. તે ગંભીર, સરલ, સારા આશયવાળો, દાતા અને સારો ભાવિક હતો, અને નાનોભાઇ કૃપણ અને લોભી હતો. મોટો જ્યારે દીનાદિકને દાન આપતો, ત્યારે નાનો તેની ઉપર દ્રેષ કરતો હતો, અને દાન કરતાં તેને બળાત્કારથી અટકાવતો હતો, પણ મોટોભાઈ અટકતો નહિ એટલે નાનો તેનાથી ભાગ વહેંચીને જુદો થયો. મોટાભાઇની લક્ષ્મી દાન દેતાં પુણ્યને પોષણ મેળવાથી વૃદ્ધિ પામી અને દાન ન આપવાથી નાનો ઉલટો દરિદ્રી થયો. કહ્યું છે કે:-'કૂવા, બગીચા અને ગાય આદિની સંપત્તિ જેમ આપવાથી વધે છે, તેમ દાન આપતાં લક્ષ્મી ક્ષીણ થતી નથી પણ ઉલટી અધિક વધે છે. સારા સ્થાનમાં રાખેલ થાપણની જેમ લક્ષ્મી દાતારનો ફરી ફરી આશ્રય લે છે; પરંતુ બંધનથી

જાણે ભય પામીને નીકળી હોય તેમ તે કૃપણની પાસે ફરી આવતી નથી,'

પછી નાનાભાઇએ ઈર્ષ્યાથી રાજાની આગળ મોટાભાઈનું કંઇક અલીક (ખોટું) પ્રકાશીને તેનું બધું લુંટાવી લીધું. આથી વૈરાગ્ય પામી મોટાભાઇએ સુસાધુ પાસે પ્રવ્રજ્યા લઇ અને તે નિરતિચારવ્રત પાળીને સૌધર્મદેવલોકમાં શ્રેષ્ઠ દેવતા થયો. નાનો ભ્રાતા લોકમાં નિંદા પામવાથી અજ્ઞાન તપ કરી મરણ પામીને અસુર થયો. તું અસુરયોનિમાંથી નીકળીને અહીં જન્મ પામ્યો અને મોટોભાઇ સૌધર્મદેવલોકથી ચ્યવીને તામ્રલિપ્તિ નગરીમાં મહાશ્રેષ્ઠીનો પુત્ર થયો. યોગ્ય અવસરે તે યતિવ્રત સ્વીકારી કેવળજ્ઞાન પામીને વિચરે છે-તે હું પોતે જ છું. જે દાનનો દ્વેષથી તેં અંતરાય કર્યો, તે કર્મના વિપાકથી તને કૃપણત્વ પ્રાપ્ત થયું અને ખોટી ચાડી કરીને મોટાભાઇની સમૃદ્ધિ તેં લુંટાવી દીધી, તેના વિપાકથી તારૂં સર્વ ધન નષ્ટ થયું. હવે તે દુષ્કૃત્યની ગર્હણા કરીને જે ધન પ્રાપ્ત થાય, તેની મૂર્છા તજી સુપાત્રે આપવા માંડ. કહ્યું છે કે :-'જે આપે છે અને ભોગવે છે-તેજ ધનિકનું ધન છે; બાકીનું કોણ જાણે છે કે ક્યાં અને કોને કામ આવશે? શરીરને ગોપવી (સાચવી) રાખનાર પર મૃત્યુ અને ધનને ગોપવી રાખનાર પર પૃથ્વી જારથી થયેલા પુત્રના વત્સલ સ્વપતિને જોઇ દુશ્ચારિણી સ્ત્રી હસે તેમ હસે છે. ધનને ભોગવતાં આ ભવમાં તેની સફળતા થાય અને દાન આપતાં પરભવ સુધરે; પણ હે બંધુ! ભોગવ્યા વિના અને દાન આપ્યા વિના મનુષ્યોને ધન પ્રાપ્ત થયાનો ગુણ શો? તે કહે, અનિત્ય, અસ્થિર અને અસાર લક્ષ્મી-જે દાનમાં અપાય

અને ભોગવાય–તેજ સફળ છે, કારણ કે ચપળ સ્ત્રીની જેમ લક્ષ્મ કોઈના ઘરે પણ સ્થિરતા કરતી નથી.

દાન પાંચ પ્રકારે છે. કહ્યું છે કે:—

"अभयं सुपत्तदाणं,
अणुकंपा उचिय कित्तिदाणं च ।
दोहृणवि मुक्खो भणिओ.
तिन्निवि भोगाइया दिंत्ति" ॥१॥

लक्ष्मीः कामयते मतिर्मृगयते कीर्तिस्तमालोकते
प्रीतिश्चुम्बति सेवते सुभगता नीरोगतालिंगति ।
श्रेयः संहतिरभ्युपैति वृणुते स्वर्गोपभोगास्थति
मुक्तिर्वांछति यः प्रयच्छति जनः पुण्यार्थमर्थं निजं ॥२॥

'અભય, સુપાત્ર, અનુકંપા, ઉચિત અને કીર્તિ એ પાંચ પ્રકારે દાન કહેલ છે. તેમાં પ્રથમના બે દાન મોક્ષનાં નિમિત્ત છે અને પાછલા ત્રણ દાન ઐહિક ભોગાદિકનાં નિમિત્ત છે. (૧) પુરૂષ પોતાની લક્ષ્મીને પુણ્યમાં વાપરે છે તેને તે વારંવાર ચાહે છે, બુદ્ધિ તેને શોધે છે, કીર્તિ તેને જોયા કરે છે, પ્રીતિ તેનું ચુંબન કરે છે, સૌભાગ્ય તેની સેવા કરે છે, આરોગ્ય તેને આલિંગન કરે છે, કલ્યાણ તેની સન્મુખ આવે છે, સ્વર્ગનો ઉપભોગ તેને વરે છે, અને મુક્તિ તેને ઇચ્છે છે.

(૨) જો કે દાન તો ગમે તેને આપવું જ, પણ જો સુપાત્રે દાન આપવામાં આવે તો દાતા શાલિભદ્રની જેમ સદા ઇષ્ટ વસ્તુ પામે છે. પાત્રાભાવે જયાં ત્યાં આપતાં પણ કુબેરની જેમ ગઇ લક્ષ્મી પાછી આવે છે." તે સાંભળીને ધનસારે પૂછયું કે :-'હે ભગવન્! એ કુબેર કોણ છે? અને તે લક્ષ્મી કેમ પામ્યો?' એમ પૂછતાં મુનિ બોલ્યા કે :-'હે ભદ્ર! સાંભળ :-

લક્ષ્મીથી વિશાળ એવા વિશાલપુરમાં ગુણાઢય રાજા રાજ્ય કરતો હતો. ત્યાં કુબેરના જેવો ધનવાન કુબેર નામે વ્યવહારી રહેતો હતો. સમૃદ્ધિમાન એવો તે પુષ્પમાળા, ચંદન, સ્ત્રીના વિલાસ, ગીત, ગાનાદિક તથા વસ્ત્રાભરણાદિકથી સુખ ભોગવતો હતો.

એકદા દિવ્ય રૂપવાળી અને શ્રેષ્ઠ વેષથી વિભૂષિત એવી લક્ષ્મીદેવી રાત્રે તેના ઘરે આવીને સૂતેલા એવા તેને કહેવા લાગી કે :-'અહો! તું જાગે છે કે નિદ્રામાં છે?' એમ સાંભળી તરત સસંભ્રમથી ઉઠીને તે બોલ્યો કે :-'હે માતા! હું જાગ્રત છું, તમે કોણ છો?' તે બોલી કે :-'હું લક્ષ્મી છું. ભાગ્યથી જ મારૂં આગમન અને સ્થિરતા થાય છે. હવે તારૂં ભાગ્ય ક્ષીણ થયું છે; માટે તારે ઘરેથી હું ચાલી જઈશ.' આ પ્રમાણે સાંભળી તાત્કાલિક બુદ્ધિવાળો તે બોલ્યો કે :-'જો એમ હોય, તો સાત દિવસ રહે, પછી જજે.' એટલે તે વાત કબુલ કરીને લક્ષ્મીદેવી અદશ્ય થઈ ગઇ ત્યાર પછી તે કુબેરે

સવારે જમીનમાં દાટેલું ધન બધું બહાર કઢાવ્યું. ઘરના માણસોનાં બધા આભરણા, વાસણો અને વસ્ત્રો ભેગા કરીને એક મોટો ઢગલો કરાવ્યો, અને પછી નગરમાં ઉદ્‌ઘોષણા (જાહેરાત) કરાવી કે :–' અનાથ, દુઃસ્થિત, અને દુઃખિત માણસો બધા આવો, તેમને હું ઇચ્છિત દાન આપવા ધારૂં છું" આ પ્રમાણેની જાહેરાત સાંભળીને જે જે દુઃખી જનો આવ્યા તેને તેણે પુષ્કળ દાન આપ્યું. સર્વજ્ઞ દેરાસરમાં પૂજા સ્નાત્ર–મહોત્સવાદિક કરાવ્યા સુસાધુઓને વસ્ત્ર અને અન્નદાન આપ્યું, અનેક જ્ઞાનોપકરણાદિ કરાવ્યા તથા સાધર્મિક વાત્સલ્યાદિક અનેક ધર્મકૃત્યો કર્યાં. આ પ્રમાણે સાત દિવસમાં તેણે પુષ્કળ ધનનો વ્યય કર્યો, માત્ર ભોજન જેટલું જ દ્રવ્ય બાકી રાખ્યું. સાતમે દિવસે રાત્રે તે એક જીર્ણ ખાટલાપર નિશ્ચિત થઈને સૂઇ ગયો એવામાં લક્ષ્મીદેવી ત્યાં આવી વિલખી થઇને બોલી કે :–' અહો કુબેર! જાગે છે કે નહિ?' કુબેર બોલ્યો નહિ, એટલે લક્ષ્મી બોલી કે :–' કેમ મને ઉત્તર આપતો નથી?' એમ કહી હાથવડે તેને હલાવ્યો; એટલે સંભ્રાંતની જેમ તે ઉઠયો અને બોલ્યો કે :–' હે માતા! આપ પધાર્યા છો એની મને ખબર નહોતી, ક્ષમા કરજો, ધનનો અભાવ હોવાથી નિશ્ચિંત થવાને લીધે આજે મને સુખે નિદ્રા આવી ગઇ હતી' લક્ષ્મી બોલી કે :–' હવે હું તારે ઘરેથી જવાને સમર્થ નથી, કેમકે તેં દાનરૂપી જાળથી મને સખ્ત રીતે બાંધી લીધી છે.' કુબેર બોલ્યો :– ' કોણ કોઈને બંધન કરી શકે તેમ છે? તમારે જવું હોય તો ખુશીથી જાઓ.' દેવી બોલી કે :–' હે ભદ્ર! મારાથી સ્વેચ્છાએ ગમન કયાં થઈ શકે છે? સાંભળ :–

"भो लोका मम दूषणं कथमिदं संचारितं भूतले,
सोत्सेका क्षणिका च निर्घृणतरा लक्ष्मीरिति स्वैरिणी
नैवाहं चपला न चापि कुलटा नो वा गुणद्वेषिणी.
पुण्येनैव भवाम्यहं स्थिरता युक्तं च तस्यार्जनम्" ।

'હે લોકો! લક્ષ્મી અભિમાની, ક્ષણિક, અત્યંત નિર્દય અને સ્વૈરિણી (કુલટા) છે એવું મારૂં દુષણ તમે પૃથ્વીપર કેમ ફેલાવ્યું છે! હું ચપલા કુલટા કે ગુણદ્વેષિણી નથી, હું તો પુણ્યથી જ અત્યંત સ્થિર થઇ શકું તેમ છું; માટે તમારે મારી સ્થિરતા કરવી હોય તો પુણ્ય ઉપાર્જન કરવું ઉચિત છે.'

હે કુબેર! હું તો પુણ્યને વશ છું, તેં પુણ્યકૃત્યો કર્યાં, તેથી હું તારે ત્યાં સ્થિર થઈ છું.' શેઠ સંતુષ્ટ થઇને બોલ્યો કે :—'હે માત! ત્યારે તમે મારે ઘરે પાછા શી રીતે આવશો?' લક્ષ્મી બોલી કે :—'હે ભદ્ર! સાંભળ—નગરની બહાર પૂર્વ બાજુના દરવાજા આગળ સરોવર ઉપર શ્રીદેવીના ભવનમાં જે અવધૂતવેષે રહેલ માણસ હોય તેને નિમંત્રી, ભોજન કરાવીને મધ્ય ઓરડામાં લઈ જઇ તેને મારજે એટલે તે સુવર્ણપુરૂષ થઈ જશે' પછી સવારે દેવીના આદેશથી તે પ્રમાણે કરતાં તે સુવર્ણપુરૂષ થઈ ગયો. તેને ખંડિત કરતાં પણ તે પાછો અક્ષય જ થઇ જતો. પુણ્યપ્રભાવથી કુબેર એ રીતે અત્યંત સુખી થયો.

એકદા તેની પડોશમાં રહેનારા કોઈ હજામને તે હકીકતની ખબર પડી, એટલે તેણે વિચાર કર્યો કે :—'અહો! આ વ્યવહારીઓના ઘરમાં લક્ષ્મી આવી જ રીતે વધતી હશે, માટે

હું પણ તેમ કરૂં.' એમ વિચારી એકદા તેણે દેવમંદિરમાં રહેલા કોઈ તેવા નરને જોઇ નિમંત્રી, ઘેર લાવી, ભોજન કરાવીને લાકડી વડે મસ્તકમાં માર્યું તે પ્રહારથી પેલો પુરૂષ પોકાર કરવા લાગ્યો; એટલે પોકાર સાંભળીને શસ્ત્ર સહિત કોટવાળ ત્યાં આવ્યો અને હજામને બાંધી રાજાની પાસે ખડો કર્યો. રાજાએ વૃત્તાંત પૂછયો કે :-'અરે! સત્ય બોલ.' એટલે તેણે બધો વૃત્તાંત કહી સંભળાવ્યો કે :-'હે સ્વામિન! કુબેર વ્યવહારીના ઘરે સુવર્ણપુરૂષ થયો, તે જાણીને મેં પણ તેમ કર્યું, પરંતુ મને તેવું ફળ ન થયું.' એટલે રાજાએ કૌતુકથી કુબેરવ્યવહારીને બોલાવીને પૂછયું, તેણે મૂળથી માંડીને બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. એટલે રાજા સંતુષ્ટ થઈને બોલ્યો કે :-'અહો! હું ધન્ય છું, કે જેના નગરમાં આવા દાતાર, પુણ્યવંત અને સત્યવાદી પુરૂષો વસે છે.' એમ કહીને રાજાએ કુબેરનો સત્કાર કર્યો અને હજામને પણ મુક્ત કર્યો, એટલે તે બંને સ્વસ્થાને ગયા. ત્યાર પછી કુબેર વિશેષ ધર્મકૃત્યમાં તત્પર થયો, અને અન્તે તે પુણ્ય કરવાથી સ્વર્ગે ગયો."

આ પ્રમાણે કેવળી ભગવંતે કહેલું દષ્ટાંત સાંભળી ધનસાર સંવેગ પામીને બોલ્યો :-"હે પ્રભો! જો એમ હોય તો મારે અત્યારથી પરિગ્રહનો નિયમ થાઓ. હવે પછી હું જે ઉપાર્જન કરીશ તેમાંથી અર્ધું ધર્મકાર્યમાં વાપરીશ અને કોઈનો પણ દોષ ગ્રહણ કરીશ નહીં." આ પ્રમાણે ધનસારે જિનપ્રણીત ગૃહસ્થધર્મના બીજા પણ કેટલાક નિયમો લીધા અને પૂર્વ ભવમાં જેનો અપરાધ કરેલો એવા તે કેવળીને વારંવાર ખમાવ્યા. પછી ભવ્યજનોને પ્રતિબોધ આપતા કેવળી ભગવંત

અન્યત્ર વિહાર કરી ગયા, અને તે શેઠ પણ પરિભ્રમણ કરતો તામ્રલિપ્તિ નગરીએ ગયો. ત્યાં વ્યંતરના પ્રાસાદમાં કાયોત્સર્ગે રહ્યા, એટલે વ્યંતરે ક્રોધિત થઈને તેને અતિ ભયંકર ઉપસર્ગો કર્યા. સૂર્યોદયપર્યંત તેણે ઉપસર્ગ કરવા ચાલુ રાખ્યા, પણ મેરૂ સમાન ધીર અને સ્થિર એવો તે થોડો પણ ચળાયમાન ન થયો. તેને દઢ જોઈ દેવ સંતુષ્ટ થઈને તે બોલ્યો કે :—'હે મહાભાગ! તને ધન્ય છે, તારા માતાપિતા પણ ધન્ય છે, કે ગૃહસ્થ છતાં તારી આવી દઢ મતિ છે, હું તારા સાહસથી સંતુષ્ટ થયો છું, માટે કંઈક વર માગ' આ પ્રમાણે સાંભળીને ધ્યાનસ્થ એવો તેણે ઉત્તર ન આપ્યો. એટલે દેવ બોલ્યો કે :—'હે ભદ્ર! જો કે તું ઈચ્છારહિત છે, તથાપિ તું મારા કહેવાથી મથુરામાં તારે ઘરે જા, પૂર્વવત્ તું મહર્દ્ધિક થઈશ.' એમ કહી તેને ખમાવીને દેવ અદૃશ્ય થયો. પછી કાયોત્સર્ગ પારીને શેઠે મનમાં વિચાર કર્યો કે :—'મારે ધનનું શું પ્રયોજન છે? તો પણ પૂર્વના કંજુસાપણાના મળ (છાપ) ને દૂર કરૂં' એમ વિચારી તે મથુરામાં પોતાને ઘેર ગયો.

એકદા તે નિધાનના સ્થાન જુએ છે, તો સર્વત્ર પહેલાની જેમ દ્રવ્ય તેના જોવામાં આવ્યું, અને દેશાંતરમાં મોકલાવેલ કરિયાણા વગેરેનું દ્રવ્ય પણ દિવસે દિવસે આવવા લાગ્યું. તેમજ લોકોએ જે દબાવી દીધું હતું તે પણ પાછું પ્રાપ્ત થયું. એ પ્રમાણે તેને ફરીને પણ છાંસઠ કરોડ દ્રવ્ય મળ્યું. 'શુભ ભાવથી કરેલાં પુણ્યો તરત ફળે છે.' પછી ધનસાર શેઠે ત્યાં એક મોટો જિનપ્રાસાદ કરાવ્યો. તેના પર સુવર્ણકળશ અને ધ્વજાઓ શોભવા લાગી. તેણે અનેક જીર્ણોદ્ધાર કરાવ્યા

અને સાધર્મિકવાત્સલ્ય તથા સ્વજનોનો સત્કાર કર્યો, સાધુઓને વસ્ત્ર અને અન્નદાન આપ્યું તથા સાત (જિનમૂર્તિ, જિનચૈત્ય, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ) ક્ષેત્રોમાં પોતાનું પુષ્કળ દ્રવ્ય વાપર્યું. આ પ્રમાણે ધનના વ્યયથી તેણે કીર્ત્તિ અને ધર્મ ઉપાર્જન કર્યા અને અન્તે અનશન કરી આયુ પૂર્ણ થતાં મરણ પામીને સૌધર્મ દેવલોકમાં અરૂણપ્રભ નામના વિમાનમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળો દેવ થયો.

આ કથા ઉપરથી સાર એ લેવાનો છે કે—અતિ લોલુપતાથી પ્રાણી દુઃખ અને અનર્થની પરંપરાને પામે છે, માટે મનમાં અતિલોલુપ્તપણાના સંકલ્પ પણ કરવા નહિ. એ સંબંધમાં એક દૃષ્ટાંત છે તે આ પ્રમાણે :—

કોઈ કાર્પાટિક ભિક્ષાથી પ્રાપ્ત થયેલ સાથવો ઘડામાં ભરી પોતાના પગ પાસે ઘડો મૂકીને એક શૂન્ય દેવકુળમાં સુઈ ગયો. ત્યાં રાત્રે જાગતાં આ પ્રમાણે ચિંતવવા લાગ્યો :—'આ સાથવાને વેચી કરી તેના મૂલ્યમાંથી એક બકરી લઈશ, તેને બચ્ચાં થશે એટલે તેને વેચીને ગાય લઈશ, ગાયને વાછડી વાછડા સહિત વેચીને ભેંશ લઈશ, અને ભેંશને પાડા પાડી સહિત વેચીને એક સારી ઘોડી લઇશ. તેના દિવ્ય વછેરાનું બહુ ધન મળશે. તે ધનથી ઉચ્ચ, સુંદર તથા ગોખ અને જાલિકાથી મનોહર એવો એક પ્રાસાદ (મહેલ) કરાવીશ, તેમાં હું નિવાસ કરીશ, અને અનેક પ્રકારની ઘરવકરી મેળવીશ. પછી પરિવાર તથા સ્વજનોને નિમંત્રીને ઉત્તમ બ્રાહ્મણની એક કન્યા પરણીશ. તેને સર્વ લક્ષણસંપૂર્ણ પુત્ર થશે. બહુ ધનનો વ્યય કરીને તે બાળનો વર્ધાપન મહોત્સવ કરીશ. પછી મારા સેંકડો મનોરથ સાથે તે

વૃદ્ધિ પામશે. કોઈ વાર હું બહારથી આવતાં ઘરના આંગણે રડતા બાળકને જોઈને ક્રોધિત થઈ હું સ્ત્રીને પગ વડે મારીશ. એમ વિચારતાં તેણે સાચેસાચ પગનો પ્રહાર કર્યો, તેથી પગ પાસે મૂકેલો ઘડો ભાંગી ગયો, અને સાથવો બધો ઉડી ગયો; એટલે કાર્પટિક અત્યંત શોચ કરવા લાગ્યો. આ દૃષ્ટાંત ઉપરથી વિવેકી જનોએ ખોટા સંકલ્પ વિકલ્પો પણ કરવા નહિ.

ઉપર જે પાંચ અણુવ્રતો કહ્યાં છે એ વ્રતોને સ્થૂળપણે પાળવાથી ગૃહસ્થ ધીરે ધીરે મોક્ષ તરફ ગમન કરે છે. એ જ વ્રતો સૂક્ષ્મ વિભેદથી પાળતાં પાંચ મહાવ્રતરૂપ થાય છે. મોક્ષ પ્રાપ્તિના નજીકના માર્ગતુલ્ય એ મહાવ્રતો પાળવાથી સાધુ જલ્દી સ્વર્ગ અને મોક્ષના સુખ પામે છે, માટે સુજ્ઞજનોએ યથાશક્તિ તેની આરાધનામાં પ્રયત્ન કરવો.”

આ પ્રમાણેની મુનિરાજની દેશના સાંભળીને બહુજનોએ અનેક પ્રકારના નિયમો, અભિગ્રહો અને દેશવિરતિનો સ્વીકાર કર્યો. કિરણવેગ રાજા ક્રોધ, લોભ, મોહ અને મદથી રહિત થઈ સંવેગ પામી ગુરૂને પ્રણામ કરીને કહેવા લાગ્યો કે :–‘હે ભગવન્ ! સંસારના ભયથી ઉદ્વેગ પામેલો હું દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છું છું, માટે આપ અહીં માસકલ્પ કરવા કૃપા કરો.’ ગુરૂએ તે પ્રાર્થના સ્વીકારી એટલે તેણે ઘરે જઈ મંત્રીને બોલાવી પોતાના પુત્રને રાજ્યભાર સોંપી, હજાર માણસો ઉપાડે એવી શિબિકા પર આરૂઢ થઇ. ગુરૂ પાસે આવીને તેમની પાસે દીક્ષા અંગીકાર કરી. પછી કર્મશલ્યને કાઢવા તેણે ચિરકાળ ચારિત્ર પાળ્યું. જ્ઞાનથી ઉત્સર્ગ અને અપવાદ માર્ગને જાણી તેમજ અપૂર્વજ્ઞાનનો અભ્યાસ કરી અનુક્રમે તે ગીતાર્થ થયા. પછી

ગુરૂની આજ્ઞાથી એકલવિહારીપણું સ્વીકારીને એક વખત તેઓ આકાશગમન કરતાં પુષ્કરવરદ્વીપે જઈ ત્યાં શાશ્વત જિનને નમસ્કાર કરી હેમાદ્રિ ઉપર ગયા, ત્યાં તીવ્ર તપ તપતાં અને અનેક પરીષહોને સહન કરતાં તે સમય પસાર કરવા લાગ્યા.

હવે પેલો કુર્કુટસર્પનો જીવ નરકથી નીકળીને હેમાદ્રિની ગુફામાં કાળદારૂણ (યમ જેવો ભયંકર) સર્પ થયો. તે ઘણા જીવોનું ભક્ષણ કરતો છતો આહારને માટે નિરંતર ભમવા લાગ્યો. એકદા ત્યાં ભટકતાં તે નાગે ધ્યાનમાં એકાગ્ર એવા કિરણવેગ ઋષિને જોયા. એટલે તત્કાળ પૂર્વજન્મના વૈરથી ઉત્પન્ન થયેલા ક્રોધને લીધે લાલ આંખ કરી તેણે તે મુનિને વીંટી લીધા. વિષથી ભીષ્મ એવી દાઢથી તેમને ઘણા ડંખ માર્યા અને પછી તે સ્વસ્થાને ગયો. તે વખતે મુનિ ચિંતવવા લાગ્યા કે :–'અહો! કર્મ ક્ષય કરવામાં આ મારો ઉપકારી છે.' એમ ચિંતવતાં દેહ અત્યંત વિષ વડે વ્યાપ્ત થઇ જવાથી સર્વ પાપની આલોચના કરી સમસ્ત જંતુઓને ખમાવી અનશન કરી નમસ્કારનું ધ્યાન કરતાં તે મરણ પામ્યા અને બારમા દેવલોકમાં જંબૂદ્રુમાવર્ત નામના વિમાનમાં બાવીશ સાગરોપમના આયુષ્યવાળા શ્રેષ્ઠ દેવ થયા, ત્યાં દિવ્ય સુખ ભોગવતાં સમય ગાળવા લાગ્યા. કહ્યું છે કે :–'દેવલોકમાં દેવોને જે સુખ છે, તેનું જેને સો જીભ હોય અને સો વરસનું આયુષ્ય હોય એવો પુરૂષ સદા વર્ણન કર્યા કરે, તો પણ પાર ન આવે.'

હવે પેલો સર્પ રૌદ્રધ્યાનથી બહુ જીવોનું ભક્ષણ કરતો હેમાદ્રિ પર્વત પર દાવાનળથી બળી છઠ્ઠી તમઃપ્રભા નામની નરક પૃથિવીમાં બાવીશ સાગરોપમના આયુષ્યવાળો નારકી

થયો, ત્યાં તે મુશળોથી ખંડાતો વજ્ર મુદ્ગરોથી કૂટાતો, કુંભીમાં પચાતો, તીક્ષ્ણ તરવારોથી છેદાતો, કરવતથી કપાતો, ડુક્કર અને કુતરાઓથી ભક્ષણ કરાતો, મહાયંત્રોમાં પીલાતો, તપ્ત સીસાનું પાન કરાતો, લોખંડના રથમાં જોડાતો શિલાતલપર પછડાતો, અગ્નિકુંડમાં ફેંકાતો, ગરમધુળમાં બેસાડાતો તથા ક્ષેત્રસ્વભાવજન્ય દુઃખ અને અન્યોન્યજન્ય મહા દુઃખનો અનુભવ કરતો છતો આયુષ્ય નિર્ગમન કરતો હતો. એક ક્ષણભર પણ તેને સુખ નહોતું.

આનંદ આપવામાં કુશળ, ભવના તાપને હરનાર, ચતુર્વિધ શ્રી સંઘના સ્થાપક, સુરેંદ્રોને પૂજનીય, કલ્યાણના કરનાર તથા સંઘને હર્ષ આપનાર એવા શ્રી પાર્શ્વનાથ પરમાત્મા તમારૂં કલ્યાણ કરો.

।। इति श्रीतपागच्छे श्री जगच्चंद्रसूरिपट्टपरंपरालंकार श्री पूज्य श्री हेमविमलसूरिसंतानीय श्री हेमसोमसूरिविजयराज्ये पंडित श्री संघवीरगणिशिष्य पंडित श्री उदयवीरगणिविरचिते श्री पार्श्वनाथगद्यबंधलघुचरित्रे चतुर्थपंचमभववर्णनो नाम द्वितीय सर्गः ।।

પાર્શ્વનાથ ભગવાનનું ૪–૫ ભવનું વર્ણન સમાપ્ત

---

# તૃતીય સર્ગ

પાર્શ્વ નામના યક્ષના સ્વામી, દશાવતારી અને ભુવનમાં એક સૂર્ય સમાન એવા શ્રી પાર્શ્વજિનેંદ્રને પ્રણામ કરીને સુરસ કથા પ્રબંધોથી મનોહર એવા ત્રીજા સર્ગને હું કહું છું.

આ જંબુદ્વીપના પશ્ચિમ મહાવિદેહના ભૂષણરૂપ સુગંધી નામના વિજયમાં કલ્પવૃક્ષ સમાન દાતારોથી યુક્ત, અપ્સરાસમાન સ્ત્રીઓથી મનોહર અને દેવમંદિરોથી સુશોભિત એવી શુભંકરા નામે સ્વર્ગ પુરી સમાન નગરી છે, ત્યાં અદ્દભુત ભાગ્યની ભૂમિ સમાન અને સકળ ગુણના નિધાન સમાન વજ્રવીર્ય નામે રાજા રાજ્ય કરે છે. તે રાજા પોતાની કીર્તિથી વિશ્વને ઉજવલ કરી લોકોને રંજન કરતો હતો, તેને બધા રાજાઓ નમસ્કાર કરતા હતા, તેણે સર્વ શત્રુઓને વશ કર્યા હતા, તેને બધી પ્રજા સેવતી હતી, તેનાથી કલ્યાણની પરંપરા વૃદ્ધિ પામતી હતી, તેના ગુણો દેશોદેશમાં લોકો ગાતા હતા અને તેના રાજ્યમાં ઇતિઓ (ઉપદ્રવો) દેશનો પરાભવ કરતી નહોતી, તે રાજા એકચક્રીની જેમ વિશાળરાજ્યનું પાલન કરતો હતો. તેને બીજી લક્ષ્મી હોય એવી અને લજ્જા, વિનય, સાધુત્વ તથા શીળ પ્રમુખ વિવિધ ગુણોથી સુશોભિત લક્ષ્મીવતી નામની પટરાણી હતી.

કિરણવેગનો જીવ દેવભવથી ચ્યવીને લક્ષ્મીવતી રાણીની કુક્ષિરૂપ સરોવરમાં હંસની જેમ અવતર્યો. ગર્ભસ્થિતિ પૂર્ણ થયે ઉત્તમ સમયે સુસ્વપ્નથી સૂચિત, પૃથ્વીના ભૂષણરૂપ અને જગત-જનના આંખને આનંદ થાય એવા પુત્રને તેણે જન્મ આપ્યો. એટલે રાજાએ તેનો જન્મ મહોત્સવ કર્યો અને વર્ધાપન મહોત્સવ ચાલતાં બારમે દિવસે સ્વજનોને ભોજન કરાવી સર્વજનોની સમક્ષ તેનું વજ્રનાભ નામ રાખ્યું. પછી પિતાના આનંદની સાથે પુણ્યપુદ્ગળોથી વૃદ્ધિ પામતા તેણે બાલ્યાવસ્થામાં બધી કળાઓ ગ્રહણ કરી. કળાકલાપથી સંપન્ન ચંદ્રમાની જેમ તે કુવલય[1] (પૃથ્વીલય) ને આનંદદાયક થઇ પડયો અનુક્રમે તે ઉજ્જવલ યૌવન પામ્યો. તેનું અદ્ભુત બાહુબળ ફેલાવા લાગ્યું સંગીત શાસ્ત્ર અને શસ્ત્રના વિનોદથી તથા કાવ્ય, કથા અને સ્વજનોની સાથે વાતચીતના રસથી ક્રીડા કરતાં તે સમય પસાર કરવા લાગ્યો.

એકદા બંગ[2] દેશનો ચંદ્રકાંત નામનો રાજા પોતાની પુત્રી વજ્રનાભને આપવા માટે પુત્રીને લઇને ત્યાં આવ્યો, એટલે કુમાર પણ વિજયા નામની કન્યાને તેના આગ્રહથી પરણ્યો. પછી કુમાર તે રમણીય સ્ત્રી સાથે પંચવિધ વિષયસુખ ભોગવવા લાગ્યો

અન્યદા કુમારના મામાનો કુબેર નામે પુત્ર પોતાના મા-બાપ પર રૂષ્ટમાન થઈ વજ્રનાભની પાસે આવીને રહ્યો તે કુબેર નાસ્તિકવાદી હોવાથી કુમારને ધર્મમાં તત્પર જોઈને બોલ્યો

૧ ચંદ્રપક્ષે કુવલય એટલે કમળ. ૨ બંગ—બંગાળ.

કે :–' અરે! મુગ્ધ! આ કષ્ટકલ્પના કેવી? કોણે તને એમ કહીને છેતર્યો છે કે સદ્ધર્મથી સદ્દગતિ થાય છે? એ બધું ખોટું છે; માટે મન, વચન અને કાયાના ઇચ્છિત પૂર, તેને ઇષ્ટ વસ્તુ આપ! રાજકુમાર તેનું આવું કથન સાંભળીને મૌનપણે વિચારવા લાગ્યો કે :–' કુગ્રહ (કદાગ્રહ) થી હઠાગ્રહી થયેલા જનો સાથે વિવાદ કરતાં બુદ્ધિનું પતન થાય છે, માટે કોઇ જ્ઞાની પાસેથી એને બોધ પમાડીશ. એમ ચિંતવીને તે બેસી રહ્યો.

એકદા ઘણા મુનિઓના પરિવારથી પરિવરેલા લોકચંદ્રસૂરિ બહારના અશોકવનમાં સમવસર્યા. તેમનું આગમન સાંભળીને ઘણા નગરજનો તેમને વંદન કરવા ગયા, અને કુબેરસહિત કુમાર પણ મુનીશ્વરને વંદન કરવા ગયો. ત્યાં કુમારે વિધિપૂર્વક શુદ્ધ ભાવથી મુનીશ્વરને વંદન કર્યું અને કુમારના આગ્રહથી કુબેરે પણ તેમને પ્રણામ કર્યા. પછી કુમાર વિગેરે યથાયોગ્ય સ્થાને બેઠા, એટલે સૂરીશ્વરે ધર્મઉદ્યાનમાં અમૃત સમાન ધર્મદેશના દેવાનો પ્રારંભ કર્યો. તે આ પ્રમાણે :—

"હે ભવ્ય જીવો! આ જીવ સ્વભાવે સ્વચ્છ છતાં કર્મરૂપી મળથી મલિન થઈ ચતુર્ગતિરૂપ સંસારમાં ભમતાં વિવિધ દુઃખ પામે છે. એટલે જીવ સ્વચ્છ–નિર્મળ છતાં કર્મને લઇને સંસારમાં ભમે છે અને વિવિધ દુઃખને પામે છે. તે કર્મ આઠ પ્રકારના છે :– જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, નામ, ગોત્ર, આયુ અને અંતરાય. તેમાં જ્ઞાનના પાંચ ભેદ છે :–મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન. તે જ્ઞાનોને જે આવરે–આચ્છાદિત કરે તે

જ્ઞાનાવરણકર્મ. દર્શનાવરણકર્મ નવ પ્રકારે છે :—ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ, નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા અને થીણદ્ધિ—એ રીતે નવવિધ દર્શનાવરણકર્મ. વેદનીયકર્મ બે પ્રકારે છે—સાતાવેદનીય અને અસાતાવેદનીય. મોહનીયકર્મના અઠયાવીશ ભેદ છે તે આ પ્રમાણે :—સોળ કષાય—ક્રોધ, માન, માયા અને લોભ—તે દરેકના ચાર પ્રકાર છે. સંજવલનક્રોધ, પ્રત્યાખ્યાનીક્રોધ, અપ્રત્યાખ્યાની ક્રોધ અને અનંતાનુબંધી ક્રોધ. એમ માન માયા અને લોભના પણ ચાર ચાર ભેદ હોવાથી ૧૬ થાય છે. સંજવલનની સ્થિતિ ૧૫ દિવસ, પ્રત્યાખ્યાનીની ચાર માસની, અપ્રત્યાખ્યાનીની એક વર્ષની અને અનંતાનુબંધીની જીંદગીપર્યંત સ્થિતિ હોય છે. બીજા નવ નોકષાય કહેવાય છે. તેમાં હાસ્યાદિક છ—હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને જુગુપ્સા તથા ત્રણ વેદ તે પુરૂષવેદ, સ્રીવેદ અને નપુંસકવેદ, કુલ નવ અને ત્રણ મોહનીય—તે સમ્યકત્વમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય—એ પ્રમાણે મોહનીય કર્મના અઠ્ઠાવીશ ભેદ થાય છે. નામકર્મ દ્વિવિધ છે, શુભ અને અશુભ. (તેના ઉત્તરભેદ ઘણા (૧૦૩) થાય છે.) ગોત્રકર્મ દ્વિવિધ—તે ઉચ્ચગોત્ર અને નીચગોત્ર. આયુકર્મના ચાર ભેદ—તે દેવઆયુ, મનુષ્યઆયુ, તિર્યંચઆયુ અને નરકઆયુ. અંતરાયકર્મ પંચવિધ—તે દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય ને વીર્યાંતરાય.

જ્ઞાનના જાણનારને તેમાં અંતરાય કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

ધર્મનો અંતરાય કરવાથી દર્શનાવરણીય કર્મ બંધાય છે. કહ્યું છે કેઃ–'સર્વજ્ઞ, ગુરૂ અને સંઘને પ્રતિકુળ થવાથી તીવ્ર અને અનંત સંસાર વધારનાર દર્શનાવરણીય કર્મ બંધાય છે.'[1]

અનુકંપા, ગુરૂભક્તિ અને ક્ષમાદિકથી સુખ ( સાતા ) વેદનીય કર્મ બંધાય છે અને તે કરતાં વિપરીત કરવાથી દુઃખ ( અસાતા ) વેદનીય કર્મ બંધાય છે. કહ્યું છે કે :– 'જ્યારે મોહોદયથી તીવ્ર અજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે તેના પ્રભાવથી કેવળ ( અસાતા ) વેદનીય કર્મ બંધાય છે અને એકેંદ્રિયપણું પ્રાપ્ત થાય છે.'

રાગ, દ્વેષ, મહામોહ અને તીવ્ર કષાયથી તથા દેશવિરતિનો અને સર્વવિરતિનો પ્રતિબંધ કરવાથી મોહનીયકર્મ બંધાય છે.

મન, વચન અને કાયાના વર્ત્તનમાં વક્રપણે ચાલવાથી તથા અભિમાન કરવાથી અશુભ નામકર્મ બંધાય છે, તથા સરલતા વિગેરેથી શુભ નામકર્મ બંધાય છે.

ગુણને ધારણ કરવાથી, પરગુણને ગ્રહણ કરવાથી, આઠ મદનો ત્યાગ કરવાથી, આગમ સાંભળવામાં પ્રેમ રાખવાથી અને નિરંતર જિનભક્તિમાં તત્પર રહેવાથી ઉચ્ચગોત્ર બંધાય છે અને તે કરતાં વિપરીત વર્તવાથી નીચ ગોત્ર બંધાય છે.

अकाम निर्जरा बालतपोऽणुव्रतसुव्रतैः
जीवो बध्नाति देवायुः सम्यग्द्रष्टिश्च यो भवेत् ।

---

૧ અન્યત્ર દર્શનાવરણીય કર્મના બંધહેતુ જુદી રીતે કહ્યા છે.

અજ્ઞાનકષ્ટ, અજ્ઞાનતપ , અણુવ્રત અને મહાવ્રતથી દેવ આયુ બંધાય છે કહ્યું છે કે :– અકામનિર્જરાથી, બાલતપસ્યાથી અણુવ્રતથી અને મહાવ્રતથી તેમજ સમ્યગ્દૃષ્ટિપણાથી દેવ આયુ બંધાય છે.' જે દાનશીલ, અલ્પકષાયી અને સરલ સ્વભાવી હોય તે મનુષ્ય આયુ બાંધે છે, કહ્યું છે કે :– 'શીલ અને સંયમ રહિત છતાં પણ સ્વભાવે અલ્પકષાયી અને દાનશીલ હોય તે મધ્યમ ગુણોથી મનુષ્ય–આયુ બાંધે છે.' બહુ કપટી, શઠ, સન્માર્ગ ઓળંગી ઉન્માર્ગે ચાલનાર, હૃદયમાં શલ્ય રાખનાર અને બાહ્ય વૃત્તિથી ખમાવનાર તિર્યંચ આયુ બાંધે છે. કહ્યું છે કે :–'ઉન્માર્ગે ચાલનાર, માર્ગનો નાશ કરનાર, બહુ માયાવી, શઠવૃત્તિવાળો અને શલ્યસહિત તિર્યંચ આયુ બાંધે છે.' મહાઆરંભી, બહુ પરિગ્રહી, માંસાહારી, પંચેન્દ્રિયનો વધ કરનાર અને આર્ત્ત તથા રૌદ્ર ધ્યાન કરનાર નરક આયુ બાંધે છે. કહ્યું છે કે :–'મિથ્યાદૃષ્ટિ, કુશીલ, મહાઆરંભ કરનાર અને મહા પરિગ્રહ રાખનાર, પાપી અને ક્રૂર પરિણામી નરકાયુ બાંધે છે.'

જે સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, વ્યાખ્યાન અને જિન-પૂજામાં વિઘ્ન કરે તે અંતરાયકર્મ બાંધે છે. કહ્યું છે કે :– 'હિંસાદિકમાં આસક્ત, દાન અને જિનપૂજામાં વિઘ્ન કરનાર ઈષ્ટઅર્થને બાધ કરનાર અંતરાયકર્મ બાંધે છે.'

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, અને અંતરાય–એ ચાર કર્મોની ત્રીશ ત્રીશ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર કોડાકોડી સાગરો-

પમની છે નામકર્મ અને ગોત્ર કર્મ—એ પ્રત્યેકની ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોડાકોડી સાગરોપમની છે. આયુકર્મની તેત્રીશ સાગરોપમની સ્થિતિ છે. વેદનીય કર્મની જઘન્ય સ્થિતિ બાર મુહૂર્ત્તની છે. નામ અને ગોત્ર કર્મની જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત્તની છે અને બાકીના કર્મોની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. જ્યારે જીવ એ કર્મોની ગ્રંથિનો ભેદ કરે ત્યારે સમ્યક્ત્વ પામે છે અને સમ્યક્ત્વ પામવાથી તે ધર્મરસિક થઈને ધીરે ધીરે પોતાના મનને જિનધર્મમાં દૃઢ કરે છે, પછી તે ગૃહસ્થધર્મ યા યતિધર્મને પાળતાં કર્મમળરહિત થાય છે અને અંતે તે પરમપદને પામે છે, માટે ભવ્ય જનોએ નિરંતર ધર્મ કરવાની બુદ્ધિ રાખવી.'

આ પ્રમાણેની ગુરૂમહારાજની દેશના સાંભળીને ગર્વથી ઓષ્ઠપુટને ફરકાવતો કુબેર બોલ્યો કે :—"હે આચાર્ય ! આટલો વખત ફોગટ કંઠશોષ કર્યો, આ બધું તમારૂં કથન યદ્વાતદ્વા છે. ધર્મકર્માદિકનું તમે જે સ્થાપન કર્યું તે આકાશના ફુલની જેમ મિથ્યા છે. પ્રથમ આત્મા જ નથી, એટલે ગુણો નિરાધાર હોવાથી રહેતા જ નથી—નષ્ટ જ થાય છે, ઘડો વસ્ત્ર વિગેરે પદાર્થોની જેમ જે પ્રત્યક્ષ દેખાય છે તે જ સત્ય છે. જીવ ઇંદ્રિયગ્રાહ્ય નથી માટે જીવ નથી, અને જીવનો અભાવ હોવાથી ધર્મ પણ નથી. જેમ માટીના પિંડથી ઘડો તૈયાર થાય છે તેમ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ—એ પાંચ ભૂતથી આ દેહપિંડ થયો છે. કેટલોક કાળ ગયા પછી પણ તે પંચભૂત પોત–પોતાના પદાર્થમાં અંતર્હિત થઈ જાય છે. જ્યારે જીવ જ નથી ત્યારે કષ્ટરૂપ તપથી સુખ કોને થાય ?

શી રીતે થાય ? કષ્ટથી તો કષ્ટકારી ફળ જ મળે, તેમજ વળી જીવના અભાવથી ધર્મનો પણ અભાવ છે. નિમિત્તના અભાવે નૈમિત્તિકનો પણ અભાવ જ સમજવો."

આ પ્રમાણેનાં કુબેરનાં વચન સાંભળીને શાંતાત્મા મુનિ બોલ્યા કે :–'હે દેવાનાંપ્રિય[1] ! સાંભળ. યુક્તિવચનથી વિરૂદ્ધ ન બોલ, જેમ કોઈ 'મારી માતા વંધ્યા' એમ કહે તેમ તું જીવનો અભાવ સિદ્ધ કરે છે, પરંતુ તે બધું અઘટિત છે. જીવ જ્ઞાનવડે પ્રમાણવાળો છે, તે ઈંદ્રિયગોચર નથી. આત્મા ચર્મ-ચક્ષુવાળા જીવને ઇંદ્રિયગોચર નથી, પણ તે પરમજ્ઞાનીઓને જ્ઞાનગોચર છે. પૃથ્વી આદિ પાંચે પદાર્થો અચેતન છે અને જીવ ચેતનાલક્ષણ છે. કહ્યું છે કે :–'ચેતના, ત્રસ સ્થાવર, ત્રણ વેદ, ચારગતિ, પાંચ ઈંદ્રિય અને છ કાય–એ ભેદોથી જીવ એકવિધ, દ્વિવિધ, ત્રિવિધ, ચતુર્વિધ, પંચવિધ અને ષડ્‌વિધ કહેવાય છે.' વળી બાલ્યવયમાં જે કર્યું અને ભોગવ્યું તે જીવ વિના વૃદ્ધવયમાં કેમ સાંભરે ? કોને સાંભરે ? તે તો જીવને જ સાંભરે, પણ પૃથ્વ્યાદિ અચેતન પદાર્થોમાં તેવી સ્મરણશક્તિ નથી, માટે જીવ છે, ધર્માધર્મ પણ છે, અને યથોક્ત ધર્મ અધર્મનો ભોક્તા જીવ ચૈતન્ય લક્ષણવાળો છે. જેમ નવા ઉગેલા અંકુરથી ભૂમિમાં રહેલા બીજનું અનુમાન થાય છે, તેમ સુખ દુઃખથી પૂર્વભવનાં કરેલાં શુભાશુભ કર્મનું અનુમાન થાય છે. તે આ પ્રમાણે :– કેટલાક જનો વિચિત્ર મણિઓથી બાંધેલ તળીયાવાળા, સારી

૧ આવું સંબોધન મૂર્ખને કરાય છે, બીજાને દેવાનુપ્રિય કહેવાય છે.

શાળાથી સુંદર, સારી ગંધથી વાસિત અને દિવ્ય ચંદ્રવાથી યુક્ત એવા મહેલમાં સુખપૂર્વક વસે છે, અને કેટલાક ઉંદર, સર્પ, નોળિયો અને ધૂળના સમુહથી વ્યાપ્ત એવા જીર્ણ ઘરમાં રહેવાથી દુઃસ્થિત અને ઘર સંબંધી કલેશયુક્ત દેખાય છે, અને કેટલાક મિષ્ટાન્ન, પકવાન, દ્રાક્ષરસનાં પાન વિગેરે ભોજન તથા કર્પૂરમિશ્રિત તાંબુલનો સુખે ઉપભોગ કરે છે, અને કેટલાક બીજાના મુખને જોતા, પરસેવા કરતા, ભુખથી ક્ષીણ દેખાતા કદન્નને પણ ભાગ્યે જ મેળવી શકે છે. કેટલાક ઉદાર શૃંગાર, સારી માળા અને સુગંધી વિલેપનથી વિભૂષિત થઇ, દિવ્ય યાન (વાહન)માં બેસી અને પરિવારથી યુક્ત થઇ કામદેવ જેવા બની ગીત ગાનવડે ક્રીડા કરે છે અને કેટલાક દીન વદનવાળા, ધન અને સ્વજનથી રહિત, દુર્દશાને પામેલા તથા દેહ અને મુખમાં ગંધાતા નારકીના જીવોની જેવા દુઃખિત દેખાય છે. કેટલાક સુગીત તથા મનોહર વીણાનાદથી શય્યામાં નિદ્રાસુખ મેળવી સવારે યાચકવર્ગના જયજયારવથી જાગૃત થાય છે અને કેટલાક શિયાળ ઘુવડ અને ગધેડાના શબ્દ સાંભળતા ખડબચડી જમીન પર સૂઈને માંકડના ડંખથી ભક્ષણ કરતા નિદ્રા પણ મેળવી શકતા નથી. આ પ્રમાણે પ્રત્યક્ષ ધર્માધર્મનું ફળ જોઇને અનંત સુખને માટે કષ્ટસાધ્ય ધર્મ પણ આરાધવા યોગ્ય છે. વળી તેં જે કહ્યું કે–કષ્ટ કરવાથી સુખ પ્રાપ્ત થતું નથી તે પણ ખોટું છે. કડવી દવાના યોગથી શું આરોગ્ય પ્રાપ્ત થતું નથી? ધર્મમાં તત્પર રહેલા જીવને સ્વર્ગ કરતાં પણ અધિક સુખ પ્રાપ્ત થાય છે. ધર્મથી સુંદર કુળ, રૂપ, બળ, જ્ઞાન ધન અને યશ પ્રાપ્ત થાય છે; તેમજ ધર્મના શાસન-

થી આ જગતમાં સમસ્ત જનોના ઉપકારોને માટે આ સૂર્ય અને ચંદ્રમા ઉદય પામે છે. વળી ધર્મ એ બંધુરહિતનો બંધુ છે, મિત્રરહિતનો મિત્ર છે; અનાથનો નાથ છે અને જગતને એક વત્સલરૂપ છે. માટે નિરંતર ધર્મકુંટુબની સેવા કરવી યોગ્ય છે. કહ્યું છે કે:—

"धर्मस्य दया जननी,
जनकः किल कुशलकर्मविनियोगः ।
श्रद्धा च वल्लभेयं,
सुखानि निखिलान्यपत्यानि" ॥१॥
संघश्चतुर्विधो बिम्बं सुचैत्यं चागमोऽर्हतां ।
सप्ताप्येतानि धर्मस्य क्षेत्रकाणि विदुर्बुधाः ॥२॥

"દયા—એ ધર્મની માતા છે, કુશળ કર્મનો વિનિયોગ—એ ધર્મનો પિતા છે, શ્રદ્ધા—એ તેની સ્ત્રી છે અને સમસ્ત સુખો—એ તેના સંતાન છે.' (૧) ચતુર્વિધ સંઘ, જિનબિંબ, જિનચૈત્ય અને આર્હત્—આગમ—સુજ્ઞ જનોએ ધર્મના એ સાત ક્ષેત્રો કહ્યા છે. (૨) ગુરૂનો વિનય કરવો, સાધુજનની સંગતિ કરવી, વિવેકમાં મન રાખવું અને ઉત્તમ સત્ત્વનો ત્યાગ ન કરવો. વિનય, વિવેક, સુંસગ, અને સુસત્ત્વ—એ ગુણો લૌકિક વ્યવહારમાં પણ પ્રશંસનીય ગણાય છે, લોકોત્તરમાં તો એ વાત પ્રગટજ છે.'

'હે કુબેર! તું રાજપુત્ર થઈને અશ્વપર આરોહણ કરે છે અને આ સેવકો તારી સેવા કરે છે, તેમાં શો હેતુ હશે?

વિચાર કરતાં જણાશે કે ધર્મ જ ત્યાં હેતુ છે. એ કારણ માટે જીવાદિ પદાર્થો વિદ્યમાન છે.'

આ પ્રમાણેનાં ગુરૂવચન સાંભળીને કુબેરકુમાર બોધ પામી, ઉભો થઇ ઉત્તરાસંગ કરી, ત્રણ પ્રદક્ષિણા દઈ, ગુરૂના ચરણકમળને નમસ્કાર કરીને અંજલિ જોડી કહેવા લાગ્યો કે:–હે ભગવન્! તમે જે કહ્યું તે પ્રમાણ છે. હવે મને ધર્મતત્ત્વ વિસ્તારથી કહો' એટલે ગુરૂ બોલ્યા કે:– "હે કુબેર! તને ધન્ય છે. તારી ઇચ્છા પણ શ્રેષ્ઠ છે, તો હવે ધર્મતત્ત્વ સાંભળ કહ્યું છે કે:—

"यथा चतुर्भिः कनकं परीक्ष्यते,
निघर्षणच्छेदनतापताडनैः ।
तथैव धर्मो विदुषा परीक्ष्यते,
श्रुतेन शीलेन तपोदयागुणैः ॥"

'જેમ ઘસવું, છેદન, તાપ અને ટીપવું–એ ચાર પ્રકારે સોનાની પરીક્ષા કરાય છે, તેમ શ્રુત (જ્ઞાન), શીલ, તપ અને દયા–એ ચાર ગુણોથી સુજ્ઞજન ધર્મની પરીક્ષા કરે છે' વળી ધર્મ, અર્થ કામ અને મોક્ષ–એ ચાર પુરૂષાર્થો છે, તેમાં મુખ્ય પુરૂષાર્થ ધર્મ જ છે ધર્મ સ્વાધીન થાય, એટલે અન્ય ત્રણ પુરૂષાર્થો જલ્દી સ્વાધીન થાય છે. કહ્યું છે કે:–'આ સંસારમાં મનુષ્યજન્મ સારભૂત છે, તેમાં ત્રણ વર્ગ સારભૂત છે અને ત્રણ વર્ગમાં પણ ધર્મ સારભૂત છે, ધર્મમાં પણ દાનધર્મ અને

દાનમાં પણ વિદ્યાદાન—એ પરમાર્થસિદ્ધિનું મૂળ કારણ છે.' તેથી મુશ્કેલીથી મેળવી શકાય એવો મનુષ્યભવ પામીને ધર્મમાં યત્ન કરવો; મનુષ્યભવ ફોગટ ન ગુમાવવો. કારણ કે:—જેમ ત્રણ વાણીયા મૂળ દ્રવ્ય લઈને વ્યાપાર માટે નીકળ્યા—તેમાં એકે લાભ મેળવ્યો, બીજાએ મૂળ દ્રવ્યને જ કાયમ રાખ્યું અને ત્રીજાએ મૂળ દ્રવ્ય પણ ગુમાવ્યું. જેમ આ ઉપમા વ્યવહારમાં છે, તેમજ ધર્મમાં પણ સમજી લેવી. તે દષ્ટાંત આ પ્રમાણે છે:—

જંબૂદ્વીપના ઐરવત ક્ષેત્રમાં અયોધ્યા નામે નગરીમાં ધન્ય નામનો વ્યવહારી રહેતો હતો. તેને ગુણવતી અને સ્નેહવતી એવી ધનવતી નામે પ્રિયા હતી. તેને ધનદેવ, ધનમિત્ર અને ધનપાલ નામના ત્રણ પુત્રો હતા. તે ત્રણ યૌવન પામતાં બહુ બુદ્ધિના ભંડાર થયા.

એકદા શેઠે વિચાર કર્યો કે:—'મારે ત્રણ પુત્રો છે, તેમાં ગૃહભાર આપવા લાયક કોણ છે?' એમ વિચારી તેનો નિર્ણય કરવા માટે ત્રણે પુત્રોને બોલાવીને કહ્યું કે:—'હે વત્સો! સાંભળો. તમે પ્રત્યેક ત્રણ ત્રણ રત્ન લઈને દેશાંતરમાં જાઓ, અને પોતપોતાની બુદ્ધિથી વ્યાપાર કરો.' એટલે તેમણે પિતાનું વચન કબુલ કર્યું. પછી શેઠે તે પ્રત્યેક પુત્રને સવા કરોડ મૂલ્યના ત્રણ ત્રણ રત્નો આપ્યા એટલે તેમણે લઈને સાચવી રાખ્યા પછી શ્રેષ્ઠીએ ફરી કહ્યું કે:—'જ્યારે હું બોલાવું ત્યારે તમારે જલ્દી આવવું.' આ પ્રમાણેનું પિતાનું વચન સાંભળીને તે ત્રણેમાં મોટો પુત્ર ધનદેવ કે જે અપ્રમાદી હતો તે તત્કાળ પિતાનું વચન પ્રમાણ કરીને વિજયમુહૂર્તે ત્યાંથી નીકળ્યો. જતાં જતાં તેણે બે નાના ભાઈઓને કહ્યું કે:—'હું

નગરની બહાર રસ્તામાં તમારી રાહ જોતો બેસું છું, ત્યાં તમારે જલ્દી આવવું.' આ પ્રમાણે બંને બંધુને કહી, પિતાના ચરણને પ્રણામ કરી તે નગરની બહાર જઈને બેઠો. બીજો બંધુ ધનમિત્ર ક્ષણવાર રાહ જોઇને જલ્દી ચાલ્યો, અને ધનદેવને જઈને મળ્યો. ત્રીજો તો ભોજન કરી ક્ષણવાર વિસામો લઈને પછી ઘેરથી ચાલ્યો. રસ્તામાં ત્રણે ભેગા થઇ ગયા. પછી દેશાંતરના માર્ગે ચાલતા થયા અનુક્રમે તે ત્રણે નિર્વિઘ્ને સિંહલદ્વિપમાં કુસુમપુરની પાસેના ઉદ્યાનમાં આવી પહોંચ્યા. ત્યાં તેમણે વિચાર કર્યો કે:–'આ નગરમાં જ વ્યાપાર કરીએ, આગળ જવાનું શું કામ છે? કારણ કે:—

प्राप्तव्यमर्थं लभते मनुष्यो,
देवोऽपि तं लंघयितुं न शक्तः ।
तस्मान्न शोको न च विस्मयो मे,
यदस्मदीयं नहि तत्परेषाम् ॥"

'મનુષ્ય પ્રાપ્તવ્ય (પામવા યોગ્ય) અર્થને મેળવી શકે જ છે, તેમાં વિઘ્ન કરવાને દેવ પણ સમર્થ નથી; માટે મને શોક કે વિસ્મય થતો જ નથી; કારણ કે જે મારૂં છે, તેમાં બીજા કોઇનો હક્ક નથી.' આ પ્રમાણે નિશ્ચય કરીને તે ત્રણેએ ત્યાં પ્રથમ ભોજન કર્યું. પછી ધનદેવ ભોજન કરી તરતજ નગરમાં ગયો. ત્યાં ચાર માર્ગ હોય ત્યાં બહુ વ્યાપારીઓ તત્કાળ વહાણમાં આવેલી કોઇ વસ્તુની ખરીદ કરતા હતા, તેમની પાસે

ધનદેવ આવ્યો અને સર્વજનોને તેણે પ્રણામ કર્યા તથા યથોચિત વિનય કર્યો. તેને સારા લક્ષણવાળો, સારા વસ્ત્રોવાળો અને વિવેકી જોઇને વહેપારી ખુશ થઈ ચિંતવવા લાગ્યા કે :–'આ કોઇ અપૂર્વ ભાગ્યવંત અને સજ્જન દેશાંતરનો વેપારી લાગે છે' એમ વિચારીને તેમણે કહ્યું કે :–'હે ભદ્ર ! અમે આ વસ્તુ લઇએ છીએ તેમાં તમારે ભાગ રાખવો હોય તો રાખો, તમારે ભાગે આવે તે તમે પણ લ્યો,' એટલે ધનદેવ બોલ્યો કે :–'જેવો આપનો વિભાગ, તેવો મારો પણ વિભાગ તેમાં ગણજો.' બધાએ તે વાત કબુલ કરી. પછી તેણે કોઈની દુકાન ભાડે લઈને પોતાના ભાગે આવેલું કરીયાણું તેમાં રાખ્યું. થોડા દિવસોમાં જ તે વસ્તુનો ભાવ બહુ વધી ગયો, એટલે દેશાંતરથી આવેલા વ્યાપારીઓને તેણે તે માલ વેચાતો આપ્યો. તે કરીયાણામાં તેને બહુ લાભ થયો, એટલે તે નફાના ધનથી બીજી વસ્તુઓનો પણ વેપાર કરવા લાગ્યો. અને પોતાના રત્નોની ત્રિકાળ પૂજા કરવા લાગ્યો. તે બીજી વસ્તુ પણ ખરીદતો અને વેચતો હતો, તેથી તે મહા ધનવાન્ વ્યવહારી થઇ પડયો. સર્વત્ર રાજદ્વાર અને લોકોમાં પણ તેની પ્રસિદ્ધિ થઈ અને કીર્તિ વિસ્તાર પામી.

હવે બીજા ભાઈ ધનમિત્રે પછી બે ઘડીવાર ત્યાં વિસામો લઈ પછી નગરમાં પ્રવેશ કર્યો આગળ ચાલતાં તે ઝવેરીબજારમાં ગયો એટલે પૂર્વે જોવામાં નહિ આવેલ અને અપૂર્વ સદ્ભાગ્યવંત એવા તેને આવતો જોઇને કોઈ ઝવેરીએ સામા જવા પૂર્વક માન આપીને પૂછયું કે :–'હે સજ્જનશેખર પુરૂષ ! તમે ક્યાંથી આવો છો ? કયાં નિવાસ રાખ્યો છે ? અને અહીં શા

કારણે આવવાનું થયું છે?' તે બોલ્યો કે:-'હું વેપારી છું અને દેશાંતરથી આવ્યો છું.' એટલે ઝવેરી બોલ્યો કે:-'આજ મારે ઘેર ચાલો.' એમ કહી બહુ માન આપીને ઘેર લઇ ગયો. ત્યાં સ્નાન, ભોજન કરાવી, ભક્તિથી વિલેપન, તિલક તથા પાનઆદિ દઇને તેણે પૂછયું કે:-'હે સત્પુરૂષ ! તમે શું વેપાર કરવા માગો છો ?' ધનમિત્રે કહ્યું કે:-'જેમાં લાભ મળશે તે વેપાર કરશું.' એટલે ફરી ઝવેરીએ પૂછયું કે:-'તમારી પાસે ધન કેટલું છે ?' તે બોલ્યો કે:-'મારી પાસે સવા સવા કરોડ મૂલ્યના ત્રણ રત્નો છે, એટલે સર્વ મળી પોણીચાર કોટિ દ્રવ્ય છે, તે દ્રવ્યથી વ્યાપાર કરીશ.' ફરી ઝવેરીએ કહ્યું કે:-'ઠીક છે, પણ તમે મારી સલાહ પ્રમાણે કરો.' ધનમિત્રે કહ્યું:-'બોલો.' તેણે કહ્યું કે:-'તમે તમારાં રત્નો મને વ્યાજે આપો, તમારા માગ્યા પ્રમાણે હું વ્યાજ આપીશ, આથી તમને લાભ થશે. અને જે વખતે તમને કામ પડશે તે વખતે તેજ રત્નો તમને પાછાં આપીશ.' એટલે તેણે વાત કબુલ કરીને ત્રણે રત્નો તેને આપ્યા. ઝવેરી તેને નિયમિત રીતે વ્યાજ આપતો હતો અને તે ગ્રહણ કરીને ધનમિત્ર આનંદ કરતો હતો. તે સ્વેચ્છાએ નગરમાં જઈ ક્રીડા કરતો અને સુખ ભોગવતો હતો.

આવા નિરૂદ્યમી અને ભાગ્યને આધારે બેસી રહેનારાઓને પસંદ પડતું એક દૃષ્ટાંત અહીં આપવામાં આવે છેઃ—

કરંડીયામાં રહીને કંટાળી ગયેલ, હતાશ અને ભુખને લીધે શરીરે ગ્લાન થઈ ગયેલ એવા સર્પના મુખમાં રાત્રે તે કરંડીયાને કોતરીને કોઈ ઉંદર પોતાની મેળે પડયો. તેનાં

માંસથી તે સર્પ તૃપ્ત થયો અને પાછો તેણે કરી દીધેલા માર્ગે તે બહાર નીકળી ગયો. માટે હે મિત્રો! કાંઇ પણ ઉદ્યમ ન કરતાં સ્વસ્થ થઇને બેસી રહો, કેમકે વૃદ્ધિ અને ક્ષયમાં-લાભ અને હાનિમાં કારણભૂત એક દૈવજ છે. વિધાતાએ લલાટપટ્ટપર જે અલ્પ કે બહુ ધન લખ્યું છે, તે મારવાડમાં જતાં પણ અવશ્ય મળવાનું છે, અને તે કરતાં અધિક મેરૂપર્વત પર જતાં પણ મળવાનું નથી માટે બંધુઓ! ધીરજ ધરો અને ફોગટ કૃપણ સ્વભાવ ન રાખો. કેમકે કુવામાં કે સમુદ્રમાં જ્યાં જઇને ભરશો ત્યાંથી ઘડામાં સરખુંજ જળ સમાશે. (આટલી હકીકત પ્રસંગોપાત કહેવામાં આવી છે.)

હવે ત્રીજો બંધુ ધનપાલ ભોજન કરી પ્રમાદથી ત્યાંજ સુઇ ગયો. નિદ્રા લઇને સંધ્યા વખતે તે નગરમાં પેઠો. ત્યાં નગરના મુખ્ય દ્વાર આગળ ઘણી વેશ્યાઓ તેના જોવામાં આવી. તેમાં એક વેશ્યાને ઘણા નટવિટ પુરૂષો સાથે જોઇ. એકે એનો હાથ પકડી રાખ્યો હતો, એક તેને તાંબુલનું બીડું આપતો હતો અને એક તેને હાસ્ય કરાવતો હતો. એવામાં એક લંપટ પુરૂષ ધનપાલને આવતો જોઇને બોલ્યો કેઃ-'હે પરદેશી પુરૂષ! શું જુએ છે? મનુષ્ય ભવનાં આવાં આવાં ખરેખરાં મીઠા ફળને ગ્રહણ કર.' એટલે ધનપાળ તે વેશ્યાને ઘરેજ ગયો અને વિવિધ નાટક જોતો તથા ગીતગાન સાંભળતો આખી રાત ત્યાંજ રહ્યો. પછી તેના હાવભાવથી મોહિત થઈ તેની સાથે ભોગ ભોગવવા લાગ્યો તે સ્નેહ વચનથી તેને પૂછવા લાગી કેઃ-'હે સ્વામિન્! અહીં તમે શા કામે આવ્યા છો?' તે વિસ્મય પામીને બોલ્યો કેઃ-'વેપાર

કરવા.' ફરી તેણે પૂછયું કેઃ–'હે સ્વામિન્! તમારી પાસે દ્રવ્ય કેટલું છે?' તેણે કહ્યું કેઃ–'સવા સવા કોટી મૂલ્યના ત્રણ રત્નો છે.' તે બોલી કેઃ–'મને બતાવો' એટલે તેણે તેને બતાવ્યાં તેથી તે હર્ષિત થઈ. તે રત્નો લઈ વેશ્યા તેને મુખથી ચુંબન અને હૃદયથી આલિંગન દેવા લાગી. પછી તે બોલી કેઃ–'હે સ્વામિન્! એ રત્નો મારા ઘરમાં જાળવી રાખું છુ., તમારે જરૂર પડે ત્યારે પાછા લેજો. આ ઘર તમારૂંજ છે તમે અહીંજ રહો અને તમારી યૌવનવયને સફળ કરો. નાટક જુઓ, ગીત ગાન સાંભળો અને કામભોગ ભોગવો. ફરીને આ મનુષ્યજન્મ ક્યાં મળવાનો છે? મનુષ્યજન્મ પામ્યાનું એજ ફળ છે.' આ પ્રમાણેના તેના વચનથી મોહ પામીને ત્યાંજ રહ્યો અને તે વેશ્યાની સાથે પંચવિધ વિષયભોગ નિરંતર ભોગવવા લાગ્યો. તેને આભરણ અને વસ્ત્રો પૂરવા લાગ્યો. એમ થોડા જ વખતમાંજ તેણે ત્રણે રત્ન સંબંધી દ્રવ્ય બધું વાપરી નાખ્યું, એટલે વેશ્યાએ તેને ઘરની બહાર કાઢી મૂકયો. પછી તે નગરમાં ચાલ્યો. ત્યાં એક ઠગપુરૂષ તેને મળ્યો. તેની આગળ તેણે કહ્યું કેઃ–'મને વેશ્યાએ છેતરી લીધો.' તે બોલ્યો કે–'જો તું તારાં વસ્ત્રો મને આપે, તો હું તારૂં કામ કરી આપું.' તેણે કબૂલ કર્યું એટલે તે લંપટ ફરી બોલ્યો કે–પ્રથમ વસ્ત્રો આપ' તેણે વસ્ત્રો આપ્યાં. પછી ધનપાલ લંપટની સાથે ફરી વેશ્યાને ઘરે ગયો. ઠગ પુરૂષે તે વેશ્યાને કહ્યું કેઃ–'તેં કેમ આને છેતર્યો? એનું શું લઈ લીધું?' તે બોલી કે–'હિસાબ જુઓ. આ એણે આપ્યું અને આ એણે ભોગવ્યું, હવે એક ટકો પણ વધ્યો નથી.' એમ કહીને ફરીથી એણે બહાર

કહાડયો પછી વ્યગ્ર ચિત્તવાળો શૂન્ય, વસ્ત્રરહિત, નિરાશ અને દરિદ્રી થઇને તે એકાકી નગરમાં સર્વત્ર ભમવા લાગ્યો ભોજન સમય થયો, પણ જમવું શું ? કારણ કે—'અન્ન, પાણી, મગ, જુવાર, શાક અને મીઠું–એવું કંઈ પણ તેની પાસે નથી કે જેનો ઉપયોગ થઇ શકે.' તેની પાસે કંઈ પણ ખાવાનું ન હોવાથી તે આમ તેમ ભમતો હતો. એવામાં કયાંક મજુર લોકો જમતા હતા, તેઓએ તેને તેવી સ્થિતિમાં જોઇને પૂછ્યું કે–'તું કયાંનો રહેવાસી છે? અને કયાંથી આવે છે ?' ધનપાળે કહ્યું કે–મેં પ્રમાદના વશથી મારા રત્નો ગુમાવ્યાં છે.' એમ કહીને યથાસ્થિત બધી વાત કહી સંભળાવી, એટલે તેણે કહ્યું કે–'આજ કંઈ ખાધું છે કે નહિ ? તે બોલ્યો કે–'કયાંથી ખાઉં ? શું જમું ?' એટલે દયાની લાગણીથી તેઓએ તેને જમાડયો. પછી દ્રમકની જેમ તે પણ મજુરોની સાથે ભમવા લાગ્યો અને અનુક્રમે તે ભારવાહક (મજુર) થઈ દુઃખે પોતાનું ભરણપોષણ કરવા લાગ્યો. કહ્યું છે કે–'દુષ્પૂર પેટને પૂરવા માટે માણસો માનને મૂકી દે છે, હલકા જનને સેવે છે, દીન વચન બોલે છે, કૃત્યાકૃત્યના વિવેકને તજી દે છે, સત્કારની અપેક્ષા કરતા નથી, ભાંડત્વ (ભવાઇ) અને નૃત્યકળાનો અભ્યાસ કરે છે–અરે પેટ માટે શું શું કરતા નથી ? સર્વ કરે છે.'

ધનપાળ તળાવ કે કુવા પર જઇને ભોજન કરતો અને બજારમાં સુઈ રહેતો. આ પ્રમાણે તે મહાદુઃખી થયો છતો મનમાં વિચારવા લાગ્યો કેઃ–'આ મને પ્રમાદનુંજ ફળ મળ્યું. જુઓ ! મારા મોટા ભાઈ ધનદેવ ઘણા ગાડામાં કરિયાણા ભરી ભરીને પરદેશ મોકલે છે અને પુષ્કળ દ્રવ્ય પેદા કરે છે.

તેમજ તેની કીર્તિ પણ સર્વત્ર ફેલાઈ ગઈ છે. અને હું આવી દુર્દશા ભોગવું છું.'

એ રીતે ત્રણે બંધુઓને ત્યાં રહેતાં બાર વરસ પસાર થઈ ગયા. એટલે તે ત્રણેને બોલાવવા માટે તેમના પિતાએ કાગળ મોકલ્યો. તે કાગળ મોટા ભાઈના હાથમાં આવ્યો. પત્ર વાંચીને તે ખુશી થયો. પછી તેણે વિચાર કર્યો કે—'હવે ત્યાં જઈને પિતાના ચરણને વંદન કરૂં; પરંતુ મારા બંને ભાઈઓનો પત્તો શી રીતે મેળવવો ?' એમ ચિંતવીને તેણે નગરમાં સર્વત્ર તપાસ કરાવી, પણ તેમના ખબર ન મળ્યા એટલે તેણે વિચાર કર્યો કે-'આ ગામના તમામ મહાજનને ભોજન કરાવું, એટલે તેમાંથી તેમનો પત્તો મળશે.' એમ ચિંતવીને નાના પ્રકારના પકવાનની સર્વ સામગ્રી તૈયાર કરાવી. પછી પ્રથમ દિવસે બધા રાજલોક સહિત રાજાને નિમંત્રી, ભક્તિપૂર્વક તેમને ભોજન કરાવીને વસ્ત્રાભરણાદિક આપી સ્વસ્થાને વિદાય કર્યા, તેમાં પોતાના બાંધવો જોવામાં ન આવ્યા. બીજે દિવસે બધા શ્રેષ્ઠીઓને નિમંત્રી ભોજન કરાવીને વિસર્જન કર્યા તેમાં પણ પોતાના બાંધવ જોવામાં ન આવ્યા. ત્રીજે દિવસે બધા કાપડીયાને નિમંત્રીને જમાડયા, તેમાં પણ પોતાના બાંધવો જોવામાં ન આવ્યા. ચોથે દિવસે ઝવેરીઓને નિમંત્રીને જમાડયા, તેમાં ધનમિત્ર બંધુ અગ્રેસર થઇને અલંકાર સહિત આવ્યો. એટલે તેને સ્નેહપૂર્વક ઉત્કંઠા અને આલિંગનપૂર્વક તે મળ્યો અને તેને બોલાવીને તેણે પિતાનો પત્ર આપ્યો. તે પત્ર વાંચી સંતુષ્ટ થઇને બોલ્યો કે-'પિતાનો પત્ર પ્રમાણ છે, ચાલો આપણે ત્યાં જઈએ અને પિતાના ચરણમાં વંદન કરીએ.'

પછી ભક્તિપૂર્વક સર્વને જમાડીને વિસર્જન કર્યા. અને બંને બાંધવ એકાંતમાં મળી પરસ્પર કુશળ વાર્તા પૂછવા લાગ્યા, અને સ્નેહાલાપ કરવા લાગ્યા. તથા અન્યોન્ય ધનપાલના સમાચાર પૂછવા લાગ્યા પણ ધનપાલની ખબર મળી શકી નહીં. એટલે કેટલીક વાતો કરીને તેઓ સ્વકાર્યપરાયણ થયા. પાંચમે દિવસે બધા ભારવાહકોને આમંત્રીને જમાડયા. તેમાં દુઃખિત, દરિદ્રી અને દુર્બળ એવો ધનપાલ બંધુ તેમના જોવામાં આવ્યો. એટલે આલિંગનપૂર્વક તેમને પૂછયું કે—'તું આવો કેમ દેખાય છે ? તારૂં ધન કયાં ગયું ?' તેણે કહ્યું કે—'પ્રમાદના વશથી મેં વેશ્યા ભવનમાં રહીને લક્ષ્મી ભોગવી અને મારા રત્નો વેશ્યાએ લઈ લીધાં તેથી હું દુઃખી થયો.' એટલે જ્યેષ્ઠ બંધુ ધનદેવે કહ્યું કે—'હે બાંધવ ! સાંભળ—શાસ્ત્રમાં પણ પ્રમાદ કરવાનો નિષેધ કર્યો છે.

"प्रमादः परमद्वेषी, प्रमादः परमो रिपुः ।
प्रमादो मुक्तिपुर्दस्युः प्रमादो नरकायनम् ॥"

'પ્રમાદ એ પરમ દ્વેષી છે, પ્રમાદ તે પરમ શત્રુ છે, પ્રમાદ મોક્ષનગરનો ચોર છે અને પ્રમાદ નરકના સ્થાનરૂપ છે.

પછી પિતાએ મોકલેલ પત્ર તેને આપ્યો. તે પત્ર વાંચીને નિઃસાસો મૂકીને તે બોલ્યો કેઃ—'હું ભાતા વિના ત્યાં શી રીતે આવું ? એટલે ધનદેવે કહ્યું કે—'તું મારી સાથે ચાલ, હું તને ભાતું આપીશ.' એમ કહીને તે પરવારવા માટે પોતાને કામે લાગ્યો. ધનમિત્ર ઝવેરીને ઘરે ગયો, અને પોતાના પ્રયાણની

વાત કહીને ત્રણે રત્નો માગ્યા એટલે તે ઝવેરીએ લેખું (હિસાબ) કરીને કહ્યું કે-'તમારા વ્યાજમાંથી તમે આટલું ભોગવ્યું, આટલું લીધું આટલું દીધું અને આટલું વધ્યું તે લ્યો અને આ તમારાં ત્રણ રત્નો પણ લ્યો.' ધનમિત્ર તે લઈ લેવડદેવડ ચુકતે કરી ધનની ગાઢ ગાંઠબાંધીને પોતાના મોટા ભાઈ પાસે આવ્યો, ત્રીજો ભાઈ પણ ત્યાં આવ્યો. પછી ત્રણે ભાઇઓ ઉત્સુક થઈ માર્ગને યોગ્ય સામગ્રી તૈયાર કરાવીને ચાલવા તૈયાર થયા. ગણીને વેચાય, માપીને વેચાય, કાપીને વેચાય અને જોખીને વેચાય એવી વસ્તુઓ-કરિયાણા ગાડામાં ભર્યા પછી વિનયશીલ ધનદેવ શ્રેષ્ઠીજનોની શીખ માગીને સેવક, પરિજન અને ગાડા યુક્ત થઈ ત્યાંથી ચાલ્યો. અવિચ્છિન્ન પ્રમાણે ચાલતો તે ભાઈ સહિત સ્વનગરે અને સ્વગૃહે આવ્યો ત્યાં ત્રણે ભાઈ ભક્તિપૂર્વક પિતાને ચરણે નમ્યા.

પછી ભોજન કરીને એકાંતે તેમના પિતાએ તેમને પૂછયું કે-'તમે શું કર્યું ? શું મેળવ્યું ? અને શો વધારો કર્યો ? તે કહો. એટલે મોટા પુત્ર ધનદેવે કહ્યું-'હે પિતા ! આપના આપેલાં આ ત્રણ રત્નો ગ્રહણ કરો, અને આ લાભ થયો તે લ્યો. મેં આ વેપાર કર્યો.' એમ કહીને તેણે ત્રણે રત્નો આપ્યા, અને લાભ થયો હતો તે પણ રજુ કર્યો. પછી બીજાએ કહ્યું કે-'હે પિતા ! તમારાં આપેલા આ રત્નો ગ્રહણ કરો. એના વ્યાજમાં આ દ્રવ્ય આવ્યું, તે મેં વાપર્યું, અને તેમાંથી આટલું વધ્યું.' એમ કહી પિતાને રત્નો સોંપીને ફરી તેણે કહ્યું-'ફરી પણ મારે તો અહીંજ વેપાર કરવો છે.' પછી ત્રીજાએ કહ્યું-'હે પિતાજી ! તે રત્નો પ્રમાદના વશથી મેં તો ત્યાંજ વાપરી નાખ્યા, તેથી

હું નિર્ધન થઈ ગયો, અને મજુરીનું કામ કરીને નિર્વાહ કર્યો, માટે મારો અપરાધ ક્ષમા કરો.

પિતાએ ત્રણે પુત્રોનાં વાકયો સાંભળીને મનમાં વિચાર કરી સર્વજન સમક્ષ મોટા પુત્રને સર્વ ભંડાર સોંપી તેને ઘરનો સ્વામી બનાવ્યો અને સર્વને કહ્યું કે–'આની આજ્ઞા સર્વેએ માનવી, કોઇએ ઓળંગવી નહિ.' પછી બીજા પુત્રને વસ્તુ, વ્યાપાર અને કરિયાણા સોંપીને કહ્યું કે–'તારે અહીં રહીને વ્યાપાર કરવો, અને મોટા ભાઇની આજ્ઞા પ્રમાણે સર્વ કામ કરવાં.' ત્રીજા પુત્રને ખાંડવા, પીસવાનું, રાંધવાનું અને પિરસવાનું સર્વ કામ સોપ્યું. એટલે તે પ્રમાદથી અને પૂર્વ કર્મના વશથી દુઃખી થયો.

'હે ભવ્ય જનો! આ દૃષ્ટાંતનો સિદ્ધાંતમાં જિનેશ્વરોએ જે ઉપનય દર્શાવેલ છે તે એકાગ્રતાથી સાંભળો—શેઠ તે ગુરૂ સમજવા અને પુત્રો તે સર્વવિરતિ, દેશવિરતિ અને અવિરતિ–એમ અનુક્રમે જાણવા. મૂળનિધિ (પુંજી) રૂપ ત્રણ રત્નો–તે જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ સમજવા. ત્રણ પ્રકારના જીવો તે રત્નોવડે વ્યાપાર કરવા માટે મનુષ્યભવ રૂપ નગરમાં આવે છે. તેમાં જેઓ પ્રમાદ ન કરતાં જ્ઞાન, દર્શન અને ચારિત્રની વૃદ્ધિ કરે છે તે સર્વવિરતિ જીવો દેવગતિનો લાભ પામે છે. બીજા પ્રકારના જીવો જેઓ અપ્રમાદથી વ્યાપાર કરીને મૂળનિધિ (પુંજી) નો બચાવ કરે છે તે ફરીને મનુષ્યભવ પામે છે અને સુખભોગ ભોગવે છે. ત્રીજા પ્રકારના જીવો બહુ પ્રમાદથી-નિદ્રા અને વિકથાથી યુક્ત થઈ મૂળ દ્રવ્યને હારી જાય છે તે રૌરવ નરકને પામે છે. 'મદ, વિષય, કષાય, નિદ્રા અને વિકથા-એ

પાંચ પ્રમાદ જીવને સંસારમાં પાડે છે.' માટે મનુષ્યભવ પામીને ધર્મમાં પ્રમાદનો ત્યાગ કરવો. વળી 'મહા આરંભથી, મહા પરિગ્રહથી, માંસાહારથી અને પંચેંદ્રિય જીવના વધથી પ્રાણીઓ નરકે જાય છે. જેઓ શીલરહિત, વ્રતરહિત, નિર્ગુણ, દયારહિત અને અલ્પ પણ પચ્ચક્ખાણ રહિત હોય છે તે મરણ પામીને નીચે સાતમી પૃથ્વીએ અપ્રતિષ્ઠાન નરકવાસમાં નારકપણે ઉત્પન્ન થાય છે.'

મહા આરંભ તે પંદર કર્માદાનરૂપ છે તે કર્માદાન આ પ્રમાણે (ઈંગાલી વણસાડી) અંગાર કર્મ, વનકર્મ, ગાડાકર્મ, ભાડાકર્મ, સ્ફોટકકર્મ, દંતવાણિજ્ય, લાક્ષાવાણિજ્ય, રસવાણિજ્ય, કેશવાણિજ્ય અને વિષવાણિજ્ય, યંત્રપીલન, નિર્લાંછન, અસતીપોષણ, દવદાન, તથા સરશોષણ એ પંદર કર્માદાન છોડવા લાયક છે.

તેમાં પ્રથમ અંગારકર્મ આ પ્રમાણેઃ—અંગારની ભઠ્ઠી કરવી (કોલસા પાડવા), કુંભાર, લુહાર, અને સુવર્ણકારનું કર્મ, ધાતુનાં વાસણો બનાવવાં, અને ઈંટો તથા ચુનો પકવવો–તેના વડે આજીવિકા કરવી તે અંગારકર્મ કહેવાય છે. બીજુ વનકર્મ–તે છેદાયેલા, નહિં છેદાયેલા વનના પાંદડાં પુષ્પ અને ફળનો વિક્રય તથા કણોનું દલન એ રૂપ વૃત્તિ તે વનજીવિકા. એટલે છેદાયેલી નહિં છેદાયેલી વનસ્પતિ, પત્ર, પુષ્પ, કંદ, મૂળ, ફળ, તૃણ, લાકડું, ડાળ, વાંસ વિગેરેનો વિક્રય કરવો, વન કપાવવા, ધાન્ય દળાવવાં એ કર્મથી જે આજીવિકા કરવી—તે વનકર્મ.

ત્રીજું શકટ કર્મ—તે ગાડા તથા તેનાં સાધનો ઘડવાં અને ખેડવાં યા વેચવા તે ગાડા આજીવિકા એટલે ગાડા, તથા ગાડાના સાધનોને બનાવીને વેચવા-ખેડવા વિગેરેથી આજીવિકા ચલાવવી તે શકટ કર્મ.

ચોથું ભાટક કર્મ-તે ગાડા, વૃષભ, હાથી, ઉંટ; પાડા, ગધેડા ખચ્ચર અને અશ્વાદિપર ભાર ભરી તેના વડે વૃત્તિ ચલાવવી તે ભાટકાજીવિકા, એટલે ગાડા, વૃષભ, મહિષ, હાથી ગધેડા, ખચ્ચર અને અશ્વ વિગેરે જનાવરો રાખી ભાડું લઇને તેમની પાસે ભાર વહન કરાવવો (ખટારા આદિ ભાડે આપવા ચલાવવા) તે ભાટક કર્મ.

પાંચમું સ્ફોટક કર્મ—તે સરોવર અને કુવા વિગેરેનું ખોદાવવું પૃથ્વીકાયના આરંભરૂપ પથ્થરને ફૂટવા-ઘડવા વિગેરેથી જીવન ચલાવવું તે સ્ફોટકાજીવિકા. અર્થાત્ જવ, ચણા, ઘઉં, અને સાળ વિગેરેના સાથવો, દાળ, આટો અને તંદુલ (ચોખા) કરવા; ખાણ, સરોવર અને કુવાને માટે ભૂમિ ખોદવી, હળ ખેડવા અને પાષાણ ઘડવા વિગેરે કર્મ તે સ્ફોટકકર્મ. એ પાંચ કર્મો ત્યાજ્ય છે.

## હવે પાંચ વાણિજ્ય કહે છે

પ્રથમ દંતવાણિજ્ય—તે દાંત, વાળ, નખ, હાડકા રોમ-એ ત્રસજીવના અંગોપાંગને વેપારને માટે બજારમાંથી ખરીદવા તે, એટલે બજારમાંથી હાથીના દાંત, ઘુવડ અને વાઘ વિગેરેના નખ, હંસ વગેરેના રોમ, મૃગાદિકના ચામડા ચમરી ગાયનાં

પુચ્છ શંખ, શૃંગ, છીપ, કોડી કસ્તુરી વિગેરે હિંસક માણસો પાસેથી લેવા અને વેચવા તે દંતવાણિજ્ય. અર્થાત્ એનો વ્યાપાર કરવા વડે જે આજીવિકા ચલાવવી તે દંતવાણિજ્ય.

બીજું લાક્ષાવાણિજ્ય—તે લાખ, મણશીલ, ગળી, ધાવડી અને ટંકણખાર વિગેરેનો વ્યાપાર કરવો તે અર્થાત્ લાખ ધાવડી, નીલી (ગળી), મણસીલ, હરતાલ, વજ્રલેપ, તુવારિકા પટવાસ, ટંકણખાર, સાબુ અને ક્ષારાદિનો ક્રયવિક્રય કરવો તે લાક્ષાવાણિજ્ય.

ત્રીજું રસવાણિજ્ય—તે માખણ, ચરબી, માંસ, અને દારૂ વિગેરેનો ક્રયવિક્રય કરવો તે. અર્થાત્ મધ, દારૂ માંસ માખણ તેલ, દહી, દૂધ અને ઘી આદિનો વ્યાપાર કરવો તે રસવાણિજ્ય.

ચોથું કેશવાણિજ્ય—તે દ્વિપદ તથા ચતુષ્પદનો વ્યાપાર કરવો તે લેવું દેવું તે અર્થાત્ દાસ દાસી વિગેરે મનુષ્યોનો તથા અશ્વ ગાય વગેરે તિર્યંચોનો ખરીદવું વેચવું તે કેશવાણિજ્ય.

પાંચમું વિષવાણિજ્ય—તે વિષ, શસ્ત્રાસ્ત્ર, હળ, યંત્ર લોખંડ, હરિતાલ વગેરે જીવઘાતક વસ્તુનો ક્રયવિક્રય કરવો તે. અર્થાત્ વિષ તે નાગફીણ (અફીણ), વત્સનાગ અને સોમલ વિગેરે; શસ્ત્ર—તે તરવાર, બંદુક વિગેરે તથા કોશ કોદાળી વિગેરે અને લોહ તે હળાદિ વિગેરે તેનો ક્રયવિક્રય કરવો તે વિષવાણિજ્ય.

એ પાંચ વાણિજ્ય કર્મો શ્રાવકને વર્જવા યોગ્ય છે.

હવે યંત્રપીડન કર્મ–તે તલ, શેલડી, સરસવ, એરંડીયા મગફળી વિગેરેને ખાંડવા યા પીલવા તે. એટલે ઘાણી વિગેરે

યંત્રોમાં તલ, શેરડી, સરસવ અને એરંડીયા વિગેરેને પીલવું યા ખાંડવું અને જળયંત્ર (મિલો, કારખાના) ચલાવવા વિગેરે યંત્રપીડકર્મ.

નિર્લાંછનકર્મ—તે નાસાવેધ, આંકવું, નપુંસક કરવા, પૂંઠ ગાળવી, બાળવી, બળદના કર્ણ અને કંબલનો છેદ કરાવવો તે. એટલે ગાય વિગેરે પશુઓના કાન, કંબલ, શૃંગ, પુચ્છનો છેદ કરવો કરાવવો, નાસાવેધ કરવો, આંકવું, કર્ણસ્ફોટન કરવું, નપુંસક કરવા, ચર્મદાહ કરવો અને ઉંટની પુંઠ ગાળવી વિગેરે કર્મ તે નિર્લાંછનકર્મ એ નરકનાં દુઃખ આપનાર હોવાથી અત્યંત વર્જનીય છે,

અસતીપોષણ—તે મેના, પોપટ, બીલાડી, કૂતરો, કુકડો, મયૂર, હરણ અને શૂકરાદિકનું પોષણ કરવું તે કેટલાક દાસીઓનું પણ પોષણ કરે છે. ગોલ્લદેશમાં તે સંબંધી ભાડું લે છે તે.

દવદાન તે વ્યસનથી વા પુણ્યબુદ્ધિથી—એમ બે પ્રકારે છે. એટલે વનનો દાહ થતાં ભિલ વિગેરે તેમાં સુખે ફરી શકે. અથવા જુના ઘાસને બાળવાથી નવું ઘાસ ઉગે અને તેથી ગાય વિગેરે પશુઓ સુખે ચરી શકે, અથવા તો ખેતર બાળવાથી ધાન્યસંપત્તિ સારી થાય—ઈત્યાદિ કારણથી, પુણ્યબુદ્ધિથી યા કૌતુકથી જંગલમાં અગ્નિ સળગાવે છે તે દવદાન. એમ સંભળાય છે કે ભિલ્લ લોકોને મરણ વખતે તેના કુટુંબીઓ કહે છે કે 'તારા ધર્મને માટે આટલા દવ દેશું.

સરઃશોષણ તે સરોવર, દ્રહ અને તળાવ વિગેરેના પાણીનો

શોષ કરાવવો અથવા નીક (નહેર) દ્વારાએ ધાન્યાદિ વાવવાને માટે તેમાંનું પાણી લઈ જવું તે સરઃશોષણ. તેમાં ખોદાવેલ હોય તે તળાવ કહેવાય અને ન ખોદાવેલ હોય તે સરોવર કહેવાય, એટલે તે બંનેમાં ભેદ સમજવો.

આ પંદર કર્માદાન આચરવાથી બહુ દોષ (પાપ) લાગે છે. તેમાં અંગારકર્મમાં અગ્નિ સર્વતોમુખ શસ્ત્ર હોવાથી તેનાવડે છકાય જીવોની વિરાધના થાય. વનકર્મમાં વનસ્પતિ અને તેના આશ્રિત ત્રસ જીવોની વિરાધના થાય. ગાડા અને ભાટકકર્મમાં ભારવાહન કરનાર વૃષભાદિકની તથા માર્ગમાં રહેલા છકાય જીવોની વિરાધના થાય. સ્ફોટકકર્મમાં કણદલનાદિવડે વનસ્પતિની તથા ભૂમિખનનાદિવડે પૃથ્વીકાયની તથા તેમાં રહેલા ત્રસાદિક જીવોની મહાવિરાધના થાય. ઉત્પત્તિસ્થાનમાં જઈને દાંત, ચામર કેશાદિ ત્રસાંગ ખરીદવાથી ગ્રાહકોને જોઇને લોભથી ભીલ વિગેરે તત્કાળ હાથી, ચમરી વિગેરેનો વધ કરવા તૈયાર થાય. લાક્ષાવાણિજ્યમાં લાખ બહુ ત્રસ જીવથી આકુળ હોવાથી અને તેના રસમાં રૂધિરનો ભ્રમ થતો હોવાથી, ધાવડીવૃક્ષની છાલ અને પુષ્પ દારૂના અંગ હોવાથી તથા તત્કાળ તેમાં કૃમિ ઉત્પન્ન થતા હોવાથી, ગુલિકા (ગળી) બનાવતાં તેમાં અનેક જંતુઓ પડીને નાશ પામતા હોવાથી, મણસીલ, હરિતાલ અને વજ્રલેપમાં સંપાતિમ બાહ્ય જંતુઓ નાશ પામતા હોવાથી, તુંબરિકામાં પૃથ્વીકાયનો ઘાત થતો હોવાથી, પડવાસ ત્રસાકુળ હોવાથી, ટંકણક્ષાર, સાબુ અને અન્ય ક્ષાર વિગેરે બાહ્ય જીવોના વિનાશક હોવાથી તેમાં મોટો દોષ લાગે છે. જીવાદિમાં થતું પાપ મનુસ્મૃતિમાં પણ કહ્યું છે :—

"सद्यः पतति मांसेन, लाक्षया लवणेन च ।
त्र्यहेण शुद्रीभवति, ब्राह्मणः क्षीरविक्रयात्' ॥

'બ્રાહ્મણ માંસ, લાક્ષા અને લવણ (મિઠા)ના વ્યાપારથી તત્કાળ પતિત થાય છે, તથા ક્ષીરનો વિક્રય કરવાથી તે ત્રણ દિવસમાં શુદ્ર થાય છે.'

રસવાણિજ્ય—મધ વિગેરેમાં જંતુઓનો ઘાત તથા તેમાં અનેક સંમૂર્ચ્છિમ જીવોની ઉત્પત્તિ ને વિનાશ થતો હોવાથી, દૂધ વિગેરેમાં સંપાતિમ (ઉપરથી અચાનક પડતા) જીવોની વિરાધના થતી હોવાથી, બે દિવસ ઉપરાંતના દહીંમાં પૂર્વોક્ત રીતે સંમૂર્ચ્છિમ જીવો ઉપજે છે તેથી ત્યાજ્ય છે. કેશવાણિજ્યમાં દ્વિપદ અને ચતુષ્પદોની પરવશતાથી, તેમને વધ બંધન, ભુખ, તરસાદિ દુઃખ પડવાથી દોષ લાગે છે. વિષવાણિજ્યમાં શૃંગિકા વત્સનાગાદિથી તથા હરિતાલ, સોમલ અને ક્ષારાદિકથી તેમજ વિષ, શસ્ત્રાદિથી જીવઘાત જણાયજ છે. વળી જલાર્દ્ર હરિતાલથી મક્ષિકાદિ તત્કાળ મરી જતાં જોવામાં આવે છે. સોમલ અને ક્ષાર વિગેરેના ભક્ષણથી બાળકો વિગેરે તરત મરણ પામે છે. વિષવાણિજ્યનો અન્ય શાસ્ત્રમાં પણ નિષેધ કર્યો છે. કહ્યું છે કે:—

"कन्याविक्रयिणश्चैव, रसविक्रयिणस्तथा ।
विषविक्रयिणश्चैव, नरा नरकगामिनः" ॥

'કન્યાવિક્રય કરનારા, રસવિક્રય કરનારા અને વિષનો વિક્રય કરનારા પુરૂષો નરકમાં જાય છે.'

યંત્રપીલણાદિનો કર્મની સાથે સંબંધ છે. જેમકે—ખાંડણી, ઘંટી, ચુલો જળકુંભ અને સાવરણી–ગૃહસ્થના ઘરમાં એ પાંચ વસ્તુથી જંતુઓની હિંસા થાય છે. ઘાણી વિગેરેથી મહાપાતક થાય છે. તે વિષે લૌકિકશાસ્ત્રમાં પણ કહેલ છે. જેમકે–'દશ કસાઈ સમાન એક ઘાંચી, દશ ઘાંચી સમાન એક દારૂવેંચનાર, દશ દારૂવેંચનાર સમાન એક વેશ્યા અને દશ વેશ્યા સમાન એક રાજા કહેલ છે' નિર્લાંછન કર્મમાં બળદ, અશ્વ, ઉંટ વિગેરે પંચેંદ્રિય જીવોની કદર્થનાનો દોષ લાગે છે. દવ દેવામાં કરોડો જીવોનો વિનાશ થાય છે. સરોવરના શોષણમાં પાણીના જીવોનો તથા તેમાં રહેલા મત્યસ્યાદિ જળજંતુઓનો–એમ છકાય જીવોનો વિનાશ થાય છે. અસતીપોષણમાં દાસ્યાદિનો વિક્રય કરતાં તેનાથી થતાં દુષ્કૃત્યોથી પાપવૃદ્ધિ થાય છે, તેથી તે વર્જવા યોગ્ય છે.

તથા નિર્દય જનોને ઉચિત એવું કોટવાળપણું, ગુપ્તિપાલપણું અને સીમપાલપણું વિગેરે ક્રૂર કર્મો શ્રાવકને વર્જવા યોગ્ય છે. તથા બળદોને દમ, ક્ષેત્ર ખેડ, અશ્વને ષંઢ બનાવ—એવો પાપોપદેશ કરવો શ્રાવકને કલ્પે નહિ. તેમજ યંત્ર, હળ, શસ્ત્ર, અગ્નિ, મુશલ તથા ઉદૂખલ વિગેરે હિંસક અધિકરણો દયાળુજને દાક્ષિણ્યથી પણ અન્યને આપવાં નહિ. વળી કુતૂહળથી ગીત, નૃત્ય અને નાટકાદિ જોવા, કામશાસ્ત્રમાં આસક્ત થવું, જુગાર, દારુ આદિ વ્યસનો સેવવાં, જલક્રિડા કરવી અને હિંડોળે હિંચકવા વિગેરે વિનોદ કરવો, પાડાદિકને લડાવવા, શત્રુના પુત્ર વિગેરેની સાથે વેર બાંધવું, ભોજનકથા, સ્ત્રીકથા, દેશકથા અને રાજકથા કરવી, તથા રોગ અને માર્ગના

થાક સિવાય આખી રાત્રિ ઉંઘવું—વિગેરે પ્રમાદાચરણનો સુજ્ઞ પુરૂષે ત્યાગ કરવો.' વિવેકી શ્રાવકે આ પ્રમાણેના જિનવચનો જાણીને એકાગ્ર મનથી તે પાળવાં.

હવે મહાપરિગ્રહ તે લોભમૂળ છે, તે લોભ નરકના દુઃખમાં પ્રાણીને નાખે છે. લોભીજન કોઈ રીતે સંતોષ પામી શકતો નથી. કહ્યું છે કે—'સગર પુત્રોથી તૃપ્ત ન થયો, કુચિકર્ણ ગોધનથી તૃપ્ત ન થયો, તિલકશ્રેષ્ઠી ધાન્યથી તૃપ્ત ન થયો અને નંદરાજા સુવર્ણના ઢગલાથી સંતુષ્ટ ન થયા.' નવા નવા ધનની ઈચ્છા કરતો લોભી પુરૂષ બહુ ધનથી પણ તૃપ્ત થતો નથી. જુઓ! પિતાએ આપેલ નાના ભાઈઓનું રાજ્ય શું ભરતરાજાએ છીનવી ન લીધું? અસ્ખલિત રીતે સેંકડો નદીઓ આવીને પડે છે છતાં શું સમુદ્ર પૂરાય છે? અથવા જાજ્વલ્યમાન અગ્નિ બહુ લાકડાથી પણ શું શાંત થાય છે? નથી થતો. મહા પરિગ્રહના સંબંધમાં એક દૃષ્ટાંત છે તે આ પ્રમાણે:—

મહા પરિગ્રહમાં આસક્ત અને છ ખંડનો અધિપતિ સુભૂમ ચક્રવર્તી ભરતક્ષેત્રના છ ખંડનું રાજ્ય કરતો હતો. તેને એકદા વિચાર આવ્યો કે:—'બીજા ઘણા ચક્રવર્તીઓ છ ખંડના અધિપતિ તો થયા છે, પણ હું જો બાર ખંડનો અધિપતિ થાઉં તો વિશેષ ગણાઉં.' એમ ચિંતવીને સૈન્ય અને વાહન સહિત ચર્મરત્નના યોગથી તે લવણસમુદ્ર ઉપર થઈને ધાતકીખંડ તરફ ચાલ્યો. માર્ગમાં ચર્મરત્નના અધિષ્ઠાયક હજાર દેવોએ વિચાર કર્યો કે:—'આ ચર્મરત્ન પાણીપર તરે છે તે અમારો પ્રભાવ છે કે ચક્રવર્તીનો પ્રભાવ છે?' એમ ચિંતવીને બધા દેવો ચર્મરત્નને તજીને અલગ થઈ ગયા. એટલે તેના પ્રભાવથી

લવણસમુદ્રમાં તરતું ચક્રવર્ત્તીનું ચર્મરત્ન ડૂબી ગયું, હાથી, ઘોડા અને સૈનિકો આદિ સર્વે પાણીમાં ડૂબીને મરણ પામ્યા અને લોભમાં લપટાયેલો ચક્રવર્ત્તી મરણ પામીને સાતમી નરકે ગયો.

આ બધું મહા આરંભ અને મહા પરિગ્રહનું ફળ જાણીને વિવેકી જનોએ મહા આરંભ અને મહા પરિગ્રહનો ત્યાગ કરવો.

માંસાદિના ભક્ષણથી પણ નરકપાત થાય છે. આદિ શબ્દથી અભક્ષ્ય અને અનંતકાયનું ભક્ષણ પણ વર્જવું. તેમાં અભક્ષ્ય બાવીશ છે તે આ પ્રમાણેઃ—પાંચ ઉંદુબર[૫], ચાર વિગઈ[૯], હિમ[૧૦], વિષ[૧૧], કરા[૧૨], સર્વ જાતિની માટી[૧૩], રાત્રિભોજન[૧૪], બહુબીજ[૧૫], અનંતકાય[૧૬], બોળ અથાણું[૧૭], ઘોલવડાં[૧૮], વેંગણ[૧૯], કોમળ ફલ–ફૂલ[૨૦], તુચ્છ ફળ[૨૧], અને ચલિત-રસ[૨૨], એ બાવીશ અભક્ષ્ય ત્યાજ્ય છે, તેની વ્યાખ્યા આ પ્રમાણે :—

વડ, પીપળો, ઉદુંબર, પ્લક્ષ અને કાકોદુંબર એ પાંચ વૃક્ષનાં ફળો મચ્છરની જેવા ઉડતા બહુ સૂક્ષ્મ જીવોવડે ભરેલા હોવાથી તે વર્જનીય છે, લૌકિકમાં પણ એ અભક્ષ્ય કહેવાય છે.

ચાર મહા વિગઈ–દારૂ, માંસ, મધ અને માખણ–એ અભક્ષ્ય છે, કારણ કે તેમાં તે તે વર્ણના અનેક સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થાય છે. કહ્યું છે કેઃ—'દારુ, મધ, માંસ અને માખણ–એ ચારમાં તે વર્ણના જંતુ ઉત્પન્ન થાય છે અને મરે છે.' વળી જૈનેતર શાસ્ત્રમાં પણ કહ્યું છે કેઃ—'દારુ, માંસ, મધ અને છાશથી અલગ થયેલ માખણમાં ઘણા સૂક્ષ્મ જન્તુઓ ઉત્પન્ન અને લીન થાય છે.' સાત ગામ અગ્નિથી બાળતાં જેટલું

પાપ લાગે તેટલું પાપ મધના એક બિંદુના ભક્ષણથી થાય છે.' દારુ બે પ્રકારનું હોય છે—લાકડાનું અને પિષ્ટનું. જળચર, સ્થળચર અને ખેચરના ભેદથી માંસ ત્રણ પ્રકારે છે. માક્ષિક (મધમાખી), કૌત્રિક અને ભ્રામર એમ મધ ત્રણ પ્રકારે છે. ગાય, ભેંશ, બકરી અને ઘેટીનું—એમ માખણ ચાર પ્રકારે છે.

હિમ (બરફ) પ્રગટ રીતે અપ્કાયના પિંડરૂપ છે. અહીં કોઈ શંકા કરે કે-'જળ પણ અસંખ્ય જીવમય છે, માટે જળ પણ અભક્ષ્ય છે.' આ કથન સત્ય છે, પણ પાણી વિના નિર્વાહ ન થાય અને બરફ-કરા વિગેરે વિના તો નિર્વાહ થઈ શકે, માટે તેનો નિષેધ છે, પણ જળનો નિષેધ નથી. તથાપિ શ્રાવકને પ્રાસુક જળ પીવું તેજ ઉચિત છે.

ખડી વિગેરે સર્વ જાતની માટી ત્યાજ્ય છે-તેનું ભક્ષણ ન કરવું. કારણ કે માટીનું ભક્ષણ કરવાના વ્યસનવાળી સ્ત્રીઓને પાંડુરોગ, દેહદૌર્બલ્ય, અજીર્ણ, શ્વાસ અને ક્ષયરોગ- વિગેરે થતા જોવામાં આવે છે, અને તે મહા અનર્થ કરે છે, એટલું જ નહિ પણ મરણાંત કષ્ટ ઉપજાવે છે. વળી સચિત્ત માટીનું ભક્ષણ કરતાં અસંખ્ય પૃથ્વીકાય જીવોની વિરાધના થાય છે. કહ્યું છે કેઃ—આર્દ્ર આમળા જેટલી માટીમાં જેટલા જીવો હોય છે, તે દરેકના શરીર પારેવા જેવડા કરવામાં આવે તો તે જંબૂદ્વીપમાં સમાઈ ન શકે.' 'જો એમ હોય તો પછી લવણ (સિંધાલુણ, મીઠું.) પણ અસંખ્ય પૃથ્વીકાય જીવવાળું હોવાથી તે પણ ત્યાજ્ય ઠરશે ?' આ પ્રશ્ન ઉચિત છે, પરંતુ તેનો સર્વથા ત્યાગ કરવાથી ગૃહસ્થનો નિર્વાહ ન ચાલે, માટે ભોજનમાં શ્રાવકે સચિત્ત મીઠાનો ત્યાગ કરવો- વિવેકી શ્રાવકો

ભોજન કરતાં જો મીઠું ગ્રહણ કરે તો તે અચિત્ત લે, પણ સચિત્ત ન લે, અને તે અચિત્ત પણ અગ્યાદિ પ્રબળ શસ્ત્રથીજ થઈ શકે છે; બીજી કોઈ રીતે થઈ શકતું નથી; કારણ કે તેમાં અત્યંત સૂક્ષ્મ એવા અસંખ્ય (બાદર) પૃથ્વીકાય જીવો રહેલા છે. શ્રી પંચમ અંગ (ભગવતિ)ના ઓગણીશમા શતકના ત્રીજા ઉદ્દેશામાં કહ્યું છે કે–'વજ્રમય શિલા ઉપર થોડા પૃથ્વીકાયને મૂકીને એકવીશ વાર વજ્રના લસોટથી પીસતાં કેટલાક જીવો તેમાં દળાઈ જાય છે અને કેટલાકને તો ખબર પણ પડતી નથી.'

રાત્રિભોજનમાં સંપાત્તિમ બહુવિધ જીવેનો વિનાશ થવાનો સંભવ હોવાથી તથા ઐહિક અને પારલૌકિક અનેક દોષનો સંભવ હોવાથી ત્યાજ્ય છે. કહ્યું છે કે:—'ભોજનમાં કીડી આવી જાય તો તે બુદ્ધિને હણે છે, માખી વમન કરાવે છે, જુથી જળોદર થાય છે. કરોળીયાથી કોઢ રોગ થાય છે, વાળથી સ્વર ભંગ થાય છે અને કાંટો કે કાષ્ઠસળી આવી જાય તો તે ગળામાં ખુંચી જાય છે, ભમરો (વીંછી) આવી જાય તો તે તાળુને વીંધે છે.' નિશીથચૂર્ણિમાં પણ કહ્યું છે કે:—'ગૃહકોકિલ (ગરોળી)ના અવયવથી મિશ્રિત ભોજન કરતાં પુંઠપર ગિહકોઈલા (રોગ વિશેષ) નીકળે છે.' એ પ્રમાણે અન્નાદિમાં વિષમિશ્ર સર્પની લાળ, મળ, મૂત્ર અને વીર્ય વિગેરે પડવાથી વખતસર મરણ પણ નિપજે છે. તેમજ:—'રાત્રિભોજનના દોષથી પૃથ્વીતળપર જેમ ખરી ગયેલું પુષ્પ રખડે તેમ તે પ્રાણીઓ રખડે છે અને દુઃખિત થાય છે.' વળી રાત્રે ભોજનના વાસણ વિગેરે ધોવાથી અનેક કુંથુવા વિગેરે જીવોનો ઘાત થાય છે. રાત્રિભોજનના આવા અપાર દોષથી

દૂષિત થયેલ કોણ સાધિત થઇને સંસાર સમુદ્ર તરી શકે ? કેમકે 'રાત્રિભોજન કરવાથી પ્રાણીઓ ઘૂવડ, કાગડો, બીલાડી, ગીધ, સમળી, શુવર, સર્પ, વીંછી અને ગરોળી વિગેરે જાતિમાં ઉત્પન્ન થાય છે.' બીજા દર્શનોમાં પણ કહ્યું છે કે:—'સ્વજન માત્ર મરણ પામે તો પણ સૂતક થાય છે, તો દિવાનાથ (સૂર્ય) અસ્ત થતાં ભોજન કેમ કરાય ? રાત્રે પાણી તે રક્ત સમાન અને અન્ન તે માંસ સમાન થાય છે. માટે રાત્રિભોજન કરનારને માંસભક્ષણનો દોષ લાગે છે.' માર્કંડેય મહર્ષિએ એ પ્રમાણે કહ્યું છે. તેથી વિશેષે કરીને તપસ્વીએ તથા વિવેકી ગૃહસ્થે રાત્રે પાણી ન પીવું. તેમજ વળી ત્રયીતેજમય સૂર્ય છે એમ વેદાંતીઓ કહે છે. માટે તેના કિરણથી પવિત્ર થયેલ તમામ શુભ કર્મ કરવું. 'રાત્રે આહુતિ, સ્નાન, શ્રાદ્ધ, દેવાર્ચન તથા દાન ન કરવાં અને વિશેષે ભોજન તો નજ કરવું.' વિવેકી જને રાત્રે ચારે આહારનો ત્યાગ કરવો. તેમ કરવાને જે અશક્ત હોય, તેણે અશન અને ખાદિમનો તો સર્વથા ત્યાગજ કરવો અને સ્વાદિમ સોપારી વિગેરે પણ દિવસે બરાબર શોધીને જયણાપૂર્વક ખાવું, નહિ તો તેમાં પણ ત્રસ જીવોની હિંસાનો દોષ લાગે છે. મુખ્યત્વે તો સવારે અને સાંજે રાત્રિ નજીકમાં હોવાથી– સૂર્યોદય થયા પછી બેઘડીએ ભોજન કરવું, અસ્ત થવાના વખતથી બે ઘડી પહેલાં ભોજન કરી લેવું. કહ્યું છે કે—'દિવસની આદિ અને અંતમાં જે બે બે ઘડી છોડીને ભોજન કરે તે રાત્રિભોજનના દોષને જાણનાર પ્રાણી પુણ્યનું ભાજન થાય છે.' આગમમાં પણ સર્વ જઘન્ય ઓછામાંઓછું પચ્ચખ્ખાણ બેઘડીપ્રમાણ નમસ્કાર સહિત ( નવકારસી) કહેલું

છે કદાચિત્ કાર્યની વ્યગ્રતા વિગેરે કારણોથી તેમ ન કરી શકાય, તોપણ તડકો વિગેરે જોવાવડે સૂર્યના ઉદય અને અસ્તનો નિર્ણય કરવાની તો જરૂરજ છે, નહિ તો રાત્રિભોજનનો દોષ લાગે છે, લજ્જાથી અંધકારવાળા સ્થાનમાં જઇને દીવો વિગેરે કરીને ભોજન કરવાથી ત્રસાદિની હિંસા, નિયમનો ભંગ અને માયામૃષાવાદ વિગેરે અધિક દોષ લાગે છે. કારણ કે–'હું એ પાપ ન કરૂં" એમ કહીને ફરી જો તે પાપ સેવે તો તે પ્રત્યક્ષ મૃષાવાદી છે અને માયાનો તો ત્યાં ગાઢ પ્રસંગજ છે. જે પ્રાણી પાપ કરીને પોતાના આત્માને શુદ્ધ માને છે, તે ઉલટું બેઘણું પાપ કરે છે. એ બાળજીવની મંદતાનું લક્ષણ છે.

રાત્રિ ભોજનના નિયમની આરાધના અને વિરાધનાના સંબંધમાં ત્રણ મિત્રનું દૃષ્ટાંત છે તે આ પ્રમાણે.

દેવપલ્લી નામના ગામમાં શ્રાવક, ભદ્રક અને મિથ્યાદૃષ્ટિ[1] એવા ત્રણ વણિક મિત્ર હતા. તે એકદા જૈનાચાર્ય પાસે ગયા. એટલે આચાર્ય મહારાજે રાત્રિભોજનના નિયમનો ઉપદેશ આપ્યો. તે સાંભળીને તેમણે રાત્રિભોજન ન કરવાનો નિયમ કર્યો. તેમાં શ્રાવકે રાત્રિભોજન, કંદમૂળાદિ અભક્ષ્યનો ઉત્સાહથી નિયમ લીધો. કારણ કે તે શ્રાવકકુળમાં ઉત્પન્ન થયો હતો. ભદ્રકે બહુ વિચારીને માત્ર રાત્રિભોજનનો નિયમ લીધો. પણ કદાગ્રહમાં ગ્રસ્ત હોવાથી મિથ્યાદૃષ્ટિ તો પ્રતિબોધજ ન પામ્યો. કારણ કેઃ—

---

૧ આ ત્રણે નામો ગુણનિષ્પન્ન હોવાથી પડેલા હતા–મૂળ નામ બીજા હતા.

आग्रही बत निनीषति युक्तिं
तत्र यत्र मतिरस्य निविष्टा ।
पक्षपातरहितस्य तु युक્ति-र्यत्र
तत्र मतिरेति निवेशम् ॥

'આગ્રહી જેમાં, પોતાની બુદ્ધિ રહેલી હોય ત્યાં યુક્તિને લઈ જવા માગે છે, અને પક્ષપાત રહિત માણસની તો જ્યાં યુક્તિ દેખાય ત્યાં મતિ સ્થિર થાય છે.' શ્રાવક અને ભદ્રકના કુંટુંબીઓએ પણ રાત્રિભોજનનો નિયમ ગ્રહણ કર્યો. કારણ કે 'ગૃહવ્યવસ્થા ગૃહના સ્વામીને જ અનુસરે છે.'

હવે શ્રાવક અનુક્રમે પ્રમાદની બહુળતાથી પોતાના નિયમમાં શિથિળ થતો ગયો. તે કાર્યની વ્યાકુળતાથી સવારે અને સાંજે ત્યાજ્ય બે ઘડીની અંદર પણ ભોજન કરવા લાગ્યો. અનુક્રમે સૂર્ય અસ્ત થતાં પણ જમવા લાગ્યો. સમ્યક્ પ્રકારે નિયમ પાળનાર ભદ્રક વિગેરે તેને પ્રેરતા ત્યારે તે 'હજી તો દિવસ છે, કયાં રાત્રિ પડી છે?' એમ જવાબ દેતો. એટલે તેના અનુકરણથી તેનું કુટુંબ પણ બધું તેવું જ શિથિળ થઈ ગયું. 'અહો! ગૃહસ્વામીની પ્રમાદબહુળતાથી પાપપ્રસંગની કેવી વૃદ્ધિ થાય છે?'

એકદા ભદ્રક રાજાના કાર્યની વ્યગ્રતાને લીધે સવારે અને બપોરે પણ જમવા ન પામ્યો. લગભગ સૂર્યાસ્ત વેળાએ કોઈ રીતે ભોજન કરવાને ઘરે આવ્યો, એવામાં સૂર્ય અસ્ત થઈ

ગયો, એટલે મિત્રાદિકોએ બહુ કહ્યા છતાં પણ તેણે ભોજન ન કર્યું; કહ્યું છે કે—

**अप्पहियं कायव्वं, जइ सक्का परहिअंपि कायव्वं ।**
**अप्पहियपरहियाणं, अप्पहिअं चेव कायव्वं ॥**

'ઉત્તમ જીવે આત્મહિત કરવું અને જો શક્તિ હોય તો પરહિત પણ કરવું. આત્મહિત અને પરહિતમાં આત્મહિત પહેલાં કરવું.'

હવે શ્રાવકે તો કંઈક અંધકાર પ્રસરતાં છતાં પણ નિર્ધ્વંસપણે યથેચ્છ ભોજન કર્યું. ભોજન કરતાં તેના મસ્તક પરથી એક જૂ ભોજનમાં પડી તે ખાવામાં આવી ગઇ. તેના ભક્ષણથી તે જળોદરના મહાવ્યાધિથી અત્યંત પીડિત થઇને મરણ પામ્યો. રાત્રિભોજનના નિયમનો ભંગ કરવાથી તે ક્રૂર બિલાડો થયો. અને તે ભવમાં દુષ્ટ કુતરાથી કદર્થના પૂર્વક મરણ પામીને નરકમાં નારકી થયો.

રાત્રિભોજનમાં આસક્ત એવો મિથ્યાદૃષ્ટિ પણ એક વખત વિષમિશ્રિત આહાર જમવામાં આવવાથી સખત રીતે તૂટતા આંતરડાની ગાઢ પીડા અનુભવી મરણ પામીને પેલા મિત્રની જેમ બિલાડો થયો, અને પછી નારકી થયો.

ભદ્રક તો સારી રીતે નિયમને આરાધવાથી સૌધર્મ દેવલોકમાં મહર્દ્ધિક દેવ થયો. શ્રાવકનો જીવ નરકમાંથી નીકળીને એક નિર્ધન બ્રાહ્મણનો શ્રીપુંજ નામે પુત્ર થયો અને મિથ્યાત્વીનો જીવ તેનો શ્રીધર નામે નાનો ભાઈ થયો.

એવામાં ભદ્રકદેવે બંને મિત્રને મનુષ્ય થયેલા જાણી તેમની પાસે જઈ એકાંતમાં પોતાના સ્વરૂપને જણાવી તથા તેમના પૂર્વભવનું સ્વરૂપ કહી તેમને પ્રતિબોધ આપ્યો અને રાત્રિભોજન તથા અભક્ષ્યાદિકનો નિયમ લેવરાવ્યો; તેમજ તે પાળવામાં દૃઢ કર્યા. કારણ કે:—

"पापान्निवारयति योजयते हिताय,
गुह्यं च गूहति गुणान् प्रकटीकरोति।
आपद्गतं च न जहाति ददाति काले,
सन्मित्रलक्षणमिदं प्रवदंति संतः" ॥

'પાપથી અટકાવે, હિતમાં જોડે, ગુહ્યને ગુપ્ત રાખે, ગુણોને પ્રગટ કરે, આપત્તિમાં દૂર ન જાય અને અવસરે સહાય આપે—એ સન્મિત્રનું લક્ષણ છે. એમ સજ્જનો કહે છે.' તેથી ખરૂં સજ્જનપણું દર્શાવીને ભદ્રકદેવ સ્વર્ગે ગયો.

અહીં બંને ભાઈઓના પિતા વિગેરેએ કદાગ્રહથી તેમનો નિગ્રહ કરવા ભોજનનો સર્વથા નિષેધ કર્યો. તેથી તેમને ત્રણ લાંઘણ (ઉપવાસ) થઈ ત્રીજે દિવસે રાત્રે ભદ્રકદેવને ખબર પડવાથી તેમના નિયમનો મહિમા વધારવા તેણે ત્યાંના રાજાના જઠરમાં અત્યંત પીડા ઉપજાવી. જેમ જેમ વૈદ્ય, જ્યોતિષી અને માંત્રિક વિગેરે ઉપચાર કરવા લાગ્યા તેમ તેમ ઘીથી સિંચેલ અગ્નિજ્વાળાની જેમ તે પીડા વધતી ગઈ, એટલે મંત્રીઓ

કિંકૃત્યમૂઢ * અને નગરજનો હાહારવ કરવામાં તત્પર થતાં આકાશમાં દિવ્ય વાણી થઈ કે:—'હે મંત્રીઓ અને નગરજનો ! રાત્રિભોજનને વર્જવાના નિયમમાં દૃઢ એવા શ્રીપુંજ અને શ્રીધરના માત્ર હસ્તસ્પર્શથીજ એ રાજાને આરામ થઈ જશે, અન્યથા કોઈ રીતે શાંતિ થવાની નથી.' પછી 'આ નગરમાં શ્રીપુંજ કોણ છે ?' તેની શોધ કરવાના વિચારમાં મંત્રી વિગેરે પડયા. એવામાં કોઇએ કહ્યું કે:—'એક નિર્ધન બ્રાહ્મણનો પુત્ર, ત્રણ લાંઘણ થતાં પણ પોતાના નિયમની દૃઢતાથી અક્ષુભિત એવો શ્રીપુંજ નામનો બાળક છે. તેજ એ હશે.' પછી સંભાવના માત્રથી પણ મંત્રીઓએ તેને બહુમાનપૂર્વક બોલાવ્યો, એટલે શ્રીપુંજ ત્યાં તરત આવ્યો. આવીને તેણે ઉત્સાહપૂર્વક ઉચ્ચ સ્વરે કહ્યું કે:—'મારા રાત્રિભોજનાદિ નિયમનું મહાત્મ્ય હોય તો અત્યારેજ આ રાજાના સર્વ શરીરે સર્વથા શાંતિ થઈ જાઓ.' એમ કહેવાપૂર્વક તેણે રાજાના શરીરપર પોતાના હસ્તનો સ્પર્શ માત્ર કર્યો, એટલે તરતજ રાજા સ્વસ્થ થઈ ગયો. પછી રાજાએ સંતુષ્ટ થઇને શ્રીપુંજને પાંચ ગામનું આધિપત્ય આપ્યું. તે દિવસથી રાજા, તેના માબાપ વિગેરે તથા અન્યજનોએ પણ રાત્રિભોજનનો ત્યાગ કર્યો. એ પ્રમાણે જિનધર્મની પ્રભાવના કરતો અને પાંચ ગામનું સામ્રાજ્ય ભોગવતો શ્રીપુંજ શ્રીધરની સાથે સૌધર્મદેવલોકમાં ગયો અને અનુક્રમે ત્રણે મિત્રો સિદ્ધ થયા.

એ પ્રમાણે રાત્રિભોજનના ત્યાગ પર ત્રણ મિત્રનું દૃષ્ટાંત જાણવું. ઇતિ ત્રણ મિત્ર દૃષ્ટાંત.

---

* શું કરવું તેમાં બુદ્ધિ ચાલી ન શકે તેવા.

**બહુબીજ**–તે પંપોટાદિક અભ્યંતર પટરહિત કેવળ બીજમય હોય છે. તે દરેક બીજે રહેલા જીવની હિંસા થાય માટે વર્જનીય છે. અને જે અભ્યંતર પટસહિત બીજમય દાડિમ, ટિંડોરા વિગેરે છે તે અભક્ષ્ય ગણાતા નથી.

**અનંતકાય**–તે અનંત જીવોના ઘાતથી થતાં પાપના હેતુભૂત હોવાથી વર્જનીય છે. કારણ કે–'મનુષ્યો કરતાં નારક જીવો, તે કરતાં બધા દેવો, તે કરતાં પંચેંદ્રિય તિર્યંચો, તે કરતાં બેઇંદ્રિયાદિક, તે કરતાં અગ્નિકાય જીવો–એ યથોત્તર અસંખ્યાતગુણા કહ્યા છે. તે કરતાં પૃથ્વીકાય, અપ્કાય અને વાયુકાય–એ યથાક્રમે અધિક કહ્યા છે, એ સર્વ કરતાં મોક્ષના જીવો અનંતગુણા છે અને તે કરતાં પણ અનંતકાય જીવો અનંતગુણા છે.' તે સ્પષ્ટ રીતે આગળ દર્શાવવામાં આવશે.

**સંધાન** ( બોળઅથાણું તડકામાં ત્રણ દિવસ સુકવ્યા વિનાનું)–નિંબુક (લિંબુ) અને બિલ્વાદિકના અથાણામાં અનેક જીવોને ઉત્પન્ન થવાનો સંભવ હોવાથી વ્યવહારથી ત્રણ દિવસ ઉપરાંત તે અભક્ષ્ય ગણાય છે.

**ઘોલવડા**–તે કાચા ઘોળમિશ્ર વડાં. (દહીંવડા) ઉપલક્ષણથી કાચા (ગરમ કર્યા વિનાના) ગોરસ (દુધ, દહીં અને છાશ સાથે દ્વિદળ પણ સમજી લેવા. તેમાં સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિનો સંભવ છે અને તે કેવળીગમ્ય છે. દ્વિદળનું લક્ષણ આ પ્રમાણે કહેલું છે :–'જેને પીલતાં (દળતાં) બે ફાડીયા

સરખા થાય તે દ્વિદળ કહેવાય, પણ બે દળ થતાં જો વચમાં નેહ (રેખા) યુક્ત ન હોય તો દ્વિદળ ન કહેવાય. (કઠોળઆદિ દ્વિદળ ગણાય છે.)

**વૃત્તાંક**–રીંગણા. તે નિદ્રાને વધારનાર તથા કામને ઉદ્દીપન કરનાર હોવાથી અનેક દોષોને પોષે છે. અન્ય શાસ્ત્રમાં કહ્યું છે કે—'(પુરાણે) હે પ્રિયે! જે વૃત્તાંત, કાલિંગ અને મૂળક (મૂળા)નું ભક્ષણ કરે છે, તે મૂઢાત્મા અંતકાળે પણ મને સંભારી શકતો નથી.

**અજ્ઞાત**–પુષ્પ તથા ફળ (અજાણ્યું ફળ) ખાવાથી જો નિષિદ્ધ પુષ્પફળમાં અજ્ઞાનથી પ્રવૃત્ત થઇ જાય તો વ્રતભંગનો સંભવ છે, અને ઝેરી પુષ્પ યા ફળમાં પ્રવૃત્તિ થઈ જાય તો વંકચૂલ પલ્લીપતિના સૈનિકોની જેમ જીવિતનો પણ નાશ કરનાર થાય છે.

**તુચ્છફળ**–તે મધુક અને જાંબુ, બોર વિગેરે. ઉપલક્ષણથી તુચ્છપુષ્પ–કરીશ, આણિશિગ્ર, મધુકાદિ. તુચ્છપત્ર–વર્ષા ઋતુમાં તંદુલીયક (તાંદળજો, મેથી) વિગેરે સમજવા. તેમાં બહુ જીવ રહેલા હોય છે. અથવા તુચ્છફળ તે અર્ધનિષ્પન્ન–કોમળ એવી વાલ અને મગની સીંગો વિગેરેનું ભક્ષણ કરતાં તથાવિધ તૃપ્તિ થતી નથી અને વિરાધના બહુ થાય છે. (તુચ્છફળમાં ખાવાનું થોડું અને ફેંકવાનું ઘણું હોય છે અને ખાવા છતાં પેટ પણ ભરાતું નથી.)

**ચલિતરસ**–તે કોહી ગયેલું અન્ન, વાસી ખીચડી અને પુરી વિગેરે. તેમાં અનેક જંતુઓ ઉત્પન્ન થાય છે, અને તે

પ્રત્યક્ષ દેખાય પણ છે, માટે તેનો ત્યાગ કરવો. 'બે દિવસ ઉપરાંતના દહીંમાં જીવોત્પત્તિ થાય છે તે શી રીતે સમજાય?' તેના ઉત્તરમાં કહે છે કે–"તેમાં શાસ્ત્ર પ્રમાણ છે. કહ્યું છે કેઃ– 'જો મગ, અડદ વિગેરે દ્વિદળમાં કાચું ગોરસ પડે, તો તેમાં ત્રસ જીવોની ઉત્પત્તિ થાય છે. અને બે દિવસ ઉપરાંતના દહીંમાં પણ ત્રસ જીવો ઉપજે છે.' વળી એમ સાંભળવામાં આવે છે કે–'ધનપાળ પંડિતને પ્રતિબોધવા માટે આવેલા તેમના બંધુ શોભનમુનિએ બે દિવસ ઉપરાંતના દહીંના વાસણ ઉપર અળતાનું પુંભડું ચોપડીને તેની ઉપર ચાલતા જીવ બતાવી આપ્યા તેથી તેને પ્રતિબોધ થયો.' આ પ્રમાણે બાવીશ અભક્ષ્યો વર્જનીય છે.

હવે અનંતકાય બત્રીશ છે, તે પણ ત્યાજ્ય છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે :—

સર્વ જાતિના કંદ—૧ સૂરણકંદ, ૨ વજ્રકંદ, ૩ આર્દ્ર-હરિદ્રા (લીલી હળદર). ૪ આર્દ્રક (આદુ), ૫ આર્દ્રકચૂરો, ૬ શતાવરી, ૭ બિરાલી, ૮ કુંઆર, ૯ થોઅર, ૧૦ ગડૂચી, ૧૧ લસણ, ૧૨ વંશ કારેલા, ૧૩ ગાજર, ૧૪ લૂણી, ૧૫ લોઢક, ૧૬ ગિરિકર્ણિકા (ગરમર), ૧૭ કિસલયપત્ર, ૧૮ ખરિંશુકા, ૧૯ થેગી, ૨૦ આર્દ્રમુસ્તા (લીલી મોથ), ૨૧ ભ્રામર-વૃક્ષની છાલ, ૨૨ ખિલ્લોહડા, ૨૩ અમૃતવલ્લી, ૨૪ મૂલક (મૂળાના કાંદા), ૨૫ ભૂમિરૂહ, ૨૬ દ્વિદળ ધાન્યના અંકુરા, ૨૭ ઢંકવત્થુલો, ૨૮ સૂકરવલ્લ, ૨૯ પ્રલ્યંક, ૩૦ કોમળ આંબલી, ૩૧ આલુક (બટાટા) અને ૩૨ પિંડાલુ—એ ૩૨

અનંતકાયના મુખ્ય ભેદ છે. વળી લક્ષણ યુક્તિએ કરીને બીજા પણ અનંતકાય જાણી લેવા.

હવે એ બત્રીશ અનંતકાયની વ્યાખ્યા કહે છે:–કંદની સર્વ જાતિ અનંતકાય છે, તેમાં કેટલાક કંદ વપરાતા હોવાથી તે નામથી દર્શાવે છે. સૂરણકંદ—હરસનો નાશ કરનાર કંદવિશેષ, વજ્રકંદ, આર્દ્રક આર્દ્ર હરિદ્રા–તે લીલી હળદર, શૃંગબેર તે (આદુ), આર્દ્ર કચૂરક, શતાવરી અને બિરાલિકા–એ વલ્લી વિશેષ છે, કુમારી–તે માંસલ (પુષ્ટ) પ્રણાલ આકારનું પત્ર (કુંવાર), થોહરી–તે થોરવૃક્ષ, ગડુચી–તે વલ્લીવિશેષ, લસણ–કંદવિશેષ, વાંસકારેલા, ગજ્જર તે ગાજર, લવણિક–વનસ્પતિ વિશેષ-જેને બાળવાથી સજ્જિકા નિષ્પન્ન થાય છે, લોઢક–તે પદ્મિનીકંદ, ગિરિકર્ણિકા–તે વલ્લીવિશેષ, કિસલય પત્ર–તે પ્રૌઢ પત્રના પહેલા અંકુરા ફુટે છે તે-બધા કોમળ પત્ર સમજવા, ખરિંશુકા, થેગ–તે કંદવિશેષ, આદ્રમુસ્તા (લીલીમોથ), લવણવૃક્ષછવિ–તે લવણ યા ભ્રામરવૃક્ષની માત્ર છાલ–બીજા અવયવ નહિ, ખિલ્લોહડા–લોકપ્રસિદ્ધ કંદ, અમૃતવલ્લી–લતાવિશેષ; મૂલક (મૂળા)–પ્રસિદ્ધ કંદ તે ત્યાજ્ય છે, અન્યશાસ્ત્રમાં કહ્યું છે કે–'લસણ, ગૃંજન, પલાંડુ, પિંડમૂલ, મત્સ્ય, માંસ અને મદિરા–એ કરતાં પણ મૂલક અધિક પાપકારી છે, પુત્રમાંસ કરતાં પણ મૂળાનું ભક્ષણ વધારે ખરાબ છે. એનું ભક્ષણ કરવાથી નરક અને ત્યાગ કરવાથી સ્વર્ગ મળે છે, જે નરાધમ મૂળાની સાથે ભોજન કરે છે, તેની ચાંદ્રાયણશત (સેંકડો ચાંદ્રાયણવ્રત)થી પણ શુદ્ધિ થતી નથી.' ભૂમિરૂહ વર્ષાકાળમાં થનારા છત્રાકારે બીલાડીના

ટોપ-ભૂમિસ્ફોટકના નામથી પણ પ્રસિદ્ધ છે. વિરૂઢ-તે અંકુરિત દ્વિદલ ધાન્ય, ઢંકવાસ્તુલ-શાક વિશેષ, તે પ્રથમ ઉત્પન્ન થયેલ જ અનંતકાય, પણ છેદ્યા પછીથી ઉગે તે નહિ. સૂકરવલ્લ, અનંતકાય, પણ ધાન્યવલ્લ (વાલ) નહિ, પલ્યંક-શાકવિશેષ, કોમળ આંબલી-તેના અવસ્થાકિકા-ચિંચિણિકા પણ નામ છે, આલૂક (બટાટા) અને પિંડાલુક એ કંદવિશેષ છે, એ માત્ર બત્રીશ જ અનંતકાય નથી-વિશેષ છે. તેની જીવાયોનિ ચૌદ લાખ છે. તેના લક્ષણો આ પ્રમાણે હોય છે-'જેનો કણસલો, સાંધો અને ગાંઠ-ગુપ્ત હોય જેને ભાંગવાથી સરખા કટકા થાય, જેમાં હજી નસો ન આવી હોય અને જે છેદીને રોપતાં ઉગે-તે બધા અનંતકાય જાણવા. તેવા લક્ષણથી વિપરીત લક્ષણવાળી તે પ્રત્યેક વનસ્પતિ સમજવી. ઈત્યાદિ સિદ્ધાંતમાં કહેલા લક્ષણ યુક્ત બીજા પણ અનંતકાય જાણી લેવા અને તેનો ત્યાગ કરવો. કહ્યું છે કે :--(પદ્મ પુરાણ, પ્રભાસખંડમાં)

"चतस्रो नरकद्वाराः, प्रथमं रात्रिभोजनम् ।
परस्त्रीगमनं चैव, संधानानंतकायिकाः" ॥

'રાત્રિભોજન, પરસ્ત્રીગમન, બોળ અથાણું અને અનંતકાય-એ ચાર નરકનાં દ્વાર છે.' અનંતકાયાદિ અભક્ષ્ય અચિત્ત થયેલ હોય તો પણ તેનો ત્યાગ કરવો. અહીં કોઈ શંકા કરે કે-'આર્દ્રકંદ વિગેરે પોતે યા બીજાએ અચિત્ત કર્યા પછી તેનું ભક્ષણ કરવામાં શો દોષ છે?' તેને ઉત્તર આપે છે કે-

'નિર્દયપણાને લઈને લોલુપતા વૃદ્ધિની પરંપરાએ સચિત્તને પણ ગ્રહણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, માટે અચિત્ત પણ ગ્રહણ ન કરવું, કહ્યું છે કે :—એક અકાર્ય કરે તેના પ્રત્યયથી બીજો કરે—એમ સાતાબહુલની પરંપરાથી સંયમ અને તપનો વિચ્છેદ થાય.' એ પ્રમાણે બત્રીશ અનંતકાયનું સ્વરૂપ સમજીને તેનો ત્યાગ કરવો.

તથા આલસ્યાદિથી ઘી, તેલનાં વાસણો ઉઘાડાં રાખવાં, બીજો માર્ગ છતાં લીલોતરી વિગેરે ઉપર ચાલવું, અશોધિત માર્ગે ગમન કરવું, સ્થાનને જોયા વિના તેમાં હાથ નાખવો, અન્ય સ્થાન છતાં સચિત્ત ઉપર બેસવું યા વસ્ત્રાદિ મૂકવાં, કુંથુવા વિગેર જંતુઓથી વ્યાપ્ત જમીનપર મૂત્ર વિગેરે નાખવું, યતના વિના બારણાનો આગળીઓ વિગેરે દેવાં, પત્ર પુષ્પાદિ કામવગર તોડવાં, માટી, ખડી અને વર્ણિકાદિનું મર્દન કરવું, અગ્નિ જગાવવો, (સળગાવવો) ગવાદિનો ઘાત થાય એવા શસ્ત્રોનો વેપાર કરવો, નિષ્ઠુર અને મર્મઘાત થાય તેવું બોલવું. હાસ્ય નિંદા વિગેરે કરવાં, રાત્રે યા દિવસે પણ સ્નાન, કેશગુંથવું, ખાંડવું, રાંધવું, પૃથ્વી ખોદવી માટી વિગેરેનું મર્દન લિંપન, વસ્ત્ર ધોવું અને પાણી ગળવું આદિ—યતના વિના પ્રમાદથી કરવાં, શ્લેષ્મ વિગેરે નાખતાં યતનાપૂર્વક તેને ધૂળ વિગેરેથી ન ઢાંકવા—ઈત્યાદિક પ્રવૃત્તિથી પણ પ્રમાદાચરણ લાગે છે. શ્લેષ્માદિકમાં બે ઘડી પછી સંમૂર્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે, તેથી તેની વિરાધનાનો મહાન દોષ લાગે. માટે તેમાં ઉપયોગ રાખવાની જરૂર છે.

શ્રી પન્નવણા ઉપાંગમાં કહ્યું છે કે–'હે ભગવન્ ! સંમૂર્છિમ મનુષ્યો કયાં ઉત્પન્ન થાય ?' ઉત્તર–'હે ગોયમ ! પિસ્તાલીશ લાખ યોજનપ્રમાણ મનુષ્યક્ષેત્રમાં–એટલે અઢીદ્વીપમાં અને બે સમુદ્રોમાં, તેમાં અઢીદ્વીપમાં રહેલી પંદર કર્મભૂમિમાં, ત્રીશ અકર્મભૂમિમાં અને છપ્પન્ન અંતર્દ્વીપમાં, ગર્ભજ, મનુષ્યોની વિષ્ટામાં, મૂત્રમાં બડખામાં, સિંઘાણ (નાકના મેલ) માં, વંતમાં, પિત્તમાં, વીર્યમાં, લોહીમાં, વીર્યના પડેલા પુદ્ગળોમાં. શબમાં, સ્રીપુરૂષના સંયોગમાં, નગરની ખાળમાં અને સર્વ અશુચિસ્થાનમાં સંમૂર્છિમ કનુષ્યો ઉત્પન્ન થાય છે. તેની કાયા અંગુળના અસંખ્યાતમા ભાગ જેવડી હોય છે, તેઓ અસંજ્ઞી, મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની હોય છે, અને અપર્યાપ્ત અવસ્થામાંજ અંતર્મુહૂર્ત્તમાં મરણ પામે છે.'

આ સંસારમાં ભમતા જીવોએ જેનાથી જીવવધાદિ અનર્થ થાય તેવા અધિકરણોનો પણ ત્યાગ કરવો. કહ્યું છે કેઃ—

"न ग्राह्याणि न देयानि, पंचद्रव्याणि पंडितैः ।
अग्निर्विषं च शस्त्रं च, मद्यं मांसं च पंचमम्" ॥

'અગ્નિ, વિષ, શસ્ત્ર, દારુ અને માંસ–એ પાંચ વસ્તુઓ સુજ્ઞ પુરૂષોએ લેવી કે દેવી નહિ.' વળી અન્ય શાસ્ત્રમાં પણ કહ્યું છે કેઃ–ખેતર, 'યંત્ર, વહાણ, વધૂ, હળ, બળદ. ઘોડો, ગાય, ગંત્રી (ગાડી), દ્રવ્ય, હાથી. હવેલી અને બીજાપણ જે પદાર્થથી મન આરંભયુક્ત થાય અને જેનાથી કર્મ બંધાય તેનું સુજ્ઞજનોએ દાન લેવું કે દેવું નહિ.'

જેનાથી અનર્થદંડ થાય તેનો પણ ત્યાગ કરવો. દુષ્ટ જીવો જાગૃત થતાંજ આરંભ કરવા માંડે છે. તે આ પ્રમાણે– પનીયારી, દળનારી, શિલ્પી, કર્ષુક, રેંટચલાવનાર, કુંભાર, ધોબી, લુહાર, મચ્છીમાર, શિકારી, જાળ નાખનાર, ઘાતક, ચોર, પરદારાલંપટ, અને આક્રમણ કરવાવાળા–એમની પરંપરાએ કુવ્યાપારમાં પ્રવૃત્તિ થતાં મહાન્ અનર્થદંડ થાય છે. શ્રી ભગવતી-સૂત્રમાં કૌશાંબી નગરીમાં રહેલા શતાનીક રાજાની બ્હેન અને મૃગાવતીની નણંદ જયંતિએ શ્રી વીરપરમાત્મા પાસે પ્રશ્ન કરેલો છે કે:–'હે ભગવન્! આ પ્રાણી સુતો સારો કે જાગૃત સારો ?' ઉત્તર–'જયંતિ! કેટલાક સુતા હોય તે સારા અને કેટલાક જાગૃત હોય તે સારા.' જયંતિ–'હે ભગવન્! એ શી રીતે સમજવું ? ઉત્તર–'હે જયંતિ! જે જીવો અધર્મી હોય, અધર્મપ્રિય હોય, અધર્મ બોલતા હોય, અધર્મના જ જોનારા હોય, અધર્મને વખાણનારા હોય, અધર્મશીલ હોય, અધર્મ આચરનારા હોય અને અધર્મથીજ પોતાની વૃત્તિ ચલાવતા હોય–એવા જીવો સુતા સારા. એ જીવો સુતેલા હોય ત્યાં સુધી બહુ જીવોને, પ્રાણીને, સત્ત્વોને તે દુઃખ આપી શકતા નથી અથવા તેમનો ઘાત કરી શકતા નથી. વળી પોતાના આત્માને યા પરને વા ઉભયને બહુ અધર્મમાં જોડી શકતા નથી. માટે એ જીવો સુતા હોય તો સારા. વળી જયંતિ! જે જીવો ધર્મી હોય, ધર્મપ્રિય હોય, યાવત્ ધર્મથી પોતાનું ગુજરાન ચલાવનારા હોય, તે જીવો જાગતા સારા, કારણ કે એ જીવો જાગતા હોય તો સ્વપરને ધર્મમાં જોડે છે અને ધર્મજાગરિકા-વડે પોતે જાગૃત રહે છે.' એજ પ્રમાણે બલવત્વ ને દુર્બલત્વ,

દક્ષત્વ અને મૂર્ખત્વ, તેને માટે પણ પ્રશ્નો ને ઉત્તરો જાણી લેવા. એ પ્રમાણે જાણીને પ્રમાદાચરણનો ત્યાગ કરવો.

વળી જે કાર્ય કરવાથી આરંભ વધે, તેનો પણ ત્યાગ કરવો. જેવાં કે ખાણીયો સાથે મુશલ, હળ સાથે ફાલ, (દાંત) ધનુષ્ય સાથે બાણ, ગાડા સાથે ધોંસરૂં, ઓરસિયા સાથે વાટવાનો લોષ્ટક, કુહાડા સાથે દંડ, ઘંટી સાથે તેનું ઉપરલું પડ–ઈત્યાદિ પાપોપકરણ ત્યાજ્ય અને દુર્ગતિદાયક છે, તેથી તેને મેળવીને રાખવાં નહીં; પોતાનું કાર્ય કરીને પાછા છુટા પાડીને મૂકી દેવા.

હવે 'પંચિંदियवहेणंति' એટલે એકેંદ્રિય, બેઈંદ્રિય, તેઈંદ્રિય, ચઉરિંદ્રિય અને પંચેંદ્રિય જીવોનો વધ કરવાથી પ્રાણીઓ નરકે જાય છે. જેમ કાલસૌકરિક[1] પાંચસો પાડાનો દરરોજ ઘાત કરનારા હોવાથી મરીને નરકે ગયો. કહ્યું છે કેઃ—

"नास्त्यहिंसा समो धर्मो, न संतोषसम व्रतम् ।
न सत्यसदृशं शौचं, शीलतुल्यं न मंडनम् ॥
सत्यं शौचं तपः शौचं, शौचमिंद्रियनिग्रहः ।
सर्वभूतदया शौचं जलशौचं तु पंचमम् ॥
स्नानं मनोमलत्यागो, दानं चाभयदक्षिणा ।
ज्ञानं तत्त्वार्थसंबोधो, ध्यानं निर्विषयं मनः" ॥

૧ કાલીક નામનો કસાઈ.

'અહિંસા સમાન ધર્મ નથી, સંતોષ સમાન વ્રત નથી. સત્ય સમાન શૌચ (પવિત્રતા) નથી અને શીલ સમાન મંડન (ઘરેણું) નથી. સત્ય–એ પ્રથમ શૌચ છે, તપ–એ બીજું શૌચ છે, ઇંદ્રિયનિગ્રહ–એ ત્રીજું શૌચ છે, સર્વ સત્ત્વ (જીવ)ની દયા –એ ચોથું શૌચ છે, ત્યાર પછી પાંચમું જળશૌચ છે. (અર્થાત્ પહેલા ચાર શૌચ વિના પાંચમું શૌચ કામનું નથી.) મનના મેલનો ત્યાગ તે સ્નાન છે; અભયદક્ષિણા (જીવોને અભય આપવું) તે દાન છે. તત્ત્વાર્થબોધ તે જ્ઞાન છે અને વિકારરહિત મન તે ધ્યાન છે.'

ઘરે વસતા અને નિત્ય સ્નાન ન કરતા એવા પુરૂષો તપ વિના પણ કેવળ મનઃશુદ્ધિથી શુદ્ધ થાય છે, કહ્યું છે કેઃ–'બંધ અને મોક્ષનું કારણ માણસોનું મન જ છે. જુઓ મનુષ્ય જેમ કાંતાનું આલિંગન કરે છે તેમજ પુત્રીનું પણ આલિંગન કરે છે; પરંતુ તે બંનેમાં મન જૂદા પ્રકારનું છે' 'સામ્યને અવલંબીને પુરૂષ એક અર્ધક્ષણમાં જેટલાં કર્મને ખપાવી શકે, તેટલાં કર્મ કોટીજન્મ સુધી તીવ્ર તપ કરતાં પણ ખપાવી ન શકે.' ધર્મના મૂળ વિનય અને વિવેક છે, તે વિના શ્લાઘા નથી. કહ્યું છે કેઃ–'વિનય એ ધર્મનું મૂળ છે, તપ અને સંયમ– વિનયને લીધેજ છે. વિનયહીનના તપ અને ધર્મ કેવાં ? કાંઈ નહીં.' વિનયી લક્ષ્મી, યશ અને કીર્ત્તિને મેળવી શકે છે, પણ દુર્વિનયી કદાપિ સ્વકાર્યસિદ્ધિને સાધી શકતો નથી. પર્વતોમાં જેમ મેરૂ, ગ્રહોમાં જેમ સૂર્ય, રત્નોમાં જેમ ચિંતામણિ તેમ ગુણોમાં વિવેક શ્રેષ્ઠ છે. વિવેકગુણ સર્વ ગુણોમાં વધારે શ્રેષ્ઠ છે. વિવેક વિના અન્ય ગુણો પણ નિર્ગુણ પ્રાયઃ થાય છે કહ્યું

છે કેઃ—'ચક્ષુ વિના જેમ રૂપ ન શોભે તેમ વિવેક વિના લક્ષ્મી શોભતી નથી.' વિવેકરૂપ દીપકના પ્રકાશવડે પ્રકાશિત કરેલા માર્ગમાં ગમન કરવાથી કલિકાળના અંધકારમાં પણ કુશળ પુરૂષો સ્ખલના પામતા નથી કેમકે ગુરૂની જેમ વિવેક સર્વ કૃત્યાકૃત્યનો પ્રકાશ કરે છે અને સન્મિત્રની જેમ અકૃત્યથી અટકાવે છે. આ સંબંધમાં સુમતિનું દૃષ્ટાંત છે તે નીચે પ્રમાણે :—

શ્રીપુરનગરમાં **શ્રીસેન** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને **શ્રીસખી** નામે સ્ત્રી હતી અને કુળક્રમથી આવેલો **સોમ** નામે પ્રધાન હતો. તે પ્રધાનને પુત્ર ન હોવાથી તે મનમાં અત્યંત દુઃખી રહેતો અને ક્યાંય પણ શાંતિ પામી શકતો નહોતો. એકદા રાજાએ તે પ્રધાનને કહ્યું કે :—'હે પ્રધાન ! તારી એ સંતાનરહિતતા મને અતિશય સતાવે છે. બહુ કાળથી આપણા બંનેનો સંબંધ કુળક્રમાગત ચાલ્યો આવે છે, હવે તારે પુત્ર ન હોવાથી મારા પુત્રનો મંત્રી કોણ થશે ? અને અન્ય મંત્રી પર વિશ્વાસ કેવો ? આ મંત્રી બાબતમાં તું તો નિશ્ચિંત જેવો દેખાય છે' સોમ બોલ્યો કે :—'હે સ્વામિન્ ! એ બાબતમાં શું કરવું ? જીવિત સંતતિ અને દ્રવ્ય—એ ત્રણ વસ્તુ દૈવાધીન છે, માટે વસ્તુ પરાધીન છતાં તેને માટે ચિંતા કરવાથી શું ? રાજાએ કહ્યું કે—'ઉપાય કરવો, પ્રથમ તો સાહસ અને ધૈર્ય ધરીને તારી કુળદેવીનું આરાધન કર' રાજાએ આ ઉપાય બતાવ્યો, એટલે મંત્રી પોતાની કુળદેવીના ભવનમાં ગયો. ત્યાં પવિત્ર થઇ તેની આગળ દર્ભના સંથારા પર બેસીને આ પ્રમાણે બોલ્યો કે :—'હે માત ! જ્યારે મારા પર પુત્રની

કૃપા કરશો ત્યારે જ હું ભોજન કરીશ.' તેણે એવો દૃઢ અભિગ્રહ લીધો તેથી ત્રીજે દિવસે દેવી પ્રત્યક્ષ થઈને બોલી કે :–'હે ભદ્ર ! શા માટે કષ્ટ કરે છે? અત્યારે સારા લક્ષણવાળો પુત્ર તને નહિ થાય, અત્યારે તો પરદારાસક્ત, ચોર અને જુગારી–એવો પુત્ર થશે. માટે થોડો વખત રાહ જો, પછી તને ઉત્તમ પુત્ર આપીશ.' એટલે તે બોલ્યો કે :–'હું રાજાને પૂછી જોઉં.' એમ કહીને તે રાજાને પૂછવા ગયો. રાજાને દેવીનું કથન કહી સંભળાવ્યું, એટલે રાજાએ વિચારીને કહ્યું કે—'દેવીને કહે –ભલે ગમે તેવો પુત્ર થાય, પણ તેનામાં વિનય અને વિવેક હોવા જાઇએ.' એમ સાંભળીને તે દેવી પાસે આવ્યો અને કહ્યું કે:—'હે ભગવતી ! ભલે તેવો અવગુણી પુત્ર આપો, પણ તેમાં વિનય અને વિવેક હોવા જોઇએ.' દેવીએ કહ્યું કે–'અસ્તુ. તને પરદારાસક્ત ચોર અને જુગારી પુત્ર થશે, પણ તે વિવેકી અને વિનયી થશે.' આ પ્રમાણે કહીને દેવી અદૃશ્ય થઈ, એટલે પ્રધાન દેવીને નમસ્કાર કરીને પોતાના ઘરે જવાને ચાલ્યો; એવામાં તેણે બીજી એક વેશ્યા સ્ત્રી રાખેલી હતી, તેણે મંત્રીને દેવીના ભવને ગયેલો જાણીને તેટલા દિવસ ભોજનનો ત્યાગ કર્યો હતો અને ભૂ (જમીન ઉપર) શય્યા કરતી હતી. તેણે તે દેવીની પ્રસન્નતાનું સ્વરૂપ જાણીને દાસી પાસે બળાત્કારથી પોતાને ઘેર તેડાવ્યો, એટલે તે મંત્રી પણ તેના ઘરેજ જઇને સ્નાન તથા ભોજન કરી રાતભર રહ્યો અને સવારે પોતાના ઘરે જતાં મનમાં ખેદ લાવીને વિચારવા લાગ્યો કે:—'અહો ! મને ધિક્કાર થાઓ. સુકુળવતી સ્ત્રીની ઉપેક્ષા કરીને હું અહીં જ રાત્રી રહ્યો. દેવીનો પ્રસાદ પામીને હું

અહીંજ રહ્યો, તેથી મારો પુત્ર કુક્ષેત્રથી ઉત્પન્ન થયેલો થશે, પણ ભાવિ અન્યથા ન થાય, પરંતુ મેં બહુ ખરાબ કર્યું, કેમકે પુત્રને પામ્યા છતાં પણ પુત્રજન્મનો પ્રગટ ઉત્સવ નહિ થઈ શકે, પરંતુ હવે શું કરવુ ? રાજાને તો જેમ તેમ ઉત્તર આપવો.' આમ વિચાર કરીને રાજમંદિરમાં આવતાં રાજાએ તેને તેવો જોઈને પૂછયું કે:—'હે મંત્રીન્ ! હર્ષને સ્થાને ખિન્ન કેમ દેખાય છે ? શું દેવીએ તને છેતર્યો ? અથવા તો શું કંઈ બીજું વિપરીત થયું ? એટલે મંત્રીએ દેવીનો આદેશ તથા પોતાનો દોષ—પોતાની નિંદાપૂર્વક કહી બતાવ્યો. તે સાંભળીને રાજાએ કહ્યું કે:—'ખેદ ન કર, આવા તારા ઉત્તમ કુળમાં દેવતાદિષ્ટ છતાં પણ જો તેવો અન્યાય કરનારો પુત્ર થાય તો તેમાં તારો શો દોષ ? પરંતુ તારી તે વેશ્યા સ્ત્રીને તારા ઘરના ભોંયરામાં સારી રીતે ગુપ્ત રાખ, અને પુત્રજન્મ થયા પછી તેને ઘરમાંથી કહાડી મૂકજે.' રાજાના કહેવાથી પ્રધાને પણ તેમ કર્યું. પૂર્ણ સમયે પુત્ર જન્મ્યો, એટલે તેણે તરત જ રાજાને નિવેદન કર્યું. પછી ગુપ્તરીતે તેનો સંસ્કાર કર્યો, તે અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યો. તેને ભણાવવા યોગ્ય થયેલો જાણીને શાસ્ત્રવિચક્ષણ એવા તેના પિતાએ તેને ભણાવવાની શરૂઆત કરી. એટલે તે ભોંયરાની ઉપરના ફાળકાપર આસન માંડી બહારથી બીજા વિદ્યાર્થીઓને ભણવવાને બહાને તેને નીતિશાસ્ત્ર ભણાવવા માંડયું. રાજાની આજ્ઞાથી પોતાને અંગુઠે દોરો બાંધીને તેણે તે પુત્રને આપ્યો અને કહ્યું કે:—'તને કંઈ શંકા પડે તો આ દોરો હલાવવો.' એવા સંકેતપૂર્વક તેણે પોતાના પુત્રને ભણાવ્યો અનુક્રમે તે હોંશિયાર થયો.

એકદા નીતિશાસ્ત્રમાં આ પ્રમાણે એક શ્લોક આવ્યો કેઃ—

"दानं भोगो नाशस्तिस्रो गतयो भवंति वित्तस्य ।
यो न ददाति न भुंक्ते, तस्य तृतीया गतिर्भवति" ॥

'દાન, ભોગ અને નાશ—એ ધનની ત્રણ ગતિ છે. તેમાં જે દાન અને ભોગમાં પોતાનું ધન વાપરતો નથી, તેના ધનની ત્રીજી ગતિ એટલે નાશ થાય છે.' આ શ્લોક સાંભળી તે દોરી હલાવવા લાગ્યો, એટલે તેના પિતાએ ફરી તે શ્લોકનો અર્થ કરી બતાવ્યો; છતાં ફરી દોરી હલાવી એટલે તેણે રૂષ્ટમાન થઈને બીજા વિદ્યાર્થીઓને રજા આપી પુત્રને બહાર બોલાવીને કહ્યું કે:—'હે વત્સ! સમુદ્ર સમાન શાસ્ત્રનું અવગાહન કરીને ગોષ્પદ સમાન આ સુગમ શ્લોકમાં તું કેમ મૂઢ જેવો બની ગયો?' એટલે પુત્ર બોલ્યો કે:—'હે પિતાજી તમે ધનની ત્રણ ગતિ કહી તે મને સમજાતું નથી; કારણ કે મને દાન અને નાશ—એમ ધનની બે ગતિ જ લાગે છે, કેમકે જે ભોગમાં વપરાય તે પણ નાશ જ છે. કહ્યું છે કે:—'સેંકડો પ્રયત્ને પ્રાપ્ત થયેલ અને પ્રાણ કરતાં પણ વહાલા એવા ધનની એક દાનજ ગતિ છે, બીજી બધી વિપત્તિ છે. તેને ધર્માર્થે સત્પાત્રમાં દેવું તે તો સર્વોત્તમ છે, દુઃખિત યાચકને આપતાં કીર્ત્તિ વધે છે અને બંધુઓમાં વાપરતાં સ્નેહને પોષણ મળે છે, ભૂતાદિને આપતાં વિઘ્નનો નાશ થાય છે. એમ ઉચિતપણાથી આપતાં એકંદરે લાભજ મળે છે. આપેલું દાન કદી નિષ્ફળ થતું નથી ભોગથી

કેવળ ઐહિક સુખની પ્રાપ્તિ થાય; નહિ તો નાશ તો અવશ્યમેવ છે જ.'

આ પ્રમાણે સાંભળીને વિચારચતુર પ્રધાને અંતરમાં આનંદ પામીને તે બધો વૃત્તાંત રાજાને કહી સંભળાવ્યો; એટલે રાજા બોલ્યો કે :-'હે ભદ્ર! એના અંતરમાં વિવેકરૂપી સૂર્ય પ્રગટ્યો છે. એ તારા અને મારા મનોરથ પૂર્ણ કરશે. અહો! એનું વિચારગાંભીર્ય! અહો! ચાતુર્ય! અહો! અદ્ભુત મતિ! કે જે ઉપાધ્યાયને અને શાસ્ત્રને ઓળંગીને આગળ પ્રવર્ત્યો છે. એને જ્ઞાન સારી રીતે ઉત્પન્ન થયું છે, માટે હવે તે વિદ્યાર્થીને હાથી પર બેસાડીને અહીં લાવ.' એમ કહી રાજાએ પોતાનો હાથી અને પરિવાર તેની સાથે મોકલ્યો. સોમે પોતાને ઘરે જઇને સ્વજનોને ભેગા કર્યા, અને પુત્રને શૃંગાર પહેરાવી કૌતુકમંગળ કરી હાથી પર બેસાડીને મહર્દ્ધિપૂર્વક રાજમંદિરે લઈ ગયો; એટલે રાજાએ તેને પોતાના ખોળામાં બેસાડી તેનો સત્કાર કર્યો અને તેનું સુમતિ એવું નામ રાખ્યું. પછી રાજાએ કહ્યું કે—'તારે સર્વત્ર સ્વેચ્છાએ ગમન કરવું. ભંડાર, અંતઃપુર અને રાજ્યમાં સર્વત્ર ક્રીડાનિમિત્તે ફરવાની તને છુટ છે; કોઇ પણ જગ્યાએ જવાનો તને પ્રતિબંધ નથી.' એ પ્રમાણે કહી તેનો સત્કાર કરીને રજા આપી. પછી રાજાની આજ્ઞાથી તે કંઇ પણ પ્રતિબંધ વિના સર્વત્ર ક્રીડા કરવા લાગ્યો.

એકદા તે રાજાના ભાંડાગારમાં પેઠો. ત્યાં રાજાનો મોતીનો હાર જોઇને દેવીએ કહેલ દોષના વશથી તેનું ચિત્ત ચળાયમાન

થયું. એટલે તેણે તે લઇ લીધો. પછી તેને સંતાડી સાશંક મનથી તે જવાને તૈયાર થયો; એવામાં ક્ષણભર વિવેક વડે તે વિચાર લાગ્યો કે 'અહો! મને ધિક્કાર થાઓ. મેં આ વિશ્વનિંદિત કર્મ શું કર્યું ? પૃથ્વી પર ચોરી સમાન બીજું પાપ નથી.' એમ વિચારી હારને પાછો તે જ સ્થાને મૂકીને ઘરે આવ્યો. વળી એકદા ક્રીડા કરવા માટે રાજમંદિરમાં અસ્ખલિત ગતિથી ભમતાં રાજપત્નીએ કામરાગથી ભોગને માટે તેને બોલાવ્યો. રાણીએ તેને કહ્યું કે-'હે સુમતે! અહીં આવ. આ સ્થાન એકાંત છે, માટે મારી સાથે વિલાસ કર.' તે સાંભળીને સુમતિ કુમતિને વશ થઇ તેની પાસે જવા ચાલ્યો; એટલામાં બંધુની જેમ વિવેકે તેને અટકાવ્યો. તે વિચારવા લાગ્યો કે:-'અહો! મને ધિક્કાર થાઓ, કે માતા સમાન રાજપત્ની પર મેં સવિકારી મન કર્યું. પરસ્ત્રીના સંગથી આ ભવમાં શિરચ્છેદ વિગેરે અને પરભવમાં નરકની વેદના પ્રાપ્ત થાય છે. તે જ મહાન્ અને તે જ પંડિત છે કે આ સર્પિણી સમાન કુલટાઓથી દૂર રહે છે. મારે હવે પછી પરનારી સહોદરરૂપ મહાવ્રત પાળવું.' એ પ્રમાણે વિચાર કરીને તેને પગે પડી તે સ્વસ્થાને ગયો.

એકદા કૌતુકી એવો તે ક્રીડા કરવા કૌતુકથી જુગારીઓ પાસે આવ્યો. તેમનું વ્યસન અને સ્વરૂપ જોયું. કેટલાક કજીયા કરતા હતા, કેટલાક દ્રવ્ય હારી જતા હતા, કેટલાક હસતા હતા અને કેટલાક ચોરતા હતા તેવું સ્વરૂપ જોઇને તે ચિંતવવા લાગ્યો કે-" અહો! જુગારના વ્યસનને ધિકકાર થાઓ. કહ્યું છે કે:-'હે જુગારીઓ! જુગારનું વ્યસન કેમ છોડતા નથી?

પોતાના દેહને શા માટે બાળો છો ? અને પોતાના મુખપર બકરાને શા માટે મુતરાવો છો ? કારણકે એથી દમયંતી જેવી પ્રિયતમા સહિત નળરાજાને પણ ચાંડાળની જેમ રાજ્યસુખથી ભ્રષ્ટ થવું પડયું એ કેમ જાણુતા નથી ?' આ જુગારનું વ્યસન મને ઉચિત નથી." એમ ચિંતવીને તે પોતાને ઘેર ગયો. એકદા રમત કરતો કરતો તે રાજસભામાં ગયો. ત્યાં તેણે રાજાને નમસ્કાર કર્યો; એટલે રાજાએ તેને ખોળામાં બેસાડીને ચુંબન કર્યું. એટલે સુમતિ બોલ્યો કે:–"હે સ્વામિન્ ! નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે–કોઈનો વિશ્વાસ ન રાખવો.' તે છતાં મને આપે અસ્ખલિત ગતિવાળો કેમ કર્યો છે ? મારા પર આટલો બધો વિશ્વાસ રાખવો ઉચિત નથી." રાજા બોલ્યો કે–'હે વત્સ ! તું દેવીએ આપેલા વરદાનથી પ્રાપ્ત થયો છે અને અમારો વંશપરંપરાનો પુરોહિત છે, તો તારામાં વિશ્વાસ કેમ ન હોય ? તારામાં દેવીએ વિનય અને વિવેક ગુણ મૂકયા છે, તે તારા સહાયકારી છે.' પછી તેણે રાજાની આગળ બધું પોતાનું પૂર્વ સ્વરૂપ કહી બતાવ્યું. એટલે રાજાએ કહ્યું કે–'હે વત્સ ! વિનય વિવેકની સહાયથી તું સદોષ છતાં નિર્દોષ જ છે. કહ્યું છે કે:—

"यस्य तस्य प्रसूतोऽत्र, गुणवान् पूज्यते नरः ।
सुवंशोपि धनुर्दंडो निर्गुणः किं करिष्यति" ॥

'ગમે તે વંશમાં જન્મ પામેલ હોય, પણ ગુણવાન્ પુરૂષ પૂજાય છે; સારા વાંસનો ધનુષ પણ ગુણ ( દોરી ) વિના શું

કરી શકે? તેમ સારા વંશમાં જન્મેલ પણ નિર્ગુણ શું કરવાનો હતો?'

આ પ્રમાણે રાજાનું કથન સાંભળીને તે લજ્જાને લીધે નીચે મુખ કરી બેસી રહ્યો. એટલે રાજાએ તેને રાજકાર્યનું પ્રાધાન્ય પદ આપ્યું. પછી તે સુમતિ રાજકાર્ય સાધી અનુક્રમે સદ્ધર્મ પાળીને સદ્ગતિએ ગયો.

## ઇતિ સુમતિ દષ્ટાંત.

માટે ધર્મના મૂળભૂત વિનય અને વિવેક અવશ્ય ગ્રહણ કરવા. તે ગુણો સત્સંગથી પ્રાપ્ત થાય છે શાસ્ત્રોક્ત સત્સંગતિનું ફળ સાંભળો :– પ્રથમ સંગતિ કરવા લાયક સજ્જનો કેવા હોય તે કહે છે :–

**न ब्रूते परदूषणं परगुणं वक्त्यल्पमप्यन्वहं,**
**संतोषं वहते परर्द्धिषु पराबाधासु धत्ते शुचं ।**

" પરદૂષણને ન બોલે, અલ્પ પણ પરગુણને વખાણે, પરધન જોઈને નિરંતર સંતોષ પામે, પરનું દુઃખ જોઈને શોક ધરે, આત્મપ્રશંસા ન કરે, નીતિનો ત્યાગ ન કરે, અપ્રિય કહ્યા છતાં ઔચિત્યનું ઉલ્લંઘન ન કરે અને ક્રોધ ન કરે–એવું સંતજનોનું ચરિત્ર હોય છે," હવે એવા સજ્જનની સંગતિથી શું ફળ થાય તે કહે છે :–' સત્સંગ દુર્ગતિને હરે છે, મોહને ભેદે છે, વિવેકને લાવે છે, પ્રેમને આપે છે. નીતને ઉત્પન્ન કરે છે, વિનયને વિસ્તારે છે, યશને ફેલાવે છે, ધર્મને ધારણ કરાવે છે,

દુર્ગતિને દૂર કરે છે. અહો! સત્સંગ માણસોને શું ઈષ્ટ ઉત્પન્ન કરતો નથી? સર્વ કરે છે.' વળી 'હે ચિત્ત! જો તને બુદ્ધિરૂપી મોરના પીંછાને મેળવવાની ઇચ્છા હોય, આપત્તિને દૂર કરવાની ઇચ્છા હોય, સન્માર્ગે ચાલવાની ઇચ્છા હોય, કીર્તિને પામવાની ઇચ્છા હોય, કુટિલતાને કાઢવાની ઇચ્છા હોય, ધર્મને સેવવાની ઇચ્છા હોય, પાપવિપાકને અટકાવવાની ઇચ્છા હોય અને સ્વર્ગ તથા મોક્ષની લક્ષ્મીને મેળવવાની ઇચ્છા હોય તો ગુણવંત જનોની સંગત કર. સુસંગના મહાત્મ્યથી જીવ સર્વ પ્રકારનાં સુખ પામે છે. કહ્યું છે કે:–

"पश्य सत्संगमाहात्म्यं, स्पर्शपाषाणयोगतः ।
लोहं स्वर्णं भवेत्स्वर्ण–योगात्काचो मणीयते ॥"

'સત્સંગનો મહિમા તો જુઓ કે–પારસમણિના યોગથી લોહ તે સુવર્ણ થાય છે, અને સુવર્ણના યોગથી કાચ મણિ જેવો દેખાય છે.' વળી 'અકુલીન છતાં સુસંગથી મનુષ્ય વિવેકી થાય છે અને કુલીન છતાં કુસંગથી અવિવેકી બને છે. જુઓ! અગ્નિના યોગથી શંખ પણ દાહ ઉપજાવે છે. સચેતન મનુષ્યોના સંગથી ગુણ કે દોષ ઉપજે તે તો દૂર રહો, પણ અશોકવૃક્ષના સંગથી શોક દૂર થાય છે અને કલિવૃક્ષ (બહેડા)ના સંગથી કજીયો ઉત્પન્ન થાય છે.'

જીવ ધર્મને પણ સત્સંગતિથી જ પામી શકે છે. આ સંબધમાં પ્રભાકરનું દષ્ટાંત આ પ્રમાણે છે:—

ભરતક્ષેત્રમાં વીરપુર નામના નગરમાં યજ્ઞકરનાર, યજ્ઞ-કરાવનાર અધ્યયન, અધ્યાપન, દાન અને પ્રતિગ્રહરૂપ ષટ્કર્મમાં તત્પર એવો દિવાકર નામે બ્રાહ્મણ રહેતો હતો. તેને પ્રભાકર નામે પુત્ર હતો. તે સર્વત્ર નિરંકુશ થઈને ભમતો, સ્વેચ્છાએ રમતો, ધાતુને ધમતો, જુગારને સેવતો અને જ્યાં ત્યાં સ્વેચ્છાએ ક્રીડા કરતો હતો. તેનો પિતા તેને શિખામણ આપતો કે:—'હે વત્સ! આ શું કરે છે? આ દેહ પણ પોતાનો નથી, તો અન્ય પોતાનો કોણ થશે? માટે કુવ્યસનોનો ત્યાગ કર, શાસ્ત્રોનું અવગાહન કર, કાવ્યારસામૃતનું પાન કર, સારી કળાઓનો અભ્યાસ કર, ધર્મનો વ્યાપાર કર અને પોતાના કુળનો ઉદ્ધાર કર. કહ્યું છે કે:—

"एकेनापि सुपुत्रेण, विद्यायुक्तेन साधुना ।
कुलं पुरुषसिंहेन, चंद्रेण गगनं यथा" ॥१॥
किं जाते बहुभिः पुत्रैः शोकसंतापकारकैः ।
वरमेकः कुलालंबी यत्र विश्रम्यते कुलं ॥२॥

'જેમ, ચંદ્રથી આકાશ, તેમ વિદ્યાયુક્ત, શ્રેષ્ઠ અને શૂરવીર એવા એક પુત્રથી પણ કુળ શોભે છે. (૧)

'શોક અને સંતાપ કરે તેવા બહુ પુત્રો ઉત્પન્ન થાય તેથી શું? કુળના આલંબનરૂપ એક પુત્ર જ સારો કે જેનાથી આખા કુળને વિશ્રાંતિ મળે. (૨) જેમ પુષ્પિત અને સુગંધી એવા એક સુવૃક્ષથી પણ આખું વન સુગંધી થાય છે તેમ એક સુપુત્રથી આખું કુળ ઉદય પામે છે; અને જેમ અગ્નિથી બળતા

એક શુષ્ક વૃક્ષથી સમસ્ત વન બળી જાય છે, તેમ એક કુપુત્રથી આખું કુળ મલીન થાય છે.' વળી—'ધાતુવાદથી ધનની આશા રાખવી, રસાયનથી જીવિતની આશા રાખવી અને વેશ્યાથી ઘર થવાની આશા રાખવી-એ ત્રણે પુરૂષોને એક મતિભ્રંશરૂપ છે.'

ઈત્યાદિ શિક્ષા આપીને સમજાવતાં તે પુત્ર હસીને પિતાને કહેવા લાગ્યો કે-'હે પિતાજી ! ભણવાથી શું ? ભણીને કોણ સ્વર્ગે ગયું છે ? કારણ કેઃ-

"बुभुक्षितैर्व्याकरणं न भुज्यते,
पिपासितैः काव्यरसो न पीयते ।
न छंदसा केनचिदुध्धृतं कुलं,
हिरण्यमेवार्जय निष्फलाः कलाः" ॥

'હે પિતાજી ! ભુખ્યો થતાં વ્યાકરણનું ભોજન કરાતું નથી, તરસ્યો થતાં કાવ્યરસ પીવાતો નથી અને છંદશાસ્ત્રથી કુળનો ઉદ્ધાર થતો નથી, માટે ધન મેળવો, કળાઓ બધી નિષ્ફળ છે.' તેમજ વળી—'નવા કમળદળ સમાન નેત્રવાળી લક્ષ્મી જેને જુએ છે, એટલે લક્ષ્મીની જેનાપર કૃપા છે તેવા નિર્ગુણને પણ લોકો ગુણાઢય માને છે, તેમજ રૂપહીનને રૂપાળો મૂર્ખને બુદ્ધિમાન, નિર્બળને શૂરવીર અને અકુલીનને કુલીન માને છે.'

આવાં તેનાં ઉલ્લંઠ વચનોથી તેનો પિતા વિલક્ષ થઈને ચિત્તમાં ચિંતવવા લાગ્યો કે:-'અહો આ મારો પુત્ર થઈને

નિર્ગુણ, કુળને કલંકરૂપ અને કુશીલ થયો. હવે શું કરૂં ?’ ક્યાં જાઉં ? આમ વિચારીને ઉદાસીન વૃત્તિથી તેણે આખો જન્મ પસાર કર્યો. અન્તે પુત્રને બોલાવીને તેણે આ પ્રમાણે કહ્યું કે :—‘હે વત્સ ! જો કે મારા વચનપર તને અશ્રદ્ધા છે, તો પણ આ એક શ્લોકને તું ગ્રહણ કર, એટલે મારૂં કહ્યું કર. પુત્ર બોલ્યો કે—‘કહો હું તે પ્રમાણે કરીશ.’ એટલે પિતાએ આ પ્રમાણે શ્લોક કહ્યો :—

“कृतज्ञस्वामिसंसर्ग-मुत्तमस्त्रीपरिग्रहम् ।
कुर्वन्मित्रमलोभं च, नरो नैवावसिदति” ॥

કૃતજ્ઞ સ્વામીની સેવા કરતાં, ઉત્તમ કુલીન સ્ત્રીની સાથે લગ્ન કરતાં, અને નિર્લોભી મિત્ર કરતાં માણસોને હેરાન થવું પડતું નથી.’ આ શ્લોક ગ્રહણ કરીને તે પાછો જુગાર રમવા ચાલ્યો ગયો. એવામાં તેના મિત્રે આવીને કહ્યું કે :—‘હે પ્રભાકર ! તારો પિતા મરણ પામ્યો.’ આ પ્રમાણે સાંભળીને પ્રભાકરે મિત્રને કહ્યું કે :— હું કંઈ જાણતો નથી, માટે તે સંબધમાં જે કરવાનું હોય તે તારે કરવું.’ પછી તેની ઉત્તરક્રિયા કરી શોકરહિત થતાં પ્રભાકર પિતાએ આપેલા શ્લોકનો અર્થ વિચારવા લાગ્યો. તેનો અર્થ વિચારીને તેણે ધાર્યું કે પ્રથમ તો પિતાએ જે કહ્યું છે તે કરતાં વિપરીત કરવાથી શું થાય છે તે જોઉં. એમ ધારીને તે પરદેશમાં ચાલ્યો. માર્ગે જતાં કૃતઘ્ન, તુચ્છ સ્વભાવ-વાળા અને સ્તબ્ધ (અભિમાની) એવા સિંહ નામના એક ગામના મુખીને સાંભળીને તેનો આશ્રય કર્યો અને તેની સેવા કરવા લાગ્યો.

ત્યાં તેની સેવાધર્મહીન, નીચ, રૂક્ષ (સ્નેહવિનાની) અને અજ્ઞાન એવી દાસીને તેણે પોતાના ઘરમાં સ્ત્રી તરીકે રાખી. તથા ત્યાંજ વસનાર દાક્ષિણ્યરહિત અને ધનમાંજ (સ્વાર્થમાંજ) લુબ્ધ એવા લોભનંદી નામના એક વણિકને તેણે મિત્ર બનાવ્યો. તે ત્યાં જ રહીને રાજસેવા કરવા લાગ્યો. સ્વપરાક્રમ તથા સ્વબુદ્ધિથી તેણે રાજાનો ભંડાર વધાર્યો. વળી દાસીને માટે તેણે બહુ વસ્ત્રો અને આભરણો કરાવ્યા તથા તેને બહુ જ પ્રસન્ન કરી. અને લોભનંદિને નિર્ધન હતો છતાં મહર્દ્ધિક બનાવી દીધો.

હવે તે સિંહરાજાને પોતાના પુત્ર કરતાં પણ અધિક વહાલો એક મોર હતો. તેને તેણે પોતાના ખોળામાં લાલન પાલન, પોષિત અને ભૂષિત કર્યો હતો.

એકદા પ્રભાકરની પત્નિરૂપ દાસીને ગર્ભના અનુભાવથી મોરનું માંસ ખાવાનો દોહદ ઉત્પન્ન થયો. એટલે પ્રભાકરે તે ઠાકોરના મોરને યત્નથી છુપાવીને બીજા મોરના માંસથી તેનો દોહદ પૂર્યો. ભોજન વેળા થતાં તે મોરને ન જોવાથી ઠાકોરે પોતાના માણસો મોકલીને સર્વત્ર તેની તપાસ કરાવી, છતાં તેનો પત્તો કયાંય પણ ન મળ્યો એટલે તેમણે રાજાને તે હકીકત નિવેદન કરી. આથી ઠાકોર બહુજ આકુળ વ્યાકુળ થઈ ગયો. તેણે ઉંચે સ્વરે પટહોદ્‌ઘોષણા કરાવી કે:–'જે કોઇ સિંહરાજાના મોરની શોધ કરી આપશે, તેને સો સોનામહોર આપવામાં આવશે.' તે સાંભળીને દાસીએ વિચાર કર્યો કે— 'આ પરદેશીથી મારે શું? ઠાકોર પાસેથી દ્રવ્ય મેળવી લઉં, પછી વળી બીજો પતિ કરી લઈશ.' એમ વિચારી પટહનો

સ્પર્શ કરી સિંહરાજા પાસે જઇને એકાંતે કહ્યું કે—"હે સ્વામિન્ ! સત્ય હકીકત સાંભળો. કારણ કે:—

"सत्यं मित्रैः प्रियं स्त्रीभि-रलीकमधुरं द्विषा ।
अनुकूलं च सत्यं च, वक्तव्यं स्वामिना सह ॥"

"મિત્રોની સાથે સત્ય, સ્ત્રીઓની સાથે પ્રિય, શત્રુની સાથે અસત્ય પણ મધુર અને સ્વામીની સાથે અનુકૂળ સત્ય બોલવું.' હે સ્વામિન્ ! કાલે મને મોરના માંસભક્ષણનો દોહલો ઉત્પન્ન થયો હતો. તે મારા સ્વામીને કહેવાથી મેં વાર્યા છતાં તેણે તમારો મોર લાવીને મારી નાખ્યો, અને તેના માંસથી મારો દોહદ પૂરો કર્યો.' તે સાંભળીને સિંહ ઠાકોર રૂષ્ટમાન થઈ વિચારવા લાગ્યો કે—'શું આ પ્રભાકર ખોટા જનોના સંગથી બગડયો કે સ્વભાવેજ વિનિષ્ટ થયો ?' એમ વિચારીને તેણે પ્રભાકરનો નિગ્રહ કરવા પોતાના સુભટોને મોકલ્યા, એટલે તે પણ મિત્રની પરીક્ષા કરવા લોભનંદીને ઘેર ગયો. ત્યાં કંપતાં કંપતાં બોલ્યો કે:—'હે મિત્ર ! મારૂં રક્ષણ કર.' લોભનંદીએ તેને પૂછયું કે:—'અરે ! કહે તો ખરો, તેં શું બગાડયું છે ?' તે બોલ્યો કે:—'સ્ત્રીને માટે મેં સ્વામીનો મોર માર્યો છે.' તે સાંભળીને મિત્રાધમ બોલ્યો કે:—'સ્વામીદ્રોહીને કોણ સ્થાન આપે ? બળતા પૂળાને પોતાના ઘરમાં કોણ નાખે ?' એમ કહ્યા છતાં પ્રભાકર લોભનંદીના ઘરમાં પેઠો. એટલે તેણે પકડો, પકડો એવો પોકાર કર્યો. તરતજ રાજાના સૈનિકો ત્યાં આવ્યા અને તેને બાંધીને ગામની બહાર લઈ

ગયા. ત્યાં તેનો નિગ્રહ કરવાને તે તૈયાર થયા, એટલે પ્રભાકર ગરીબાઇથી બોલ્યો કેઃ–'મેં પૂર્વે તમારા ઉપર ઉપકાર કર્યો છે, માટે મારી રક્ષા કરો અને મને સ્વામીની પાસે લઈ જાઓ. આમ કહેવાથી તેઓ તેને ઠાકોર પાસે લઈ ગયા, એટલે તે કરૂણા ઉપજે તેવી રીતે બોલ્યો કેઃ–'હે દેવ! તમે મારા પિતાતુલ્ય સ્વામી છો, તમારૂં જ મને શરણ છે, માટે આ મારો એક અપરાધ ક્ષમા કરો, તે સાંભળીને સિંહ ભ્રગુટીભંગથી થઈને બોલ્યો કે :–'અરે! દુષ્ટ! મોર સોંપી દે અથવા ઈષ્ટ દેવતાને સંભારી લે.' તે વખતે તેના મિત્ર અને સ્ત્રી વિના બધા લોકો વ્યાકુળ થઈ ગયા. પછી તેણે વિચાર્યું કે :– મારા પિતાના વચનનું ઉલ્લંઘન કરવાથી મને આવું ફલ પ્રાપ્ત થયું, એ રીતે પિતાનું વચન ફરી ફરી સંભારી તેનો મોર તેને સોંપી સિંહ ઠાકોરની રજા લઈને પ્રસન્ન મુખથી તે આગળ ચાલ્યો. સિંહે તેને રહેવા માટે બહુ કહ્યું, છતાં પણ તે રહ્યો નહિ. અને કહ્યું કે :– ' પ્રત્યક્ષ દોષ જોવામાં આવ્યા છતાં કોણ સ્થિરતા કરે?'

આગળ ચાલતાં તેણે વિચાર કર્યો કેઃ–" અહો! એમના દુષ્ટ ચેષ્ટિતને ધિક્કાર થાઓ! દુર્જનની સંગતિ કિંપાકવૃક્ષની છાયાની જેમ દુઃખદાયક થાય છે. એમના પર મેં જે ઉપકાર કર્યો હતો તે બધો ભસ્મીભૂત થઈ ગયો. મૂર્ખ અને દુષ્ટ જનોની સંગતિ કરતાં મૃત્યુ પણ વધારે કલ્યાણકારક છે. કારણ કે :— 'પંડિત શત્રુ સારો, પણ મૂર્ખ હિતકારક સારો નહિ. જુઓ! વાનર મિત્ર રાજાનો નાશ કરવા તૈયાર થયો, તે વખતે વિપ્ર ચોરે બચાવ કર્યો. (આ દૃષ્ટાંત અન્યત્ર આવે છે.) વળી—

"शिरसा सुमनः संगाद्धार्यंते तंतवोपि हि ।
तेपि पादेन मृद्यंते पटेपि मलसंगताः" ॥

'પુષ્પના સંગથી તંતુ (દોરો) ને શિરપર ધારણ કરાય છે અને વસ્ત્રમાં રહેલ તંતુને મેલનો સંગ થવાથી તે પગવતી અને ધોકાવતી તાડના પામે છે' મેં અધમ સ્વામી, સ્ત્રી અને મિત્રની પરીક્ષા કરી. હવે પિતાના વચન પ્રમાણે ચાલીશ.' એમ ચિંતવતો તે અનુક્રમે સુંદરપુર નામના નગરે પહોંચ્યો. ત્યાં હેમરથ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ગુણસુંદર નામે પુત્ર હતો. તે નગરની બહાર ઘોડો દોડાવી થાકી જવાથી સેવકોથી પરિવરેલો થઇ ઝાડની છાયામાં બેઠો હતો. એ અવસરે પ્રભાકરે તેની પાસે આવીને તેણે પ્રણામ કર્યો. એટલે રાજપુત્રે તેનો સત્કાર કર્યો. પછી તે ત્યાં બેસીને શાસ્ત્રવાર્તા કરવા લાગ્યો. રાજપુત્રે ત્યાં ભોજન કર્યું, એટલે તેને પણ ભોજન કરાવ્યું. પછી તે બંને પરસ્પર મીઠી મીઠી વાતો કરવા લાગ્યા. કારણ કે:–'પ્રસન્ન દૃષ્ટિ, શુદ્ધ મન, લલિત વાણી, અને નમ્ર શિર–એ વિભવ વિના પણ અર્થીજનોમાં સ્વાભાવિક પૂજાય છે.' પછી રાજપુત્રે પ્રભાકરને પૂછયું કે–"તમે કયાંથી આવો છો? અને કયાં જવું છે? તથા અહીં શું કામ છે?" પ્રભાકર બોલ્યો કે:-'હું દેશાંતરથી આવું છું, પૃથ્વીપરના કૌતુક જોવાને નિકળ્યો છું.' એટલે રાજપુત્રે કહ્યુ કે:–'હે મહાભાગ! તમે શા માટે ભમો છો? સ્વસ્થ મન કરી મારી પાસેજ રહો.' આ પ્રમાણે રાજપુત્રના કહેવાથી પ્રભાકર ત્યાં

રહ્યો અને રાજપુત્રની સાથે તે નગરમાં ગયો. ત્યાં પરસ્પર તેમની મિત્રતા થઈ.

એકદા પ્રભાકર વિચારવા લાગ્યો કે:—'અહો! એનું ચાતુર્ય, અહો! એનાં મધુર વચનો, અહો! યૌવનવયમાં પણ એનું ઔચિત્ય, અહો! એનું સ્વચ્છ જ્ઞાન! કહ્યું છે કે:—'કેટલાક દ્રાક્ષની જેમ બાલ્યવયમાં પણ મધુર હોય છે, કેટલાક આમ્રફળની જેમ પરિપકવ થાય ત્યારેજ મધુર થાય છે અને કેટલાક ઇંદ્રવરણાના ફળની જેમ મધુર થતાજ નથી.' તેમજ વળી:—

"आकृतौ हि गुणा नुनं, सत्यीभूतमिदं वचः।
यस्यैव दर्शनेनापि, नेत्रं य सफलीभवेत्" ॥

'આકૃતિમાં ગુણો રહેલા છે, એ વચન સત્ય છે; કારણ કે સુંદર આકૃતિવાળાના દર્શન માત્રથી પણ નેત્ર સફળ થાય છે.' માટે હવે આની સેવા કરીને કુસ્વામીના સંગથી લાગેલ દોષરૂપ મેલને ધોઈ નાખું.' આ પ્રમાણે નિશ્ચય કરી પ્રભાકર રાજપુત્રની સેવા કરવા લાગ્યો અને તેણે આપેલ મકાન (ઘર)માં તે સુખે રહેવા લાગ્યો. અનુક્રમે ત્યાં રહેતાં તેણે ઉત્તમ પ્રકૃતિવાળી તેમજ સ્થૈર્ય, ગાંભીર્ય અને વિનયશીલ એવી સુપ્રભા નામે એક સ્ત્રી કરી અને મોટા વેપારી, પરોપકારી તેમજ દયાળુ એવા વસંત શેઠને પોતાનો મિત્ર બનાવ્યો. એ રીતે તે સુખે સમય ગાળવા લાગ્યો.

અન્યદા રાજા મરણ પામતાં ગુણસુંદર રાજગાદીપર બેઠો, અને સર્વ કાર્યને કરનાર પ્રભાકર તેનો મંત્રી થયો. પ્રજાનું

પાલન કરતાં એકદા તે રાજાને બે જાતિવાન અશ્વ કોઈએ ભેટ કર્યા. તે સારા લક્ષણવાળા હતા, પણ વિપરીત શિક્ષણ પામેલા હતા. તેના સ્વરૂપને ન જાણતો એવો રાજા પોતે એક અશ્વપર આરૂઢ થયો અને બીજાપર પ્રધાનને આરૂઢ થવાનો આદેશ કર્યો. રાજા અને પ્રધાન પરિવાર સાથે નગરની બહાર ગયા. થોડીવાર ચલાવીને તે ઘોડાઓની ગતિ જાણવા માટે રાજાએ અને પ્રધાને તેમને કર્કશ પ્રહાર કર્યો, એટલે તરત કુદકો મારીને તેઓ વેગથી દોડવા લાગ્યા. રાજાએ કહ્યું કે :—'હે સેવકો જલદી દોડો અને ઘોડાઓને પકડો.' એમ રાજા બોલતો હતો, તેવામાં તો તે ઘોડાઓ એકદમ એટલી ઉતાવળી ગતિથી દોડયા કે રાજા અને પ્રધાન ક્ષણવારમાં અદૃશ્ય થઈ ગયા. જેમ જેમ તેઓ તેને ઉભા રાખવા લગામ ખેંચતા હતા, તેમ તેમ તે ઘોડાઓ શીઘ્રગતિથી દોડતા હતા. એ રીતે અટવીમાંથી પસાર થતાં આમળાંના વૃક્ષ નીચેથી પ્રધાનનો ઘોડો નીકળ્યો, તે વખતે પ્રધાને ત્રણ આમળાં તોડી લીધાં. પછી તે બહુ દૂર નીકળી ગયા, ત્યાં વિલખા થઈને તેમણે લગામ મૂકી દીધી, એટલે ઘોડાઓ ત્યાંજ ઉભા રહી ગયા. પછી રાજા અને પ્રધાન નીચે ઉતર્યા, એટલે બંને ઘોડા મરણ પામ્યા. ક્ષણભર તેનો ખેદ કરીને તે બંને વૃક્ષની છાયામાં બેઠા. ત્યાં તરસથી પીડિત થયેલ રાજા મનમાં ચિંતવવા લાગ્યો કે :—'મૂઢ જનોએ પત્થરના ટુકડામાં રત્નની સંજ્ઞા રાખી છે, પણ પૃથ્વીપર ખરાં રત્ન તો પાણી, અન્ન અને સુવચન—એ ત્રણ જ છે, એમ જે કહેવામાં આવે છે તે વચન સત્ય છે. કારણકે અત્યારે એ પાષાણખંડરૂપ રત્નો મારી પાસે હોવા છતાં પણ ઉક્ત જળાદિ રત્નના અભાવથી

મારા શરીરની તરસ છીપતી નથી. પછી રાજાએ પ્રધાનને કહ્યું કે તરસથી મારા પ્રાણ ચાલ્યા જાય છે. એટલે પ્રધાન વ્યાકુળ થઇને બોલ્યો કે 'હે સ્વામિન્! તમારી તરસનું હું નિવારણ કરૂ છું.' એમ કહીને એક આમળું તેને ખાવા માટે આપ્યું. તેને ખાવાથી થોડીવાર શાંતિ થઈ. પણ બે ઘડી પછી ફરી તે તરસથી આકુળ થઈને બોલ્યો કે 'હે પ્રધાન! હવે ફરી તેવી જ રીતે મને તરસ સતાવે છે, કે જેથી ખરેખર જીવવું મુશ્કેલ છે.' એમ બોલતાં મૂર્છા ખાઈને તે નીચે પડયો એટલે મંત્રીએ તરત બીજું આમળું આપીને રાજાને ફરી સજ્જ કર્યો. એમ ત્રીજીવાર પણ આમળું આપ્યું, એવામાં પાછળ પગલા-અનુસાર ચાલ્યું આવતું સૈન્ય ત્યાં આવી પહોંચ્યું. આગળના અસ્વારોએ તેમને જોઇ જયધ્વનિ કર્યો; એટલે મંત્રી બોલ્યો કે :–'હે સૈનિકો! પ્રથમ પાણી તરત લાવો.' એટલે તેઓ પાછા વળીને તરત પાણી લાવ્યા. પછી પાણી અને આહારથી સંતુષ્ટ કરી રાજાને પૂર્ણ સજ્જ કર્યો. એટલે રાજા સપરિવાર પોતાના નગરમાં આવ્યો અને સામંત તથા નગરજનોએ ફરી રાજાનો જન્મોત્સવ કર્યો.

હવે રાજાનો પાંચ વરસનો પુત્ર દરરોજ શણગાર સજીને રાજમંદિરથી પ્રધાનને ઘેર રમત કરવા આવતો હતો. એકદા પોતાના સ્વામીની પરીક્ષા કરવા માટે એકાંતમાં યામિક (જાળવનાર) અને ખાનપાનની સગવડ કરીને તેણે તે કુમારને સંતાડી રાખ્યો. રાજાનો ભોજન સમય થયો પણ કુમાર આવ્યો નહિ, એટલે રાજાએ સર્વત્ર તપાસ કરાવી, પણ તેનો

પત્તો મળ્યો નહિ; તેથી રાજા આકુળ વ્યાકુળ થઇ નીચું મુખ કરીને બેસી રહ્યો. મનમાં વિચારવા લાગ્યો કે : 'કુમાર મંત્રીને ઘરે ગયા પછી જોવામાં આવ્યો નથી, પણ શું એ અસંભવિત વાત સંભવે ? સમસ્ત રાજલોક પણ શોકાકુળ થઈ ગયો; અને પ્રભાકર મંત્રી પણ શ્યામ મુખ કરી પોતાને ઘરે બેસી રહ્યો, રાજસભામાં ન ગયો, એટલે મંત્રીની પત્નીએ પૂછ્યું કે :– આ રાજમંદિરમાં તમે કેમ ગયા નથી ?' પ્રધાન દુઃખીપણું બતાવી બોલ્યો કે 'હે પ્રિયે ! રાજાને મોઢું બતાવવાને હું સમર્થ નથી, કારણ કે મેં પાપબુદ્ધિએ રાજપુત્રને મારી નાખ્યો છે.' એટલે તે સંભ્રાંત થઇને બોલી કે 'હે સ્વામિન્ ! એ શું કહો છો ! ફરી તે બોલ્યો કે એ અકાર્ય મેં કર્યું છે. તેની (પ્રધાનની) આવી વાત સાંભળીને તેણે ફરી પૂછ્યું કે એ શી રીતે થયું ? તે બોલ્યો કે ગઈ કાલે તેં ગર્ભના પ્રભાવથી માંસ માંગ્યું, તે બીજે મને ન મળવાથી મેં એ રાજપુત્રને મારી નાખ્યો, અને તેનું માંસ તને આપ્યું. તેં તેનું ભક્ષણ કર્યું, તારા મોહને લીધે મેં આવું અકાર્ય કર્યું', 'આ પ્રમાણે સાંભળીને તે બોલીકે હે સ્વામિન્ ! ધીરજ ધરો, હું રાજા પાસે જઈને જવાબ આપીશ, તમે ઘરે એકાંતમાં બેસી રહો' પછી તેણે પોતાના પતિના મિત્ર વસંત શેઠને ઘરે જઇને તે બધો વૃત્તાંત તેને કહી સંભળાવ્યો, એટણે તે પણ વિચાર કરી ધીરજ ધરીને બોલ્યો કે :–'હે સુંદરી ! તુ ભય ન પામ. હું સ્વજીવિતથી અને ધનથી મારા મિત્રને આ વિપત્તિમાંથી બચાવીશ; કારણકે સજ્જનોની મૈત્રી પાણીને દુધ જેવી હોય છે. ખીરે પોતાની સાથે ભળેલા જળને પોતાના બધા ગુણો આપી દીધા, પછી

ખીરને તાપવડે બળતું જોઈને જળે પ્રથમ પોતાના આત્માને અગ્નિમાં હોમ્યો (જળ બળવા માંડયું). આવી મિત્રની આપત્તિ જોઇને ખીરનો આત્મા અગ્નિમાં પડવાને ઉન્મત્ત થઇ ગયો, એટલે તે ઉછળીને અગ્નિમાં પડવા તૈયાર થયું. પછી જળમિત્રનો સંગ મળવાથી તે શાંત થયું. એટલે પાણી છાંટવાથી ઉભરો શમ્યો, સજ્જનોની મૈત્રી ખરેખર આવીજ હોય છે.' પછી મનમાં એક નિશ્ચય કરી, રાજસભામાં જઈ, રાજાને નમસ્કાર કરી હાથ જોડીને વસંત શેઠ મજબૂત મનથી કહેવા લાગ્યો કેઃ–'હે રાજન્ ! વિકલ્પ ન કરો, તમારા પુત્રને મેં માર્યો છે, માટે મારૂં ધન અને જીવિત લઇ લ્યો.' આ પ્રમાણે સાંભળીને રાજાના મનમાં સંશય ઉત્પન્ન થયો. એવામાં મંત્રીપત્ની આવીને વિજ્ઞપ્તિ કરવા લાગી કે:–'હે સ્વામિન્ ! મેં મારા દોહદને માટે તમારા પુત્રનો વધ કર્યો છે.' એટલે રાજા કિંકર્ત્તવ્યતામૂઢ અને શૂન્ય જેવો થઈ ગયો. એવામાં મંત્રી આવીને કંપતા શરીરનો દેખાવ કરીને બોલ્યો કે 'હે દેવ ! આ મારી પત્નીનો કે મારા મિત્રનો બિલકુલ અપરાધ નથી, તેઓ મને પીડા ન થાય તેટલા માટે પોતાનો અપરાધ કહે છે, પણ એ દુષ્ટ કર્મ તો મેં જ કર્યું છે, મેં દુર્મતિએ રાજપુત્રને માર્યો છે, માટે મને યોગ્ય સજા કરો. રાજાએ દીર્ઘ વિચાર કરીને કહ્યું તેથી દંડ શો ? મંત્રી બોલ્યો કે :–'હે દેવ ! મેં રાજપુત્રનો ઘાત કર્યો, તેથી મને દંડ તો આપવો જ જોઇએ.' રાજાએ કહ્યું કે :–' જો એમ હોય તો ત્રણ આમળાંમાંથી એક આમળું વર્ચ્યું.' પ્રધાને આવો રાજાનો નિશ્ચય જાણીને પોતાના માણસને મોકલી પુત્રને તેડાવ્યો અને કહ્યું કેઃ –' હે સ્વામિન્ ! કુમારની સાથે તમે

લાંબા સમય સુધી રાજ્ય કરો અને રાજ્યસુખ ભોગવો. પછી રાજાએ વિભૂષિત, મુખે હાસ્ય કરતા અને પ્રસન્ન એવા પુત્રને જોઈ હર્ષ અને વિસ્મય પામી કહ્યું કે:–'આ શું? એટલે મંત્રીએ સર્વ લોક સમક્ષ પિતાના આદેશથી માંડીને બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળીને રાજા પોતાના સત્સ્વભાવથી બહુજ લજ્જા પામ્યો, અને મંત્રીને આલિંગન દઈને સ્નેહસહિત બોલ્યો કે –'તું મારો બંધુ છે, તારો ઉપકાર હું કદી પણ ભૂલી જવાનો નથી; તું નિશ્ચિંત મનવડે સુખે અહીં રહે અને સુખ ભોગવ.' પછી તે સ્વામી, સારી સ્ત્રી અને સુમિત્રના સુખને પામીને સુખી થયો. છેવટે રાજા અને પ્રધાન સત્સંગમાં તત્પર રહી, રાજ્ય સુખ ભોગવી અને સુગુરૂપાસેથી ધર્મપામીને અન્તે અનશન કરી સ્વર્ગે ગયા.

## ઇતિ પ્રભાકર દષ્ટાંત.

આ પ્રમાણે તેમનો ઉપદેશ સાંભળીને કુબેર પ્રતિબોધ પામ્યો અને ગુરૂમહારાજને કહેવા લાગ્યો કે:–'હે ભગવન્! ફરીને પણ થોડા શબ્દોમાં ધર્મનું બધું સમીહિત સ્વરૂપ આવી જાય, તે રીતે કહો.' ગુરૂ બોલ્યા કે:–"હે મહાભાગ! તું ધર્મનું રહસ્ય સાંભળ.

વિનય, સુવ્રતાચારણ, ધર્મોપદેશક ગુરૂની શુશ્રુષા તેમને નમસ્કાર, તેમની આજ્ઞા માનવી, મૃદુ બોલવું, જિનપૂજાદિમાં વિવેક, મન, વચન અને કાયાની શુદ્ધિ અને સારો સંગ, ધર્મી મિત્ર સાથે સંગ, સુતત્વ અને તત્વશ્રદ્ધાન નિશ્ચય એટલે જિનેશ્વર

ભગવંતોએ કહેલાં સુતત્ત્વોમાં દઢ શ્રદ્ધા એ પ્રમાણેના લોકોત્તર ગુણોવડે સુખની પ્રાપ્તિ થાય છે' તથા અત્યાહાર અતિ આયાસ (પ્રયાસ), અતિ પ્રજલ્પ (બહુ બોલવું), નિયમો ન લેવા. લોકોનો બહુ પ્રસંગ અને દિનતા–આ છ વાનાથી યોગી પુરૂષ વર્જિત હોય છે. વળી 'યોગી તો ક્રિયા વડે થવાય છે, માત્ર વચનોચ્ચારણથી યોગી થવાતું નથી. ક્રિયારહિતના સ્વેચ્છાયુક્ત વર્તનથી કોનું ચારિત્ર સીદાતું નથી–નાશ પામતું નથી?' વળી ગમે તે આશ્રમમાં રહીને પણ ધર્મભૂષિત પ્રાણી ધર્મ આચરી શકે છે, કેમકે ધર્મ તો સર્વ પ્રાણીઓમાં સમાન ભાવ ધરાવે છે; તેમાં લિંગ કંઈ (પ્રબળ) કારણ નથી."

આ પ્રમાણે ગુરૂમહારાજે ધર્મનું રહસ્ય કહ્યા પછી ફરી કુબેરે પૂછયું કે:–'હે ભગવન્! દેવ, ગુરૂ અને ધર્મ કોને કહીએ?' એટલે ગુરૂ આ પ્રમાણે કહેવા લાગ્યા કે:–'હે મહાભાગ! સાંભળ:–

રાગદ્વેષથી રહિત મોહ–મહામલ્લને હણનાર, કેવળજ્ઞાન અને કેવળદર્શનયુક્ત, સુરાસુરેંદ્રને પૂજ્ય, સદ્દભૂતાર્થના ઉપદેશક, અને સમગ્ર કર્મનો ક્ષય કરીને પરમપદને પ્રાપ્ત થયેલ એવા વીતરાગ જિન–તે દેવ કહેવાય. ગંધ, પુષ્પ અને અક્ષતાદિકથી તે જિનેંદ્રની દ્રવ્યપૂજા કરવી, તેમના બિંબની પૂજા વિગેરેમાં યથાશક્તિ દ્રવ્ય વાપરવું. સર્વજ્ઞની ભાવપૂજા વ્રતના આરાધનરૂપ કહી છે. તે દેશવિરતિ–એમ બે ભેદે છે. તેમાં જીવહિંસા વિગેરેનો એક દેશથી નિષેધ–તે દેશવિરતિ અને સર્વથા નિષેધ–તે સર્વવિરતિ.

જિનેશ્વર ભગવંતના મતમાં આ પ્રમાણે નવતત્ત્વો કહ્યાં છે, જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. તેમાં કર્મનો કર્તા, કર્મફળનો ભોક્તા, અને ચૈતન્ય લક્ષણ તે જીવ અને તેથી વિપરીત પરિણામી તે અજીવ. તે સદ્કર્મના પુદ્ગલ તે પુણ્ય અને તેથી વિપરીત તે પાપ બંધના હેતુભૂત એવા મન, વચન અને કાયાના વ્યાપારો તે **આશ્રવ.** તેનો નિરોધ (રોકવું) તે **સંવર** તથા જીવોનો કર્મની સાથે જે સંબંધ અને તે બંનેનું ઐક્ય તે બંધ જુના બંધાયેલા કર્મનો નાશ તે નિર્જરા અને શરીરાદિનો સર્વથા (આત્માથી) વિયોગ તે મોક્ષ. એ નવતત્ત્વો પર સ્થિર આશયથી શ્રદ્ધા કરે, તેને સમકિત હોય છે. અને જ્ઞાનના યોગથી ચારિત્રની યોગ્યતા પ્રાપ્ત થાય છે.' શાસ્ત્રમાં પણ કહ્યું છે કે 'જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણેનો સમાયોગ તે મોક્ષ. એમ જિનશાસનમાં કહેલ છે' જેમ કાદવ રહિત તુંબડું પોતાની મેળેજ પાણીપર આવે છે, (ઉપર તરે છે) તેમ કર્મરૂપ મળનો નાશ થવાથી જીવ મોક્ષસ્થાને જાય છે, એ પ્રમાણે વીતરાગ દેવ, તત્ત્વોપદેશક ગુરૂ અને દયામૂળ ધર્મની આરાધના કરવી, તેનું ફળ અપુનર્ભવ (મોક્ષ) છે.

આ પ્રમાણે તત્ત્વોપદેશ સાંભળીને કુબેર પ્રતિબોધ પામ્યો. પછી મુનિને નમસ્કાર કરીને તે બંને સ્વસ્થાને ગયા. પછી વજ્રવીર્યરાજાએ પોતાના વજ્રનાભ કુમારને રાજ્યયોગ્ય જાણી તેને રાજ્ય આપી પોતાની પત્ની તથા કુબેરની સાથે દીક્ષા અંગીકાર કરી, વજ્રનાભરાજા ન્યાયથી પૃથ્વીનું પાલન કરવા લાગ્યો. તેની વિજયા નામે રાણીને ચક્રાયુધ નામનો પુત્ર થયો.

તે અનુક્રમે યૌવન પામ્યો, એટલે તેને યુવરાજ પદવી આપવામાં આવી.

એકદા રાજા વાતાયન (ગોખ) પર બેસીને શુભ ધ્યાન ધ્યાતાં જાતિસ્મરણ પામ્યો, એટલે પૂર્વભવે આરાધેલ ચારિત્ર તેને યાદ આવ્યું. પછી તે સ્વબુદ્ધિથી વિચારવા લાગ્યો કે:– 'અહો! ભવસમુદ્રના મોજાંઓ કોને ભમાવતા નથી? કેટલાક ઉત્પન્ન થાય છે, કેટલાક વિલય પામે છે, કેટલાક ગાય છે, કેટલાક રૂદન કરે છે, કેટલાક હસે છે અને કેટલાક માથે હાથ દઈ વિલાપ કરે છે આગ લાગતાં વિચક્ષણ પુરૂષ અલ્પ વજનદાર અને બહુ કિંમતી ચીજ લઈ લે છે; તેમ આ મનુષ્યભવમાં પણ કરવાનું છે. સંસારસમુદ્રના અવગાહનમાં ચારિત્રરૂપ નાવ વિના ભવસાગર શી રીતે તરી શકાય?' એ પ્રમાણે વૈરાગ્ય રંગથી રંગિત થઇ વ્રત લેવાની ઈચ્છાથી રાજાએ મિત્રની જેમ પોતાના પુત્રને બોલાવીને સ્વાભિપ્રાય દર્શાવ્યો. એટલે ચક્રાયુધ બોલ્યો કે:–'હે તાત! હું તમારા ચરણની સેવા કરવા તત્પર છું. અત્યારે આ પ્રસંગ કેવો? પાછલી અવસ્થામાં વ્રત લેવું ઉચિત છે, અત્યારે તો પ્રજાનું પાલન અને મારૂં લાલન કરવું યોગ્ય છે.' એટલે રાજા બોલ્યો કે:– 'વત્સ! પાછલી અને પ્રથમ વય માટે કાળ કયાં રાહ જુએ છે? માટે તું મને ધર્મમાં અંતરાય ન કર. વળી ચર્વિતને વારંવાર ચાવવાથી શું? તેથી તું પૂર્વક્રમાગત રાજ્યભારને ધારણ કર, કે જેથી હું તારી સહાયતા વડે સ્વાર્થસાધક થાઉં.' એમ કહી મૌન ધરી રહેલા પુત્રને રાજ્યપર બેસાડી રાજાએ ક્ષેમંકર નામના તીર્થંકર પાસે દીક્ષા અંગીકાર કરી. તે વજ્રનાભમુનિએ

બાહ્ય રાજ્યનો ત્યાગ કરી ધર્મરૂપ અંતરંગ રાજ્યનો સ્વીકાર કર્યો. તેને વિરતિરૂપ પત્ની, સંવેગરૂપ પુત્ર, વિવેકરૂપ પ્રધાન, વિનયરૂપ ઘોડો, સરળતા રૂપ પટ્ટહસ્તી, શીલાંગરૂપ રથ, શમદમાદિક રૂપ સેવકો, સમ્યક્ત્વરૂપ મહેલ, સંતોષરૂપ સિંહાસન, યશરૂપ વિશાળ છત્ર અને ધર્મધ્યાન શુક્લધ્યાનરૂપ બે ચામર થયા. આવા પ્રકારનું અંતરંગ રાજ્ય પાળતાં ગુરૂની આજ્ઞાથી તે મુનિ એકલવિહારી અને પ્રતિમાધારી થયા. દુસ્તપ તપ તપવા લાગ્યા. તપના પ્રભાવથી તેમને ગગનગામિની લબ્ધિ પ્રાપ્ત થઈ.એકદા વિહારમાં આકાશગમન કરતાં તે સુકચ્છવિજયમાં ગયા.

હવે પેલો સર્પનો જીવ નરકમાંથી નીકળીને ભવભ્રમણ કરતાં સુકચ્છવિજયમાં જ્વલનાદ્રિ પર્વતપર કુરંગક નામે ભીલ થયો. પ્રત્યક્ષ પાપના સમુહ, રૂપ વાળો અગ્નિજ્વાળા જેવી આંખ, મેશ સમાન કાળા શરીરવાળો અને બહુ જીવોનો સંહાર કરનારો ને મહાપાપકાર્ય વડે પોતાનો નિર્વાહ ચલાવતો હતો. એવામાં એકદા ભવિતવ્યતાના વશથી વજ્રનાભ મુનીંદ્ર તેજ જ્વલનાદ્રિપર રાત્રે કાયોત્સર્ગ રહ્યાં. સર્વત્ર વ્યાપ્ત અંધકારમાં અતિભીષણ ઘૂવડોના ઘૂત્કારથી, દીપડાઓના ફૂત્કારથી, શિયાળોના કુત્સિત શબ્દોથી અને ભૂત વ્યંતરના અટ્ટહાસ્યથી ભય ન પામતા અને અંતરમાં અતિશય દીપ્યમાન ધ્યાનથી પ્રકાશિત થતા એવા તે મુનિ ધર્મજાગરણ કરતા ત્યાં રહ્યા. સવારે શિકારમાં વ્યગ્ર એવા કુરંગક ભીલે તે મુનિને જોયા, એટલે પાપરૂપ એવા અને પૂર્વભવના દ્વેષવશથી કોપાયમાન થયેલા એવા તે પાપિષ્ઠે 'અહો ! સવારે જ આ અનિષ્ટ દર્શન થયુ"

એમ વિચારી તેમણે બાણુ મારીને જમીન પર પાડી દીધા. તે વખતે બાણના ગાઢ પ્રહારથી પીડિત થયા છતાં લેશ પણ આર્ત્ત કે રૌદ્ર ધ્યાનને વશ તે મુનિ ન થયા. તે મનમાં ચિંતવવા લાગ્યા કે:– 'હે જીવ! તેં જ કરેલા પૂર્વકર્મનું ફળ સહન કર કારણ કે:—

"उपेक्ष्य लोष्ठक्षेप्तारं, लौष्ठं दृष्ट्वाति मंडलः।
सिंहस्तु शरमप्रेक्ष्य, शरक्षेप्तारमीक्षते" ॥

ઉપદેશમાળામાં પણ એવા જ ભાવાર્થની એક ગાથા છે કે:–' કુતરો ઢેફાંના ફેંકનારને ન જોતાં ઢેફાંને કરડવા જાય છે અને સિંહ બાણને ન જોતાં બાણ મારનારને પકડે છે–તેની તરફ દષ્ટિ ફેંકે છે.'

પછી પંચ પરમેષ્ઠિ નમસ્કારનું સ્મરણ કરીને અને સમ્યક્ પ્રકારે આલોચના કરીને મુનિએ આ પ્રમાણે અનશન કર્યું:– 'હું ચાર શરણને અંગીકાર કરૂં છું. અરિહંતશરણ, સિદ્ધશરણ, સાધુશરણ અને જિનધર્મશરણ–એ ચાર શરણ મને પ્રાપ્ત થાઓ. તેમજ અઢાર પાપસ્થાનોના હું પચ્ચખ્ખાણ કરૂં છું. તે આ પ્રમાણે:–પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, દ્રવ્યમૂર્ચ્છા, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ અરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ અને મિથ્યાત્વશલ્ય–એ અઢાર પાપસ્થાનોને હું વોસિરાવું છું, મારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક ગુરૂને નમસ્કાર કરૂં છું.'

એ પ્રમાણે એકાગ્ર મનથી શુભ ધ્યાન કરતાં સમાધિ મરણથી કાળ કરી તે મુનિનો જીવ મધ્યમ ગ્રૈવેયકમાં આનંદ-સાગર નામના વિમાનમાં નિર્મળ આનંદમાં મગ્ન એવો લલિતાંગ નામે દેવ થયો. ત્યાં સત્યાવીશ સાગરોપમના આયુષ્યવાળો તે દેવ વિવિધ ભોગસુખ ભોગવવા લાગ્યો. પેલો ભીલ ધનુર્ધરોમાં પોતાને ઉત્તમ માનતો.કેટલાક વર્ષ પછી મરણ પામીને તમસ્તમઃપ્રભા નામની સાતમી નરક પૃથ્વીમાં ૨૭ સાગરોપમના મધ્ય આઉખે નારકી થયો.

પાર્શ્વનાથનાભ. ના દશ ભવમાંથી ૬–૭ ભવનું વર્ણન સમાપ્ત.

---

# ચતુર્થ સર્ગ

શ્રી સંઘના નાયક તથા શ્રી સંઘને હર્ષ ઉત્પન્ન કરનાર એવા શ્રી પાર્શ્વનાથ દેવને પ્રણામ કરીને સુબોધને અર્થે શ્રી પાર્શ્વચરિત્રનો સુગમ એવો ચતુર્થ સર્ગ હું કહું છું.

આ જંબૂદ્વીપના પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં દેવપુર સમાન **સુરપુર** નામે નગર છે. તે બાર યોજન લાંબું અને નવ યોજન વિસ્તૃત છે. તે નગરમાં પાપસંહારમાં નિર્દય, સ્વજીવિતમાં દાક્ષિણ્ય રહિત, યશમાં લુબ્ધ અને દોષથી ભીરૂ એવા સજ્જન પુરુષો વસે છે. તે નગરમાં ઉજ્વળ યશથી પૂર્ણ ચંદ્રની જેમ દિશાઓના મુખને ઉજ્વળ કરનાર, અકલંક, દઢ, શુદ્ધ, ગુણના

પરિવારે યુક્ત, ભુવનત્રયમાં રહેલા સર્વ રાજાઓમાં મુગટ સમાન, પવનને વૃક્ષોની જેમ ચાતુર્ય, ઔદાર્ય ગાંભીર્ય, અને સ્થૈર્ય પ્રમુખ શુભ ગુણોથી આશ્રયરૂપ વજ્રબાહુ નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને રૂપ, લાવણ્ય, માધુર્ય, સુંદર, ચતુરતા, લજ્જા અને વિનયાદિ ગુણોથી વિભૂષિત એવી નામથી અને રૂપથી સુદર્શના ( સુંદર દર્શન–દેખાવવાળી ) નામે પટરાણી હતી. અન્યોન્ય પ્રેમરસથી સંલગ્ન એવાં તે દંપતી પંચેંદ્રિય સંબંધી સુખભોગ ભોગવતા હતા.

વજ્રનાભનો જીવ મધ્ય ગ્રૈવેયકથી ચ્યવી સુદર્શનાની કુક્ષિરૂપ છીપમાં મોતીની જેમ અવતર્યો, એટલે શય્યામાં રહેલી સ્થિત, રાણીએ મધ્યરાત્રે ચક્રવર્તીના જન્મને સુચવનારા ચૌદ મહાસ્વપ્નો જોયાં. સવારે સ્વપ્નવિચારને જાણનારા એવાં સ્વપ્નપાઠકોએ સ્વપ્નનો વિચાર કરીને કહ્યું કે :—'હે નરેન્દ્ર! તમારો પુત્ર છ ખંડનો અધિપતિ ચક્રવર્તી થશે.' તે સાંભળીને હર્ષિત થયેલી રાણી આનંદમાં કાળ પસાર કરવા લાગી. ગર્ભસ્થિતિ પૂર્ણ થતાં પૂર્વ દિશા જેમ સૂર્યને જન્મ આપે તેમ રાણીએ એક પુત્રને જન્મ આપ્યો. એટલે રાજાએ મોટા મહોત્સવપૂર્વક જન્મોત્સવ કરીને સુવર્ણબાહુ એવું તેનું નામ રાખ્યું. એક ખોળાથી બીજા ખોળામાં ધારણ કરતાં બધા રાજાઓ તેને રમાડવા લાગ્યા. સર્વ સારા લક્ષણ તથા સર્વ ગુણવાળો એવો તે બાળક બીજના-ચંદ્રની જેમ વૃદ્ધિ પામવા લાગ્યો. સમુદ્ર સમાન એવા તે બાળકમાં નદીઓની જેમ અનેક કળાઓએ પ્રવેશ કર્યો. અનુક્રમે તે બાલ્યવય ઓળંગીને યુવતિજનના મનને ગાઢ પ્રેમવનરૂપ

એવા યૌવનને પામ્યો. સૂર્યની જેમ તે સર્વદા પ્રકાશવાન થયો. એટલે સંસારથી વિરક્ત થયેલા વજ્રનાભ રાજાએ રાજ્યભારને માટે સમર્થ એવા તે પુત્રને રાજ્યભાર સોંપીને દીક્ષા અંગીકાર કરી, અને નિરતિચાર સુંદર ચારિત્ર પાળી કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષે ગયા.

હવે વિશાળ વક્ષસ્થળવાળો, બળદ જેવા સ્કંધવાળો, શાલ જેવો દૃઢ, મહા ભુજાવાળો, સ્વકર્ત્તવ્યમાં સમર્થ એવા તેના દેહમાં જાણે ક્ષત્રિયધર્મ આશ્રિત થયો હોય તેવો, જલજંતુઓ અને રત્નોથી સમુદ્રની જેમ ભીમ અને કાંત (સુંદર) એવા રાજગુણોથી આશ્રિતોને પ્રેમાળ, દયાળુ અને મનોહર એવો સુવર્ણબાહુરાજા પોતાનું રાજ્ય પાળવા લાગ્યો. તેના રાજ્ય પાળવાના સમયમાં સાત ઈતિઓ કદાપિ પ્રગટ ન થઇ-તે આ પ્રમાણે :—

"अतिवृष्टिरनावृष्टि-र्मूषकाः शलभाः शुकाः ।
स्वचक्रं परचक्रं च, सप्तैता ईतयः स्मृताः" ॥

'અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઉંદર, તીડ, અને પોપટની ઉત્પતિ, સ્વચક્ર અને પરચક્રનો ભય—એ સાત ઇતિ કહેવાય છે.' એ સાત ઇતિઓ ઉત્પન્ન ન થવાથી આનંદી થઈને લોકો વર્તતા હતા.

એકદા વસંતઋતુ આવવાથી અનેક વૃક્ષો પલ્લવિત અને પુષ્પિત થયા. જેમાં એલાયચી, લવીંગ, કપૂર અને સોપારીના સંખ્યાબંધ વૃક્ષો પલ્લવિત થયા. કેળ, લવલી, દ્રાક્ષ, નાગરવેલ,

પ્રિયંગુ અને વાસંતી વિગેરે લતાઓ પોતાના ચંચળ અગ્ર પલ્લવથી જાણે નૃત્ય કરતી હોય એવી દેખાવા લાગી. માલતી, યુથિકા, મલ્લી, કેતકી, માધવી, અને ચંપકલતા વિગેરે લતાઓ પ્રકાશિત પુષ્પના બહાનાથી જાણે હસતી હોય એવી જણાવા લાગી. વસંત સમય અત્યંત રમણીય દેખાવા લાગ્યો. તે વખતે માળીએ રાજસભામાં આવીને કહ્યું કે:-' હે પ્રભો! વનમાં વસંતઋતુ વિલાસ કરી રહી છે, માટે જોવા પધારો.' તે સાંભળી તેને ઇનામ આપીને વસંતવિલાસને માટે રાજા વનમાં ગયો. ત્યાં કદાપિ કદલીગૃહની અંદર માધવીમંડપમાં જઇને ક્રીડા કરતો, અને કોઇવાર અશ્વક્રીડા, કોઈવાર હસ્તીવિલાસ, કોઇવાર જળ-ક્રીડા. કોઈવાર ચોરાશી આસનોથી રતિવિલાસ, કોઈવાર મલ્લ-ક્રીડા, કોઈવાર ચોપટક્રીડા, કોઈવાર હાસ્યક્રીડા, કોઇવાર નાટય ક્રીડા, કોઇવાર ગીત શ્રવણાદિ ક્રીડા. ઈત્યાદિ વિવિધ પ્રકારે તે વસંતક્રીડા કરવા લાગ્યો.

એકદા તે વનમાં અશ્વક્રીડા કરતો હતો, એવામાં જ જંગમ રજતગિરિ (વૈતાઢય પર્વત) સમાન શ્વેત અને ગર્જારવ કરતો એવો ચાર દાંતવાળો એક હાથી રાજાના જોવામાં આવ્યો. એટલે રાજા તેને પકડવા તેની પાછળ દોડયો. જેમ જેમ હાથી આગળ જતો ગયો તેમ તેમ રાજા પણ તેની પાછળ ચાલતો ગયો. હાથી નજીક આવતાં રાજા કુદકો મારીને તે હાથી ઉપર ચઢી બેઠો, એટલે તે રાજાને લઇને હાથી આકાશમાં ઉડયો, અને વૈતાઢય પર્વત પર જઈ એક નગરની પાસેના ઉપવનમાં રાજાને ઉતારી મૂકીને તે નગરમાં ચાલ્યો ગયો. ત્યાં જઇને ઉત્તરશ્રેણિના સ્વામી એવા મણિચૂડ રાજાને તેણે વધામણી

આપી કે:–'હે સ્વામિન્! સુવર્ણબાહુ રાજાને અહીં લાવીને વનમાં મૂકયા છે, બીજું હું કાંઈ જાણતો નથી.' એટલે તેને ઈનામ આપીને રાજા વિમાનમાં બેસી ત્યાં આવ્યો, અને સુવર્ણબાહુને નમસ્કાર કરીને બોલ્યો કે:–'હે પ્રભો! પુરમાં પધારો.' સુવર્ણબાહુ રાજા બહુમાનપૂર્વક નગરમાં ગયો. નગરમાં ગયા પછી વિદ્યાધરપતિએ તેને કહ્યું કે:–"મારે **પદ્માવતી** નામે પુત્રી છે. તેને એક હજાર સખીઓ છે, તેમણે પરસ્પર વિચાર કર્યો કે:–'આપણો વિયોગ ન થાય માટે આપણે સર્વેએ એક પતિને વરવો.' તે હકીકત જાણીને મેં નૈમિત્તિકને પૂછયું કે:–'એમનો પતિ કોણ થશે?' એટલે તે જ્ઞાની નૈમિત્તિક બોલ્યો કે:–'હે રાજન્! સુરપુર નામના નગરમાં રહેલો છ ખંડનો અધિપતિ સુવર્ણબાહુ નામનો ચક્રવર્તી એમનો પતિ થશે.' એમ સાંભળીને હાથીરૂપે તમારૂં હરણ કરાવી હું તમને અહીં લાવ્યો છું, માટે તમે તેનું પાણિગ્રહણ કરો." પછી સુવર્ણબાહુએ તેમની સાથે લગ્ન કર્યાં. ત્યાં બીજા વિદ્યાધરોએ પણ તેને પોતાની પુત્રીઓ પરણાવી, તથા દક્ષિણ શ્રેણિના સ્વામી રત્નચૂડ વિદ્યાધર રાજાએ પણ પોતાની પુત્રી પરણાવી, અને ત્યાંના બીજા વિદ્યાધરોએ પણ પોતાની ઘણી કન્યાઓ આપી. ત્યાં સુવર્ણબાહુ એકંદર પાંચ હજાર કન્યાઓ પરણ્યો. કહ્યું છે કે:—

"गुणैः स्नानच्युतस्यापि जायते, महिमा महान्।
अपि भ्रष्टं तरोः पुष्पं, जनैः शिरसि धार्यते" ॥

સ્થાનભ્રષ્ટ થયા છતાં પણ ગુણોને લીધે વસ્તુનો મહિમા કાયમ જ રહે છે, કારણ કે વૃક્ષપરથી ભ્રષ્ટ થયા છતાં પણ પુષ્પને લોકો મસ્તક પર ધારણ કરે છે.'

પછી સૌભાગ્ય, ભાગ્ય અને ભોગની ભૂમિરૂપ સુવર્ણબાહુ રાજા પદ્માવતી વિગેરે બધી પત્નીઓ સહિત બહુ વિદ્યાધરોના પરિવારથી યુક્ત થઈ પોતાના નગરમાં આવ્યો. વિધિપૂર્વક પૃથ્વીનું પાલન કરતાં તે નરેન્દ્રને અનુક્રમે ચૌદ મહારત્નો પ્રાપ્ત થયા તે આ પ્રમાણે:-'ચક્ર, ચર્મ, છત્ર, દંડ, ખડ્ગ, કાકિણી-રત્ન, મણિ, ગજ, અશ્વ, ગૃહપતિ, સેનાપતિ, વાર્ધકી અને સ્ત્રી.' આ રત્નો ઉત્પન્ન થતાં રાજાએ મહા ઉત્સાહપૂર્વક તેનો અઠ્ઠાઇમહોત્સવ કર્યો, એટલે તે રાજા ચક્રવતી કહેવાવા લાગ્યો.

એકદા આયુધશાળામાંથી ચક્રરત્ન પૂર્વદિશા તરફ ચાલ્યું, એટલે ચક્રવતી સૈન્ય સહિત તેની પાછળ દિગ્વિજય કરવા નીકળ્યો. અનુક્રમે આગળ જતાં સમુદ્ર કિનારે માગધ તીર્થ આગળ આવી અષ્ટમ તપ કરી માગધતીર્થેશ્વર તરફ તેણે બાણ છોડયું. સભામાં બેઠેલો માગધેશ્વરે પોતાની સમક્ષ પડેલા બાણને જોઈને 'અરે! કયા બિચારા પર આજે યમનો કોપ થયો છે કે જેણે મારી ઉપર બાણ મૂકયું?' એમ બોલતાં રોષપૂર્વક તે બાણ તેણે ગ્રહણ કર્યું, પરંતુ તેની ઉપર ચક્રવતીનું નામ વાંચતા તે શાંત થઈ ગયો. પછી હાથમાં નજરાણું લઈ ચક્રવતી પાસે આવી નમસ્કાર કરીને તે બોલ્યો કે —'હું આપનો સેવક છું.' એટલે ચક્રીએ સત્કારપૂર્વક તેને વિસર્જન કરી પારણું કરીને અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. આ ચક્રવર્ત્તીનો વિધિ જ છે. એ પ્રમાણે સર્વત્ર અષ્ટમ. તપ કરી બાણ છોડીને અધિષ્ઠાયિક દેવોને તેણે

વશ કર્યા. દક્ષિણ દિશામાં વરદામ અને પશ્ચિમમાં પ્રભાસતીર્થના દેવને વશ કર્યા, આગળ ચાલતાં સિંધુનદીની અધિષ્ઠાયિકા દેવીને વશ કરી. પછી વૈતાઢ્ય પર્વત આગળ આવીને ત્યાં સૈન્યને સ્થાપન કર્યું, અને સેનાપતિને મોકલીને સિંધુનો અપર (પશ્ચિમ) ખંડ સ્વાધીન કર્યો. પછી તમિસ્રાગુફાના અધિપતિ અને વૈતાઢ્ય પર્વતપર રહેલા કૃતમાલ યક્ષને જીતીને દંડરત્નથી સેનાની પાસે તેનું દ્વાર ઉઘાડાવ્યું. પછી પોતે હાથીપર બેસી બંને બાજુની ભીંત પર કાકિણીરત્નથી મંડલાવલી આલેખતાં ગુફામાં પ્રવેશ કર્યો. તે પ્રકાશને અનુસરીને સૈન્ય પણ પાછળ ચાલ્યું. આગળ નિમ્નગા અને ઉન્નિમ્નગા નામની બે નદીઓને સુખે સુખે ઓળંગી પચાશ યોજન પ્રમાણે તે ગુફાનું ઉલ્લંઘન કરી બીજીબાજુનું દ્વાર ઉઘાડીને ચક્રી બહાર નીકળ્યા. ત્યાં આપાત જાતિના મ્લેચ્છ રાજાઓને જીતીને તેણે ત્રણ ખંડ સાધ્યા. પછી ક્ષુદ્રહિમંતકુમાર દેવને વશ કરી, ઋષભકૂટ પર કાકિણીરત્નથી પોતાનું નામ લખી, ખંડપ્રપાત નામની ગુફા ઉઘડાવી. અને વૈતાઢ્ય પર જઇને દક્ષિણ અને ઉત્તર બંને શ્રેણિના તમામ વિદ્યાધરોને જીતી ગંગાનો પૂર્વખંડ સેનાપતિ પાસે સધાવ્યો. ગંગાદેવીને વશ કરી એટલે ત્યાં નવનિધાન ઉત્પન્ન થયાં.

એ પ્રમાણે છ ખંડ પૃથ્વીમંડળને સ્વાધીન કરી સુવર્ણ-બાહુ પાછા પોતાના નગરમાં આવ્યા. એટલે રાજાએ અને દેવતાઓએ મળી આનંદિત થઈને અત્યંત મહોત્સવપૂર્વક તીર્થજળના અભિષેકથી બારવર્ષ પર્યંત તેનો મહારાજ્યાભિષેક કર્યો. બત્રીશ હજાર રાજાઓ તેના સેવક થયા, ચોસઠ હજાર રાણીઓ થઈ, ચોરાશી લાખ હાથી, ચોરાશી લાખ ઘોડાઓ,

છન્નુ કરોડ ગામ—એ પ્રમાણે સમસ્ત ચક્રવર્તીની વિભૂતિથી વિજયવંત એવા સુવર્ણબાહુચક્રીએ લાંબા કાળ સુધી પૃથ્વી ઉપર રાજ્ય પાલન કર્યું. તેમ કરતાં તેને ઘણા લાખપૂર્વ પસાર થઈ ગયા.

એકદા પોતાના ભાગ્યની જેમ ઉંચા પ્રાસાદપર બેઠેલા તેણે આકાશમાં દેવોને જોયા. અને તેમના મુખથી જગન્નાથ તીર્થંકરનું આગમન સાંભળ્યું, એટલે શ્વેતપક્ષ (શુકલપક્ષ)ના સમુદ્રની જેમ રાજા પરમ ઉલ્લાસ પામ્યો. તેણે વિચાર કર્યો કે:—'અહો! તે જ દેશ અને તે જ નગર ધન્ય છે કે જ્યાં ભગવંતનું આગમન થાય છે. વળી તે જ દિવસ સારા લક્ષણવાળો અને ધન્ય છે કે જે દિવસે પ્રભુના દર્શન અને વંદન થાય છે.' એ પ્રમાણે ભાવના ભાવતા ચક્રી જિનેંદ્રને વંદન કરવા ગયા. ત્યાં ઉપાનહ્ (મોજડી), તલવાર, મુગટ, છત્ર, અને ચામર એ પાંચ રાજચિહ્નનને દૂર મૂકી તેણે જિનેશ્વરને વંદન કર્યું. પછી યથાસ્થાને બેસીને જિનવદન વચનરૂપ મેઘથી પ્રગટ થયેલ દેશનારૂપ જળનું તે આ પ્રમાણે પાન કરવા લાગ્યો:—

'સમ્યકૃત્વ, સામાયિક, સંતોષ, સંયમ અને સજઝાય—પાંચ સકાર જેને હોય, તેનો અલ્પ સંસાર સમજવો. તેમાં પ્રથમ નિરતિચાર સમ્યક્ત્વ પાળવાનું છે. અને મિથ્યાત્વનો સર્વ પ્રકારે ત્યાગ કરવાનો છે. તે મિથ્યાત્વ લૌકિક અને લોકોત્તર—એમ બે પ્રકારે છે. તે બંનેના પણ બે બે પ્રકાર છે—દેવસંબંધી અને ગુરૂસંબંધી. તે આ પ્રમાણે:—

૧ હરિ, હર, બ્રહ્માદિકના ભવનમાં ગમન અને તેમને પ્રણામ કે પૂજાદિ કરવા. ૨ કાર્યના આરંભમાં કે દુકાનમાં

પ્રવેશ કરતી વખતે લાભને માટે ગણપતિ વિગેરેનું નામ લેવું ૩ ચંદ્ર અને રોહિણીના ગીતગાન કરવાં. ૪ વિવાહમાં ગણપતિની સ્થાપના કરવી. ૫ પુત્રજન્માદિમાં છઠ્ઠીના દિવસે ષષ્ઠીદેવતાનું પૂજન વિગેરે કરવું. ૬ વિવાહમાં માતૃકાઓની સ્થાપના કરવી. ૭ ચંડિકા વિગેરેની માનતા કરવી. ૮ તુલા (તોતલા માતાદિ) રાશિગ્રહોનું પૂજન કરવું. ૯ ચંદ્ર સૂર્યના ગ્રહણમાં અને વ્યતિપાતાદિકમાં વિશેષથી સ્નાન, દાન અને પૂજન કરવું, ૧૦ પિતૃઓને પિંડ આપવો, ૧૧ રેવંતપથ દેવનું પૂજન, ૧૨ ક્ષેત્રમાં કૃષિના સમારંભમાં હળદેવતારૂપ સીતાનું પૂજન ૧૩ પુત્રાદિના જન્મમાં માતાઓને શરાવ વિગેરેનું અર્પણ, ૧૪ સોનેરી, રૂપેરી અને રંગિત વસ્ત્ર પહેરવાને દિવસે સોનિણી, રૂપિણિ, રંગિણિ—દેવતાવિશેષને નિમિત્તે વિશેષે પૂજન કરવું અને લ્હાણું વિગેરે આપવું, ૧૫ મૃતકના અર્થે જલાંજલિ, તલ, દર્ભ અને જળઘટ વિગેરે આપવા, ૧૬ નદી અને તીર્થાદિમાં મૃતકને દાહ (બાળવો) દેવો, ૧૭ મૃતકના અર્થે શાંડવિવાહ કરવો, ૧૮ ધર્મના અર્થે પૂર્વપત્નીની (શોકયપગલું) અને પૂર્વજ પિતૃઓની મૂર્તિ કરાવવી, ૧૯ ભૂતોને શરાવનું-દાન આપવું ૨૦ બાર દિવસે, મહિને, છ મહિને યા વરસે શ્રાદ્ધ કરવું, ૨૧ પ્રપાનું દાન (પરબો મંડાવવી), ૨૨ કુમારિકાને ભોજન અને વસ્ત્રદાન, ૨૩ ધર્માર્થે પારકી કન્યાનું પાણિગ્રહણ કરાવવું, ૨૪ નાનાવિધ યજ્ઞ કરાવવા, ૨૫ લૌકિક તીર્થે યાત્રા કરવાની માનતા કરવી અને ત્યાં મસ્તક મુંડન કરાવવું, મુછ ઉતરાવવી યા છાપ દેવરાવવી, ૨૬ તે નિમિત્તે ભોજન વિગેરે આપવું, ૨૭ ધર્માર્થે કુવા વિગેરે ખોદાવવા ૨૮ ક્ષેત્રાદિમાં

ગોચરદાન કરવું, ૨૯ પિતૃઓના નિમિત્તે હંતકાર–દાન, ૩૦ કાગડા અને બિલાડી વિગેરેને પિંડ–દાન, ૩૧ લીંબડો પીપળો વડ, આમ્ર વિગેરે વૃક્ષોને રોપવા તથા પાણી દેવું, ૩૨ આકેલા શંડનું પૂજનાદિ, ૩૩ ગોપુચ્છની પૂજા વિગેરે, ૩૪ શીતકાલે ધર્મના નિમિત્તે અગ્નિ પ્રજ્વાલન, ૩૫ ઉંબર, આમલી, નીંબૂલ્હાદિનું પૂજન, ૩૬ રાધા અને કૃષ્ણાદિના રૂપ કરનારા નટનાં નાટક જોવાં, સૂર્ય–સંક્રાંતિ દિવસે વિશેષ સ્નાન, પૂજા અને દાનાદિ, ૩૮ રવિવાર, સોમવાર વિગેરે દિવસોમાં એક વાર ભોજન, ૩૯ ઉત્તરાયણને દિવસે વિશેષ સ્નાનાદિ, ૪૦ શનિવારે પૂજાર્થે વિશેષથી તલ, તેલનું દાન તથા સ્નાનાદિ કરવા, ૪૧ કાર્તિક મહિને સ્નાન કરવું, ૪૨ માઘ માસે સ્નાન, ઘી કંબલાદિનું દાન, ૪૩ ચૈત્ર મહિને ધર્માર્થે સાંવત્સરિક દાન અને નવરાત્ર કરણ, ૪૪ અજાપડવાના દિવસે ગોહિંસાદિ, ૪૫ ભ્રાતૃદ્વિતીયા (ભાઈ બીજ) કરવી, ૪૬ શુકલ દ્વિતીયાના દિવસે ચંદ્ર પ્રત્યે દશિકાદાન ૪૭ મધની શુકલ તૃતીયાના દિવસે ગૌરીની ભક્તિ, ૪૮ અક્ષય તૃતીયાને દિને અકર્તન લ્હાણા આપવા, ૪૯ ભાદરવા વદમાં કજ્જલ તૃતીયા અને સુદ હરિતાલિકાને દિવસે કજ્જલી દેવતાનું પૂજન વિગેરે, ૫૦ આસો મહિને સુદ ગોમય તૃતીયા, ૫૧ માગશર અને માઘમાસના વદ પક્ષની ગણેશ ચતુર્થીના દિવસે ચંદ્રોદયે જમવું, ૫૨ શ્રાવણની સુદ નાગપંચમીએ નાગપૂજનાદિ, ૫૩ પંચમી વિગેરે તિથિઓમાં દહીં ન વલોવવું, અને કર્ત્તનાદિ ન કરવું, ૫૪ માઘની સુદષષ્ટીએ સૂર્યરથની યાત્રા, ૫૫ શ્રાવણે સુદ ચંદનષષ્ઠી (ઝુલણાછઠ), ૫૬ ભાદરવે સુદ સૂર્યછઠ ૫૭ શ્રાવણની સુદ સપ્તમીએ શીતળામાં

શીતળ (વાસી) ભોજનાદિ, ૫૮ બુધવાર અને અષ્ટમીએ માત્ર ગોધૂમ (ઘઉં)ના અન્નનું ભોજન, ૫૯ શ્રાવણની વદ ગોકુળ અષ્ટમીએ ઉત્સવાદિ, ૬૦ દુર્વાષ્ટમીએ જળમાં વિરૂઢ (પલાળેલાં ઉગેલાં) ને ઓદનાદિ ખાવાં, ૬૧ આસો અને ચૈત્રના સુદ પક્ષમાં નવરાત્ર કરવા અને નાગપૂજા ઉપવાસાદિ કરવા, ૬૨ ચૈત્ર અને આસો મહિનાની સુદ અષ્ટમીએ અને મહાનવમીએ ગોત્રદેવતાની વિશેષ પૂજા કરવી, ૬૩ નકુળ નવમી કરવી, ૬૪ ભાદરવા સુદમાં અવિધવા દશમીએ જાગરણાદિ, ૬૫ વિજયાદશમીએ શમીપૂજન પ્રદક્ષિણાદિ, ૬૬ વિષ્ણુના શયન દિવસે (અશાડ શુદિ ૧૧) અને ઉઠતી વખતે (કાર્ત્તિક શુદિ ૧૧ શે) ફાગણની સુદમાં આમલકી અગ્યારસે વા પાંડવોની જેઠ શુદ એકાદશીએ અથવા બધા મહિનાની તે તિથિએ (અગ્યારશે) ઉપવાસાદિ કરવા, ૬૭ સંતાનાદિ નિમિત્તે ભાદરવાની વદ વત્સદ્વાદશી તથા શુકલ ઔદ્ધવદ્વાદશી કરવી, ૬૮ જેઠની ત્રયોદશીએ જયેષ્ઠિનીને (જેઠાણીને) સત્કુળનું દાન, ૬૯ ધનત્રયોદશીએ ધનસ્નાનાદિ, ૭૦ શિવરાત્રે ઉપવાસ અને જાગરણાદિ, ૭૧ નવરાત્રે યાત્રાદિ, ૭૨ અનંત ચતુર્દશીએ અનંત દોરાનું બાંધવું વિગેરે, ૭૩ અમાવસ્યાએ જમાઈ અને ભગિનીપુત્રને ભોજન, ૭૪ સોમવારની અમાવાસ્યાએ અને નવોદક અમાવાસ્યાએ નદી, તળાવ વિગેરેમાં વિશેષ સ્નાનાદિ, ૭૫ દીવાળીની અમાવાસ્યાએ પિતૃનિમિત્તે દિવાનું દાન, ૭૬ કાર્ત્તિક અને વૈશાખની પૂર્ણિમાએ સ્નાન, ૭૭ હોળીને પ્રદક્ષિણા, નમસ્કાર અને ભોજનાદિ, ૭૮ શ્રાવણ-પૂર્ણિમાએ બળીપર્વ (બળેવ) કરવું, ૭૯ દીવાસાદિ કરવા અને ૮૦ ઉત્તરાયણની રચના કરવી.

એ પ્રમાણે દેશપ્રસિદ્ધ લૌકિક દેવગત (પર્વગત) મિથ્યાત્વ અનેકવિધ છે. અને લૌકિક ગુરૂ, બ્રાહ્મણ, તાપસ, યોગી વિગેરેને નમસ્કાર કરવો, તાપસ પાસે જઈને 'ॐ शिवाय' એમ બોલવું, મૂળ આશ્લેષાદિ નક્ષત્રમાં બાળક જન્મે ત્યારે વિપ્રોક્ત ક્રિયા કરવી, વિપ્રાદિકની કથા સાંભળવી, તેમને ગાય, તલ, તેલ વિગેરેનું ભોજન આપવું, તેમના બહુમાનને અર્થે તેમને ઘરે જવું–એ વિગેરે લૌકિક ગુરૂગત મિથ્યાત્વ છે. લોકોત્તર દેવગત મિથ્યાત્વ તે પરતીર્થિકોએ સંગ્રહિત જિનબિંબની પૂજા કરવી, પરચાવાળા એવા શ્રી શાંતિનાથ પાર્શ્વનાથાદિની પ્રતિમાઓની આ લોકનિમિત્તે યાત્રા અને માનતા વિગેરે કરવી. અને લોકોત્તર ગુરૂગત મિથ્યાત્વ–તે લોકોત્તરલિંગી એવાં પાસત્થાદિકને ગુરૂબુદ્ધિથી વંદનાદિ કરવું અને ગુરૂસ્થાનાદિના ઐહિક ફળ નિમિત્તે યાત્રા તથા માનતા વિગેરે કરવી તે. ટુંકામાં સમ્યક્ત્વ અને મિથ્યાત્વનું સ્વરૂપ નીચેના બે શ્લોકો પરથી બરાબર સમજી શકાય તેમ છે:—

"या देवे देवताबुद्धि-र्गुरौ च गुरुतामतिः ।
धर्मे च धर्मधीः शुद्धा, सम्यक्त्वमुपलभ्यते ॥
अदेवे देवताबुद्धि-र्गुरुधीरगुरौ च या ।
अधर्मे धर्मबुद्धिश्च, मिथ्यात्वमेतदेव हि" ॥

'સુદેવમાં દેવબુદ્ધિ, સુગુરૂમાં ગુરૂબુદ્ધિ અને સુધર્મમાં શુદ્ધ ધર્મબુદ્ધિ રાખવી–તે સમ્યક્ત્વ અને કુદેવમાં દેવબુદ્ધિ, કુગુરૂમાં ગુરૂબુદ્ધિ અને કુધર્મમાં ધર્મબુદ્ધિ–તે મિથ્યાત્વ કહેવાય છે.' માટે મિથ્યાત્વનો ત્યાગ કરવો, મિથ્યાત્વથી જીવ અનંતકાળ સંસારમાં ભમે છે. માટે કેવળ સમ્યક્ત્વને જ અંગીકાર કરવું. કારણ કે:– જેમણે માત્ર અંતર્મુહૂર્ત્ત સમ્યક્ત્વની સ્પર્શના કરી હોય છે તેમને અર્ધ પુદ્ગલપરાવર્ત્ત માત્ર સંસાર રહે છે. વળી કરોડો ભવમાં દુષ્પ્રાપ્ય એવી મનુષ્યભવાદિ સમસ્ત સામગ્રી મેળવીને સંસારસાગરમાં નાવસમાન એવા ધર્મની આરાધનામાં સદા યત્ન કરવો.' તેમજ 'ધર્મનો અવસર પામીને વધારે વિસ્તારથી તે કરવાને માટે પણ વિવેકી પુરુષે વિલંબ ન કરવો. કારણ કે વિલંબ કરવાથી રાત્રિ પસાર થયા પછી બાહુબલિ ભગવંતના દર્શન પામી શકયા નહીં.' હે મહાનુભાવો! આ અસાર સંસારમાં એક ધર્મજ સાર છે, માટે ધર્મની જ આરાધના કરવી."

આ પ્રમાણે એકાગ્ર મનથી જિનેશ્વરના વચનામૃતનું પાન કરતાં અને શુભ અધ્યવસાયથી ઉહાપોહ કરતાં ચક્રવર્તીને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, એટલે પૂર્વે આરાધેલ ચારિત્રનું સ્મરણ થયું અને વૈરાગ્ય ઉત્પન્ન થયો; એટલે 'હવે રાજ્યથી મારે સર્યું, હવે તો મોક્ષને માટે જ હું યત્ન કરીશ.' એમ નિશ્ચય કરીને તેણે પંચમુષ્ટિ લોચ કર્યો અને જગન્નાથ પાસે દીક્ષા અંગીકાર કરી. પછી નિરતિચાર ચારિત્ર પાળતાં તપ તપતાં અને અગ્યાર અંગ ભણતાં તે અનુક્રમે ગીતાર્થ થયા. તે

બાવીશ પરિષહ સહન કરવા લાગ્યા, અને શ્રી જિનેશ્વરની અનુજ્ઞા લઇને અનુક્રમે એકાકી વિહાર કરવા લાગ્યા. તેમજ ધર્મધ્યાનમાં લીન થઇને કર્મનો ક્ષય કરવા લાગ્યા. પછી કેટલાક દિવસો જતાં તેમણે આ પ્રમાણે વીશ સ્થાનકની આરાધના શરુ કરી :—

[૧]અરિહંત, [૨]સિદ્ધ, [૩]પ્રવચન, [૪]ગુરૂ, [૫]સ્થવિર, [૬]બહુશ્રુત, [૭]તપસ્વી એ સાતની ભક્તિ કરવી, [૮]વારંવાર જ્ઞાનનો અભ્યાસ કરવો, [૯]દર્શન, [૧૦]વિનય, [૧૧]આવશ્યક, [૧૨]બ્રહ્મચર્ય, [૧૩]ક્રિયા, [૧૪]ક્ષણલવતપ, [૧૫]ધ્યાન, [૧૬]વૈયાવચ્ચ, [૧૭]સમાધિ, [૧૮]અપૂર્વ-જ્ઞાન-ગ્રહણ [૧૯]સૂત્રભક્તિ અને [૨૦]પ્રવચનની પ્રભાવના-એ વીશ સ્થાનકોના આરાધનથી જીવ તીર્થંકરપણાને પામે છે. એ વીશે સ્થાનકો તેમણે આરાધ્યા.

એકદા સુવર્ણબાહુ મુનીશ્વર વિહાર કરતા ક્ષીરગિરિ પાસે એક મહા અટવીમાં પ્રતિમાએ રહ્યા.

હવે કમઠનો જીવ કુરંગક ભિલ્લ નરકમાંથી નીકળીને તેજ પર્વતપર સિંહ થયો. તે સિંહ અટવીમાં ભમતાં ત્યાં આવ્યો. એવામાં યમના જેવા ભયંકર એવા તેણે દૂરથી તે મહર્ષિને જોયા. એટલે પૂર્વના વૈરને લીધે પૃથ્વી પર પુચ્છને પછાડતો તે સિંહ મુખ પ્રસારી દોડયો. તે વખતે તેણે કરેલા બૂતકારના પ્રતિશબ્દથી પર્વત ગાજી ઉઠયો. પછી રૌદ્રધ્યાની એવા સિંહે શુકલધ્યાનસ્થ તે મહામુનીશ્વરને ચપેટો માર્યો; એટલે મુનીશ્વરે વિશેષે શુકલધ્યાનને વધારતાં, તેને અનુપમ અતિથિ ગણતાં, રાગદ્વેષથી રહિત થઇ સમ્યક્ અલોચના કરી, સર્વ પ્રાણીઓને

ખમાવી. ઇક્ષુરસના જેવા શ્રેષ્ઠ ધર્મરસને ગ્રહણ કરી, કૂર્ચક (કૂચા)ની જેમ આ અસાર દેહનો ત્યાગ કર્યો, અને સિંહથી વિદીર્ણ થતાં મરણ પામીને દશમા પ્રાણત નામના દેવલોકમાં મહાપ્રભ નામના વિમાનમાં વીશ સાગરોપમના આયુષ્યથી સર્વોત્તમ દેવ થયા. ત્યાં અધિક અધિક સુખ ભોગવવા લાગ્યા. પાપીષ્ઠ સિંહ મરણ પામીને ચોથી પંકપ્રભા નરક પૃથ્વીમાં નારકી થયો. ત્યાં તીવ્ર વેદના સહન કરવા લાગ્યો. કારણ કેઃ- 'નરકમાં દશ પ્રકારની તો ક્ષેત્ર વેદના હોય છે. ઠંડી, ગરમી, ભુખ, તરસ, કંડુ, ભય, શોક, પરવશતા, જ્વર અને વ્યાધિ.' ત્યાંથી નીકળીને વિવિધ તિર્યંચ યોનિમાં ભમતાં સર્વત્ર અતિ દુઃશ્રવ એવું તે દુઃખ પામ્યો.

પાર્શ્વનાથ ભ.ના દશ ભવમાંથી આઠમા અને નવમા ભવનું વર્ણન સમાપ્ત.

---

કલકત્તા ભવાનીપુર મંડન મનમોહન પાર્શ્વનાથાય નમઃ
અનંતલબ્ધિનિધાનાય શ્રી ગૌતમસ્વામિને નમઃ

# પંચમ સર્ગ

ચિદાનંદરૂપ, સદા પ્રમોદદાયક અને દેવાધિદેવ એવા શ્રી પાર્શ્વનાથને નમસ્કાર કરીને સંત જનોને સંમત એવો પંચમ સર્ગ હું રચું છું.

પેલો સિંહનો જીવ નરક અને તિર્યંચ યોનિના વિવિધ દુઃખોને સહન કરતો કોઇ સંનિવેશમાં દરિદ્ર બ્રાહ્મણનો પુત્ર થયો. કર્મવશાત્ બાલ્યવયમાંજ તેના માબાપ અને બાંધવો ગુજરી ગયા, એટલે તે રંકને લોકોએ જીવાડયો. તે કમઠ એવા નામથી અનુક્રમે યૌવનવય પામ્યો. ઘરોઘર ભમતાં છતાં ભિક્ષાભોજન પણ તેને મહા મુશ્કેલીથી મળી શકતું, એ રીતે તે અતિ દુઃખી થયો. પારકી સમૃદ્ધિ જોઇને તે ખેદ પામતો અને વિચારતો કે :– 'કર્મોએ મને બહુ દુઃખી કર્યો.' (બ્રહ્માયેન કુલાલપન્નિયમિતો) 'પરંતુ બ્રહ્માને જેણે 'બ્રહ્માંડરૂપ ભાંડને બનાવવામાં કુંભારની જેમ નિયંત્રિત કર્યા, વિષ્ણુને જેણે દશાવતારથી સદા ગહન એવા સંકટમાં નાખ્યા, રૂદ્રને જેણે

ખોપરી હાથમાં લઈ ભિક્ષાટન કરાવ્યું અને સૂર્યને જે સદા ગગન (આકાશ) માં ભ્રમણ કરાવે છે—તે કર્મને નમસ્કાર થાઓ.'

એકદા તેણે રત્ન અને સુવર્ણાલંકારથી ભૂષિત એવા શ્રીમંત જનોને જોઈને તત્કાળ વૈરાગ્ય ઉત્પન્ન થવાથી આ પ્રમાણે વિચાર કર્યો કે :—"આ પુણ્યવંતો હજારોને મદદ આપનાર અને દેવની જેમ દિવ્ય વસ્ત્ર ધારણ કરનાર છે અને હું પોતાના પેટને પૂરવા પણ અસમર્થ છું. કહ્યું છે કે :—'કેટલાક હજારોને નિભાવે છે, કેટલાક લાખોને પાળે છે અને કેટલાક પુરુષો પોતાના પેટને પણ પોષી શકતા નથી—એ સાક્ષાત્ સુકૃત અને દુષ્કૃતનું જ ફળ છે,' માટે હવે તપસ્યા કરૂં, અને એના જેવો થાઉં." એમ વિચારીને ખેદથી કમઠે તાપસી દીક્ષા અંગીકાર કરી. પછી તે તપ તપવા લાગ્યો અને કંદમૂળ ફળાદિનું ભક્ષણ કરી પંચાગ્નિ તપ વિગેરે સાધવા લાગ્યો.

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં સાક્ષાત્ સ્વર્ગપુરી સમાન **વારાણસી** નામે નગરી છે. જ્યાં સ્ફટિકની હવેલીઓ પ્રસરતા અગરૂના ધૂમથી જેના તટ પર વાદળાં સંચાર કરી રહ્યા છે એવા કૈલાસપર્વતની જેવી શોભે છે, જ્યાં અનેક પ્રાસાદોના ઉંચા શિખરો પર રહેલી ધ્વજાઓ જાણે માણસોને સદા બોલાવતી હોય, અને ધનઢ્ઢ શ્રીમંતો જાણે સ્વર્ગથી આવેલા દેવતા હોય એવા શોભે છે. તે નગરીમાં ઇક્ષ્વાકુવંશમાં ઉત્પન્ન થયેલા અને વિશ્વ વિખ્યાત એવા **અશ્વસેન** નામે રાજા રાજ્ય કરતાં હતા. દાન અને શૌર્યના ગુણથી ઉત્પન્ન થયેલી તેની કીર્તિ દશે દિશામાં વિસ્તાર પામી હતી. કારણ કે :—'ભુવનમાં લક્ષ્મી, મુખમાં સરસ્વતી, ભુજામાં પૃથ્વી અને હૃદયમાં ધર્મબુદ્ધિ—

આવીને રહેલી હોવાથી જાણે રોષ પામી હોય તેમ તેની કીર્તિ બહુ દૂર ચાલી ગઈ હતી.' તે રાજા યુદ્ધમાં પ્રતાપી (સૂર્ય), નમ્ર પર સૌમ્ય (ચંદ્ર), દુષ્ટ પર વક્ર (મંગળ), શાસ્ત્રમાં કુશળ (બુધ), વાણીમાં બૃહસ્પતિ (ગુરૂ), નીતિમાં કવિ (શુક્ર) અને મંદમાં મંદ (શનિ) હતો. તેને સુંદરીજનોમાં મુગટ સમાન, પવિત્ર આચારવાળી, સુરૂપવતી, શીલ અલંકારથી સુશોભિત અને પવિત્ર પુણ્યના પાત્રરૂપ **વામાદેવી** નામે પટરાણી હતી. દેવલીલાની જેમ રાજલીલાથી પંચેદ્રિયના વિષયસુખ ભોગવતાં તે દંપતિ સમય પસાર કરતા હતા.

હવે પ્રાણત દેવલોકમાં ઉત્તમ દેવર્દ્ધિસુખ ભોગવીને સુવર્ણ-બાહુનો જીવ વિશાખા નક્ષત્રની ફાગણ વદ ૪ના દિવસે દેવલોકથી ચ્યવીને મધ્ય રાત્રે વામાદેવીની કુક્ષિમાં અવતર્યો. તે વખતે વામાદેવીએ તીર્થંકરના જન્મને સૂચવનારાં ચૌદ મહાસ્વપ્ન જોયાં. તે આ પ્રમાણે : હાથી, બળદ, સિંહ, લક્ષ્મી, માળા, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કુંભ, સરોવર, સમુદ્ર, વિમાન, રત્નરાશિ અને અગ્નિ. એ પ્રમાણે સ્વપ્નો જોઇને જાગ્રત થઈ રાણીએ સ્વપ્નદર્શનની વાત રાજાને કહી. રાજાએ ખુશ થઈ સવારે સ્વપ્નદર્શનનો વૃત્તાંત સ્વપ્નપાઠકોને બોલાવીને કહ્યો; એટલે તેમણે વિચારીને કહ્યું કે:–' હે દેવ ! અમારા શાસ્ત્રમાં બહોંતેર સ્વપ્નો કહ્યાં છે. તેમાં ત્રીશ મહાસ્વપ્નો છે. તેમાંના એ ચૌદ મહાસ્વપ્નો તીર્થંકર યા ચક્રવર્તી ગર્ભમાં આવે ત્યારે તેની માતા જુએ છે. વામાદેવીએ તે ચૌદ મહાસ્વપ્નો જોયા છે તેથી તેના પ્રભાવથી તેને પુત્ર થશે. અને તે તીર્થંકર યા ચક્રવર્તી થશે ' આ પ્રમાણે સાંભળીને રાજાને આનંદ થયો. પછી રાજાએ

તેમનો સત્કાર કરી બહુ દ્રવ્ય અને વસ્રાદિ આપીને વિસર્જન કર્યા. પછી રાણી હર્ષિત થઇને ગર્ભ ધારણ કરવા લાગી. વધતા એવા ગર્ભના અનુભાવથી રાજાની રાજ્યલક્ષ્મીને કુબેરના આદેશથી દેવતાઓ વધારવા લાગ્યા. પુષ્કળ વાપરતા પણ તે લક્ષ્મીમાં ઓછાસ આવતી નહિ. કિંકરીની જેમ દેવીઓ વામાદેવીનું સર્વ ઈષ્ટ પૂરવા લાગી. એ પ્રમાણે સુખપૂર્વક ગર્ભને ધારણ કરતાં વામાદેવીએ અનુક્રમે વિશાખા નક્ષત્રમાં પોષ માસની (માગશર વદ ૧૦) કૃષ્ણ દશમીના દિવસે ત્રણે ભુવનમાં પ્રકાશ કરનાર, સર્પના લાંછનયુક્ત અને નીલરત્નના જેવી નીલ (કૃષ્ણ) કાંતિવાળા પુત્રરત્નને જન્મ આપ્યો. તે વખતે આકાશમાં દુંદુભિનાદ થયો, દિશાઓના મુખ પ્રસન્ન થયા. નારક જીવોને પણ એક ક્ષણભર સુખ થયું, વાયુ પણ સુખસ્પર્શયુક્ત મંદ મંદ વાવા લાગ્યો, પૃથ્વીકાયાદિ એકેન્દ્રિયો પણ આનંદિત થયા અને ત્રણ ભુવનમાં પ્રકાશ થયો.

તે વખતે તત્કાળ દિક્કુમારીઓનાં આસન ચલાયમાન થયા, એટલે અવધિજ્ઞાનથી પ્રભુનો જન્મ થયેલો જાણીને તે નૃત્ય કરવા લાગી અને અનુક્રમે તે સ્વસ્થાનથી સૂતિકાસ્થાને આવી. પ્રથમ ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, સુવત્સા, વત્સમિત્રા, પુષ્પમાલા અને અનિંદિતા—એ આઠ દિક્કુમારીઓ મેરૂરૂચકના અધો ભાગમાં રહેનારી ત્યાં આવીને જિનેશ્વર તથા જિનમાતાને નમસ્કાર કરી આ પ્રમાણે કહેવા લાગી કે:—'હે જગન્માત! હે જગતને દીપક આપનારી! તમને નમસ્કાર થાઓ. અધોલોકમાં વસનારી અમે દિક્કુમારીઓ જિનેશ્વરનો જન્મોત્સવ કરવા આવી છીએ, માટે તમારે બીવું નહિ.' એમ કહી સંવર્તક

પવન વિકુર્વીને એક યોજના પ્રમાણે ભૂમિ શુદ્ધ કરી; એટલે વાયુ વડે ભૂમિને સ્વચ્છ કરીને તે જિનેશ્વર પાસે બેસીને ગાવા લાગી. પછી મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, તોયધારા, વિચિત્રા, વારિષેણા અને બલાહકા—એ ઉર્ધ્વલોકમાં વસનારી આઠ દિક્કુમારીઓએ મેઘ વિકુર્વીને એક યોજના પ્રમાણ પૃથ્વી સીંચી અને પુષ્પવૃષ્ટિ કરી. પછી જિનેશ્વર તથા જિનમાતાને નમન કરી તે નાનાવિધ ધવલ ગીત ગાવા લાગી. પછી નંદોત્તરા, નંદા, સુનંદા, નંદિવર્ધિની, વિજ્યા, વૈજયંતી, જયંતી અને અપરાજિતા—એ આઠ દિક્કુમારીઓ પૂર્વ રૂચકથી ત્યાં આવીને જિનેશ્વર તથા જિનમાતાને નમસ્કાર કરી હાથમાં દર્પણ લઈને ઉભી રહી. પછી સમાહારા, સુપ્રદત્તા, સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, શેષવતી, ચિત્રગુપ્તા અને વસુંધરા—એ આઠ દિક્કુમારીઓ દક્ષિણે રૂચકથી ત્યાં આવી જિનેશ્વર અને જિનમાતાને નમસ્કાર કરી હાથમાં કળશ લઈને ઉભી રહી. પછી ઈલાદેવી, સુરાદેવી, પૃથ્વી, પદ્માવતી, એકનાસા, નવમિકા, ભદ્રા, અને સીતા—એ આઠ દિક્કુમારીઓ પશ્ચિમ રૂચકથી આવી જિનેશ્વર તથા જિનમાતાને નમન કરી હાથમાં પંખા લઈને ઉભી રહી. પછી અલંબુસા, અમિતકેશી, પુંડરીકા, વારૂણી, હાસા, સર્વપ્રભા, શ્રી અને હ્રી—આઠ દિક્કુમારીઓ ઉત્તર રૂચકથી આવી હાથમાં ચામર લઈને ઉભી રહી. પછી વિચિત્રા, ચિત્રકનકા, તારા અને સૌદામિની—એ ચાર દિક્કુમારીઓ વિદિશામાં રહેલા રૂચક પર્વતથી આવીને દીપક હાથમાં લઈને ઉભી રહી. પછી રૂપા, રૂપાસિકા, સુરૂપા અને રૂપકાવતી એ ચાર દિક્કુમારીઓ રૂચકદ્વીપથી આવી જિનેશ્વરના નાભિનાળને ચાર અંગુળ ઉપરાંતનું

છેદી ભૂમિમાં છીદ્ર (ખાડો) કરીને સ્થાપન કર્યું. પછી રત્ન, માણિક્ય અને મૌક્તિકથી તે છીદ્ર પૂરીને તે ઉપર પીઠીકાબંધ કર્યો પછી સૂતિકાગૃહથી પૂર્વ, દક્ષિણ અને ઉત્તર દિશામાં ત્રણ કદલીગૃહ તેમણે બનાવ્યા. પ્રથમ દક્ષિણના કદલીગૃહમાં જિન તથા જિનમાતાને લઈ જઈ રત્નના સિંહાસન પર બિરાજમાન કર્યા, અને તૈલથી મર્દન કરી ઉદ્ધર્તન કર્યું. પછી તેમને પૂર્વ કદલીગૃહમાં લઈ જઈ મણિપીઠ પર બેસાડી સુગંધી જળથી સ્નાન કરાવ્યું અને દિવ્ય વસ્ત્રાલંકારથી શણગારીને ઉત્તરના કેળનાઘરમાં રત્ન સિંહાસન પર બેસાર્યા. ત્યાં અરણિકાષ્ઠથી અગ્નિ ઉત્પન્ન કરી ગોશીર્ષચંદનને બાળી કરી તેની બે રક્ષાપોટલી બનાવી બંનેના હાથ પર બાંધી. પછી ત્યાં જિનેશ્વરના ગુણગાન કરી 'તમે લાંબા આયુષ્યવાળા થાઓ.' તેમ કહી પાષાણના બે ગોળા પરસ્પર અથડાવ્યા, અને ફરી વામાદેવીને તથા પ્રભુને પૂર્વ શય્યાપર મૂકી ગીતગાન કરી જિનેશ્વરને નમીને સ્વસ્થાને ગઈ.

એ અવસરે સ્વર્ગમાં ઈંદ્રોનાં આસન કંપાયમાન થયા; એટલે અવધિજ્ઞાનથી જિનેશ્વરનો જન્મ થયેલ જાણી શક્રેંદ્રે સાત આઠ પગલાં તેમની સન્મુખ જઈને વિધિપૂર્વક પ્રણામ કરી શક્રસ્તવ (નમુત્થુણં)થી પ્રભુને સ્તવ્યા. પછી ઇન્દ્ર હરિણગમેષી દેવને આદેશ કરી સુઘોષાઘંટાથી દેવતાઓને તીર્થંકરનું જન્મકૃત્ય જણાવ્યું. એટલે સર્વે દેવતાઓ ત્યાં એકત્ર થયા. ઈન્દ્રની આજ્ઞાથી પાલક નામના દેવે પાલક નામનું વિમાન વિકુર્વ્યું એટલે તે વિમાનમાં બેસી દેવોથી પરિવરેલો ઈન્દ્ર નંદીશ્વરદ્વીપે [illegible]યો. ત્યાં લાખ યોજનના પ્રમાણવાળું તે વિમાન સંક્ષેપીને

જિનેશ્વરના જન્મગૃહે આવ્યો. ત્યાં જિનેંદ્ર અને જિનમાતાને નમસ્કાર કરીને તે કહેવા લાગ્યો :–'હે રત્નધારિણી ! હે શુભ લક્ષણવાળી જગત્માતા ! તમને નમસ્કાર થાઓ, કે જેમણે ત્રિભુવનમાં ધર્મમાર્ગના પ્રકાશક અને દિવ્ય રત્નના દિવારૂપ એવા આ જિનેશ્વર ભગવંતને જન્મ આપ્યો છે હું ઈન્દ્ર છું અને જિનનો જન્મોત્સવ કરવા આવ્યો છું, માટે મારાથી ડરશો નહિ' એમ કહી તેમને અવસ્વાપિની નિદ્રા આપી જિનનું પ્રતિબિંબ તેમની પાસે મૂકી ઈન્દ્રે પાંચ રૂપ ધારણ કર્યા. એક રૂપથી અંજલીમાં જિનને ધારણ કર્યા, બે રૂપથી બે બાજુ ચામર વીંજવા લાગ્યો, એક રૂપથી પ્રભુ પર છત્ર ધારણ કર્યું અને એક રૂપથી આગળ વજ્ર ઉલાળતો ચાલ્યો. એ પ્રમાણે પ્રભુને લઈને ઇન્દ્ર દેવોથી પરિવૃત્ત થઇ આકાશમાર્ગે જલ્દી મેરૂ પર્વત પર આવ્યો. ત્યાં પાંડુક વનમાં પાંડુકબલા નામે શિલાપર જિનના સ્નાત્રને યોગ્ય એવા દિવ્ય રત્ન સિંહાસન પર પ્રભુને ખોળામાં લઈ હર્ષનિર્ભર એવો વાસવ–ઈંદ્ર પૂર્વાભિમુખ બેઠો. તે વખતે બીજા પણ ત્રેસઠ ઈંદ્રો અવધિજ્ઞાનથી જિન જન્મ જાણીને મોટીઋદ્ધિ-પૂર્વક ત્યાં આવ્યા. દશ વૈમાનિકના, વીશ ભુવનાધિપના, સૂર્ય અને ચંદ્ર એ બે જ્યોતિષ્કના અને બત્રીશ વ્યંતરના–એમ ચોસઠ ઈંદ્રો ત્યાં એકત્ર થયા.

પછી સુવર્ણના, રજત (રૂપા) ના, રત્નના, સુવર્ણ અને રત્નના, સુવર્ણ અને રૂપાના, રજત અને રત્નના, સુવર્ણ રજત અને રત્નના તથા માટીના–એમ આઠ જાતિના પ્રત્યેક એક હજાર ને આઠ કળશ તૈયાર કર્યા. તે પચીશ યોજન ઉંચા, બાર યોજન

વિસ્તૃત (પહોળાં) અને એક યોજન પ્રમાણુ નાળવાવાળા હતા. એવા એકંદર એક કરોડ અને સાઠ લાખ કળશ તૈયાર કર્યા.[૧] પછી તે બધા કળશો ક્ષીરસમુદ્રના જળથી ભરીને અચ્યુતાદિ દેવેંદ્રોએ વિધિપૂર્વક જિનને અભિષેક કર્યો અને પારિજાતક પુષ્પાદિથી પ્રભુની પૂજા કરી. પછી કેટલાક દેવો સ્તુતિ કરવા લાગ્યા, કેટલાક હર્ષિત થઈને નૃત્ય કરવા લાગ્યા, કેટલાક ગાંધાર, બંગાલ કૌશિક, હિંડોલ, દીપક, વસંત, માહંશ, ચારૂ, ધોરણુ, સોહાગ, અધરાસ. ભાણુવદ્ગી અને કુકુભ ઇત્યાદિ દિવ્ય દેવરાગોથી ગીત ગાન કરવા લાગ્યા, કેટલાક છપ્પન કોટિ તાલના ભેદોથી દિવ્ય નાટક કરવા લાગ્યા, કેટલાક તત, વિતત, ઘન અને સુષિર એ ચાર પ્રકારના વાદ્યથી કૌતુક પૂરવા લાગ્યા, કેટલાક કૌતુકથી ઘોષ કરવા લાગ્યા અને કેટલાક મધુર સ્વરથી ભાવના ભાવવા લાગ્યા, પછી તે કળશો ત્યાં જ અંતર્ભૂત થઇ ગયા (અદૃશ્ય થઈ ગયા).

પછી પ્રભુને ઈશાનેંદ્રના ખોળામાં સ્થાપીને સૌધર્મેંદ્રે ચાર બળદના રૂપ વિકુર્વી તેના આઠ શિંગડામાંથી નીકળતા જળથી પ્રભુને ન્હવરાવ્યા, અને દિવ્ય વસ્રથી પ્રભુના અંગને સાફ કરી (લુંછી), દિવ્ય ચંદનથી વિલેપન કરી, પુષ્પોથી પૂજન

---

૧ આઠ જાતિના આઠ આઠ હજાર એટલે ૬૪ હજાર—એટલા કળશ વડે એક અભિષેક—એવા ૨૫૦ અભિષેક થાય છે. તે સર્વના એકંદર ગણુતાં એક કરોડ ને સાઠ લાખની સંખ્યા થાય છે. દરેક જાતિના ૧૦૦૮ કે ૮૦૦૦ તે મતાંતર જણાય છે.

કર્યું. પછી ઈન્દ્રે સ્વામીની આગળ રજતાક્ષતના[૧] દર્પણ, વર્ધમાન, કળશ, મીનયુગલ, શ્રીવત્સ, સ્વસ્તિક, નંદાવર્ત અને ભદ્રાસન—એ આઠ મંગળ આલેખ્યા. પછી તે પ્રભુની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો :—

"નમ્ર એવા દેવોના શિરરૂપ ભ્રમરના સંગથી મનહર ચરણકમળવાળા. અશ્વસેન નૃપના વત્સ તથા લક્ષ્મીના નિધાન—એવા હે સ્વામિન્! આપ જયવંત વર્તો. હે જિનેન્દ્ર! આપના દર્શનથી મારો દેહ સફળ થયો, નેત્ર નિર્મળ થયા અને ધર્મ-કૃત્યમાં હું સ્નાત થયો. હે નાથ! તમારા દર્શનથી જન્મ સફળ થયો, સર્વ મંગળ અને પ્રશસ્તકારી થયું અને આ ભવસાગરથી હું પાર થયો. હે જિનેંદ્ર! આપના દર્શનથી હું સુકૃતી થયો. બધા દુષ્કૃતનો નાશ કરનાર થયો અને ભુવનત્રયમાં હું પૂજ્ય થયો. હે દેવ! આપનાં દર્શનથી કષાયસહિત કર્મની જાળ મારી નષ્ટ થઈ ગઈ અને દુર્ગતિથી હું નિવૃત્ત થયો. આપના દર્શનથી આજે મારો દેહ તથા મારું બળ સફળ થયાં અને વિઘ્નો બધાં નષ્ટ થયાં. હે જિનેશ આપના દર્શનથી કર્મોનો દુઃખદાયક મહા બંધ નષ્ટ થયો અને સુખનો સંગ ઉત્પન્ન થયો. આજે આપના દર્શનથી મિથ્યા અંધકારને દૂર કરનાર જ્ઞાનસૂર્ય મારા શરીરમાં ઉદય પામ્યો. હે પ્રભો! તમારા સ્તવન, દર્શન અને ધ્યાનથી આજે મારાં હૃદય, આંખ અને મન નિર્મળ થયાં. માટે હે વીતરાગ તમને વારંવાર નમસ્કાર થાઓ"

૧ રૂપાના અક્ષત (ચોખા)ના

આ પ્રમાણે જગત્પ્રભુની સ્તુતિ કરી પ્રભુને લઇને ઈન્દ્રે વામાદેવી પાસે મૂકયા અને અવસ્વાપિની નિદ્રા તથા પ્રતિરૂપક (પ્રતિબિંબ) સંહારી લીધા, પછી પ્રભુની દૃષ્ટિના વિનોદને માટે શય્યા ઉપર શ્રીદામ ગંડક (રત્નમય દડો) અને ઓશીકા પાસે દિવ્ય કુંડળયુગળ અને વસ્ત્ર મૂકયા. પછી ઈન્દ્રના આદેશથી કુબેરે પ્રભુના મહેલમાં (૩૨ ક્રોડ) દ્રવ્ય અને રત્નની વૃષ્ટિ કરી. પછી પ્રભુના અંગુઠામાં અમૃત સિંચી જિનેશ્વરને પ્રણામ કરી બધા સુરેન્દ્રો અને સુરાસુરો નંદીશ્વર દ્વીપે જઈ ત્યાં શાશ્વત જિનેશ્વરોને નમી અઠ્ઠાઇ મહોત્સવ કરી આનંદિત થઇને સ્વસ્થાને ગયા.

હવે સવારે સ્વામીની માતા વામાદેવી જાગ્રત થયા એટલે જેનું વદનકમળ વિકસિત છે અને જેણે દિવ્ય અંગરાગ અને વસ્ત્રને ધારણ કર્યા છે એવા પુત્રને પોતાના પડખામાં જોઈને તે પરમ આનંદ પામ્યા. પછી રાણીના પરિવારે પુત્રજન્મનો વૃત્તાંત રાજાને નિવેદન કર્યો. દિક્કુમારીના આગમન વિગેરેનો બધો હેવાલ કહી સંભળાવ્યો. એટલે તેને ઇનામ દઇને અશ્વસેન રાજાએ પુત્રના જન્મોત્સવનો પ્રારંભ કર્યો. પ્રથમ કેદખાનામાંથી સર્વ બંદીજનોને મુક્ત કર્યા. નૃત્ય અને સ્ત્રીઓના દિવ્ય ગીતથી, વાજીંત્રોના નાદથી, જયજયારવથી, નાટકોથી અને શંખધ્વનિથી તે નગરી તે વખતે શબ્દાદ્વૈત (શબ્દમય) થઈ ગઈ. દાન, સન્માન અને વધામણી તથા વધતી લક્ષ્મીને લીધે તે રાજભુવન વિશાળ છતાં તે વખતે સાંકડું થઈ ગયું. પછી કુળાચાર પ્રમાણે સૂતક નિવૃત્ત થતાં અશ્વસેન રાજા સ્વજનોને આમંત્રી ભોજન,

વસ્ત્ર, આભરણાદિ સત્કારપૂર્વક કહેવા લાગ્યો કે :—'હે સ્વજનો! સાંભળો—આ બાળક ગર્ભમાં હતો ત્યારે એની માતાએ રાત્રે અંધકારમાં પણ પાસેથી ચાલ્યા જતા સર્પને જોયો હતો, માટે તે ગર્ભના અનુભાવથી આ બાળકનું 'પાર્શ્વ' એવું નામ રાખવામાં આવે છે.' એમ કહી અશ્વસેન રાજાએ સ્વજન સમક્ષ બાળકનું 'પાર્શ્વ' એવું નામ રાખ્યું. પછી તે બાળક ધાત્રીઓથી આદરપૂર્વક પાલન કરાતા બીજના ચંદ્રની જેમ અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યો. ભુખ લાગે ત્યારે શક્રેન્દ્રે પોતાના અંગુઠામાં સંક્રમેલ અમૃતનું તે પાન કરતો હતો ઇંદ્રે નીમેલી દેવાંગનાઓ સ્વામીને રમાડતી હતી. વજ્રઋષભનારાચ સંઘયણ, સમચતુરસ્ર સંસ્થાન તથા બિંબફળ સમાન ઓષ્ઠને ધારણ કરનારા, કૃષ્ણ શરીરવાળા, નીલકાંતિવાળા, સારી આંખોવાળા, પદ્મ જેવા શ્વાસવાળા અને બત્રીશ લક્ષણવાળા પાર્શ્વકુમારે, અનુક્રમે યૌવન અવસ્થામાં પ્રવેશ કર્યો. બત્રીશ લક્ષણ આ પ્રમાણે છે:—

'નાભિ, સત્ત્વ અને સ્વરમાં ગંભીર; સ્કંધ પગ અને મસ્તકમાં ઉન્નત; વાળ નખ અને દાંતમાં સૂક્ષ્મ; ચરણ, બાહુ અને અંગુલિમાં સરલ; ભ્રકુટી, મુખ અને છાતીમાં વિશાળ; આંખની કીકી, વૃંત અને કેશમાં કૃષ્ણ; કેડ, પીઠ અને પુરુષ-ચિન્હમાં તુચ્છ; દાંત અને આંખમાં શુભ્ર; હાથ, પગ, ગુદા, તાલુ, જીભ બંને ઓષ્ઠ, નખ, દાંત અને માંસ—એ નવમાં તામ્ર (લાલ) હોય તે વખણાય છે.'

એ બત્રીશ લક્ષણો તથા બીજા એક હજાર ને આઠ લક્ષણો સહિત, નવ હાથ પ્રમાણ શરીરવાળા, અદ્ભુત રૂપ અને

ગંધયુક્ત દેહવાળા, જેના આહાર અને નીહાર અદૃશ્ય છે એવા, રોગરહિત, મળ અને પરસેવાથી રહિત—એવા ભગવંત વિશેષે શોભવા લાગ્યા. અનુક્રમે તે યુવતિજનને આનંદકારી એવું નવયૌવન પામ્યા.

એકદા રાજસભામાં બેઠેલા રાજાની આગળ કોઈ પુરુષે આવીને વિજ્ઞપ્તિ કરી કે:—"હે સ્વામિન્! અહીંથી પશ્ચિમ દિગ્ભાગમાં કુશસ્થળ નામે નગર છે. ત્યાં **નરવર્મા** નામે રાજા હતો. સુકૃતી, સત્યવાદી, ધર્મપ્રવર્તક, જિનધર્મમાં રક્ત અને સાધુશુશ્રૂષામાં તત્પર એવા તે રાજાએ નીતિપૂર્વક રાજ્ય પાળી અને અન્તે રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરી." એમ કહેતાં અશ્વસેન રાજા મસ્તક ધુણાવતો બોલ્યો કે:—અહો! એ મહાનુભાવ અને સત્વશાળીને ધન્ય છે કે જેણે પોતાનું સ્વીકૃત રાજ્ય તજી દીધું.' એટલે ફરી તે પુરુષ બોલ્યો કે:— "હવે ત્યાં નરવર્માનો પુત્ર **પ્રસેનજિત** રાજા રાજ્ય કરે છે. તે અર્થીજનોને કલ્પવૃક્ષ સમાન છે. તેને **પ્રભાવતી** નામની કન્યા છે. તે અત્યારે નવયૌવન પામી સાક્ષાત્ દેવકન્યા જેવી શોભે છે, અદ્ભુત અને નવયૌવના એવી તે કન્યાને જોઈને તેના પિતાએ ચિંતાતુર થઈ તેને અનુરૂપ એવા વરની સર્વત્ર તપાસ કરાવી, પણ તેવો કોઈ વર મળી ન શક્યો. એકદા તે સખીઓની સાથે વનમાં ક્રીડા કરવા ગઈ હતી, ત્યાં કિન્નરીઓથી ગવાતું એવું પાર્શ્વકુમારનું સ્વરૂપ તેણે સાંભળ્યું. તેના ગુણોનું વર્ણન સાંભળતાં પાર્શ્વકુમાર પર તે અનુરાગવતી થઈ. પછી અન્ય ક્રીડા તથા વ્રીડા (વજ્જા)નો ત્યાગ કરી હરણીની જેમ

તેમના ગીત સાંભળતી શૂન્ય મનથી તે તેમાં જ લીન થઈ ગઈ, અને મદનબાણુથી પીડિત થયેલી તે મૂર્ચ્છા પામી; એટલે પાર્શ્વકુમારના ધ્યાનમાં લીન થયેલી તેને સમજાવીને તેની સખીઓ રાજભવનમાં લઈ ગઈ. પછી તેની સખીઓએ તેનું બધું સ્વરૂપ તેના માતાપિતાને નિવેદન કર્યું, એટલે તેમને આનંદ થયો. તેમણે વિચાર કર્યો કે :—'પ્રભાવતીએ આ બહુ જ શુભ ચિંતવ્યું, એ સંયોગ પરિપૂર્ણ યુક્ત છે. પુત્રીએ જગત્રયશિરોમણિ, અને દીર્ઘાયુ એવો પાર્શ્વકુમાર સુંદર વર ચિંતવ્યો તો હવે અમારે નિશ્ચય પાર્શ્વકુમારની સાથેજ એનો વિવાહ કરવો. ઉત્તમજનો વિદ્યા અને કન્યાને સત્પાત્રમાં જ જોડે છે; માટે સારા મુહૂર્તે સ્વયંવરા એવી એ કન્યાને પાર્શ્વકુમારની પાસેજ મોકલશું.' આ પ્રમાણેની હકીકત સાંભળીને તે કન્યા બહુજ આનંદ પામી.

હવે તે સમાચાર કલિંગદેશના રાજાએ સાંભળ્યા, એટલે તે ઉદ્ધત અને ભ્રકુટીભીષણ થઇને બોલ્યો કે :—'હું છતાં પ્રભાવતીને પરણનાર એ પાર્શ્વકુમાર કોણ? અને એ પ્રસેનજિત્ પણ કોણ? કે જે મને મૂકીને તે કન્યા પાર્શ્વકુમારને દે.' એમ કહી ઘણા સૈન્ય સહિત તે જલ્દી કુશસ્થલનગરે આવ્યો અને નગરને ફરતો ઘેરો કર્યો, તેથી નગરમાં આવવા જવાનો માર્ગ બંધ થયો. આથી પ્રસેનજિત્ રાજાએ ચિંતાતુર થઈ મંત્રીઓની સાથે વિચાર કરતાં આપને સમર્થ જાણીને સાગરદત્ત મંત્રીના પુત્ર પુરૂષોત્તમને એટલે મને આપની પાસે મોકલ્યો છે. હું

મધ્યરાત્રે ગુપ્ત રીતે નગરની બહાર નીકળી શકયો છું અને આ વૃત્તાંત મેં આપને યથાર્થ નિવેદન કર્યો છે. હવે જે આપને યોગ્ય લાગે તે કરો.”

આ પ્રમાણેની હકીકત સાંભળીને અશ્વસેન રાજા રોષપૂર્વક બોલ્યા કે:-‘ એ યવન બિચારો કોણ માત્ર છે? અને હું છતાં પ્રસેનજિત્‌ને શી બીક છે? હમણાં જ હું સૈન્ય સજીને કુશળસ્થળનું રક્ષણ કરવા આવું છું.’ આ પ્રમાણે કહીને તેણે રણ ભંભા વગડાવી, એટલે સમસ્ત સૈન્ય એકત્ર થયું. તે વાત જાણીને પાર્શ્વકુમારે ક્રીડાગૃહમાંથી રાજા પાસે આવીને કહ્યું કે:-‘હે પિતાજી! આ સંરંભ કોની ઉપર કરો છો?’ એટલે અશ્વસેન રાજાએ અંગુળીથી પેલા પુરૂષને બતાવીને બધો વૃત્તાંત કહી સંભળાવ્યો, તે સાંભળીને પાર્શ્વકુમારે કહ્યું કે:-‘એ બિચારા યવન ઉપર આ ઉદ્યમ કેવો? આપ અહીં રહો, હું તેને શિક્ષા કરીશ.’ રાજાએ ભક્તિ અને શક્તિથી સમર્થ એવું તેનું વાકય સાંભળીને હર્ષિત થઇ પાર્શ્વકુમારને સૈન્ય સહિત ત્યાં જવા રજા આપી. એટલે મંત્રીપુત્ર પુરૂષોત્તમ તથા અનેક રાજાઓ સહિત પાર્શ્વકુમારે ત્યાંથી પ્રયાણ કર્યું. સ્વામીની આગળ ચાલતા હાથીઓ જંગમ પર્વતો જેવા દેખાવા લાગ્યા. નદીના વેગ જેવા અશ્વો, ક્રીડાગૃહ જેવા રથો અને વાંદરા જેવા પદાતિઓ સાથે ચાલવા લાગ્યા. આવા પ્રકારની ક્રીડાથી પ્રભુ યવનને રમાડવા જતા હોય તેમ આગળ ચાલ્યા. તે વખતે બંદીજનોના ઘોષ, (અવાજ) શંખાદિના શબ્દો અને વાજીંત્રોના ગગનભેદક શબ્દોથી આકાશ શબ્દમય થઈ ગયું. પ્રથમ પ્રયાણે જ ઈંદ્રનો માતલિ નામે સારથિ રથ

સહિત આવીને પ્રભુને પ્રણામ કરી કહેવા લાગ્યો કે :–હે નાથ! હું ઈંદ્રનો સારથિ છું. ઇન્દ્ર આપને અતુલ બળીષ્ઠ સમજે છે, તો પણ ભક્તિને લીધે તેણે રથ સહિત મને મોકલ્યો છે.' એટલે પ્રભુ તે રથપર બેઠા અને કેટલાક દિવસે કુશસ્થળનગરની પાસેના ઉદ્યાનમાં આવી દેવે કરેલા સાત મજલાવાળા મહેલમાં રહ્યા.

પછી મહા દક્ષ એવા એક દૂતને સારી રીતે શિખામણ આપીને યવનની પાસે મોકલ્યો. તેણે જઈને યવનરાજાને કહ્યું કે :–' શ્રીમાન્ પાર્શ્વકુમાર મારા મુખદ્વારા એ તમને એવો આદેશ કરે છે કે :–' હે યવન! તમે તમારૂં બળ ન બતાવતાં સ્વસ્થાને ચાલ્યા જાઓ, કેમકે હું પાર્શ્વકુમાર આવી પહોંચ્યો છું.' એટલે યવનરાજ લલાટને ઉંચું કરી ભ્રકુટી ચડાવીને બોલ્યો કે :–'અરે દૂત! મને શું તું જાણતો નથી? એ અશ્વસેન કોણ? અને પાર્શ્વકુમાર પણ કોણ? કે કે જે મારી સામે લડવાની હિંમત ધરાવે છે. નિષ્ઠુર બોલતાં છતાં પણ તું દૂત હોવાથી તને મારતો નથી, માટે તું તારા સ્વામી પાસે જઇને મારૂં કથન નિવેદન કર.' એટલે ફરી દૂત બોલ્યો કે :–'હે મૂઢ! ફોગટ ગર્વ શાનો કરે છે? શું ત્રણ જગતના નાથ પાર્શ્વકુમારને તું જાણતો નથી? પણ એ પ્રભુ તને સમરાંગણમાં બરાબર સમજાવશે.' આ પ્રમાણે બોલતા દૂતને યવનના શસ્ત્રવાળા સુભટો મારવાને તૈયાર થઈ ગયા; એટલે વૃદ્ધ મંત્રીએ તેમને અટકાવીને આક્ષેપપૂર્વક કહ્યું કે :–' હે મૂર્ખાઓ! મને તમારો અકસ્માત્ ક્ષય આવ્યો લાગે છે. જેની દેવો સહિત ઇંદ્રો પણ સેવા કરે છે તે શ્રી પાર્શ્વકુમારના દૂતને હણવાથી તમારી શી દશા થશે

તે જાણો છો ?' એમ સાંભળી સુભટો સર્વે ભયભ્રાંત થઈ શાંત થઇ ગયા. પછી મંત્રીએ દૂતનો હાથ પકડીને કહ્યું કે :-' અમે પાર્શ્વકુમારના સેવકો છીએ, અને તેમને નમસ્કાર કરવા આવવાના છીએ ' એમ કહીને મંત્રીએ દૂતને વિસર્જન કર્યો. પછી તેણે યવનરાજને આ પ્રમાણે કહ્યું કે :-'હે રાજન્! જગત્ત્રયના નાથ એવા પાર્શ્વકુમારને સુરાસુર, નાગેંદ્રો અને સર્વે ઈંદ્રો સેવે છે, તે ચક્રવર્ત્તી અથવા જિનેશ્વર થવાના છે. તેની સાથે વિરોધ કેવો ? સૂર્ય કયાં અને આગીયો કયાં ? સિંહ કયાં અને શશ (હરણ) કયાં ? તેમ તે પાર્શ્વકુમાર કયાં અને તમે કયાં ? એ પાર્શ્વકુમારની પાસે ઈંદ્રે પોતાના માતલિ સારથિને શસ્ત્રસહિત રથ લઇને મોકલ્યો છે, માટે તમે કુહાડાને કંઠ પર લઈ ને પાર્શ્વકુમારનો આશ્રય લ્યો. એમાં તમારૂં શ્રેય છે.' એટલે યવન બોલ્યો કે:- ' એ પાર્શ્વકુમારના આવા પરાક્રમને હું જાણતો નહોતો.' એમ કહી સર્વ સામંત અને મંડળેશ્વર સહિત યવનરાજા કુહાડાને કંઠ પર લઇને પાર્શ્વકુમારને નમસ્કાર કરવા ચાલ્યો. ત્યાં સમુદ્ર સમાન પ્રભુના સૈન્યને જોઈને મૃગની જેમ ત્રાસ પામતો તે પ્રભુના મહેલની આગળ આવી ઉભો રહ્યો. પછી પ્રભુની આજ્ઞાથી છડીદારે તેને સભામાં પ્રવેશ કરાવ્યો. ત્યાં પ્રભુએ કુહાડો મૂકાવ્યો, એટલે તે યવનરાજા પ્રભુના ચરણે નમ્યો, અને અંજલી જોડીને કહેવા લાગ્યો કે :-' હે સ્વામિન્! હું આપનો સેવક છું, મારો અપરાધ ક્ષમા કરો. મારે સર્વદા આપનું જ શરણ થાઓ.' પાર્શ્વકુમારે કહ્યું કે :-' હે ભદ્ર! તારૂં કલ્યાણ થાઓ. તું તારી રાજ્યલક્ષ્મી સુખે ભોગવ, હવે ફરીને આવું ન કરીશ.' યવને એ શિખામણ માન્ય રાખી, એટલે પ્રભુએ

તેનો સત્કાર કરી વિસર્જન કર્યો. પ્રભુની આજ્ઞાના લઈને તે સ્વસ્થાને ગયો.

આ બધું પ્રસેનજિત્ રાજાના જાણવામાં આવ્યું, એટલે તે પભાવતીને સાથે લઇ પાર્શ્વકુમાર પાસે જઇ નમસ્કાર કરી અંજલિ જોડીને બોલ્યો કે :–'હે નાથ! તમને જોવાથી મારી દૃષ્ટિ સફળ થઇ, યવન પણ આપના પ્રતાપથી સજજન થયો, તમે સૂર્યની જેમ પ્રકાશ કરનારા છો, હવે આ લક્ષ્મી સાથે કન્યાને પરણીને મને કૃતકૃત્ય કરો.' એટલે પાર્શ્વકુમારે કહ્યું કે:– 'હે રાજન્! પિતાની આજ્ઞા વિના તમારી કન્યાનું પાણિગ્રહણ થઇ શકે નહિ, માટે ફોગટ આગ્રહ કરશો નહિ.' તે વખતે પ્રભાવતીએ વિચાર કર્યો કે :–' અરે! મારૂં મંદ ભાગ્ય લાગે છે, મારા મનોરથની સિદ્ધિ ન થઈ.' પ્રસેનજિત્ વિચારવા લાગ્યો કે :–' પાર્શ્વકુમાર સર્વથા નિઃસ્નેહ લાગે છે, તેથી અશ્વસેન રાજાના આગ્રહથી જ મારા મનોરથની સિદ્ધિ થશે.'

પછી પ્રભાવતીને ધીરજ આપી તેને સાથે લઈને પાર્શ્વ-કુમારની સાથે પ્રસેનજિત્ રાજા પણ વારાણસી નગરીએ આવ્યા. ત્યાં અશ્વસેનરાજાએ મહર્દ્ધિપૂર્વક સુરાસુરથી સ્તૂયમાન એવા પાશ્ર્વકુમારનો નગરપ્રવેશ મહોત્સવ કર્યો અને ઇંદ્રે આવી બત્રીશ પ્રતિબદ્ધ નાટક અને વંદનાદિક કરીને આઠ દિવસ પર્યંત મહોત્સવ કર્યો. પ્રભાવતીને લઈને આવેલા પ્રસેનજિત્‌રાજા અશ્વસેનરાજાએ આપેલા મહેલમાં ઉતર્યા. ત્યાં અશ્વસેન રાજા મળવા આવ્યા. તેમણે તેને કુશળ પૂછતાં કહ્યું કે :–' હે કુશસ્થલપુરાધીશ! તમારા રાજ્યમાં સર્વત્ર કુશળ છે?

તે બોલ્યો કે—“ હે સ્વામિન્! જેના તમે રક્ષક હો તેને સર્વત્ર કુશળ હોય છે. વિશેષમાં આપને એ નિવેદન કરવાનું છે કે—‘ મારી પ્રભાવતી પુત્રી પાર્શ્વકુમાર પર અત્યંત પ્રેમવતી થઈ છે, માટે કૃપા કરી તેનું પાણિગ્રહણ કરાવો.” અશ્વસેનરાજાએ કહ્યું કે :—‘ હે ભદ્ર! તમે ઠીક કહો છો, અમારે તો એવો મનોરથ જ છે, પણ પાર્શ્વકુમાર સંસારથી વિરક્ત જણાય છે, તેથી હું કાંઈ સમજી શકતો નથી કે તે શું કરશે? પરંતુ તમારા આગ્રહથી હું બળાત્કારે પણ પાર્શ્વકુમાર પાસે તેણીનું લગ્ન કરાવીશ, માટે તમારે ગભરાવું નહિ.’ આ પ્રમાણે કહી અશ્વસેનરાજા તેને સાથે લઈને પાર્શ્વકુમાર પાસે ગયા, અને કહ્યું કે :—‘ હે વત્સ! આ પ્રસેનજિત્‌રાજાની પુત્રીની સાથે તું લગ્ન કર.’ પાર્શ્વકુમારે કહ્યું કે :—‘હું લગ્ન કરવા ઇચ્છતો નથી, કારણ કે આ સંસારસાગર દુસ્તર (દુઃખે તરાય એવો) છે, સંસારમાં ભમતાં આ જીવે ઘણીવાર લગ્ન કર્યાં છે, હું તો હવે સંસારનું ઉન્મૂલન કરવા ઇચ્છું છું. સ્ત્રી—એ સંસારરૂપ વૃક્ષનું મૂળ છે, મારે સંસારની સ્થિરતા સાથે કાંઈ પણ પ્રયોજન નથી. આ પ્રમાણે સાંભળીને અશ્વસેનરાજા બોલ્યા કે :—‘ હે વત્સ! તારૂં આવું મન છે, છતાં એકવાર અમારા મનોરથને પૂર્ણ કર. પૂર્વના જિનેશ્વરો પણ પ્રથમ સંસાર ભોગવીને પછી તપસ્યા (દીક્ષા) સ્વીકારી સિદ્ધ થયા છે, માટે તું પણ લગ્ન કરી સંસારસુખ ભોગવીને પછી સ્વાર્થ સાધજે.’ આ પ્રમાણે કહેવાથી પિતાવચનને અલંઘનીય (ન ઓળંગાય એવા) જાણીને સ્વામીએ તે વચન માન્ય રાખ્યું; એટલે તે દિવસથી વિવાહ-મહોત્સવનો પ્રારંભ થયો.

ઠેકઠેકાણે ગીતગાન, નાટક. વાજીંત્ર માંગલ્ય, દાન, અને ભોજન એમ વિવિધ ઉત્સવોમાં દિવસો પસાર થવા લાગ્યા. વિવાહના દિવસે સારા મુહૂર્તે પ્રભાવતીને સ્વર્ણકુંભમાં રહેલ જળથી સ્નાન કરાવી, ગુરૂએ આપેલ ચોખા મસ્તકપર નાખી જેના હાથમાં ચંદન, ચોખા અને દુર્વાદિક છે એવી કુળસ્ત્રીઓએ દિવ્ય વસ્ત્રો અને વિવિધ આભરણોથી તેને શણગારી, પાર્શ્વકુમાર પણ સારા મુહૂર્તે તથા સુલગ્ને સપરિવાર શ્વેત હસ્તી ઉપર બેસી. મંગળ, સારાછત્ર અને ચામરોથી શોભાયમાન, અનેક રાજાઓથી પરિવરેલા. વાજીંત્રના અવાજથી ગર્જિત અને નગરની સ્ત્રીઓથી જોવાતા છતાં લીલાપૂર્વક વિવાહ મંડપે આવ્યા. ત્યાં સુશીલ બ્રાહ્મણે ક્રમપૂર્વક કુળાચાર સાચવ્યો અને મંગળાચારપૂર્વક વરકન્યાનો હસ્તમેળાપ કરાવ્યો પછી જેમના અંચળ (વસ્ત્રના છેડા) બાંધેલા છે એવા તે વરવધૂ ચોરીમાં દાખલ થયાં. ત્યાં ચંદન, પુષ્પ, પાન, વસ્ત્ર, અશ્વ અને હાથી વિગેરેથી સ્વજનોને સંતુષ્ટ કરવામાં આવ્યા, અને યાચકોને દાન દેવામાં આવ્યું. પછી ઘી અને લાજ (જવ તલ) વિગેરેના હવનપૂર્વક વિધિથી બ્રાહ્મણ તેમને અગ્નિ ફરતા ફેરા ફેરવવા લાગ્યો. પ્રથમ મંગળમાં શ્વસુરરાજાએ હજારો ભાર સુવર્ણ આપ્યું, બીજા મંગળમાં કુંડળ અને હાર વિગેરે આભરણો આપ્યાં, ત્રીજા મંગળમાં સ્થાલ વિગેરે વાસણો તથા હાથી અને ઘોડા વિગેરે આપ્યા; અને ચોથા મંગળમાં દિવ્ય ચીવરો વસ્ત્રો આપ્યાં. તેમજ બીજાં પણ બધાં કૃત્ય કરવામાં આવ્યાં. એ પ્રમાણે વિવાહોત્સવ પૂર્ણ કરી સમસ્ત જગતને પ્રસન્ન કરનાર પાર્શ્વકુમાર સ્વસ્થાને આવ્યા, એટલે સર્વને સંતોષ

થયો. પછી પ્રસેનજિત્‌રાજા વિગેરે સ્વજનો અશ્વસેન રાજાથી બહુ સત્કાર પામીને પોતાને ઘેર ગયા.

પ્રભુ પ્રભાવતી સાથે સુખભોગ ભોગવવા લાગ્યા; કારણ કેઃ–'નવીન સુરત સમાગમમાં પોતાના કરકિસલયના મૂળને ધુણાવતી, અને અહહ ! નહિ ! નહિ, નહિ, મા, મા ! મૂકો, મૂકો, એવી બાળયુવતિઓની વિસ્તૃત વાણી જે પુરૂષના શ્રવણપથમાં દાખલ થાય છે–તે નર ધન્ય છે.' એમ અન્યત્ર કહેલું છે. કુંકુંમના પંકથી પંકિલ શરીરવાળી, પીન સ્તનપર કંપિત હારવાળી અને નૂપુરના નાદથી શબ્દાયમાન પદપદ્મવાળી એવી રામા (સ્રી) જગતમાં કોને વશ કરતી નથી ?'

હવે શ્રી પાર્શ્વકુમાર પ્રભાવતી સાથે ક્રીડા કરતા અને લોકોને પ્રેમ ઉપજાવતા દિવસો પસાર કરવા લાગ્યા.

પાર્શ્વનાથ ભ.નો ચ્યવન, જન્માભિષેક, વિવાહાદિનાં વર્ણનરૂપ

**પાંચમો સર્ગ સમાપ્ત**

श्री जीरावला पार्श्वनाथाय नमः
श्री नाकोडा पार्श्वनाथाय नमः
श्री वरकाणा पार्श्वनाथाय नमः

# છઠ્ઠો સર્ગ

જડતાના પ્રતાપને દૂર કરનાર એવા શ્રીગુરૂના પાદપદ્મને વારંવાર પ્રણામ કરીને તથા જડતાના પ્રબલ તાપને હણનાર એવા અને અંતઃકરણમાં સ્થિત એવા સમસ્ત સારસ્વત મંત્રનું સ્મરણ કરીને સુગમ ગદ્યબંધથી વિમળ, ક્રમાગત અને શ્રી પાર્શ્વદેવના સંબંધથી યુક્ત એવા છઠ્ઠા સર્ગને હું રચું છું.

એકદા શ્રી પાર્શ્વપ્રભુ પોતાના મહેલના ગોખમાં બેસી કાશીપુરીનું અવલોકન કરતા હતા, એવામાં પૂજાની સામગ્રી સહિત નગરજનોને નગર બહાર જતા જોયા. તે જોઇને તેમણે પોતાના માણસોને પૂછયું કે:—'અહો! આજે દહિં, દુધ, પત્ર, પુષ્પ અને ફળ વિગેરેની સામગ્રી સહિત લોકો હર્ષિત થઈને નગરની બહાર કેમ જાય છે? શું ખાસ કંઈ ઉત્સવ છે? અથવા દેવયાત્રા છે?' એટલે એક માણસે કહ્યું કે:—'હે કૃપાનિધાન સ્વામિન્! સાંભળો. કમઠ નામનો કોઇ એક

તપસ્વી વનમાં આવ્યો છે, તે તપ કરતાં પંચાગ્નિ સાધે છે. આ લોકો તેની પૂજા કરવા જાય છે.' એટલે પાર્શ્વપ્રભુ પણ કૌતુકથી સેવક સહિત અશ્વારૂઢ થઈને જોવાને ચાલ્યા. તે વખતે તીવ્ર પંચાગ્નિના તાપમાં બેઠેલો, ધૂમ્રપાન કરતો, અજ્ઞાન-કષ્ટથી દેહને દમતો એવો કમઠ પ્રભુના જોવામાં આવ્યો. એ વખતે જ્ઞાનત્રયધારી પાર્શ્વપ્રભુએ અગ્નિકુંડમાં નાખેલા કાષ્ટની અંદર એક મોટા સર્પને બળતો જોયો. એટલે કૃપાળુ પાર્શ્વકુમારે કહ્યું કે:—"અહો અજ્ઞાન! કે તપમાં પણ દયા દેખાતી નથી. સર્વ લોકો જાણે છે કે-દયાહિન ધર્મથી મુક્તિ મળતી નથી. કહ્યું છે કે:-'પ્રાણીઓનો વધ કરવાથી જે ધર્મને ઈચ્છે છે તે અગ્નિથી કમળસહિત વનને, સૂર્યાસ્તથી દિવસને સર્પના મુખથી અમૃતને, વિવાદથી સાધુવાદને, અજીર્ણથી આરોગ્યને અને જેરથી જીવિતને ઇચ્છાવા જેવું કરે છે.' એટલા માટે દયાજ પ્રધાન છે. જેમ નાથ વિના સૈન્ય, જીવ વિના શરીર, ચંદ્ર વિના રાત્રી, હંસ યુગલ વિના નદી-તેમ દયા વિના ધર્મ શોભતો નથી. માટે હે તપસ્વિન્! દયા વિના ફોગટ કલેશકારક કષ્ટ શા માટે કરે છે? જીવઘાતથી પુણ્ય શી રીતે થાય?' આ પ્રમાણે સાંભળીને કમઠ બોલ્યો:—'હે ક્ષત્રિય! રાજપુત્રો તો માત્ર હાથી અને અશ્વની ક્રીડા (રમત) નેજ કરી જાણે છે, ધર્મને તો અમારા જેવા મહામુનિઓજ જાણે છે.' પછી જગત્પતિ પાર્શ્વકુમારે તેના વિશ્વાસને માટે પોતાના માણસો પાસે અગ્નિકુંડમાંથી કાષ્ટ કઢાવીને તેને યત્નપૂર્વક ફડાવ્યું. એટલે તે કાષ્ઠમાંથી તરત જ આકુળવ્યાકુળ થયેલ સર્પ નીકળ્યો; પછી પ્રભુએ તે નાગને નમસ્કારમંત્ર સંભળાવ્યો, એટલે પ્રભુની વાણીમાંથી ઝરતા નમસ્કારરૂપ

અમૃતનું પાન કરીને તે સર્પ સમાધિપૂર્વક મરણ પામી નાગોનો ઇંદ્ર ધરણેંદ્ર થયો. અને તે નાગદેવોના મધ્યમાં મહર્દ્ધિવડે શોભવા લાગ્યો. પછી 'અહો અજ્ઞાન! અહો! કમઠનું અજ્ઞાન' એમ કમઠની નિંદાપૂર્વક લોકોથી સ્તુતિ કરાતા પ્રભુ પોતાના મહેલે ગયા. અને કમઠ તાપસ લોકોથી હિલના અને ગર્હા પામી ભગવંત ઉપર દ્વેષ કરતો અન્યત્ર ચાલ્યો ગયો. ત્યાં હઠથી તે અત્યંત કષ્ટકારી બાળતપ કરવા લાગ્યો એ પ્રમાણે અજ્ઞાન-તપ કરી પ્રભુ ઉપર દ્વેષ ધારણ કરતો મરણ પામીને તે ભવન-વાસી મેઘકુમાર દેવોમાં મેઘમાળી નામે અસુર થયો કારણ કે :—'બાળતપ કરવામાં સાવધાન, ઉત્કટ રોષ ધરનારા, તપથી ગર્વિષ્ઠ અને વૈરથી યુક્ત થયેલા પ્રાણીઓ મરણ પામીને અસુરોમાં જ ઉત્પન્ન થાય છે.' તે મેઘમાળી અસુરાધમ દક્ષિણ શ્રેણીમાં દોઢ પલ્યોપમના આયુષ્યવાળો થયો અને વિવિધ દેવ-સુખ ભોગવવા લાગ્યો. શ્રી પાર્શ્વકુમાર પણ ભોગસુખ ભોગવતાં દિવસો પસાર કરવા લાગ્યા.

એકદા વસંતઋતુમાં લોકોના આગ્રહથી પાર્શ્વકુમાર બગીચાની શોભા જોવાને માટે ગયા. ત્યાં લત્તા, ઝાડ, પુષ્પો અને કૌતુકાદિક જોતાં પ્રભુએ જયાં ઉંચા તોરણો બાંધેલા છે એવા એક મોટા પ્રાસાદને જોયો; એટલે ભગવંતે તેમાં પ્રવેશ કર્યો. ત્યાં ભીંત ઉપરનાં ચિત્રો જોતાં અદ્ભુત રાજ્ય અને રાજીમતિનો ત્યાગ કરીને સંયમશ્રી (દીક્ષા)ને વરનાર એવા શ્રી નેમિજિનના ચિત્રને જોઈને પ્રભુએ વિચાર કર્યો કે :—'અહો! શ્રીનેમિના વૈરાગ્યનો રંગ કોઈ અનુપમ લાગે છે, કે જેમણે

નવયૌવનમાં રાજ્ય અને રાજીમતીનો ત્યાગ કરી નિઃસંગ થઈને દીક્ષા અંગીકાર કરી, તો મારે પણ આ અસાર સંસારનો ત્યાગ કરવો એજ ઉચિત છે,' આ પ્રમાણે વિચાર કરીને વૈરાગ્ય રંગથી રંગિત થયેલા અને ભોગાવળી કર્મ જેમનું ક્ષીણ થઈ ગયેલું છે એવા પાર્શ્વકુમાર સંયમ લેવા માટે તૈયાર થયા. એ વખતે સારસ્વતાદિ નવ પ્રકારના લોકાંતિક દેવોએ પાંચમા બ્રહ્મદેવલોકથી આવીને પ્રભુને નમસ્કાર કરી વિજ્ઞપ્તિ કરી કે :–" હે સ્વામિન્! હે ત્રૈલોક્યનાયક! હે સંસારતારક! તમે જયવંતા વર્તો. હે સકળ કર્મનિવારક પ્રભો! ત્રિભુવનને ઉપકારક એવા ધર્મતીર્થને પ્રવર્તાવો, હે નાથ! તમે પોતે જ જ્ઞાની અને સંવેગવાન્ છો, તેથી સ્વયમેવ બધું જાણો છો, છતાં અમે તો માત્ર અમારા અધિકારની ફરજ બજાવવા વિજ્ઞપ્તિ કરીએ છીએ." આ પ્રમાણે કહી નમસ્કાર કરીને તે દેવો સ્વસ્થાને ગયા.

પછી તે પ્રાસાદમાંથી નીકળીને સ્વામી પોતાના મહેલમાં આવ્યા અને ત્યાં મિત્રોને વિસર્જન કરી પલંગ પર બેસીને આ પ્રમાણે શુભ ભાવના ભાવતાં સ્વામીએ આખી રાત્રી પસાર કરી:– "અહો! સંપત્તિઓ તો જળતરંગ સમાન ચંચળ છે, યૌવન તો માત્ર ત્રણ ચાર દિવસ જ રહેવાનું છે અને આયુષ્ય તો શરદ્ઋતુના વાદળાં જેવું ચંચળ છે. માટે હે ભવ્યો! ધનથી તમે પરહિત કેમ સાધતા નથી. જયાંથી જન્મ્યા ત્યાંજ રક્ત થયા અને જેનું પાન કર્યું તેનુંજ મર્દન કરવા તૈયાર થયા. અહો! તેમ છતાં પણ લોકોની મૂર્ખાઈ કેટલી છે કે તેમને વૈરાગ્ય ઉત્પન્ન થતો નથી. હે ભવ્યો! હૃદયમાં નમસ્કારરૂપ

હારને ધારણ કરો, બે કાનમાં શ્રુતરૂપ કુંડળને ધારણ કરો હાથ-રૂપીકમળમાં દાનરૂપ કંકણને ધારણ કરો અને શિરપર ગુરૂની આજ્ઞારૂપ મુકુટને ધારણ કરો, કે જેથી શિવવધૂ તમારા કંઠમાં જલ્દી સુંદર વરમાળા નાખે. વળી ચંદ્ર અને સૂર્યરૂપ વૃષભ દિવસ રાત્રિરૂપ ઘટમાળથી જીવોનું આયુષ્યરૂપ જળગ્રહણ કરે છે અને કાળરૂપ રેંટને ફેરવ્યા કરે છે. (ન સા જાઈ ન સા જોણી) એવી કોઈ જાતિ નથી, એવી કોઈ યોનિ નથી, એવું કોઈ સ્થાન નથી અને એવું કોઈ કુળ નથી કે જ્યાં સર્વ જીવો અનંતી-વાર જન્મ અને મરણ પામ્યા ન હોય." આ પ્રમાણે શુભ ભાવના ભાવતાં રાત્રી પસાર થઈ, એટલે જગતને પ્રકાશ આપવા માટે સૂર્યોદય થયો. ભગવાન પાર્શ્વનાથે સવારના કાર્યો કરી માતાપિતાની પાસે જઈ વિનયથી નમસ્કાર કરી તેમની આગળ બેસી તેમને સમજાવીને દીક્ષા લેવાની રજા મેળવી.

પછી દીક્ષા નિમિત્તે પ્રભુએ વાર્ષિક દાન આપવાનો પ્રારંભ કર્યો. તે વખતે પ્રભુની આજ્ઞાથી સર્વત્ર ઈન્દ્રે એવી ઉદ્ઘોષણા (જાહેરાત) કરી કે:–'હે લોકો! પાર્શ્વપ્રભુ યથેચ્છ દાન આપે છે, માટે ગ્રહણ કરો.' પછી ઇન્દ્રના આદેશથી કુબેર પ્રભુના ઘરમાં મેઘની જેમ દ્રવ્ય વરસાવવા લાગ્યો. પ્રભુ દરરોજ એક ક્રોડ અને આઠ લાખ હિરણ્યસોનૈયા આપવા લાગ્યા. એટલે સમસ્ત જગતનો દારિદ્રયરૂપ દાવાનળ શાંત થઇ ગયો. પૃથ્વીપર પરમાનંદરૂપ કંદ પ્રગટ થયા. ત્રણ અબજ અઠયાશી કરોડ અને એંશી લાખ (૩૮૮૮૦૦૦૦૦૦) (૩૨ લાખ ૪૦ હજાર મણ સોનું) એટલું સુવર્ણ ભગવંતે વાર્ષિક દાનમાં આપ્યું.

પછી દીક્ષા અવસર જાણીને ચોસઠ ઈન્દ્રો ત્યાં આવ્યા, અને ચારિત્રગ્રહણનો મહોત્સવ કર્યો, તેમાં પ્રથમ તીર્થજળથી ભરેલા એવા સુવર્ણના, રજતના અને રત્નના કુંભોથી ભગવંતને સ્નાન કરાવ્યું, પછી ચંદન કર્પૂરાદિ સુરભિ દ્રવ્યથી પ્રભુને વિલેપન કરી દિવ્ય વસ્ત્ર પહેરાવ્યા, પારિજાત પુષ્પોના રમણીય હાર વિગેરેથી પ્રભુ અત્યંત મનોહર દેખાવા લાગ્યા. પછી ઉદાર અને સુંદર હાર, કુંડળ, મુગટ, કંકણ, બાજુબંધાદિ ભૂષણોથી પ્રભુને ભક્તિપૂર્વક ભૂષિત કર્યા. એટલે પ્રભુ કલ્પવૃક્ષની જેવા શોભવા લાગ્યા. પછી ઈન્દ્રે રચેલી વિશાળ શિબિકાપર આરૂઢ થઈ પ્રભુએ સિંહાસનને અલંકૃત કર્યું. તે વખતે ભગવંત ઉપર સુવૃત્ત, સફેદ અને ઉલ્લસાયમાન છત્ર તથા બંને બાજુ બે ચામર શોભવા લાગ્યા. પછી બહુ વાજીંત્રો વાગતાં, વિવિધ ગીત ગવાતાં, બંદીજનોથી જય જય શબ્દ બોલાતાં, સુરાસુર અને મનુષ્યોથી શિબિકાને વહન કરાતાં, નગરજનોથી ઉત્કંઠાપૂર્વક જોવાતાં, મસ્તકથી નમન કરાતા અને હાથ જોડવાપૂર્વક સ્તુતિ કરાતા ભગવંત હર્ષપૂર્વક સંયમરૂપી લક્ષ્મીને વરવાને માટે આશ્રમપદ ઉદ્યાનમાં આવ્યા. ત્યાં અશોકવૃક્ષની નીચે શિબિકા પરથી ઉતરીને ભગવંતે સુવર્ણ અને રત્નના ઘરેણાંનો ત્યાગ કર્યો, અને જ્ઞાન, દર્શન તથા ચારિત્રરૂપ રત્નોને ગ્રહણ કર્યા. તે વખતે ઇન્દ્રે પ્રભુના ખભા પર દેવદૂષ્ય–વસ્ત્ર મૂક્યું. પછી પોસ માસની કૃષ્ણ એકાદશી (માગશર વદ ૧૧) તથા વિશાખા નક્ષત્રમાં અષ્ટમ તપ કરી પંચમુષ્ટિથી કેશનો લોચ કરીને 'नमो सिद्धाणं' એ પદ સંભારતાં ભગવંતે ચારિત્ર અંગીકાર કર્યું. એટલે તરત પ્રભુને ચોથું મન :–પર્યવજ્ઞાન ઉત્પન્ન થયું.

પાંચમુષ્ટિથી લોચ કરેલા ભગવંતના કેશને ઈન્દ્ર પોતાના વસ્ત્રમાં લઈ ક્ષીરસાગરમાં પધરાવ્યા. પ્રભુની સાથે ત્રણસો રાજપુત્રોએ સંવેગથી ચારિત્ર અંગીકાર કર્યું. પછી સુરાસુરો તથા રાજાઓ ભગવંતને નમસ્કાર કરીને સ્વસ્થાને ગયા; અને ભગવાન ત્યાંજ પોતાની બન્ને ભુજા લંબાવીને કાર્યોત્સર્ગમાં રહ્યા અને સવારે પ્રભુએ ત્યાંથી વિહાર કર્યો.

હવે અઠ્ઠમ્ તપને પારણે ભગવંતે કોપકટાક્ષ નામના સન્નિવેશમાં ધન્ય નામે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કર્યો. એટલે સાક્ષાત્ કલ્પવૃક્ષની જેવા ભગવંતને જોઈને પોતાના આત્માને ધન્ય માનતા એવા ધન્યે તત્કાળ ઉત્પન્ન થયેલ વિવેકથી પ્રભુને નમસ્કાર કરીને શુદ્ધ બુદ્ધિપૂર્વક પરમાન્ન (દૂધપાક)થી પ્રભુને પારણું કરાવ્યું. તે વખતે 'अहो दान महो दानं' એવી ઉદ્દઘોષણાપૂર્વક દેવોએ આકાશમાં દેવદુંદુભિ વગાડી, સુગંધી જળની વૃષ્ટિથી પૃથ્વીને ભીની કરી, સુવર્ણની વૃષ્ટિ કરી, વિવિધ પ્રકારના પંચવર્ણી પુષ્પોથી પૃથ્વીને વ્યાપ્ત કરી અને દિવ્ય નાટક કર્યું. પાર્શ્વનાથને પારણું કરાવવાથી ધન્ય પુણ્યથી પૂર્ણ થયો, તેનું ઘર ધનથી પૂર્ણ થયું, લોકો આનંદથી પૂર્ણ થયા અને આકાશ દેવદુંદુભિના નાદથી પૂર્ણ થયું. તે વખતે રાજા અને લોકોએ ધન્યને સન્માન આપ્યું. અને પ્રભુના પારણાને સ્થાને તેણે હર્ષપૂર્વક પાદપીઠ કરાવ્યું.

સ્વામી ગામ, આકાર નગરાદિકમાં વિચરવા લાગ્યા. પૃથ્વીની જેમ બધું સહન કરનાર શરદ્ ઋતુના વાદળાની જેવા

નિર્મળ, આકાશની જેવા નિરાલંબ, વાયુની જેવા અપ્રતિબદ્ધ અગ્નિની જેવા તેજથી દીપ્ત કાંસાનું પાત્ર જેમ જળસ્પર્શ રહિત હોય તેમ અન્ય સંબંધ રહિત, સમુદ્રના જેવા ગંભીર, મેરૂની જેવા ન કંપે એવા ભારંડપક્ષીની જેમ અપ્રમાદી, પદ્મપત્રની જેવા નિર્લેપ, પાંચ સમિતિએ સમિત, ત્રણ ગુપ્તિથી ગુપ્ત, બાવીશ પરિસહોને જીતનારા, પૂનિતપગલાથી પૃથ્વીને પાવન કરનારા અને પંચાચારને પાળનારા પાર્શ્વ પ્રભુ અનુક્રમે કાદંબરી અટવીમાં કલિપર્વતની નીચે કુંડ સરોવરના તીર પર પ્રતિમાએ (ઓગણીશ દોષરહિત કાઉસગ્ગધ્યાને) રહ્યા.

તે ઓગણીશ દોષ આ પ્રમાણે :—

૧ **ઘોટકદોષ**—ઘોડાની જેમ પગ ઉંચો યા વાંકો રાખે તે.

૨ **લતાદોષ**—વાયુથી લતા કંપે તેમ શરીરને ધુણાવે તે.

૩ **સ્તંભાદિદોષ**—થાંભલા વિગેરેના ટેકાથી રહે તે.

૪ **માળદોષ**—મેડા ઉપરના માળ સાથે માથું અડાડીને રહે તે.

૫ **ઉધિદોષ**—ગાડાની ઉધિની જેમ અંગુઠા તથા પાની મેળવીને બે પગ ભેગા રાખે તે.

૬ **નિગડદોષ**—નેઉલ (બેડી)માં પગનાખ્યાની જેમ પગ મોકળા (પહોળા) રાખે તે.

૭ **શબરીદોષ**—ભીલડીની જેમ ગુહ્યસ્થાને હાથ રાખે તે.

૮ **ખલિણદોષ**—ઘોડાના ચોકડાની જેમ હાથમાં રજોહરણ (ઓઘો) રાખે તે.

૯ **વધૂદોષ**—નવપરણિત વધૂની જેમ માથું નીચું રાખે તે.

૧૦ **લંબુત્તરદોષ**—નાભિની ઉપર અને ઢીંચણથી નીચે જાનુ ઉપર લાંબું વસ્ત્ર રાખે તે.

૧૧ **સ્તનદોષ**—ડાંસ વિગેરેના ભયથી અથવા અજ્ઞાનથી સ્ત્રી જેમ લજ્જાથી શરીર ઢાંકી રાખે તેમ હૃદયને ઢાંકી રાખે તે.

૧૨ **સંયતીદોષ**—શીતાદિકના (ટાઢ) ભયથી સાધ્વીની જેમ બંને ખભા યા સમગ્ર શરીર ઢાંકી રાખે તે.

૧૩ **ભમુહંગુલીદોષ**—આળાવાની સંખ્યા ગણવાને માટે અંગુળી તથા પાંપણના ચાળા કરે તે.

૧૪ **વાયસદોષ**—કાગડાની જેમ આંખના ડોળા ફેરવે તે.

૧૫ **કપિત્થદોષ**—જુંના ભયથી અથવા પરસેવાથી મલીન થવાના ભયથી વસ્ત્રને કોઠની જેમ ગોપવી રાખે તે.

૧૬ **શિરઃકંપદોષ**—યક્ષથી આવેશિત (ગ્રસ્ત) થયેલાની જેમ માથું ધુણાવે તે.

૧૭ **મૂકદોષ**—મુંગાની જેમ હૂં હૂં કરે તે.

૧૮ **મદિરાદોષ**—મદમત્તની જેમ આળાવા ગણતાં બડબડાટ કરે તે.

૧૯ **પ્રેક્ષ્યદોષ**—વાનરની જેમ આમતેમ જુએ. ઓષ્ઠપુટ (હોઠ હલાવે) ચળાવે તે.

એ પ્રમાણે ઓગણીશ દોષ ટાળીને પ્રભુ કાર્યોત્સર્ગે રહ્યા. તેમજ દૃષ્ટિયુગળને નાસિકાના અગ્રભાગ પર રાખી, દાંતથી દાંતનો સ્પર્શ કર્યા સિવાય, વદનને પ્રસન્ન રાખી પૂર્વ યા

ઉત્તરદિશા સન્મુખ મુખ રાખી અપ્રમત્ત અને સુસંસ્થાનપૂર્વક ધ્યાનમાં તત્પર થયા. ભગવંત કાર્યોત્સર્ગમાં રહ્યા હતા એવામાં ત્યાં મહીધર નામનો હાથી પાણી પીવાને માટે આવ્યો. અને પ્રભુને જોઈ ઉપાપોહ કરતાં જાતસ્મરણ જ્ઞાન પામવાથી તે વિચારવા લાગ્યો કેઃ—

'પૂર્વભવે હું વામન એવો હેમનામે કુલપુત્ર હતો. વામનપણાના દોષથી લોકોમાં હું હાસ્યાસ્પદ થયો. એકદા પિતાના પરાભવને લીધે ઘેરથી નીકળીને વનમાં ભમતાં એક મુનિ જોવામાં આવ્યા. મેં તેમને વંદન કર્યું, એટલે તેમણે મને યતિપણા માટે અયોગ્ય જાણી મહાઉપકારથી શ્રાવકપણું ગ્રહણ કરાવ્યું. હું શ્રાવક થયો. પણ લોકો મારા પર હસતા, તેથી હું બહુ ખિન્ન થઈ ગયો. પછી પોતાના નાના શરીરને નિંદતો અને મોટા શરીરને ઈચ્છતો હું આર્ત્તધ્યાનથી મરણ પામીને પર્વતસમાન મોટા શરીરવાળો હાથી થયો. અત્યારે હું પશુ હોવાથી શું કરી શકું? શેનું આરાધન કરૂં? પરંતુ કર (સૂંઢ) થી કંઇક પ્રભુની પૂજા તો કરૂં.' એમ વિચાર કરી સરોવરમાં પ્રવેશ કરી ન્હાઇને ત્યાંથી કમળો લઈ પ્રભુની પાસે આવ્યો. પછી તે હાથી પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈ પ્રભુના ચરણને પદ્મોથી પૂજી મનથી સ્તુતિ કરીને અને શિરથી નમન કરીને પોતાના આત્માને ધન્ય માનતો છતો તે યથાસ્થાને ગયો. પછી પાસે રહેલા દેવોએ સુગંધી વસ્તુઓથી પ્રભુની પૂજા કરી પ્રભુની આગળ હર્ષપૂર્વક નાટક કર્યું. એ વખતે કોઈ પુરુષે પાસેની ચંપાનગરીમાં જઇને ત્યાંના કરકંડુ રાજાને તે બધું સ્વરૂપ નિવેદન કર્યું; એટલે તે રાજા વિસ્મય પામી સૈન્ય અને વાહનો સહિત પ્રભુને

વંદન કરવાને આવ્યો. પછી રાજાએ ત્યાં નવહસ્તપ્રમાણ પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા કરાવીને નવું દેરાસર બંધાવી મહોત્સવ સહિત તેમાં સ્થાપના કરી. દેવોએ ત્યાં નાટક કર્યું. તે પ્રતિમા અધિષ્ઠાયકના પ્રભાવવાળી હોવાથી પ્રભાવશાળી થઈ. એટલે તે લોકોને મનોવાંછિત ફળ આપવા લાગી. ત્યાં કલી નામે પર્વત અને તેની પાસે રહેલ કુંડ નામે સરોવર હોવાથી કલિકુંડ એવું જગતને પાવન કરનારૂં તે તીર્થ થયું. પેલો હાથી મરણ પામીને પ્રભુમાંજ એક ભક્તિવાળો હોવાથી મહર્દ્ધિક વ્યંતર થયો, અને તે તીર્થનો ઉપાસક થયો.

હવે પાર્શ્વપ્રભુ વિહાર કરતાં અનુક્રમે શિવપુરી નામની નગરી સમીપે પધાર્યા અને ત્યાં કૌશંબ્ય નામના વનમાં કાયોત્સર્ગે રહ્યા તે વખતે ધરણેંદ્રે પોતાના પૂર્વ ભવનો ઉપકાર સંભારી મહર્દ્ધિપૂર્વક ત્યાં આવી પ્રભુને ભક્તિપૂર્વક નમસ્કાર કરી અને સ્તવીને સ્વામીની આગળ નાટક કર્યું. તે વખતે ધરણેંદ્રે મનમાં ચિંતવ્યું કે:-'હું સેવક છતાં પ્રભુને સૂર્યકિરણનો સ્પર્શ ન થાઓ.' એમ વિચારી પ્રભુના મસ્તક ઉપર તેણે હજાર ફણારૂપ છત્ર ધારણ કર્યું. પછી ભગવંતે અન્યત્ર વિહાર કર્યો, એટલે ધરણેંદ્ર પણ સ્વસ્થાને ગયો. લોકોએ ત્યાં **અહિચ્છત્રા** નામે નગરી વસાવી, અને ત્યાં **અહિચ્છત્રા** નામે તીર્થ પ્રસિદ્ધ થયું. (આજે એ બેઉ તીર્થો વિચ્છેદ થયા છે)

સ્વામી રાજપુર નગરની સમીપના ઉપવનમાં જઇને પ્રતિમાએ (કાઉસગ્ગધ્યાને) રહ્યા ત્યાં ઇશ્વર નામે રાજા હતો. તે રાજા તે વખતે રયવાડીએ નીકળ્યો હતો. એવામાં સેવકોએ

કહ્યું કે :–' હે સ્વામિન્! આ વ્રતસ્થ એવા અશ્વસેન રાજાના પુત્ર **પાર્શ્વ** ભગવંતને જુઓ ' એમ કહેતાં જ રાજા હર્ષિત થઈ પાર્શ્વનાથની પાસે આવ્યો. ત્યાં પ્રભુને જોઇને રાજાએ ચિંતવ્યું કે :–'આવો વેષ કયાંક મારા જોવામાં આવેલો છે. એમ ચિંતવતાં તે મૂર્છા પામ્યો. પછી જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થતાં તે સાવધાન થઇને બોલ્યો કે :–"અહો ! મોટા આશ્ચર્યની વાત છે કે–મને મારો પૂર્વભવ બધો યાદ આવ્યો છે." મંત્રી બોલ્યો કે–'આપના પૂર્વભવનો વૃત્તાંત શું છે તે કહી સંભળાવો.' રાજાએ કહ્યું કે: સાંભળો.

"પૂર્વે વસંતપુર નગરમાં **દત્ત** નામે બ્રાહ્મણ હતો, તે લગ્ન અને નિમિત્તજ્ઞાનના કથનથી લોકમાં પ્રસિદ્ધ થયો. એકદા કર્મવશાત્ તે બ્રાહ્મણને કોઢ રોગ ઉત્પન્ન થયો. સેંકડો ઔષધો કરતાં પણ તે શાંત ન થયો; એટલે દૈવવશાત્ તેના કુટુંબે પણ તેનો ત્યાગ કર્યો, તેથી તે દુઃખી થયો. પછી તે ગંગા પાસે આવીને એકદમ તેના જળમાં કુદકો મારવા જતો હતો તેવામાં આકાશમાર્ગે જતાં કોઈ વિદ્યાધર ઋષિએ તેને જોયો અને કહ્યું કે :–' હે મહાભાગ! જળમાં ઝંપાપાત શા માટે કરે છે ?' તે બોલ્યો કે :–' હે સાધો ! રોગના દુઃખથી હું બહુ હેરાન થઉં છું. તેથી મરવા ઈચ્છું છું.' મુનિ બોલ્યા કે :–' હે મહાભાગ! સર્વ રોગને હરણ કરે એવા જિનધર્મરૂપ મહારસાયનનું સેવન કર; અને તેની સતત્ સેવા કરી વિષવૃક્ષ (સંસાર)ના મૂળભૂત દુષ્કર્મનું છેદન કર.' એટલે તે બોલ્યો કે :—' તે રસાયન કેવું ?' એટલે મુનિ બોલ્યા કે :–' આ કર્મજન્ય રોગ છે, તેના નિવારણ માટે ધર્મરૂપ ઔષધ કર,' એટલે તેણે શુદ્ધ ભાવથી

સમ્યક્ત્વ સહિત પંચ અણુવ્રતરૂપ ગૃહસ્થધર્મનો સ્વીકાર કર્યો. ત્યારથી તે અચિત્ત આહાર, પ્રાસુક જળપાન, અને નવકારમંત્રની ગણના કરવામાં તત્પર થયો અને શુભ ભાવના ભાવવા લાગ્યો.

એકદા દેરાસરમાં જઈ જિનેશ્વરને અને મુનિને વંદન કરીને તે બેઠો. તે વખતે બીજો એક પુષ્કલિક નામનો શ્રાવક મુનિ પાસે પૂર્વે બેઠો હતો. તેણે મુનિને પૂછ્યું કે :–'હે ભગવન્ ! આવા પ્રકારના વિવિધ વ્યાધિથી જર્જરિત થયેલા પુરુષને જિનમંદિરમાં આવીને જિનવંદન કરવું યુક્ત છે ?' મુનિ બોલ્યા કે :–'હે મહાભાગ ! અવગ્રહ જાળવીને અને આશાતના ટાળીને દેવવંદન કરવામાં શો દોષ છે ? સાધુઓ પણ મેલ અને પરસેવાથી મલિન દેહવાળા હોય છે, તેઓ તેવા સ્વરૂપેજ દેરાસરમાં દેવવંદન કરે છે.' એટલે ફરી પુષ્કલિક શ્રાવકે કહ્યું કે :—'આ મનુષ્ય કઈ ગતિમાં જશે ?' મુનિ જ્ઞાનના પ્રભાવથી બોલ્યા કે :–'પૂર્વે આયુષ્ય બાંધેલ હોવાથી એ રાજપુરમાં તિર્યંચગતિમાં કુકડો થશે.' તે વખતે તે કોઢીયો પોતાનું ભાવિ દુઃખ સાંભળીને અત્યંત રૂદન કરવા લાગ્યો એટલે મુનિએ તેને બોધ આપ્યો કે :—'હે સુજ્ઞ ! ખેદ ન કર. જેમ પ્રચંડ પવનથી ઉછળેલ સમુદ્રના તરંગનો પ્રચાર (ફેલાવો) કોઈથી અટકાવી ન શકાય તેમ પૂર્વ કર્મનો વિપાકનો પ્રસાર કોઈથી અટકાવી ન શકાય. પંડિત પુરુષો કહી ગયા છે કે :—'જીવને સુખ–દુઃખ આપનાર અન્ય કોઈ નથી, તે બીજું કોઈ આપે છે એમ માનવું એ કુબુદ્ધિ છે. હે નિષ્ઠુર આત્મા પૂર્વે જે દુષ્કર્મ તેં કર્યું છે, તેજ તારે ભોગવવું પડે છે,' તેમજ વળીઃ–

"आरोहतु गिरिशिखरं, समुद्रमुल्लंध्य यातु पातालं।
विधिलिखिताक्षरमालं, फलति सर्वं न संदेहः ॥
उदयति यदि भानुः पश्चिमायां दिशायां,
प्रचलति यदि मेरुः शीततां याति वह्निः।
विकसति यदि पद्मं पर्वताग्रे शिलायां,
तदपि न चलतीयं भाविनी कर्मरेखाः" ॥

'પર્વતના શિખરપર ચડો કે સમુદ્રનું ઉલ્લંઘન કરીને પાતાળમાં જાઓ, પણ લલાટમાં લખેલ વિધિના લેખ તો અવશ્ય ફળવાના જ છે. કદાચ સૂર્ય પશ્ચિમમાં ઉગે, મેરૂપર્વત ચળાયમાન થાય, અગ્નિ શીતલ થાય, અને પર્વત ઉપરના પથ્થર પર કદાચ પદ્મ વિકસિત થાય–તથાપિ આ ભવિષ્ય સૂચક કર્મરેખા ટાળી ટળતી નથી' માટે કર્મોની ગતિ વિષમ છે. અનંત બળધારી તીર્થંકરો પણ કર્મની ગતિનું ઉલ્લંઘન કરી શકતા નથી. પૂર્વકૃત કર્મનું ફળ ભોગવવું જ પડે છે. પ્રથમ તીર્થંકર પણ એક વર્ષ પર્યંત આહાર પામી ન શકયા માટે કર્મની ગતિ ઓળંગી શકાય તેમ નથી. તથાપિ સાંભળ–તે રાજપુરમાં કુકડાના ભવમાં મુનિને જોઈ જાતિસ્મરણ પામી અનશનપૂર્વક મરણ પામીને તે જ રાજપુરમાં તું રાજા થઈશ. ત્યાં રયવાડીએ જતાં પાર્શ્વપ્રભુને જોઇને તું બોધ પામીશ."

આ પ્રમાણે સાંભળીને તે કોઢીયો બ્રાહ્મણ હર્ષિત થયો. અનુક્રમે તે કુકડો થઇને પછી રાજા થયો. તે આ હું પોતે

છું અને પ્રભુને જોઇને હું જાતિસ્મરણ પામ્યો છું." પછી પ્રભુને નમસ્કાર કરીને પ્રભુના કાયોત્સર્ગના સ્થાને દેરાસર બંધાવી મહોત્સવપૂર્વક ત્યાં પ્રભુની પ્રતિમાનું સ્થાપન કર્યું. તે દેરાસરનું કુર્કટેશ્વર એવું નામ પ્રસિદ્ધ થયું. અને ત્યાં કુર્કટેશ્વર નામે નગર પણ તેણે વસાવ્યું.

એકદા વિહાર કરતા ભગવંત નગરની પાસે રહેલા તાપસના આશ્રમમાં આવ્યા. એવામાં સૂર્ય અસ્ત થયો. ત્યાં કુવાની પાસે વટવૃક્ષની નીચે રાત્રે પ્રભુ કાયા અને મનથી પણ નિશ્ચલપણે પ્રતિમાએ રહ્યા. એવામાં અધમદેવ મેઘમાળી પોતાના અવધિજ્ઞાનથી પૂર્વ ભવના વૈરનો વૃત્તાંત જાણીને ક્રોધથી બળતો છતો ભગવંતને ઉપદ્રવ કરવા આવ્યો. તે અધમ દેવ, પાપાત્મા, દુષ્ટ, નિર્લજ, હૃષ્ટ, પુષ્ટ થઇને પ્રભુની સન્મુખ આવ્યો. તેણે પ્રથમ જંગમ (હાલતાચાલતા) પર્વતો જેવા ગાજતા હાથીઓ વિકુર્વ્યા. તેઓ દૂરથી આવીને પોતાની સુંઢથી પ્રભુને ક્ષોભ પમાડવા લાગ્યા, પણ તે ભીષ્મ રૂપોથી પ્રભુ ક્ષોભ ન પામ્યા. એટલે તે લજ્જિત થઇને અદૃશ્ય થઇ ગયા. પછી તેણે પ્રભુની આગળ દાઢારૂપ કરવતથી ભીષણ, કોદાળી જેવા તીક્ષ્ણ નખરૂપથી યુક્ત અને અગ્નિ જેવી પ્રદીપ્ત આંખવાળા ઘણા વાઘ વિકુર્વ્યા. એટલે તે દૂરથી આવી પોતાના પુંછડા પૃથ્વીપર પછાડી પ્રભુ પાસે ધુત્કાર શબ્દ કરવા લાગ્યા, તો પણ પ્રગટ ધ્યાનરૂપ દીવાના પ્રભાવથી પ્રભુને અક્ષોભ્ય જાણીને તે દૂર ચાલ્યા ગયા. પછી તે વૈરીદેવે ચિત્તાઓ, વિષમય સર્પો અને વીંછીઓ વિકુર્વ્યા, તેઓથી પણ ભગવંત એક તીલતુષ માત્ર (તલની છાલ જેટલા) પણ ક્ષુબ્ધ ન થયા. એટલે તે

દેવાધમ વાજીંત્ર વગાડતી, ગાન કરતી અને અનેક હાવભાવ તથા કામચેષ્ટા કરતી એવી ઘણી કિન્નરીઓથી ભગવંતને ચલાયમાન કરવા લાગ્યો, છતાં પ્રભુ ક્ષોભ ન પામ્યા. જેમ જોરદાર વાયુથી કોઈ રીતે મેરૂપર્વત ચલાયમાન ન થાય, તેમ પ્રભુ ચલાયમાન ન થયા. પછી તે પાપાત્માએ પ્રભુના મસ્તક ઉપર મોટી ધુળની વૃષ્ટિ કરી. છતાં ભગવંત લેશમાત્ર પણ ચલાયમાન ન થયા. પછી તે દુષ્ટાત્માએ વિખરાયેલા કેશવાળા, વિકૃત આકૃતિવાળા અને મનુષ્યના મુંડ તથા ધડને ધારણ કરનારા તથા ભયંકર આકારવાળા અનેક પ્રેત અને વેતાળ વિકુર્વ્યા. તેઓથી પણ પ્રભુ ક્ષોભાયમાન ન થયા, તેથી તે દુષ્ટને બહુજ ઈર્ષ્યા ઉત્પન્ન થઈ. એટલે ભગવંતને જળમાં ડુબાડવાને માટે તે પાપીએ આકાશમાં મેઘ વિકુર્વ્યો. તેમાં કાળની જીભ સમાન વિજળીઓ ચમકવા લાગી. ગગનભેદી ગર્જનાઓથી સર્વ દિશાઓ પૂરાઈ ગઈ અને જગત્ બધું આકુળ વ્યાકુળ થઈ ગયું, એટલે મુશળધારાએ મેઘ વરસવા લાગ્યો. આકાશ અને પૃથ્વી જળમય થઈ ગઈ અને જંતુઓ અને વૃક્ષાદિક બધા પાણીમાં તણાવા લાગ્યા. તે વખતે પ્રભુના જાનું કેડ અને કંઠપર્યંત જળ વધતું ગયું. એમ કરતાં કરતાં તે નાકના અગ્રભાગ સુધી આવ્યું, તો પણ ભગવંત પોતાના ધ્યાનથી ચલાયમાન ન થયા. ભવસાગરમાં પડતા વિશ્વને એક આધારભૂત થાંભલાની જેમ સ્થિર રહ્યા. એ અવસરે ધરણેંદ્રનું આસન ચલાયમાન થયું; એટલે ભગવંતને ઉપસર્ગ થતો જાણીને તે પોતાની દેવીઓ સહિત ત્યાં આવ્યો, અને પ્રભુને નમસ્કાર કરીને પ્રભુના ચરણ નીચે કમળની સ્થાપના કરી અને મસ્તકપર

તેણે સાત ફણારૂપ છત્ર ધારણ કર્યું. તે વખતે ભગવંત ધ્યાન-સમાધિસુખની લીલારૂપ કમળપર રહેલા રાજહંસની જેવા શોભવા લાગ્યા ભક્તિ વડે નિર્ભર એવી ધરણેંદ્રની દેવીઓ (ઇંદ્રાણીઓ) પ્રભુ પાસે વેણુ, (વાંસળી) વીણા અને મૃદંગાદિ વાજીંત્રપૂર્વક સંગીત તથા નાટક કરવા લાગી. એ વખતે ભક્તિમાન્ ધરણેંદ્ર અને ઉપસર્ગ કરનાર કમઠ–એ બંને પર પ્રભુની તુલ્ય મનોવૃત્તિ હતી.

**(कमठे धरणेंद्रं च. स्वोचितं कर्म कुर्वति।**
**प्रभुस्तुल्य मनोवृत्ति, पार्श्वनाथः श्रियेऽस्तु वः ॥)**

त्रिषष्ठी सलाकापुरुषचरित्र १ पर्व

પછી એ પ્રમાણે ક્રોધ સહિત વરસતા મેઘમાળીને ધરણેંદ્રે કોપથી આક્ષેપપૂર્વક આ પ્રમાણે કહ્યું કે:—"હે દુર્મતે! પોતાના અનર્થને માટે આ તેં શું આરંભ્યું છે? હું ભગવંતનો સેવક છું, તેથી હવે હું સહન કરવાનો નથી. કાષ્ટમાં બળતા એવા મને ભગવંતે નમસ્કાર મંત્ર સંભળાવીને ઈંદ્ર બનાવ્યો અને તને પણ પાપથી અટકાવ્યો, એમાં ભગવંતે તારો શો અપરાધ કર્યો? નિષ્કારણ બંધુ એવા એ નાથ પર તું નિષ્કારણ શત્રુ શા માટે થાય છે? ત્રણ જગતને તારવામાં સમર્થ એવા એ ભગવાન પાણીથી બુડવાના નથી, પણ મને લાગે છે કે અગાધ ભવસાગરમાં તું પોતે જ બુડવાનો છે." એ પ્રમાણે કહીને ધરણેંદ્રે મેઘમાળીને હાંકી કહાડયો, એટલે તે ભયભીત થઈ ભગવંતને તેવા રહેલા અને નાગેંદ્રથી સેવાતા

જોઇને સર્વ પાણી સંહરી લઇ પ્રભુના પગમાં આવીને પડયો અને હાથ જોડી પ્રભુને ખમાવી ભક્તિપૂર્વક નમસ્કાર કરીને પશ્ચાતાપ કરતો સ્વસ્થાને ગયો. ધરણેંદ્ર પણ ભગવંતને નિરૂપદ્રવી જાણી તેમને સ્તુતિપૂર્વક નમસ્કાર કરીને સ્વભવને ગયા અને પ્રભુએ ત્યાં જ તે રાત્રી પસાર કરી.

હવે વ્રત લીધા પછી ૮૩ દિવસ પસાર થતાં ચોરાશીમે દિવસે ચંદ્રમા વિશાખા નક્ષત્રમાં આવતા ચૈત્ર માસની કૃષ્ણ ચતુર્થી (ફાગણ વદ ૪)ના દિવસે ચાર ઘનઘાતી કર્મ ક્ષય થતાં કરેલ છે અષ્ટમ તપ જેમણે એવા અને શુકલધ્યાનને ધ્યાનારા એવા ત્રિભુવનપતિ પાર્શ્વનાથ ભગવંતને દિવસના પૂર્વ ભાગમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. લોકાલોકને પ્રકાશનાર અને ત્રિકાળ-વિષયી એવું સંપૂર્ણ જ્ઞાન અને દર્શન પ્રગટ થયું, એટલે સુરાસુરોનાં આસનો કંપ્યાં, તેથી દેવોએ ત્યાં આવી હર્ષિત થઇને પોતપોતાના સર્વ કૃત્યો આ પ્રમાણે કર્યા—

પ્રથમ વાયુકુમાર દેવોએ એક યોજનપ્રમાણ પૃથ્વી સાફ કરી, મેઘકુમાર દેવોએ સુગંધી જળવૃષ્ટિથી એક યોજન પ્રમાણ પૃથ્વીને સિંચન કરી; પછી વ્યંતર દેવોએ સુવર્ણ અને રત્નનું ભૂમિપીઠ બાંધ્યું તથા જેના ડીંટ નીચે રહે એવા વિચિત્ર (પાંચે વર્ણનાં) પુષ્પો પાથર્યાં. તે ભૂમિની શોભાને માટે ચારે દિશામાં રત્ન, માણિકય અને સોનાના તોરણો બાંધ્યાં. પછી વૈમાનિક, જયોતિષ્ક અને ભવનપતિ દેવોએ મણિ, રત્ન અને સુવર્ણના કાંગરાથી સુશોભિત એવા રત્ન, સ્વર્ણ અને રજતમય ત્રણ ગઢ બનાવ્યા. વ્યંતરોએ ગઢના ચારે દ્વાર આગળ સુવર્ણ

કમળોથી અલંકૃત એવી વાવડીઓ કરી. બીજા ગઢની અંદર ઇશાન ખુણામાં ભગવંતના વિશ્રામને માટે દેવચ્છંદ તૈયાર કર્યો. સમવસરણના મધ્યમાં વ્યંતરોએ સત્યાવીશ ધનુષ્ય ઉંચું અશોકવૃક્ષ વિકુર્વ્યું. અને તેની નીચે વિવિધ રત્નમય ચાર પાદપીઠ બનાવ્યાં. તેની મધ્યમાં મણિમય પ્રતિચ્છંદ બનાવ્યો. તેની ઉપર પૂર્વ દિગ્વિભાગમાં તેમજ બીજી ત્રણ દિશામાં રત્નમય સિંહાસન સ્થાપન કર્યાં અને તે પર ત્રણ છત્ર ધારણ કર્યાં. બે બે યક્ષોએ ચારે બાજુએ બે બે ચામર ધારણ કર્યાં. ચારે દ્વાર આગળ સુવર્ણકમળ પર સ્થિત એવા ચાર ધર્મચક્ર તૈયાર કર્યાં અને બીજું પણ જે કાંઈ કર્ત્તવ્ય હતું તે બધું વ્યંતરોએ બજાવ્યું.[1] (સમવસરણના પ્રમાણનાં સંબંધમાં એક સ્થાને આવી ગાથા છે:–)

"बारसजोयणमुसहे, ओसरणं आसि नेमिजिण जाव।
दो दो गाउ ऊणं, पासे पण चउ चउवीसे ॥"

"ઋષભદેવનું સમવસરણ બાર યોજનનું, અને ત્યાર પછી નેમિનાથજી સુધી બે બે ગાઉ ઓછું–એટલે નેમિનાથજીનું દોઢ યોજનનું (છ ગાઉનું), પાર્શ્વનાથનું પાંચ ગાઉનું અને ચોવીશમા વીર પરમાત્માનું ચાર ગાઉનું સમજવું."

---

૧ ચરિત્રમાં પાદપીઠ, સિંહાસન, છત્ર, ચામર, ધર્મચક્ર વિગેરે એકેક કહેલા છે, પણ એક દિશામાં જેમ કર્યા તેમ ચારે દિશામાં સમજી લેવાના હોવાથી અહીં તેવો અર્થ કર્યો છે.

(આ ગાથાને પુષ્ટિ કરે તેવી હકીકત સમવસરણ[1] પ્રકરણાદિમાંથી મળી શકતી નથી.)

પછી દેવસંચારિત સુવર્ણકમળ પર ચરણ ધરતા કરોડો દેવોથી યુક્ત એવા પ્રભુએ સમવસરણમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને ભગવંતે અશોકવૃક્ષને પ્રદક્ષિણા કરી. પછી 'नमो तित्थस्स' એ પદથી તીર્થને નમસ્કાર કરી પૂર્વાભિમુખ સિંહાસન પર ભગવંત વિરાજમાન થયા. એટલે વ્યંતરોએ તરત બીજી ત્રણ દિશાઓમાં પ્રભુના સ્વરૂપ જેવા બીજા ત્રણ રૂપ કર્યાં. પછી પ્રભુના શરીરનું તેજ અસહ્ય જાણીને ઇંદ્રે તેમના અંગમાંથી થોડું થોડું તેજ લઇને ભામંડળ કર્યું. તે ભામંડળ પ્રભુના મસ્તકના પાછળના ભાગપર શોભવા લાગ્યું. પ્રભુની આગળ એક[2] રત્નમય ધ્વજ શોભવા લાગ્યો. અને મેઘના જેવો ગંભીર ધ્વનિ કરનાર એવો દેવદુંદુભિ આકાશમાં શબ્દ કરવા લાગ્યો.

પછી બાર પર્ષદા યથાસ્થાને સ્થિર થઈ તે આ પ્રમાણેઃ- સાધુ, વૈમાનિક દેવીઓ અને સાધ્વીઓ અગ્નિખુણામાં; ભવનપતિ, જ્યોતિષ્ક અને વ્યંતરની દેવીઓ નૈઋત્ય ખુણામાં અને વૈમાનિક દેવો, પુરુષો તથા સ્ત્રીઓ અનુક્રમે ઈશાનખુણામાં—એમ બાર પર્ષદાઓ બેસે છે. ત્રણ ત્રણ પર્ષદાઓ જુદા જુદા ચારે દ્વારથી પ્રવેશ કરી પ્રદક્ષિણા દઈ પ્રભુને નમસ્કાર કરીને પૂર્વોક્ત

---

૧ સમવસરણ પ્રકરણમાં ગઢ વિગેરેનું પ્રમાણ કહેલ છે તે કઈ અંગુળથી એમ જણાવેલ નથી. પણ તેની ગાથા ૧૩ મીમાં **माणामिणं नियनियकरेण** એમ કહેલ છે તે ઉપરથી આત્માંગુળ સમજાય છે. તત્ત્વ કેવળીગમ્ય. ૨. આ ધ્વજ પર દિશામાં ચાર સમવરણ પ્રકરણમાં કહ્યા છે. (ગાથા ૧૩મા)

ચારે દિશાઓમાં યથાસ્થાને બેસે છે. તેમાં પ્રથમ સાધુ સાધ્વીના અભાવથી તે સ્થાને કોઈ પણ ન બેસે. પ્રભુના અતિશયથી કરોડો તિર્યંચ, મનુષ્યો અને દેવો સમવસરણમાં સમાઈ શકે છે, છતાં કોઈને બાધા થતી નથી. બીજા ગઢમાં પરસ્પરના જાતિવૈરનો ત્યાગ કરી તિર્યંચો બેસે છે. કહ્યું છે કે–'સમતાવંત, કલુષતારહિત અને નિર્મોહી એવા યોગી મહાત્માનો આશ્રય કરીને (તેના પ્રતાપથી) હરિણી પોતાના પુત્રના પ્રેમથી સિંહના બાળકોનો સ્પર્શ કરે છે, મયુરી સાપ અને બીલાડી હંસના બાળને સ્પર્શ કરે છે.' પ્રેમને પરવશ થયેલી ગાય વાઘના બાળને સ્પર્શે છે.' એ રીતે જન્મથી સ્વાભાવિક વૈર ધરનારા પ્રાણીઓ પણ વૈરભાવને છોડી દે છે.

હવે ત્રિભુવનપતિ શ્રી પાર્શ્વનાથના આવા વૈભવને ઉદ્યાનપાળના મુખથી સાંભળીને અશ્વસેન રાજા રોમાંચિત થયા. પછી વનપાલકને પોતાના શરીરપર ધારણ કરેલાં તમામ આભરણો ઈનામમાં આપી, સંતુષ્ટ થઈ, વામાદેવી અને પ્રભાવતીને તે બધો વૃત્તાંત નિવેદન કરીને હાથી, રથ, અશ્વ વિગેરે તૈયાર કરાવી વામાદેવી તથા પ્રભાવતી સહિત મહર્દ્ધિપૂર્વક શ્રી પાર્શ્વનાથને વંદન કરવા ચાલ્યાં. ત્યાં પંચ અભિગમ સાચવી ત્રણ પ્રદક્ષિણા કરી ભક્તિપૂર્વક પ્રભુને નમસ્કાર કરીને તેમણે આ પ્રમાણે સ્તુતિ કરી :—

"હે નાથ! મોહરૂપ મહાગજનો નિગ્રહ કરવાથી તમે એકજ પુરુષસિંહ છો, એમ ધારીને જ જાણે દેવોએ આ સિંહાસન રચ્યું હોય એમ લાગે છે. હે વિભો! રાગ દ્વેષરૂપ

મહાશત્રુનો જય કરવાથી તમારી બંને બાજુ બે ચંદ્ર આવીને આપની સેવા કરતા હોય-તેમ બંને ચામર શોભે છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ રત્ન તમારામાં એકતા પામેલા હોવાથી તેમનું જાણે સૂચન કરતા હોય-તેમ તમારા મસ્તકપર ત્રણ છત્ર શોભે છે. ચાર પ્રકારના ધર્મને પ્રકાશતા એવા આપના ચાર મુખમાંથી પ્રગટ થતા દિવ્યધ્વનિ જાણે ચાર કષાયોનો નાશ સૂચવતો હોય-તેમ આકાશમાં ચારે બાજુ ધ્વનિત થયા કરે છે, આપે કરેલા પાંચે ઈંદ્રિયોના જયથી સંતુષ્ટ થઇને જ દેવો તમારી દેશનાભૂમિમાં મંદરાદિ પાંચ પ્રકારના (પાંચ વર્ણના) પુષ્પો વરસાવે છે જાણે આપથી કરાતી છકાયની રક્ષાને સૂચવતું હોય-તેમ ગગનસ્પર્શી પલ્લવોથી ઉલ્લસિત આ અશોકવૃક્ષ આપની ઉપર શોભી રહ્યું છે. હે નાથ! સાત ભયરૂપ કાષ્ઠને ભસ્મ કરવાથી અગ્નિસમાન છતાં આપના સંગતથી જ જાણે આભામંડળ શીતળતાને ધારણ કરતું હોય-એમ લાગે છે. ઉંચે રહીને આઠે દિશાઓમાં (ચાર દિશા ને ચાર વિદિશામાં) શબ્દ કરતો આ દુંદુભિ-જાણે આપના અષ્ટ કર્મરૂપ શત્રુસમૂહના વિજયને સૂચવતો હોસ-એમ જણાય છે; હે નાથ! સાક્ષાત્ અંતરંગ ગુણલક્ષ્મી જ હોય-તેવી આ પ્રાતિહાર્યની શોભા જોઇને કોનું મન આપનામાં સ્થિર ન થાય?"

આ પ્રમાણે જગત્પ્રભુની સ્તુતિ કરીને શ્રીમાન્ અશ્વસેનરાજા ઉદારબુદ્ધિથી ઉપાસના કરતા છતાં સપરિવાર યથાસ્થાને બેઠા. પછી ભગવંતે યોજનગામિની, અમૃત સિંચનારી અને સર્વ જીવો સમજી શકે તેવી (૩૫ ગુણવાળી) વાણીથી મધુરદેશના આપવાનો પ્રારંભ કર્યો 'શ્રી જિનેશ્વરની મધુરવાણી આગળ દ્રાક્ષ તો

ભયભીત થઇને સંકુચિત થઈ જાય છે, સાકર મુખમાં તૃણને ધારણ કરે છે અને ખીર તો સદા પાણી જેવી થઈ જાય છે.’ હવે ભગવંતે આપેલી દેશનાનું સ્વરૂપ કહે છે. તે આ પ્રમાણેઃ–

“હે ભવ્યજનો ! માનસિક દૃષ્ટિથી તમે અંતરભાવનો આશ્રય કરો અને અસારનો નિરીક્ષણપૂર્વક ત્યાગ કરીને સારનો સંગ્રહ કરો. કારણ કેઃ–ક્રોધરૂપ વડવાનળથી દુઃખે જીતાય એવો માનરૂપ પર્વતથી દુર્ગમ, માયાપ્રપંચરૂપ મગરોથી યુક્ત, લોભરૂપ આવર્તો (ભમરી)થી ભયંકર, જન્મ જરા, મરણ, રોગ, શોક અને દુઃખરૂપ જળથી ભરેલા, તેમજ ઇંદ્રિયેચ્છારૂપ મહાવાતથી ઉત્પન્ન થયેલા ચિંતારૂપ ઉર્મિઓથી વ્યાપ્ત–એવા આ અપાર સંસારસાગરમાં પ્રાણીઓને કિંમતી મહારત્નની જેમ મનુષ્ય જન્મ પામવો અતિ દુર્લભ છે. જબૂંદ્વીપ, ધાતકીખંડ અને પુષ્કરાર્ધ–એમ મળીને અઢીદ્વીપ થાય છે. તેમાં પાંચ મહાવિદેહ, પાંચ ભરત અને પાંચ ઐરવત–એ પંદર કર્મભૂમિ કહેવાય છે. તેમાં પાંચ મહાવિદેહમાં એકસો સાઠ વિજય છે, તથા પાંચ ભરત અને પાંચ ઐરવત–એ દશ મળીને એકસો સિત્તોર કર્મક્ષેત્ર થાય છે. તે દરેક ક્ષેત્રમાં અનાર્યોના પાંચ પાંચ ખંડ હોય છે અને છઠ્ઠો ખંડ આર્યભૂમિ હોય છે. તે પણ પ્રાયઃ મ્લેચ્છાદિકથી અધિષ્ઠિત હોય છે. મધ્યખંડમાં (છઠ્ઠો ખંડ) પણ ધર્મસામગ્રીના અભાવવાળા અનાર્ય દેશ ઘણા હોય છે. હવે આર્યદેશમાં પણ સુકુલોત્પત્તિ, દીર્ઘાયુષ્ય, આરોગ્ય, ધર્મેચ્છા અને સુગુરુનો યોગ–એ પાંચ વાનાં મળવાં ઘણા દુર્લભ છે. પાંચ પ્રમાદના સ્તંભ રૂપ મોહ અને શોકાદિ

કારણોથી પુણ્યહીન જનો મનુષ્ય જન્મ પામીને પણ પોતાનું હિત સમજી કે સાધી શકતા નથી. હિત સાંભળ્યા છતાં પણ ધર્મમાં તો કોઇકની જ મતિ ઉત્પન્ન થાય છે, કારણ કે સર્વ સુક્તિ (છીપ) માં કાંઈ મેઘનું જળ મુક્તાફળ રૂપે પાકતું નથી, માટે ફલાર્થી જનોએ સુખના હેતુરૂપ ધર્મનું સદા આરાધન કરવું.

તે ધર્મ દાન, શીલ, તપ અને ભાવ—એમ ચાર પ્રકારે છે. તેમાં જ્ઞાનદાન, અભયદાન અને ધર્મોપગ્રહદાન—એમ દાન-ધર્મ ત્રણ પ્રકારે કહેલ છે. સમ્યગ્જ્ઞાનથી આત્મા પુણ્ય-પાપ જાણી શકે છે અને તેથી પ્રવૃત્તિ અને નિવૃત્તિ (પુણ્યમાં પ્રવૃત્તિ અને પાપથી નિવૃત્તિ) કરીને જીવ મોક્ષને સાધી શકે છે. બીજા દાનોથી તો કદાચ કાંઈક વિનાશ (ઓછા થવાપણું) પણ જોવામાં આવે છે. પરંતુ જ્ઞાનદાનથી તો સદા વૃદ્ધિજ થાય છે અને સ્વ-પરની કાર્યસિદ્ધિ પણ એમાંજ સમાયેલી છે. સૂર્યથી અંધકારની જેમ જ્ઞાનથી રાગાદિ દૂર થાય છે. માટે જ્ઞાનદાન સમાન જગતમાં અન્ય ઉપકારક નથી. વધારે શું કહેવું ? જ્ઞાનદાનથી પ્રાણી ત્રિભુવનને પૂજિત એવું તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે. અહીં ધનમિત્રનું દૃષ્ટાંત જાણવા લાયક છે." ભગવંતે જ્ઞાનદાન, અભયદાન અને ધર્મોપગ્રહદાન—એમ ત્રણ પ્રકારે દાન પ્રરૂપ્યું, તેમાંના જ્ઞાનદાન ઉપર ધનમિત્રનું દૃષ્ટાંત પ્રકાશ્યું તે આ પ્રમાણે :—

"મગધ નામના દેશમાં રાજપુર નામે નગર છે. ત્યાં **જયંત** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને **કમલાવતી** નામે

રાણી હતી. તેમને ચંદ્રસેન અને વિજય નામના અગણિત ગુણવાળા બે પુત્ર હતા. પરંતુ પૂર્વકર્મના દોષથી પરસ્પરના તેજને સહન ન કરતાં ક્રોધને ધારણ કરી તે બંને દિવસો પસાર કરતા હતા. આ પ્રમાણે સમય પસાર થાય છે. એવામાં એક વખત રાજસભામાં બેઠેલા રાજાને દ્વારપાળે આવીને વિજ્ઞપ્તિ કરી કે :—'હે રાજેંદ્ર ! દ્વાર પાસે ઉપસ્થિત થયેલા બે પુરુષ આપના દર્શનની અભિલાષા રાખે છે.' એટલે રાજાએ કહ્યું કે :—'તે ભલે અંદર આવે.' પછી રાજાના આદેશથી બંનેએ રાજસભામાં આવી રાજાને નમસ્કાર કર્યા અને રાજાની આગળ એક પત્ર મૂકયો એટલે રાજા તેને ખોલીને પોતે વાંચવા લાગ્યો, તેમાં નીચે પ્રમાણે લખ્યું હતું.

'સ્વસ્તિશ્રી મગધેશ્વર, વિજયવંત, સમસ્ત, રાજાઓમાં મુગટસમાન ગંગા પર્યંત પૃથ્વીના સ્વામી જયંત મહારાજાને પંચાગ નમસ્કાર કરીને કુરૂદેવ વિજ્ઞપ્તિ કરે છે કે :—' આપના ચરણકમલયુગલદ્વંદ્વના સ્મરણના પ્રભાવથી અમને આનંદ છે, પણ સીમાડાનો સેવાલ રાજા અમારા દેશમાં બહુ ઉપદ્રવ કરે છે, માટે મને શરણરૂપ એવા તમેજ પ્રમાણ છો.' આ પ્રમાણે વાંચીને સ્ફુરાયમાન ક્રોધથી જેના નેત્ર અરૂણ (રક્ત) થયા છે એવો જયંત રાજા સૈનિકો અને સામંતોને કહેવા લાગ્યો કેઃ— અરે ! સુભટો ! જુઓ તો ખરા, સૂતેલા સિંહનું શિર ખણવાને સસલો તૈયાર થયો છે. મૂઢ સેવાલ ત્યાં શું કરવા ઉપસ્થિત થયો હશે ? માટે હે સુભટો ! તમે જલ્દી શસ્ત્ર બાંધી સજ્જ થાઓ.

એ વખતે બંને કુમારોએ આવીને રાજાને વિજ્ઞપ્તિ કરી કે:-'હે પિતાજી! આ સમારંભ કોની ઉપર છે? રાજાએ કહ્યું કે:-સેવાલ રાજા કુરૂદેવને ઉપદ્રવ કરે છે, તેની ઉપર આ સમારંભ છે. કુમારોએ કહ્યું કે:—'અરે! પિતાજી! શિયાળપર સિંહનું પરાક્રમ કેવું? કારણ કે:-

"यद्यपि रटति सरोषं मृगपतिपुरतोऽतिमत्तगोमायुः।
तदपि न कुप्यति सिंहोऽसदृशपुरुषेषु कः कोपः" ॥

કદાચ રોષ સહિત મત્ત શિયાળ સિંહની આગળ બરાડા પાડે તો પણ સિંહ કોપાયમાન ન થાય; કારણ કે અસદૃશ (પોતાના જેવા નહિ) જનોપર કોપ કેવો?' રાજાએ કહ્યું કે:- 'તે સેવાળની જેવો દુર્જન છે અને દુઃસાધ્ય છે કારણ કે:—

"यद्यपि मृगमदचांदनकुंकुमकर्पूरवेष्टितो लसुनः।
तदपि न मुंचति गंधं. प्रकृतिगुणा जातिदोषेण" ॥

'લસણને કદાચ કસ્તુરી, ચંદન કુંકુમ અને કપુરથી લપેટી દેવામાં આવે તો પણ તે પોતાની દુર્ગંધને મૂકતો નથી, કારણ કે જાતિદોષથી સ્વભાવ અને ગુણો કાયમ રહે છે.

કુમારોએ વિજ્ઞપ્તિ કરી કે:-'હે પિતાજી! અમને આદેશ કરો, અમે તે ગર્વિષ્ઠ શત્રુનો નાશ કરવા સમર્થ છીએ. સેવક છતાં સ્વામીએ શા માટે પ્રયાસ કરવો?' તે સાંભળીને મંત્રી બોલ્યો કે:—'હે રાજેંદ્ર! રાજકુમારોએ ઠીક કહ્યું છે, બીજાને

એમ બોલતાં પણ કેમ આવડે ?' આ પ્રમાણે સલાહ મળવાથી તે શત્રુનો નિગ્રહ કરવા માટે ખુશ થઈને રાજાએ મોટા પુત્રને આદેશ કર્યો, એટલે ક્રોધથી ચંદ્રસેન સભામાંથી જવાને તૈયાર થયો. તે વખતે સભા ક્ષોભ પામી. તેથી રાજાએ કહ્યું કે :–'હે વત્સ ! તું શા માટે ક્રોધ કરે છે ? મોટા છતાં નાનાનું ઉત્થાપન કરવું યોગ્ય નથી, ઉત્તમજનો તો સન્માનને પણ ઇચ્છતા નથી, વળી મોટાભાઈ પિતા સમાન ગણાય છે, તે હયાત છતાં નાના ભાઈને રાજ્ય આપવામાં આવે તો પણ તે ઈચ્છતો નથી.' આ પ્રમાણે રાજાએ તેને સમજાવ્યા છતાં તે શાંત ન થયો, એટલે મંત્રીઓએ સામ વચનથી તેને કહ્યું કે :–'ચંદ્રસેન ! તું દક્ષ છે છતાં પિતાનું વચન માનતો નથી એ દુર્વિનીતત્વ તને ઉચિત નથી.' ઈત્યાદિ વચનથી ચંદ્રસેન પ્રસન્ન થયો.

પછી મોટો વિજયકુમાર સૈન્યથી દુર્દ્ધર બનીને સેવાલને જીતવાને ચાલ્યો, અને સ્વદેશના સીમાડાના સરહદ (બોર્ડર) પર જઈને દૂતના મુખથી સેવાલને આ પ્રમાણે કહેવરાવ્યું કે :—'અરે ! તું હવે પોતાને સ્થાને ચાલ્યો જા, હું આવી પહોંચ્યો છું.' આ પ્રમાણે દૂતનું વચન સાંભળી સેવાલ ભીષણ ભ્રકુટી કરીને બોલ્યો કે :—'લડવાને તૈયાર થઇ જાઓ, ફોગટ વચન બોલવાથી શું ? મારા ભુજાબળનો પ્રતાપ જુઓ.' એ રીતે ક્રોધવશાત્ મળેલા બંને સૈન્ય વચ્ચે યુદ્ધ ચાલ્યું. ભવિતવ્યતાવશાત્ વિજયકુમારનું બધું સૈન્ય ભગ્ન થયું. જયંત-રાજાએ એ વાત સાંભળીને પોતે જવાનો વિચાર કર્યો, એટલે નાના પુત્ર ચંદ્રસેને વિજ્ઞપ્તિ કરી કે :—'હે પિતાજી ! હવે

મને મોકલો.' પછી પ્રધાનોએ કહ્યું કે:—'પૂર્વે પણ કુમારને બળાત્કારથી અટકાવ્યો છે, તો હવે તેને આદેશ આપવો ઉચિત છે.' રાજાએ તે વચન કબુલ રાખીને નાના કુમારને વિશેષ સૈન્ય સહિત ત્યાં મોકલ્યો, એટલે ચંદ્રસેન પણ નિત્ય પ્રયાણ કરીને શત્રુનો જય કરવા ચાલ્યો અને ત્યાં જઈ અકસ્માત્ યુદ્ધ કરીને સેવાલને કબજે કર્યો. પછી ચંદ્રસેનકુમાર સસંગલક્ષ્મી સહિત સેવાલને લઇને પોતાના નગરમાં આવ્યો. રાજાએ મહોત્સવપૂર્વક તેને નગરમાં પ્રવેશ કરાવ્યો. પછી તે શત્રુનું પણ સન્માન કરીને રાજાએ તેને પૂર્વસ્થિતિમાં સ્થાપ્યો કારણ કે: —

"संतो गृहागतं दीनं, शत्रुमप्यनुगृह्यते"

'સંતજનો ઘરે આવેલા દીન કે શત્રુપર પણ અનુગ્રહ કરે છે.'

પછી ચંદ્રસેનકુમારને બુદ્ધિ અને પરાક્રમાદિ ગુણોથી મોટો સમજી પ્રસન્ન થઈને રાજાએ યુવરાજપદપર સ્થાપ્યો એટલે વિજયકુમાર પોતાનો અત્યંત પરાભવ થવાથી લજ્જિત થઈ રાત્રે ઘરથી બહાર ચાલ્યો ગયો અને દેશાંતરમાં જઈને બહુ પૃથ્વી ભમતાં એક શૂન્ય (નિર્જન) નગરમાં આવી શ્રમથી શૂન્યાત્મા બની રાત્રે એક જીર્ણ દેવમંદિરમાં સૂતો. સવારે ફરી તે સ્થાનથી ચાલતો થયો, કારણ કે:—'પુરુષોને ફળ મળવું એ કર્માધીન છે અને બુદ્ધિ પણ કર્માનુસારિણી હોય છે; તથાપિ સુજ્ઞજનોએ સારી રીતે વિચાર કરીને કાર્ય કરવું.' તે એકાકી

ફરતાં બહુ દુઃખી થયો. કહ્યું છે કે:—'જે દિવસે આપણી પાસે ધન હોતું નથી તે દિવસે આપણો મિત્ર કોઈ થતું નથી, જુઓ સૂર્ય કમળનો મિત્ર છે, પણ પાણી વિના તે શત્રુરૂપ થઈ પડે છે.' હવે એકાકી એવો તે આમતેમ ભમતાં ટેકરાવાળી ભૂમિમાં ગયો. ત્યાં કીર્તિધર મુનિને તેણે કાયોત્સર્ગે રહેલા જોયા. તેમને જોઈ તત્કાળ બહુ જ આનંદ ઉલ્લસિત થયો. તે અંતરમાં વિચારવા લાગ્યો કે:—"અહો ! મારા ભાગ્યોદયથી અહીં મને સાધુનું દર્શન થયું. કારણ કે:—'દેવના દર્શનથી સંતોષ. ગુરૂના દર્શનથી આશીર્વાદ અને સ્વામીના દર્શનથી સન્માન મળતાં કોને હર્ષ ન થાય ?' હવે એમને નમન કરીને મારા આત્માને નિર્મળ કરૂં." એમ વિચારી શુદ્ધ બુદ્ધિથી તેણે તે મુનીશ્વરને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વંદન કર્યું. એટલે મુનિએ પણ ધર્મલાભરૂપ આશિષ આપીને તેને સંતુષ્ટ કર્યો. પછી તે ભાવથી હાથ જોડીને વિનયપૂર્વક યથાસ્થાને બેઠો. એટલે મુનિરાજે ધર્મદેશના દેવાનો પ્રારંભ કર્યો.

"આર્યદેશ, ઉત્તમ કુળ અને રૂપ, બળ, આયુ, બુદ્ધિ વગેરેથી મનોહર એવા મનુષ્યત્વને પામીને જે મૂર્ખ પ્રાણી ધર્મ કરતો નથી તે સમુદ્રમાં રહીને નાવને મૂકી દેવા જેવું કરે છે. ધર્મ એ મોહરૂપ મહારાત્રિથી વ્યાકુળ થયેલા પ્રાણીઓને સૂર્યોદય સમાન છે અને સુકા થતા સુખરૂપી વૃક્ષને તે મેઘ સમાન છે. સમ્યક્ પ્રકારે આરાધન કરતાં તે ભવ્ય જનોને સુખસંપત્તિ આપે છે, અને દુર્ગતિમાં પડતા પ્રાણીઓને બચાવીને દુઃખમુક્ત કરે છે, બંધુરહિત જનોને તે બંધુ સમાન,

મિત્રરહિતને મિત્ર સમાન, અનાથનો નાથ અને જગતના એક વત્સલરૂપ છે. જીવદયામય સમ્યગ્ધર્મને ભગવંતે ગૃહસ્થ અને યતિના ભેદથી બે પ્રકારે ઉપદેશેલો છે. હે ભદ્ર ! યથાશક્તિ તે ધર્મનો તું આશ્રય કર."

ઇત્યાદિ દેશના રૂપી મંત્રથી મોહરૂપ મોટા ઝેરનો નાશ થતાં સદ્ધર્મરૂપી ચેતના પામીને વિજયે મુનિપણું અંગીકાર કર્યું. તેને દીક્ષા આપીને મુનીશ્વરે આ પ્રમાણે ધર્મશિક્ષા આપી :—"અહો ! વિજયરાજર્ષિ ! તું એકાગ્ર મનથી હિતશિક્ષા સાંભળ :—હે મુને ! જિનેશ્વરે જે રાગદ્વેષાદિ શત્રુઓને બળાત્કારથી જીત્યા, તે શત્રુઓનું જે પોષણ કરે તેમના પર જિનેશ્વર કેમ પ્રસન્ન થાય ? માટે તે રાગદ્વેષાદિ શત્રુઓ જ જીતવા લાયક છે. વળી શાસ્ત્રમાં કહ્યું છે તે સાંભળ :—'તપના અજીર્ણ ક્રોધને, જ્ઞાનના અજીર્ણ અહંકારને અને ક્રિયાના અજીર્ણ પરઅવર્ણવાદને—એ ત્રણેને જીતીને તું નિવૃત્ત થજે.' તેમજ વળી :—'ક્ષમાથી ક્રોધ, મૃદુતાથી માન, આર્જવ (સરલતા) થી માયા અને અનિચ્છાથી લોભ—એમ ચારે કષાયોને જીતવાથી સંવર પ્રાપ્ત થાય છે. અજ્ઞાનથી દુઃખ થાય છે અને જ્ઞાનથી સુખ થાય છે. માટે નિરંતર જ્ઞાનનો અભ્યાસ કરવો કે જેથી આત્મા જ્ઞાનમય થાય, જે ધીર, જ્ઞાની, મૌની અને સંગરહિત થઇ સંયમમાર્ગે ચાલે છે, તે બળીષ્ઠ મોહાદિકથી પણ હાર્યા વગર મોક્ષે જાય છે. આ પ્રમાણે હે ભદ્ર ! તારા દીક્ષારૂપ પાત્રમાં મેં તત્ત્વોપદેશરૂપ અન્ન પીરસ્યું છે તેનો ઉપભોગ કરીને તું સુખી થજે." ફરી ગુરૂ બોલ્યા કે :-'હે મહાનુભાવ !

જેમ રોહિણીએ પાંચ ડાંગરના દાણા મેળવીને તેને વધાર્યા, તેમ તારે પણ પંચ મહાવ્રત પામીને તેને વૃદ્ધિંગત કરવા.' આ પ્રમાણે તત્ત્વામૃતનો સ્વાદ લઇને વિજયમુનિ બોલ્યા કે :–'હે પ્રભો ! એ રોહિણી કોણ ? અને તેણે ડાંગરના પાંચ દાણા કેમ વધાર્યા ? તે કૃપા કરી જણાવો.'[૧] ગુરુ બોલ્યા કે :–"તેનો સંબંધ આ પ્રમાણે છે :—

"હસ્તિનાપુરમાં દત્ત નામે શેઠ રહેતો હતો. તેને શ્રીદત્તા નામે સ્ત્રી હતી. તેમને ગંગદત્ત, દેવદત્ત, જિનદત્ત અને વાસવદત્ત–એવા નામના ચાર પુત્રો હતા, અને તે પુત્રોની ઉજ્ઝિતા ભક્ષિકા, રક્ષિકા અને રોહિણી–એવા નામની ચાર સ્ત્રીઓ હતી. એકદા પોતાના ગૃહકાર્યમાં જોડવાને માટે દત્તશેઠને તે ચારે પુત્રવધૂઓની પરીક્ષા લેવાની ઈચ્છા થઇ. એટલે એક દિવસ શેઠે તે પુત્રવધૂઓના પિતૃવર્ગ તથા સ્વજનોને એકત્ર કરીને અને ભક્તિપૂર્વક ભોજનાદિકથી તેમનો સત્કાર કરીને યથોચિત સ્થાને બેસાર્યા. પછી તેમની સમક્ષ મોટા નાનાના અનુક્રમથી તે વહુઓને બોલાવી પ્રત્યેકને ડાંગર (શાળ)ના પાંચ પાંચ દાણા આપીને શેઠે આ પ્રમાણે કહ્યું કે :–'હે પુત્રવધૂઓ ! આ પાંચ ડાંગરના દાણા તમારે સાચવવા અને હું જ્યારે માગું ત્યારે તેજ મને પાછા આપવા.' એમ કહીને સર્વ જનોને તેણે (ઘેર) જવાની રજા આપી.

પછી મોટી પુત્રવધૂએ વિચાર કર્યો કે :–'વૃદ્ધ સસરાની

---

૧. આ કથા છઠ્ઠા અંગ જ્ઞાતાધર્મ કથામાં આવે છે. પણ અહીં (આ કથામાં) નામમાં વિ. ફેર આવે છે.

બુદ્ધિ બહેર મારી ગઈ જણાય છે કે આ પ્રમાણે જેણે દ્રવ્ય ખરચી સ્વજનોને ભોજન કરાવી સર્વની સમક્ષ આ પાંચ ડાંગરના દાણા આપ્યા. મારે એ પાંચ દાણાને શું કરવા છે?' એમ ચિંતવી તે દાણા તેણે બહાર ફેંકી દીધા પછી બીજી વહુએ વિચાર કર્યો કે :–'આ દાણાને શું કરૂં? એ રાખવા પણ કયાં?' એમ વિચારી તે ખાઇ ગઈ. ત્રીજીએ વિચાર કર્યો કે:– 'વૃદ્ધ પુરુષે આવા આડંબરપૂર્વક સ્વજનોની સમક્ષ આ દાણા આપ્યા છે, માટે કંઈ પણ કારણ હોવું જોઈએ.' એમ ચિંતવી શુદ્ધ વસ્ત્રમાં તે બાંધીને તેણે પોતાની પેટીમાં મૂકયા અને પ્રતિદિન તેને સંભાળવા લાગી. ચોથી રોહિણીએ તે દાણા પોતાના ભાઈઓને આપ્યા અને દર વર્ષે તે વવરાવીને વૃદ્ધિ પમાડયા, તેથી અનુક્રમે તેના બહુ દાણા થયા.

પછી પાંચમે વર્ષે શેઠે વિચાર કર્યો કે :–'મેં વધૂઓને દાણા આપ્યા છે તેને આજ પાંચ વર્ષ થવા આવ્યા; માટે જોઉં તો ખરો કે તેમણે તેનું શું કર્યું છે?' એમ વિચાર કરી સ્વજનોને એકત્ર કરી તેમને ભક્તિપૂર્વક ભોજન કરાવીને તેમની સમક્ષ શેઠે વહુઓ પાસે તે દાણા માગ્યા. તેમાં પ્રથમ ઉજ્ઝિતા વહુને કહ્યું કે :–'હે વત્સે! તને યાદ છે? કે મેં પાંચ વર્ષ પર તમને પાંચ ડાંગરના દાણા આપ્યા હતા?' વહુ બોલી કે :–'સાચી વાત છે, તમે દાણા આપ્યા હતાં,' સસરાએ કહ્યું કે :–'તે મને પાછા આપો.' એટલે ઉજ્ઝિતાએ ઘરમાં જઈ બીજા પાંચ દાણા લાવીને આપ્યા. સસરાએ કહ્યું કે :–'વત્સે! આ તેજ દાણા છે કે બીજા?' એટલે કુલીન-

પણાથી તેણે યથાસ્થિત સત્ય કહ્યું કે:-'હે પિતાજી! આ દાણા તેજ નથી, પણ બીજા છે.' તે બોલ્યો કે:-'હે વત્સે! તે શી રીતે?' તે બોલી કે:-'હે પિતાજી? તે તો તેજ વખતે મેં નાખી દીધા હતા, આ તો બીજા છે.' એટલે સસરાએ ક્રોધાવેશમાં કહ્યું કે:—

"दानानुसारिणी कीर्ति-र्लक्ष्मीः पुण्यानुसारिणी।
प्रज्ञानुसारिणी विद्या, बुद्धिः कर्मानुसारिणी" ॥

'દાનના અનુસારે કીર્ત્તિ, પુણ્યાનુસારે લક્ષ્મી, પ્રજ્ઞાનુસારે વિદ્યા અને કર્માનુસારે બુદ્ધિ હોય છે.' એમ કહી ઉજ્ઝિતાને પોતાના ઘરમાં રાખ, છાર અને કચરો કહાડવાના-વાસીદું વાળવાના કામમાં જોડી. એટલે તે ઉજ્ઝિતા પણ તે કામ કરતાં અતિ દુઃખ પામી.

તે પછી શેઠે બીજી **ભક્ષિતા** વહુને બોલવી કહ્યું કે:-'હે વત્સે! તે દાણા આપો.' એટલે તેણે ઘરમાંથી બીજા દાણા લાવીને આપ્યા. શેઠે કહ્યું કે:-'હે વત્સે! આ તેજ દાણા છે કે બીજા? તે સાચું કહે, કારણ કે એક તરફ અસત્ય બોલવાનું પાપ અને બીજી બાજુ અન્ય બધું પાપ-એ બેની તુલના કરતાં અસત્યનું પાપ વધારે થાય છે' એટલે તેણે સત્ય કહ્યું કે:-'હે પિતાજી! આ બીજા દાણા છે.' સસરાએ પૂછ્યું-'તે શી રીતે?' તે બોલી કે:-"તમે મને દાણા આપ્યા તે વખતે મેં વિચાર કર્યો કે:-'આ દાણા ક્યાં મૂકવા? વખતસર ક્યાંય

પડી જશે.' એમ ધારીને હું તેને ખાઈ ગઈ હતી. પછી શેઠે વિચાર કરીને સ્વજનો સમક્ષ તેને પોતાના ઘરમાં ખાંડવાનું, પીસવાનું, રાંધવાનું અને પીરસવા વિગેરેનું કામ સોંપ્યું, તે કામ કરતાં ક્ષણમાત્ર પણ તે સુખ ન પામી.

પછી શેઠે ત્રીજી રક્ષિતા વહુને બોલાવી:–' હે વત્સે ! પેલા દાણા મને આપો.' એટલે તેણે હર્ષસહિત પોતાના ઓરડામાં આવીને પોતાના આભૂષણની પેટીમાંથી દાણા લઈ સસરાને આપ્યા. શેઠે પૂછ્યું કે:–'હે વત્સે ! આ તેજ દાણા છે કે બીજા ?' તે બોલી:–'હે પિતાજી ! આ તેજ દાણા છે, કારણ કે મેં આભરણની પેટીમાં એ રાખી મૂકયા હતા.' એટલે શેઠે તેને રોકડ જાળવવાનું કામ સોંપ્યું. જે કાંઈ ઘરમાં રત્ન કે સુવર્ણાદિકની વસ્તુઓ–ઘરેણું વિગેરે હતું તેનો અધિકાર તેને સોંપ્યો. તેથી તે સુખી થઈ અને લોકોએ તેની પ્રશંસા કરી.

પછી શેઠે ચોથી રોહિણીવહુને બોલાવી કહ્યું કે:–' હે વત્સે ! પેલા પાંચ ડાંગરના દાણા આપો.' એટલે તે પ્રણામ કરીને બોલી કે:–'હે પિતાજી ! ગાડાં આપો.' શેઠે પૂછ્યું–'તે શા માટે ?' તે બોલી કે:–" હે પિતાજી ! સાંભળો–જ્યારે તમે મને પાંચ દાણા આપ્યા, તે વખતે મેં વિચાર કર્યો કે:– 'મારા સસરાજીએ ઘણા માણસોની સમક્ષ આ દાણા આપ્યા છે, માટે કંઈપણ કારણ હોવું જોઇએ' એમ વિચારી મેં તે દાણા મારા ભાઈના હાથમાં આપીને કહ્યું કે:–'આ કણો તમારે વાવવા.' એટલે તેણે કણબીના હાથમાં આપ્યા અને તેણે તે વાવ્યા, પહેલે વર્ષે જેટલા ઉગ્યા તેટલા બીજે વર્ષે વાવ્યા,

એમ અનુક્રમે દર વર્ષે વાવતાં તે બહુ થઈ પડયા, તેથી તે કોઠારમાં ભર્યા છે, માટે ગાડાં આપો.” એટલે શેઠે સંતુષ્ટ થઇને ગાડાં આપ્યાં, અને તે બધા દાણા મંગાવી લીધા. આથી બધા લોકોએ તેની પ્રશંસા કરી કે:–‘અહો ! આ વહુને ધન્ય છે કે જેની આવી સારી બુદ્ધિ છે.’ પછી શેઠે તેને ગૃહ-સ્વામિની બનાવી, અને દરેક માણસને હુકમ કર્યો કે–‘એની આજ્ઞા પ્રમાણે બધાએ કામ કરવું, આ મારા ઘરની સ્વામિની છે.’ એટલે તે બહુજ સુખી થઈ.

આ દૃષ્ટાંતનો ઉપનય (સાર) એવો છે કે:–શેઠ તે સદ્‌ગુરૂ સમજવા, પાંચ ડાંગરના દાણા તે પાંચ મહાવ્રત સમજવા, જે પ્રાણીઓ પાંચ મહાવ્રત લઇને છોડી દે છે–તે ઉજ્ઝિતાની જેમ દુઃખી થાય છે, અને અસારસંસારમાં પરિભ્રમણ કરે છે. જેઓ વ્રત લઇને વિરાધના કરે છે તે પણ બીજી વહુની જેમ કષ્ટ પામે છે. જેઓ ગુરુની આજ્ઞાથી મહાવ્રત લઈને પાળે છે–નિરતિચારપણે પાળવાનો યત્ન કરે છે, તેઓ રક્ષિકાની જેમ સુખ પામે છે, અને જે મહાવ્રત લઈને વૃદ્ધિ પમાડે છે, તેઓ રોહિણીની જેમ સર્વત્ર મહત્ત્વ પામે છે. માટે હે મહાભાગ ! તારે પંચમહાવ્રત લઈને તે પરમ વૃદ્ધિને પમાડવા.”

## ઇતિ રોહિણી દૃષ્ટાંત.

વિજયમુનિ પણ તેજ પ્રમાણે હિતશિક્ષા અંગીકાર કરીને શુભ ધ્યાનમાં તત્પર થઈ સમ્યક્ પ્રકારે સંયમ પાળતાં તે

ગુરુની સાથે વિચરવા લાગ્યા. અવસરે તેને યોગ્ય જાણી ગુરુ મહારાજે આચાર્યપદ પર સ્થાપી પોતે સંમેતશિખર પર અનશન કરીને મોક્ષપદ પામ્યા.

હવે વિજયસૂરિ પોતાના શિષ્યોને વાચના અને અધ્યાપન વિગેરેમાં તત્પર રહી પૃથ્વી ઉપર વિહાર કરતા મોટી પ્રતિષ્ઠા પામ્યા. એમ કરતાં બહુ સમય પસાર થયો એટલે શાસ્રાભ્યાસના શ્રમથી અને વિવિધ ઉત્તર આપવાથી પરિણામ ભગ્ન અને થાકેલા હતા મનમાં તે આ પ્રમાણે વિચારવા લાગ્યા કે :–'અહો ! આ મુનિઓને ધન્ય છે, કે જે બીજાના પ્રશ્નોત્તર તથા શાસ્રની ચિંતારહિત હોવાથી સુખે બેસીને મજા કરે છે, માટે મૂર્ખપણું જ સારૂં છે. એક જગ્યાએ કહ્યું છે કે :—' હે સખે ! મને મૂર્ખત્વ બહુ પસંદ છે; કારણ કે તેમાં આ આઠ ગુણો રહેલા છે. મુર્ખ માણસ નિશ્ચિંત, બહુ ભોજન કરનાર, લજ્જારહિત રાત દિવસ સુનાર, કાર્ય–અકાર્યનો વિચાર કરવામાં અંધ અને બહેરો, માન–અપમાનમાં સમાન, ઘણું કરી રોગરહિત અને શરીરમાં દૃઢ હોય છે. અહો ! મૂર્ખ સુખે જીંદગી ગાળે છે.' જ્યારે હું વધારે ભણ્યો છું ત્યારે (બીજા) શાસ્રનો ઉત્તર માગી માગીને મને પારાવાર કંટાળો આપે છે.' આવા દુર્ધ્યાનથી તે આચાર્યે જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું. તે કર્મ આલોવ્યા સિવાય મરણ પામીને સૌધર્મ દેવલોકમાં તે દેવ થયા. ત્યાં આયુષ્ય પૂર્ણ કરી ચ્યવીને પદ્મપુરમાં ધનશેઠના પુત્રપણે ઉત્પન્ન થયા. તેનું **જયદેવ** એવું નામ રાખવામાં આવ્યું. શેઠે બાલ્યવયમાં તેને નિશાળ ( સ્કૂલ )માં ભણવા મોકલ્યો. ત્યાં

પંડિત ભણાવે, પણ એક અક્ષરમાત્ર તેને આવડે નહિ. શું કરે ? શેઠને ચિંતા અને ખેદ થઇ પડયો. તે વિચારવા લાગ્યો કે :—'જન્મ ન પામેલ અને મરણ પામેલ પુત્રો સારા, કારણ કે તેથી થોડું દુઃખ થાય છે; પણ મૂર્ખ પુત્ર સારો નહીં, કેમકે તે તો જીંદગી સુધી બાળ્યા કરે છે.' પછી તે શેઠ પુત્ર ભણી શકે તેમ કરવા માટે અનેક દેવોની માનતા અને વિવિધ દવાઓ કરવા લાગ્યા, પણ તેને કંઈ આવડયું નહિ. તે યૌવન પામ્યો, એટલે લોકો કહેવા લાગ્યા કે-'આ મૂર્ખ છે.' આથી તેને વૈરાગ્ય થતાં વિમળચંદ્ર આચાર્ય પાસે તેણે દીક્ષા અંગીકાર કરી. તે અનુક્રમે ચારિત્ર પાળે છે અને યોગવહન કરે છે, પણ કંઇ પાઠ આવડતો નથી. તેથી તેમણે બાર વરસ પર્યંત આંબિલ વિગેરે તપ કર્યું, છતાં કંઇ અક્ષરમાત્ર આવડયું નહિ. ગુરુમહારાજે કહ્યું કે:–'હે સાધો તમને પૂર્વોપાર્જિત કર્મ ઉદયમાં આવ્યું છે, તો ખેદ ન કરો' અને 'રે જીવ ! મા રૂષ, મા તુષ.' એમ બોલ્યા કરો.' તેટલું પણ તેને આવડયું નહિ, એટલે 'માસતુસ, માસતુસ' એમ તે વારંવાર બોલવા લાગ્યા. તે સાંભળી લોકોએ '**માસ તુસ** નામના ઋષિ' એવું તેમનું નામ રાખ્યું, પછી તે માસતુસ ઋષિ ઉહાપોહ કરતાં આંબિલ તપ કરતાં તથા શુકલધ્યાન ધ્યાવતાં કેવળજ્ઞાન પામ્યા. એટલે પાસે રહેલા દેવોએ દુંદુભિનાદપૂર્વક સુવર્ણકમળની રચના કરી. ત્યાં બેસીને કેવળી ભગવંત ધર્મોપદેશ દેવા લાગ્યા કે :— "હે ભવ્યજનો ! મેં પૂર્વભવમાં શિષ્યોને શાસ્ત્ર ભણાવતાં અને અર્થ આપતાં ભગ્ન મનથી જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું હતું, આ ભવમાં તે કર્મ મને ઉદય આવ્યું, તેથી મને એક અક્ષર

પણ આવડતો નહિ. ‘હસતાં હસતાં જે કર્મ બંધાય છે તે રોતાં રોતાં પણ છુટતું નથી, માટે જીવે કર્મ ન બાંધવા.’ છેવટે એ કર્મનો સર્વથા ક્ષય થતાં મને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે.” આ પ્રમાણે તેમના ઉપદેશથી ઘણા ભવ્ય જીવો પ્રતિબોધ પામ્યા. પછી તે કેવળી પૃથ્વી ઉપર વિહાર કરી બહુ જીવોને પ્રતિબોધ પમાડી શત્રુંજય તીર્થપર સિદ્ધિપદને પામ્યા.” એમ જાણી જ્ઞાન મેળવીને પાણીમાં પડેલ તેલબિંદુની જેમ તેનો સર્વત્ર વિસ્તાર કરવો.

હવે બીજું અભયદાન—એટલે દુઃખ પામતા અથવા મરણ પામતા જીવોનો બચાવ કરવો તે. ત્રણ ભુવનના ઐશ્વર્યનું દાન દેવા કરતાં અભયદાન વધારે શ્રેષ્ઠ છે. ભયભીત પ્રાણીઓને જે અભય દેવામાં આવે છે તે પણ અભયદાનજ સમજવું. કારણ કે:—‘સુવર્ણ, ગાય અને ભૂમિનું દાન કરનાર જગતમાં ઘણા મળી આવે છે, પણ પ્રાણીઓને અભયદાન આપનાર પુરુષ મળવા દુર્લભ છે. પોતાના જીવિતવ્યને માટે અભયપણું મળવાથી એક દીનમાં દીન પુરુષ પણ હર્ષથી પોતાના આત્માને ત્રણ લોકનો સ્વામી માને છે. આ સંબંધમાં વસંતકનું દૃષ્ટાંત નીચે પ્રમાણે છે :—

“શ્રી વસંતપુરમાં મહાબળવાન્, તેજસ્વા અને પ્રતાપી એવો **મેઘવાહન** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને **પ્રિયંકરા** નામે પટરાણી હતી, તેને બીજી પણ પાંચસો રાણીઓ હતી. તે રાણીઓ સાથે વિષયસુખ ભોગવતાં અને રાજ્યસુખનો અનુભવ કરતાં તે રાજા સુખે કાળ પસાર કરતો હતો અને

લોકો પણ હર્ષિત થઈ સુખે રહેતા હતા, તથા દાનપુણ્યાદિક કરતા હતા.

એક રાત્રે સીપાઈઓએ (પોલીસોએ) ચોરીના માલ સહિત કોઈ ચોરને જોયો; એટલે તે બાંધીને બીજે દિવસે તેઓ રાજસભામાં બેઠેલા રાજાની આગળ લઈ આવ્યા. રાજાએ તે ચોરને જોઇને પ્રસન્ન વાણીથી તેનાં બંધનો ઢીલા કરાવીને વિસ્મય (આશ્ચર્ય) પૂર્વક પૂછયું કે:-'અરે! બોલ, તારો દેશ કયો? અને જાતિ શી? આવી નૂતન અવસ્થામાં આવું વિરૂદ્ધ કર્મ તેં શા માટે આરંભ્યું?' તે સાંભળીને પગલે પગલે સ્ખલના પામતા વચનથી તે ચોર આ પ્રમાણે બોલ્યો કે:—'હે નાથ વંધ્યપુર નગરમાં **વસુદત્ત** નામે શેઠ રહે છે, તેનો હું **વસંતક** નામે પુત્ર છું, પિતાએ મને લાલનપાલન કરી ભણાવીને પરણાવ્યો, પણ હું દુષ્કર્મયોગે જુગારી થયો. માબાપ તથા સ્વજનોએ વાર્યા છતાં અને વારંવાર શિખામણ આપ્યા છતાં જુગારના વ્યસનથી હું અટકયો નહિ. લોકો પણ મને કહેવા લાગ્યા કે:-'ઉત્તમ અને કુલીન એવા તને જુગારનું વ્યસન ઉચિત નથી, વળી લોકો ઈર્ષ્યા કરવામાં કુશળ હોય છે એ ખરી વાત છે, પણ તારે તેમ ન માનવું; કારણ કે ગધેડો પારકી દ્રાક્ષને ચરતો હોય, તેથી જો કે પોતાને કંઈ હાનિ થતી નથી છતાં તે અનુચિત જોઈને લોકોનું મન ખેદ પામે છે.'

પછી મારા પિતાએ રાજસભામાં જઈ તેના વારસપણામાંથી મારો હક્ક બરબાદ (નાબુદ) કરીને મને ઘરમાંથી કહાડી

મૂક્યો. કારણ કે:—'શત્રુ પણ જો શ્રેષ્ઠ હોય તો તેને માન્ય કરવો કારણ કે રોગીને કડવું ઔષધ આપી શકાય, પણ પ્રિય છતાં દુષ્ટ હોય તો સર્પથી ડશેલ અંગુઠાની જેમ તેનો ત્યાગ કરવો.' હે રાજન્ ! મારા પિતાએ કાઢી મૂક્યો ત્યારથી હું નિરંકુશપણે સર્વત્ર ભમુ છું, ચોરી કરૂં છું, જુગાર રમું છું, ઘરે ઘરે ભિક્ષા માંગું છું, અને શૂન્ય દેવાલયમાં સુઇ રહું છું. આવી રીતે પાપકર્મ કરતો અને ફરતો ફરતો હું અહીં આવ્યો. આજ રાત્રે જ ચોરી કરવામાં પ્રવૃત્ત થયો. એવામાં તમારા સેવકોએ મને દીઠો, એટલે બાંધીને અહીં લઇ આવ્યા. હે રાજેંદ્ર ! આ મારો પોતાનો વૃત્તાંત જેવો હતો તેવો મેં કહ્યો છે, હવે તમને યોગ્ય લાગે તેમ કરો." એટલે રાજાએ 'ચોરને મુક્ત કરવો ન જોઈએ' એમ ધારીને કોટવાળને આદેશ કર્યો કે:—'આને શૂળીએ ચડાવો,' કોટવાલે તરત જ તેને ત્યાંથી ચાલતો કર્યો. એવામાં રાજાની ડાબી બાજુના આસનપર બેઠેલી પ્રિયંકરા પટરાણીએ તેને દીન, શરણરહિત અને શૂન્ય જોઇને રાજાને વિજ્ઞપ્તિ કરી કે:—'હે નાથ ! આજ એ ચોરને મને સોંપો કે જેથી હું એક દિવસ એના મનોરથને પૂર્ણ કરૂં, આવતી કાલે સવારે હું પાછો એને આપને હવાલે કરીશ.' રાણીનું વચન ન ઓળંગી શકવાથી રાજાએ તે ચોર રાણીને સોંપ્યો, એટલે રાણીએ તેના બંધન છોડાવીને તેને પોતાના ઘરમાં અણાવ્યો. પછી પટરાણીની આજ્ઞાથી પરિવાર-જનોએ શતપાકાદિક તેલથી તેનું આદરપૂર્વક મર્દન કરી સ્નાન-પીઠ પર બેસાડી સુવર્ણકળશમાં ભરેલ, સ્વચ્છ, અને સુગંધી ગરમ પાણીથી તેને સ્નાન કરાવ્યું. પછી સુકોમળ અને સૂક્ષ્મ

વસ્ત્રથી તેનું શરીર લુછીને કદલીના ગર્ભસમાન કોમળ દિવ્ય વસ્ત્ર પહેરાવ્યા. તેના મસ્તકના કેશને કૃષ્ણાગુરૂ-ધૂપના ધુમાડાથી વાસિત કર્યા. પછી ચંદનના રસથી તેના અંગને વિલેપન કરી તેમણે યથાસ્થાને તેને અલંકારો પહેરાવ્યા. બંને બાહુમાં કંકણ, આંગળીમાં ઉર્મિકા (વીંટી), કાનમાં કુંડળ, મસ્તકે મુગટ અને કંઠમાં હાર તથા અર્ધહાર પહેરાવ્યા. પછી એક વિશદ આસન પર બેસાડીને સારા પાટલા પર સોનાનો થાળ તથા વાડકા વિગેરે મંડાવ્યા અને વિવિધ વર્ણના પકવાન ઘીપૂરાદિક (ઘેબર આદિ), દાળ, ઘી, દહિં ભાત આદિ બધું પીરસાવી રાણીએ તેને ગૌરવસહિત પાસે બેસીને ભોજન કરાવ્યું. પછી કર્પૂરમિશ્રિત પાન ખવરાવ્યું. ત્યાર પછી તેને પલંગ પર બેસાડીને તેની આગળ બેસી રાણીએ પોતે વિચિત્ર કથા, અને કાવ્યરસથી તેને વિનોદ પમાડયો. દિવસના પાછલા ભાગમાં રાણીના હુકમથી સેવકોએ તેને એક સારા અશ્વ પર બેસાડી પટ્ટસૂત્રમય લગામ હાથમાં આપી, મસ્તક પર છત્ર ધારણ કરી, ચારે બાજુ યત્નપૂર્વક સેંકડો સુભટોથી યુક્ત થઈ પંચ શબ્દમય વાજીંત્રના નિર્ઘોષ (અવાજ) પૂર્વક સર્વત્ર નગરમાં ધીરે ધીરે ફેરવ્યો. સર્વ નગરજનોથી જોવાતો અને સર્વત્ર કૌતુકોને જોતા એવા તેને સાંજે ફેરવીને પાછો મહેલમાં લાવ્યા. પછી રાત્રે પલંગ પર કોમળ શય્યામાં ઓશીકા વિગેરે આપી તેને સુવાડીને પ્રેમ ઉપજાવી લીલાપૂર્વક રાત્રી પસાર કરાવી. સવારે પાછો તેનો હતો તે જ વેષ પહેરાવી તેને રાજાને સોંપ્યો.

પછી રાજા વધને માટે જેટલામાં તે કોટવાળને સોંપે છે; એવામાં બીજી રાણીએ તે જ પ્રમાણે તેની માગણી કરી, અને પૂર્વ પ્રમાણે જ તેને તેલાદિની માલીસ, સ્નાન અને ભોજન કરાવ્યું. અને તે જ પ્રમાણે તેનું લાલન પાલન કર્યું. એમ અનુક્રમે સાપત્નયભાવથી ઉત્પન્ન થયેલ સ્પર્ધાને લીધે બાજી રાણીઓએ પણ અનુક્રમે એક એક દિવસ રાજાને વિનવી તેની માગણી કરીને બહુ ધનના ખર્ચપૂર્વક વિવિધ ઉત્સવોથી તે ચોરના મનોરથ પૂર્યા.

હવે તે રાજાને પોતાનું કુળવ્રત પાળતી, અલ્પ પરિવાર-વાળી અને પોતાના જ કર્મના દોષને માનનારી એવી શીલવતી નામે પાંચસો રાણી ઉપર એક અણમાનિતી રાણી છે, કે જેને રાજાએ વિવાહ કર્યા પછી નજરે પણ જોઈ નથી. તેણે સાહસ પકડીને રાજા પાસે આવી વિજ્ઞપ્તિ કરી કે :–' હે સ્વામિન્ ! હે પ્રાણાધાર ! હે પ્રાણવલ્લભ ! મેં કદાપિ કંઇ પણ આપની પાસે માગણી કરી નથી, તેથી જો આપની આજ્ઞા હોય તો આજે કંઈક માગણી કરૂં.' રાજાએ કહ્યું કે :–'માગ.' તે બોલી કે :–'આ ચોર મને આપો અને એને અભયદાન આપો.' તે સાંભળી રાજાએ તેનું ગુણગૌરવ જાણીને તે કબુલ રાખ્યું, અને કહ્યું કે :–'હે પ્રિયે ! તારા વચનથી એ ચોરને હું મુક્ત કરૂં છું.' પછી તે રાણીએ તે ચોરને પોતાને ઘેર લઈ જઈને સંક્ષેપ ( ઓછી સરભરા ) થી સ્નાન ભોજન કરાવી નજીવી ( થોડી ) કિંમતના વસ્ત્ર પહેરાવીને અભયદાન આપ્યું. એટલે તે ચોર રાજ્યના લાભ કરતાં પણ તેને અધિક લાભ માનવા

લાગ્યો. પછી તે અહોરાત્ર (દિવસ રાત) પસાર થતાં શીલવતી રાણીએ તેને ધર્મપુત્ર માનીને વિસર્જન કર્યો; એટલે તે ચોર સિંહાસન પર બેઠેલા રાજાને પ્રણામ કરવા આવ્યો. ત્યાં બહુ હર્ષિત થઈને તે રાજાને પ્રણામ કરવા લાગ્યો; એટલે રાજાએ વિસ્મિત થઈને તેને પૂછ્યું કે :—'અરે ચોર! સાચું બોલ, આજ તું કેમ બહુ ખુશી દેખાય છે? આટલા દિવસો તો તું મેષ ચોપડી હોય તેના જેવા કાળા (પડી ગયેલા) મુખવાળો થઇને મારી પાસે આવતો હતો, અને આજ તો સાધારણ વેષમાં છતાં બહુ આનંદી દેખાય છે.' તે બોલ્યો કે :–'હે નાથ! સાંભળો, મને શૂળી પર ચડાવવાના શબ્દો જ્યારથી મારા કાનમાં પેઠા હતા ત્યારથી મને બધું શૂન્ય દેખાતું હતું. પાણી અને અન્ન ઝેર સમાન, પલંગ કાંટાની પથારી સમાન, અને ઘોડો ગધેડા સમાન–બધું વિપરીત લાગતું હતું. મરણની શંકાથી મને બધું દુઃખદાયક લાગતું હતું. આજે શીલવતી રાણીની પ્રાર્થનાથી આપશ્રીએ નિશ્ચયપૂર્વક મને અભયદાન આપ્યું તેના પ્રભાવથી હું બધું પૂર્ણ સુખ જોઉં છું.' પછી શીલવતી રાણીએ રાજાને કહ્યું કે :—'હે સ્વામિન્! આપના મુખથી એને અભય આપો.' રાજાએ કહ્યું કે :–'તેને અભય આપ્યું, હવે બીજું કાંઇ કહેવું હોય તો નિવેદન કર.' તે બોલી કે :—'હે નાથ! આપના પ્રસાદથી મને બધાં સારાં વાનાં છે, મને કાંઈ પણ ન્યૂનતા નથી.' આ પ્રમાણે સાંભળીને રાજાએ ચિંતવ્યું કે :—'અહો એનું ગાંભીર્ય!! અહો! નિર્લોભતા ગુણ! અહો! વચનમાધુર્ય! અહો! ખરેખર આના પ્રભાવથી જ મારૂં રાજ્ય વૃદ્ધિ પામે છે.' આ પ્રમાણે તેના

ગુણથી સંતોષ પામીને રાજાએ તેને પટરાણી બનાવી. એટલે પતિના પ્રસાદને પામીને સદ્ગુણરૂપી પાણીથી તે પોતાનું પાત્ર ધોવા લાગી. પોતાના ગુણોથી તે રાણી સર્વત્ર પ્રખ્યાત થઇ અને તે વસંતક પણ ત્યાં જ રહીને રાજ સેવા કરવા લાગ્યો. જુગાર, ચોરી વિગેરે સર્વ છોડી દીધું અને સદાચારમાં તત્પર થઇને સમય પસાર કરવા લાગ્યો. શીલવતી રાણી ગૃહસ્થધર્મમાં પરાયણ થઈ સુખ ભોગવતાં અભયદાનના પ્રભાવથી કાળ કરીને નવમા ગ્રૈવેયકમાં દેવત્વ પામી.[૧] ત્યાં એકત્રીશ સાગરોપમનું આયુષ્ય ભોગવીને તે મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધિપદને પામશે. વસંતક પણ ગુરુના યોગથી પાંચ અણુવ્રત અંગીકાર કરી સમ્યક્ પ્રકારે પાળીને સ્વર્ગે ગયો. આ પ્રમાણે અભયદાનનું મહાત્મ્ય જાણીને અભયદાન દેવું.

## ઇતિ અભયદાનોપરી વસંતક દષ્ટાંત.

ભગવંત પાર્શ્વનાથ ભવ્ય જીવોને પ્રતિબોધ આપે છે કે:—'હે ભવ્ય જીવો ! સાંભળો-સાધુઓને અન્ન, ઉપાશ્રય, ઔષધ, (દવા) વસ્ત્ર, પાત્ર (ઉપકરણ) અને જળદાન આપવાથી પ્રાણી કરોડો ભવના ભેગા થયેલ પાપો ખપાવી ચક્રવર્ત્તી અને તીર્થંકર પદવી પામે છે. પાત્રે આપેલ દાન મનુષ્યને બહુ ફળદાયક થાય છે. કહ્યું છે કે—

---

૧. ગૃહસ્થ ધર્મ પાળનાર ઉત્કૃષ્ટા બારમે દેવલોકે જાય છે. અહીં નવમાં ગ્રૈવેયકે ગયાનું લખ્યું છે તે વિચારણીય છે. ચારિત્ર ગ્રહણ કરીને ગયાનું પાર્શ્વનાથ પદ્યબંધ ચરિત્રમાં કહ્યું છે.

"खलोपि गवि दुग्धं स्यात्-दुग्धमप्युरगे विषम् ।
पात्रापात्रविचारेण, तत्पात्रे दानमुत्तमम्" ॥

'ખલ, (ખોળ) પણ ગાયને આપવાથી તે દુધરૂપે થાય છે અને દુધ સર્પને આપવાથી તે વિષરૂપે થાય છે; માટે પાત્રાપાત્રનો વિચાર કરતાં સુપાત્રે આપેલ દાન સર્વોત્તમ છે.' તેવા ઉત્તમ પાત્ર તો સાધુઓ જ કહેવાય. સત્તાવીશ ગુણ સહિત,પંચ મહાવ્રતના પાલક અને અષ્ટ પ્રવચન માતાના ધારક હોવાથી સાધુઓ જ ઉત્તમ પાત્ર છે. સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે:—'ઉત્તમ પાત્ર સાધુ, મધ્યમ પાત્ર શ્રાવક અને જઘન્ય પાત્ર અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જાણવા.' માટે સાધુઓ મુખ્ય પાત્ર હોવાથી તેમને પ્રથમ દાન આપવું. તેમજ સાધર્મિકોને પણ દાન આપવું. શ્રી સિદ્ધાંતમાં કહ્યું છે કે:—'તથાપ્રકારના શ્રમણ માહણ (સાધુ)ને પ્રાસુક અને એષણીય અશન, પાન, ખાદિમ અને સ્વાદિમનું દાન આપવાથી પ્રાણીઓ આયુ સિવાય બીજાં સાત કર્મોની ગાઢ પ્રકૃતિઓને શિથિલ કરે છે અને તેથી કેટલાક જીવો તેજ ભવે મોક્ષે જાય છે—સર્વ દુઃખનો અંત કરે છે, કેટલાક જીવો બે ભવે સર્વ દુઃખનો અંત કરી સિદ્ધ થાય છે, જઘન્યથી ઋષભદેવ સ્વામીના જીવની જેમ તેર ભવનું ઉલ્લંઘન તો કરતા જ નથી.'

મુગ્ધભાવથી પણ સુપાત્રે દાન આપવાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આ સંબંધમાં નીચે જણાવેલું દ્રષ્ટાંત શ્રવણીય છે:—

મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયમાં જયપુર નામના નગરમાં **જયશેખર** નામે રાજા રાજ્ય કરતો હતો. ત્યાં ચાર વ્યવહારી પુત્રો પરસ્પર મિત્ર હતા. તેમાં પ્રથમ ચંદ્ર, બીજો ભાનું, ત્રીજો ભીમ અને ચોથો કૃષ્ણ. એ ચારે પરસ્પર એકરૂપ થઈ પરમ મિત્રપણે પરસ્પરના હિતને ઈચ્છતા છતા અન્યોન્ય હસતા અને ક્રીડા કરતા હતા. કહ્યું છે કે :–'પોતાની સાથે એકરૂપ થનાર જળને ખીરે પોતાના બધા ગુણો આપ્યા, પછી ખીરને તપ્ત થયેલ જોઇને પાણીએ અગ્નિથી બળવા માંડયું. એટલે મિત્રની આપત્તિ જોઇને દુભાયેલ ખીર (દુધ) અગ્નિમાં પડવાને તૈયાર થયું; તેને જ્યારે પાણી છાંટયું–પાણી મળ્યું ત્યારે તે શાંત થયું.' આ દ્રષ્ટાંત ઉચિત છે. ખરેખર ! સંત જનોની મૈત્રી એવી જ હોય છે. 'આપે અને ગ્રહણ કરે, ગુહ્ય કહે અને સાંભળે, તથા ભોજન કરે અને કરાવે એ પ્રીતિનાં છ લક્ષણો છે.' તેઓ પિતાએ ઉપાર્જન કરેલી લક્ષ્મીનો યથેચ્છ ઉપભોગ કરતા હતા.

એકદા ચંદ્રે વિચાર કર્યો કે :–'ખરેખર અમે ભાગ્યવંત નથી. કારણ કે બાલ્ય ભાવમાં તો માતાનું દૂધ અને પિતાનું ધન ભોગવવું યોગ્ય છે, પણ યૌવન વયમાં તો જે સ્વભુજાથી ઉપાર્જન કરેલ લક્ષ્મી ભોગવે અને તેનું દાન કરે તેજ ઉત્તમ છે. મૂળને હાનિ પહોંચાડે તો તે અધમ કહેવાય છે. માટે ધન મેળવવાનો ઉપાય કરવો યુક્ત છે; અને આવક વિના ખર્ચ કરવો તે યોગ્ય નથી. કહ્યું છે કે :–' આવક વિના ખર્ચ કરનાર, અનાથ છતાં કજીયા પ્રિય અને આતુર (વ્યાધિગ્રસ્ત)

છતાં બધું ખાનાર–પુરુષ જલ્દી વિનાશ પામે છે.' આ પ્રમાણે વિચાર કરીને તેણે અન્ય ત્રણ મિત્રોને પોતાનો અભિપ્રાય દર્શાવ્યો. એટલે તે બધાએ નિર્ણય કર્યો કે :–'નાવના સાધન વડે સમુદ્રનો વ્યાપાર કરવો.' એમ વિચારીને તેમણે પોતપોતાના પિતાને તે વાત નિવેદન કરી. એટલે તેઓએ કહ્યું કે :– આપણા ઘરમાં બહુ ધન છે, માટે ઇચ્છા પ્રમાણે તેનો ઉપભોગ કરો, તમારે કમાવા જવાની જરૂર નથી. પુત્રોએ કહ્યું કે :– 'અમારે અવશ્ય પરદેશ કમાવા જવું જ છે, માટે આજ્ઞા આપો' એટલે ફરી તેમણે કહ્યું કે –'તમે ભોળા છો, લોકો ઠગ છે, પરદેશ વિષમ છે અને સમુદ્રમાર્ગનો વ્યાપાર વધારે મુશ્કેલ છે.' ઈત્યાદિ યુક્તિઓથી બહુ રીતે સમજાવ્યા છતાં તેઓ સમુદ્રમાર્ગે જવાને તૈયાર થયા અને કરિયાણાથી નાવ ભરીને અપશુકનથી નિવારિત થયા છતાં ચાલતા થયા. સમુદ્રમાં ચાલતાં ત્રણ દિવસ થયા, એવામાં આકાશમાં ગર્જના, વીજળી અને મહા પવનનો ઉત્પાત થયો, એટલે વહાણ ભાંગી ગયું અને તેમાં રહેલા લોકો સમુદ્રમાં આમતેમ લથડીયાં ખાઈને ડુબી ગયા. કેટલાક ભાગ્યવશાત્ પાટીયાના આધારથી કિનારે નીકળ્યા. ચંદ્ર પણ પાટીયાના આશ્રયથી સાતમે દિવસે કિનારે નીકળ્યો. તે ચિત્તમાં ચિંતવવા લાગ્યો કે :–'અરે ! મેં બધા લોકોને કષ્ટમાં નાખ્યા, પિતા અને સ્વજનોએ વાર્યા છતાં હઠથી આ કામ કરતાં મને તેનું અનિષ્ટ ફળ મળ્યું, હવે મારે જીવવાનું શું પ્રયોજન છે ?' આ પ્રમાણે વિચારી વસ્ત્રના ફાંસાથી વૃક્ષમાં પોતાના કંઠને બાંધીને નીચે લટક્યો. એવામાં કોઈ બ્રાહ્મણ ત્યાં આવવાથી છુરીવતી ફાસો કાપી નાંખીને બોલ્યો :–'હે

સાત્વિક ! તારે આત્મઘાતનું મહાપાતક ન કરવું, શાસ્ત્રોમાં એને મોટું દૂષણ કહેલ છે.’ એમ કહીને તે ચાલ્યો ગયો. પછી ચંદ્રે બીજા પર્વત પર જઈને વળી ગળે ફાંસો બાંધ્યો, એટલે ત્યાં કાયોત્સર્ગે રહેલા કોઈ સાધુએ કહ્યું કે ‘સાહસ ન કર.’ ચંદ્રે ચોતરફ જોયું, તો વૃક્ષોની ઘટામાં રહેલા કોઈ મુનિ તેના જોવામાં આવ્યા. તેમની પાસે જઈ નમસ્કાર કરી ચંદ્રે કહ્યું કે:-‘ હે નાથ ! મંદભાગ્યવાળા એવા મારે હવે જીવિતથી શું ? સાધુ બોલ્યા કે:-‘આત્મઘાત (આત્મહત્યા)ના પાપથી પ્રાણીઓ દુર્ગતિએ જાય છે, અને જીવતો નર ભદ્ર (કલ્યાણ) પામે છે.’ આ સંબંધમાં મારૂં જ દૃષ્ટાંત સાંભળ:—

“મંગળપુર (જયપુર)માં નીતિને જાણનાર એવો ચંદ્રસેન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ભાનુમંત્રી નામે પ્રધાન હતો. તે પ્રધાનને સરસ્વતી નામની સ્ત્રી હતી. તેમને પરસ્પર બહુજ પ્રીતિ હતી. એકદા પ્રધાને પલંગ પર તેને રૂદન કરતી જોઈ, એટલે તેણે પૂછ્યું કે:—‘ હે પ્રિયે ! શા માટે રૂદન કરે છે ?’ તે બોલી કે —‘ હે નાથ ! કંઈ નથી.’ ફરી તેણે આગ્રહથી પૂછ્યું, એટલે તે બોલી કે:—‘ હે સ્વામિન્ ! અન્ય સ્ત્રીની સાથે વિલાસ કરતાં તમને મેં આજે સ્વપ્નમાં જોયા, તે માટે હું રૂદન કરૂં છું.’ તે સાંભળીને પ્રધાન બોલ્યો કે:—‘ અહો ! જો સ્વપ્નમાં પણ સપત્નીને જોઈ દુઃખી થાય છે, તો સાક્ષાત્ જોઈને તેની શી દશા થાય ?’ એમ વિચારીને તેણે કહ્યું કે:- ‘ હે પ્રિયે ! આ ભવમાં તુંજ પત્ની છે; તું જીવતાં હું જીવું છું અને મરણ પામતાં હું પ્રાણત્યાગ કરવા તૈયાર છું.’ આ પ્રમાણે કહેવાથી તેમનો સ્નેહ પ્રકર્ષ–વૃદ્ધિ પામ્યો

એકદા પ્રધાન સહિત રાજા સેના લઈને દૂર દેશ ગયો હતો. ત્યાં એક દિવસે દંપતી (પતિપત્ની)ના વિષયમાં સ્નેહ-પ્રસ્તાવની વાત નીકળતાં ભાનુમંત્રીએ રાજાની આગળ સ્નેહરૂપ વર્ણવ્યું; એટલે રાજાએ તેના સ્નેહની પરીક્ષા માટે એક પુરુષને જયપુર મોકલ્યો. તેણે રાજાના આદેશથી ભાનુમંત્રીપરની વિપત્તિની ખોટી વાત સરસ્વતી આગળ દુઃખ સહિત નિવેદન કરી. તે સાંભળીને તત્કાળ હૃદય ફાટી જવાથી સરસ્વતી મરણ પામી, એટલે તે પુરુષે સેનાની છાવણીમાં જઇને રાજાને તે વાત જણાવી, વજ્રઘાત સમાન તે વાત સાંભળીને રાજા ચિંતવવા લાગ્યો કે:–'અહો ! મેં ફોગટ સ્ત્રીઘાતનું પાપ માથે લીધું, પણ પ્રધાન એ વાત ન સાંભળે ત્યાં સુધીમાં તેને બચાવવાનો ઉપાય કરૂં.' એમ નિશ્ચય કરીને રાજા પ્રધાનને ઉતારે ગયો. એટલે અમાત્યે સંભ્રમથી કહ્યું કે:—'હે સ્વામિન્! સેવકની પાસે તમે પોતે પધાર્યા એ શું ?' રાજા બોલ્યો કે:—'હું તારી પાસે કંઇક માગવા આવ્યો છું.' મંત્રી બોલ્યો કે:—'હે રાજન્! હુકમ કરો.' એટલે રાજા બોલ્યો કે–'સ્નેહની પરીક્ષા કરવા મેં તારી સ્ત્રીની આગળ તારા મરણના સમાચાર કહેવરાવ્યા, તે સાંભળીને તે મરણ પામી, માટે હવે મારી પ્રાર્થના છે કે તારે મરણનો પ્રયાસ ન કરવો.' તે સાંભળીને પ્રધાનને મૂર્છા આવી ગઈ; એટલે રાજાએ શીતળ ઉપચારથી તેને સજ્જ કર્યો પછી પ્રધાન બોલ્યો કે –'હે સ્વામિન્ ! મારૂં વચન જાય છે. 'સજ્જન પુરુષ પ્રમાદમાં પણ કંઈ બોલી જાય તો તે શિલાલેખ જેવું સમજવું–તે અન્યથા કદિ ન થાય.' માટે મારે મરણ સાધવુંજ જોઇએ." આમ કહ્યા છતાં પણ

રાજાએ બહુ આગ્રહથી તેને મરણ પામતો અટકાવ્યો; પરંતુ ભાનુમંત્રીએ બીજી વખત લગ્ન ન કરવાનો નિયમ લીધો.

કેટલાક દિવસો પછી તે પોતાને નગરે ગયા, એટલે સ્વગૃહે જઈને સ્વજનોએ સંગૃહિત પત્નીના હાડકાની પૂજા કરવા લાગ્યો. તેના ગુણોનું સ્મરણ કરીને તે રડવા લાગ્યો. પોતાના દેહની પણ મમતા તેણે મૂકી દીધી એકદા તેણે વિચાર કર્યો કે :—'ગંગામાં જઈને પત્નીના હાડકાને પધરાવી દઉં.' એમ વિચાર કરીને મંત્રી ગંગા કાંઠે ગયો. પત્નીના હાડકાં ગંગામાં નાખતા તે સરસ્વતીનું નામ લઈને પ્રલાપ અને રૂદન કરવા લાગ્યો. એ વખતે નજીકમાં રહેલી વારાણસીના રાજાની પુત્રી સરસ્વતીએ તેને વિલાપ કરતાં સાંભળ્યો. તેને જોઇને તે મૂર્ચ્છિત થઈ જમીન પર પડી, એટલે તેની બહેનપણીઓએ જઇને રાજાને નિવેદન કર્યું, તેથી રાજા પણ સપરિવાર ત્યાં આવ્યો. એવામાં કન્યા પણ શીતળ વાયુ અને ચંદનથી સાવધાન થઈ. પછી રાજાએ પુત્રીને પૂછ્યું કે :—'તને શું થયું ?' તે બોલી કે :—'હે પિતાજી ! આ મારા પૂર્વ ભવનો પતિ છે, હવે બીજા બધા પુરુષો મારે ભાઇ સમાન છે. આજ મારો સ્વામી છે અને હું એને જ વરવાની છું'' એટલે રાજાએ તે કન્યાનો મંત્રીની સાથે વિવાહ કર્યો, એટલે મંત્રી તેની સાથે સુખભોગ ભોગવવા લાગ્યો. અન્યદા રાજાએ તેને રાજ્ય આપીને દીક્ષા અંગીકાર કરી એટલે ભાનુ રાજા રાજ્ય કરવા લાગ્યો. એકદા તે સરસ્વતીને દાહજ્વરની પીડા થઈ. બહુ ઉપાય કરતાં પણ તે શાંત ન થઈ છેવટે તે પીડાથી સરસ્વતી મરણ પામી.

એટલે તેના વિયોગજન્ય વૈરાગ્યથી ભાનુ રાજાએ દીક્ષા અંગીકાર કરી, અને તે ચારિત્ર પાળવા લાગ્યો. તે હું પોતેજ છું. માટે હે ભદ્ર ! જીવતો નર સેંકડો ભદ્ર (કલ્યાણ) પામે છે, તેથી હે મહાનુભાવ! ધર્મ કર.” એટલે ચંદ્ર બોલ્યો કે :– “હે ભગવાન ! મને થોડામાં ઘણો લાભ મળે તેવું કંઇક બતાવો.’ પછી સાધુએ તેને પંચપરમેષ્ઠી નમસ્કાર સંભળાવ્યો. તેથી શિક્ષિત થયો, તેણે તે મંત્ર કંઠે કર્યો; એટલે સાધુ બોલ્યા કે :—‘હે ભદ્ર ! આ મંત્રનું તારે નિરંતર સ્મરણ કરવું અને સમ્યક્ત્વનું પાલન કરવું.’ પછી ચંદ્ર તે મુનિને નમસ્કાર કરી પ્રસન્ન થઇને ફરતો ફરતો પુષ્પપુર ગયો. ત્યાં તે મોટીઋદ્ધિવાળો થયો; પરંતુ ભાવથી તે નમસ્કાર મહામંત્રનું નિરંતર સ્મરણ કરવા લાગ્યો.

હવે વિધિના યોગે બીજા ત્રણે મિત્રો પણ ઘણા સમયે ભેગા થયા. એટલે ચંદ્ર, ભાનુ, ભીમ અને કૃષ્ણ—એ ચારે મિત્રોએ પોતપોતાનો વૃત્તાંત કહ્યો. તેમાં ચંદ્ર પાસેથી નમસ્કારના મહાત્મ્યને સાંભળીને ત્રણે મિત્રો નમસ્કાર મંત્ર શીખ્યા અને તે ત્રણે પણ વ્યાપાર કરતાં મોટી ઋદ્ધિવાળા થયા.

એકદા તે ચારે મિત્રો વિચારવા લાગ્યા કે :–‘આપણે મોટી ઋદ્ધિવાળા થયા છીએ માટે હવે પોતાને નગરે જઇએ.’ એમ નિશ્ચય કરી નાવમાં બેસી સમુદ્ર ઓળંગીને એક સરોવર પર ભોજન કરવા બેઠા. ત્યાં ભોજન તૈયાર થયું, એવામાં છ માસના ઉપવાસી એક સાધુ નગરમાં ગોચરી લેવા જતા હતા, તેમને જોઇને તેમણે નિમંત્રણ કર્યું. કે :—‘હે ભગવન્ !

પધારો.' પછી ચંદ્રે ભાવપૂર્વક મુનીશ્વરને વહોરાવ્યું અને બીજા ત્રણેએ અનુમોદના કરી. ત્યાં ચારેએ ભોગકર્મફળ ઉપાર્જન કર્યું. પછી તે ચારે અનુક્રમે કુશળક્ષેમે સ્વનગર જયપુરમાં આવ્યા. ત્યાં સર્વ સ્વજનો મળ્યા, અને વર્ધાપનનો મોટો ઉત્સવ થયો. પછી ઘણા વખત સુધી ઋદ્ધિસુખ ભોગવીને તે ચારે દાનના પ્રભાવથી બારમાં દેવલોકમાં દેવ થયા. દેવલોકનું આયુ સંપૂર્ણ થતાં ત્યાંથી ચ્યવીને તે ચારે જીવો જુદા જુદા ચાર દેશના રાજા થયા. પરમ સમૃદ્ધિવંત એવા તે ચારે વચ્ચે પૂર્વભવના સ્નેહસંસ્કારથી પરમ પ્રીતિ થઈ. તેથી તે ચારે વારફરતી એક જ દેશમાં સાથે રહેવા લાગ્યા. એ પ્રમાણે રાજ્યસુખ ભોગવી અન્તે સંયમની સાધના કરી મોક્ષે ગયા.

ઇતિ ચાર મિત્ર કથા

હે ભવ્યો ! તત્ત્વજ્ઞાન વિના માત્ર વિદ્યાથી ગુણની પ્રાપ્તિ થતી નથી. અને સમભાવથી રહિત તપસ્યા પણ ગુણ કે લાભ કરતી નથી. તથા મનની સ્થિરતા વિના તીર્થયાત્રાથી પણ લાભ થતો નથી. કહ્યું છે કે:—

प्रणिहंति क्षणार्धेन साम्यमालंब्यतत् ।
यन्नहन्यान्नरस्तीव्रतपसा जन्मकोटिभिः ॥१॥
वीतराग हृदिध्यायन् वीतरागो यथा भवेत्
मुक्त्वाऽखिलमपध्यानं भ्रामर ध्यानमाश्रय ॥२॥

કરોડો જન્મ સુધી તીવ્ર તપ કરતાં જે કર્મ ક્ષીણ ન થાય, તે કર્મ સમતાભાવનું આલંબન કરવાથી ક્ષણવારમાં ક્ષીણ થઈ શકે છે. (૧) અંતરમાં વીતરાગનું ધ્યાન કરતાં ધ્યાતા (જીવ) વીતરાગ થઈ શકે છે. માટે બીજા બધા દુર્ધ્યાનને દૂર કરી ભ્રામર (ભ્રમર સંબંધી) ધ્યાનનો આશ્રય કરો. (૨) સ્થાન, વાહન, જંગલ, જન; સુખ કે દુઃખમાં મનને વીતરાગપણામાં જોડી રાખો કે જેથી તે સદા તેમાં જ લયલીન રહે. ઇંદ્રિયોનો નાથ મન છે, મનનો નાથ પવન છે, પવનનો નાથ લય છે અને લયનો નાથ નિરંજન છે. જો મનને બાંધી રાખવું હોય તો તે બાંધી શકાય છે અને મુક્ત રાખવું હોય તો મુક્ત રહે છે, માટે સુજ્ઞજનોએ પકડીને દોરડા વડે બાંધેલા બળદની જેમ મનને કબજે રાખવું. 'જેમ પુષ્પમાં સૌરભ, દૂધમાં ઘી અને કાયામાં તેજ (જીવ) સ્થિત રહેલ છે તેમ જીવમાં જ્ઞાન રહેલ છે. પણ તે ઉપાયથી વ્યક્ત (પ્રગટ) થઈ શકે છે.'

આ પ્રમાણે દાનધર્મનું મહાત્મ્ય વર્ણવ્યા પછી ધર્મના બીજા અંગરૂપ શીલધર્મનું વર્ણન કરે છે :—

**"शौचानां परमं शौचं गुणानां परमो गुणः ।**
**प्रभावमहिमाधाम, शीलमेकं जगत्त्रये" ॥**

'પવિત્રમાં પરમ પવિત્ર શીલ છે, ગુણોમાં પરમ ગુણ શીલ છે, અને ત્રણે જગતમાં એક શીલ જ પ્રભાવ અને મહિમાનું ધામ છે.'

"जवो हि सप्तेः परमं विभूषणं,
भर्त्तांगनायाः कृशता तपस्विनः ।
द्विजस्य विद्येव मुनेस्तथा क्षमा,
शीलं हि सर्वस्य जनस्य भूषणम्" ॥

ઘોડાનું પરમ ભૂષણ વેગ છે, સ્ત્રીનું પરમ ભૂષણ પતિ છે, તપસ્વીનું ભૂષણ કૃશતા છે, બ્રાહ્મણનું પરમ ભૂષણ વિદ્યા છે અને મુનિનું પરમ ભૂષણ ક્ષમા છે, પણ શીલ તો સર્વજનનું ભૂષણ છે.' તે શીલની નવ વાડ કહેલ છે, તે આ પ્રમાણે:—

"वसहि कह निसिज्जिंदिय,
कुड्डितर पुव्वकीलीय पणीए ।
अइमायाहार विभूसणाइ,
नव बंभचेरगुत्तो य ॥"

આ ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે છે:—

૧ **વસતિ**—ઉપાશ્રય એટલે જે મકાનમાં સ્ત્રી રહેતી હોય અથવા જે મકાનની નજીકમાં સ્ત્રીનો વાસ હોય—તે ઉપાશ્રયનો મુનિએ ત્યાગ કરવો.

૨ **કથા**—સ્ત્રીની સાથે વાર્તાલાપ ન કરવો.

૩ **નિસિજ્જા**—જે શયન કે આસન પર સ્ત્રી બેઠી હોય તે શયનાસનનો બે ઘડી સુધી ત્યાગ કરવો.

૪ ઈંદ્રિય—સ્ત્રીના અંગોપાંગ અને ઈંદ્રિયો નિરખીને જોવી નહિ. શ્રી ઉત્તરાધ્યયનમાં પણ કહ્યું છે કે–'નારીનું ધ્યાન કરતાં એટલે તેને મનમાં લાવતાં ચિત્તરૂપ ભીંત મલીન થયા વિના રહે નહિ.' ઈત્યાદિ; માટે સ્ત્રીની સાથે બોલવાનું અને તેના અંગોપાંગ તથા ઈંદ્રિય સન્મુખ જોવાનું બ્રહ્મચારીએ તજી દેવું.

૫ કુડયંતર—એટલે ભીંતનો આંતરો પણ તજવો. જે ઘરમાં દંપતી સુતા હોય અને ત્યાંથી કંકણાદિનો અવાજ તથા હાવભાવ, વિલાસ અને હાસ્યાદિનો અવાજ સાંભળાય તેમ હોય તેવા મકાનમાં ભીંતનો આંતરો છતાં પણ બ્રહ્મચારીએ રહેવું નહિ.

૬ પુવ્વક્રીલીઅ—પૂર્વક્રીડિત એટલે પૂર્વે સ્ત્રી સાથે જે ક્રીડા કરી હોય તે સંભારવી નહિ.

૭ પણીએ—અત્યંત સ્નિગ્ધ (ભારે) આહારનો ત્યાગ કરવો.

૮ અઇમાયાહાર—અતિમાત્ર આહાર એટલે બહુ આહારનું ભક્ષણ ન કરવું.

૯ વિભૂસણાઈ—વિભૂસણ, સ્વચ્છ વસ્ત્ર, સ્નાન, તેલ-માલીસ આદિ અને અંગશોભા—વિગેરેનો પણ બ્રહ્મચારીએ ત્યાગ કરવો.

આ નવ વાડનું યત્નપૂર્વક રક્ષણ કરવું અને નિરતિચાર-પણે બ્રહ્મચર્યનું પાલન કરવું. તેમાં પુરુષે સ્વદારાસંતોષ વ્રત અને સ્ત્રીએ સ્વપુરુષસંતોષ વ્રત અવશ્ય પાળવું. જેઓ વિષયમાં

વ્યાકુળ થઈ મનથી પણ શીલને ખંડિત કરે છે તે **મણિરથ** રાજાની જેમ ઘોર નરકમાં જાય છે. અને જે સતી **મદનરેખાની** જેમ નિર્મળ શીલ પાળે છે, તે ભાગ્યવંત જીવોમાં પ્રશંસા-પાત્ર થઈ સુગતિનું ભાજન થાય છે. તે મણિરથ અને મદન-રેખાનો સંબંધ આ પ્રમાણે છે :—

“ આ ભરતક્ષેત્રમાં અવંતીદેશમાં લક્ષ્મીના નિવાસસ્થાન રૂપ **સુદર્શન** નામે નગર છે. ત્યાં **મણિરથ** નામે રાજા રાજ્ય કરતો હતો. તે પાપિષ્ટ અને સ્રીલંપટ હતો. તેનો **યુગબાહુ** નામે યુવરાજ ભાઈ દયાળુ, દાતા, ગુણવાન, ઉત્તમ અને સારા મનવાળો હતો. તે યુવરાજને સદ્ગુણોથી શોભાયમાન, સતી અને સાધ્વી[૧] **મદનરેખા** નામે પત્ની હતી, તે રૂપવતી, જિનધર્મમાં રક્ત, નવતત્ત્વને જાણનારી, બારવ્રતને ધારણ કરનારી, સ્વપતિ ભક્તા અને સતી હતી. તે હંમેશા પૌષધ અને પ્રતિક્રમ-ણાદિક કરતી હતી. પોતાના પતિ સાથે સંસારસુખ ભોગવતાં તેને **ચંદ્રયશ** નામે પુત્ર થયો.

એકદા અલંકારથી સુશોભિત એવી મદનરેખાને પડદામાંથી જોઈને મણિરથ રાજાને વિચાર થયો કે —‘અહો ! આ કેવી દેવાંગના જેવી શોભે છે ! વીજળીની જેવી શોભાયમાન આવી મારી સ્રી નથી. માટે નિશ્ચય આને મારે સ્વાધીન કરવી પણ પ્રથમ એને લાલચમાં નાખું તો ઠીક. એમ ધારીને રાજા પુષ્પ, પાન, વસ્ત્ર અને અલંકારાદિક તેને મોકલવા લાગ્યો. નિર્વિકલ્પ એવી તે ‘આ જ્યેષ્ઠનો પ્રસાદ છે’ એમ સમજીને રાજાનું

---

૧ *સારા આચારવાળી —*

મોકલવું બધું સ્વીકારી લેવા લાગી. એકદા રાજાએ દૂતી મોકલી. તે આવીને મદનરેખાને કહેવા લાગી કે :–" હે ભદ્રે ! તારા ગુણગ્રામપર રાજા રક્ત થઇને એમ કહેવરાવે છે કે :–તું મને પતિ તરીકે સ્વીકારીને રાજયની સ્વામિની થા." તે સાંભળીને રાણી દૂતીને કહેવા લાગી કે :–" હે દૂતી ! આવું કામ ઉત્તમજનોને ઉચિત નથી. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે :–' હે ગૌતમ ! જ્યારે અનંત પાપરાશી ઉદયમાં આવે છે ત્યારે સ્ત્રીપણું પ્રાપ્ત થાય છે. સ્ત્રીત્વ પ્રાપ્ત થતાં પણ જો શીલગુણ ન હોય તો ભ્રમિત ચિત્તવાળી એવી તે સ્ત્રીનું જીવન કોહી ગયેલ કાંજી જેવું સમજવું.' તેથી સ્ત્રીઓનો મુખ્ય ગુણ શીલ જ છે. વળી સજ્જનો તો મરણ સ્વીકારે છે, પણ બંને લોકમાં વિરૂદ્ધ એવું શીલખંડન કદાપિ કરતા નથી. કારણ કે :—' જીવહિંસા, અસત્ય અને પરદ્રવ્યના અપહરણથી તથા પરસ્ત્રીની ઇચ્છા માત્રથી પ્રાણીઓ નરકમાં જાય છે.' માટે તું રાજાને જઇને કહે કે–'હે રાજન્ ! સંતોષ કરો અને કદાગ્રહને તજી દો. આવી તૃષ્ણા કદી પણ કરવી યોગ્ય નથી." ઈત્યાદિ તેનું કથન દૂતીએ જઈને રાજાને નિવેદન કર્યું. તથાપિ રાજાની કામતૃષ્ણા સદુપદેશરૂપી પાણીથી શાંત ન થઈ.

એકદા રાજાએ મનમાં વિચાર કર્યો કે :–' જ્યાં સુધી યુગબાહુ ભ્રાત જીવતો હશે, ત્યાં સુધી એ બીજાને ઇચ્છવાની નથી, માટે તેનો ઘાત કરીને બળાત્કારથી એને સ્વાધીન કરૂં.' એમ નિશ્ચય કરી તે રાજા ભાઈનો કાર્યપ્રસંગ જોવા લાગ્યો. અહો ! કામ અને મોહની મહાવિડંબના તો જુઓ. 'જાત્યંધ,

મદોન્મત્ત અને અર્થી દોષને જોઈ જ શકતા નથી.' તેમજ વળી :—

"દૂધે સીંચ્યો લીંબડો, થાંણો કીધ ગુણેલ;
તોહી ન છંડઈ કડુપણો, જાતે હિ તિણે ગુણેણ."

લીંબડાને દૂધે સીંચવામાં આવે અને તેની ફરતું ગોળનું કુંડાળુ (કયારામાં ખાતરાદિ) કરવામાં આવે, તો પણ તે પોતાનું કડવાપણું છોડતો નથી–તેના ગુણ જતા નથી–કાયમ રહે છે.'

એકદા મદનરેખાએ સ્વપ્નમાં ચંદ્રમાં જોયો, એટલે તે વાત તેણે પોતાના પતિને જણાવી. તે સાંભળીને યુગબાહુ બોલ્યો કે :–'હે દેવી તને ચંદ્ર સમાન પુત્ર થશે.' પછી ગર્ભના પ્રભાવથી તેણે ત્રીજે મહિને દોહદ થયો કે :–'જિનપૂજા કરૂં અને જિનેશ્વરોની કથા સાંભળું.' આવા દોહદને તેના સ્વામીએ પૂર્ણ કર્યો, એટલે તે ગર્ભનું પોષણ કરવા લાગી; એકદા વસંતઋતુ આવી. તે વખતે નાગ, પુન્નાગ, માલિકા, પાટલ, કુંદ મચકુંદ, એલા, લવંગ, કંકોલ, દ્રાક્ષા, ખર્જુરિકા, કદલી, લવલી, જાઇ, શતપત્ર, રાયણ, આંબો અને ચંપક વિગેરે વૃક્ષો અત્યંત કુસુમિત થયાં. ત્યાં ઘણા ભ્રમરો ક્રીડા કરવા લાગ્યા. કોયલ અને પોપટ વિગેરે પક્ષીઓ ત્યાં રહેતા છતાં હસવા, બોલવા અને આમતેમ દોડવા લાગ્યા. તે અવસરે યુગબાહુ પોતાની પત્ની સાથે તે વનમાં ક્રીડા કરવા ગયો. ઘણા નગરજનો પણ ત્યાં ક્રીડા કરવા આવ્યા હતા. ત્યાં જળ-

ક્રીડા, આંદોલન (હિંચકો) વિગેરે તથા ખાદ્ય, સ્વાદ્ય, અન્ન અને પાણી આદિમાં વ્યગ્ર થયેલા યુવરાજનો દિવસ આખો એક ક્ષણની જેમ પસાર થઈ ગયો. પછી રાત્રે તે ત્યાંજ કેળના ઘરમાં સુતો. તેના પરિવારમાંથી કેટલાક નગરમાં ગયા અને કેટલાક ત્યાં રહ્યા. તે વખતે મણિરથ રાજા પોતાના મનમાં ચિંતવવા લાગ્યો કે:–'આજે યુગબાહુ થોડા પરિવાર સાથે વનમાં રહ્યો છે, માટે અવસર સારો છે.' એમ ધારી હાથમાં તરવાર લઈ વનમાં જઇને ચોકીદારોને કહેવા લાગ્યો કે–'અરે! યુગબાહુ ક્યાં છે?' તેઓ બોલ્યા કે:—'હે સ્વામિન્! આ કેળના ઘરમાં સુતા છે,' રાજાએ કહ્યું કે:—'વનમાં મારા ભાઈનો શત્રુ પરાભવ કરશે એમ ધારી અધીરાઈથી હું અહીં આવ્યો છું.' એવામાં તરત યુગબાહુ ઉઠ્યો અને રાજા પાસે આવીને તેણે રાજાને પ્રણામ કર્યા. એટલે રાજાએ કહ્યું કે–'ચાલો, આપણે નગરમાં જઇએ, રાત્રે આપણે અહીં રહેવું યોગ્ય નથી.' પછી યુગબાહુ આગળ ચાલવા લાગ્યો અને ચિંતવવા લાગ્યો કે–'આ મોટાભાઈ મારા સ્વામી અને પિતાને ઠેકાણે છે, વળી તે મારા હિતકારક છે, માટે તેમની આજ્ઞા ન ઓળંગાય તેવી છે.' આ પ્રમાણે વિચારતો તે નગરભણી ચાલ્યો. એવામાં અપયશના ભયની પણ દરકાર કર્યા વિના પાપબુદ્ધિ રાજાએ યુગબાહુના ગળાપર તરવારનો પ્રહાર કર્યો, એટલે તે મૂર્ચ્છિત થઈને ભૂમિ ઉપર પડ્યો. તે જોઈ મદનરેખાએ પોકાર કર્યો કે–'અરે! ખુન, ખુન! જલ્દી દોડો, દોડો.' આ પ્રમાણેનો પોકાર સાંભળી હાથમાં તરવાર લઈને 'શું થયું?' એમ બોલતા તરત તેના માણસો દોડી આવ્યા. એટલે મણિરથ રાજાએ કહ્યું

કે –' ભય ન પામો, એ તો મારા હાથમાંથી તરવાર પડી ગઈ ને એને વાગી ગઈ શું કરૂં ?' –એમ કહીને લોકલજ્જાથી તે રડવા લાગ્યો. લોકોએ યથાસ્થિત તે હકીકત જાણી પછી રાજા બળાત્કારથી તેને નગરમાં લઈ ગયો. ત્યાં ચંદ્રયશા પુત્ર હાહારવ કરતો વૈદ્યોને લઈ આવ્યો, તથા પોતાના પિતાને લાગેલ ઘાની યત્નપૂર્વક ચિકિત્સા (ઉપચાર) કરવા લાગ્યો. તે વખતે યુગબાહુના શરીરમાંથી બહુ લોહી નીકળેલ હોવાથી તેની વાણી બંધ થઈ ગઈ હતી, નેત્રો બંધ થઈ ગયા હતા અને શરીર પણ સ્તબ્ધ થઈ ગયું હતું. એટલે મદનરેખાએ પોતાના પતિની મરણાંત સ્થિતિ જોઈને તેમના કાન પાસે આવી કોમળ સ્વરથી કહ્યું કે :–' હે મહાનુભાવ ! તમે હવે સ્વહિતમાં સાવધાન થાઓ. હે ધીર ! આ તમારો સાવધાનનો અવસર છે, માટે મારૂં કથન સાંભળો–મનમાં તમારા ભાઈ ઉપર થોડો પણ ખેદ કરશો નહીં. અહીં પોતાના કર્મપરિણામનો જ દોષ છે, બીજા કોઇનો દોષ નથી એમ સમજજો' કારણ કે :—આ ભવમાં યા બીજા ભવમાં જે કર્મ જેણે કર્યું છે તે કર્મ તેને ભોગવવું જ પડે છે, બીજા તો નિમિત્ત માત્ર છે, માટે મન, વચન, અને કાયાથી ધર્મરૂપ ભાતું લઈ લ્યો. જે દુષ્કૃત કર્યું હોય તેની નિંદા કરો. મિત્ર, અમિત્ર યા સ્વજન કે પરજનને ખમાવો. તથા મૈત્રીભાવ વધારો. જેઓને તમે દુઃખમાં નાખ્યા હોય તે બધાને ખમાવો. જીવિત, યૌવન, લક્ષ્મી, રૂપ અને પ્રિયસમાગમ એ બધું સમુદ્રના તરંગની જેમ ચંચળ છે. વ્યાધિ, જન્મ, જરા અને મરણથી ગ્રસ્ત થયેલા પ્રાણીઓને જિનધર્મ સિવાય અન્ય કોઈ શરણ નથી. તમે કોઈનો પણ પ્રતિબંધ કરશો નહીં. પ્રાણી પોતે એકલો

જન્મે છે, એકલો મરણ પામે છે અને એકલો જ તે સુખ દુઃખનો અનુભવ કરે છે. શરીર, ધન, ધાન્ય અને કુટુંબ—એ બધું અનિત્ય છે. ચામડી, લોહી, માંસ, હાડકાં, આંતરડાં, મળ અને મૂત્રથી ભરેલા આ શરીરમાં મૂર્છા કરશો નહીં. લાલિત પાલિત અને સાફસુફ કર્યા છતાં પણ આ શરીર કદાપિ પોતાનું થતું નથી. ધીર કે બીકણ સર્વ કોઇને મરવાનું તો છે જ. તેમાં જે બાળક અને સુકૃતવર્જિત હોય તેજ મરણથી ભય પામે છે, પણ પંડિત તો મરણને એક પ્રિયતમ અતિથી ગણે છે. માટે એવી રીતે મરવું કે જેથી ફરી મરવું ન પડે. તેથી મનમાં ચિંતવવું કે મને જિનેશ્વરનું શરણ થાઓ. સિદ્ધનું શરણ થાઓ અને સાધુનું શરણ થાઓ. અને કેવલીભાષિત ધર્મનું શરણ થાઓ. અઢાર પાપસ્થાનોનું પ્રતિક્રમણ કરો, તેને આળોવો. પરમેષ્ઠી મંત્ર સંભારો. ઋષભાદિ જિનેશ્વરોને તથા ભરત, ઐરવત અને મહાવિદેહના બધાં જિનેશ્વરોને નમસ્કાર કરો. કારણ કે:— 'તીર્થંકરોને નમસ્કાર કરવાથી સંસારનો નાશ થાય છે અને ભવ્યજનોને ઉંચા પ્રકારના સમ્યક્ત્વનો લાભ થાય છે. તેમજ સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરો કે જેથી કર્મનો ક્ષય થાય. જેમણે ધ્યાનરૂપ અગ્નિથી હજાર ભવોનાં કર્મરૂપ લાકડાને બાળી નાખ્યા છે એવા સિદ્ધ ભગવંતોને નમસ્કાર થાઓ એમ વિચારજો. આચાર્ય તે ધર્માચાર્ય તેમને નમસ્કાર કરો, ઉપાધ્યાયને નમસ્કાર કરો. જિનકલ્પી, સ્થવિરકલ્પી જંઘાચારણ, વિદ્યાચારણ વિગેરે સર્વ પ્રકારના સાધુઓને નમસ્કાર કરો. એ પાંચ નમસ્કારથી જીવ મોક્ષે જાય છે, અથવા તો અવશ્ય વૈમાનિક દેવ થાય છે. હવે ચતુર્વિધ આહારનો પણ ત્યાગ કરીને અનશન ગ્રહણ

કરો.” આ પ્રમાણેના તેના વચનામૃતથી ક્રોધાગ્નિ શાંત થઈ જતાં મસ્તક પર અંજલિ જોડીને યુગબાહુએ તે બધું અંગીકાર કર્યું. પછી શુભ ધ્યાનથી મરણ પામીને તે પાંચમાં બ્રહ્મદેવલોકમાં દશ સાગરોપમના આયુષ્યવાળો દેવ થયો.

પોતાના પિતાના મરણથી ચંદ્રયશા અતિશય રૂદન કરવા લાગ્યો, એટલે મદનરેખાએ મનમાં વિચાર કર્યો કે :–“ અહો! મારા રૂપને ધિક્કાર થાઓ. હું ભાગ્યહીન છું કે જેથી મારૂં આવું રૂપ પુરુષરત્નના અનર્થનું મૂળ થયું, જે દુરાત્માએ મારા નિમિત્તે પોતાના ભાઈને મારી નાખ્યો, તે પાપી મને બળાત્કારથી પણ ગ્રહણ કર્યા સિવાય નહિ રહે, માટે હવે મારે અહીં રહેવું યોગ્ય નથી. તો હવે અન્ય સ્થળે જઇને હું પરવશપણે કંઈ કાર્ય કરીને નિર્વાહ કરીશ, નહિ તો એ પાપી મારા પુત્રને પણ મારી નાખશે.” આ પ્રમાણે વિચારીને મધ્ય રાત્રે તે સ્થાનમાંથી બહાર નીકળી, મદનરેખા પૂર્વ દિશામાં એક મોટી અટવીમાં ચાલી ગઇ. રાત્રિ પસાર થતાં બીજે દિવસે બપોરના સમયે એક સરોવર આગળ જઈને તેણે પાણી પીધું અને ફળાહારથી પેટ ભર્યું, માર્ગમાં થાકને લીધે તે ખિન્ન થઇ ગઇ હતી તેથી આરામ લેવા તે એક કદલીગૃહમાં સૂતી. ત્યાં પતિમરણ અને પુત્રવિરહના દુઃખથી તથા માર્ગના શ્રમથી તેને નિંદ્રા આવી ગઇ. તે રાત્રિએ પણ તે ત્યાં જ સુઇ રહી, રાત્રિમાં વાઘ, સિંહ, ચિત્તા તથા શિયાળ વિગેરે ભયંકર પ્રાણીઓના ભયોત્પાદક અવાજથી ભયભીત થયેલી તે વારંવાર નમસ્કારમંત્રને ચિંતવવા લાગી. એવામાં મધ્ય રાત્રે ઉદરવ્યથા

થવા લાગી અને થોડા વખતમાં જ સર્વલક્ષણ સંપૂર્ણ તથા સૂર્યના જેવા તેજસ્વી પુત્રને તેણે મહાકષ્ટથી જન્મ આપ્યો. સવારે તે પુત્રને રત્નકંબલથી લપેટીને અને તે બાળકના હાથમાં યુગબાહુના નામથી અંકિત એવી વીંટી પહેરાવીને પોતે પોતાનાં વસ્ત્ર તથા શરીર ધોવાને માટે સરોવર પર ગઇ. ત્યાં પાણીમાં એક હાથી ક્રીડા કરતો હતો, તેણે મદનરેખાને સુંઢ વડે પકડીને આકાશમાં ઉડાડી. એ વખતે નંદીશ્વર દ્વિપથી આવતા કોઈ યુવક વિદ્યાધરે તેના રૂપમાં મોહિત થઇને આકાશમાંથી પડતી તેને અદ્ધર ઝીલી લીધી, અને રૂદન કરતી એવી તેને તે વૈતાઢય પર્વતપર લઈ ગયો. ત્યાં કંઈક ધીરજ ધરીને તે બોલી કે :–'હે મહાસત્ત્વ ! આજ રાત્રે વનમાં મેં પુત્ર પ્રસવ્યો છે. તે બાળકને કદલીગૃહમાં મૂકીને હું સરોવર પર આવી હતી, ત્યાં પાણીમાં ક્રીડા કરતા હાથીએ મને આકાશમાં ઉડાડી, અને નીચે પડતી મને જોઇને તમે અદ્ધર ઝીલી લીધી તે બહુ ઠીક કર્યું; પણ ત્યાં રહેલા બાળકને કોઈ શ્વાપદ (જંગલી પ્રાણી) મારી નાખશે, અથવા આહારરહિત તે પોતાની મેળે (આપોઆપ) મરણ પામશે. માટે હે દયાળુ ! મને પુત્રદાન આપી મારા પર પ્રસાદ કરો. તેને અહીં લઈ આવો અથવા તો મને જલ્દી ત્યાં લઈ જાઓ.' તે સાંભળીને વિદ્યાધર બોલ્યો કે :–'હે ભદ્રે ! જો તું પતિ તરીકે મારો સ્વીકાર કરે, તો હું તારી આજ્ઞા શિરસાવંદ્ય કરૂં. વળી બીજું પણ સાંભળ :–વૈતાઢય પર્વતપર રત્નાવહ નગરમાં વિદ્યાધરોના સ્વામિ મણિચૂડ નામે રાજા હતા, તેનો હું મણિપ્રભ નામે પુત્ર છું. મારા પિતાએ કામભોગથી નિવૃત્ત થઇ મને રાજ્ય પર બેસાડી ચારણશ્રમણ પાસે દીક્ષા

અંગીકાર કરી છે. તે સાધુ (મારા પિતા) ગઈ કાલે નંદીશ્વરદ્વીપે જિનેશ્વરોને વંદન કરવા ગયા હતા, તેથી હું પણ તે મુનીશ્વર તથા ચૈત્યોને વંદન કરવા માટે ગયો હતો. હે ભદ્ર! ત્યાંથી પાછા વળતાં રસ્તામાં આકાશમાંથી પડતી તું મારા જોવામાં આવી, તેથી મેં તને ઝીલી લીધી. માટે તું મને પતિપણે સ્વીકારી રાજ્યની સ્વામિની થા. વળી તારો પુત્ર તો વનમાં અશ્વ ક્રીડા માટે આવેલા મિથિલાપતિ **પદ્મરથ** રાજાના જોવામાં આવ્યો, તેથી તે બાળકને લઈ જઈને તેણે પોતાની પત્નિ **પુષ્પમાલાને** સોંપ્યો છે. ત્યાં પોતાના પુત્રની જેમ લાલન પાલન કરાતો તે સુખે રહે છે. આ બધું પ્રજ્ઞપ્તિવિદ્યાથી હું જાણી શકયો છું. માટે હવે પ્રસન્ન મનથી મારા રાજ્યને શોભારૂપ કર.'

આ પ્રમાણેનાં તેનાં વચનો સાંભળીને મદનરેખાએ વિચાર કર્યો કે :—'અહો! મારા કર્મોની વિચિત્રતા કેવી છે કે એક પછી એક દુઃખની શ્રેણી (પરંપરા) મારી સામે પ્રગટ જ થયા કરે છે. શીલના રક્ષણ માટે હું આટલે દૂર આવી, તો અહીં પણ તેનો જ ભંગ ઉપસ્થિત થયો, પરંતુ મારે શીલનું તો અવશ્યમેવ રક્ષણ કરવું જ જોઈએ.' એમ ચિંતવીને તે બોલી કે :—'અહો મહાનુભાવ! પ્રથમ નંદીશ્વરદ્વીપે લઈ જઈને તમે મને જિનવંદન અને મુનિવંદન કરાવો, પછી હું તમારૂં પ્રિય કરીશ.' એટલે સંતુષ્ટ થઈને તે વિમાનમાં બેસાડી એક ક્ષણવારમાં તેને નંદીશ્વરદ્વીપે લઈ ગયો.

નંદીશ્વરદ્વીપમાં આવા પ્રકારની સ્થિતિ છે—'ચાર દેરાસર ચાર અંજનગિરિ પર, સોળ દેરાસર સોળ દધિમુખ પર અને

બત્રીશ દેરાસર બત્રીશ રતિકરપર છે.' એ પ્રમાણે કુલ બાવન જિનાલયો છે. તે સો યોજન લાંબા, પચાશ યોજન પહોળાં અને બહોંતેર યોજન ઉંચા છે. વિમાનમાંથી નીચે ઉતરીને તે બંનેએ પૂર્વોક્ત સર્વે દેરાસરોમાં રહેલી ઋષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન—એ ચારે નામની શાશ્વત જિનેશ્વરોની પ્રતિમાઓનું ભક્તિપૂર્વક પૂજન અને વંદન કર્યું. પછી મણિચૂડ મુનીશ્વરને નમસ્કાર કરીને તે બંને તેમની પાસે બેઠા. એટલે જ્ઞાની મુનિશ્વરે જ્ઞાન વડે મદનરેખાની હકીકત જાણીને મણિપ્રભને ધર્મદેશનામાં શીલધર્મ સંબંધી પ્રતિબોધ આપ્યો. પછી મણિપ્રભ વિદ્યાધરે મદનરેખાને ખમાવી અને તે બોલ્યો કે :–'આજથી તું મારી બહેન છે. તું કહે, હવે હું શું તારૂં ઈષ્ટ કરૂં?' મદનરેખા બોલી કે :—'હે બાંધવ ! આ તીર્થના દર્શન કરાવીને તેં મારૂં બધું ઈષ્ટ કર્યું છે.' પછી મદનરેખાએ મુનિને પૂછ્યું કે :—'ભગવન્ ! મારા પુત્રની હકીકત કહો.' મુનિ બોલ્યા કે :—'ભદ્રે પૂર્વે બે રાજપુત્રો હતા. ધર્મારાધન કરીને તે બંને દેવ થયા. ત્યાંથી ચ્યવીને એક મિથિલાપતિ **પદ્મરથ** રાજા થયો અને બીજો તારો પુત્ર થયો. અશ્વથી ખેંચાઇ આવેલા પદ્મરથ રાજાએ તારા પુત્રને લઈને પોતાની પત્નિ પુષ્પમાલાને સોંપ્યો છે, અને પુત્રલાભથી સંતુષ્ટ થઇને પૂર્વ ભવના સ્નેહને લીધે તેણે મિથિલામાં પુત્રજન્મનો મહોત્સવ કર્યો છે. તારો પુત્ર ત્યાં સુખે રહે છે, તે સંબંધી તારે ચિંતા કરવા જેવું નથી.'

મુનિ આ પ્રમાણે વાત કરે છે એવામાં ચંદ્ર અને સૂર્યની પ્રભાને જીતનાર, રત્નોથી નિર્મિત, ઘુઘરીઓના અવાજથી

શબ્દાયમાન, જેમાં વાજીંત્રોનો નાદ ઉછળી રહ્યો છે એવું અને દેવતાઓ જેમાં જયજયારવ કરી રહ્યા છે. એવું એક વિમાન ત્યાં આવ્યું. તેમાંથી તેજના પ્રસારથી દેદીપ્યમાન, શ્રેષ્ઠ ભૂષણથી વિભૂષિત અને દેવતાઓ જેના ગુણ ગાઇ રહ્યા છે એવો એક દેવ નીકળ્યો. તે દેવ પ્રથમ મદનરેખાને ત્રણ પ્રદક્ષિણા દઈ તેને પગે લાગીને પછી મુનિને નમસ્કાર કરીને તેમની પાસે બેઠો. એટલે દેવે કરેલ અયોગ્ય ક્રિયા જોઇને મણિપ્રભ વિદ્યાધર બોલ્યો કે :—'અહો ! દેવો પણ જો આવી વિરૂદ્ધ પ્રવૃત્તિ કરે, તો પછી બીજા કોને કહેવું ? ચાર જ્ઞાનના ધરનાર અને સુંદર ચારિત્રથી વિભૂષિત એવા આ મુનીશ્વરને મૂકીને તમે એક સ્રીમાત્રને પ્રથમ પ્રણામ કર્યા તે યોગ્ય કર્યું નથી.' આ પ્રમાણે સાંભળીને તે દેવ કંઇક બોલવા જતો હતો, એવામાં મુનિ બોલ્યા કે :—'હે મણિપ્રભ ! એમ ન બોલ. આ દેવ ઠપકાને યોગ્ય નથી. કારણ કે મણિરથ રાજાએ મદનરેખા પર આસક્ત થઇને પોતાના યુગબાહુ ભાઈનો ઘાત કર્યો, તે વખતે પતિના મરણ સમયે મદનરેખાએ પોતાના પતિ યુગબાહુને નિપુણ અને કોમળ વાક્યોથી જિનધર્મ સંભળાવ્યો. તે ધર્મના પ્રભાવથી યુગબાહુ પાંચમા દેવલોકમાં ઇંદ્રનો સામાનિક[1] દેવ થયો. તે આ છે, અને તેની આ મદનરેખા ધર્મગુરુ છે. તેથી આ દેવે એને પ્રથમ વંદન કર્યું છે. કારણ કે :—'જે કોઇ મુનિ કે ગૃહસ્થ-જેને ધર્મમાં જોડે, તે જ સદ્ધર્મદાનથી તેનો ધર્મગુરુ ગણાય છે.' તેમજ વળી :—'સમ્યક્ત્વ આપનારે સનાતન શિવ-

૧ ઇંદ્રની સમાન ઋદ્ધિવાળો.

સુખ આપ્યું—એમ સમજવું, એ દાનના ઉપકાર સમાન અન્ય કોઈ ઉપકાર નથી.' ઇત્યાદિ મુનીશ્વરના કથનથી જિનધર્મનું અદ્ભુત સામર્થ્ય મનમાં ભાવતાં મણિપ્રભ વિદ્યાધરે તે દેવને ખમાવ્યો. તે વખતે તે દેવે મદનરેખાને કહ્યું કે :—'હે ભદ્રે ! કહે હું તારૂં શું ઈષ્ટ કરૂં ?' તે બોલી કે :—'હે દેવ ! જન્મ, જરા, મરણ, રોગ અને શોકાદિકથી રહિત એવું મોક્ષ-સુખ મને ઈષ્ટ છે, તે સુખ આપવા જિનધર્મ સિવાય બીજું કોઈ સમર્થ નથી; તથાપિ મને મિથિલાપુરીમાં જલ્દી લઇ જાઓ, ત્યાં પુત્રમુખ જોઈને પછી હું ધર્મ-કર્મમાં વિશેષ યત્ન કરવા ઈચ્છું છું.' એટલે તે દેવ તેને તરત જ મિથિલાપુરીમાં લઈ ગયો કે જયાં શ્રી મલ્લિનાથ પ્રભુના દીક્ષા જન્મ અને કેવળજ્ઞાન—એ ત્રણ કલ્યાણક થયેલા છે, ત્યાં તીર્થભૂમિની બુદ્ધિથી જિનચૈત્યોને નમસ્કાર કરી નજીકના ઉપાશ્રયમાં સાધ્વી-ઓને જોઈને તે બંનેએ તેમને વંદન કર્યું. એટલે તેમણે ધર્મોપદેશ આપ્યો કે :—'આ દુર્લભ માનવભવ પામીને પ્રત્યક્ષ ધર્માધર્મના ફળને જાણી ધર્મકાર્યમાં સદા ઉદ્યમ કરવો.' ઈત્યાદિ દેશના સાંભળ્યા પછી તે દેવ બોલ્યો કે :—'હે સુંદરી ! ચાલ, આપણે રાજમંદિરમાં જઇએ, ત્યાં તને તારો પુત્ર બતાવું' એટલે તે બોલી કે :—'હવે ભવના હેતુરૂપ પુત્રસ્નેહથી સર્યું. ભવમાં ભમતાં પ્રાણીઓને પુત્રાદિ પરિવાર તો ઘણીવાર પ્રાપ્ત થાય છે, માટે હવે તો મારે દીક્ષા લેવી છે, તેથી આ સાધ્વીઓના ચરણ જ મને શરણભૂત છે.' મદનરેખાએ આ પ્રમાણે કહ્યું એટલે તે દેવ સાધ્વીઓને તથા મદનરેખાને નમસ્કાર કરીને સ્વર્ગે ગયો અને મદનરેખાએ સાધ્વી પાસે

દીક્ષા અંગીકાર કરી, તેનું **સુવ્રતા** એવું નામ રાખવામાં આવ્યું. પછી દુષ્કર તપ તપતાં તે નિરતિચારપણે ચારિત્ર પાળવા લાગી.

હવે તે બાળકના પ્રભાવથી સર્વે રાજાઓ આવી આવીને પદ્મરથ રાજાને નમ્યા, તેથી પદ્મરથ રાજાએ તેનું **નમિ** એવું નામ રાખ્યું. પછી ધાત્રીઓથી લાલન પાલન કરાતો તે અવસરે સર્વ કળાઓ શીખ્યો અને શુકલપક્ષના ચંદ્રની જેમ વૃદ્ધિ પામીને અનુક્રમે તે યૌવનાવસ્થા પામ્યો. એટલે પિતાએ તેને એક હજાર ને આઠ કુલીન કન્યાઓ પરણાવી. પછી નમિકુમારને રાજ્યયોગ્ય જાણી પદ્મરથ રાજાએ તેને રાજ્યપર સ્થાપી પોતે દીક્ષા અંગીકાર કરી. અને કર્મ ખપાવીને તે મોક્ષે ગયા. સર્વ રાજાઓને નમાવતો નમિરાજા અનેક પ્રકારની ઉન્નતિને પામ્યો.

હવે જે રાત્રે મણિરથે યુગબાહુનો ઘાત કર્યો તેજ રાત્રે તેને સર્પ ડશવાથી મરણ પામીને પંકપ્રભા નામે ચોથી નરક-પૃથ્વીમાં તે નારકી થયો; એટલે મંત્રી અને સાંમતોએ મળી યુગબાહુના પુત્ર ચંદ્રયશાને રાજ્યપર બેસાર્યો. તે પૃથ્વીનું પાલન કરવા લાગ્યો.

એક દિવસ નમિરાજાના રાજ્યમાં પ્રધાનભૂત એવો ધોળો હાથી દૃઢ આલાનસ્તંભને ઉખેડીને વિંધ્યાટવી તરફ ચાલ્યો. તે હાથીને સુદર્શનપુર આગળ આવેલ જોઇને લોકોએ નિવેદન કર્યું એટલે ચંદ્રયશા રાજા ઐરાવત સમાન તે હાથીને પકડીને પોતાના નગરમાં લઈ આવ્યો. તે વાત ચરપુરુષોએ નમિરાજાને નિવેદન કરી. એટલે નમિરાજાએ પોતાનો દૂત ચંદ્રયશા પાસે

મોકલ્યો. તેણે ત્યાં જઈને કહ્યું કે :—'નમિરાજા પોતાનો હાથી પાછો મંગાવે છે.' ચંદ્રયશાએ કહ્યું કે : 'તારા સ્વામિને કયો ગ્રહ નડયો છે કે જેથી તે પોતાના હાથીને પાછો માગે છે. મને કંઇ તેણે આપ્યો નથી, મને તો પરમેશ્વરે આપેલો છે. વળી લક્ષ્મી કાંઈ કુળક્રમથી આવતી નથી, તેમજ તે શાસન (હુકમ) માં લખાતી નથી, તે તો પોતાના તલવારાદિથી આક્રમણ કરીને જ ભોગવી શકાય છે આ પૃથ્વીને વીરપુરુષ જ ભોગવી શકે છે.' ઈત્યાદિ વચનોથી દૂતનું અપમાન કરીને રાજાએ તેને વિસર્જન કર્યો. એટલે તેણે પણ નમિરાજા પાસે જઇને બધું સવિશેષ નિવેદન કર્યું, તેથી ક્રોધિત થઇને નમિરાજાએ પ્રયાણની ભેરી વગડાવી અને સર્વ લશ્કર સહિત સુદર્શનપુર પર ચડાઈ કરી. એટલે ચંદ્રયશા રાજા પણ ઉત્સાહ સાથે નમિરાજાની સામે જઈ લડાઈ કરવા તૈયાર થયો. પણ અપશુકનોએ તેને અટકાવ્યો. તેથી મંત્રીઓએ કહ્યું કે :—'હે રાજેંદ્ર ! નગરના દરવાજા બંધ કરીને હાલ તો અહીંજ રહો, પછી યથોચિત કરીશું.' એટલે રાજાએ તેમ કર્યું. નમિરાજાએ આવીને તે નગરને ચારે બાજુથી ઘેરી લીધું. આ સમાચાર તેમની માતા સુવ્રતા સાધ્વીના જાણવામાં આવ્યા. તેણે મનમાં ચિંતવ્યું કે :—'પરમાર્થ જાણ્યા વિના લોકોનો ક્ષય કરનાર લડાઈ કરીને મારા બંને પુત્રો અધોગતિમાં જાય તે ઠીક નહીં, માટે ત્યાં જઈને તેમને યુદ્ધ કરતાં નિવારૂં" આ પ્રમાણે મનમાં નિશ્ચય કરી પોતાના ગુરૂણીની આજ્ઞા લઈને કેટલાક સાધ્વીઓના પરિવાર સહિત સુવ્રતા સાધ્વી સુદર્શનપુરમાં નમિરાજા પાસે આવ્યા એટલે ઉભા થવા પૂર્વક ઉંચા

આસન પર બેસાડી નમિરાજાએ ભક્તિપૂર્વક મદનરેખાને વંદન કર્યું. પછી રાજા ભૂમિ પર બેઠો એટલે સાધ્વીએ ધર્મદેશના આપી અને આ પ્રમાણે તેને રહસ્ય સમજાવ્યું કે:—'હે રાજન્ ! રાજ્યલક્ષ્મી અસાર છે. જીવઘાતથી પ્રાણીને અવશ્ય નરકમાં જ જવું પડે છે, માટે યુદ્ધથી નિવૃત્ત થા. વળી વડીલ ભાઈ સાથે તો લડાઈ થાય જ કેમ ?' નમિરાજે પૂછ્યું કે:— 'એ મારો મોટો ભાઈ શી રીતે ?' એટલે સાધ્વીએ જે બધું જે પ્રમાણે બન્યું હતું તે બધું સ્વરૂપ તેને કહી બતાવ્યું અને વિશ્વાસને માટે વીંટી અને રત્નકંબળની નિશાની આપી. પછી નમિરાજાએ પોતાની પાલક માતા પુષ્પમાળાને પૂછતાં તેણે વીંટી વિગેરે બતાવ્યા, તો પણ માનને લીધે નમિરાજા લડાઈથી નિવૃત્ત ન થયો. એટલે સુવ્રતા સાધ્વી ચંદ્રયશા પાસે ગયા. ત્યાં તેણે તો તરત જ ઓળખ્યા, એટલે ઉભા થવું તથા આસન વિગેરે સત્કાર અને નમસ્કાર કરીને તે સામે બેઠો. તે વખતે તેનું અંતઃપુર તથા પરિવાર વિગેરે પણ આવીને તેમને નમ્યા. પછી ચંદ્રયશાએ પૂછ્યું કે:—'હે ભગવતી ! તમારે આવું ઉગ્રવ્રત કેમ સ્વીકારવું પડયું ?' એટલે તેણે પોતાનો યથાસ્થિત સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. પછી રાજાએ પૂછ્યું કે:—'તે સ્વપ્નસૂચિત મારો ભાઈ ક્યાં છે ?' સાધ્વી બોલ્યા કે:—'જેણે બહારથી તારા નગરને ઘેરી લીધું છે, તે નમિરાજા જ તારો સહોદર છે.' એટલે હર્ષાકુળ થઈને ચંદ્રયશા તેને મળવાને માટે તેની સન્મુખ ચાલ્યો. તેથી નમિરાજ પણ હર્ષિત થઇને તેની સન્મુખ આવ્યો અને વડીલ ભાઈને પગે પડયો. પરસ્પર સ્નેહથી તેઓ મળ્યા. પછી મહોત્સવપૂર્વક નમિરાજાને નગરમાં

પ્રવેશ કરાવી ચંદ્રયશા રાજા આંખમાં આંસુ લાવીને બોલ્યો કે :–'હે વત્સ ! પિતાના મરણને જોયા પછી રાજ્યપર મને થોડીપણ પ્રીતિ નથી; પરંતુ રાજયધુરાને ધારણ કરનારના અભાવને લીધે આટલો કાળ મારે તે ધારણ કરવી પડી છે, માટે હવે તું તેનો સ્વીકાર કર.' ઈત્યાદિ વાકયોથી સમજાવી નમિને રાજ્યપર બેસાડી ચંદ્રયશાએ દીક્ષા અંગીકાર કરી. પછી સૂર્યના જેવા પ્રતાપી નમિરાજાએ બહુ શોભાપૂર્વક ઘણા સમય સુધી રાજ્યસુખ ભોગવ્યું.

એકદા નમિરાજાના શરીરમાં મહા દાહજ્વર ઉત્પન્ન થયો. તેને શાંત કરવા માટે ઘણા ઔષધોપચાર કર્યા, પણ તે શાંત ન થયો. પછી એની શાંતિને માટે રાણીઓ પોતે ચંદન ઘસવા લાગી. એટલે તેમના કંકણોના સમૂહના ( અરસપરસ ) અથડાવવાના રણકારથી કાનમાં આઘાત થતાં રાજાને બહુ જ કંટાળો આવવા લાગ્યો; તેથી રાણીઓએ મંગળને માટે માત્ર એક જ કંકણ હાથમાં રાખી બીજા બધા કંકણો ઉતારી નાખ્યા. એટલે રાજાએ પ્રધાનને પૂછ્યું કે :—'શું રાણીઓ ચંદન ઘસતી નથી કે જેથી કંકણનો અવાજ સાંભળવામાં આવતો નથી.' મંત્રીઓ બોલ્યા કે :—'હે સ્વામિન્ ! બધી રાણીઓ ચંદન તો ઘસે છે, પણ હવે હાથમાં માત્ર એક એક કંકણ જ હોવાથી તેનો અવાજ સંભળાતો નથી.' તે સાંભળીને રાજાને બોધ મળ્યો અને મોહ ક્ષીણ થવાથી તે અંતરમાં વિચારવા લાગ્યો કે :–'અહો ! ઘણા સંયોગ જ દુઃખદાયક છે. ઘણા કંકણોથી દુઃખ થતું હતું અને તેમાં ઓછા થવાથી

સુખ જણાય છે. આ દૃષ્ટાંતથી એમ સમજાય છે કે એકાંકી-પણામાં જ મહાસુખ છે. વિસ્તારથી ક્લેશ થાય છે, અને સંક્ષેપથી સુખ જણાય છે; માટે એકાંકીપણામાં જ સુખ છે. હવે જો કોઈ રીતે આજ રાત્રે મારો દાહ શાંત થઈ જાય તો મારે સર્વ સંગનો ત્યાગ કરી એકાકી થઈને ચારિત્ર લેવું.' એમ વિચાર કરતાં નમિરાજાને નિદ્રા આવી ગઈ. સવારે તેણે સ્વપ્નમાં શ્વેત હાથી પર આરૂઢ થયેલ અને મેરૂ પર્વત્ત પર રહેલ પોતાને જોયા. એવામાં સૂર્યોદય થતાં સુખ અને વાજીંત્રના શબ્દથી જાગ્રત થતાં પોતાને રોગરહિત જોઈને તે ચિંતવવા લાગ્યો કે :-' અહો ! આ મેં કેવું શુભ સ્વપ્ન જોયું ! કારણ કે :-' ગાય પર, બળદ પર; પર્વતના અગ્ર ભાગ પર, મહેલ પર, ફલિત વૃક્ષ પર અને હાથી પર આરોહણ કરેલ (ચઢેલ) પોતાને સ્વપ્નમાં દેખે તો તે શુભ ગણાય છે,' પરંતુ પૂર્વે મેં આવો પર્વતોમાં ( શ્રેષ્ઠ ) રાજા સમાનને જોયેલ છે." એમ ચિંતવતા શુભ અધ્યવસાયથી તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, તેથી તેણે જાણ્યું કે—'પૂર્વે મનુષ્યભવમાં ચારિત્ર પાળીને હું દશમાં પ્રાણત દેવલોકમાં દેવ થયો હતો. તે ભવમાં જિનેશ્વરના જન્મોત્સવ પ્રસંગે હું મેરૂ પર્વત પર આવ્યો હતો, તે વખતે મેં મેરૂગિરિ જોયો હતો.' પછી પોતાની મેળે જ પ્રતિબોધ પામી પોતાના સામ્રાજ્ય પર પુત્રને બેસાડીને દેવતાએ આપેલ સાધુવેષ લઇ તેણે દીક્ષા અંગીકાર કરી.

નગરમાંથી નીકળતા નમિરાજર્ષિને જોઈને શક્રેંદ્ર બ્રાહ્મણના વેષે તેમની પરીક્ષા કરવા આવ્યા અને બોલ્યા કે :—' હે

મહારાજ ! આ તમારૂં જીવદયા વ્રત કેવું ? તમે વ્રત લીધું તેથી આખી નગરીના લોકો આક્રંદ કરે છે, માટે પરને પીડા કરનાર વ્રત તો અયોગ્ય કહેવાય,' એટલે મુનિ બોલ્યા કે :— 'મારૂં વ્રત એમને દુઃખનું કારણ નથી; પણ તેમના સ્વાર્થની હાનિ તેમને દુઃખનું કારણ છે. માટે તેમની જેમ હું પણ મારો સ્વાર્થ સાધવા તૈયાર થયો છું, એટલે મારે બીજાની ચિંતા કરવાથી શું ?' ફરી ઇંદ્ર બોલ્યા કે :—'હે મુને ! આ તમારા બળતા ઘર અને અંતઃપુરની[૧] કેમ ઉપેક્ષા કરો છો ?' મુનિ બોલ્યા કે :—'મને કોઈ બાધા કરનાર નથી. તેમ મિથિલા બળે છે, તેમાં મારૂં કાંઈ બળતું નથી.' એટલે ઇંદ્ર બોલ્યા કે :—'અરે મહાત્મન્ ! નગરીને ફરતો નાના પ્રકારના મંત્રયુક્ત કિલ્લો કરાવીને પછી સંયમ લ્યો.' એટલે રાજર્ષિ બોલ્યા કે :—'હે ભદ્ર ! સંયમ એ મારું નગર છે, તેને સમભાવ રૂપ કિલ્લો છે અને તેમાં નય એ મંત્ર છે.' ફરી ઇંદ્ર બોલ્યા કે :—'હે ક્ષત્રિય ! લોકોને રહેવાને માટે મનોહર મહેલો કરાવીને દીક્ષા લ્યો.' મુનિ બોલ્યા કે :–'મોક્ષનગરમાં મારે માટે નિશ્ચળ મંદિર કરેલું છે, તો પછી મારે બીજા ઘરનું અથવા બીજાઓને માટે ઘરો કરવાનું શું પ્રયોજન છે ?' ઇંદ્ર બોલ્યા કે :–'પ્રથમ તમારી નગરીમાં રહેલા ચોરોને વશ (કાબૂ)માં કરીને પછી ચારિત્ર લ્યો.' ઋષિ બોલ્યા કે–'અરે

---

૧ ઇંદ્રે દેવશક્તિથી તેવું બતાવ્યું હતું–સાચું નહોતું.

મહાનુભાવ ! મેં રાગાદિક ચોરોને વશ (કાબૂમાં) કર્યા છે.' ઇંદ્ર બોલ્યા કે :–'હે રાજર્ષિ ! પ્રથમ ઉદ્ધત રાજાઓને કબજે કરીને પછી સંયમ લ્યો.' ઋષિ બોલ્યા કે :–'બીજા સુભટોનો જય કરવાથી શું ? કર્મનો જય કરવો તેજ પરમ જય છે, તેને માટે જ મારો પ્રયત્ન છે.' ઇંદ્ર બોલ્યા કે :–'ગૃહસ્થાવાસ જેવો બીજો ધર્મ નથી, કે જેમાં દીનજનોને દાન આપી શકાય છે.' ઋષિ બોલ્યા કે :–'ગૃહસ્થ ધર્મ સાવદ્ય હોવાથી તે સર્ષવ સમાન છે અને મુનિધર્મ નિરવદ્ય હોવાથી તે મહા મેરૂપર્વત સમાન ઉચ્ચ છે.' ઇંદ્ર બોલ્યા કે :–'હાથમાં આવેલા ભોગોનો શા માટે ત્યાગ કરો છો ? માટે પ્રથમ અતિ દુર્લભ ભોગ ભોગવીને પછી સંયમ લેજો.' મુનિ બોલ્યા કે :–'દ્રષ્ટિ વિષ–સર્પ સમાન અને શલ્ય સમાન એ ભોગ બહુ વાર ભોગવ્યા, છતાં આ અસંતુષ્ટ જીવને તૃપ્તિ થઇ જ નથી.'

આ પ્રમાણે ઇંદ્રે અનેક વાતો કહ્યા છતાં નમિરાજર્ષિ વ્રતથી થોડા પણ ચળાયમાન ન થયા; એટલે શક્રેંદ્ર સાક્ષાત્ પોતાનું રૂપ પ્રગટ કરી તેમને નમસ્કાર કરીને બોલ્યા કે– 'હે મહાત્મન્ ! તમે ધન્ય અને કૃતકૃત્ય છો, તમે મહાનુભાવ છો, તમારૂં કુળ પણ પ્રશંસનીય છે, કે જેથી તમે તૃણની જેમ સંસારનો ત્યાગ કરી દીધો છે.' એ પ્રમાણે સ્તુતિ, નમસ્કાર કરી અને ત્રણ પ્રદક્ષિણા દઈ જેના કુંડળ દેદીપ્યમાન છે એવા હરિ ( ઇંદ્ર ) દેવલોકમાં ગયા અને પ્રત્યેકબુદ્ધ એવા નમિરાજર્ષિ સુંદર ચારિત્રને નિરતિચારપણે આરાધી કર્મક્ષય કરી કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા.

મદનરેખા સાધ્વી પણ ચારિત્ર પાળીને મોક્ષે ગયા. જેઓ મદનરેખાની જેમ અખંડ શીલ પાળે છે, તેમને ખરેખર ધન્ય છે. તેઓ જલ્દી મુક્તિને પ્રાપ્ત કરે છે. વળી જેઓ નમિરાજર્ષિની જેમ રાજ્યનો ત્યાગ કરી ચારિત્ર ગ્રહણ કરીને નિરતિચાર પાળે છે, તેઓને પણ ધન્ય છે. તેવા ભવ્યજનો અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરે છે.

## ઇતિ નમિરાજર્ષિ-મદનરેખા કથા

હવે તપધર્મ કહેવામાં આવે છે :—અનંત કાળના સંચિત કરેલા અને નિકાચિત કર્મરૂપ ઈંધન પણ તપરૂપ અગ્નિથી ભસ્મીભૂત થઈ જાય છે. કહ્યું છે કે :—'જંગલને બાળવાને દાવાગ્નિ વિના જેમ અન્ય (બીજા) કોઇ સમર્થ નથી, દાવાગ્નિને શાંત કરવા જેમ મેઘ વિના અન્ય કોઇ સમર્થ નથી અને મેઘને વિખેરી નાખવા જેમ પવન સિવાય બીજું કોઇ સમર્થ નથી; તેમ કર્મસમૂહને હણવા ઉગ્ર તપ વિના બીજું કોઈ સમર્થ નથી. તેનાથી વિઘ્નપરંપરા નાશ પામે છે, દેવતાઓ આવીને સેવા કરે છે, કામ શાંત થાય છે, ઇંદ્રિયો સન્માર્ગે દોરાય છે, સંપત્તિ (લબ્ધિ)ઓ પ્રગટ થાય છે, કર્મસમૂહનો નાશ થાય છે અને સ્વર્ગ તથા મોક્ષ સ્વાધીન થાય છે; તેથી તપ જેવી બીજી કઈ વસ્તુ વખાણવા લાયક છે?' માટે હે મહાનુભાવો! તે તપધર્મનું તમે આરાધન કરો. મોટા રાજ્યનો ત્યાગ કરીને ચારિત્ર અંગીકાર કરનાર સનત્કુમાર ચક્રી તપના પ્રભાવથી અનેક લબ્ધિઓ પામ્યા. તેનું દૃષ્ટાંત આ પ્રમાણે છેઃ—

# સનત્કુમાર ચક્રી કથા

આ જ ભરતક્ષેત્રના કુરૂદેશમાં મહર્દ્ધિથી સંપૂર્ણ હસ્તિનાગપુર નામે નગર છે, ત્યાં પરાક્રમથી સમગ્રશત્રુગણને આક્રાંત (દબાવનાર) કરનાર **વીરસેન** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને **સહદેવી** નામે પટરાણી હતી; તે પવિત્ર પુણ્યનું પાત્ર અને શીલથી અલંકૃત હતી. તેને ચૌદ સ્વપ્નથી સૂચિત અને સર્વ શુભ લક્ષણોથી સંપૂર્ણ એવો **સનત્કુમાર** નામે પુત્ર થયો. સનત્કુમારને કાલિંદીની કુક્ષિથી ઉત્પન્ન થયેલ અને સૂરરાજનો પુત્ર **મહેંદ્રસેન** નામે બાળમિત્ર હતો. તે મિત્રની સાથે સનત્કુમારે થોડા જ દિવસોમાં બધી કળાઓ ગ્રહણ કરી લીધી, અને વિવિધ વિનોદ કરતો કુમાર સર્વને પ્રિય થઈ પડયો.

એકદા કુમારને યૌવનવય પ્રાપ્ત થતાં વસંતઋતુ આવી, એટલે સનત્કુમાર પોતાના મિત્ર અને નગરજનોની સાથે વનમાં જઈ ઘણા વખત સુધી નાના પ્રકારની વસંતક્રીડા કરવા લાગ્યો. નજીકના સરોવરમાં તે જળક્રીડા કરતો હતો, એવામાં ત્યાં એક હાથી આવ્યો અને કુમાર તથા તેના મિત્રને સુંઢથી પોતાના સ્કંધ પર લઈને તે આકાશમાં ઉડયો, હાથીના સ્કંધપર બેસીને કુમાર પૃથ્વીપરના વિવિધ કૌતુક જોવા લાગ્યો, તે હાથીએ અનુક્રમે વૈતાઢય પર્વતપર જઈ દક્ષિણ શ્રેણિમાં રથનૂપુર નગરની સમીપના ઉપવનમાં બંને કુમારને ઉતારી મૂકયા. પછી તે હાથીએ નગરમાં જઇને રાજાને નિવેદન કર્યું કે :— 'હે સ્વામિન્ ! હું સનત્કુમારને લાવ્યો છું.' એટલે ત્યાંના

કમલવેગ નામના રાજાએ સપરિવાર વનમાં જઈ સનત્કુમારને પ્રણામ કરીને કહ્યું કે :—'હે સ્વામિન્ ! **મદનકળા** નામે મારી પુત્રી છે, તેને યૌવનવયમાં આવેલ જાણીને મેં એક નૈમિત્તિકને પૂછયું કે :—' આનો વર કોણ થશે ?' એટલે તે બોલ્યો કે :–' એનો પતિ સનત્કુમાર ચક્રવર્ત્તી થશે.' માટે તમને બોલાવવા મેં હાથી રૂપે વિદ્યાધરને મોકલ્યો હતો, તેથી આપ અહીં આવ્યા એ બહુ સારૂં થયું, હવે આપ નગરમાં પધારો." પછી સનત્કુમાર મહોત્સવપૂર્વક નગરમાં ગયા, એટલે ત્યાં રાજાએ પોતાની કન્યાનું પાણિગ્રહણ કરાવ્યું, તે વખતે બીજા વિદ્યાધરોએ પણ પોતપોતાની કન્યાઓ તેને આપી, એમ પાંચસો કન્યાઓને એક સાથે પરણ્યા, પછી ઉત્તર શ્રેણિના વિદ્યાધરોની પણ તે પાંચસો કન્યાઓ પરણ્યા. પછી ત્યાંના સર્વ વિદ્યાધર રાજાઓએ મળીને તેમનો રાજ્યાભિષેક કર્યો, અને કહ્યું કે :—' અમે સર્વે તમારા આજ્ઞાધારી સેવકો છીએ..' પછી કેટલાક દિવસો ત્યાં રહીને ચતુરંગી સેના સહિત આકાશગામી વિમાનપર આરૂઢ થઈ તે પોતાના નગરમાં આવ્યા, અને પુત્રવિરહથી દુઃખિત થયેલા પિતાને નમ્યા, એટલે માતાપિતા તથા નગરજનો પરમ આનંદ પામ્યા.

એકદા ચક્ર વિગેરે ચૌદ મહારત્નો પ્રકટ થયા એટલે અનુક્રમે સમસ્ત ભરતને તેણે સાધ્યું, પછી નવનિધાન પ્રગટ થયા, એટલે તેજસ્વી વિશ્વવિખ્યાત અને સુપ્રસિદ્ધ એવા તે મહાન્ ચક્રવર્ત્તી થયા. પછી ચક્રવર્ત્તી સંબંધી ઉદાર ભોગ ભોગવતાં તેનો સમય પસાર થવા લાગ્યો.

એકદા દેવલોકમાં ઇંદ્રસભામાં બેસીને સૌધર્મેંદ્ર નાટક જોઇ રહ્યા છે. એવામાં ઇશાન દેવલોકમાંથી સંગમ નામનો દેવ સૌધર્મેંદ્ર પાસે કાંઈ કાર્ય પ્રસંગે આવ્યો. તેના દેહની પ્રભાથી સભામાં રહેલા બધા દેવો સૂર્યોદય થતાં ચંદ્રાદિક ગ્રહોની જેમ પ્રભા અને તેજ રહિત દેખાવા લાગ્યા. પછી પોતાને કરવાનું કાર્ય કરીને તે સંગમ પોતાના વિમાનમાં પાછો ચાલ્યો ગયો એટલે વિસ્મિત થયેલા દેવોએ દેવેંદ્રને પૂછ્યું કે :—'આ દેવ કેમ અત્યંત તેજસ્વી જણાતો હતો.' ઇંદ્ર બોલ્યા કે :—'અહો દેવો ! સાંભળો :–એણે પૂર્વભવમાં આયંબિલ–વર્ધમાન નામનો તપ કર્યો હતો. તેથી એ આવો તેજસ્વી થયો છે.' ફરી દેવોએ પૂછ્યું કે :—'હે સ્વામિન્ ! મનુષ્યલોકમાં કોઇ અધિક સ્વરૂપવાન્ છે ?' એટલે દેવેંદ્ર બોલ્યા કે :–'અત્યારે મનુષ્યલોકમાં હસ્તિનાગપુરમાં કુરૂવંશના ભૂષણ સમાન સનત્કુમાર ચક્રવર્ત્તી રાજ્ય કરે છે. તે દેવો કરતાં પણ અધિક રૂપવાન છે.' તે સાંભળીને બધા દેવતાઓ આશ્ચર્ય પામ્યા. તે વખતે **જય** અને **વિજય** નામના બે દેવ ઇંદ્રના વચનને સાચું ન માનતા બ્રાહ્મણરૂપે મનુષ્યલોકમાં આવ્યા, અને ચક્રવર્ત્તીના મહેલના દ્વાર પાસે આવી દ્વારપાળની રજા લઇ રાજભુવનમાં જઇ સનત્કુમારના રૂપને જોયું; તેથી તે પરમ હર્ષ પામ્યા અને બોલ્યા કે :—'ઇંદ્રે જે કહ્યું હતું તે સત્ય છે.' તે વખતે સનત્કુમાર ચક્રી તૈલ મર્દન કરાવતા હતા. આ બંને બ્રાહ્મણોને જોઈને ચક્રીએ પૂછ્યું કે :–'તમે કોણ છો ? અને અહીં શા માટે આવ્યા છો ?' તેઓ બોલ્યા કે :–'હે નરેંદ્ર ! અમે બ્રાહ્મણ છીએ અને ત્રણ જગતમાં તમારૂં રૂપ બહુ વખણાય

છે, તેથી તે જોવાને માટે કૌતુકથી અહીં આવ્યા છીએ.' એટલે ચક્રીએ ચિંતવ્યું કે :– અહો ! હું ધન્ય છું, કે મારૂં રૂપ સર્વત્ર વખણાય છે.' પછી બ્રાહ્મણોને તેણે કહ્યું કે –'હે બ્રાહ્મણો ! અત્યારે મારૂં રૂપ શું જુઓ છો ? થોડો વખત સબુર (થોભો) કરો, અત્યારે તો મારો સ્નાનાવસર છે, એટલે સ્નાન કરી વસ્ત્રાભૂષણથી વિભૂષિત થઈ જ્યારે હું સભામાં આવીને બેસું ત્યારે સિંહાસનપર બેઠેલા એવા મારૂં રૂપ તમે જોજો.' આમ કહેવાથી તે બ્રાહ્મણો ત્યાંથી અન્યત્ર ગયા. પછી રાજા સ્નાન કરી અને વસ્ત્રાભૂષણ ધારણ કરી રાજસભામાં આવ્યા એટલે તેણે પેલા બ્રાહ્મણોને બોલાવ્યા. તેમણે આવી ચક્રીના દેહની વિલક્ષણ (રોગગ્રસ્ત) શોભા જોઈ ખેદ, ઉત્પન્ન થવાથી પડી ગયેલું મુખ કરીને રાજાને કહ્યું કે :–'અહો ! મનુષ્યોના રૂપ, તેજ, યૌવન અને સંપત્તિઓ અનિત્ય અને ક્ષણવારમાં નાશ પામી જાય તેવી છે.' એટલે સનત્કુમારે તેમને પૂછ્યું કે :– 'બ્રાહ્મણો ! તમે સવિષાદ અને મનમાં શંકા કુશંકા થાય એવું કેમ બોલો છો ?' એટલે તેઓ ફરી બોલ્યા કે :– 'હે નરેંદ્ર ! દેવોના રૂપ, તેજ, બળ અને લક્ષ્મી તો આયુષ્યમાંથી શેષ છ માસ રહે ત્યારે જ ક્ષીણ થાય છે, પણ મનુષ્યોના દેહની શોભા તો ક્ષણવારમાં ખતમ થઈ જાય છે. અમે તો તમારા રૂપની શોભામાં આશ્ચર્ય જોયું છે. અહો સંસારની અનિત્યતા ! કે જે સવારે હોય છે તે બપોરે હોતું નથી, અને બપોરે હોય છે તે રાત્રે હોતું નથી, આ સંસારમાં બધા પદાર્થો અનિત્ય જ દેખાય છે.' ચક્રી બોલ્યા કે–'તમે શી રીતે જાણ્યું ?' એટલે તે પ્રગટ થઇને રાજાની આગળ યથાસ્થિત પરમાર્થ કહેવા લાગ્યા

કે :–'ઇંદ્રે વર્ણવેલા તમારા રૂપને સાચું ન માનતા અમે અહીં આવ્યા હતા. પ્રથમ તો ઇંદ્રે વર્ણવ્યા કરતાં પણ તમારૂં રૂપ અધિક અમે જોયું હતું પણ ક્ષણવારમાં તે સર્વ નષ્ટ થઈ ગયું છે. તમારા શરીરમાં અનેક રોગ પ્રગટ થઈ ગયા છે અને શરીર બધું નિસ્તેજ થઈ ગયું છે, હવે તમને યોગ્ય લાગે તે કરજો.' આ પ્રમાણે કહીને તે બંને દેવો સ્વર્ગમાં ચાલ્યા ગયા.

ઉપદેશમાળામાં કહ્યું છે કે :—'ક્ષણવારમાં દેહ ક્ષીણ થતાં દેવોના કહેવા પરથી જેમ સનત્કુમાર ચક્રી બોધ પામ્યા, તેમ કેટલાક સત્પુરુષો જલ્દી પોતાની મેળે જ બોધ પામે છે.'

હવે સનત્કુમાર ચક્રી દેવોના વચનથી વિસ્મય પામીને દિવ્ય કંકણ અને બાજુબંધથી વિભૂષિત એવા પોતાના બાહુ-યુગલને જોવા લાગ્યા. તો તેને તે નિસ્તેજ લાગ્યું. હાર અને અર્ધહારથી વિભૂષિત એવું વક્ષસ્થળ ધુળથી આચ્છાદિત થયેલા સૂર્યબિંબની જેવું શોભારહિત તેના જોવામાં આવ્યું. એ પ્રમાણે સર્વ અંગને પ્રભારહિત જોઈને તે ચિંતવવા લાગ્યા કે :— 'અહો ! આ સંસાર કેવો અસાર છે ? આવું મારૂં સુંદર રૂપ પણ ક્ષણવારમાં નષ્ટ થઈ ગયું ! અહીં શરણ પણ કોનું લેવું ? કોઈ કોઈનું રક્ષણ કરવાને સમર્થ નથી તે મહાત્માઓ ધન્ય છે, કે જેઓ સર્વ સંગનો પરિત્યાગ કરી વનમાં જઈ દીક્ષા લઈ આરાધન કરે છે.' આ પ્રમાણે વિચાર કરીને તત્કાળ વૈરાગ્ય ઉત્પન્ન થવાથી સનત્કુમારે નિઃસંગ થઈને વિનયંધર ગુરુની પાસે દીક્ષા અંગીકાર કરી. તેના સ્ત્રીરત્ન પ્રમુખ ચૌદ રત્નો, રાજાઓ, આભિયોગિક દેવો અને સેનાના માણસો છ

મહિના સુધી તેની પાછળ પાછળ ભમ્યા, છતાં સનત્કુમારે તેમની સામે પણ જોયું નહિ. અગંધક કુળમાં ઉત્પન્ન થયેલા નાગ શું વમન કરેલાને ફરી ઇચ્છે? ન ઈચ્છે. તેવી રીતે–વમેલા આહારની જેમ તેણે સર્વનો ત્યાગ કર્યો.

પછી તે મહર્ષિ છઠ્ઠના પારણે ગોચરીમાં ચીનકૂર[૧] ને બકરીની છાશ મળે તો તેનાથી જ પારણું કરી ફરી છઠ્ઠ કરવા લાગ્યા. આ પ્રમાણે કરવાથી કેટલેક દિવસે તેમને કેટલાક દુષ્ટ રોગો લાગુ પડયા. 'શુષ્ક ખસ, તાવ, ઉધરસ, શ્વાસ, અન્નની અરૂચિ, આંખમાં પીડા અને ઉદરપીડા–આ સાત અત્યંત ભયંકર રોગો ગણાય છે.' તે તથા બીજા પણ ઘણા રોગો તેમને લાગુ પડયા. સાતસો વર્ષ પર્યંત તે રોગોને સમ્યગ્ભાવે સહન કરી તેઓ દીપ્ત અને ઉગ્ર તપ કરવા લાગ્યા. એવું ઉગ્ર તપ તપતાં તેમને કફૌષધિ, શ્લેષ્મૌષધિ, વિપ્રૂડૌષધિ, મળૌષધિ, આમર્ષૌષધિ, સર્વૌષધિ, અને સંભિન્નશ્રોત–એ સાત લબ્ધિઓ ઉત્પન્ન થઈ. તો પણ તે મહામુનીશ્વરે રોગોનો થોડો પણ પ્રતિકાર ન કર્યો.

એકદા સૌધર્મેંદ્રે સુધર્મા સભામાં સાધુનું વર્ણન કરતાં સનત્કુમાર ચક્રીની ધૈર્યતાનું અપૂર્વ વર્ણન કર્યું. પછી ઈંદ્ર પોતેજ વૈદ્યનું રૂપ લઈને તે ચક્રીમુનિની પાસે આવ્યા અને મુનિને કહ્યું કે–'હે ભગવન્! આજ્ઞા આપો, તો હું આપના રોગોનો પ્રતિકાર કરૂં. જો કે તમે નિરપેક્ષ છો, તથાપિ

૧. હલકી જાતના ચોખા.

હું તમારા રોગનો નાશ કરવા ઈચ્છું છું.' મુનિ બોલ્યા કે:– 'હે વૈદ્ય ! દ્રવ્યરોગનો કે ભાવરોગનો ? કોનો પ્રતિકાર કરવા તમે ઇચ્છો છો ?' વૈદ્યરૂપે ઇંદ્ર બોલ્યા કે:—'દ્રવ્યભાવ રોગના ભેદને હું જાણતો નથી.' એટલે મુનિ બોલ્યા કે:— 'દ્રવ્ય રોગ તો પ્રગટ દેખાય છે અને ભાવરોગ તે કર્મ છે. તે કર્મનો પ્રતિકાર તમે કરી શકો તેમ છો ?' ઇંદ્ર બોલ્યા કે:– 'હે સ્વામિન્ ! કર્મરોગ તો બહુ વિકટ છે. તેનો ઉચ્છેદ કરવાને હું સમર્થ નથી.' એટલે મુનિએ પોતાની આંગળીને પોતાના શ્લેષ્મથી લિપ્ત કરતાં તે સુવર્ણ જેવી સુંદર બની ગઇ. તે આંગળી વૈદ્યને બતાવીને કહ્યું કે:—'હે વૈદ્યરાજ ! મારે આ દ્રવ્યરોગનો પ્રતિકાર કરવો હોય તો મારામાંજ તેવી શક્તિ છે, પણ મારી તેવી ઈચ્છા નથી. મારાં કરેલાં કર્મ મારે જ ભોગવવાનાં છે, માટે રોગની પ્રતિક્રિયા શું કામ કરાવવી ?' પછી ઈંદ્રિ પ્રશંસાપૂર્વક ત્રણ પ્રદક્ષિણા દઈ પોતાનું સ્વરૂપ પ્રગટ કરી મુનિને વારંવાર અભિનંદન કરીને સ્વસ્થાને ગયા.

શ્રીમાન્ સનત્કુમાર મુનીંદ્ર પણ ઘણાં કર્મોનો ક્ષય કરી આયુ પૂર્ણ થતાં સનત્કુમાર નામના ત્રીજા દેવલોકમાં દેવ થયા. ત્યાં દેવ સંબંધી આયુ પૂર્ણ ભોગવીને મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધિપદને પામશે. આવી રીતે તપનો અપાર મહિમા જાણીને કર્મને નિર્મૂળ કરવા તત્પર એવા મહાત્માઓએ યથાશક્તિ તપ અવશ્ય કરવું.

## ઇતિ સનત્કુમાર ચક્રી કથા

હવે ભાવધર્મ કહેવામાં આવે છે. ભાવ એ ધર્મનો મિત્ર

છે. તે કર્મરૂપી લાકડાને ભસ્મ કરવા અગ્નિસમાન છે અને સત્કૃત્યરૂપ અન્નમાં તે ઘી સમાન છે. ભાવપૂર્વક થોડું સુકૃત કરેલ હોય, તે પણ પુરુષોને સર્વ અર્થની સિદ્ધિને આપે છે. કારણ કે :—'જેમ ચુનો ચોપડયા વિના પાનમાં રંગ આવતો નથી. તેમ ભાવ વિના દાન, શીલ, તપ અને જિનપૂજા વિગેરેમાં અધિક લાભ પ્રાપ્ત થતો નથી,' ભાવથી ભ્રષ્ટ થયેલા પુરુષોને સર્વત્ર ભ્રષ્ટતા પ્રાપ્ત થાય છે. ભાવથી એક દિવસ પાળવામાં આવેલ ચારિત્ર પણ સદ્ગતિ આપે છે. તે સંબંધમાં પુંડરીક અને કંડરીકનું દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે :—

## પુંડરીક કંડરીક કથા

આજ જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રમાં પુષ્કલાવતી નામના વિજયમાં પુંડરીકિણી નામે નગરી છે. ત્યાં ન્યાયલક્ષ્મીના પાત્રરૂપ **મહાપદ્મ** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને શીલ, વિનય, વિવેક, ઔદાર્ય અને સુંદર, હોંશિયાર વિગેરે ગુણયુક્ત **પદ્માવતી** નામે રાણી હતી. તથા શસ્ત્ર અને શાસ્ત્રમાં વિશારદ એવા **પુંડરીક** અને **કંડરીક** નામના બે પુત્ર હતા. તે રાજા ન્યાયપૂર્વક પોતાની પ્રજાનું પાલન કરતો હતો.

એકદા નગરની બહાર નલિનીવન નામના ઉદ્યાનમાં બહુ સાધુઓના પરિવાર સહિત શ્રીસુવ્રતાચાર્ય નામના ગુરુમહારાજ પધાર્યા. એટલે તેમનું આગમન જાણીને રાજા વનમાં જઈ ગુરુમહારાજને નમસ્કાર કરીને યોગ્ય ભૂભાગ (ભૂમિ) પર બેઠો. પછી ગુરુ ધર્મોપદેશ દેવા લાગ્યાં કે :—' હે ભવ્ય જનો ! આ

જગતમાં ભ્રમણ કરતા જીવોને મનુષ્યત્વ, ધર્મનું શ્રવણ, તે પર શ્રદ્ધા અને સંયમમાં મહાવીર્ય—એ ચાર વસ્તુઓ અતિશય દુર્લભ છે.' ઇત્યાદિ ગુરુએ આપેલ ધર્મદેશના સાંભળીને વૈરાગ્ય ઉત્પન્ન થતાં પોતાના મોટા પુત્ર પુંડરીકને રાજ્યભાર સોંપી રાજાએ દીક્ષા અંગીકાર કરી. પછી ચૌદ પૂર્વનો અભ્યાસ કરીને તે રાજર્ષિ વિવિધ તપ પૂર્વક સાધુપણું પાળવા લાગ્યા. અન્તે સંલેખના કરી દેહને તજી સર્વ દુઃખને ક્ષીણ કરીને નિર્વાણ-પદને પામ્યા.

હવે કેટલાક વખત પછી તેજ સ્થવિર મુનિઓ વિહાર કરતાં ફરી પુંડરીકિણી નગરીએ પધાર્યા. એટલે પુંડરીક રાજા સ્થવિરોનું આગમન જાણીને નાનાભાઈ તથા પરિવાર સહિત તેમને વંદન કરવા ગયો. ભક્તિપૂર્વક ગુરુને વંદન કર્યું, એટલે ગુરુમહારાજે સવિસ્તર ધર્મદેશના આપી. તે સાંભળી લઘુકર્મી-પણાથી તે ધર્મદેશનાને અંતરમાં ભાવતાં પુંડરીક રાજાને વૈરાગ્યભાવ ઉત્પન્ન થયો. તે તરત જ પોતાની નગરીમાં આવ્યો અને પોતાના પ્રધાનોને બોલાવી તથા કંડરીકને આગળ કરીને હર્ષ સહિત આ પ્રમાણે બોલ્યો કે :—'હે વત્સ ! મેં ભોગ ભોગવ્યા અને અક્ષત (અખંડિત) રાજ્ય પણ પાળ્યું; રાજાઓને વશ કર્યા અને પૃથ્વીમંડળને સાધ્યું; દેવગુરૂને પૂજ્યા અને ગૃહસ્થધર્મ પણ સેવ્યો; સ્વજનોનો સત્કાર કર્યો, અર્થીજનોની ઈચ્છા પૂર્ણ કરી અને યશ પણ ઉપાર્જન કર્યો; હવે મારૂં યૌવન નાશ પામવાની અણી પર છે અને જરા કાંઈક કાંઈક પાસે આવતી જાય છે. મૃત્યુ કટાક્ષપાતથી મને

જોયા કરે છે. પ્રાણીઓને જન્મ, મરણ વારંવાર સતાવ્યા કરતા હોવાથી આ સંસાર વિડંબનામય છે. મેં ગુરુમહારાજનાં વચન સાંભળ્યાં, તેથી સંસારથી હું વિરક્ત થયો છું, માટે હવે તું આ રાજ્યનો સ્વીકાર કર અને નીતિપૂર્વક રાજ્ય અને પ્રજાનું પાલન કર. હું સુગુરુની પાસે જઈને દીક્ષા અંગીકાર કરીશ.' આ પ્રમાણે પુંડરીકનાં વચનો સાંભળીને કંડરીક બોલ્યો કે :– 'હે ભાઇ! શું તું મને ભવસાગરમાં ભમાવવા ઇચ્છે છે? મેં પણ ધર્મ સાંભળ્યો છે, માટે દીક્ષા ગ્રહણ કરીને હું મારો જન્મ સફળ કરીશ.' એટલે પુંડરીક બોલ્યો કે :–'હે બંધો! ચારિત્ર પાળવું દુષ્કર છે, તેમાં સર્વ જીવો પર સમભાવયુક્ત દયા પાળવી, સદા સત્ય બોલવું, તૃણ (તણખલા) માત્ર પણ અદત્ત (માલિકે આપ્યા સિવાય) ન લેવું, બ્રહ્મચર્ય સદા ધારણ કરવું. પરિગ્રહનો સર્વથા ત્યાગ કરવો, રાત્રે ચારે આહારનો ત્યાગ કરવો, બેંતાલીશ દોષરહિત આહાર લેવો, કેમકે અશુદ્ધ આહાર લેતાં ચારિત્ર–ભ્રષ્ટતા પ્રાપ્ત થાય છે. ચૌદ પ્રકારના ઉપકરણો ધારણ કરવા, તે આ પ્રમાણે–'પાત્ર, પાત્રબંધ, પાત્રઠવણી (પાત્ર મૂકવાનું વસ્ત્ર), પાયકેસરિયા (ચરવળી), પડલા, પાત્રમાં લપેટવાનું વસ્ત્ર, ગુચ્છા, કંબલ, સુતરાઉ વસ્ત્ર; રજોહરણ (ઓઘો) અને મુહપત્તિ–આ બાર ઉપકરણ જિનકલ્પી સાધુને પણ હોય તથા એક મોટું પાત્ર અને ચોળપટ્ટો–એ બે મેળવતાં ચૌદ ઉપકરણ સ્થવિરકલ્પી સાધુઓને રાખવાના કહ્યા છે.' વળી સાધુએ કંઈ પણ સંચય (ભેગું) ન કરવો, ગૃહસ્થનો પરિચય ન કરવો અને પુષ્ટ એવા રાગાદિ શત્રુઓને જીતવા. આ પ્રમાણે હોવાથી ચારિત્ર

તલવારની ધાર સમાન છે, અને તું હજી બાળક છે. બંને ભુજાથી સમુદ્ર તરવા સમાન આ વ્રત છે. પરિષહો સહન કરવા બહુ કઠણ છે, તેથી અત્યારે ગૃહસ્થધર્મ ગ્રહણ કરી રાજ્ય ભોગવ. યૌવન વીત્યા પછી તું દીક્ષા અંગીકાર કરજે.' ઈત્યાદિ યુક્તિઓથી સમજાવતાં પણ તેણે કદાગ્રહ ન મૂકયો, અને રાજા તથા પ્રધાનોએ વાર્યા છતાં તેણે (કંડરીકે) દીક્ષા લીધી. રાજાએ ભાઈનો દીક્ષામહોત્સવ કર્યો. પછી 'જયાં સુધી રાજયભાર ઉપાડનાર કોઇ ન થાય ત્યાં સુધી હે વિભો! તમે રાજય પાળો' એમ મંત્રીઓના કહેવાથી પુંડરીક ચારિત્રની ભાવના ભાવતાં રાજ્ય કરવા લાગ્યા અને કંડરીક મુનિ સાધુઓ સાથે વિહાર કરતાં ચારિત્ર પાળવા લાગ્યા. એમ ઘણો સમય પસાર થયો.

એકદા સ્થવિર મુનિઓ પુષ્પાવતી નગરની સમીપના ઉદ્યાનમાં પધાર્યા; એટલે કેટલાક નગરજનો તેમને વંદન કરવા આવ્યા. તેમને જોઇને કંડરીક મુનિને દુર્ધ્યાન ઉત્પન્ન થયું. તે વખતે વસંતક્રીડા કરવા આવેલા કેટલાક નગરજનો ત્યાં ક્રીડા કરતા હતા, કેટલાક નૃત્ય અને હાસ્ય કરતા હતા, કેટલાક અનેક પ્રકારના વિનોદ, ગાયન અને વાતો કરતા હતા તથા કેટલાક વાદ્યો વગાડતા, વસંત સંબંધી વિલાસ કરતા હતા. એ અવસરે વ્રતનો નાશ કરનાર એવું ચારિત્રાવરણીય કર્કશ કર્મ કંડરીકને ઉદય આવ્યું, તેથી તેણે ચિંતવ્યું કે:—'અહો! આ લોકોને ધન્ય છે, કે જે ઘરે રહી સંસારસુખ ભોગવે છે, નૃત્ય અને વિવિધ ગાયન કરે છે. પુષ્પ, ચંદન અને સ્ત્રી વિગેરેના સુખનો સ્વાદ લે છે, તથા ઈચ્છાનુસારે આહાર કરે

છે, અને હું તો દીક્ષા લઈને નરકસમાન દુઃખમાં પડયો છું. મને એક ક્ષણભર સુખ નથી તુચ્છ અને તે પણ શીતળ ( ટાઢો ) આહાર, કદન્ન અને બળેલા આહારનું ભોજન તથા પરિષહ સહન—એ નરક જેવું દુઃખ કોણ ભોગવી શકે ? આ દુઃખદાયક દીક્ષાથી હવે તો રાજ્યનો જ પાછો સ્વીકાર કરૂં" આ પ્રમાણે ચિંતવતાં તે મનથી ભગ્ન અને ભાવભ્રષ્ટ થયા. તેને તેવા ભગ્ન પરિણામવાળા જાણીને સાધુઓએ તેનો ત્યાગ કર્યો અને ગુરુમહારાજે પણ તેની ઉપેક્ષા કરી.

---

પછી કંડરીકે દ્રવ્ય લિંગ (સાધુવેશ) અને ઉપકરણયુક્ત પોતાની નગરીના બહારના ઉદ્યાનમાં જઈને એક ઝાડની શાખા પર પાત્ર વિગેરે લટકાવી હરિત (લીલોતરીવાળી) જમીન પર બેસી ઉદ્યાનપાલકને મોકલીને પુંડરીકને બહાર બોલાવ્યા. ઉદ્યાનપાલકે જઈને રાજાને કહ્યું કે :–'હે સ્વામિન્ ! અહીં એકાકી કંડરીક મુનિ આવેલા છે.' રાજા તે સાંભળી સંભ્રાંત થઈ સેનાસહિત ત્યાં આવ્યો, અને તેને ભગ્નપરિણામી જાણી વંદન કરીને કહ્યું કે :–'તમે પૂજ્ય અને મહાનુભાવ છો. તમે ધન્ય છો કે જેમણે તરૂણાવસ્થામાં આવું દુષ્કર વ્રત ગ્રહણ કર્યું છે અને શુદ્ધ ચારિત્ર પાળો છો.' ઈત્યાદિ કોમળ વાકયોથી પ્રેરિત અને લજ્જિત થઈને કંડરીક મુનિ તે સ્થાનેથી પાછા ચાલ્યા ગયા. પછી મનથી ચારિત્રનો ભંગ કરી તે મુનિવેષમાં રહ્યા પણ અવસર પ્રમાણે ક્રિયા કરવી તજી દીધી. કારણ કે :—'કસ્તુરી, ચંદન, કુંકુમ ( કેસર ) અને કર્પૂરથી લસણને લપેટી રાખવામાં આવે તો પણ તે પોતાની દુર્ગંધને

તજતું નથી.' જાતિદોષને લીધે પ્રાપ્ત થયેલો વસ્તુનો સ્વભાવ બદલાતો નથી.' પુંડરીક રાજાએ અનેક પ્રકારે પ્રેરણા કર્યા છતાં તે તો તેવાજ ભ્રષ્ટ રહ્યા. પછી ફરી તે તેવી જ રીતે ત્યાં આવ્યા, એટલે રાજાએ પહેલાંની જેમ ત્યાં આવીને કહ્યું કે : હે મહાનુભાવ ! સંયમરૂપ મેરૂપર આરોહણ (ચઢી) કરીને શા માટે આત્માને અધઃપતિત (નીચે પાડો છો) કરો છો ? રાજ્યાદિ સંપત્તિ તો સુલભ છે, પણ જિનધર્મ પ્રાપ્ત થવો જ દુર્લભ છે.' એટલે કંડરીક બોલ્યો કે :—'આ વચન–યુક્તિથી મારે પ્રયોજન નથી, હવે દીક્ષાથી સર્યું; આ દુષ્કર વ્રત મારાથી પાળી શકાય તેમ નથી.' રાજા બોલ્યા કે :–'તો આ રાજ્યને ગ્રહણ કરો, એટલે મારૂં મનોવાંછિત સિદ્ધ થાય,' આ પ્રમાણે તેને કહીને રાજાએ સામંતાદિકને કહ્યું કે :—'હે રાજાઓ અને પ્રધાનો ! તમે એનો રાજ્યાભિષેક કરો, હું હવે દીક્ષા અંગીકાર કરીશ.' એમ કહી પુંડરીકે કંડરીક પાસેથી સાધુવેષ ગ્રહણ કર્યો અને પોતાની મેળે જ દીક્ષા અંગીકાર કરી.

પછી કંડરીક શ્યામમુખવાળા એવા સામંતો અને નગરજનોની સાથે નગરીમાં ગયો. સિંહની જેમ નીકળીને હવે શિયાળ જેવો બન્યો.' એમ કહીને સામંતો વિગેરે તેની હાસ્ય અને નિંદા કરવા લાગ્યા, તેમજ તેને પ્રણામ (નમસ્કાર) પણ ન કર્યા. એટલે કંડરીક રાજા વિચારવા લાગ્યો કે :— 'પ્રથમ ભોજન કરીને પછી એ દુષ્ટોનો નિગ્રહ કરીશ.' એમ ધારી તેણે તરત સર્વ પ્રકારની રસવતી (રસોઈ) તૈયાર કરાવી. પછી અનુક્રમે તેણે સર્વ રસવતીનું એવી રીતે ભોજન

કર્યું કે જેથી તેને સેવકોએ ભુજાનો ટેકો આપીને શય્યાપર (પથારી) આણ્યો. ચાલવા જેટલી શક્તિ પણ રહી નહીં. પછી મધ્યરાત્રે તેને અજીર્ણ થયું, તીવ્ર શૂળ પેદા થયું. વાયુ રૂંધાઈ ગયો. એટલે તે તીવ્ર વેદનાથી બડબડાટ કરવા લાગ્યો, તે વખતે કોઈએ તેના રોગનો સામનો (ઉપાય) ન કર્યો. એટલે તેણે ચિંતવ્યું કે:–'આ રાત્રિ પસાર થશે, એટલે સવારે આ મંત્રીઓ અને વૈદ્યો–સર્વનો સંહાર કરીશ.' એ પ્રમાણે રૌદ્રધ્યાનમાં મગ્ન થયો છતો મરણ પામીને તે સાતમી નરકભૂમિમાં નારકી થયો.

હવે પુંડરીક રાજર્ષિ ચિંતવવા લાગ્યા કે:—'અહો હું ધન્ય છું, કે જેથી મને સાધુધર્મ પ્રાપ્ત થયો. હવે ગુરુ પાસે જઈને હું વિધિપૂર્વક ચારિત્ર અંગીકાર કરીશ.' એમ ચિંતવતા અને ભુખ, તરસ, તથા તાપાદિક દુઃખથી મનમાં ચળાયમાન ન થતાં તેમણે બહુ માર્ગનું ઉલ્લંઘન (વિહાર કર્યો) કર્યું. પરંતુ બહુ માર્ગને (ઘણું ચાલવાથી) ઓળંગવાથી, પગમાં રક્ત નીકળવાથી અને શ્રમવડે થાકી જવાથી તેમણે એક ગામમાં ઉપાશ્રયની યાચના (માગણી) કરી. ત્યાં તૃણના સંથારા પર શુભ લેશ્યાપૂર્વક બેસીને તે રાજર્ષિ મનમાં આ પ્રમાણે ભાવના ભાવવા લાગ્યા કે:—'અહો! ગુરૂ સમીપે જઈને ક્યારે હું બધા કર્મને દૂર કરનારી એવી યથોચિત દીક્ષાને અંગીકાર કરીને નિરતિચાર ચારિત્ર પાળીશ! એમ ચિંતવતાં તે અતિશય વ્યાકુળ થઇ ગયા. એટલે મસ્તક પર અંજલિ જોડી સ્પષ્ટાક્ષરથી

તે આ પ્રમાણે બોલ્યા કે:—'અર્હંત ભગવાનને નમસ્કાર થાઓ. મારા ધર્માચાર્યોઓને નમસ્કાર થાઓ. હે નાથ! હું આગળ (બળ રહિત અહીં રહ્યો છતો આપના ચરણ સમીપે જ રહ્યો હોઉં તેમ હિંસા, અસત્ય, અદત્ત, મૈથુન, પરિગ્રહ, (રાત્રિભોજન) ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, (પૈશુન્ય, રતિ અરતિ, પરનિંદા, માયામૃષા અને મિથ્યાત્વશલ્ય–એ અઢાર પાપસ્થાનોનો ત્યાગ કરૂં છું. વળી ઇષ્ટ, પ્રિય, કાંત (મનોહર), લાલિત, પાલિત અને બહુ સમયથી રક્ષિત છતાં આ શરીરનો અંતિમ શ્વાસોશ્વાસનો ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કરૂં છું.' આ પ્રમાણે ભાવરૂપ પાણીથી આત્માના પાપને પખાળી (ધોઇ) મરણ પામી સર્વાર્થસિદ્ધિ નામના પાંચમા અનુત્તર વિમાનમાં ઉત્તમ દેવપણે ઉત્પન્ન થયા.

હે ભવ્ય જનો! આ પ્રમાણે ભાવધર્મનો મહિમા જાણીને સર્વ ધર્મકૃત્યમાં ભાવને પ્રધાન રાખવો.

## ઇતિ પુંડરીક કંડરીક કથા

શ્રી પાર્શ્વનાથ પ્રભુની આ પ્રમાણેની દેશના સાંભળીને બહુજનોએ ચારિત્ર ગ્રહણ કર્યું. કેટલાકોએ શ્રાવકધર્મ સ્વીકાર્યો. કેટલાક સમકિત પામ્યા અને કેટલાક ભદ્રકભાવી થયા. શ્રીમાન્ અશ્વસેન રાજાએ પણ ભગવંતની દેશના સાંભળીને હસ્તિસેન નામના પુત્રને રાજ્યભાર સોંપી દીક્ષા અંગીકાર કરી તથા વામાદેવી અને પ્રભાવતીએ પણ પ્રભુની ભવતારિણી વાણી સાંભળીને દીક્ષા ગ્રહણ કરી.

ભગવંતે તે વખતે દશ ગણધરોની સ્થાપના કરી. તેમના નામ આ પ્રમાણે — આર્યદત્ત, આર્યઘોષ, વિશિષ્ટ, બ્રહ્મ, સોમ, શ્રીધર, વીરસેન, ભદ્રયશા, જય અને વિજય — એ દશ ગણધરોને ભગવંતે ઉત્પાદ, વિગમ (નાશ) અને ધ્રૌવ્યરૂપ ત્રિપદી સંભળાવી, એટલે તેમણે દ્વાદશાંગીની રચના કરી. પછી ભગવંતે ઉઠીને શક્રેંદ્રે રત્નના થાળમાં ધરેલ દિવ્ય વાસક્ષેપ તેમના મસ્તક પર નાખ્યો. પછી દુંદુભિના અવાજપૂર્વક (ચતુર્વિધ) સંઘની સ્થાપના કરી અને તેમને યોગ્ય શિક્ષા આપી. ત્યાર પછી પ્રથમ પોરસી પૂર્ણ થતાં દેશના સમાપ્ત કરી, ત્યાંથી ઉઠીને બીજા ગઢમાં ઇશાન ખુણામાં દેવોએ રચેલા દિવ્ય દેવચ્છંદામાં જઈ ભગવંતે વિશ્રાંતિ લીધી.

પાર્શ્વનાથ ભ. અને કમઠનુ ભેગા થવું, નાગને નવકાર સંભળાવવો, ચિત્ર જોઇ વૈરાગ્ય, વર્ષિદાન, દીક્ષા, ઉપસર્ગ, કેવળજ્ઞાન, દેશના, શ્રીસંઘની સ્થાપનાદિ વર્ણનરૂપ ૬ ઠ્ઠો સર્ગ સમાપ્ત.

———

સ્થંભનપાર્શ્વનાથાય નમઃ

નવખંડાપાર્શ્વનાથાય નમઃ

અજારાપાર્શ્વનાથાય નમઃ

(પાંજરાપોળમંડન) મોરિયાપાર્શ્વનાથાય નમઃ

# સાતમો સર્ગ

[અસંખ્ય ઇંદ્રોથી વંદ્યમાન એવા શ્રી પાર્શ્વનાથ પરમાત્માને પ્રણામ કરીને કથાકલ્લોલથી મનોહર એવા સાતમા સર્ગને હું કહું છું ]

ભગવાન્ દેવચ્છંદામાં પધાર્યા પછી પહેલા ગણધર શ્રી આર્યદત્ત દેશના દેવા લાગ્યા :—

'હે ભવ્યજનો સુજ્ઞ જનોને યતિધર્મ એ જલ્દી મોક્ષદાયક છે, પણ તે આરાધવાને અસમર્થ એવા ભવ્યજનોએ શ્રાવકધર્મ આરાધવો. આ અસાર સંસારમાં ધર્મજ સારરૂપ છે. ગૃહસ્થે શીલ, તપ અને ક્રિયામાં અશક્ત હોવા છતાં શ્રદ્ધાને પૂર્ણપણે સાચવી રાખવી. એટલે પ્રધાને કહ્યું કે :–' હે ભગવન્ ! શ્રાવક-ધર્મ સવિસ્તર પ્રકાશો.' ગણધર મહારાજ બોલ્યા કે – સાંભળો :—

**या देवे देवताबुद्धि र्गुरौ च गुरुतामतिः**
**धर्मे च धर्म धीः शुद्धा सम्यक्त्वमिदमुच्यते ॥१॥**

"ગૃહસ્થોનો સમ્યક્ત્વમૂળ બાર વ્રતરૂપ ધર્મ છે. તેમાં પ્રથમ ધર્મનું મૂલ સમ્યક્ત્વ છે. 'સુદેવમાં દેવબુદ્ધિ, સુગુરૂમાં ગુરુબુદ્ધિ અને સદ્ધર્મમાં શુદ્ધ ધર્મબુદ્ધિ–એ સમ્યક્ત્વ કહેવાય છે. (૧) સમ્યક્ત્વથી વિપરીત મિથ્યાત્વ કહેવાય છે, તેનો ત્યાગ કરવો, તે સમ્યક્ત્વના પાંચ અતિચાર કહ્યા છે.

**શંકા** (શંકા, કંખાવિગિચ્છા)—દેવ, ગુરુ અને ધર્મમાં શંકા રાખવી–એટલે આ સત્ય હશે કે અસત્ય?

**આકાંક્ષા**—અન્ય હરિ, હર અને સૂર્ય વિગેરે દેવોનો પ્રભાવ જોઈને તેનાથી અને જિનધર્મથી પણ સુખાદિકની વાંચ્છા કરે, અથવા શંખેશ્વરાદિ દેવો પાસે ભોગસુખ પ્રાપ્ત થવાની માનતા કરે–પ્રાર્થના કરે.

**વિચિકિત્સા**—ધર્મ સંબંધી ફળનો સંદેહ કરે અથવા દેવ, ગુરુ અને ધર્મની નિંદા કરે.

**પરપ્રશંસા**—અન્ય દર્શનીયની પ્રશંસા કરે.

**પરપરિચય**—અન્ય દર્શનીય સાથે વિશેષ પરિચય કરે.

આ પાંચ અતિચાર રહિત સમ્યક્ત્વનું શ્રાવકોએ પાલન કરવું.

હવે બાર વ્રતમાં પ્રથમ અણુવ્રત પ્રાણાતિપાત વિરમણ પાળવાનું છે. શ્રાવકોને સવા વિશ્વની દયા કહી છે. કારણ કે—

સ્થૂલ અને સૂક્ષ્મ જીવોની હિંસા સંકલ્પથી અને આરંભથી-એમ બે પ્રકારે થાય છે. તેના પણ સાપરાધીની અને નિરપરાધીની તથા સાપેક્ષપણે અને નિરપેક્ષપણે-એવા બે બે ભેદ થાય છે તે ગુરુમુખથી વિશેષ સમજવા.

પ્રથમ અણુવ્રતના પાંચ અતિચાર તજવા યોગ્ય છે તે આ પ્રમાણે:—(વહબંધછવિચ્છેએ)

**વધ**—દ્વિપદ અને ચતુષ્પદાદિકને નિર્દયપણે મુષ્ટિ, લાકડી વિગેરેથી પ્રહાર કરવા તે.

**બંધ**—દ્વિપદ, ચતુષ્પદાદિકને સખ્ત રીતે બાંધવા તે.

**છવિચ્છેદ**—પશુઓનાં કર્ણ, કંબલાદિકનો છેદ કરવો તે.

**અતિભાર**—બહુ-હદ ઉપરાંત ભાર આરોપણ (મુકવો) કરવો તે.

**ભક્તપાનવિચ્છેદ**—પશુઓને ચારા પાણીનો વિચ્છેદ કરવો-વખતસર ન આપવો તે.

બીજા અણુવ્રતના પણ પાંચ અતિચાર છે તે આ પ્રમાણે :—(સહસારહસ્સદારે)

સહસાત્કારે-કોઈને ખોટું આળ દેવું તે.

એકાંતે કોઈ સાથે કરેલ રહસ્ય પ્રગટ કરવું તે.

પોતાની સ્રીનું ગુહ્ય પ્રકાશવું તે.

ખોટો ઉપદેશ દેવો તે.

ખોટા તોલ, માન, માપ કરવા તે અથવા ખોટા લેખ લખવા તે.

સુજ્ઞ પુરુષે મુખ્ય આ પાંચ કૂટ (અસત્ય) વર્જવાં-કન્યા સંબંધી-અસત્ય, ચતુષ્પદ સંબંધી-અસત્ય, ભૂમિ સંબંધી-અસત્ય, થાપણ ઓળવવી અને ખોટી સાક્ષી પૂરવી તે.

ત્રીજા અણુવ્રતના પણ પાંચ અતિચાર છોડવા યોગ્ય છે. ૧. ચોરે લાવેલી વસ્તુને લેવી, ૨. ચોરને સહાય આપવી, ૩. દાણ ચોરી કરવી; ૪. ખોટાં તોલાં અને માપ રાખવાં અને ૫. સારી-ખરાબ વસ્તુનો ભેળસંભેળ કરવો.

ચોથા વ્રતના પણ પાંચ અતિચાર છોડવા યોગ્ય છે. ૧. ભાડું દઈને દાસ્યાદિકને સેવે, ૨. વેશ્યાગમન કરે, ૩. અત્યાસક્ત થઈ કામક્રીડાં કરે, ૪. અન્ય જનોના વિવાહ મેળવી આપે અને ૫. કામભોગની ઘણી ઇચ્છા કરે.

પાંચમા પરિગ્રહ પરિમાણ — અણુવ્રતના પણ પાંચ અતિચાર છે — ૧. ધન ધાન્યના પરિમાણનો ઉલ્લંઘન, ૨. ખેતરાદિ-વસ્તુ પરિમાણનો ઉલ્લંઘન, ૩. રૂપ્ય-સુવર્ણ પરિમાણનો ઉલ્લંઘન; ૪. કુપ્ય પરિમાણનો ઉલ્લંઘન અને ૫. દ્વિપદ તથા ચતુષ્પદના પરિમાણનો ઉલ્લંઘન.

હવે ત્રણ ગુણવ્રત કહે છે. તેમાં પ્રથમ ગુણવ્રત દિગ્વિરતિ-તેના પાંચ અતિચાર છે. ૧. ઉર્ધ્વદિશિના પ્રમાણનો ઉલ્લંઘન, ૨. નીચેદિશાના પ્રમાણનો ઉલ્લંઘન, ૩. તિર્યગદિશિના પ્રમાણનો ઉલ્લંઘન, ૪. ક્ષેત્રવૃદ્ધિ – એટલે કામ પડે એક દિશા સંક્ષેપીને બીજી દિશા વધારે અને ૫. દિશાનું પરિમાણ યાદ ન કરે.

બીજું ભોગોપભોગ વિરમણ – ગુણવ્રત, તેમાં જે એકવાર ભોગવવામાં આવે તે ભોગ – અન્નાદિક. અને વારંવાર ભોગવવામાં આવે તે ઉપભોગ – સ્ત્રી વિગેરે. એ વ્રતના ભોજન સંબંધી પાંચ અતિચાર છે. ૧. સચિત્ત આહારનું ભક્ષણ, ૨. સચિત્ત મિશ્રીતનું ભક્ષણ, ૩. અગ્નિ અને જળથી થયેલ અર્ધપકવનું ભક્ષણ, ૪. પર્પટિકા વિગેરે દુઃપકવ – કાચા ફળનું ભક્ષણ અને ૫. તુચ્છ ઔષધિનું ભક્ષણ.

કર્મ સંબંધી પંદર કર્માદાન રૂપ પંદર અતિચાર તે પૂર્વે કહેવામાં આવ્યા છે.

હવે અનર્થદંડ વિરમણ નામે ત્રીજા ગુણવ્રતના પાંચ અતિચાર કહે છેઃ—૧. વિકાર વધે તેવું વચન બોલવું, ૨. ભાંડની જેમ કુચેષ્ટા કરી લોકોને હાસ્ય ઉપજાવવું, ૩. અસંબદ્ધ વચન બોલવું (જેમ તેમ બોલવું) ૪. અધિકરણ તૈયાર રાખવાં અને ૫. ભોગોપભોગ વસ્તુમાં તીવ્રાભિલાષ ધરવો અથવા ભોગાતિરીક્ત વસ્તુઓ તૈયાર રાખવી તે.

હવે ચાર શિક્ષાવ્રત કહે છે. તેમાં પ્રથમ સામાયિક વ્રત– તેના પાંચ અતિચાર છે. ૧. મનથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ચિંતવે, ૨. વચનથી સાવદ્ય બોલે, ૩. કાયાથી સાવદ્ય કરે એટલે અપ્રમાર્જિત ભૂમિપર બેસે, ૪. સામાયિક અવિનયપણે કરે – અનવસ્થિતપણું અને ૫. ચંચલચિત્તથી સામાયિક કરે અથવા સામાયિકમાં વિકથા કરે.

બીજા દેશાવગાશિક શિક્ષાવ્રતના પાંચ અતિચાર છે. ૧. આનયન (નિયમ ઉપરાંતની ભૂમિમાંથી વસ્તુ મંગાવે)

૨. પ્રેષણુ, (નિયમ ઉપરાંતની ભૂમિમાં વસ્તુ મોકલે) ૩. શબ્દ કરે, (અવાજ કરે) ૪. રૂપ દર્શાવે અને ૫. કાંકરી નાંખે. છઠ્ઠા અને દશમા વ્રતમાં એટલો ભેદ છે કે છઠ્ઠું વ્રત યાવજ્જીવિત હોય છે અને દશમું વ્રત તે તે દિવસના પ્રમાણવાળું હોય છે.

હવે ત્રીજું પૌષધોપવાસ શિક્ષાવ્રત–તેના પણ પાંચ અતિચાર છે. ૧. જોયા સિવાય અથવા તો કંઇક જોઇ કંઈક ન જોઈ શય્યા સંથારો કરે, ૨. પમાર્જ્યા સિવાય અથવા તો કંઈક પમાર્જી કંઈક અપમાર્જી ભૂમિ પર બેસે અથવા સંથારો કરે, ૩. જોયા સિવાય અથવા તો કંઇક જોઈ ન જોઈ ભૂમિ પર પેશાબ, ઝાડો પરઠવે, ૪. શુદ્ધ મનથી પૌષધ ન પાળે અને ૫. નિદ્રા તથા વિકથાદિ કરે.

ચોથા અતિથિસંવિભાગ – શિક્ષાવ્રતના પાંચ અતિચાર છે. ૧. ન દેવાની બુદ્ધિથી શુદ્ધ આહારાદિકને અશુદ્ધ કરે, (કહે) ૨. દેવાની બુદ્ધિથી અશુદ્ધ આહારાદિકને શુદ્ધ કરે, ૩. અચિત્ત વસ્તુ સચિત્ત વસ્તુથી ઢાંકી રાખે, ૪. સાધુ ઘરે આવતાં વિલંબથી દાન આપે અને ૫. ઇર્ષ્યાપૂર્વક દાન આપે.

આ પ્રમાણે શ્રાવકે સમકિતમૂળ બાર વ્રત (આનંદ અને કામદેવ શ્રાવકની જેમ) પાળવાના છે. તે પણ સિદ્ધિદાયક થાય છે. કારણ કે :– 'સમ્યક્ત્વરૂપ ઉદાર તેજયુક્ત, નવા નવા ફળદ–આવર્ત્ત રૂપ વ્રતની શ્રેણીવાળો તથા સિદ્ધાંતોક્ત એકવીશ નિર્મળ ગુણરૂપ ગતિથી વિભૂષિત એવો શ્રાદ્ધધર્મરૂપ અશ્વકામદેવ વિગેરે શ્રાવકોની જેમ ભવ રૂપી જંગલને પાર પમાડી

શિવપુરમાં લઈ જાય છે; માટે મિથ્યાત્વાધીન શંકાદિરૂપ હયહર (અશ્વ ચોરનાર) થી યત્ન પૂર્વક તેનું રક્ષણ કરવું.' તપ્ત આયોગોળ સદૃશ (તપાવેલા લોઢાના ગોળા જેવા) ગૃહસ્થને વ્રત પાળવું બહુ દુષ્કર છે. તેવા વ્રત પાળવાને અશક્ત એવા ગૃહસ્થને પણ જિનપૂજા તો અવશ્ય કરણીય છે. જિનપૂજાથી મોટો લાભ થાય છે. કારણ કે :–' જિનેદ્રની પૂજા કરતાં દુષ્ટ પાપ દૂર જાય છે, સંપત્તિ જલ્દી આવે છે, અને કીર્ત્તિ જગતમાં પ્રસરે છે' માટે શ્રદ્ધાથી યુક્ત સુશ્રાવકોએ જિનપૂજા અવશ્ય કરવી. જિનપૂજાથી રાવણે તીર્થંકર નામકર્મ ઉપાજર્ન કર્યું છે. તેનું દૃષ્ટાંત આ પ્રમાણે છે :—

## જિનેંદ્રપૂજા ઉપર રાવણની કથા

લક્ષ્મીનિવાસના સમૂહરૂપ કનકપુર નામના નગરમાં સિંહસેન રાજા ન્યાયથી રાજ્ય કરતો હતો. તેને **સિંહવતી** નામે પત્ની (રાણી) હતી. તે રાજા પ્રજાને પુત્રવત્ પાળતો હતો. તે જ નગરમાં બહુ કોટીધનનો સ્વામી અને પ્રતિષ્ઠિત કનક શ્રેષ્ઠિ નામે વ્યવહારી રહેતો હતો. તે દેશાંતરનો વ્યાપાર કરતો હતો. તેને સુરસુંદરી સમાન **ગુણસુંદરી** નામે પત્ની હતી. તે જિનધર્મમાં બહુ જ દૃઢ અને પ્રેમાળ હતી. પરસ્પર સંસાર-સુખ ભોગવતાં તે દંપતીને બે પુત્રની પ્રાપ્તિ થઇ. તેમાં પ્રથમ પુત્ર સહુને વલ્લભ અને પરમ આનંદ ઉપજાવે તેવો હતો અને બીજો નાનો પુત્ર દુર્વિનીત કડવું બોલનાર અને સર્વને અનિષ્ટ હતો. એક કવિએ કહ્યું છે કે :–' કટુ (કડવું) બોલવાના

ગુણવાળી એવી હે જીભ ! તું મધુર શા માટે બોલતી નથી ? હે કલ્યાણિ ! મધુર બોલ; કારણ કે લોકોને મધુર જ પ્રિય છે.' લોકોએ બંને પુત્રોના સુવિનીત અને દુર્વિનીત એવાં નામ રાખ્યાં, એટલે સર્વત્ર તે બંને તે નામથી જ પ્રસિદ્ધ થયા.

એકદા કનકશેઠ નાના પ્રકારની વસ્તુઓથી પાંચસો ગાડા ભરી પત્નિ, પુત્રો તથા બહુ પરિવાર સહિત સિંહલદ્વીપ તરફ વ્યાપારાર્થે ચાલ્યા. માર્ગમાં ક્ષેમપૂર્વક ચાલતાં તે ત્રીશ યોજન ગયો, એવામાં એક મોટું વન આવ્યું. તે વનમાં વિવિધ વૃક્ષોની વાટિકાથી સુશોભિત, દેવતાના ક્રીડાભવન સમાન મનોહર તથા પ્રભાવયુક્ત શ્રી ઋષભદેવસ્વામીનું દેરાસર દૃષ્ટિએ પડ્યું તેની નજીકમાં એક આમ્રવૃક્ષ નીચે તંબુ તાણીને કનકશેઠ સર્વ સાર્થ સહિત ત્યાં રહ્યો. પછી ભોજન કરીને તે સુતો, પણ કરિયાણા જાળવવાની ચિંતાને લીધે તેને નિદ્રા ન આવી. એવામાં લાલચાંચ ચરણના ચિન્હયુક્ત, બહુ પ્રેમપૂર્ણ અને આમ્રવૃક્ષ પર બેઠેલ એવું એક સફેદ પોપટનું જોડું મનુષ્ય-વાણીથી બોલતું તેના સાંભળવામાં આવ્યું. તેથી અતિ રંજીત થઈ કરિયાણાની ચિંતા મૂકી દઈને અમૃત રસ સમાન તેના વાક્યોને તે સાંભળવા લાગ્યો.

પોપટ—'હે પ્રિયે ! આ કનકશેઠ બહુ ભાગ્યવંત છે.'

પોપટી—'હે સ્વામિન્ ! ભાગ્યવંત શી રીતે ? કારણ કે અત્યારે કરિયાણાની વસ્તુમાં લાભ થાય તેમ નથી.'

પોપટ—'હે પ્રિયે ! એ શ્રેષ્ઠિ જિનબિંબ અને જૈનતીર્થની પ્રભાવના કરશે, તેથી મહા ભાગ્યવંત છે.'

પોપટી—'શું એ નવીન તીર્થને સ્થાપન કરશે ?'

પોપટ—'હે વલ્લભે ! ચિટક પર્વત પર બદરી નામના તીર્થની એ પ્રભાવના કરશે.'

આ પ્રમાણે કાનને અમૃત સમાન તેમના વાક્યો સાંભળીને શેઠ ચિંતવવા લાગ્યો કે :–'આ વનમાં કોણ બોલે છે ?' એમ ધારી તંબુમાંથી બહાર આવી નજર કરતાં પોપટના જોડલાને જોઈને શેઠ ચિંતવવા લાગ્યો કે :–'ખરેખર ! આ પોપટ જ્ઞાની જણાય છે.' એમ ચિંતવીને તે વિશેષ સાંભળવા લાગ્યો; એટલે ફરી પોપટી બોલી કે :–'હે પક્ષિરાજ ! એ તીર્થ કેવું કરશે ? શૈલ (પથ્થર) મય, રત્નમય, સુવર્ણમય કે કાષ્ઠમય કરશે ?' એટલે પોપટ બોલ્યો કે :–'હે પ્રિયે ! એ શેઠ સ્પર્શ-પ્રાષાણમય જિનબિંબ કરાવશે, અને તેના પ્રભાવથી એ મહા યશસ્વી થશે.' એવામાં શેઠ પાસે તેના બંને પુત્રો આવ્યા. એટલે તે પોપટનું જોડું તેમના પણ જોવામાં આવ્યું. તેને જોઈને દુર્વિનીતે કહ્યું કે :–'આ બાણથી પોપટને મારીને નીચે પાડી નાખીએ, અથવા જાળમાં પકડીને ક્રીડાને માટે તેને પાંજરામાં પૂરી દઇએ.' તે સાંભળીને મોટાભાઈએ કહ્યું કે :– 'એમ ન બોલ, એ પક્ષીને ફલભક્ષણથી છેતરીને પકડી લઇએ.' પછી એક વાંશમાં શાડ્વલ દ્રાક્ષાની લુંબ જાળ સહિત બાંધી અને તે પછી તે આસ્તે આસ્તે વૃક્ષ પર ચડવા લાગ્યો. તેને જોઇને પોપટ બોલ્યો કે :–'હે પોપટી ! આ આપણને પકડવાને વૃક્ષ પર ચડે છે, પણ આપણને તે પકડી શકશે નહિ; કારણ કે તે ડાબી આંખે કાણો છે અને વૃક્ષની કોટર (પોલ) માં

ડાબી બાજુએ પીણિક નાગ છે, તેને તે જોઈ શકતો નથી અને હું પણ ડાબી બાજુએ બેઠો છું. તેથી આપણને પણ તે જોઈ શકતો નથી.' એટલે પોપટી બોલી કે :–'હે સ્વામિન્ ! તમે બુદ્ધિવિશારદ છો, તમારૂં નામ ખરેખરૂં ગુણનિષ્પન્ન છે; પણ હે નાથ ! મને દ્રાક્ષનો દોહદ ઉત્પન્ન થયો છે, મારે દ્રાક્ષાનું ભક્ષણ કરવું છે, તો તે લાવીને મને આપો કે જેથી હું મારી ઈચ્છા પૂર્ણ કરૂં.' પોપટ બોલ્યો કે :–'હે ભદ્રે ! દ્રાક્ષાની લુંબ પાસે જાળ બાંધેલી છે, તો તે કેમ લઈ શકાય ?' એટલે પોપટી બોલી કે :–'હે નાથ ! જો દ્રાક્ષા નહિ લાવી આપો તો મારા પ્રાણ ચાલ્યા જશે.' પોપટ બોલ્યો કે :–'સ્વસ્થ થા, એ શુક્રાક્ષ ( કાણો ) જ્યારે કોટર પાસે આવશે, ત્યારે નાગ તેના શ્વાસનું ભક્ષણ કરશે, તેથી તે મૃતપ્રાય થઈ જશે; પછી તારો દોહદ હું પૂર્ણ કરીશ' આ પ્રમાણે સાંભળી તે મૌન ધરી રહી. એવામાં પેલો દુર્વિનીત વૃક્ષ પર ચડવા લાગ્યો, એટલે પીણિક નાગે આવીને તેનાં શ્વાસનું ભક્ષણ કર્યું. તેથી તે વૃક્ષની શાખાપર મૃતક ( મડદા )ની જેમ લટકી રહ્યો, અને પીણિક નાગ પણ માનુષવિષના પ્રયોગથી અચેતન થઈ ગયો, એટલે તે પણ ત્યાં જ પડયો રહ્યો. બંને અચેતન જેવા થઈ ગયા એટલે પોપટે ઉડી ચાંચના પ્રહારથી જાળ છેદી દ્રાક્ષા લીધી અને પોપટીની ઈચ્છા પુર્ણ કરી. પછી પોપટ–પોપટી બંને પરસ્પર પ્રેમથી એકબીજાની ચાંચ, માથાપર ધારણ કરીને રહ્યા. પોપટ સુખે સુખે વારંવાર દ્રાક્ષા લઈ આવી પોપટીને આપીને આનંદ પમાડવા લાગ્યો.

એવામાં શેઠે મુખ ઉંચુ કરીને જોયું તો પુત્રને અચેતન જેવો થઈ ગયેલો જોયો. એટલે વિરહવ્યાકુળ થઇને શેઠ કરૂણ સ્વરે અત્યંત રૂદન કરવા લાગ્યો. "અહો ! સંસારમાં કેવો કૃત્રિમ સ્નેહ છે તે જુઓ. એક કવિએ કહ્યું છે કે – હે શંકર ! પ્રથમ તો અમને પેદા જ કરીશ (જન્મ આપીશ) નહિ, અને પેદા કરે તો મનુષ્યજન્મ આપીશ નહિ, મનુષ્યજન્મ આપે તો પ્રેમ આપીશ નહિ અને પ્રેમ આપે તો વિયોગ કરાવીશ નહિ. અહો ! આ હૃદય વજ્રથી ઘડાયું હોય તેમ લાગે છે, તેથી જ તે વજ્ર સમાન છે. કે જેથી વલ્લભના વિયોગ સમયે પણ તે ટુકડેટુકડા થતું નથી. જેમ પાણીના વિયોગથી કાદવનું અંતર ફાટી જાય છે, તેમ જો સાચો સ્નેહ હોય, તો માણસની પણ તેવી સ્થિતિ થવી જોઇએ"

પછી બહુ વિલાપ કરીને શેઠ ઉંચુ મુખ કરી પોપટને કહેવા લાગ્યો કે :– 'હે પોપટ ! તને તારી પ્રિયતમા વ્હાલી છે, તે કરતા મારો પુત્ર મને અધિક વ્હાલો છે. તમે બંને સુખવિલાસમાં મગ્ન છો અને હું દુઃખમાં ડૂબી ગયો છુ" ઇત્યાદિ બહુ વિલાપ કરવાથી પોપટી પોપટને કહેવા લાગી :– 'જે પુરુષથી મારો દ્રાક્ષનો દોહદ પૂરાણો છે, તેને અત્યારે મહાદુઃખ છે; માટે હે સ્વામિન્ ! તેના પુત્રને જીવવાનો ઉપાય હોય તો બતાવો. હે પરોપકારરસિક ! પરોપકાર કરો.' પોપટ બોલ્યા કે :– 'હે પ્રાણપ્રિયે ! લીલા નાળીયેરનો આ નાગને જો ધુમાડો આપવામાં આવે તો એનો શ્વાસ પાછો એના શરીરમાં પેસે, એટલે પુત્ર સજીવન થાય, અને એક પ્રહર પછી

નાગ પણ જીવતો થાય. આ સિવાય બીજો કોઈ એને જીવવાનો ઉપાય નથી.' તે સાંભળીને શેઠે પોતાના સ્થાનથી તરત નાળીયેર લાવી, તેની છાલના ધૂમાડાથી પુત્રને સજીવન કર્યો. એટલે તે સાવધાન થઈને વૃક્ષપરથી નીચે ઉતર્યો. પછી શેઠ તેને વારંવાર આલિંગન અને હર્ષસહિત ફરી ફરી ચુંબન દેવા લાગ્યો. એટલે પુત્રે પૂછયું કે:– હે પિતાજી ! આજ શા કારણથી આપ વિશેષ સ્નેહ દર્શાવી મને વારંવાર આલિંગન કરો છો ?' તેના ઉત્તરમાં શેઠે બધા પૂર્વના સમાચાર (હકીકત) પુત્રને નિવેદન કર્યા. તે સાંભળીને દુર્વિનીત વારંવાર હર્ષસહિત સ્નેહદૃષ્ટિથી પેલા પોપટને જોવા લાગ્યો અને સ્નેહથી કહેવા લાગ્યો કે:–"હે સત્ત્વાધિક ! હે પરોપકારી ! હે પ્રાણદાતા ! તુંજ ઉત્તમ છે, તુંજ મારો પ્રાણાધાર છે, તેં જ મને પુનઃજન્મ આપ્યો છે. હવે એક મારૂં વાકય સાંભળ – તમે બંને મારા આપેલાં ફળોનું સ્વેચ્છાપૂર્વક દરરોજ ભક્ષણ કરો. આ વાકય તમે કબુલ કરો કે જેથી હું ઋણમુક્ત થાઉં." પોપટે તે વાકય કબુલ રાખ્યું; એટલે તે કુમાર રોજ દ્રાક્ષ અને દાડમ વિગેરે મનોહર ફળ પોપટના ભક્ષણ માટે લાવી વૃક્ષપર શુભ પાત્રમાં મૂકવા લાગ્યો; અને પોપટનું જોડું તેનું સ્વેચ્છાપૂર્વક ભક્ષણ કરી આનંદ કરવા લાગ્યું. આથી શેઠ વિગેરે સર્વજનો પણ બહુ જ આનંદ પામ્યા.

એકદા શેઠે કરિયાણાના ભાવ જાણવાને માટે સિંહલદ્વીપમાં પોતાના સેવકોને મોકલ્યા. અને શેઠ તો ત્યાં વનમાં જ રહ્યો. એક દિવસ શરીરચિંતા નિવારવાને માટે પાણી ભરનારા માણસોની તાંબાની ઝારી લઈને તે શેઠ થોડે દૂર ગયો ત્યાં

વનમાં એક પ્રદેશમાં કાળા પથ્થરની એક શિલા પડી હતી તેની ઉપર તાંબાનું વાસણ મૂકીને તે ઉત્સર્ગ કરવા (કળસીયે) બેઠો; એવામાં તે તાંબાનું વાસણ સુવર્ણમય થઈ ગયું. તે જોઈને શેઠ વિસ્મય પામ્યો. તેના મુખપર હર્ષની છાયા પ્રસરી રહી. પછી તે પથ્થરપર નિશાની કરીને તે પોતાના ઉતારા તરફ ચાલ્યો. રસ્તામાં નાનો પુત્ર દુર્વિનીત સામે મળ્યો. હાથમાં સુવર્ણનું વાસણ જોઈને તે પૂછવા લાગ્યો કે:–'અહો પિતાજી ! આ કોનું વાસણ છે ?' શેઠ બોલ્યો કે:–'તે આપણું નથી.' એટલે તે પુત્ર પાછો વળ્યો, અને પોતાનું વાસણ ક્યાં ગયું ? તે બધે જોવા લાગ્યો. એક નોકરને પૂછતાં તે બોલ્યો કે:–'તે તાંબાના વાસણ લઈને શેઠ જંગલ ગયા છે' આથી તે શંકિત થયો. અને ચિંતવવા લાગ્યો કે:– 'સમજાયું, તાંબાના વાસણને પિતાએ કોઈ ઔષધિથી સુવર્ણનું બનાવ્યું જણાય છે, માટે હું તેની તપાસ કરૂં.' એમ ચિંતવી બીજું એક તાંબાનું વાસણ લઈને તે શેઠના પગલાંને અનુસારે ત્યાં ગયો. પછી પોતાની બુદ્ધિથી વિચારવા લાગ્યો કે:–'હવે શું કરૂં ?' એવામાં એક નવીન વૃક્ષ તેના જોવામાં આવ્યું. તેના પાંદડાં લેવાની ઈચ્છાથી જોડા સહિત તે પેલા પથ્થર ઉપર ચડયો. અને વૃક્ષની શાખા પકડીને હાથવડે તેના પત્ર (પાંદડા) લેવા લાગ્યો. એવામાં પથ્થરના અધિષ્ઠાયકે તેને જમીન પર પાડી દીધો; તેથી તેના ચાર દાંત ભાંગી ગયા. એટલે વિલખો થઈ મુખ આગળ હાથ રાખીને પાછો વળ્યો. પિતાએ દાંત પડવાનું કારણ પૂછયું, એટલે તે જવાબ ન દેતાં મુંગો બેસી રહ્યો.

એકદા શેઠે પોપટને કહ્યું કે :—'હે શુકરાજ ! એકાંતમાં આવો, મારે તમને કાંઇક પૂછવું છે.' એટલે પોપટ અને શેઠ બંને વનના અંદરના ભાગમાં ગયા. ત્યાં એકાંત જોઈને શેઠે તેને કહ્યું કે —"હે પોપટ! હે પંડિત! હે બુદ્ધિવિશારદ! પૂર્વે તે કહ્યું હતું તે બધું સત્ય થયું છે. તે સ્પર્શ પાષાણ મેં મેળવ્યો છે, હવે તેની પ્રતિમા શી રીતે કરાવવી ? તે કહો" પોપટ બોલ્યો કે :—"તું મારો પૂર્વ ભવનો મિત્ર છે, માટે તને કહું છું હે પુણ્યાધિક ! સાંભળ—આ પાષાણને લઈને સવારે સાર્થસહિત અહીંથી પ્રયાણ કરો. સાત દિવસમાં આ અટવી ઓળંગીને પછી ત્યાં અટકજો. એટલે હું પણ પત્ની સાથે ત્યાં આવીશ, અને પછી જે યોગ્ય હશે તે કહીશ." શેઠે તે વાત કબુલ કરી અને સવારે સાર્થસહિત ત્યાંથી પ્રયાણ કર્યું. પોપટ પણ સાથે જ ચાલ્યો. સાત દિવસે અટવી ઓળંગીને સાર્થ વિશ્રાંતિ લેવા અટક્યો. બીજે દિવસે શેઠે એકાંતમાં પોપટને પૂછ્યું કે :—'હે શુકરાજ ! હે પ્રાણવલ્લભ ! તારા કહ્યા પ્રમાણે કર્યું, હવે શું કરવું ?' પોપટ બોલ્યો :— આ લતા દેખાય છે. તેના પ્રભાવથી તારૂં કાર્ય સિદ્ધ થશે; તેથી એ લતાના પાંદડાં લઈ ભેગા કરીને તારે આંખપર પાટો બાંધવો. તેના પ્રભાવથી મનુષ્ય ગરૂડપક્ષી થઇ જાય છે. પછી ઉડીને ચટક પર્વતપર જવું. ત્યાં શાલ્મલિ નામે એક પ્રૌઢ વૃક્ષ છે. તેના ફળમાં છ પ્રકારનો સ્વાદ રહેલો છે અને તેનું પુષ્પ છ રંગવાળું હોય છે. એક ભાગમાં ધોળો, એક ભાગમાં લાલ, એક ભાગમાં પીળો, એક ભાગમાં વાદળી, એક ભાગમાં કાળો,

એક ભાગમાં વાદળાં જેવા રંગવાળો અને મધ્ય ભાગમાં તે પચરંગી હોય છે આવાં તેનાં પુષ્પ, ગુચ્છ અને તેનાં લાકડાં વિગેરે પાંચે અંગ તારે લઈ આવવા. પછી જે કરવાનું છે તે નિવેદન કરીશ.”

આ પ્રમાણે પોપટના મુખથી સાંભળીને શેઠે ‘આ કામ માટે વિનિત એવા સુજ્ઞ પુત્રને મોકલું.’ એમ વિચારી તે પુત્રને બોલાવીને કહ્યું કે :–‘ હે ભદ્ર ! આ કામ જલ્દી કરવાનું છે.’ તે બોલ્યો કે :–‘આજ્ઞા પ્રમાણે કરવા તૈયાર છું.’ પછી તે પેલી લતાના પત્રનો આંખે પાંટો બાંધવાથી ગરૂડ થઇને ચાલ્યો. કેટલેક સુધી પોપટ માર્ગ બતાવવા સાથે ચાલ્યો. માર્ગમાં પોપટે તેને શિક્ષા આપી કે :–‘હે સાત્ત્વિક ! માર્ગે ચાલતાં જે પર્વત પર ચર્ભટી (કાકડી)ની ગંધ આવે, ત્યાં અટકી જવું, અને જમીન પર ઉતરી આંખ પરનો પાટો છોડી નાંખવો. પછી તે વૃક્ષના પાંચે અંગ લઇને જલ્દી પાછા ચાલ્યા આવવું.’ આ પ્રમાણે સમજાવીને પોપટ પાછો વળ્યો. અને તે કુમાર ગરૂડપક્ષીના રૂપે દેવની જેમ ઉડીને પચાશ યોજન દૂર તે પર્વત પર ગયો. ત્યાં ગંધ અને નિશાનીથી ‘તે આ વૃક્ષ છે.’ એમ નિર્ણય કરી નીચે ઉતરીને આંખ પરનું ઔષધ છોડી નાખ્યું. એટલે પાછું મનુષ્ય રૂપ થઈ ગયું. પેલા વૃક્ષના પાંચે અંગ તેણે જોઇ લીધાં. પછી તે વિચારવા લાગ્યો કે :–‘ હવે સ્વસ્થાને શી રીતે જવું ?’ એમ ચિંતા કરતાં ઉપાય ન સૂઝવાથી તે નિસાસા નાખવા લાગ્યો. તે વખતે અકસ્માત્ ત્યાં એક પોપટનું જોડું આવ્યું. એટલે કુમાર હર્ષિત થયો. નવા પોપટના

જોડાને જોઈને તે કહેવા લાગ્યો કે :–'હે શુકરાજ ! આવો, અહીં બેસો.' એટલે પોપટ ત્યાં બેસીને બોલ્યો કે :–'તું કોણ છે ? અને કયાંથી આવ્યો છે ?' તે કહે એમ પૂછવાથી કુમારે હર્ષપૂર્વક યથાસ્થિત (જેવો બનેલો તેવો) પોતાનો બધો પૂર્વ વૃત્તાંત (સમાચાર) પોપટની આગળ નિવેદન કર્યો તે સાંભળી પોપટ બોલ્યો કે :–'તે પોપટ મારો ભાઈ થાય છે, તેના અને પોપટીના શરીર કુશળ છે ?' કુમારે કહ્યું કે :–'હા, તેમને કુશળ છે.' પછી પોપટે પૂછયું કે :–'તેં નિસાસો કેમ મૂકયો ?' કુમાર બોલ્યો કે :–'નિસાસાનું કારણ સાંભળો. તે પોપટના વચનથી હું અહીં આવ્યો, પણ હવે મારે પાછા શી રીતે જવું ?' એટલે પોપટીએ તરત ઉડીને એક ફળ લાવી પોપટને આપ્યું, અને બોલી કે :–'હે સ્વામિન્ ! આ ફળ અતિથિને આપો.' પોપટે તેને ફળ આપ્યું. એટલે તે ગ્રહણ કરીને કુમારે પૂછયું કે :–'આ ફળનો પ્રભાવ શું છે ?' પોપટ બોલ્યો કે :– 'હે બંધો ! સાંભળ. આ ફળને ગળે બાંધવાથી એક પહોરમાં સો યોજન આકાશમાર્ગે જઈ શકાય છે, એવો આ ફળનો મહિમા છે.' એટલે પોપટી બોલી કે :–'હે સ્વામિન્ ! આ પરદેશી પુરુષ પાસે ભાતું નથી, તો તેને કંઈક ભાતું આપીએ.' પોપટ બોલ્યો કે :–'જેવી મરજી' પછી તે પોપટી ત્યાંથી ઉડીને એકાંતે પર્વતના કોટર (ખીણ)માં રત્નભૂમિ આગળ જઈને એક ચિંતામણી રત્ન લઈ આવી અને તે કુમારને આપી 'આ ચિંતામણી રત્ન છે, એના પ્રભાવથી ચિંતિત કાર્ય થાય છે.' એમ કહ્યું. તે સાંભળી પેલું ફળ ગળે બાંધી, પોપટની રજા લઈને કુમાર તે સ્થાનથી ચાલતો થયો અને

તરત જ પિતાની પાસે આવ્યો. ત્યાંથી ચિંતામણી રત્ન અને તે ફળ પિતાની આગળ મૂક્યું અને તેનો પ્રભાવ કહી બતાવ્યો. એટલે પિતાને ઘણો આનંદ થયો. પછી તે રત્નના પ્રભાવથી શેઠે સર્વ સાર્થજનોને અશન, પાણી, ખાદિમ અને સ્વાદિમ વિગેરેથી ભોજન કરાવ્યું અને વસ્ત્રો આપી સર્વને સંતુષ્ટ કર્યા.

દાન કદાપિ નિષ્ફળ જતું જ નથી. કારણ કે :–જે પુરુષ પાત્રને વિષે લક્ષ્મીના નિદાનરૂપ અને અનર્થનું ચૂર્ણ કરનાર દાન આપે છે, તેની સન્મુખ દારિદ્રય નજર જ કરી શકતું નથી, દૌર્ભાગ્ય અને અપકીર્ત્તિ તેનાથી દૂર રહે છે, પરાભવ અને વ્યાધિ તેનો પલ્લો પકડી શકતા નથી, દીનતા અને ભય તો તેનાથી ઉલટો ભય પામે છે અને કોઇ પણ પ્રકારની આપત્તિ તેને આવતી નથી.'

પછી તે શેઠે બહુ ધનનો સત્કાર્યમાં વ્યય કર્યો, કેમકે ચિંતામણિ રત્નના પ્રભાવથી મનોવાંછિત કાર્ય સિદ્ધ થાય છે. તે પ્રતિદિન સાર્થજનોનું પોષણ કરવા લાગ્યો. હવે એક દિવસ શેઠે શુકરાજને પૂછયું કે :–' હે શુકરાજ ! હે પરોપકારરસિક ! જિનપ્રતિમા કરવાનો ઉપાય મને કહો.' પોપટ બોલ્યો કે :– " હે શેઠ ! એકાગ્ર મનથી સાંભળો. પેલા પર્વતપર ગુફા પાસે સફેદ પલાશ છે, તેનું લાકડું લાવી, નરરૂપ બનાવી તે નરના કંઠમાં આ ફળ બાંધવું અને તેના શિરપર ચિંતામણિરત્ન રાખવું; એટલે અધિષ્ઠાયકના પ્રભાવથી તે લાકડાનો માણસ

પ્રતિમા ઘડશે, પ્રથમ બીજા કાષ્ઠો લાવીને કપાટ ( બારણા ) સહિત કાષ્ઠમય મંદિર કરાવવું. અને તેમાં સ્પર્શપાષાણ લઇ જઇને ત્યાં પ્રતિમા કરાવવી, તે લાકડાના માણસને પ્રથમ શાલ્મલિવૃક્ષના પુષ્પ તથા ફળ આપજો. તે કુસુમ અને ફળના રસથી પથ્થરની શિલા ઉપર પ્રતિમાનો આકાર તેની પાસે કરાવવો. તે પ્રસ્તરને લોહ અડવા ન દેવું. પછી શાલ્મલિના લાકડા વડે પ્રતિમા ઘડાવવી, અને તે વૃક્ષની માંજરથી તે પ્રતિમાને ઓપ કરાવવો, પણ તે પ્રતિમા એકાંતમાં કરાવવી, અને તે વખતે વાદ્ય અને નિર્ઘોષપૂર્વક તેની પાસે નૃત્ય કરાવવું. તેનાં પ્રભાવથી તારો મહાન્ ભાગ્યોદય થશે.” આ સાંભળી આનંદિત થઇને શેઠે તે પ્રમાણે જિનપ્રતિમા કરાવી, અને તે શ્રી પાર્શ્વનાથની પ્રતિમાને શુભ સ્થાને સ્થાપીને તેની પૂજા અને ભક્ત્યાદિ મહોત્સવ કર્યો. તેમની પાસે સ્નાત્ર, ગીત તથા નૃત્યાદિક કરવા લાગ્યો. તેના પ્રભાવથી ધરણેંદ્ર, પદ્માવતી વૈરોટ્યા વિગેરે દેવી દેવો તે શેઠને સહાય કરવા લાગ્યા. સ્પર્શપાષાણના ખંડ યત્નપૂર્વક સાચવી રાખ્યા. પછી તે પ્રતિમા સાથે લઇને શેઠ સિંહલદ્વીપ તરફ ચાલ્યો. એટલે પોપટ બોલ્યો કે :–'હવે હું સ્વસ્થાને જાઉં છું.' ત્યારે શેઠ બોલ્યો કે :–'હે શુકરાજ ! તું મને પ્રાણ કરતાં પણ વધારે વહાલો છે. તેં મારા પર બહુ ઉપકાર કર્યો છે, તું દેવ છે કે વિદ્યાધર છે ? કોણ છે ? તારૂં સત્ય સ્વરૂપ કહે, અને તારૂં સ્થાન ક્યાં છે ? તે પણ સત્ય કહે.' એટલે પોપટ બોલ્યો કે :–' હે શેઠ ! કેટલાક વખત પછી મારૂ સ્વરૂપ કેવળીભગવંત તમને કહેશે.' એમ કહી પોપટ પોપટી સહિત પોતાનું દેવરૂપ પ્રગટ કરીને દેવલોકમાં

ચાલ્યો ગયો ત્યાં શાશ્વત જિનપ્રાસાદમાં અઠ્ઠાઇમહોત્સવ કરીને તે દેવ પોતાના વિમાનમાં સુખપૂર્વક રહેવા લાગ્યો.

હવે સમુદ્રમાર્ગે જતાં શેઠે પૂર્વે જે માણસોને કરિયાણાનો ભાવ જાણવાને સિંહલદ્વીપ મોકલ્યા હતા, તે સામા મળ્યા. તેઓ બોલ્યા કે:–'હે સ્વામિન્ ! જલ્દી ચાલો, અત્યારે કરિયાણા વેચવાથી બહુ લાભ થશે.' એમ સાંભળી શેઠ ખુશ થઇ અવિચ્છિન્ન પ્રયાણથી સિંહલદ્વીપ પહોચ્યો, અને કરિયાણાનું વેચાણ કરતાં તેને બહુ જ દ્રવ્યની પ્રાપ્તિ થઈ. તેમજ સ્પર્શ પાષાણના ખંડના પ્રભાવથી શેઠે ત્યાં બહુ જ સુવર્ણ બનાવ્યું. ત્યાંથી પાછા વળતાં સો યોજનને આંતરે ચટકપર્વત હતો ત્યાં જઇ કનકશેઠે પોતાના નામનું કનકપુર નગર વસાવ્યું. ત્યાં નવીન દુર્ગ ( કિલ્લો ) અને નવીન ઘરો કરાવ્યા. પોતે ત્યાં રહ્યો અને સાર્થજનોને પણ ત્યાં જ રાખ્યા. વળી બીજાં પણ પચીશ ગામ તેણે વસાવ્યાં. પછી શેઠે તે નગરમાં ચોરાશી મંડપોથી અલંકૃત અને ઉંચા તોરણોવાળો એક મનોહર જિનપ્રાસાદ કરાવ્યો ત્યાં મહોત્સવપૂર્વક શુભ મુહૂર્તે સિદ્ધિયોગમાં તેણે શ્રી પાર્શ્વનાથના બિંબની સ્થાપના કરી પછી ત્યાં પ્રતિદિન તે સ્નાત્રાદિક અને નૃત્યાદિક કરાવવા લાગ્યો.

એકદા વૈતાઢયપર્વતનો અધિપતિ અને વિદ્યાધરોનો સ્વામી મણિચૂડ નામનો વિદ્યાધર નંદીશ્વરદ્વીપમાં રહેલા શાશ્વત જિનની યાત્રા માટે નીકળ્યો. તે નંદીશ્વરદ્વીપના જિનેશ્વરોને વંદન કરીને સિંહલદ્વીપે આવ્યો. ત્યાં પણ જિનવંદન કરીને પાછો વળ્યો, એવામાં ચટક પર્વતપરના તે ગામ ઉપર આવતાં તેનું વિમાન

અટક્યું, એટલે તે વિદ્યાધરે વિચાર કર્યો કે:-'મારૂં વિમાન શાથી ચાલતું નથી?' તેણે પ્રજ્ઞપ્તિવિદ્યાની અધિષ્ઠાયિકા પ્રજ્ઞપ્તિદેવીને પૂછ્યું કે:-'હે માતા મારૂં વિમાન કેમ ચાલતું નથી?' તે બોલી કે:-'હે રાજન્! અહીં નવીન પાર્શ્વનાથનું બિંબ છે, તેને વંદન કર્યા વિના તારૂં વિમાન કેમ ચાલી શકે?' તે સાંભળી જિનેશ્વરનું પૂજન અને વંદન કરવા તે વિમાન સહિત નીચે ઉતર્યો, અને પવિત્ર થઈને તેણે જિનપૂજન કર્યું. તે વખતે તેની આંગળીમાં સુવર્ણની વીંટી હતી, તે સ્પર્શપાષાણના બનાવેલા જિનબિંબના સ્પર્શથી સોળવલી (ષોડશવર્ણિકા) થઇ ગઈ. એટલે તેણે ચિંતવ્યું કે:-'આ ચતુર્દશવર્ણિકા (ચૌદવલી) વીંટી ષોડશવર્ણિકા (સોળવલી) થઈ ગઈ, તે આ જિનદળ (પાષાણ) નો જ પ્રભાવ છે.' એમ ચિંતવી તે જિનપ્રતિમાને ત્યાંથી ઉપાડી ચાલતો થયો. તે જોઈને બધા લોકો તેની પાછળ દોડયા અને યુદ્ધ આરંભ્યું. એવામાં અકસ્માત્ સિંહલદ્વીપનો રાવણ નામનો રાજા ત્યાં આવ્યો. તેણે એક માસ પર્યંત યુદ્ધ કરીને બધા વિદ્યાધરોને પરાજિત કર્યા, પછી તે જિનબિંબને રાવણ લંકામાં લઈ ગયો. ત્યાં એક પ્રાસાદમાં તે બિંબ સ્થાપીને તેની પૂજા અને નાટક વિગેરેથી હંમેશા ભક્તિ કરવા લાગ્યો. એમ કરતાં પચાશ વર્ષ પસાર થયા.

એકદા પાર્શ્વજિન આગળ રાવણ પોતે વાજીંત્ર વગાડતો હતો. અને મંદોદરી ગાયન તથા નૃત્ય કરતી હતી, તે વખતે રાવણના હાથમાં રહેલ વીણાની તાંત (તાર) તુટી એટલે

નૃત્યમાં ભંગ ન થવા દેવા માટે પોતાના હાથની નસ ખેંચીને રાવણે તે જગ્યાએ સાંધી દીધી, તેથી નૃત્યનો અને તેના ભાવનો ભંગ ન થયો. આથી જિનભક્તિના પ્રભાવથી રાવણે તીર્થંકરગોત્ર ઉપાર્જન કર્યું.[૧] જિનભક્તિના પ્રભાવથી પદ્માવતી, વૈરોટયા અને અજિતબલા વિગેરે દેવીઓએ રાવણના હાથમાં થતી પીડાનું નિવારણ કર્યું. તે રાત્રિએ પ્રતિમાના અધિષ્ઠાયક દેવે રાવણને સ્વપ્નમાં કહ્યું કે :–'મને મારા સ્થાને મૂકી આવ.' એટલે રાવણની **બદરી** નામે દાસી હતી, તેને ગર્ભ રહેલો હતો, પરંતુ ત્રેવીશ વર્ષ થઇ ગયા છતાં પ્રસવ થતો નહોતો. તે દાસીને રાવણે કહ્યું કે :–'આ બિંબને ચટક પર્વત પર જઇ મૂકી આવ.' એટલે તે દાસી જિનબિંબ લઇ ચટક પર્વત પર જઇ દેરાસરમાં સ્થાપન કરીને રોજ તેની ભક્તિ કરવા લાગી. તેના પ્રભાવથી તે દાસીને પુત્રનો પ્રસવ થયો. તેનું **કેદાર** એવું નામ રાખવામાં આવ્યું. તે જન્મથી જ વૈરાગી હતો. યૌવનવય પામતાં રાવણે તેને ચટક પર્વતનું રાજ્ય આપ્યું, એટલે કેદાર પચીશ ગામોનો સ્વામી થયો. કનકશેઠ તેનો પ્રધાન થયો અને તે બહુ પુણ્ય કરવા લાગ્યો. એવામાં રામચંદ્રે રાવણનો વિનાશ કર્યો, પણ જિનભક્તિના પ્રભાવથી કેદારનું રાજ્ય લીધું નહિ.

એ પ્રમાણે સુખ ભોગવતાં એકદા કેવળી ગુરુ પધાર્યા; એટલે કનકશેઠ તથા કેદારરાજા ગુરુને વંદન કરવા ગયા. ત્યાં

---

૧. આ હકીકત જૈન રામાયણ વિગેરેના લેખથી જુદી પડે છે. રાવણે અષ્ટાપદ પર્વત પર તીર્થંકરગોત્ર ઉપાર્જન કર્યું છે એવો અન્યત્ર ઉલ્લેખ છે.

ગુરૂમહારાજે ધર્મદેશના આપી, તે સાંભળીને શેઠે પોપટનું સ્વરૂપ પૂછ્યું કે–'હે ભગવન્ ! એ પોપટ કોણ હતો ? કે જેણે મને પ્રતિમા કરવાની શિક્ષા (પ્રેરણા) આપી.' ગુરુ બોલ્યા કે:–"સાંભળ–એ તારો પૂર્વભવનો મિત્ર છે. એકદા સૌધર્મ દેવલોકમાં સૌધર્મેંદ્રની આગળ નાટક થતું હતું. તેમાં ભરતસંગીતમાં કહ્યા પ્રમાણે છપ્પન કોટી તાલના ભેદપૂર્વક દેવગંધાર, બંગાલ, શ્રીરાગ, કૌશિક, હિંદોલ, દીપક, મધુમાદન, શબાપ, ધોરણ, સોહગ, અધરાસ, ભાણુવલ્લી, કકુભા અને સિદ્ધાંગાદિ દેવરાગોથી છત્રીશ હજાર નાટકો પૈકી ભદ્રાવલિક નાટક, સૂર્યાવલિક નાટક, ચંદ્રસૂર્યોદ્ગમન નાટક, તારકોદ્ગમન નાટક, હયનાટક, ગજનાટક, પદ્માવર્ત્તનાટક, વલ્લીનાટક, તરૂનાટક અને કુસુમનાટક વિગેરે નાટકોના ભેદથી નાટક થતું હતું. તે વખતે ઈંદ્રના બે મિત્ર અમિતતેજ અને અનંતતેજ ત્યાં બેઠા હતા, તથા બીજા દેવો પણ ત્યાં બેસીને નાટક જોતા હતા. તે વખતે તે સભામાં ઈંદ્રની અંજૂ નામની પટરાણી નાટક જોવા બેઠી હતી. તેનો તે મિત્રદ્વયની સાથે દૃષ્ટિસંબંધ થયો; એટલે પરસ્પર રાગ થવાથી અંજૂ તેમની સાથે વાટિકામાં ક્રીડા કરવા ગઈ. તે ત્રણે ત્યાં કામક્રીડા કરવા લાગ્યા. તે દુશ્ચેષ્ટિત ઈંદ્રના જાણવામાં આવવાથી ઈંદ્ર પણ ત્યાં ગયા. તેમનું દુશ્ચેષ્ટિત જોઈને તે કોપાયમાન થયા, અને બોલ્યા કે:–'અરે પાપિષ્ટો ! તમે આ અનુચિત શું આરંભ્યું છે ? તમને વધારે શું કહું પણ હું તમને બંને દેવોને શાપ આપું છું કે–તમારે મનુષ્યલોકમાં પોપટ પોપટીરૂપે સ્ત્રી પુરૂષપણે સાથે રહેવું.' દેવો બોલ્યા કે–'હે સ્વામિન્ ! એ

શાપથી અમારો છુટકારો ક્યારે થશે ?' ઇંદ્ર બોલ્યા કે—જ્યારે તમારો મિત્રદેવ જે અહીં છે તે ચ્યવીને કનકશેઠના નામથી વ્યવહારીપણે અવતરશે અને તે સ્પર્શપાષાણની પ્રતિમા કરાવીને પૂજશે, ત્યારે તમે શાપથી મુક્ત થશો.' પછી તે શાપ સ્વીકારીને બંને દેવો પોપટરૂપે મનુષ્યલોકમાં આવ્યા. અડતાલીશ હજાર વર્ષ પછી દેવપણામાંથી ચ્યવીને હે શેઠ ! તું ઉત્પન્ન થયો, એટલે તે પોપટે તને પ્રતિમા કરાવવાની શિક્ષા આપી. ઉપરાંત તને બતાવેલો બધો ઉપાય પોપટ વિલસિતજ છે. પછી પોપટરૂપ મિત્રસહિત પોપટ નંદીશ્વરદ્વીપે જઇ પોપટરૂપનો ત્યાગ કરી દેવરૂપ પ્રકટ કરી નંદીશ્વરદ્વીપમાં અઠ્ઠાઇમહોત્સવ કરી પ્રથમ દેવલોકમાં પોતાના અમૃતસાગર નામના વિમાનમાં જઈ સુખ ભોગવવા લાગ્યો."

આ પ્રમાણે કેવળી ભગવંત પાસેથી પોપટનો તમામ વૃત્તાંત સાંભળીને કનકશેઠ તથા કેદાર રાજાએ વૈરાગ્ય પામી દીક્ષા અંગીકાર કરી. અને નિરતિચાર ચારિત્ર પાળી અન્તે અનશન કરી પાંચમાં બ્રહ્મદેવલોકમાં બંને દશ સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધિપદને પામશે. એ તીર્થ હમણાં પરધર્મીઓએ લઈ લીધું છે, ઇતિ.

હે ભવ્યજનો ! જેમ રાવણે જિનપૂજાથી તીર્થંકરગોત્ર ઉપાર્જન કર્યું, તેમ અન્ય જીવો પણ જિનપૂજાથી સ્વર્ગ અને મોક્ષ પામે છે. પૂજા ત્રણ પ્રકારની છે. પુષ્પપૂજા (અંગપૂજા), અક્ષતપૂજા (અગ્રપૂજા) અને સ્તોત્રપૂજા (ભાવપૂજા). તેમાં પ્રથમ પુષ્પપૂજા પ્રાણીઓને વિશિષ્ટ ફળદાયક થાય છે. કારણ કે :—

દેશાધીશ (રાજા) સંતુષ્ટ થાય, તો એક ગામ આપે, ગ્રામાધીશ સંતુષ્ટ થાય તો એક ખેતર આપે અને ક્ષેત્રાધીશ સંતુષ્ટ થાય તો ખોબો ધાન્ય આપે, પણ સર્વજ્ઞ (પ્રભુ) સંતુષ્ટ થાય તો પોતાની પદવી આપે.' પુષ્પપૂજાથી વયરસેન કુમારને રાજ્ય પદવી પ્રાપ્ત થઈ. તે દૃષ્ટાંત આ પ્રમાણે છે :—

## શ્રી વયરસેન કથા

આ ભરતક્ષેત્રમાં સર્વત્ર પ્રસિદ્ધ એવું ઋષભપુર નામે નગર છે. તે સમૃદ્ધિ અને પ્રાસાદશ્રેણિથી સુશોભિત છે. ત્યાં **ગુણસુંદર** નામે રાજા ન્યાયપૂર્વક રાજ્ય કરતો હતો. તેજ નગરમાં પરમ શ્રદ્ધાળુ શ્રેષ્ઠ આચાર અને વિચારયુક્ત **અભયંકર** નામે શેઠ રહેતો હતો. જિનભક્તિ અને પરમ શ્રાવક એવા તે શેઠને **કુશલમતિ** નામે પત્ની હતી. તે પણ સદા (હમેશાં) દેવપૂજા, દાન, સામાયિક અને પ્રતિક્રમણ વિગેરે અગણ્ય પુણ્યકાર્ય કરતી હતી. તે શેઠના ભદ્ર પ્રકૃતિવાળા બે સેવક હતા. તેમાં એક ઘરનું કામ કરતો અને બીજો ગાયો ચારતો હતો. અન્યદા તે પરસ્પર વાતો કરવા લાગ્યા કે—'આપણા સ્વામી–શેઠને ધન્ય છે કે જેને પૂર્વ સુકૃત્યોથી અત્યારે સુખ–સમૃદ્ધિ પ્રાપ્ત થઈ છે અને આવતા ભવમાં પણ ઐહિક પુણ્યના પ્રભાવથી સુગતિ પ્રાપ્ત થશે. આપણે તો પુણ્યહીન દરિદ્ર જ રહેવાના છીએ. આ લોકમાં પણ આપણને સુખ મળ્યું નહિ અને પરલોકમાં પણ સુખ મળવાનું નથી. કારણ કે :—

"अदत्तभावाच्च भवेद्दरिद्री,
दरिद्रभावात्प्रकरोति पापम् ।
पापप्रभावान्नरके व्रजंति,
पुनरेव पापी पुनरेव दुःखी" ॥

'પૂર્વે દાન ન દેવાથી પ્રાણી દરિદ્રી થાય છે, દરિદ્રભાવથી તે પાપ કરે છે અને પાપના પ્રભાવથી નરકે જાય છે. એમ ફરી ફરી તે પાપી દુઃખી થયા કરે છે.' આપણે મનુષ્યભવ ફોગટ ગુમાવીએ છીએ. આ પ્રમાણે વિચાર તેમને કરતા જાણીને શેઠે વિચાર કર્યો કે—'આ બંને ધર્મને યોગ્ય થયા જણાય છે.'

પછી ચાતુર્માસિકને દિવસે શેઠે તે બંનેને કહ્યું કે—'તમે મારી સાથે જિનપૂજા કરવા ચાલો.' એટલે તે શેઠની સાથે દેરાસરમાં પૂજા કરવા ગયા. ત્યાં પવિત્ર વસ્ત્ર પહેરી શુદ્ધ ભાવથી જિનપૂજા કરતાં શેઠે તેમને કહ્યું કે—'આ પુષ્પાદિ વડે તમે પણ જિનપૂજા કરો.' એટલે તે બોલ્યા કે—'જેના પુષ્પ તેને ફળ મળે—અમને તો માત્ર વેઠ જેવું જ થાય.' એટલે શેઠ બોલ્યા કે:—'તમારી પાસે કાંઈ થોડું પણ છે કે નહિ? એટલે ગોવાળ બોલ્યો કે:—'મારા વસ્ત્રને છેડે પાંચ કોડી બાંધેલી છે.' શેઠે કહ્યું કે:—'હે વત્સ! એ પાંચ કોડીના ફૂલ લઈને તું ભાવથી જિનપૂજા કર.' એટલે તેણે પાંચ કોડીના ફૂલ લઇને શુદ્ધ ભાવથી જિનપૂજા કરી. તે વખતે બીજો વિચારે છે કે—'આની પાસે તો આટલું પણ છે, અને મારી પાસે તો

કંઈ પણ નથી.' એમ ચિંતવીને તે રોવા લાગ્યો. પછી જિનપૂજા કરીને શેઠ તે બંનેને લઇને ગુરુવંદન કરવા ગયા. ત્યાં ગુરુમહારાજની દેશના સાંભળતાં પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ) કરનાર કોઈ માણસને જોઈને પેલા નોકરે ગુરુને પૂછયું કે–' એણે શું કર્યું ?' ગુરુ બોલ્યા કે–'હે ભદ્ર ! આજ તેણે પૌષધ કર્યો છે તેનું આ પ્રત્યાખ્યાન છે.' એમ સાંભળીને તેણે ઉપવાસનું પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ) કર્યું. પછી શેઠની સાથે બંને ઘેર ગયા. ભોજન વખતે ઉપવાસ કરનાર થાળીમાં પોતાનું ભોજન પીરસાવીને દ્વાર પાસે ઉભો રહી વિચારવા લાગ્યો કે–' જો મારા ભાગ્યયોગે કોઈ મુનીંદ્ર અહીં આવે, તો હું તેને દાન આપું. કારણ કે શેઠને ઘરે કામ કરીને તેના બદલામાં મેં આ અન્ન મેળવ્યું છે.' એમ ચિંતવે છે, એવામાં અકસ્માત્ કોઇ મુનિ ત્યાં પધાર્યા એટલે તેણે બધું ભોજન મુનિને વહોરાવી દીધું. તે જોઇને હર્ષિત થઈ શેઠે તેને માટે બીજું ભોજન પીરસાવી દીધું. એટલે તે બોલ્યો કે–' આજે મારે ઉપવાસ છે.' શેઠે કહ્યું કે–' ત્યારે તેં પૂર્વે કેમ ભોજન પીરસાવ્યું ?' તે બોલ્યો કે–' હે તાત ! ગૃહકાર્ય કરીને મારા હક્કનું ભોજન લઈને મેં મુનિને વહોરાવ્યું છે.' આથી શેઠ અતિશય સંતુષ્ટ થયા. પછી શેઠ બંનેની વિશેષ સંભાળ રાખવા લાગ્યા અને તે બંને પ્રતિદિન દેરાસરમાં જવા લાગ્યા, મુનિવંદન કરવા લાગ્યા, નમસ્કારનો પાઠ કરવા લાગ્યા અને ધર્મની સદ્દહણા વધારવા લાગ્યા.

હવે કલિંગદેશનો અધિપતિ સૂરસેન નામે રાજા શત્રુઓએ તેનું રાજ્ય છીનવી લેવાથી કુરૂદેશમાં ગયો, ત્યાં

હસ્તિનાગપુરના સ્વામી **અચળ** રાજા પાસે જઈને રહ્યો. તેણે પચાસ ગામ આપ્યા, તેથી તે સુકરપુર નામના ગામમા રહેવા લાગ્યો. તેને **વિજયાદેવી** નામે સ્ત્રી હતી પેલા બંને સેવકો મરણ પામીને તેની કુક્ષિમાં અવતર્યા તેમાં પ્રથમ દાન કરનાર જીવ **અમરસેન** નામે મોટોભાઈ થયો, અને બીજો જિનપૂજક જીવ **વયરસેન** નામે નાનો ભાઈ થયો. પૂર્વ પુણ્યના પ્રભાવથી રૂપ, અને વિદ્યાદિક ગુણથી યુક્ત એવા તે થોડા દિવસોમાં વૃદ્ધિ પામી રાજહંસની જેમ સર્વને આનંદ આપનાર થઈ પડયા. તેમની **જયા** નામે એક સપત્ની (શોકય) માતા હતી, તે બંને ઉપર દ્વેષ રાખતી હતી. કહ્યું છે કે :–' તીર્થંકરોની પ્રભુતા, બળદેવ વાસુદેવનો પ્રેમ અને શોકયનું વૈર એ ત્રણે ભારીમાં ભારી છે.'

એકદા તેમનો પિતા શૂરસેન કાંઈ કામપ્રસંગે બીજે ગામ ગયો હતો, અને તે બંને ભાઈ ગેડીદડે રમતા હતા, તે વખતે તેમની ઓરમાન માતા જયા ઘરના ઉપરના માળ પર બેઠી હતી. અને રમતા એવા તે બંને કુમારને જોતી હતી. એવામાં દડો (બોલ) ઉછળીને ઓરમાન માતાના માળપર જઈને પડયો. એટલે જયાએ તે લઇ લીધો. વયરસેન જયા પાસે દડો માગવા ગયો, એટલે તેને કામદેવ જેવો રૂપવાન્ જોઈને જયાએ તેની આગળ કામને માટે હાવભાવ કર્યા, તેથી વયરસેન બોલ્યા કે –' હે માતા ! એ તદ્દન અયોગ્ય છે.' એમ કહી વારંવાર તેને પગે પડી દડો લઈ ભાઈ પાસે આવીને તેણે ઓરમાન માતાએ કરેલ ચેષ્ટા યથાસ્થિત કહી બતાવી. પછી ક્રીડા કરીને

તેઓ તો ભોજન કરવામાં પ્રવૃત્ત થયા. અહીં જયા પોતાના વસ્ત્રના ટુકડે ટુકડા કરીને ઈર્ષ્યાથી એક જીર્ણ ખાટલા પર સુઇ ગઈ. એવામાં રાજા કાર્ય કરીને પોતાને ગામે પાછો આવ્યો. તેણે જયા રાણીની પાસે આવી તેને વ્હાલથી પૂછયું કે 'આમ કેમ સુતી છે ?' એટલે તે બોલી કે 'હે સ્વામિન્ ! તમારા પુત્રોએ આવીને મને બહુ સતાવી, મેં સ્વશકિતથી શીલનું રક્ષણ કર્યું. મારા શરીરને તેમણે વીંખી નાખ્યું અને અને આ વસ્ત્રો પણ બળાત્કારથી ફાડી નાખ્યા.' રાજા આ પ્રમાણેના તેના અસત્ય વચનથી પુત્રો પર બહુ રૂષ્ટમાન થયો અને ચિંતવવા લાગ્યો કે 'દુષ્ટ, નિર્લજ્જ અને પાપિષ્ટ બંને પુત્રને મારી નાખું.' પછી ચંડ નામના માતંગને બોલાવીને રાજાએ હુકમ કર્યો કે –'હે ચંડ ગામની બહાર રમતા એવા બંને પુત્રના મસ્તક કાપીને લઈ આવ.' માતંગે વિચાર કર્યો કે –' બહુ ગુણવંત એવા આ કુમારો ઉપર રાજાનો આવો અતિશય ક્રોધ કેમ થયો તેની ખબર પડતી નથી, તેથી અત્યારે તો સમયોચિત જ બોલું.' એમ વિચારી તેણે કહ્યું કે –'જેવી આપની આજ્ઞા.' પછી તેણે કુમારો પાસે જઇને બધી વાત કહી સંભળાવી; એટલે તેમણે કહ્યું કે –' હે ભદ્ર ! પિતાનું ઈચ્છિત જલ્દી કર.' માતંગે ગદ્ગદ્ કંઠે પ્રાર્થના કરી કે –' આપ બંને મારી ઉપર પ્રસન્ન થઇ જલ્દી દેશાંતર ચાલ્યા જાઓ.' એટલે કુમારો બોલ્યા કે –' રાજા સકુટુંબ તને મારી નાખશે.' માતંગ બોલ્યા કે –' હું કોઇ પણ ઉપાયથી મારો બચાવ કરીશ, પણ તમે વિલંબ ન કરો.' એમ કહેવાથી બંને રાજપુત્રો વાહન વિના પગે ચાલતા એક દિશા તરફ ગયા. અને માતંગ

પણ માટીના બે મસ્તક બનાવી લાખના રંગથી રંગી સાંજને વખતે રાજા પાસે ગયો અને પ્રથમ રાજપુત્રના બે અશ્વો સોંપી દૂરથી મસ્તક બનાવીને બોલ્યો કે–'હે સ્વામિન્! આપના હુકમ પ્રમાણે કર્યું છે.' રાજાએ કહ્યું કે–'એ બંને મસ્તક ગામની બહાર ખાડામાં નાંખી દે.' માતંગ બોલ્યો કે–'આપની આજ્ઞા પ્રમાણે કરીશ.' એમ કહીને તે પોતાને ઘેર ગયો, પેલી દુષ્ટ રાણી સંતુષ્ટ થઈને અત્યંત હર્ષિત થઈ છતી ચિંતવવા લાગી કે–'રાજાએ બંનેને મરાવી નાખ્યા તે બહુ સારૂં કર્યું.'

હવે સાહસિક એવા તે બંને રાજપુત્રો નિરંતર પ્રયાણ કરતાં કેટલેક દિવસે એક મોટી અટવીમાં આવી પહોંચ્યા કે જ્યાં એક બાજુ શાલ, હિંતાલ, પ્રિયાલ અને સરલ વૃક્ષો અને બીજી બાજુ નાગ, પુન્નાગ, લવિંગ, અગરૂ અને ચંદન-વૃક્ષો, એક બાજુ ચિંચા, આમ્ર, જંબીર, કપિત્થ અને અશ્વત્થ અને બીજી બાજુ બકુલ, કંકોલ; પાટલ, અશોક અને ચંપક; ક્યાંક ન્યગ્રોધ, મંદાર, પિચુમંદ અને હરીતક અને ક્યાંક ચંપક, અશોક અને પારિષ્ક વિગેરે વૃક્ષો શોભી રહ્યા છે. વળી જ્યાં હાથી, પાડા, વાઘ, સિંહ, ચિત્રા અને શૂવર તથા ભૂત, પ્રેત અને પિશાચ વિગેરે સ્વેચ્છાપૂર્વક ક્રીડા કરી રહ્યા છે. એવી તે અટવીમાં પહોંચ્યા. પછી ક્ષુધા અને સંતાપને હરનાર એવા એક આમ્રવૃક્ષ નીચે તેમણે વિસામો લીધો. ત્યાં નિર્મળ નદીના જળથી અને આમ્રવૃક્ષ ફળથી તેમણે પ્રાણવૃત્તિ કરી. એવામાં આસ્તે આસ્તે તેજરહિત થઈને સૂર્ય અસ્ત પામ્યો

કવિ – કર્તા કહે છે કે :–હે સજ્જનો ! જુઓ, દિવસને અંતે સૂર્યની પણ આવી દશા થાય છે, તો બીજાની શી વાત કરવી ? અહો ! આસક્ત એવી સંધ્યા પણ ક્ષીણ થઈ અને રાત્રિ પ્રગટ થઇ, સૂર્ય તો પશ્ચિમ સમુદ્રમાં તદ્દન ડુબી ગયો, અને સરોવરોમાં પદ્મશ્રેણી સંકોચ પામી. કારણ કે તેજસ્વી મિત્રનો વિયોગ થતાં સર્વને દુઃખ થાય છે. આકાશમાં તારા પ્રગટ થયા અને સર્વત્ર અંધકાર પ્રસરી ગયો, એટલે તે બંને કુમાર રાત્રે તે આમ્રવૃક્ષની નીચે જ રહ્યા. એવામાં નાનોભાઈ મોટાભાઈને પૂછવા લાગ્યો કે –' હે ભાઈ ! પિતાના રોષનું કારણ કાંઈ જણાયું નહિ ' અમરસેન બોલ્યો કે –' હે વત્સ ! પિતાના રોષનું કારણ બરાબર તો મારા જાણવામાં નથી આવ્યું પણ મને લાગે કે આ ઓરમાન માતાની ચેષ્ટા હશે.' વયરસેન બોલ્યો કે –' તે શું અસત્ય વચનપર રાજાને વિશ્વાસ બેસાડી શકી હશે ? ' એટલે ફરી અમરસેન બોલ્યો કે –' હે વત્સ ! તું તો ભોળો છે; સ્ત્રી તો અસત્યનું મંદિર કહેવાય છે. તે અસત્ય પણ બોલે છતાં રાગાંધ પુરુષો તેના અસત્ય વચનને સત્ય સમજી લે, બુદ્ધિવંત જનો ગંગાની રેતીની ગણત્રી, સમુદ્રના જળનું પ્રમાણ અને મેરૂપર્વતના તોલન (વજન)ને કદાચ જાણી શકે, પણ સ્ત્રીના કપટપ્રપંચને (સ્ત્રી ચરિત્રને) જાણી શકતા નથી. અહો ! ઓરમાન માતાએ આપણા પર ઉપકાર કર્યો કે જેથી આપણે સમસ્ત પૃથ્વી જોઇ શકીશું.' આ પ્રમાણે વાત કરતાં અમરસેનને નિદ્રા આવી ગઈ, પણ વયરસેન બંને બાજુએ તપાસ કરતો જાગતો બેઠો. એવામાં આમ્રવૃક્ષપર

બેઠેલ એક કૃપાળુ પોપટ પોતાની પ્રિયાને કહેવા લાગ્યો કે-'હે પ્રિયે! આ બંને પુરુષ યોગ્ય છે, એમનો કંઈક સત્કાર કરીએ.' સ્ત્રી બોલી કે-'હે નાથ તમે ઠીક કહ્યું, સુકૂટપર્વતની ગાઢ ગુફામાં બીજાને પોતાની વિદ્યાથી અભિષિક્ત કરીને વિદ્યાધરોએ બે આમ્રવૃક્ષ રોપ્યા છે. આપણા સાંભળતાં તેમણે તે બંનેનું મહાત્મ્ય કહ્યું હતું કે-એક વૃક્ષના ફળનું ભક્ષણ કરનારને સાતમે દિવસે રાજ્ય મળે અને બીજા આમ્રવૃક્ષનાં ફળનું બીજા જેના ઉદરમાં રહે, તેના મુખમાંથી સવારે દાતણ કરતાં પાંચસો સોનામહોર પડે. હે કાંત! આ વચન તો તમે પણ સાંભળ્યું છે, માટે આપણે એક એક ફળ લાવીને આ બંનેને આપીએ. પરોપકાર કરવાથી અવતાર સફળ અને શ્લાઘ્ય થાય છે. કહ્યું છે કે-"જે દિવસ પરોપકાર થાય, તે દિવસ સફળ (શ્લાઘ્ય) છે. અને બીજા દિવસ તો મૂઢપણાથી નિષ્ફળ ગયેલા છે. સૂર્યને માટે જ અંધકાર, મેઘને માટે જ ગ્રીષ્મશોષણ અને વૃક્ષને માટે જ માર્ગશ્રમ સમજવામાં આવેલ છે. અર્થાત્ સૂર્ય, મેઘ અને વૃક્ષો તે અંધકાર વિગેરેને દૂર કરે છે, તેથી તેઓ પરોપકારી અને શ્રેષ્ઠ કહેવાય છે. વળી સરોવર કાંઈ જળપાન કરતું નથી, અને વૃક્ષો કાંઈ ફળ ભક્ષણ કરતાં નથી; દાતાર જનોનું તો સર્વસ્વ પરોપકારને નિમિત્તે જ હોય છે." આ પ્રમાણે સાંભળીને પોપટે પોપટીને કહ્યું કે-'હે કાંતે! અત્યારે આ વાત તેં મને ઠીક યાદ કરી આપી.' એમ કહીને તે બંને તરત જ સુકૂટપર્વત પર ગયા. આ બધું વયરસેને સાંભળ્યું. પછી તે બંને પક્ષીઓએ પેલા પર્વતપરથી બે આંબાના ફળ લાવીને વયરસેનની આગળ મૂકયા, એટલે તેમના વચનથી તે

બંને ફળનો ભેદ જાણીને તેણે પોતાની કેડમાં તે બંને ફળ બાંધી લીધાં. તેણે વિચાર્યું કે–'આ પોપટનું કહેવું સત્ય હશે કે અસત્ય તે સ્વયમેવ જણાઇ આવશે.'

પછી અર્ધ રાત્રે મોટાભાઇને જગાડીને વયરસેન નિદ્રાધીન થયો અને સૂર્યોદય થતાં તે બંને ત્યાંથી આગળ ચાલ્યા. રસ્તામાં એક સરોવર આવ્યું, એટલે બંનેએ ત્યાં મુખશુદ્ધિ કરી. તે વખતે ફળના પ્રભાવને કહ્યા વિના વયરસેને રાજ્યદાયક ફળ મોટાભાઇ અમરસેનને આપ્યું અને બીજા ફળનું પોતે ભક્ષણ કર્યું. પછી ત્યાંથી તેઓ આગળ ચાલ્યા. બીજે દિવસે સવારે વયરસેને ગુપ્ત રીતે દાતણ કર્યું. એટલે ફળના પ્રભાવથી પાંચસો સોનામહોર તેની આગળ પડી. તેના યોગથી અમરસેનની સાથે રહી વયરસેન ભોજન તાંબુલાદિકમાં પુષ્કળ ખર્ચ કરી સ્વેચ્છાએ સુખ ભોગવવા લાગ્યો. એટલે અમરસેને પૂછ્યું કે–'તારી પાસે આટલું બધું દ્રવ્ય કયાંથી?' તે બોલ્યો કે:–'ભંડારમાંથી મેં સાથે લીધું હતું.' પછી સાતમે દિવસે કાંચનપુરની પાસેના ઉદ્યાનમાં પહોંચતાં તેઓ શ્રમિત (થાકી ગયા) થયા, એટલે ત્યાં એક વૃક્ષની નીચે અમરસેન સુઈ ગયો. 'થાકેલા અને આળસુને નિદ્રા એ પરમ સુખ છે.' આ જગત્રયરૂપ સંસારમાં એના કરતાં વધારે કિંમતી સુખ બીજું નથી એમ તેઓ માને છે.'

વયરસેન ભોજનાદિ સામગ્રી લેવા માટે નગરમાં ગયો. તે વખતે તે નગરનો અપુત્રીયો રાજા શૂળના યોગે મરણ પામ્યો, તેથી હસ્તી; અશ્વ, કળશ, છત્ર અને ચામર–એ પાંચ દેવા-

ધિષ્ઠિત વસ્તુઓ નગરમાં ફરતી હતી. રાજ્યને ધારણ કરે તેવા પુરુષની શોધ કરવા માટે ફરતી તે વસ્તુઓ ગામમાં બધે ફરીને બહાર નીકળી અને અમરસેનકુમાર જ્યાં સુતેલ છે ત્યાં પહોંચી, એટલે તેના પર અકસ્માત કળશ ઢળ્યો, હાથી અને અશ્વે ગર્જના કરી. હાથીએ પોતાની સુંઢથી ઉપાડી તેને પોતાના મસ્તક પર બેસાડયો. વિસ્તૃત છત્ર સ્વયમેવ ઉઘડી ગયું અને ચામરો વીંજાયા. એટલે દિવ્ય વેષ ધારણ કરી હાથીના સ્કંધ પર બેસી મંત્રી, સામંત અને નગરજનોથી પ્રણામપૂર્વક અભિનંદિત કરાતા અને જયજયારવ સાંભળતા અમરસેને નગરમાં પ્રવેશ કર્યો અને નીતિપૂર્વક રાજ્ય કરવા લાગ્યો.

વયરસેન ભોજનાદિ લઇને આવ્યો એટલે ભાઇને ન દેખવાથી તેનો પત્તો મેળવીને મનમાં ચિંતવવા લાગ્યો કે – ‘જો મોટાભાઇએ રાજ્ય સ્વીકારવામાં મારી રાહ ન જોઈ, તો હવે મારે તેની પાસે શા માટે જવું ? કારણ કે :–‘ વાઘ અને હાથીથી સેવિત વનમાં રહેવું સારૂં, વૃક્ષનું ઘર કરી પુષ્પ, ફળ અને જળનું ભોજન કરી રહેવું સારૂં તથા ઘાસની શય્યા અને અત્યંત જીર્ણ વલ્કલના વસ્ત્રો ધારણ કરવાં સારાં, પણ બંધુઓમાં ધનહીન કે માનહીન થઈને રહેવું સારૂં નહિ.’ માટે હવે મારે ભાઈની પાસે તો ન જ જવું, કદી હું તેની પાસે જાઉં તો ભ્રાતૃત્વથી તે મને પાંચ સાત ગામ આપે પણ તે તો મારે ચુગાંતે પણ લેવા નથી. કારણ કે :–‘ પુરુષાર્થયુક્ત પુરુષને પર સેવામાં પ્રેમ કયાંથી હોય ? મદોન્મત્ત હાથીને ભેદી નાખનાર કેસરી શું ઘાસનું ભક્ષણ કદાપિ કરે ? ન જ કરે.

વળી દીન વચન બોલી નમસ્કાર કરીને ખુશામત વડે જે મેળવવું અને તેના વડે જીવન ચલાવવું, તેવા જીવિતથી શું ? તેવા જીવિત કરતાં તો મરણ સારૂં.' વળી મને પણ દરરોજ પાંચસો સોનામહોર મળતી હોવાથી રાજ્ય જ છે.' આ પ્રમાણે ચિંતવી ભોજન કરીને તે નગરમાં ગયો અને મગધા નામની વેશ્યાને ઘેર રહીને સ્વેચ્છાથી ધન વાપરતો છતો વિલાસ કરવા લાગ્યો. અમરસેન રાજાએ નગરમાં તેની બહુ શોધ કરાવી પણ તેનો પત્તો લાગ્યો નહીં. પછી તો તે રાજ્યચિંતામાં પડ્યો.

અહીં વયરસેન દાન અને ભોગમાં પરાયણ થઇ ગીત, જુગાર અને ઈષ્ટગોષ્ઠી વિગેરેના વિનોદથી દિવસો પસાર કરવા લાગ્યો. કોઈ વખત કાવ્યશાસ્ત્ર અને કથાદિકમાં અને કોઈ વાર નાટક અને સંગીતના સ્વાદમાં તે દિવસો ગાળવા લાગ્યો. કહ્યું છે કે—'બુદ્ધિમંત જનો ગીત અને શાસ્ત્રના વિનોદથી સમય ગાળે છે અને મૂર્ખ જનો નિદ્રા અને કજીયા તથા વ્યસનમાં વખતને બરબાદ કરે છે.'

એકદા કુટ્ટિનીએ મગધાને કહ્યું કે—'હે વત્સે ! તારો પ્રિયતમ મહાદાતા અને મહાભોગી છે કે જેની બરોબર આ પૃથ્વી પર બીજો કોઈ જણાતો નથી. તે વ્યવસાય કે રાજસેવાદિક કાંઇ કરતો નથી. છતાં તે બહુ ધન વાપરે છે, તો તે દ્રવ્ય ક્યાંથી મેળવે છે ? તે તું તેને પૂછજે.' મગધા બોલી કે—'હે માતા ! આવો પ્રશ્ન કરવાનું આપણે શું પ્રયોજન છે ? આપણને તો દ્રવ્યનું કામ છે. અને તે તો એ આપણી મરજી પ્રમાણે આપ્યા કરે છે.' અક્કા બોલી કે—'તે તો

ઠીક છે, તો પણ યોગ્ય અવસરે પૂછવાની જરૂર છે.' એટલે એકદા રાત્રે મગધાએ વયરસેનને પૂછયું કે :—'હે સ્વામિન્! રાજ્યસેવા અને વેપાર વિના તમને દ્રવ્યની પ્રાપ્તિ કયાંથી થાય છે?' એટલે મુગ્ધપણાથી વયરસેને આંબાના ફળનો પ્રભાવ કહી બતાવ્યો. કારણ કે—'પુરૂષનો પ્રાયઃ સરલ સ્વભાવ હોય છે અને સ્રીઓ પ્રાયઃ કુટિલતાયુક્ત હોય છે. જેમ જવ વાવતાં તેના શાલિ (ચોખા) થતા નથી, તેમ નીચ જન પોતાના સ્વભાવને મૂકતો નથી.'

આ હકીકત પોતાની પુત્રી પાસેથી જાણીને આંબાના ફળને ખાવાની ઇચ્છાથી અક્કાએ લાપસીમાં મદન (મીંઢળ) ફળ ખવરાવીને તેને વમન કરાવ્યું અને વમનમાંથી નીકળેલાં તે ફળનાં બીજ લઇને અક્કાએ ભક્ષણ કર્યું, પરંતુ તેના જઠરમાં જતાં તે બીજ નાશ પામ્યું, એટલે તેનો લાભ તે દુષ્ટાને તો મળી શકયો નહીં. પણ ફળના પ્રભાવથી મળતી મહોરના અભાવથી વયરસેન દાન કરતો બંધ થઈ ગયો – બંધ થવું પડયું, એટલે તે વિચારવા લાગ્યો કે –'આ દુષ્ટ અક્કાએ મારી સાથે કપટ કર્યું છે, તેથી તેનો બદલો તેને આપવો જ જોઇએ.'

વયરસેન આમ વિચાર કરે છે તેવામાં તો એકદા 'આજે અમારે દેવીપૂજા કરવી છે માટે તમારે બહાર જવું.' એમ કહી કપટથી તેને ઘરની બહાર કાઢી મૂકયો; એટલે પરાભવ પામેલાની જેમ પોતાનો અનાદર થયેલો જોઇને તે ત્યાંથી ચાલ્યો ગયો. પછી દૂર જઇ અત્યંત આકુળવ્યાકુળ થઈને તે ચિત્તમાં

ચિંતવવા લાગ્યો કે –'દ્રવ્યથી બધું ઈચ્છિત થાય છે, દ્રવ્ય વિના મારાથી શું થઈ શકે ? તેથી મારે કયાં જવું ?' વળી તે ફરી વિચારવા લાગ્યો કે–' (યસ્યાસ્તિ વિતંસનર કુલીનં) જેની પાસે ધન હોય તે જ પુરુષ કુલીન, તે જ પંડિત, તે જ વક્તા અને તે જ દર્શનીય ગણાય છે; બધા ગુણો કાંચન (ધન)ને આશ્રયીને જ રહેલા છે.' મારે તો હવે દૈવનું જ શરણ લેવું યોગ્ય છે કેમકે કેટલીક વાર દૈવ જ માર્ગ કરી આપે છે, જુઓ, આશાથીં હણાયેલા, પ્રતિબંધ પામેલા અને ભુખથી ગ્લાનિ પામેલ એવા સર્પના મુખમાં કરંડીયામાં છીદ્ર કરીને એક ઉંદર સ્વયમેવ પડયો, તેના માંસથી તૃપ્ત થઈને તે સર્પ તે જ માર્ગે જલ્દી બહાર નીકળી ગયો; માટે વૃદ્ધિ કે ક્ષયમાં આકુળ ન થતાં દૈવનું જ શરણ લઈને સ્વસ્થ રહેવું.' આ પ્રમાણે વિચારમાં આખો દિવસ ગાળી વિલક્ષ (વિલખો) મુખવડે ભમતાં સંધ્યા વખતે શૂન્ય મનથી નગરની બહાર નીકળી ગયો ત્યાં સ્મશાનમાં એક શૂન્ય ખંડેરમાં રાત રહ્યો, કે જ્યાં ઘૂવડ પોકાર કરતા હતા, શિયાળ બરાડા પાડતા હતા, શ્વાપદો સ્વેચ્છાએ ક્રીડા કરતા હતા અને રાક્ષસો તથા વેતાળો અટ્ટહાસ્ય કરીને રમતા હતા. એવા સ્મશાનમાં તે નિર્ભય થઈને રહ્યો; કેમકે 'વજ્ર શું ઘણના ઘાતથી ભેદાય ? વયરસેન ત્યાં નિદ્રારહિતપણે આખી રાત બેસી જ રહ્યો. કારણ કે – 'ઉદ્યમ કરતાં દરિદ્રતા જાય છે, જાપ જપતાં પાતક જાય છે, મૌન રહેવાથી કજીયો જાય છે અને જાગરણથી ભય દૂર થાય છે.'

મધ્ય રાત્રે ત્યાં ચાર ચોર આવ્યા. તે કોઈક વસ્તુ વહેંચવા માટે પરસ્પર વિવાદ કરતા હતા; એટલે કુમારે તેમને ચોર સંજ્ઞા કરી; તેથી ચોરોએ તેને ચોર સમજીને પોતાની પાસે બોલાવ્યો. એટલે તે પાસે આવીને તેમની સામે બેઠો; અને બોલ્યો કે –' હે બાંધવો ! તમે શા માટે વિવાદ કરો છો ?' ચોરો બોલ્યા કે –'હે બાંધવ ! વિવાદનું કારણ સાંભળ– પાદુકા, દંડ અને કંથા એ ત્રણ વસ્તુઓ અમે મેળવી છે અને અમે ચાર જણ છીએ. તેથી વેચવામાં વાંધો આવે છે, કેમકે તે વસ્તુનો વિભાગ પણ કરી શકાય તેમ નથી' એટલે કુમાર બોલ્યો કે–'અસાર વસ્તુને માટે આટલો બધો વાદ શો ?' તેઓ બોલ્યા કે–અરે તું ભોળો છે. તને ખબર નથી. આ ત્રણે અમૂલ્ય વસ્તુ છે.' કુમાર બોલ્યો કે –'શી રીતે અમૂલ્ય છે તે કહો.' એટલે તેમાંથી એક ચોર બોલ્યો કે –'હે બંધો ! સાંભળ—આ સ્મશાનમાં કોઈ સિદ્ધ પુરુષ મહાવિદ્યા સાધતો હતો, તેને તે વિદ્યા છ મહિને સિદ્ધ થઈ. તે વિદ્યાની અધિ-ષ્ઠાયિકાએ આ વસ્તુઓ આપી છે. અમે તે સિદ્ધ પુરુષને છેતરીને અને મારી નાખીને આ વસ્તુઓ લઈ આ શૂન્ય દેવકુલમાં આવ્યા છીએ. આ કંથા ( ગોદડી )ને ખંખેરતા પ્રતિદિન તેમાંથી પાંચસો સોનામહોર પડે છે, દંડના પ્રભાવથી સંગ્રામમાં જય થાય છે, અને બંને પાદુકા પર પગ મૂકતાં આકાશમાર્ગે ઉડી ઇચ્છિત સ્થાને જઈ શકાય છે.' તે સાંભળી કુમાર હર્ષિત થઈને બોલ્યો કે –' તમારે અધિરાઈ ન કરવી, હું હમણા જ તમારો વિવાદ પતાવી દઉં છું. પ્રથમ તમે ચારે દિશામાં એક ક્ષણભર દૂર જઈને બેસો. જ્યારે વિચાર

કરીને હું બોલાવું ત્યારે તમે મારી પાસે આવજો.' એટલે તે ચોરોએ તેમ કર્યું. પછી કુમાર સ્કંધ (ખભા) પર કંથા બાંધી, હાથમાં દંડ લઈ અને પાદુકા પગમાં પહેરીને નગરમાં ચાલ્યો ગયો. થોડા વખત પછી ચોરો ત્યાં આવી તેને ન જોવાથી વિલખા થઈ પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા. 'ભાગ્યવંત પુરુષોને સર્વત્ર સંપત્તિ મળે છે.'

હવે વયરસેન એક વિશ્વાસપાત્ર મિત્રને ઘરે વસ્તુઓ સંતાડીને નગરમાં આનંદથી ફરવા લાગ્યો. પ્રતિદિન કંથા ખંખેરીને પાંચસો સોનામહોરથી દિવ્ય વસ્ત્રાદિકની સામગ્રી મેળવી જુગારીઓ સાથે ક્રીડા અને ગીતગાન તથા દાન કરવા લાગ્યો. પુષ્કળ દ્રવ્ય ખરચી દોગંદુક દેવની જેમ તે કલ્લોલ કરવા લાગ્યો.

એવામાં પોતાની દાસીના મુખથી તે કુમારની તેવી હકીકત સાંભળીને અક્કા પોતાની પુત્રી મગધાને શ્વેત વેષ પહેરાવી સાથે લઈને કુમારની પાસે આવી કહેવા લાગી કે—'હે વત્સ ! તને કામને લીધે બહાર મોકલ્યો, તો પછી આપણા ઘરે પાછો કેમ ન આવ્યો ? તું ગયો તે દિવસથી મારી મગધા પુત્રી રોષ લાવી મારી સાથે બોલતી નથી અને તારા વિયોગથી ભોજન તથા સ્નાન વિલેપનાદિક પણ કરતી નથી. માત્ર શ્વેત વેષથી મહાકષ્ટે જીંદગી ગાળે છે અને તું આવી રીતે કલ્લોલ કરે છે. હવે વધારે શું કહેવું ? તને ઉચિત લાગે તેમ કર.' આ પ્રમાણે તેનું માયાકપટ ભરેલું વચન સાંભળીને રાજકુમાર વિચારવા લાગ્યો કે—'આ રાંડ ફરીને

મારી સાથે પ્રપંચ રમવા ધારે છે; પરંતુ હવે મારે એનો વિશ્વાસ ન કરવો.' એમ ચિંતવી તેને નમસ્કાર કરીને તે બોલ્યો કે—'હે માતા ! તારૂં કહેવું બધું સત્ય છે. તારી પુત્રીને એમ કરવું ઉચિત છે. તો કહો, હવે મારે શું કરવું ?' તે બોલી કે—'હવે જલ્દી આપણે ઘરે આવવું.' એટલે કુમાર તેની સાથે ગયો, અને ફરી પ્રથમની રીતે જ રહ્યો. તેમજ પહેલાંની જેમ વિલાસ અને દાન વિગેરેથી લીલામાં વખત ગાળવા લાગ્યો. કેટલાક દિવસ પછી ફરી અક્કાએ ધન આગમન-નું કારણ પૂછવાની મગધાને પ્રેરણા કરી; એટલે મગધા બોલી કે—'હે દુષ્ટે ! તું લુબ્ધ છે, તેથી હું કંઇ ન સમજું, તું જાતે જ પૂછ.' એટલે એકદા વૃદ્ધાએ સ્વયમેવ પૂછયું કે—'હે વત્સ ! આટલું બધું ધન તમે કયાંથી લાવો છો ?' રાજકુમાર બોલ્યો કે—'એ પ્રગટ ન કહેવાય એવું હોવાથી કોઈને કહેવાય તેમ નથી, છતાં તને કહું છું—મારી પાસે વિદ્યાધિ-ષ્ઠિત બે પાદુકા છે, તેના પર આરૂઢ થઈ આકાશમાં ઉડીને હું ઈંદ્રના ભંડારમાંથી ઈચ્છા પ્રમાણે ધન લઈ આવું છું.' આ પ્રમાણે સાંભળીને તે દુષ્ટાએ મનમાં વિચાર કર્યો કે—એવો ઉપાય કરૂં કે જેથી એ બંને પાદુકા મારા હાથમાં આવે.'

પછી એકદા માયાથી અક્કા માંદી થઈને એક જીર્ણ માંચા પર સુતી અને ખોટી શૂળપીડાથી બબડવા લાગી; એટલે કુમારે તેનું કારણ પૂછયું. તે બોલી કે—'હે વત્સ ! તને હું શું કહું ? એ તો આ શરીરથી જ સહન થાય તેમ છે,

કહેવાય તેમ નથી.' કુમારે ફરી આગ્રહથી પૂછયું, એટલે તે બોલી કે—'હે વત્સ! તારો આગ્રહ જ છે તો સાંભળ. તું પરદુઃખથી દુઃખિત અને પરોપકારમાં રસિક છે તેથી કહું છું કે જયારે તું ઘરમાંથી ચાલ્યો ગયો, ત્યારે મેં સમુદ્રમાં રહેલા કામદેવની પૂજાદિકની માનતા કરી છે; પરંતુ ત્યાં જવાનું મુશ્કેલ હોવાથી તે માનતા મારાથી પૂરી થઈ શકી નથી, તેથી કામદેવ મને પીડે છે.' પછી આ દુષ્ટાને સમુદ્રમાં નાંખી દઉં. એમ ચિંતવીને તે કુમાર બોલ્યો કે—'મારે તે દુષ્કર નથી, માટે જલ્દી ચાલો.' તે બોલી કે—'બહુ સારૂં.' પછી તેને સ્કંધ (ખભા) પર બેસાડી હર્ષિત થઈને પગમાં પાદુકા પહેરી કુમાર તરત ઉડીને સમુદ્રમાં આવેલા કામદેવના ચૈત્ય આગળ ઉતર્યો. ત્યાં પહોંચ્યા પછી અક્કા બોલી કે:—'હે વત્સ! હું દ્વાર આગળ બેઠી છું, એટલે પ્રથમ અંદર જઇને તમે કામદેવની પૂજા કરો.' એટલે દ્વાર આગળ પાદુકા મૂકીને તે ચૈત્યમાં ગયો. કુમાર અંદર ગયો કે તરત જ પગમાં પાદુકા પહેરીને અકકા જલ્દી પોતાના સ્થાને આવતી રહી. તે હકીકત જાણીને વયરસેન બહુ જ દુઃખિત થઈ ચિત્તમાં ચિંતવવા લાગ્યો કે—'અહો! હું ધૂર્ત છતાં છેતરાયો, અહીં હું નિરાધાર થઇ પડયો. પરંતુ જે થવાનું હશે તે થશે, ચિંતા કરવાથી શું ફળ છે. વળી જયારે હું ગર્ભમાં હતો ત્યારે મારા ગુજરાનરૂપ માતાના સ્તનમાં દૂધ સરજ્યું હતું, તે શું હવે શેષવૃત્તિ સરજવી ભૂલી ગયો હશે? શું તે સૂઇ ગયો હશે કે ગુજરી ગયો હશે?' એમ બને જ નહીં. એક કવિએ કહ્યું છે કે—

'ચંચલ ચિત્ત મ કરસિ ચિંતા,
ચિંતનહાર કરે સબ ચિંતા;
ઉદર થકી જેણે કરી ચિંતા,
સોઈ વિશ્વંભર કરસિ ચિંતા.'

એમ ચિંતવતો ત્યાં રહીને દુઃખથી તે દિવસો ગુજારવા લાગ્યો અને વનફળથી પ્રાણવૃત્તિ ( ગુજરાન ) કરવા લાગ્યો. એવામાં કોઇ વિદ્યાધર અષ્ટાપદ તીર્થની યાત્રા કરવા જતો હતો, તેણે કુમારને ત્યાં ભમતો જોઈને દયા લાવી તેની પાસે આવીને પૂછ્યું કે:—'અરે! તું કોણ છે? અને અહીં શી રીતે આવ્યો છે?' એટલે કુમારે પોતાનો યથાસ્થિત (જેવો બનેલો તેવો) વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળી વિદ્યાધરે તેને ધીરજ આપીને કહ્યું કે –'હે ભદ્ર! સાંભળ—હું તીર્થ-યાત્રા કરીને પંદર દિવસમાં પાછો આવીશ, ત્યાં સુધી તારે અહીં જ રહેવું. અહીં આવ્યા પછી હું તને ઈષ્ટ સ્થાને પહોંચાડીશ. પણ સાંભળ—અહીં ચારે દિશામાં દેવતાઓએ ક્રીડા કરવા માટે બગીચા કરેલા છે, તેમાંના પૂર્વ, દક્ષિણ અને ઉત્તર દિશાના બગીચામાં જઈ તારે ફલાહાર અને જળક્રીડા વડે આનંદ કરવો; પરંતુ પશ્ચિમ દિશામાં મંદિરની પાછળ જે બગીચો છે, ત્યાં તારે સર્વથા ન જ જવું.' કુમારે તે વાત કબુલ કરી. એટલે તેને લાડવાદિક ભાતુ આપીને વિદ્યાધર આકાશમાર્ગે ચાલ્યો ગયો અને કુમાર પ્રતિદિન કામદેવની પૂજા કરતો છતો ત્યાં રહ્યો.

એકદા કૌતુક જોવાને માટે કુમાર પૂર્વ દિશાના ઉદ્યાનમાં

ગયો. તે ઉદ્યાનમાં બે ઋતુ હતી. એક બાજુ વસંતઋતુ હોવાથી આંબો અને ચંપાદિક વૃક્ષો પુષ્પિત થયા હતા અને કોયલના કંઠથી નીકળતા પંચમ સ્વરથી બોલતી હતી અને ચંપક-કુસુમોથી તે વન સુગંધિત થઇ ગયું હતું, બીજી બાજુ ગ્રીષ્મ-ઋતુ જોવામાં આવતી હતી. ત્યાં પાડલ અને બકુલ–કુસુમનો ગંધ પ્રસરતો હતો. ત્યાં કુમારે વાપિકામાં જળક્રીડા કરીને ફળાહાર કર્યો. પછી ત્યાંથી દક્ષિણ બાજુની વાટિકામાં ગયો. ત્યાં પણ બે ઋતુ હતી–એક બાજુ વર્ષાઋતુ વિદ્યમાન હતી, એટલે મયૂરોના શબ્દ સંભળાતા હતા અને દેડકા ઉચ્ચ સ્વરે બોલતા હતા. કેતકી અને જાઇના પુષ્પની સુગંધ પ્રસરી રહી હતી. બીજી બાજુ સરોવરના જળને સ્વચ્છ કરનાર શરદઋતુ શોભતી હતી. ત્યાં કાસકુસુમ અને સપ્તચ્છદ વૃક્ષો હંસોના નિવાસથી વધારે શોભતા હતા. ત્યાં ક્રીડા કરીને કુમાર ઉત્તર દિશાની વાટિકા (ઉદ્યાન)માં ગયો. ત્યાં પણ બે ઋતુ હતી. એક બાજુ શિશિરઋતુ વિદ્યમાન હતી. તેથી વિકસ્વર શતપત્રિકા પર ભમતાં અને ગુંજારવ કરતા ભ્રમરના નાદમાં લીન થઈ અવલોકન કરીને કુમારે ત્યાંના ફળોનો આહાર કર્યો. તે વનમાં બીજી બાજુ હેમંતઋતુ શોભતી હતી. ત્યાં મરૂબક, કુંદ, મુચુકુંદાદિ વૃક્ષો વિકસિત હતાં. એ પ્રમાણે ત્રણે દિશાના બગીચામાં ફરી ફરીને આમોદથી, વાપિકાના જળમાં સ્નાન કરવાથી અને સારાં સારાં ફળોના ભોજનથી કુમાર દિવસો ગાળવા લાગ્યો.

એકદા કુમારને વિચાર થયો કે–'આ વાટિકાઓ તો મનોહર છે, પણ પશ્ચિમ ભાગમાં મંદિરની પાછળ રહેલી

વાટિકામાં શું છે તે જોઉં.' એમ ચિંતવીને તે ત્યાં ગયો. વાટિકાનું અવલોકન કરતાં તેણે એક વૃક્ષનું પુષ્પ સુંઘ્યું, તેની સુગંધના પ્રભાવથી તે તરત જ રાસભ ( ગધેડો ) બની ગયો, અને સર્વત્ર પોકાર કરતો તે ભમવા લાગ્યો. પંદર દિવસ પુરાં થતાં વિદ્યાધર યાત્રા કરીને પાછો આવ્યો. ત્યાં તેને તેવી હાલતમાં જોઇ તેની બહુ નિર્ભર્ત્સના ( તિરસ્કાર ) કરી, પછી બીજા વૃક્ષનું પુષ્પ સુંઘાડયું, એટલે તે મનુષ્ય રૂપ પામી તે વિદ્યાધરને પગે પડયો અને તેને ખમાવ્યો. પછી વિદ્યાધર બોલ્યો કે:' કહે, હવે તને કયા સ્થાનમાં મૂકું ?' કુમાર બોલ્યો કે—' હે સ્વામિન્ ! મને એ બે પુષ્પ આપીને કાંચનપુરમાં મૂકો.' એટલે વિદ્યાધરે તે ગધેડા કરવાનું અને મનુષ્યકરણ – બંને પુષ્પ આપીને આકાશમાર્ગે થઈ તરત જ તેને કાંચનપુરમાં મૂકયો. પછી તે ત્યાં પૂર્વ પ્રમાણે જ વિલાસ કરવા લાગ્યો. એટલે અકકા તેને ફરી જોઈને વિસ્મય પામી. પછી તે ચકિત થઇને પોતાના ઢીંચણ કોણીપર પાટા બાંધી હાથમાં લાકડી લઈને ધીમે ધીમે તેની પાસે ગઈ. એટલે કુમાર ગાઢ ક્રોધાયુક્ત થઈને બોલ્યો કે—' હે માત ! આ શું થયું ?' તે રૂદન કરતી બોલી કે:–' હે વત્સ ! તારા નિમિત્તે મને કષ્ટ પ્રાપ્ત થયું, પણ તારા આવવાથી બધું સારૂં જ થયું.' કુમાર બોલ્યો કે–' તે શી રીતે ?' અકકા બોલી કે–' શું કહેવું ? જ્યારે તું કામદેવના ભવનમાં ગયો, ત્યારે કોઈ દુષ્ટ વિદ્યાધર ત્યાં આવી તારી બે પાદુકા લઈને ચાલતો થયો, એટલે હું તેના વસ્ત્રે વળગી દૈવયોગે અહીં આવતાં મને ઉલાળીને તેણે નીચે નાખી દીધી. તેથી મારા આંગોપાંગ ભાંગી

ગયા છે. એ વાત કોને કહેવી ? જે દુઃખ પડે તે બધું સહન કરવાનું છે, પણ હવે તારા આગમનથી બધું સારૂં થયું.' એમ કહીને અક્કા તેને પાછી પોતાને ઘરે લઇ ગઈ; એટલે તે પ્રથમ પ્રમાણે વિલાસ કરવા લાગ્યો.

એકદા ફરી અક્કાએ તેને પૂછયું કે—'હે વત્સ ! તું અહીં શી રીતે આવી શકયો ? અને આટલું ધન હરરોજ કયાંથી લાવે છે ?' કુમાર બોલ્યો કે—'મેં ત્યાં રહીને કામદેવની આરાધના કરી, એટલે તેણે સંતુષ્ટ થઇને મને બહુ ધન આપ્યું અને અહીં મને મૂકયો.' ફરી અક્કાએ પૂછયું કે—'બીજું કંઈ લાવ્યા છો ?' તે બોલ્યો કે—'એક દિવ્ય ઔષધિ લાવ્યો છું. તેને સુંઘવાથી વૃદ્ધને પણ નવયૌવન પ્રાપ્ત થાય છે.' આ વાતથી આશ્ચર્ય પામીને તે બોલી કે—'હે વત્સ ! જો એમ હોય તો મારા શરીરને તરૂણ બનાવ.' એટલે કુમાર બોલ્યો કે—'તમારા માટે જ હું મહૌષધ લાવ્યો છું, માટે યોગ્ય અવસરે તેનો ઉપયોગ કરીશ.' તે બોલી કે—'અત્યારે જ કર' એટલે કુમારે તરત જ કંથા અને દંડ લાવી તેના નાક પાસે પેલું પુષ્પ રાખ્યું. તે ફૂલની ગંધથી અક્કા તરત જ રાસભી (ગધેડી) બની ગઈ પછી કંથાને ખભે નાખી અને દંડને હાથમાં લઈ તેને મારતો મારતો કુમાર નગરમાં નીકળ્યો. એટલે મગધા પોતાના ઘરમાં બેઠી છતી બોલી કે—'આ બહુ સારૂં કર્યું, એને અતિ લોભનું ફળ દેખાડયું.' પછી બીજી ગણિકાઓ પોકાર કરતી રાજસભામાં જઈને કહેવા લાગી કે—'હે સ્વામિન્ ! તમે રાજ્યકર્તા હોવા છતાં કોઈક ધૂર્તે

અમારા કુટુંબની એક વૃદ્ધાને ઔષધના પ્રયોગથી ગધેડી બનાવી દીધી છે. તે વાત સાંભળીને રાજા પણ હસ્યો. એટલે વેશ્યાઓએ કહ્યું કે–'હે નાથ ! તમે પણ આ વાત હસી કાઢશો; તો પછી અમારી શી ગતિ ?' એટલે રાજાએ તરત જ કોટવાળને મોકલ્યો. તેણે ત્યાં જઈને વયરસેન કુમારને કહ્યું કે– 'અરે ! અમારા નગરમાં તું આવું અનુચિત કેમ કરે છે ?' એટલે કુમાર ક્રોધિત થઇને બોલ્યો કે–'અરે ! જેના બળથી તું આવ્યો છે, તેને જલ્દી જઇને આ ખબર કહે કે એનો હુકમ હું માનતો નથી.' આમ કહેવાથી કોટવાળ કોપાયમાન થઇને બાણ વિગેરેથી તેને પ્રહાર કરવા લાગ્યો, પણ દંડના પ્રભાવથી તેને પ્રહાર લાગ્યા નહિ. પછી કુમાર દંડને ઉલાળતો સામે આવ્યો એટલે કોટવાળ ભાગીને રાજા પાસે ગયો. રાજાએ શસ્ત્રોસહિત ઘણા સૈનિકો મોકલ્યા અને બીજા પણ મંત્રી સામંત વિગરે વિનોદને માટે ત્યાં જોવા આવ્યા. અહીં તો કુમારે દંડ ભમાવ્યો, એટલે ચક્રની જેમ ભમતા દંડથી બધા ત્રાસ પામીને ભાગી ગયા. પછી પરિવાર સહિત રાજા ત્યાં આવ્યો; એટલે રાજાને જોઇને વયરસેન વિશેષે તે ગધેડીને મારવા લાગ્યો; એટલે તે બરાડા પાડવા લાગી, તે જોઈને લોકો હસવા લાગ્યા કે–'અહો ! બંને સૈન્ય બહુ સારાં શોભે છે. રાજા હાથીપર બેસેલ અને ધૂર્ત ખરારૂઢ ( ગધેડાપર ) કેવો શોભે છે ?' એવામાં ગધેડીને મારતો મારતો વયરસેન રાજાની આગળ આવ્યો એટલે તેને રાજાએ ઓળખ્યો તેથી હાથીપરથી તરત જ નીચે ઉતરીને રાજાએ તેને આલિંગન કર્યું અને બોલ્યો કે–'હે વત્સ ! આવું અનુચિત કેમ આરંભ્યું છે ?'

ઉતરીને રાજાએ તેને આલિંગન કર્યું અને બોલ્યો કે:-'હે વત્સ ! આવું અનુચિત કેમ આરંભ્યું છે?' એટલે વયરસેને બધો વૃત્તાંત જણાવ્યો અને ગધેડીને એક વૃક્ષના થડ સાથે બાંધીને તેણે ગજારૂઢ થઈને રાજાની સાથે નગરમાં પ્રવેશ કર્યો. પછી લોકો તે અક્કાને તથાવિધ સ્થિતિમાં જોઈને કહેવા લાગ્યા કે—

"अतिलोभो न कर्त्तव्यो,
लोभं नैव परित्यजेत् ।
अतिलोभाभिभूतात्मा.
कुट्टिनी रासभीकृता" ॥

'અતિ લોભ ન કરવો, તેમ બિલકુલ લોભ છોડી પણ ન દેવો. પરંતુ જુઓ ! અતિલોભથી આ અક્કા ગધેડી થઈને પરાભવ પામી.' પછી રાજાના બહુ આગ્રહથી વયરસેને અક્કાને બીજું પુષ્પ સુંઘાડીને માનુષી કરી, અને તેની પાસેથી પાદુકા લઇને તેને છોડી મૂકી.

રાજાએ વયરસેનને પોતાના યુવરાજપદે સ્થાપ્યો, એટલે તે બંને ઈંદ્ર અને ઉપેંદ્રની જેવા શોભવા લાગ્યા. પછી તેમણે પોતાના પિતાને ત્યાં બોલાવીને કહ્યું કે:-'હે પિતાજી ! અહીં સુખે રહો, અને આ રાજ્ય ભોગવો, તથા અમને આજ્ઞા કરો.' પછી તેઓ ઓરમાન માતાને પણ પગે પડયા અને કહ્યું કે—'આ રાજ્ય અમને તમારા પ્રસાદથી જ પ્રાપ્ત થયું છે.' એમ કહીને ઓરમાન માતાનો પણ સત્કાર

કર્યો. અને મનનો મેલ દૂર કરાવ્યો. પેલા માતંગને પણ તેની જાતિમાં મુખ્ય અધિકારી ( મહેતર ) બનાવ્યો. એ પ્રમાણે તે બંને કુમારો પોતાના કુટુંબ સહિત રાજ્યસુખ ભોગવવા લાગ્યા.

એકદા તે બંને ગોખમાં બેસીને નગરની શોભા જોતા હતા, એવામાં જુગપર્યંત[1] દૃષ્ટિને સ્થાપક કરનાર, અવ્યગ્ર મનવાળા, મહાનુભાવ, મેલથી મલિન ગાત્રવાળા, પવિત્ર ચારિત્રના ભાજન અને શુદ્ધ ભિક્ષાને માટે ભ્રમણ કરતા એક મુનિને તેમણે જોયા. તેમને જોઇને તે બંને બંધુઓએ ચિંતવ્યું કે–' આવું રૂપ આપણે ક્યાંક જોયું છે. એમ ચિંતવતા શુભ ધ્યાનના યોગે તેમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પછી બહુ આડંબરથી તે બંને મુનિને વંદન કરવા ગયા. ત્યાં મુનિને નમસ્કાર કરીને તે બંને તેમની દેશના સાંભળવા બેઠા એટલે મુનિંદ્ર પણ વિશિષ્ટ અવધિજ્ઞાનથી તેમનો પૂર્વ ભવ જાણીને બોલ્યા કે–' હે રાજન્ ! તેં પૂર્વ ભવમાં સાધુને વહોરાવીને દાનરૂપ કલ્પવૃક્ષ રોપ્યું હતું, તેનું રાજ્યપ્રાપ્તિરૂપ આ ફુલ મળ્યું છે અને મોક્ષગમનરૂપ ફળ હવે પછી પ્રાપ્ત થવાનું છે. વયરસેને પાંચ કોડીના પુષ્પ લઈને જિનપૂજા કરી હતી, તે પુણ્યના પ્રભાવથી તે દિવ્ય અને વિપુલ ભોગ પામ્યો છે. એ પણ તેના પુણ્યવૃક્ષનું પુષ્પ સમજવું, તેનું ફળ તો અનંત સુખરૂપ સિદ્ધિ પ્રાપ્ત થશે તે સમજવું ' આ પ્રમાણે સાંભળીને પ્રફુલ્લિત વદનથી તે બંનેએ મુનિને પૂછ્યું કે—' હે વિભો !

૧. યુગ–ધોસરૂં. તત્પ્રમાણ એટલે ચાર હાથ પ્રમાણ આગળનો ભાગ દૃષ્ટિ વડે જોઇને ચાલતા.

અમને સિદ્ધિ ક્યારે પ્રાપ્ત થશે ?' મુનિ બોલ્યા કે–'દેવપણામાં અને મનુષ્યપણામાં અનુક્રમે પાંચ ભવ કરી, સુખ ભોગવી છઠ્ઠા ભવમાં પૂર્વ વિદેહમાં ઉત્પન્ન થઈ ત્યાં વિશાળ રાજ્યનું સુખ ભોગવી ચારિત્ર લઈ નિર્મળ તપ કરીને ફરી તમે બંને સિદ્ધિ-પદને પામશો.' આ પ્રમાણેના મુનિના વચનથી બહુ જીવો પ્રતિબોધ પામ્યા. બંને કુમારોએ ફરી સમક્તિ મૂળ બાર વ્રતરૂપ શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. પછી મુનીશ્વરને નમી ઘરે જઈને તે બંને જૈનધર્મપરાયણ થયા. અને આખી પૃથ્વીને ભવ્ય જિનપ્રાસાદ અને જિનપ્રતિમાંથી મંડિત કરી, નવ નવી ઋદ્ધિથી રથયાત્રાદિ મહોત્સવો કર્યા અને ભક્તિયુક્ત ચિત્તો અનેક સાધર્મિક વાત્સલ્યો કર્યા. અન્તે દીક્ષા લઈ આયુ પૂર્ણ કરી પાંચમાં બ્રહ્મદેવલોકમાં દેવ થયા. અનુક્રમે તે બંને મહા-વિદેહ ક્ષેત્રમાં સિદ્ધિપદને પામશે.

### ઇતિ અમરસેન–વયરસેન કથા

---

હવે અક્ષતપૂજા શુકરાજનું દ્રષ્ટાંત કહે છે —

## શુકરાજની કથા

આ ભરતક્ષેત્રમાં વિવિધ બગીચાથી મનોહર એવું શ્રીપુર નામે એક રમણીય નગર છે. ત્યાં બાહ્ય ઉદ્યાનમાં સ્વર્ગના પ્રાસાદ જેવું શ્રી આદિનાથનું દેરાસર હતું. તે શિખર પરની

ચંચળ ધ્વજાના બહાનાથી લોકોને બોલાવતું હતું અને શિખર પર રહેલ કળશ લોકોને આ પ્રમાણે સૂચના કરતો હતો કે :- તેજે કરીને દેદિપ્યમાન એવા આ એક જ સ્વામી સંસારતારક અને સર્વજ્ઞ છે, માટે હે ભવ્યજનો ! એને ભજો. એ પ્રભુ ભવસાગરમાં નાવ સમાન છે, માટે એની સેવા કરો.' તે દેરાસરમાં ઘણા લોકો પ્રભુને નમસ્કાર કરવા આવતા હતા. તે પ્રાસાદની પાસે એક મોટું આમ્રવૃક્ષ હતું. તે વૃક્ષપર એક સ્નેહવાળું પોપટનું જોડું રહેતું હતું. એકદા પોપટીએ પોપટને કહ્યું કે 'હે પ્રાણનાથ! મને દોહદ ઉત્પન્ન થયો છે, માટે તમે શાળિ-ક્ષેત્રમાંથી એક શાળિશિર્ષક (શાળની સીંગ) લાવી આપો.' પોપટ બોલ્યો કે–'હે કાંતે ! એ ખેતર શ્રીકાંત રાજાનું છે. એ ક્ષેત્રમાંથી એક કણસલું પણ જે લે તેનું મસ્તક રહે તેમ નથી.' એટલે પોપટી બોલી કે–'હે કાંત ! તમારા જેવો બીજો કોઈ કાયર નહિ હોય કે જે પોતાની પત્નીનો દોહદ ન પૂરાવાથી મરણ પામતી હોય છતાં પોતાના પ્રાણના લોભથી તેની ઉપેક્ષા કરે.' આ પ્રમાણે સાંભળી લજ્જિત થઇને પોતાના જીવનની દરકાર ન કરતાં તે ડાંગરનાં ખેતરમાં જઈને કણસલું લઈ આવ્યો અને પોતાની પ્રિયાનો દોહદ પૂર્ણ કર્યો. પછી તો રાજપુરુષો રખવાળા છતાં પ્રિયાના આદેશે તે પોપટ પ્રતિદિન ડાંગરના કણસલા લઈ આવતો હતો અને તે બંને તેનું ભક્ષણ કરતા હતા.

એકદા શ્રીકાંત રાજા ડાંગરનું ખેતર જોવાને આવ્યો, ત્યાં સર્વત્ર અવલોકન કરતાં એક ભાગમાં પક્ષીઓએ તેને નાશ કરેલ જોઈને તેણે રખેવાળોને પૂછયું કે–આ શાળિક્ષેત્રને આ

બાજુ પક્ષીઓએ કેમ નાશ કર્યું ? અને તમે તેની રક્ષા કેમ ન કરી ?' એટલે તે બોલ્યા કે—'હે સ્વામિન ! અમે રક્ષક છતાં એક પોપટ દરરોજ ચોરની જેમ આવી તેના કણસલાં લઈને ભાગી જાય છે.' રાજાએ કહ્યું કે :—'તમે તેને જાળમાં પકડીને જલ્દી મારી પાસે લાવજો, એટલે હું ચોરની જેમ તેને શિક્ષા કરીશ' આ પ્રમાણે કહીને રાજા ચાલ્યો ગયો. બીજે દિવસે પોપટને જાળમાં પકડીને શાળિરક્ષકો (ખેતરના રખેવાળો) તેને રાજા આગળ લઈ ગયા. એટલે તેની પાછળ પોપટી આંસુ પાડતી દોડી અને પોતાના પતિની સાથે તે પણ દુઃખિત થઇને રાજમંદિરે આવી. શાળિરક્ષકોએ સભામાં બેઠેલા રાજાને વિજ્ઞપ્તિ કરી કે—'હે સ્વામિન્ ! શાળિને ચોરનાર આ પોપટને અમે લઈ આવ્યા છીએ' એટલે તેને જોઈને ક્રોધિત થઇ રાજા જેટલામાં પોતાની તરવારથી તેને મારવા જાય છે, તેટલામાં પોપટી તરત જ વચ્ચે પડીને બોલી કે—'હે રાજન્ ! મને મારો, અને મને જીવિત આપનાર આ મારા પતિને મૂકી દો; કેમકે તેણે પોતાના જીવિતને તૃણ સમાન ગણી ડાંગરના કણસલાં લાવીને મારો દોહલો પૂરો કર્યો છે.' એટલે રાજા પોપટ સામું જોઇ હસીને બોલ્યો કે—'હે પોપટ ! લોકપ્રસિદ્ધ એવું તારૂં પાંડિત્ય ક્યાં ગયું કે જેથી પ્રિયાને માટે તું પોતાના જીવિતના સંશયમાં આવી પડ્યો ?' તેનો જવાબ આપતાં પોપટી બોલી કે—'હે રાજન્ ! પિતા, માતા અને ધનાદિકને તજે તેમાં તો શું, પણ પુરુષ પોતાની પત્નીના અનુરાગથી પ્રાણોની પણ દરકાર કરતો નથી. વળી હે રાજેંદ્ર ! શ્રીદેવી રાણીને માટે તમે કેમ જીવિતનો ત્યાગ કર્યો હતો ? તો પછી

આ પોપટનો શો દોષ?' તે સાંભળીને વિસ્મય પામી રાજા ચિંતવવા લાગ્યો કે-'આ પોપટી મારો વૃત્તાંત શી રીતે જાણે!' એમ વિચારી રાજાએ પોપટીને પૂછ્યું કે-'ભદ્રે! તું તે વાત શી રીતે જાણે છે? મને કૌતુક છે, તો તે બધું મને કહી સંભળાવ.' પોપટી બોલી કે-'હે રાજન્! સાંભળો—

તમારા રાજ્યમાં પૂર્વે એક પરિવ્રાજિકા (જોગણ) રહેતી હતી. તે મહા કપટી, ક્ષુદ્ર પ્રયોગમાં નિપુણ અને મૂળ, મંત્ર, તંત્રમાં બહુ ચાલાક હતી. એકદા તમારી શ્રીદેવી રાણીએ તેને બોલાવીને કહ્યું કે-'હે માતા! હું રાજાની રાણી છું, રાજાને બીજી ઘણી રાણીઓ છે, પણ કર્મવશાત્ હું દુર્ભાગી છું, રાજા મારે ઘેર આવતા નથી. માટે હે ભગવતી! મારા પર પ્રસન્ન થઇને એવું કરો કે જેથી હું પતિને પ્રિય થાઉં. તે સાથે મારા જીવતા પતિ જીવે અને હું મરણ પામતાં પતિ મરણ પામે તેવું કરો.' પરિવ્રાજિકા બોલી કે-'અહો! રાજાની સ્ત્રીઓના જન્મને ધિક્કાર છે કે સેંકડો સપત્નીઓમાં રહેવું, પુત્રના પણ દર્શન ન થઈ શકે (પુત્રોત્પત્તિ ન થાય.) અને ઘરમાં પણ સ્વેચ્છાપૂર્વક ગમનાગમન કરી ન શકે. કુભાવથી આપેલા દાનથી રાજપત્નીનો અવતાર મળે છે હે વત્સે! તું આ ઔષધિ લે, તે તારા પતિને ખાનપાનમાં ખવરાવજે; એટલે તારો સ્વામી તારે વશ થશે' રાણી બોલી કે-'એ વાત ખરી પણ મારે ઘરે જ આવતા નથી, તો તેના દર્શન ક્યાંથી? અને તેને દવા ખવરાવવી શી રીતે?' જોગણ બોલી કે-'હે ભદ્રે! જો એમ હોય તો મારી પાસેથી એક બીજો

મંત્ર લઈને એકમનથી તે સાધ, એટલે તને સૌભાગ્ય પ્રાપ્તિ થવા સાથે પતિ વશ થશે.' રાણીએ તે વાત કબુલ કરી એટલે શુભ મુહૂર્તે પરિવ્રાજીકાએ તેને એક મંત્ર આપ્યો. રાણીએ પણ પૂજા કરીને તે મંત્ર વિધિપૂર્વક ગ્રહણ કર્યો. પછી રાણી પરમ આદરથી મંત્ર જપવા લાગી. એટલે ત્રણ દિવસ પછી રાજાએ પ્રતિહારી મોકલી તેણે આવીને રાણીને કહ્યું કે–'હે ભદ્રે ! રાજા તમને રાજમહેલમાં બોલાવે છે, માટે અવશ્ય આવજો' પછી સ્નાન, વિલેપન કરી; શણગાર સજી સાથે રાજપુરુષો લઈ હાથણી પર બેસીને રાણી રાજમહેલમાં આવી. એટલે રાજાએ સન્માન આપીને તેને પટરાણી કરી, તેથી તે મહારાણી થઈ. તેથી રાજ્યમાં ઈચ્છા પ્રમાણે સુખ ભોગવતાં કોઈના પર સંતુષ્ટ થતી તો તેને ઈષ્ટ ફળ આપતી અને કોઈના પર રૂષ્ટ થતી તો તેનું મૂળ કહાડી નાખતી હતી. એમ કરતાં ઘણા દિવસો પસાર થયા.

એકદા પેલી જોગણ રાણીને ઘરે આવી, અને તેણે રાણીને કહ્યું કે–'હે વત્સે ! તારા મનોરથ સિદ્ધ થયા ?' તે બોલી કે –'હે માત ! તમારા પ્રસાદથી બધું સારૂં થયું છે, તથાપિ મારૂં મન હજી ડોળાયમાન રહે છે, તેથી જો હું જીવતાં રાજા જીવે અને હું મરતાં તે મરે એવું થાય તો હું ગાઢ સ્નેહ સમજું.' જોગણ બોલી કે–'હે વત્સે ! જો હજી તારૂં મન સ્થિર ન હોય અને એવી પરીક્ષા કરવી હોય તો તે તારી નાસિકાવડે આ મૂલિકા ( મૂળિયા ) નો નસો લેજે, એટલે તું જીવતી છતાં મૃત ( મરેલા ) જેવી લાગીશ, પછી જે બને

જોજે. પછી અવસરે બીજી મૂલિકાથી હું તને નસો આપી સજીવન કરીશ.' રાણી બોલી કે-'હે માત ! એ પ્રમાણે કરીશ.' પછી જોગણ એક મૂલિકા આપીને સ્વસ્થાને ચાલી ગઈ. એટલે રાણી તે મૂલિકાથી નાકમાં નસો લેતાં જ મૃતવત્ થઈને અકસ્માત્ બેભાન થઈ નીચે પડી. રાજાએ તેને બેભાન સ્થિતિમાં જોઈ એટલે તે શોકાર્ત્ત થયો. રાજલોકમાં પણ સર્વત્ર આક્રંદન અને હાહાકાર ઉછળી રહ્યો. પછી રાજાના આદેશથી ઘણા વૈદ્યો અને માંત્રિકો ત્યાં ભેગા થયા, પણ તેઓ તેને મૃતવત્ જાણીને ચાલ્યા ગયા અને 'એને અગ્નિસંસ્કાર કરવો ઉચિત છે.' એમ કહી ગયા; એટલે રાજાએ કહ્યું કે-'એની સાથે મારો પણ અગ્નિસંસ્કાર કરો, એના વિના હું જીવી શકું તેમ નથી' એટલે મંત્રી, સામંત અને લોક શોકાકુળ થઈને કહેવા લાગ્યા કે-'હે રાજન્ ! વિશ્વાધાર એવા તમને આમ કરવું ઉચિત નથી.' એટલે રાજાએ અત્યંત દુઃખિત થઈને કહ્યું કે-''શું સ્નેહીની બીજી ગતિ હોય ? નજ હોય. માટે હવે વિલંબ ન કરો, મારે એક ક્ષણ પણ વરસ સમાન જાય છે, તેથી તાકીદે ચંદનકાષ્ઠની ચિતા રચાવો.' એમ કહીને રાજા રાણીની સાથે પોતાના મહેલમાંથી બહાર નીકળ્યો અને વાજીંત્રોના મોટા અવાજપૂર્વક સ્ત્રી અને પુરુષો સાથે રૂદન કરતો રાજા સ્મશાનભૂમિમાં આવ્યો. ત્યાં પુષ્કળ દાન આપી રાણી સહિત જેટલામાં પ્રવેશ કરે છે, તેટલામાં પેલી પરિવ્રાજિકા દૂરથી ત્યાં આવી અને બોલી કે-'હે રાજન્ ! સાહસ ન કરો.' રાજા બોલ્યો કે-'હે પૂજ્યે ! એની સાથે જ મારૂં જીવિત છે.' તે બોલી કે-'જો એમ હોય તો ક્ષણવાર વિલંબ

કરો, હું તમારી પ્રિયાને લોક સમક્ષ સજીવન કરૂં છું.' તે સાંભળી રાજા હર્ષ પામીને બોલ્યો કે–હે ભગવતી ! પ્રસન્ન થાઓ, તમારૂં કથન સત્ય થાઓ, આ દયિતાને જીવિતદાન આપતાં તમે મને પણ જીવાડયો એમ જાણજો.' આ પ્રમાણે રાજાએ કહ્યું, એટલે જોગણે બીજી (સંજીવની) ઔષધિનો નસો રાણીને નાસિકામાં સુંઘાડયો, એટલે તેના પ્રભાવથી રાણી તુરત જ સાવધાન થઈ. તે જોઈ રાજા વિગેરે બધા લોકો હર્ષ પામ્યા. ત્યાં જયજયાવર થઈ રહ્યો. અને વાજીંત્રોનો નાદ, ગીત ગાન અને નાટક શરૂ થયા. પછી સર્વાંગે આભૂષણ પહેરી રાજા તે જોગણના પગ (ચરણ) પૂજીને બોલ્યો કે—'હે પૂજ્યે ! હે આર્યે ! જે તમને રૂચે તે માગો.' તે બોલી કે–'હે રાજન્ ! મારે કંઇ જરૂર નથી; તારા નગરમાં ભિક્ષા લેવાથી જ મને સંતોષ છે, કારણ કે :—'જેમ પવનનું ભક્ષણ કરતાં છતાં સર્પો દુર્બળ થતાં નથી અને શુષ્ક તૃણ ખાવા છતાં હાથીઓ બળવંત રહે છે, તેમ મુનિવરો પણ ભિક્ષાભોજનથી જ પોતાનો કાળ પસાર કરે છે. સંતોષ એજ પુરુષને પરમ નિધાન છે.' પછી રાજા રાણી સાથે હાથીના સ્કંધ પર આરૂઢ થઇને સ્વસ્થાને ગયો. ત્યાં તે જોગણને માટે રાજાએ એક મનોહર મઢી કરાવી આપી; એટલે તે આર્યા સુખપૂર્વક ત્યાં રહીને કાળ પસાર કરતી આયુક્ષયે મરણ પામીને આર્ત્તધ્યાનના યોગે પોપટી થઇ. તે હું તારી પાસે ઉભી છું. તારી રાણીને જોવાથી અત્યારે મને જાતિ સ્મરણ ઉત્પન્ન થયું. તેથી મેં આ ચરિત્ર તારી આગળ કહી બતાવ્યું છે.'

આ પ્રમાણે તે પોપટીનાં વચન સાંભળીને રૂદન કરતી રાણી બોલી કે–'હે પૂજ્યે! તું પક્ષિણી કેમ થઈ?' તે બોલી કે–'હે ભદ્રે! ખેદ ન કર, સ્વકર્મના વશથી પ્રાણીને સુખ અને દુઃખ થયા જ કરે છે.' પછી રાજાને કહ્યું કે–'હે રાજન્! વિષયવશ પુરુષો સ્ત્રીના દાસ થઈને રહે છે.' તે સાંભળી રાજા સંતુષ્ટ થઇને બોલ્યો કે–'હે ભદ્રે! તેં બધું સત્ય કહ્યું છે, તે સાંભળીને હું બહુ સંતુષ્ટ થયો છું, તેથી તું જે માગે તે આપવા તૈયાર છું.' એટલે પોપટી બોલી કે–'હે નરેંદ્ર! મને મારો પ્રિય જ ઇચ્છિત છે, માટે એને જીવિતદાન આપો, બીજા કોઈનું મારે પ્રયોજન નથી.' એટણે રાણી બોલી કે–'હે પ્રાણનાથ! હે સ્વામિન્! એને પતિ અને ભોજન–બે વાનાં આપો. રાજાએ કહ્યું કે–'હે પોપટી! ઇષ્ટ સ્થાને જાઓ, આ તારા પતિને મેં મુક્ત કર્યો છે' પછી રાજાએ શાળિરક્ષકને આજ્ઞા કરી કે–'તમારે એમને હંમેશા ડાંગરના દાણાં ભેગાં કરીને દેવા' પછી 'મહાપ્રસાદ એમ બોલતાં ઉડીને તે બંને સ્વસ્થાને ગયા.

કેટલાક સમય પછી જેનો દોહદ સંપૂર્ણ થયો છે એવી પોપટીએ પોતાના માળામાં બે ઈંડા પ્રસવ્યાં. તે વખતે તેની એક સપત્ની પોપટીએ તે જ વૃક્ષમાં બીજી શાખા પર અન્ય માળામાં એક ઈંડુ પ્રસવ્યું. એકાદ ચણ માટે સપત્ની પોપટી બહાર ગઈ હતી તે વખતે પ્રથમ પોપટીએ મત્સરથી તેનું ઈંડું બીજે મૂકી દીધું. તે પોપટી પાછી આવી અને ત્યાં પોતાનું ઈંડુ જોવામાં ન આવવાથી તે દુઃખથી તપ્ત થઇને ભૂમિ ઉપર આળોટવા લાગી. એટલે તેને વિલાપ કરતી જોઈ પ્રથમ પોપટીએ

પશ્ચાત્તાપ કરી તેનું ઈંડુ ફરી ત્યાં મૂકી દીધું. પછી તે પોપટી જમીન પર આળોટીને પાછી વૃક્ષ પર આવી, ત્યાં પોતાનું ઈંડુ જોવામાં આવવાથી જાણે અમૃતથી સિંચાઇ હોય તેમ આનંદ પામી. આમ કરવાથી પ્રથમ પોપટીએ તે નિમિત્તે દારૂણ કર્મ બાંધ્યું. પશ્ચાત્તાપ કરવાથી તેમાંના બહુ કર્મ તો ક્ષય થઈ ગયાં, તો પણ એક ભવમાં ભોગવવા જેટલું કર્મ બાકી રહી ગયું.

હવે તે બે ઇંડામાંથી પોપટ અને પોપટી ઉત્પન્ન થાય તે બંને વનમાં ક્રીડા કરવા લાગ્યા. ડાંગરના ખેતરમાંથી હંમેશા ચોખા લાવીને તે પોપટનુ જોડું પોતાના બચ્ચાંઓને ખવરાવવા લાગ્યું.

એકદા જ્ઞાની ચારણશ્રમણમુનિ આદિનાથના પ્રાસાદમાં આવી પ્રભુને નમસ્કાર કરીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા. –'હે ત્રણ ભુવનના અધીશ! અને હે સંસારપારગ! તમે જયવંત વર્તો, હે અનંતસુખના નિધાન! હે જ્ઞાનના મહાસાગર! તમે જયવંત વર્તો' આ પ્રમાણે ઉદાર સ્તુતિ અને વંદના કરી તે મુનિ શુદ્ધ ભૂમિપર પ્રમાર્જન કરીને બેઠા. તે વખતે રાજા પણ શુદ્ધ ભાવથી જિનેશ્વરને પૂજી અને મુનિને વંદના કરી તેમની પાસે બેસીને પૂછવા લાગ્યો કે–'હે ભગવન્! પૂજાનું ફળ પ્રકાશો.' એટલે મુનિ બોલ્યા કે–'હે રાજન્! જિનેશ્વરની આગળ અખંડ અક્ષતના ત્રણ ઢગ કરતાં અક્ષત (ખંડિત ન થાય તેવું) સુખ પ્રાપ્ત થાય છે.' આ પ્રમાણેનું મુનિનું વચન સાંભળીને અનેક મનુષ્યો અક્ષતપૂજામાં તત્પર થયા.

તે અક્ષતપૂજાનું ફળ સાંભળીને પોપટી પોપટને કહેવા લાગી કે:–'આપણે પણ અક્ષતના ત્રણ પૂંજથી જિનેશ્વરની હંમેશા પૂજા કરીએ, કે જેથી અલ્પકાળમાં સિદ્ધિસુખને પામીએ' પોપટે તે વાત સ્વીકારી, એટલે તે બંને જિનેશ્વરની આગળ અક્ષતના ત્રણ ઢગ દરરોજ કરવા લાગ્યા અને તે પ્રમાણે તેમણે પોતાના પુત્ર–પુત્રીને પણ શીખવ્યું. એટલે તે ચારે પક્ષીઓ પ્રતિદિન જિનેશ્વર આગળ શુદ્ધ ભાવથી અક્ષતપૂજા કરવા લાગ્યા. અનુક્રમે આયુ પૂર્ણ કરીને તે ચારે જીવો દેવલોકમાં ગયા.

દેવલોકમાં સ્વર્ગસુખ ભોગવી પોપટનો જીવ ત્યાંથી ચ્યવીને હેમપુર નગરમાં **હેમપ્રભ** નામે રાજા થયો અને પોપટીનો જીવ તે જ રાજાની **જયસુંદરી** નામે પત્ની થઈ. બીજી પોપટી પણ સંસારમાં ભમીને તેજ હેમપ્રભ રાજાની **રતિસુંદરી** નામે રાણી થઈ તે રાજાને બીજી પણ પાંચસો રાણીઓ હતી; પણ પૂર્વ સંસ્કારને લીધે તે બે રાણીઓ ઉપર બહુ જ સ્નેહ રાખતો હતો.

એકદા તે રાજાને મહા દાહજ્વર થયો. ચંદનનો લેપ કરવાં છતાં પણ તે વ્યાકુળ થઈ જમીન પર આળોટવા લાગ્યો અનુક્રમે તેને સાત મહારોગ લાગુ પડયા. અંગભંગ, ભ્રમ, સ્ફોટક (ફોડલા), સોફ (શરીર સુજી જાય તે), મસ્તકપીડા, દાહ અને જ્વર—એ સાત રોગ પ્રચંડ કહેવાય છે. તે સાતે રોગ ઉદ્ભવ્યા, તેના ઉપચાર માટે આયુર્વેદવિશારદ ઘણા વૈદ્યો આવ્યા, અને વિવિધ શાસ્ત્રો તપાસી રાજાની શરીરચેષ્ટાનું નિરીક્ષણ કર્યું; અને નાડી જોઈ મૂત્રપરીક્ષા પણ કરી. પછી

તેમણે વિવિધ ઉપાયો કર્યા. પછી મંત્રવાદીઓને બોલાવી મંત્ર-તંત્રાદિ કર્યા પણ તે બધા નિષ્ફળ ગયા. વિવિધ ગ્રહપૂજા કરી અને તે નિમિત્તે દાન દીધાં, પણ કોઇ રીતે રાજાને સમાધિ (શાંતિ) ન થઇ; એટલે વૈદ્ય વિગેરે બધા સ્વસ્થાને ચાલ્યા ગયા. પછી સ્થાને સ્થાને દેવપૂજા અને યક્ષ, રાક્ષસો વિગેરેની માનતા કરવામાં આવી. એકદા રાત્રે કોઈ રાક્ષસ પ્રગટ થઇને રાજાને કહેવા લાગ્યો કે–'હે રાજન્! જો તારી કોઇ સ્ત્રી પોતાના દેહનું તારા પર અવતારણ કરીને અગ્નિમાં પડે, તો તારૂં જીવિત કાયમ રહે–અન્યથા નહિ રહે.' તેમ કહીને રાક્ષસ ચાલ્યો ગયો. એટલે રાજા વિસ્મય પામીને ચિંતવવા લાગ્યો કે–'આ ઇંદ્રજાળ છે કે સત્ય છે?' એમ વિકલ્પ કરતાં તેણે આખી રાત ગાળી. સવારે ઉદયાચલના શિખર પર સૂર્ય આવ્યો અને અજવાળું થયું એટલે રાજાએ રાત્રિનો વૃત્તાંત પ્રધાનને કહી સંભળાવ્યો. તે સાંભળી પ્રધાને કહ્યું કે:–'હે સ્વામિન્! જીવિતને માટે એમ પણ કરી શકાય.' રાજા બોલ્યો કે–'ઉત્તમ જનો પરપ્રાણથી પોતાના પ્રાણની રક્ષા કરતા નથી, માટે જે થવાનું હોય તે થાઓ, હું તેમ કરવા ઈચ્છતો નથી.' તો પણ પ્રધાને રાજાની મરજી નહીં છતાં બધી રાણીઓને એકત્ર કરી રાત્રે રાક્ષસે કહેલો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળી પોતાના જીવિતના લોભથી બધી રાણીઓ નીચું મુખ કરી બેસી રહી, કોઈ કાંઇ ઉત્તર આપી શકી નહિ. એ વખતે વદનને વિકસિત અને મનને હર્ષથી પ્રફુલ્લિત કરી રતિસુંદરી ઉભી થઈને બોલી કે–'જો મારા જીવિતથી રાજાજી જીવતા હોય, તો બહુ શ્રેષ્ઠ વાત છે, હું એ કાર્ય કરવા તૈયાર છું.'

એમ સાંભળી પ્રધાને મહેલના ગવાક્ષ નીચે એક મોટો કુંડ કરાવી તેમાં ચંદનાગરૂના કાષ્ઠો પુરાવ્યાં. પછી તે રાણી સ્નાન વિલેપન કરી પવિત્ર વસ્ત્ર પહેરી પોતાના પતિને નમસ્કાર કરીને કહેવા લાગી કે–'હે નાથ! મારા જીવિતવ્યના બદલામાં તમે ચિરંજીવો. હું અગ્નિકુંડમાં પ્રવેશ કરૂં છું.' એટલે રાજા ખેદ લાવીને બોલ્યો કે–'હે કાંતે! મારે માટે તું જીવિતનો ત્યાગ ન કર, પૂર્વકૃત કર્મ મારે જ ભોગવવા યોગ્ય છે.' એટલે તે રાણી રાજાને પગે પડીને બોલી કે–'હે સ્વામિન્! એમ ન બોલો, તમારા નિમિત્તે જો મારા પ્રાણ જતા હોય, તો મારૂં જીવિત સફળ છે.' એક કહી બળાત્કારે રાણી રાજા ઉપરથી પોતાનું ઉત્તારણ કરી ગોખ આગળ જઈને બળતા એવા અગ્નિકુંડમાં કૂદી પડી. એ વખતે રાક્ષસ સંતુષ્ટ થઇને બોલ્યો કે–'હે વત્સે! તારા સત્વથી અત્યારે હું સંતુષ્ટ થયો છુ. માટે તું ઇચ્છિત વરદાન માગી લે, તે આપવા હું તૈયાર છું.' તે બોલી કે–'જો આપ પ્રસન્ન થયા હોય તો આપના પ્રસાદથી મારા સ્વામી ચિરકાળથી ઉત્પન્ન થયેલા રોગની પીડાથી મુક્ત થાઓ.' રાણીની આવી માગણીથી 'એમ જ થાઓ' એ પ્રમાણે કહી રાણીને સુવર્ણ સિંહાસનપર બેસાડી અને રાજાને અમૃતથી અભિષેક કરીને રાક્ષસ પોતાને સ્થાને ગયો. રાજાને જીવિતદાન આપવાથી સમસ્ત રાજલોક રતિસુંદરી રાણીની જયજયારવથી સ્તુતિ કરવા લાગ્યા. તે રાણીએ રાજા પાસે આવીને પુષ્પ અને અક્ષતથી તેમને વધાવ્યા, એટલે રાજા બોલ્યો કે–'હે પ્રિયે! તારા સત્ત્વથી હું સંતુષ્ટ થયો છું, માટે ઈષ્ટ વર માગ.' તે બોલી કે–'હે સ્વામિન્! તમે જ મારા અભિષ્ટ વર છો' રાજા બોલ્યો કે–'ભદ્રે!

તેં જીવિતવ્યના અર્પણથી મને વશ કર્યો છે, તેથી કંઈક માગી લે.' એટલે તે હસીને બોલી કે–'જો એમ હોય તો હાલ તે વર અનામત રાખો, અવસરે હું માગીશ.' આમ કહેવાથી રાજાના મનનું સમાધાન થયું, તે રાજી થયો.

એકદા રતિસુંદરી રાણીએ કુળદેવતા પાસે પુત્રની પ્રાર્થના એવી રીતે કરી કે:–'હે માતા! તું મને પુત્ર આપીશ તો જયસુંદરીના પુત્રનું હું તને બલિદાન આપીશ.' આ પ્રમાણે તેણે માનતા કરી. ભાગ્યયોગે બંને રાણીઓને સંપૂર્ણ લક્ષણ-વાળા બે પુત્રો થયા. એટલે રતિસુંદરી સંતુષ્ટ થઇને ચિંતવવા લાગી કે –'મને દેવીએ પુત્ર આપ્યો છે, તો હવે જયસુંદરીના પુત્રનું બલિદાન આપવું જોઈએ, તેનું શી રીતે કરવું?' એમ ચિંતવતા તેને એક ઉપાય સૂજ્યો કે –'રાજાની પાસે અનામત રાખેલ વર માગું, અને તે વરવડે રાજા પાસેથી રાજ્ય મારા સ્વાધીનમાં લઈને પછી મારૂં ઈષ્ટ કરૂં.' આવો નિશ્ચય કરીને તે રાજા પાસે આવી બોલી કે –'હે નાથ! પૂર્વે કબુલ કરેલ વરદાન હવે મને આપો.' એટલે રાજાએ કહ્યું કે –'હે દેવી! જે તને અભીષ્ટ હોય તે માગી લે.' રાણી બોલી —'જો એમ હોય તો પાંચ દિવસ મને રાજ્ય આપો.' રાજા બોલ્યો કે – 'બહુ સારૂં, મેં તને પાંચ દિવસ રાજ્ય આપ્યું.' પછી 'મહાપ્રસાદ' એમ બોલીને તેણે રાજ્ય સ્વાધીનમાં લઈ તેનો મહોત્સવ કર્યો. પછી શુભ અવસરે સવારે રૂદન કરતી જયસુંદરીની પાસેથી તેના પુત્રને જબરજસ્તીથી મંગાવ્યો, અને તેને સ્નાન અર્ચન કરી ચંદન, પુષ્પ અને અક્ષત ચડાવી એક

સુંડલામાં મૂકાવીને તે દાસીના મસ્તકપર ઉપડાવ્યો; અને વાજીંત્રના નાદ તથા સ્ત્રીઓના ગીતગાન સાથે તે રાણી પરિવાર સહિત ઉદ્યાનમાં દેવીના ભવન તરફ તેનું બલિદાન દેવા ચાલી.

એ અવસરે કાંચનપુરનો સ્વામી સૂર નામનો વિદ્યાધરોનો રાજા આકાશમાર્ગે જતો હતો. તેણે સૂર્ય જેવા તેજસ્વી તે બાળકને જોઇને ત્યાં અન્ય મરેલો બાળક મૂકી તે બાળક લઈ લીધો. પછી વિમાનમાં સુતેલી પોતાની સ્ત્રીની પાસે તે બાળકને મૂકીને વિદ્યાધર કોમળ સ્વરથી પત્નીને કહેવા લાગ્યો કે–'હે પ્રિયે ! જલ્દી ઉઠ અને જો તને બાળક અવતર્યું છે.' એટલે તે ખેદસહિત બોલી કે–'હે સ્વામિન્ ! તમે મારી મશ્કરી કરો છો ! દુષ્ટ દૈવે તો મારી મશ્કરી કરેલી જ છે કે જેથી હું વંધ્યા રહી છું અને પુત્રને પ્રસવતી નથી.' તે સાંભળી રાજા વધારે હસીને બોલ્યો કે —'તું પોતે તારી પડખે સુતેલા રત્નસમાન બાળકને જો, પુત્રરહિત એવા આપણો એજ પુત્ર છે.' પછી રાણીએ તે બાળકને જોયો અને તેને પુત્ર તરીકે સ્વીકારીને તેઓ પોતાના નગરમાં ગયાં. ત્યાં ચંદ્રકળાની જેમ પ્રતિદિન તે બાળક કળાથી વૃદ્ધિ પામવા લાગ્યો.

અહીં રતિસુંદરીએ પ્રસન્નપણે સુંડલામાંથી બાળકને લઈ દેવીના શિરપર ફેરવીને દેવીની આગળ તેને પછાડયો; અને પૂર્ણ મનોરથ થતાં તે ત્યાંથી પોતાના સ્થાને ગઈ. જયસુંદરી પુત્રના વિયોગથી દુઃખે સમય પસાર કરવા લાગી. આ વખતે એક રાણી પૂર્ણિમા સમાન અને બીજી રાણી અમાવસ્યા સમાન લાગતી હતી.

હવે વિદ્યાધરે તે બાળકનું મદનાંકુર એવું નામ રાખ્યું. અનુક્રમે વૃદ્ધિ પામતાં તે વિવિધ વિદ્યા શીખ્યો ને યૌવનવય પામ્યો. એકદા આકાશગામિની વિદ્યા વડે ગગન માર્ગે ગમન કરતાં રાજમહેલના ગોખમાં બેઠેલી પોતાની માતાને તેણે જોઈ; એટલે જોવા માત્રથી ઉત્પન્ન થયેલા સ્નેહથી મદનાંકુરે તેને ઉપાડીને પોતાના વિમાનમાં બેસાડી દીધી. તે રાણી પણ સ્નેહદ્રષ્ટિથી તે કુમારને વારંવાર જોવા લાગી. એવામાં નગરલોકો ઉંચા હાથ કરીને કહેવા લાગ્યા કે–' અહો ! કોઇ વિદ્યાધર આપણા રાજાની રાણીને લઈ જાય છે.' તે સાંભળી રાજા ઘણો દુભાણો, પણ શૂરવીર છતાં તે શું કરી શકે ? ઉંચા વૃક્ષ પરથી ફળ લેવામાં કુબ્જ શું પરાક્રમ કરે ? પુત્રના મરણથી અને પત્નિના અપહરણથી હેમપ્રભ રાજા બહુ દુઃખી થઈ ગયો.

એવામાં દેવ થયેલ પૂર્વભવના પોપટી જીવે અવધિજ્ઞાનથી અનુચિત કાર્ય થતું જાણીને વિચાર કર્યો કે–'અહો ! મારો ભાઇ પોતાની માતાને સ્રીબુદ્ધિથી હરણ કરી જાય છે તે ઠીક થતું નથી.' અહીં મદનાંકુર પોતાના નગરની પાસે આવી એક સરોવરને કાંઠે આમ્રવૃક્ષ નીચે જયસુંદરી સહિત બેઠો; એટલે પેલો દેવ વાનર અને વાનરીનું રૂપ કરી આમ્રવૃક્ષની શાખાપર આવીને બેઠો. ત્યાં રહ્યો છતો વાનર વાનરીને કહેવા લાગ્યો કે–'હે પ્રિયે ! આ તીર્થ અભીષ્ટદાયક છે. આ તીર્થના જળમાં પડેલ તિર્યંચો મનુષ્ય થાય છે અને મનુષ્યો દેવત્વ પામે છે. જો, આ બંને મનુષ્યો

કેવા દિવ્ય રૂપધારી છે. માટે આપણે પણ મનમાં તેની ધારણા કરીને આ તીર્થજળમાં પડીએ કે જેથી આપણે પણ આવા રૂપવંત મનુષ્ય થઇ જઈએ. આવી સ્ત્રી તું થા, અને આવો પુરૂષ હું થાઉં' આ પ્રમાણે સાંભળીને વાનરી બોલી કે-'હે કાંત! એનું નામ પણ લેશો નહિ, કે જે પોતાની માતાને પત્નીની બુદ્ધિથી હરણ કરીને લાવેલો છે, એ પાપીના રૂપને તમે શા માટે ઇચ્છો છો?' આ પ્રમાણે વાનરીનું વચન સાંભળીને તે બંને વિસ્મય પામ્યા. કુમાર ચિંતવવા લાગ્યો કે-'મેં હરણ કરેલી આ મારી જનની શી રીતે થાય તે સમજાતું નથી. પરંતુ એને જોતાં મને માતૃબુદ્ધિ તો ઉત્પન્ન થાય છે.' રાણીએ મનમાં વિચાર કર્યો કે-'આ મારો પુત્ર શી રીતે? એ સમજાતું નથી, પરંતુ એને જોતાં પોતાના પુત્રની જેવો મારા મનમાં સ્નેહ ઉદ્ભવે છે.' પછી કુમાર સાશંક થઈને આદરપૂર્વક વાનરીને પૂછવા લાગ્યો કે-'હે ભદ્રે! તું જે વચન બોલી તે શું સત્ય છે?' તે બોલી કે-'એ સત્ય જ છે, જો સંદેહ હોય તો આ વનમાં જ્ઞાની મુનિ છે તેમને પૂછી જો.' એમ કહીને તે બંને અદૃશ્ય થઇ ગયા. પછી વિસ્મય પામતો કુમાર વનમાં જઇને તે મુનિને પૂછવા લાગ્યો કે 'હે ભગવન્! વાનરીએ જે કહ્યું તે સત્ય છે?' મુનિ બોલ્યા કે-'હે ભદ્રે! તે બધું સત્ય છે તેમાં અસત્ય જેવું બીલકુલ નથી. અત્યારે હું કર્મોનો ક્ષય કરવા ધ્યાનમાં સ્થિત છું, તેથી તને વધારે કહી શકતો નથી, પણ હેમપુરમાં કેવળી ભગવંત બીરાજે છે ત્યાં તું જા, તે તેને બધું સ્પષ્ટ કહેશે પછી મુનિને નમસ્કાર કરીને માતા સહિત કુમાર ઘરે ગયો. ત્યાં અત્યંત હર્ષિત થયેલા માતપિતાએ કુમારને ખિન્ન થયેલો

જોયો. પછી વિદ્યાધરી માતાને પગે લાગીને કુમારે તેને એકાંતમાં પૂછ્યું કે–'હે માત! સ્પષ્ટ કહો, મારી ખરી માતા અને ખરા પિતા કોણ છે? તે બોલી કે–'હે વત્સ! શું તને ખબર નથી? કે હું તારી માતા છું અને આ તારા પિતા છે.' કુમાર બોલ્યો કે –'એ તો ઠીક, પણ હું પૂછું છું કે મને જન્મ આપનાર માતા પિતા કોણ છે?' એટલે તે બોલી કે–'તેની મને ખબર નથી. તારા પિતા બધું જાણે છે.' તેણે તેને પૂછ્યું એટલે તે વિદ્યાધર રાજાએ પૂર્વનો બધો વૃત્તાંત તેને કહી સંભળાવ્યો. પણ તેના માતાપિતાનું નામ જાણતા ન હોવાથી ન કહ્યું. કુમારે વિચાર કર્યો કે–'વાનરાએ વનમાં જે કહ્યું તે સત્ય જણાય છે; કેમકે મુનિ પણ તેજ પ્રમાણે બોલ્યા છે; માટે આ મારી જન્મ-આપનારી માતા સંભવે છે, હવે કેવળી ભગવંત પાસે જઈને પૂછું કે જેથી મને કશી શંકા ન રહે.' આ પ્રમાણે મનમાં વિચારીને બંને માતા તથા પિતા સહિત કુમાર હેમપુર નગરમાં કેવળીને વંદન કરવા ગયો. ત્યાં કેવળી ભગવંતને નમસ્કાર કરી પરિવાર સહિત તે વિદ્યાધર બેઠો. હજારો સ્ત્રીઓમાં બેઠેલી જયસુંદરી રાણી પોતાના પુત્ર સહિત ગુરુભાષિત ધર્મ સાંભળવા લાગી. તે વખતે હેમપ્રભ રાજા પણ નગરજનો સહિત ગુરુની પાસે આવી ધર્મ સાંભળવા બેઠો હતો. તેણે કેવળી ભગવંત દેશના દઈ રહ્યા પછી અવસર મેળવીને કેવળી ભગવંતને પૂછ્યું કે–'હે ભગવન્! મારી સ્ત્રીનું કોણે હરણ કર્યું છે?' કેવળી બોલ્યા કે–'હે રાજન્! તેનું તેના પુત્રે જ હરણ કર્યું છે.' એટલે રાજા વિસ્મય પામીને બોલ્યો કે–'હે પ્રભો! તેનો પુત્ર ક્યાંથી? તેનો પુત્ર જે હતો તેનું તો હવે હરણ

કર્યું છે.' અર્થાત્ મરણ પામ્યો છે અને તેને બીજો પુત્ર તો નથી.' મુનિ બોલ્યા કે–'તારૂં કહેવું સત્ય છે, પણ મેં કહ્યું છે તેમાં સંદેહ કરીશ નહિ.' રાજા બોલ્યો કે–'તો તેની પરમાર્થ પ્રકાશો.' એટલે ગુરુએ કુળદેવી પાસે લઈ જતાં બનેલો અને બીજો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. છેવટે તે કુમાર આ ઉદ્યાનમાં આવ્યો છે ત્યાં સુધીનો વૃત્તાંત કહ્યો એટલે રાજા જેટલામાં સભાની અંદર ચોતરફ નજર કરે છે, તેવામાં સંશયરહિત થયેલો કુમાર આવીને પિતાને પગે પડયો; એટલે રાજાએ તેને આલિંગન કર્યું. તે વખતે રાજા, જયસુંદરી, રતિસુંદરી અને બંને કુમારો – એમ સમસ્ત કુટુંબ ત્યાં મળ્યું. પછી જયસુંદરી રાણીએ મુનિને નમસ્કાર કરીને પૂછયું કે–'હે ભગવન્ ! કયા કર્મથી મને સોળ વર્ષ સુધી પુત્રનો વિયોગ થયો ?' મુનિ બોલ્યા કે–'પૂર્વે પોપટીના ભવમાં સોળ મુહૂર્ત્ત પર્યંત તેં સપત્ની પોપટીનું ઇંડું હરીને તેને વિયોગ આપ્યો હતો; તેનું આ ફળ છે, જે જેને અલ્પ પણ સુખ કે દુઃખ આપે છે, તેનું ફળ તેને પરભવમાં ઘણું વિશેષ ભોગવવું પડે છે.' આ પ્રમાણે ગુરુવચન સાંભળીને રતિસુંદરી પશ્ચાત્તાપપૂર્વક ઉઠીને જયસુંદરીને પગે પડી અને તેને ખમાવીને કહ્યું કે–'હે ભગિની ! મારો અપરાધ ક્ષમા કરજે.' એ વખતે અન્યોન્ય તે બંને ખમવા ખમાવવા લાગી. પછી રાજાએ પૂછયું કે–'હે ભગવન્ ! મેં પૂર્વ ભવે શું સુકૃત કર્યું હતું કે જેથી મને રાજ્ય મળ્યું ? મુનિ બોલ્યા કે—'પૂર્વભવમાં તેં જિનબિંબની આગળ અક્ષતના ત્રણ ઢગ કર્યા હતા, તેનું દેવત્વ અને રાજ્ય-પ્રાપ્તિ એ પુષ્પરૂપ (ફળ) છે અને ત્રીજા ભવમાં મોક્ષ

પામીશ – તે ફળ છે.' પછી હેમપ્રભ રાજાએ રતિસુંદરીના પુત્રને રાજ્ય આપીને જયસુંદરી અને તેના પુત્ર સાથે દીક્ષા અંગીકાર કરી અને દુસ્તપ તપ તપીને તથા સંયમ પાળીને અંતે પુત્ર તથા સ્રી સહિત અનશન કરી આયુ પૂર્ણ થતાં રાજા સાતમા મહાશુક્રદેવલોકમાં ઇંદ્ર થયો; જયસુંદરીનો જીવ મહર્દ્ધિક દેવ થયો અને કુમારનો જીવ પણ ત્યાં જ દેવ થયો. ત્યાંથી ચ્યવીને મનુષ્યત્વ પામી ત્રણે જીવો મોક્ષપદને પામશે.

## ઇતિ અક્ષતપૂજોપરિ પોપટ-પોપટીની કથા

---

હવે ભાવપૂજાના સંબંધમાં વનરાજનું દૃષ્ટાંત કહેવામાં આવે છે. તે આ પ્રમાણે છે:—

## ભાવપૂજા ઉપર વનરાજ કથા

આ ભરતક્ષેત્રમાં દેવનગર સમાન ક્ષિતપ્રતિષ્ઠત નામે નગર છે. ત્યાં સ્રી પુરુષો દેવાંગના અને દેવો સમાન શોભે છે. ત્યાં અરિમર્દન નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં સ્વજન અને ધનથી રહિત, નિત્ય આર્ત્તધ્યાનપરાયણ અને દારિદ્રયરૂપ કોઈ કુલપુત્રક ભિક્ષુક થઇને ભિક્ષાને માટે ઘરે ઘરે ભમતો હતો. આવું યાચકપણું એ પાપનું ફળ સમજવું. કહ્યું છે કે:–'સર્વથી તૃણ હલકું, તે કરતાં રૂ હલકું, તે કરતાં યાચક હલકો અને યાચક કરતાં પણ યાચનાના (માગનારની માગણીનો) ભંગ કરનારને હલકામાં હલકો સમજવો.'

આ સંબંધમાં એક પથિક (મુસાફર) ને સ્રીનો સંવાદ જાણવા જેવો છે. કોઈ મુસાફરે એક સ્રીને કહ્યું –' હે સુભગે ! મને મુસાફરને ભિક્ષા આપ.' તે સાંભળી પેલી સ્રીએ તેને નિરાશાભર્યો જવાબ આપ્યો આથી તે બોલ્યો કે –" શા માટે યાચનાને નિષ્ફળ કરો છો ?" તે બોલી કે –' કેટલાક વખતથી અહીં સુવાવડ આવેલી છે.' એટલે મુસાફર બોલ્યો કે ' ત્યારે તો એક માસ પછી શુદ્ધિ થશે.' સ્રી બોલી કે –' આવેલ બાળકના મરણ વિના કદાપિ શુદ્ધિ થાય તેમ નથી.' મુસાફર બોલ્યો કે –' એવો તે કેવો પુત્ર જન્મ્યો છે ?' તે બોલી કે- અમારા ચિત્ત અને ધનનું હરણ કરનાર દારિદ્રય નામે પુત્ર અવતર્યો છે.' આવો ઉત્તર મળતાં મુસાફરે રસ્તો પકડયો. એ દારિદ્રય તે દાનના દ્વેષરૂપ વૃક્ષનું ફળ છે.

અહીં લોકોથી નિષેધ કરાતો પેલો ભિક્ષુક ચિંતવવા લાગ્યો કે –' અહો ! કાગડો પણ પિંડને મેળવે છે અને હું તો ભિક્ષુ થઇને ભિક્ષા માત્ર પણ મેળવી શકતો નથી. તેથી મારા પાપનું ફળ અત્યંત ખરાબ છે. તો આવા કષ્ટથી જીવવું શું ? આવી રીતે જીવવા કરતાં તો મૃત્યુ કલ્યાણકારક છે.' એમ ચિંતવતો એકદા દૈવયોગે તે નગરની બહાર બગીચામાં ગયો. ત્યાં પરમ શાંતરસમય, ધર્મમૂર્તિ અને મહાનુભાવ એવા એક મુનિને તેણે જોયા; એટલે તેમને ત્રણ પ્રદક્ષિણા દઈને સંસારના દુઃખથી ખિન્ન થયેલો તે તેમની પાસે બેઠો. પછી મુનિરાજે દયાર્દ્ર મનથી તેને ધર્મતત્ત્વનો ઉપદેશ આપ્યો. કારણ કે પરની આપત્તિ દેખીને સાધુઓને બહુ દયા આવે છે.

મુનીંદ્ર તેને આ પ્રમાણે ધર્મોપદેશ દેવા લાગ્યા :—'અહો ! જીવો સમૃદ્ધ છતાં ત્રણે ભુવનમાં ભમે છે, પરંતુ ધર્મના અભિજ્ઞાન (નિશાની) રહિત હોવાથી તે કશું પામી શકતા નથી. જેમ બીજ વાવ્યા વિના ધાન્યની પ્રાપ્તિ થતી નથી તેમ ધર્મ વિના પુરુષોને ઇષ્ટ સંપત્તિની પ્રાપ્તિ થતી નથી. માટે બાલ્યાવસ્થામાં, દુઃખાવસ્થામાં કે નિર્ધનાવસ્થામાં પણ શ્રદ્ધા-પૂર્વક માત્ર દેવદર્શન કરવા જેટલો પણ ધર્મ નિરંતર કરવો.' આ પ્રમાણે સાંભળીને તે દરિદ્ર પુરુષ અત્યંત ગદ્ગદ સ્વરે હાથ જોડીને મુનિને કહેવા લાગ્યો કે—'હે ભગવાન્ ! હું અનાથ છું, શરણ રહિત છું અને બંધુ રહિત છું, તમે જ મારા શરણ છો. આ ભવમાં મને મધુર વાણીથી કોઇએ બોલાવેલ નથી. હે સ્વામિન્ ! હું સર્વત્ર તિરસ્કાર જ પામ્યો છું, નિરાધાર એવા મેં અત્યારે નાવ સમાન આપને મેળવ્યા છે; તો હવે પ્રસાદ કરીને કહો કે—દેવ કોણ ? અને તેના દર્શનથી શું ફળ થાય ? તેમજ તેનું દર્શન કેમ થાય ? તે બધું થોડા અક્ષરમાં કહો' એટલે મુનિ બોલ્યા કે—'હે ભદ્ર ! સાંભળ. પદ્માસને બિરાજમાન અને શાંતમૂર્ત્તિ જિનેશ્વર તે દેવ, તેના મંદિરમાં જઈને પૃથ્વી પર મસ્તક રાખી હાથ જોડી પ્રણામ કરીને આ પ્રમાણે કહેવું.—

**"जितसंमोह सर्वज्ञ, यथावस्थितदेशक ।**
**त्रैलोक्यमहित स्वामिन्, वीतराग नमोस्तु ते" ॥**

'મોહનો જય કરનાર, સર્વજ્ઞ, યથાવસ્થિત વસ્તુના

પ્રકાશક, ત્રિભુવનપૂજિત અને વીતરાગ એવા હે સ્વામિન્ ! તમને નમસ્કાર થાઓ.' આ પ્રમાણેનાં મુનિરાજનાં વચન સાંભળી 'આપનું વચન મને પ્રમાણ છે' એમ કહી તે ભિક્ષુક નગરના મુખ્ય દેરાસરમાં જઈ જિનેશ્વરને જોઈને ઉક્ત રીતે નમસ્કાર કરી પેલો શ્લોક કહેવા લાગ્યો પછી બીજા જિનભવનમાં જઇને ત્યાં પણ એ રીતે નમસ્કાર કરવા લાગ્યો. ત્રીજા જિનભવનમાં જઇને ત્યાં પણ એ રીતે નમસ્કાર કરવા લાગ્યો અને ભિક્ષામાં જે મળે તેથી સંતોષ માનવા લાગ્યો. કોઈ વખત તેના મનમાં આ પ્રમાણે વિકલ્પ થતો હતો કે:–' આવી રીતે નમસ્કાર કરવા માત્રથી મને તેનું ફળ મળશે કે નહિ ?' વળી પાછો વિચારતો કે 'આવા ચિંતવનને પણ ધિક્કાર થાઓ, નમસ્કાર માત્રથી મારી સર્વાર્થસિદ્ધિ થશે.' આ પ્રમાણે શ્રદ્ધાને દ્રઢ કરતાં અંત સમયે તેને રાજ્યપ્રાપ્તિની ઇચ્છા થઈ. તે સાથે તે એમ ચિંતવવા લાગ્યો કે:–' ઉત્તમ કુળથી શું ? નીચ કુળમાં જન્મ પામીને પણ જો ભાગ્યાધિક રાજ્ય મળે તો વધારે સારૂં.' આ પ્રમાણે ચિંતવતો અને વારંવાર વીતરાગસ્તુતિનો શ્લોક બોલતો મરણ પામીને તે ભિક્ષુક તે જ નગરના રાજાના પુરોહિતની દાસીની કુક્ષિએ પુત્રપણે ઉત્પન્ન થયો.

ગર્ભસ્થિતિ સંપૂર્ણ થયે તે જન્મ પામ્યો એટલે રાજસભામાં બેઠેલા પુરોહિતની આગળ જઇ કોઈએ તેનો જન્મ નિવેદન કર્યો. તે વખતે તેણે લગ્ન જોયું તો લગ્નના સ્વામીયુક્ત, શુભ ગ્રહથી અવલોકિત, શુભ ગ્રહના બળથી સંયુક્ત અને ત્રણ ઉચ્ચ ગ્રહવાળું સુંદર લગ્ન તેના જોવામાં આવ્યું; તેથી પુરોહિત ચમત્કાર પામ્યો અને મસ્તક ધુણાવતાં તેણે નખચ્છોટન કર્યું.

એટલે રાજાએ પૂછયું કે :–' કેવો લગ્નયોગ છે ? પુરોહિતે કહ્યું કે –' હે રાજેન્દ્ર ! એકાંતે કહીશ.' પછી પ્રસંગ આવતાં તેણે કહ્યું કે :–' ' હે સ્વામિન્ ! મારે ઘરે દાસીને અત્યારે જે પુત્ર અવતર્યો છે તે અત્યારના લગ્નયોગથી તમારૂં રાજ્ય ગ્રહણ કરશે.' તે સાંભળીને રાજા વજાહત જેવો થઈ ગયો. તેણે શંકાકુળ થઇને સભા વિસર્જન કરી. પછી આસનથી ઉઠી મહેલમાં જઈને તે આ પ્રમાણે ચિંતવવા લાગ્યો કે :— ' અહો ! આ કેવું અસંભાવ્ય ( અસંભવિત ) ? મારો પુત્ર વિદ્યમાન છતાં મારૂં રાજ્ય શું આ દાસીનો પુત્ર લેશે ? માટે વ્યાધિ ઉત્પન્ન થતાં જ તેને છેદવો સારો. આગ લાગે ત્યારે કુવો ખોદવાનો ઉદ્યમ કરવો તે શા કામનો ?' એમ વિચારી રાજાએ ચંડ નામના સેવકને બોલાવીને આદેશ કર્યો કે — ' અરે ચંડ ! તું મારૂં કાર્ય કરવાને સમર્થ છે, માટે સાંભળ —મારા પુરોહિતની દાસીને જે પુત્ર અવતર્યો છે, તેને છાની રીતે નગર બહાર લઈ જઇને મારી નાખ.' તે બોલ્યો કે — ' આપનો આદેશ પ્રમાણ છે.' આ પ્રમાણે કહીને તે ત્યાંથી ચાલ્યો ગયો. પછી સંધ્યા વખતે બાળકને એકાકી જોઇને તેણે ઉપાડયો અને નગરની બહાર લઈ જઇ એક જીર્ણ અને શુષ્ક એવા મોટા બગીચામાં રહેલા એક કુવાની સમીપે આંબાના વૃક્ષની નીચે બેસી વસ્ત્ર ઉતારીને ચંડ પેલા બાળકને જોવા લાગ્યો; એટલે ચંદ્રની પ્રભા સમાન ઉજ્વળ તેનું મુખ જોઈને અને તે વનને પણ તરતમાં જ પ્રફુલ્લિત થઈ ગયેલું જોઈને ચંડ મનમાં ખુશ થઈ વિચારવા લાગ્યો :—' અહો ! આવા પરવશપણાને ધિક્કાર થાઓ કે જેથી આવા સુંદર બાળકને

નિર્દય રીતે કઠોર ચિત્તવાળા થઇને મારવો પડે છે. આ બાળક કોઈ ભાગ્યવંત જણાય છે અને રાજાની આજ્ઞા ભયંકર છે. પરંતુ જે થવાનું હોય તે થાઓ, આવા દેવસમાન બાળકને હું તો મારવાનો નથી’ ચંડ કઠીન હૃદયવાળો છતાં તે વખતે દયાર્દ્ર મનવાળો થઈ ગયો. પછી ચંડ બોલ્યો કે–‘હે વનદેવતાઓ ! તમે આને સહાય કરજો’ એમ કહીને તે બ.ળકને વૃક્ષ નીચે મૂકીને ત્યાંથી તે ચાલતો થયો. જતાં જતાં પણ મુખ ફેરવીને વારંવાર તે બાળક તરફ જોતો એવો ચંડ નગરમાં ગયો અને રાજાની પાસે જઈને તે બોલ્યો કે :—‘હે સ્વામિન્ ! આપની આજ્ઞા પ્રમાણે મેં કર્યું.’ તે સાંભળીને રાજાએ તેને પ્રસાદ-દાન આપ્યું.

હવે સૂર્યોદય થતાં ભયંકર અંધકાર દૂર થયો અને કમળો વિકસ્વર થયા એટલે પેલા બગીચાવાળો માળી તે બગીચામાં આવ્યો. ત્યાં તે વનને પત્ર, પુષ્પ અને ફળ સહિત જોઇને તે આશ્ચર્ય પામ્યો. તે વિચારવા લાગ્યો કે :—‘આ શું ? આ વન તો તદ્દન શુષ્ક હતું અને અત્યારે તો નવપલ્લવિત થયેલું જણાય છે, તેનું કારણ શું ?’ એમ ચિંતવીને વધારે તપાસ કરતાં પેલો શુષ્ક કુવો પણ જળસહિત જોવામાં આવ્યો. પછી તે આગળ ચાલ્યો, તેવામાં તેણે વૃક્ષ નીચે પેલા દેદીપ્યમાન બાળકને દીઠો. ચળકતી કાંતિવાળા તથા વિકસિત મુખ-કમળવાળા તે બાળકને જોઈને માળી વિચારવા લાગ્યો કે :—‘અહો ! ખરેખર આ બાળકના પ્રભાવથી જ અકસ્માત્ આ મારો બગીચો નવપલ્લવિત થયેલો જણાય છે, અને મારા ભાગ્યોદયથી વનદેવતાઓએ સંતુષ્ટ થઈને અપુત્રીયા એવા મને

સર્વલક્ષણસંપન્ન આ પુત્ર આપ્યો જણાય છે, માટે તેને લઈને મારી સ્ત્રીને સોંપું.' એમ નિશ્ચય કરી બંને હાથ વડે તેને ગ્રહણ કરી હર્ષથી ફુલાતો તે માળી ઘરે જઇને પોતાની પ્રિયાને કહેવા લાગ્યો કે :—'હે પ્રિયે! વનદેવતાએ સંતુષ્ટ થઈને આ બાળક આપ્યું છે તે લે.' એમ કહીને તેણે પોતાની પ્રિયાને તે બાળક સોંપ્યો; અને 'માલણને ગૂઢગર્ભ હોવાથી તેને પુત્ર અવતર્યો.' એવી વાત લોકોમાં ફેલાવી. પછી પોતાના ઘરને આંગણે પુષ્પો વેરી, ઘી વડે ઉંબરાના વૃક્ષનું સિંચન કરી, બારણે તોરણ બાંધી, વાજીંત્રના નાદ અને ધવળમંગળ-પૂર્વક તેણે પુત્રનો જન્મ મહોત્સવ કર્યો પછી બહુ દ્રવ્યનો વ્યય કરી કુળ અને જ્ઞાતિસત્કારપૂર્વક તે બાળકનું વનરાજ એવું નામ રાખ્યું. પછી માળીથી લાલન પાલન કરાતો અને નિરંતર સંભાળ લેવાતો તે પુત્ર નવા ચંપકની જેમ વૃદ્ધિ પામવા લાગ્યો અને ધૂળની રમતના રસથી બાલ્યાવસ્થાનું નિર્દોષ સુખ ભોગવતો તે પાંચ વર્ષનો થયો.

એકદા વસંત સમયે માળીની સ્ત્રી પુષ્પાભરણ લઇને સભામાં બેઠેલા રાજાની પાસે ગઈ, તે વખતે કૌતુકથી તે બાળક પણ તેની સાથે ગયો. એ વખતે રાજાની પાસે બેઠેલા પુરોહિતે પૂર્વની રીતે જ નખ–આસ્ફોટનપૂર્વક માથું ધૂણાવ્યું. એટલે રાજાએ સંભ્રાંત તેને થઈને પૂછયું કે :-'આ શું ?' સુજ્ઞ પુરોહિત બોલ્યો કે :—'હે રાજેંદ્ર ! આ જે બાળક માણસની સાથે આવેલો છે તે તમારા રાજ્યનો સ્વામી થશે.' એટલે રાજા સાશંક થઈને બોલ્યો કે :—'તે શી રીતે મનાય ?' એટલે

ફરી પુરોહિત બોલ્યો કે :-" નખ, કેશ વિગેરેના લક્ષણો સામુદ્રિક શાસ્ત્રમાં શુભાશુભ કહ્યાં છે. તે આ પ્રમાણે :— 'ઉન્નત, તામ્ર અને સ્નિગ્ધ નખ હોય તે સુખદાયક સમજવા અને સુપડા જેવા, રૂક્ષ, ભાંગેલા, વાંકા અને સફેદ નખ હોય તો દુઃખકારી જાણવા. ધ્વજ, વજ્ર અને અંકુશ જેવી રેખાઓ જો પગમાં હોય તો રાજ્યનો લાભ થાય અને આંગળીઓ પણ સરખી, લાંબી અને સંહિત (મળેલી) તથા સમુન્નત હોય તો તેને રાજ્યપ્રાપ્તિ થાય. વિપુળ (મોટો) અંગુઠો હોય તો તેને દુઃખદાયક થાય અને તેને સદા માર્ગગમન પ્રાપ્ત થાય; પરંતુ વૃત્ત, સ્નિગ્ધ, સંહિત અને તામ્ર (લાલ) નખવાળો હોય તો સુખ પ્રાપ્ત થાય. હંસ, હરણ, બળદ, ક્રૌંચ અને સારસના જેવી ગતિ શુભ અને ગધેડા, ઉંટ, પાડા અને શ્વાન જેવી ગતિ અશુભ ગણાય છે. કાગડા જેવી જંઘાથી દુઃખ, લાંબી જંઘાથી મોટી મુસાફરી, ઘોડાના જેવી જંઘાથી બંધન અને હરણના જેવી જંઘાથી રાજ્ય મળે છે. હરણ અને વાઘના જેવા પેટવાળો ભોગી, કુતરા અને શિયાળના જેવા પેટવાળો અધમ અને દેડકાના જેવા પેટવાળો રાજા થાય છે. લાંબી બાહુ હોય તે સ્વામી થાય છે અને ટુંકી બાહુ હોય તો નોકર થાય છે. સ્વચ્છ અને લાલ નખ હોય, લાંબી આંગળીઓ હોય અને લાલ હાથ હોય તો લક્ષ્મીનો લાભ થાય છે. જેના હાથમાં શક્તિ, તોમર, દંડ, તલવાર, ધનુષ્ય, ચક્ર અને ગદા જેવી રેખાઓ હોય તે રાજા થાય છે જેના હાથ કે પગને તળીએ ધ્વજ, વજ્ર, અંકુશ, છત્ર, શંખ અને પદ્મ વિગેરેની રેખા હોય તે પુરૂષ ધનિક થાય છે સ્વસ્તિક હોય તો જન-

સૌભાગ્ય, મત્સ્ય હોય તો સર્વત્ર પૂજ્યતા, શ્રીવત્સ હોય તો વાંછિત લક્ષ્મી અને દામક હોય તો ચતુષ્પદાદિથી યુક્ત થાય છે. કરભમાં જે રેખા હોય છે તે પુત્રસૂચક છે. અને કનિષ્ઠાંગુળી (નાની આંગળી)ની નીચેની રેખા સ્ત્રીને સૂચવે છે. અંગુઠાના મૂળમાં રેખા હોય છે તે ભ્રાતૃભાંડને અર્થાત્ ભાઇ વર્ગને સૂચવે છે જેના અંગુઠાના મધ્યમાં જવ હોય તે પુરૂષ ઉત્તમ ભક્ષ્યનો ભોગી થાય છે અને અન્ય સુખ પણ મેળવે છે. હાથમાં રહેલી સ્થૂલ રેખાઓ દરિદ્રતાને અને સૂક્ષ્મ રેખાઓ લક્ષ્મીની પ્રાપ્તિને સૂચવે છે. ખંડિત યા ત્રુટિત રેખાઓ હોય તો તે આયુષ્યનો ક્ષય (અલ્પતા) સૂચવે છે. જેને બત્રીશ દાંત પૂરેપૂરા હોય તે રાજા, એકત્રીશ હોય તે ભોગી, ત્રીશ હોય તે સુખી અને તેથી ઓછા હોય તે દુઃખી થાય એમ સમજવું. પદ્મ ( કમળ ) ના પત્ર જેવી લાલ સૂક્ષ્મ અને સુશોભિત જીભ ઉત્તમ ગણાય છે. પોપટના જેવો નાકવાળો રાજા થાય છે અને નાના નાકવાળો ધાર્મિક હોય છે. અર્ધ ચંદ્ર જેવું લલાટ હોય તે રાજા, ઉન્નત હોય તે ધાર્મિક, વિશાળ હોય તે વિદ્યાવાનૂ અથવા ભોગી અને વિષમ હોય તે દુઃખી થાય છે. રાજાનું મસ્તક (માથું) છત્રાકાર, દુઃખીનું લાંબું, અધમનું ઘટાકાર અને પાપીનું સ્થપુટ જેવું ( બેસી ગયેલું ) હોય છે. કોમળ, કાળા, સ્નિગ્ધ અને સૂક્ષ્મ વાળ હોય તે રાજા થાય છે અને સ્ફટિક (ધોળા), કપિલ, સ્થુલ અને રૂક્ષ (લુખા) કેશ હોય તે દુઃખી થાય છે.'

ઇત્યાદિ સામુદ્રિક શાસ્ત્રમાં જે શુભ લક્ષણો કહ્યા છે, તે બધા આ બાળકમાં દેખાય છે. માટે એ બાળક તમારૂં

રાજ્ય અવશ્ય ગ્રહણ કરશે.” આ પ્રમાણેનાં પુરોહિતનાં વચન સાંભળીને રાજા અમાસના ચંદ્રની જેવો ક્ષીણ થઇ ગયો. પછી સભા વિસર્જન કરી અને એકાંતમાં ચંડને બોલાવીને રાજાએ પૂછ્યું કે–‘હે ચંડ સાચું બોલ, તેં તે બાળકને માર્યો હતો કે નહિ?’ તેણે સત્ય કહ્યું, એટલે રાજા તેને મરાવી નાખવા ઉત્સુક થયો. પછી સાંજે રાજાએ ભીમસેન નામના સેવકને બોલાવીને તે બાળકના વધનો આદેશ કર્યો; એટલે તે રમત કરતાં બાળકને છેતરીને વધ કરવા લઈ ગયો. સંધ્યા વખતે અશ્વપર ચડીને નગરની બહાર જતાં ભીમસેનને બાળકે પૂછ્યું કે:—‘હે તાત! તું મને કયાં લઇ જાય છે?’ આવું મૃદુ તે બાળકનું વચન સાંભળતાં તેનું મન કોમળ થઈ ગયું અને મુછના વાળને આંગળીથી સ્પર્શ કરતા તે બાળકને પુત્રસમાન જાણીને ભીમસેનનું શરીર રોમાંચિત થઇ ગયું. તેથી ભીમસેન બોલ્યો કે–‘હે વત્સ! જ્યાં તને ગમશે ત્યાં તને લઈ જઈશ.’ એમ કહી તેને સંતોષ પમાડીને તે એક ભયંકર અટવીમાં ગયો. ત્યાં અતિ ભીષણ વનમાં તે બાળકને આશ્વાસન આપતાં એક દિવ્ય યક્ષનું મંદિર તેના જોવામાં આવ્યું. એટલે ઘોડાપરથી નીચે ઉતરી યક્ષભવનમાં ગયો, અને સુંદર નામના યક્ષની મૂર્ત્તિ આગળ જઈ તે આ પ્રમાણે બોલ્યો કે:—‘હે યક્ષરાજ! આ બાળક તમારે શરણે છે, આ પ્રમાણે કહી તે બાળકને યક્ષના ખોળામાં મૂકીને ભીમસેન પોતાના ઘરે ચાલ્યો ગયો. તેના ગયા પછી બાળક યક્ષને ઉદ્દેશીને બોલ્યો કે–‘હે તાત મને ભુખ લાગી છે, માટે લાડવા આપો.’ આવી રીતે સ્નેહમય કોમળ વાક્ય બોલતો તે બાળક યક્ષના પેટપર હાથ ફેરવવા લાગ્યો; એટલે

યક્ષમૂર્તિ પાષાણમય છતાં તેના વચનથી તે યક્ષ સંતુષ્ટ થયો; અને તેણે બાળકને સ્વાદિષ્ટ, સુંદર અને શ્રેષ્ઠ લાડવા ખાવા આપ્યા.

હવે એ અવસરે તે યક્ષના મંદિરની નજીકમાં કોઈ કેશવ નામનો સાર્થવાહ પડાવ નાખી રહ્યો હતો. તેના બળદો ખોવાઈ ગયેલ હોવાથી તેની ચિંતાને લીધે તે અર્ધ જાગૃત સ્થિતિમાં સુતો હતો. તેને યક્ષે કહ્યું કે :—"તું ગભરાઈશ નહિ, તારા બળદો સવારે પોતાની મેળે જ આવશે. બીજું સાંભળ – મારા ખોળામાં વનરાજ નામનો એક બાળક બેઠેલો છે, તેને સવારે તારે લઈ જવો. તારે પુત્ર નથી, તેથી હું તને એ પુત્ર આપું છું." આ પ્રમાણે સાંભળીને સાર્થવાહ વિસ્મય પામ્યો. સવારે યક્ષના મંદિરમાં જઈ સ્તુતિ કરી યક્ષના ખોળામાં રહેલા પેલા બાળકને લઇ હર્ષિત થઇને તેણે પોતાની પત્નિને અર્પણ કર્યો. પછી ત્યાંથી પ્રયાણ કરી ઘરે જઇને તે બાળકને તેણે એક બ્રાહ્મણ પાસે ભણવા મૂકયો. એટલે શાસ્ત્ર અભ્યાસ કરીને તે પ્રવિણ થયો. અનુક્રમે તે સોળ વરસનો થયો.

એકદા તે સાર્થવાહ વેપાર નિમિત્તે ફરતો ફરતો વનરાજ સહિત ક્ષિતપ્રતિષ્ઠિત નગરે આવ્યો. ત્યાં સારા સ્થાને સાર્થને રાખીને પોતે વનરાજ સહિત ભેટ લઇને રાજાને મળવા ગયો. ત્યાં રાજાની આગળ ભેટણું મૂકીને તે ઉભો રહ્યો. એટલે રાજાએ તેને સન્માન આપ્યું, તેથી સાર્થવાહ આસન પર બેઠો, પણ વનરાજ તો રાજાને જોતો જોતો ઉભો જ રહ્યો. એ વખતે રાજાની પાસે બેઠેલા પુરોહિતે દેવ જેવા તે કુમારને જોઇને

અંતરમાં બરાબર વિચાર કરી પૂર્વની રીતે જ નખનું આચ્છોટન કર્યું. એટલે રાજાએ તેમ કરવાનું કારણ પૂછ્યું. પુરોહિત બોલ્યો કે —'હે રાજેંદ્ર ! તેનું કારણ તમને એકાંતમાં કહીશ.' રાજા ક્ષણવાર વિલંબ કરીને તેને એકાંતે લઈ ગયો. કારણ પૂછ્યું. એટલે તેણે કહ્યું કે :–'આકૃતિથી એમ જણાય છે કે આ કુમાર તમારૂં રાજ્ય ગ્રહણ કરશે.' રાજા અતિ વિસ્મય પામીને ચિંતવવા લાગ્યો કે :—'અરે ! આ તે જ પાપી જણાય છે, શું આ દેવ છે કે વિદ્યાધર છે ? કે જેના સેવકના બબેવાર ઘાત કરાવ્યા છતાં હજી જીવતો છે, પણ હવે વિકલ્પ કરવાથી શું ? હજી પણ તેનો ઉપાય કરવો. કારણ કે તૃતિય ઉડ્ડયનથી[1] મોર પણ ગ્રહણ કરાય છે,' આ પ્રમાણે ચિંતવી પાંચ દિવસ જવા દઈ રાજાએ સાર્થેશને પૂછ્યું કે :—'આ કુમાર કોણ છે કે જે હાલ તમારી પાસે રહે છે.' તે બોલ્યો કે :—'હે દેવ ! એ મારો પુત્ર છે.' એટલે રાજા બોલ્યો કે :– 'જો એમ હોય તો તેને થોડા દિવસ મારી પાસે રાખો' સાર્થવાહે ચિંતવ્યું કે –'પુરુષને હસતાં કે રૂદન કરતાં રાજાનો આદેશ પાળવો જ પડે છે અને તે જ હિતકર થાય છે.' એમ ધારીને કેશવ બોલ્યો કે :–'હે રાજેંદ્ર ! ભલે, આપને રૂચે તેમ કરો.' પછી સંતુષ્ટ થઇને રાજાએ તેના બધા માલનો કર—જકાત માફ કર્યો અને પોતાના હાથે તેનો વસ્ત્રાદિકથી સત્કાર કર્યો.

---

૧. ત્રીજીવાર ઉડાડવાથી

પછી આંખમાં આંસુ લાવી વનરાજનો હાથ પકડીને સાર્થવાહે કહ્યું કે—'હે વત્સ ! આપણાથી રાજાનું વચન ઓળંગી ન શકાય, માટે કેટલાક દિવસ તારે રાજા પાસે રહેવું, ગભરાવું નહિ.' વનરાજ બોલ્યો કે—'હે પિતાજી આપ કહો છો તે પ્રમાણ છે.' પછી કેશવ સાર્થવાહ રાજાની રજા લઈ અને પુત્રને આલિંગન દઈને સ્વસ્થાને ગયો. રાજા પણ બહારથી પ્રસન્ન મુખ કરી કુમારનો હાથ પકડીને બોલ્યો કે –'હે વત્સ ! તારે કંઈ પણ ગભરાવું નહિ.' વનરાજ બોલ્યો કે:— 'હે રાજેંદ્ર ! તમારી પાસે રહેતાં મને શું દુઃખ થવાનું હતું ?' પછી રાજાએ વનરાજને પોતાની પાસે રાખીને તેને કેટલાક ગામ, ઘોડા અને પદાતિ સોંપી કોટવાળની પદવી આપી, એટલે તે પણ ઉત્સાહી બની ગયો. તેણે રાજાના બધા સેવકોને તથા સમસ્ત રાજપરિવારને પ્રસન્ન કરીને પોતાને વશ કર્યા. સાર્થવાહ પણ તેને બહુ ધન મોકલતો હતો, એટલે વનરાજ ત્યાં રહીને સુખભોગ ભોગવવા લાગ્યો.

એકદા પોતાના દેશમાં ઉપદ્રવ કરનાર એક સામંતનો નાશ કરવા માટે રાજાએ પોતાના પુત્ર નૃસિંહની સાથે વનરાજને મોકલ્યો. રાજાની આજ્ઞા થતાં સૈન્યસહિત બંને કુમાર સાથે મળીને ચાલતા થયા અને રાત્રે બંનેનું સૈન્ય દુશ્મનના કિલ્લાને ઘેરો નાંખીને રહ્યું. પછી –'નીકળ, બહાર નીકળ, કિલ્લામાં ભરાઈને શું બેઠો છે ? અરે અધમાધમ ! દેશ નાશના પાપનું ફળ લે.' આ પ્રમાણેનો ભયંકર અવાજ સાંભળીને સામંત

રાજા પણ સજ્જ થઇ નગરમાં રહીને યુદ્ધ કરવા લાગ્યો. એ વખતે બહાર રહેલા રાજસૈનિકોએ યંત્રથી છુટતા પથ્થરના ગોળાથી તથા વજ્રના પડવા સમાન ભયંકર એવા ગોફણના ગોળાથી સામંતનો કિલ્લો તોડીને તેના નગરને છિન્નભિન્ન કરી મૂકયું. વનરાજે તે સામંતને પકડી બાંધીને નૃસિંહકુમારને સોંપ્યો; એટલે –' અહો ધૈર્ય ! અહો ધૈર્ય !' એવી વનરાજની સર્વત્ર ખ્યાતિ વિસ્તાર પામી. એવામાં રાજા પણ પાછળથી ત્યાં આવી પહોંચ્યો. અને વનરાજની ખ્યાતિ સાંભળીને તે ચકિત થઇ ગયો. રાજાએ વિચાર્યું કે ' લડાઈમાં પણ આ મરણ ન પામ્યો, માટે કાંઇક બીજો ઉપાય કરૂં.' એમ ચિંતવી કંઈક કાર્ય બતાવીને નૃસિંહકુમાર સાથે વનરાજને પોતાના નગરમાં મોકલ્યો, અને રાજા પોતે ત્યાં જ રહ્યો.

એક દિવસ રાજાએ ' વનરાજને વિષ આપજો.' એવો સ્પષ્ટ કાગળ લખીને સાંઢણી દ્વારા એ નૃસિંહકુમારને મોકલ્યો, એટલે તે સાંઢણી સાથે ત્યાંથી જલ્દી રવાના થયો અને સુંદર યક્ષથી અધિષ્ઠિત પેલી અટવીમાં થાકી જવાથી યક્ષના મંદિર પાસે જ રાત રહ્યો. અને તે પત્ર પાસે રાખીને યક્ષના મંદિરમાં સુઈ ગયો. એ વખતે યક્ષે અવધિજ્ઞાનથી જાણ્યું કે :–' અરે ! મારા વનરાજ પુત્રના વધને માટે આ પ્રયત્ન લાગે છે; માટે જેમ એનો વિનાશ ન થાય અને લાભ થાય તેમ કરૂં.' પછી તે લેખ લઈ દેવશક્તિથી ' વિષ આપજો ' એ અક્ષરોમાં એક કાનો વધારીને ' વિષા આપજો ' એવું કરી દીધું. વિષા એ તે રાજાની પુત્રીનું નામ હતું. સાંઢણીએ સવારે ઉઠીને નગરમાં

જઇ નૃસિંહકુમારને તે પત્ર આપ્યો. એટલે તે પત્ર વાંચીને અને વનરાજને તે વૃત્તાંત કહીને કુમારે જલ્દી વિવાહની સામગ્રી તૈયાર કરાવી. પછી ઉછળતા વાજીંત્રના નાદ અને ધવળમંગળથી વનરાજ વિષા રાજપુત્રીને પરણ્યો, અને તે વિષા રાજપુત્રીની સાથે બહુ શોભવા લાગ્યો.

કેટલાક દિવસો પછી રાજા નગરમાં આવ્યો, એટલે કુમારે વિષાના વિવાહમહોત્સવની વાત કહી. તે સાંભળી વનરાજનો વિષા સાથે વિવાહ થયેલો જાણીને રાજાએ વિચાર કર્યો કે :–'અરે દૈવ ! આ તેં શું કર્યું ? આ પ્રમાણે મારવા જતાં પણ એ તો ઉલટો ઉન્નતિ પામતો જાય છે, પણ ફોગટ દૈવને ઉપાલંભ દેવાથી શું ? ફરીને પણ પ્રતીકાર (સામનો) કરવો.' એમ વિચારીને રાજાએ પુત્રને કહ્યું કે—'બહુ સારૂં કર્યું.'

હવે વનરાજ પોતાની સ્ત્રીની સાથે સુખ ભોગવે છે અને રાજા તેને મારવાને માટે વારંવાર પ્રયત્ન ચિંતવે છે. એકદા પોતાના ખાનગી બે માતંગને એકાંતમાં બોલાવીને રાજાએ કહ્યું કે :—'આજે મધ્યરાત્રે નગરના દ્વાર આગળ રહેલી કુળદેવીની પૂજા કરવા જે સામગ્રી સહિત આવે, તેને તમારે અવશ્ય મારી નાખવો.' એમ કહી તેમને રજા આપીને વનરાજને સંધ્યા વખતે એકાંતમાં બોલાવી રાજાએ કહ્યું કે :—'હે વત્સ ! તું જ્યારે યુદ્ધ કરવા ચાલ્યો, ત્યારે મેં દ્વારવાસિની દેવીની પૂજા માની છે, માટે આજે મધ્યરાત્રે તે દેવીની પૂજા કરવા તારે

જવું, કે જેથી હું ઋણરહિત થાઉં.' રાજાના કહેવાથી વનરાજ મધ્યરાત્રે દીવો અને પૂજાની સામગ્રી લઈને ચાલ્યો. એવામાં પોતાના ઘરથી અટારી (ગેલેરી)માં બેઠેલા નૃસિંહકુમારે તેને જોયો, અને ઓળખ્યો. એટલે નીચે ઉતરીને તેણે વનરાજને પૂછયું કે:—'આ શું? અત્યારે એકલા કયાં જાઓ છો?' તેણે સત્ય વાત કહી, એટલે કુમારે તેના હાથમાંથી દીવો તથા પૂજાની સામગ્રી લઈ લીધી. અને બોલ્યો કે:—'તમે ઘરે જાઓ, હું દેવીના મંદિરમાં પૂજા કરવા જઈશ.' એમ કહીને વનરાજને પાછો વાળ્યો અને રાજપુત્ર એકાગ્ર મનથી ત્યાં જવા ચાલ્યો. તે દરવાજા નજીક પહોંચ્યો, એટલામાં રાજાએ મોકલેલા પેલા બે માતંગોએ તરવારથી કુમારને મારી નાખ્યો; એટલે કલકલારવ (કોલાહલ) થઈ ગયો. તે જોઈને કેટલાક માણસોએ તરત જ રાજાને નિવેદન કર્યું. રાજા ચિત્તમાં સંતુષ્ટ થઈને 'શું છે?' એમ બોલતો ત્યાં જોવાને આવ્યો. એવામાં તો ત્યાં પોતાના પુત્રને પડેલો દીઠો; એટલે રાજા વિલાપ કરવા લાગ્યો કે:—'હા વત્સ! આ શું થયું? તારે માટે આ બધું મેં કર્યું; પણ તે તો બધું મને જ નડયું.' ઈત્યાદિ બહુ વિલાપ કરી કુમારને અગ્નિસંસ્કાર દઈ રાજાએ વનરાજને કહ્યું કે:—'હે વત્સ! તારૂં ભાગ્ય વજ્રસમાન કઠીન છે. મારા પુરોહિતનું કથન બધું સત્ય થયું. તું પૂરેપૂરો ભાગ્યવંત છે.' પછી તેના જન્મદિવસથી માંડીને બધો વૃત્તાંત રાજાએ વનરાજને કહી સંભળાવ્યો; અને કહ્યું:—'મારો અપરાધ ક્ષમા કર અને આ રાજ્ય તું ગ્રહણ કર, તારા ભાગ્યે જ તને રાજ્ય આપ્યું

છે. હું તો હવે દીક્ષા લઈશ.' આ પ્રમાણે કહી શુભ અવસરે રાજાએ વનરાજને પોતાના સિંહાસન પર બેસાડી રાજ્ય આપીને પોતે વનમાં જઈ દીક્ષા અંગીકાર કરી. પછી વનરાજ રાજા સૂર્યના જેવા પ્રતાપથી અને શોભા પામતા ન્યાયથી પ્રજાને અને રાજ્યને પાળવા લાગ્યો.

એકદા નંદન ઉદ્યાનમાં ચાર જ્ઞાનધારી નંદનાચાર્ય પધાર્યા. એટલે રાજા પરિવાર સહિત તેમને વંદન કરવા ગયો. ત્યાં મુનીશ્વરને વંદન કરી ઉચિતાસને બેસી તેમનો ઉપદેશ સાંભળીને રાજાએ પોતાનો પૂર્વ ભવ પૂછ્યો :–' કે ભગવન્ ! પૂર્વ ભવે મેં શું સુકૃત કર્યું હતું કે જેથી આવું અદ્ભુત રાજ્ય હું પામ્યો !' એટલે જ્ઞાનાતિશયસંપન્ન મુનિ મધુર ધ્વનિથી કહેવા લાગ્યા કે :—“હે રાજન્ ! પૂર્વ ભવમાં તેં શ્રદ્ધા અને ભાવપૂર્વક જિનેશ્વરની સ્તુતિ કરી હતી, તેથી તું વિશાળ રાજ્ય પામ્યો. અને 'સ્તુતિમાત્રથી મને લાભ થશે કે નહિ ?' એવી મનમાં શંકા કરી હતી, તેથી આંતરે આંતરે સુખ પામ્યો. વળી અંતકાળે તેં વિચાર્યું હતું કે—'સુકુળથી શું ? ભાગ્ય જ અધિક છે.' તેથી તું દાસીનો પુત્ર થયો” આ પ્રમાણે મુનિનાં વચન સાંભળી જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થતાં પૂર્વ ભવ સંભારીને તે સદ્ધ્યાનમાં તત્પર થયો અને ઘરે જઇને જિનધર્મનું આરાધન કરવા લાગ્યો. તેણે અનેક જિન-દેરાસરો અને જિનબિંબો કરાવ્યા તથા મનોહર નવા નવા કાવ્ય અને છંદોથી તે વિવિધ અષ્ટપ્રકારી પૂજા સાથે વિશેષે ભાવપૂજા કરવા લાગ્યો અને કરાવવા લાગ્યો. અંતરમાં તત્ત્વનો

વિચાર કરતો એવો તે આવશ્યકાદિ (પ્રતિક્રમણાદિ) ક્રિયા કરવા લાગ્યો અને અંતે ચારિત્ર ગ્રહણ કરી નિરતિચાર પાળીને મોક્ષને પામ્યો.

## ઇતિ વનરાજ કથા

---

આ પ્રમાણે અનેક ભવ્ય જીવો જિનપૂજાથી પૂજ્યતા અને પરમપદને પામ્યા છે, માટે જેઓ સર્વથા જિનપૂજામાં તત્પર રહે છે તેમને ધન્ય છે. વળી મોટો આડંબર કરવાથી શું? સર્વથા સર્વત્ર ભાવ જ પ્રધાન છે.

## ગુરુભક્તિ ઉપર ભિલ્લ કથા

હવે ગુરુભક્તિને અંગે ઉપદેશ આપે છે. તે સંબંધમાં શ્રી ઉપદેશમાળામાં કહ્યું છે કે:–'સુગતિના માર્ગમાં દીવા સમાન એવા જ્ઞાનદાતા સુગુરુને શું અદેય હોય? જુઓ! તે ભિલ્લે શિવને પોતાની ચક્ષુ આપી.' તે દૃષ્ટાંત આ પ્રમાણે છે:–

એક અટવીની ગિરિગુફામાં એક મ્હોટો પ્રાસાદ હતો. ત્યાં શિવની અધિષ્ઠાયિકા પ્રતિમા હતી. તેને પોતાનું સર્વસ્વ માનીને કોઈ ધાર્મિક બ્રાહ્મણ દૂરથી આવી દરરોજ તેની સેવા કરતો હતો. સ્વચ્છ જળથી પ્રથમ સ્નાન કરાવી, ચંદનથી વિલેપન કરી, સુગંધી પુષ્પથી પૂજન કરી, આગળ બળિ ધરી, પ્રધાન ધૂપ ઉવેખી, સ્તવના કરીને મસ્તક પર અંજલિ જોડી તે હંમેશા આ પ્રમાણે કહેતો કે:—

"त्वयि तुष्टे मम स्वामिन्,
संपत्स्यंतेऽखिलाः श्रियः ।
त्वमेव शरणं मेऽस्तु,
प्रसाद परमेश्वर" ॥

'હે સ્વામિન્ ! તમે સંતુષ્ટ (પ્રસન્ન) થતાં મને સર્વ પ્રકારની સંપત્તિની પ્રાપ્તિ થશે. તમે જ મારાં શરણ છો; માટે હે પરમેશ્વર! મારા પર પ્રસન્ન થાઓ.' આ પ્રમાણે સદા વિજ્ઞપ્તિ કરીને તે પોતાના ઘરે જતો. એકદા પોતાની પૂજા અસ્તવ્યસ્ત થયેલી જોઈને તેનું કારણ જાણવા માટે તે પૂજન કરીને એકાંતમાં બેસી ગયો. એવામાં એક ભીલ ડાબા હાથમાં ધનુષ્યબાણ તથા જમણા હાથમાં પુષ્પ લઈ, મુખમાં જળ લઈ, ત્યાં આવી શિવની પૂર્વની પૂજાને પોતાના પગથી દૂર કરી, મુખમાં રહેલ જળથી છંટકાવ (પખાળ) અને પુષ્પપૂજા કરીને નમ્યો; એટલે શિવ તેની સાથે વાર્તાલાપ કરવા લાગ્યા. પછી ભીલ ચાલ્યો ગયો. એટલે તે ધાર્મિક બ્રાહ્મણ અંતરમાં ખેદ પામ્યો અને કોપથી શિવને ઠપકો દેવા લાગ્યો. કે :–'અહો ! શિવ ! જેવો આ ભીલ – તેવો જ તું જણાય છે, અશુચિ શરીરથી તે અધમે પૂજા કરી, છતાં તેની સાથે તું વાર્તાલાપ કરે છે, અને મને તો સ્વપ્નમાં પણ દર્શન દેતો નથી.' શિવ બોલ્યા કે :–'કોપ ન કર, તેનું કારણ તું સ્વયમેવ (પોતાની મેળે જ) જાણી શકીશ.'

હવે તે વાતને આઠ દિવસ થઈ ગયા પછી એક દિવસ પેલા ધાર્મિક બ્રાહ્મણે શિવની એક આંખ જોઇ; એટલે તે શોચ (શોક) કરવા લાગ્યો કે :–'અહો ! શિવનું બીજું સ્વર્ણનેત્ર ક્યાં ગયું ? કોઈ દુષ્ટે તેનું હરણ કર્યું લાગે છે' એમ ખેદ કરીને તે એકાંતમાં બેસી રહ્યો. એવામાં ભીલ આવ્યો અને શિવને તથાવિધ જોઇને તેણે તરત જ પોતાની આંખ કહાડીને શિવને ચડાવી. એટલે શિવ બોલ્યા કે–'હે સાત્ત્વિક ! વર માગ.' ભીલ બોલ્યો કે :–'હે સ્વામિન્ ! તમારા પ્રસાદથી મારે બધું છે.' એટલે ફરી શિવ બોલ્યા કે :–'હે સાત્ત્વિક ! મારે તારૂં સત્ત્વ જ જોવું હતું તે જોયું.' એમ કહી પોતાનું પૂર્વ નેત્ર પ્રગટ કર્યું અને તેનું નેત્ર (આંખ) પાછું આપ્યું–અસલ પ્રમાણે કરી દીધું. પછી ભીલ નમસ્કાર કરીને ચાલ્યો. એટલે શિવે ધાર્મિક બ્રાહ્મણને કહ્યું કે :–'તેં જોયું ? અમે દેવો તો ભાવથી સંતુષ્ટ થઇએ છીએ. બાહ્ય ભક્તિમાત્રથી સંતુષ્ટ થતા નથી.' પછી ધાર્મિક બ્રાહ્મણ પણ નમસ્કાર કરીને ચાલ્યો ગયો.

**ઇતિ ગુરુભક્તિ ઉપર ભિલ્લની કથા**

---

## શ્રી પાર્શ્વનાથ ભગવાન

માટે હે ભવ્યો ! ધર્મમાં પણ ભાવથી જ સિદ્ધિ થાય છે. એમ જાણીને શ્રી જિનધર્મના આરાધનમાં ભાવપૂર્વક ઉદ્યમ કરવો.' ઇત્યાદિ દેશના આપીને ગણધર વિરામ (દેશનાની પૂર્ણાહુતિ કરી ) પામ્યા એટલે સર્વ લોકો પાર્શ્વપ્રભુને નમસ્કાર કરીને પોતપોતાને સ્થાને ગયા. પછી ધરણેંદ્ર સેવક થઈને ભગવંતની

આગળ દિવ્ય નાટક કર્યું. **પાર્શ્વયક્ષ** અધિષ્ઠાયક થયો. પ્રભાવપૂર્ણ, સુવર્ણ જેવા વર્ણવાળી તથા કુર્કટ જાતિના સર્પના વાહનવાળી **પદ્માવતી** શાસનદેવી થઈ.

પછી શ્રી પાર્શ્વનાથપ્રભુ સુવર્ણકમળપર પોતાના ચરણને સ્થાપતા, તથા આકાશમાં દુંદુભિનાદ, આગળ ધર્મચક્ર, ઉપર છત્ર. બે બાજુ ચામર અને પાછળના ભાગમાં ભામંડળ – એવા બાહ્યાતિશયથી શોભતા ધરતીતળપર વિચરવા લાગ્યા.

सकलकुशलवल्लीवर्धने मेघतुल्यो, भविककमलहेलिः सौख्यसंपत्प्रवालः ।
सुखजलनिधिचंद्रोदेवदेवेंद्रर्वांद्यो, वितरतुविजयेनः पार्श्वनाथो जिनेन्द्र ॥

શ્રી તપાગચ્છે પૂ. આ. શ્રી જગચ્ચંદ્રસૂરિજી પટ્ટપરંપરાલંકાર
પૂ. આ. શ્રી હેમવિમલસૂરિજી સંતાનીય ગચ્છાધિરાજ
પૂ. આ શ્રી હેમસોમસૂરિજી વિજયરાજ્યે પૂ. પં.
સંઘવીર ગણીશિષ્ય પં. ઉદયવીર ગણીવિરચિત
શ્રી પાર્શ્વનાથ ચરિત્ર સપ્તમ સર્ગ સમાપ્ત.

**ગણધર ભગવંતની દેશનાવર્ણનરૂપ**
**સાતમો સર્ગ સમાપ્ત.**

———

श्री ગોડીયા પાર્શ્વનાથાય નમઃ
શ્રી શામળા પાર્શ્વનાથાય નમઃ
શ્રી અવંતિપાર્શ્વનાથાય નમઃ
શ્રી નાગેશ્વરપાર્શ્વનાથાય નમઃ

# આઠમો સર્ગ

[ દેવેંદ્રના નાથ તથા વિશ્વત્રયના આધાર એવા પાર્શ્વનાથ ભગવાનને નમસ્કાર કરીને ગુરુના પ્રસાદથી હું આઠમો પ્રધાન સર્ગ ગદ્યબંધથી કહીશ. ]

ત્રણ જગતના સ્વામી, જગતના ગુરુ, પાર્શ્વયક્ષથી સેવિત, સર્પ લાંછન તથા આઠ મહાપ્રાતિહાર્યોથી બિરાજમાન, ચોત્રીશ અતિશયોથી શોભાયમાન તથા વાણીના પાંત્રીશ ગુણોથી શોભતા એવા ભગવંત પાર્શ્વનાથ વિહાર કરતાં એકદા પુંડ્રદેશના સાકેતપુર નગરના આમ્રોદ્યાન નામના વનમાં પધાર્યા.

પૂર્વ દેશમાં તામ્રલિપ્તિ નગરીમાં બંધુદત્ત નામે એક યુવાન સાર્થવાહ રહેતો હતો, તે પૂર્વભવમાં બ્રાહ્મણ હતો. તે

વખતમાં અન્ય પુરુષમાં આસક્ત થયેલી તેની પત્નીએ તેને વિષ દઈને બહાર નાખી દીધો હતો. એ વખતે એક દયાળુ ગોવાલણે તેને જીવાડયો હતો. તે વૈરાગ્યથી સંન્યસ્ત દીક્ષા લઈ મરણ પામીને સાગરદત્ત નામે શ્રેષ્ઠિપુત્ર થયો. તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થવાથી તે સર્વ સ્ત્રીઓથી સર્વથા વિરક્ત રહેતો હતો. હવે પેલી ગોવાલણ મરણ પામીને તે જ નગરમાં એક શેઠની રૂપવતી કન્યા થઈ. તેને તેના ભાઇઓએ સાગરદત્ત વેરે વરાવી, (વેવિશાળ કર્યું.) તે કન્યામાં પણ તેનું મન ન હતું. સ્ત્રી માત્રને તે કલેજાની છરી સમાન માનતો હતો. એટલે તે કન્યાએ તેને તથાવિધ સમજીને કાગળમાં એક શ્લોક લખીને મોકલ્યો. તે શ્લોક આ પ્રમાણે હતો :—

"कुलीनामनुरक्तांच, किं स्त्रीं त्यजसि कोविद ।
कौमुद्या हि शशो भाति, विद्युताब्दो गृही स्त्रिया" ॥

'હે ચતુર ! કુલીન અને અનુરક્ત એવી સ્ત્રીનો ત્યાગ શા માટે કરો છો ? કારણ કે જેમ ચાંદનીથી ચંદ્ર અને વિજળીથી મેઘ શોભે તેમ સ્ત્રીથી પુરુષ શોભે છે.' આ પ્રમાણે-શ્લોક વાંચીને સાગરદત્તે તેના જવાબમાં એક શ્લોક લખી મોકલ્યો કે :—

"स्त्री नदीवत्स्वभावेन, चपला नीचगामिनी ।
उद्वृत्ता च जडात्मासौ, पक्षद्वयविनाशिनी" ॥

'સ્રી સ્વભાવથી જ નદીની જેમ ચપળ તેમજ નીચગામિની હોય છે અને ઉદ્‌વૃત્ત (ઉન્મત્ત) થયેલી જડાત્મ (જલાત્મા) એવી તે પક્ષદ્વયનો (બે કાંઠાનો – સ્રીપક્ષે સ્વસુર ને પિતા બંને પક્ષનો) વિનાશ કરનારી હોય છે.' આ શ્લોક વાંચીને તે કન્યાએ મનમાં વિચાર કર્યો કે:–'ખરેખર ! એ પૂર્વ જન્મના સ્રી દોષને સંભારતા જણાય છે.' પછી તે કન્યાએ ફરી શ્લોક લખી મોકલ્યો – તે આ પ્રમાણે હતો:—

"एकस्या दूषणे सर्वा, तज्जातिर्नैव दुष्यति ।
अमावास्येव रात्रित्वा-त्याज्येंदोः
पूर्णिमापि किम् ?" ॥

'એકના દૂષણથી તેની સર્વ જાતિ દૂષિત થતી નથી, અમાવાસ્યાની જેમ રાત્રિ હોવાથી શું પૂર્ણિમાને પણ ઇંદુ (ચંદ્ર) છોડી દે છે?'

આ પ્રમાણેના તેના ચાતુર્યથી રંજિત (ખુશ) થઈને સાગરદત્ત તે કન્યાને પરણ્યો અને તેની સાથે વિષય સુખ ભોગવવા લાગ્યો.

પછી સાગરદત્તે સમુદ્રમાર્ગે વ્યાપાર કરવાનો સાત વાર પ્રયત્ન કર્યો, પણ સાતે વાર વહાણ ભાંગી ગયા, તેથી તે લોકોમાં હાંસીપાત્ર થયો. એટલે વિચારવા લાગ્યો કે:—'હવે મારે શું કરવું ? મારા જીવિતને ધિક્કાર થાઓ.' આ પ્રમાણેના વિચારમાં તે દિગ્મૂઢ બની ગયો. પછી આમતેમ ગામોમાં

ભમતાં એકદા કુવામાંથી જળ કાઢતાં કોઇ માણસને સાત વાર જળ આવ્યું નહિ અને આઠમી વાર આવ્યું. તે જોઇને તેને સ્મરણમાં આવ્યું કે :–'સાત વાર મારાં વહાણ ભાંગ્યાં, પણ હવે આઠમી વાર જોઉં.' એમ ચિંતવી શુભ શુકન થતાં વહાણ લઇને તે સિંહલદ્વીપ તરફ ચાલ્યો, અને સુવાયુના યોગે તે અનુક્રમે સિંહલદ્વીપથી રત્નદ્વીપે ગયો. ત્યાંથી ઘણા રત્નો લઈને તે પોતાના નગર તરફ વળ્યો. એવામાં રત્નના લોભી નિર્યામકો ( નાવિકો ) એ રાત્રે તેને મહાસાગરમાં નાખી દીધો; પણ દૈવયોગે એક ફલક ( પાટીયું ) મળી જવાથી તે સમુદ્રકાંઠે નીકળ્યો. પછી પરિભ્રમણ કરતાં અનુક્રમે તે પાટલીપુરમાં આવ્યો. ત્યાં વ્યાપારને માટે આવેલા તેના સસરાએ તેને જોયો; એટલે પોતાને ઉતારે લઇ જઈને તેને સ્નાન, ભોજન કરાવ્યું. પછી તેણે પોતાનો બધો વૃત્તાંત કહ્યો, એટલે તેના સસરાએ તેને ત્યાં રાખ્યો, અને તે પણ ત્યાં રહ્યો.

કેટલાક દિવસો ગયા પછી તેનું વહાણ પણ ત્યાં આવ્યું, એટલે સાગરદત્તો રાજાની આજ્ઞા મેળવીને તે નાવિકોને અટકાવ્યા, અને પોતાના રત્નો લઇને મુક્ત કર્યા. પછી સાગરદત્ત પોતાને ઘરે ગયો, અને વિશેષ ધન ઉપાર્જન કરવાથી દાન અને ભોગ વડે પોતાના ધનને સફળ કરવા લાગ્યો. તે બ્રાહ્મણ યોગી અને અન્ય દર્શનીઓને પણ આહાર વસ્ત્રાદિકનું દાન આપીને તેમને પૂછતો કે :–'કયા દેવ અને કયા ગુરુ મોક્ષ આપી શકે ?' એટલે તે બધા ભિન્ન ભિન્ન ( જુદા જુદા ) મત દર્શાવવા લાગ્યા, તેથી સાગરદત્તના મનમાં સંશય થયો.

કે :—'કયા ધર્મને સેવું ? સત્યવાદી કોણ ? જેનાથી મને સાચો ધર્મ મળી શકે.' આમ વિચારીને તે વિવિધ શાસ્ત્રો સાંભળવા લાગ્યો.

એકદા શરીરચિંતા (કળશીયે) ને માટે તે જંગલમાં ગયો. ત્યાં ધ્યાનસ્થ એક સાધુને સાગરદત્તે વંદન કર્યું. અને પૂછયું કે :—'હે સ્વામિન્ ! દેવ, ગુરુ અને ધર્મ શું ? અને તે કોણ છે ! તે મને બધું સત્ય કહો' સાધુએ કાયોત્સર્ગ પારીને કહ્યું કે :–'હે મહાનુભાવ ! હું અનગાર છું; રાજ્ય તજી દીક્ષા લઈને સિદ્ધનું ધ્યાન કરૂં છું. હું તને સત્ય વાત કહી શકું પણ તેથી મારા ધ્યાનનો ભંગ થાય, માટે કાલે અહીં ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પધારશે, તેમને વંદન કરીને પ્રશ્ન કરજે.' આ પ્રમાણે સાંભળી હર્ષિત થઈને તે ઘરે ગયો. બીજે દિવસે ભગવંત ત્યાં પધાર્યા. એટલે તેમનું આગમન જાણી રાજા, નગરજનો તથા સાગરદત્ત પણ હર્ષિત થઈને જિનવંદના કરવા આવ્યો. લાભનું કારણ જાણીને ભગવંતે પણ સાગરદત્તને ઉદ્દેશીને જ ધર્મદેશના આપી. સાગરદત્ત એક ચિત્તે દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વના ભેદ સાંભળવા લાગ્યો. ભગવંતે સાગરદત્તના સર્વ સંશય દૂર કર્યા; એટલે તે ધર્મ સાંભળતાં જ વૈરાગ્ય પામ્યો, અને ભગવંતના ચરણમાં જઈને નમ્યો. તે વખતે શુક્લધ્યાન ધ્યાતાં શુભ ભાવથી તેને ત્યાં જ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. પછી યતિવેષ ધારણ કરીને તે કેવળીની સભામાં જઇને બેઠા અને અનુક્રમે પરમપદને પામ્યા.

આ પ્રમાણે એકાંતે પરોપકારી એવા પાર્શ્વનાથ ભગવંતે તેને સંસારથી તાર્યો.

ઇતિ સાગરદત્ત કથા

---

## ચાર મુનિની કથા

શુદ્ધ વંશમાં ઉત્પન્ન થયેલા શિવ, સુંદર, સોમ અને જય એવા નામના ચાર શિષ્યો કે જેમણે ઘણા વખતથી વ્રત લીધું હતું અને બહુશ્રુત થયા હતા, તેમણે ભગવંતને પ્રણામ (વંદન) કરીને પૂછયું કે :–'હે ભગવન્! અમને આ ભવમાં સિદ્ધિ પ્રાપ્ત થશે કે નહિ?' પ્રભુ બોલ્યા કે :–'તમે ચરમ-શરીરી હોવાથી આ ભવમાં જ સિદ્ધ થશો.' એટલે તેમણે ચિંતવ્યું કે :–"જો આ ભવમાં આપણે સિદ્ધ થવાના છીએ તો ફોગટ દેહકષ્ટ શા માટે સહન કરવું? સ્વેચ્છાએ ખાવું, પીવું અને સુઇ જવું. બૌદ્ધ દર્શનમાં પણ કહ્યું છે કે–'મનોજ્ઞ ભોજન, મનોજ્ઞ (મનોઇચ્છિત) શયન અને મનોજ્ઞ ઘરમાં રહેતા છતાં મનોજ્ઞ વ્રત ધારણ કરવું. સવારે દૂધ અને દારૂ પીવો, બપોરે સ્વાદિષ્ટ ભોજન કરવું, સાંજે દારૂ અને સાકર (શેરડીનો રસ) પીવી, રાત્રે દ્રાક્ષ ખાવી–એમ સુખોપભોગ કરતાં અંતે મોક્ષ મળે છે.' માટે આપણે પણ તે પ્રમાણે જ દિવસો ગાળીએ, ફોગટ કષ્ટ કરવાથી શું?" આવો નિર્ણય કરી તે સાધુઓ ચારિત્ર છોડી દઇ અન્યત્ર જઇને તે પ્રમાણે સમય

ગાળવા લાગ્યા. અન્યદા તેમની આસન્નસિદ્ધિ (નજીકમાં) હોવાને લીધે કેટલાક વખત પછી તેમના મનમાં પાછો વિચાર ઉત્પન્ન થયો કે :–"અહો ! ત્રણ લોકના આધાર, અને જગત્‌ના ગુરુ શ્રી પાર્શ્વનાથને પામીને આપણે ઉલટો આપણા આત્માને શિથિલ કર્યો. સચ્ચારિત્રરૂપ જળમાં સ્નાન કરીને આપણે કુમતિ-સંસર્ગરૂપ રજ (ધુળ)માં આપણા આત્માને આળોટાવ્યો. આમ કરવાથી પ્રમાદવશે (આળસવશે) આપણી શી ગતિ થશે ? અત્યારે આપણને પાર્શ્વનાથ પરમાત્મા સિવાય અન્ય શરણ નથી." વળી તે ફરી ચિંતવવા લાગ્યો કે :–'હે ભગવન્ ! આપ જ અમારા શરણ છો, માટે કૃપા કરીને અમને આલંબન આપો.' એમ ચિંતવતાં તે ચારે ક્ષપકશ્રેણિએ ચડયા અને શ્રી પાર્શ્વનાથ પરમાત્માના ધ્યાનના પ્રભાવથી કેવળજ્ઞાન પામીને સિદ્ધ થયા. અહો ! શુભ ધ્યાનનો કેવો ઉત્કૃષ્ટ પ્રભાવ છે તે જુઓ. વળી ભગવંત આ રીતે એકાંત પરોપકારી હતા.

## ઇતિ ચાર મુનિ કથા

---

## બંધુદત્ત કથા

નાગપુરીમાં **ધનપતિ** નામનો ધનિક વ્યવહારી રહેતો હતો. તેને **બંધુદત્ત** નામે પુત્ર હતો. તેને તેના પિતાએ વસુનંદની પુત્રી **ચંદ્રલેખા** સાથે પરણાવ્યો. એવામાં તેના હાથમાં હજી કંકણ છતાં સર્પે ચંદ્રલેખાને ડશી અને તે મરણ

પામી. એ પ્રમાણે તેની છ સ્રીઓ પરણતાં જ ગુજરી ગઈ. એટલે 'વિષહસ્ત અને વિષવર' એવા નામથી તે બંધુદત્તની પ્રસિદ્ધિ થઈ પછી તેને કોઈએ કન્યા ન આપવાથી તે કૃષ્ણ (વદ) પક્ષના ચંદ્રની જેમ દિવસે દિવસે ક્ષીણ થવા લાગ્યો. તેને તેવો ખિન્ન ચિત્તવાળો જોઈને તેના પિતાએ યાન (વહાણ) સજ્જ કરાવીને વ્યાપાર કરવા મોકલ્યો. પિતાની આજ્ઞાથી દ્વીપાંતરમાં જઈને તેણે બહુ ધન ઉપાર્જન કર્યું. પછી બહુ લાભથી સંતુષ્ટ થઈને તે પોતાના નગર ભણી પાછો વળ્યો. સમુદ્રમાર્ગે ચાલતાં દુર્વાયુના યોગે અધવચ તેનું વહાણ ભાંગ્યું, ભાગ્યયોગે તેને લાકડાનો તરાપો મળ્યો અને રત્નદ્વીપે નીકળ્યો. પગે ચાલતો અને ફળાહાર કરતો તે રત્નાદ્રિ પર ગયો. ત્યાં રત્નો ગ્રહણ કરતાં તેણે એક મોટો જિનપ્રાસાદ જોયો; એટલે તે દેરાસરમાં પ્રવેશ કરીને શ્રી નેમિનાથની પ્રતિમાને નમસ્કાર કરી બહાર વૃક્ષની છાયામાં બેઠેલા અને શુક્લધ્યાન ધ્યાતા એવા કેટલાક મુનિઓને જોઇને તેણે વંદન કર્યું અને પોતાનો બધો વૃત્તાંત નિવેદન કર્યો; એટલે તેમાંના પ્રથમ મુનિએ તેને પ્રતિબોધ આપીને જૈનધર્મમાં દઢ કર્યો. એ વખતે **ચિત્રાંગદ** નામે કોઈ વિદ્યાધર મુનિને વંદન કરવા આવ્યો હતો. તેણે બંધુદત્ત પર સ્વધાર્મિકપણાથી પ્રસન્ન થઈને તેને આમંત્રણ કર્યું અને પોતાને ઘરે લઈ ગયો. ત્યાં બંધુદત્તને સ્નાન વિલેપન અને ભક્તિપૂર્વક ભોજન કરાવીને તે બોલ્યો કે :—'તું મારો સાધર્મિક ધર્મબંધુ છે, માટે તને આકાશગામિની વિદ્યા આપું કે કન્યા આપું ?' બંધુદત્ત બોલ્યો કે :—'હું સામાન્ય વણિક

વેપારી છું, માટે મારે વિદ્યાનું શું પ્રયોજન છે?' એમ બોલીને તે મૌન રહ્યો. એટલે ખેચરે વિચાર કર્યો કે:–' એને કન્યાની અભિલાષા લાગે છે, માટે જે સુરૂપવતી અને આયુષ્યમતી કન્યા હોય તે એને આપું; પણ તેવી કન્યા કયાં છે?' આમ વિચારે છે એટલે તેની બહેન સુવર્ણલેખાએ તેણે કહ્યું કે:—

"કૌશાંબીમાં જિનદત્ત શેઠની પ્રિયદર્શના નામે કુમારી પુત્રી મારી સખી તે સુરૂપા અને આયુષ્યમતી (લાંબા આયુષ્યવાળી) છે, તેના પિતાએ ચતુર્જ્ઞાની મુનિને પૂછયું હતું કે:–' આ કન્યા કેવી થશે?' એટલે જ્ઞાનીએ કહ્યું હતું કે–' આ કન્યા લગ્ન કરી પુત્ર પ્રસવીને ચારિત્ર ગ્રહણ કરશે.' આ પ્રમાણે મેં સાંભળ્યું છે; માટે તે કન્યા જ એને અપાવવી" પછી ચિત્રાંગદ વિદ્યાધર. મિત્ર વિદ્યાધરો અને બંધુદત્ત સહિત કૌશાંબી ગયો. ત્યાં શ્રી પાર્શ્વનાથનું દેરાસર જોઈ. તેમાં પ્રવેશ કરીને પ્રભુને નમન કરતાં બંધુદત્ત ભગવંતની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો:–' ત્રિભુવનને મુગટ સમાન, સુરાસુરથી નમન કરાયેલા અને જેને નમાવી શકાયા એવા સંસાર–સાગરમાં આધારરૂપ એવા હે પાર્શ્વજિન! તમે જયવંત વર્તો. હે સ્વામિન્! આપના દર્શન કરતાં રોગ, અગ્નિ, પાણી, સર્પ, ચોર, શત્રુ અને શ્વાપદથી થતાં બાહ્ય અને આંતરિક ભય નષ્ટ થાય છે' ઈત્યાદિ બંધુદત્ત સ્તુતિપાઠ કરતો હતો, એવામાં જિનદત્ત ત્યાં પૂજા કરવા આવ્યો. અને ત્યાં વિદ્યાધરોને તથા સાધર્મિક બંધુદત્તને જોઇને તે આનંદ પામ્યો. પછી તેમને આમંત્રી પોતાને ઘરે લઈ જઇને સ્નાન, ભોજનાદિકથી સત્કાર કરી તેણે પૂછયું કે– તમે શા કારણે આવ્યા છો?' તેઓ બોલ્યા કે–' અમે

તીર્થવંદન કરવા અહીં આવ્યા છીએ.' એટલે ફરી જિનદત્ત બોલ્યો કે –' મારે લાયક કામસેવા ફરમાવો.' તેઓ બોલ્યા કે –' અમે વિદ્યાધર ( ખેચર ) છીએ, અને આ બંધુદત્ત ભૂચર છે, તમે પણ ભૂચર ( ભૂમિપર ચાલનાર ) છો, તે બંધુદત્તને તમારી પ્રિયદર્શના પુત્રી પરણાવો. આ મહાનુભાવ ખરેખરો ધર્મિષ્ઠ છે.' પછી તેના ધર્મિષ્ઠપણાથી રંજિત ( ખુશ ) થઇને જિનદત્તે પોતાની પુત્રી બંધુદત્તને પરણાવી; એટલે વિદ્યાધરો સંતુષ્ટ થઈને પોતાના સ્થાને ગયા. અને બંધુદત્ત તેની સાથે પંચેંદ્રિયના વિષયસુખ ભોગવતો ત્યાં જ રહ્યો. વળી સામાયિક, પ્રતિક્રમણ અને પૌષધાદિક ધર્મકૃત્ય પણ તે કરવા લાગ્યો. કેટલાક વખત પછી તે સગર્ભા થઈ, એટલે સસરાને પૂછી તેને લઈને બંધુદત્ત પોતાના નગર ભણી ચાલ્યો. થોડા સાર્થની સાથે ચાલતાં તે અનુક્રમે એક ભયંકર અટવીમાં આવી પહોંચ્યો. તે અટવીનું ત્રણ દિવસમાં ઉલ્લંઘન કરીને તે એક સરોવરના તીરે આવ્યો. એવામાં દૈવયોગે ચંડસેન નામના પલ્લીપતિના યમદૂત જેવા ભીલોએ અકસ્માત તે સાર્થ પર હુમલો કર્યો; અને સાર્થનું સર્વસ્વ તથા પ્રિયદર્શનાને લઇને તે ચાલ્યા ગયા. તેમણે તે માલ પ્રિયદર્શના સહિત પેલા પલ્લીપતિને હવાલે કર્યો એટલે પલ્લીપતિ તે પ્રિયદર્શનાને રૂપવતી જોઈને સંતુષ્ટ થઇ ચિંતવવા લાગ્યો કે :–' હું એને મારી મુખ્ય સ્ત્રી કરીશ.' પછી ચંડસેને તેને પૂછ્યું કે :–' હે ભદ્રે ! તું કોણ છે ? તું કોની પુત્રી છે અને તારૂં નામ શું છે ? ' તે બોલી કે :–' હું કૌશાંબીના રહેનાર જિનદત્ત શેઠની પ્રિયદર્શના નામે પુત્રી છું.' તે સાંભળીને ચંડસેન બોલ્યો કે :–" અહો ! જો

એમ હોય તો તું મારી બહેન છે, કેમકે તું મારા ઉપકારીની પુત્રી છે. સાંભળ – એકદા ચોરો સાથે સાંજે હું કૌશાંબીની બહાર દારૂ પીતો હતો. એવામાં રાજપુરુષોએ મને પકડયો અને બીજા ભીલો તે વખતે ભાગી ગયા. મને એકલાને રાજા પાસે ખડો કર્યો. રાજાએ વધનો આદેશ કર્યો; એટલે રાજસેવકો મારો વધ કરવા માટે મને વધભૂમિ તરફ લઈ જતા હતા, એવામાં માર્ગે પૌષધ કરીને ઘર ભણી જતા તારા પિતા સામા મળ્યા. તેણે મારી પ્રાર્થના સાંભળી રાજાને વિજ્ઞપ્તિ કરીને મને છોડાવ્યો. માટે તું મારી બહેન છે. કહે, તારૂં હિત હું શું કરૂં ?" તે બોલી કે:–'હે બાંધવ ! ધાડ પડવાથી વિખુટા પડી ગયેલાં મારા પતિ બંધુદત્તની શોધ કરીને તેને અહીં લઈ આવ.' એટલે ચંડસેને તેને બ્હેનસમાન ગણી પોતાને ઘરે મૂકીને તેના પતિની શોધ કરવા ચાલ્યો. બહુ સ્થળે ભમવા છતાં પણ બંધુદત્તનો પત્તો ન લાગ્યો. એટલે નિરાશ થઇને તે પાછો આવ્યો: અને ફરી બધે પોતાના ભીલોને તપાસ કરવા મોકલ્યા. એવામાં ત્યાં પ્રિયદર્શનાએ પુત્ર પ્રસવ્યો. પેલા ભીલો પણ બધે તપાસ કરતાં બંધુદત્ત ન મળવાથી પાછા આવ્યા. એકદા પલ્લિપતિએ પોતાની કુળદેવી આગળ માનતા કરી કે– 'હે માતા ! જો એક માસમાં પ્રિયદર્શનાનો પતિ બંધુદત્ત મળશે તો હું દશ પુરુષોનું તને બલિદાન આપીશ.' આ હકીકતને પચીશ દિવસ થઈ ગયા, પણ બંધુદત્ત તો ન મળ્યો; તો પણ બલિદાનને માટે દશ પુરુષોને લાવવા ચંડસેને પોતાના સેવકો મોકલ્યા.

અહીં પત્નીના વિરહથી દુઃખી થયેલો સર્વત્ર ભ્રમણ કરતો બંધુદત્ત હિંતાલપર્વતના વનમાં ગયો. ત્યાં એક મોટું સપ્તચ્છદવૃક્ષ તેના જોવામાં આવ્યું. તે જોઈને બંધુદત્તે વિચાર કર્યો કે:–'મારા વિના પ્રિયદર્શના એક ક્ષણવાર પણ જીવી શકવાની નથી, તેથી તે મરણ પામી હશે, તો હવે મારે પણ જીવીને શું કરવું ? માટે હું પણ યમનો અતિથિ થાઉં.' આમ નિશ્ચય કરી તે વૃક્ષપર જેટલામાં તે ગળે પાસ (ફાંસો) નાખે છે, તેટલામાં સરોવરને તીરે હંસીથી વિયોગ પામેલ એવા એક હંસને તેણે જોયો. સર્વત્ર તેની શોધ માટે ભમતા તે હંસે પદ્મની છાયામાં છુપાઈ ગયેલી પોતાની હંસીને જોઈ, એટલે તેની સાથે ભેટીને તે સુખી થયો. આ કૌતુક જોઇને બંધુદત્તે વિચાર કર્યો કે:–'જીવતા માણસો ફરી પણ સંયોગ પામે છે, માટે મરણથી સર્યું; હવે તો હું ફરીને પણ તેની તપાસ કરૂં. વળી નિર્ધન થયેલો હું પોતાના નગરમાં પણ કેમ જાઉં ? માટે વિશાલાનગરીએ જઈ મારા મામા પાસેથી ધન લઈને પત્નિની શોધ કરૂં અને તેને છોડાવું, પછી મારે ઘેર જઈને હું તેનું દ્રવ્ય તેને પાછું આપીશ" આ પ્રમાણે ચિંતવી બીજે દિવસે તે વિશાલાનગરી ભણી ચાલ્યો. માર્ગમાં ગિરિપુર નગરની પાસે રહેલા યક્ષાલયમાં તે થાકી જવાથી રાત્રે વિસામો લેવા બેઠો. ત્યાં કોઇ બીજો મુસાફર પણ વિસામો લેવા બેઠો હતો. બંધુદત્તે તે મુસાફરને પૂછયું કે:–'હે મુસાફર બંધુ ! તું કયાંથી આવે છે ?' તે બોલ્યો કે–'હું વિશાલાનગરીથી આવું છું.' બંધુદત્તે કહ્યું કે—'ત્યાં ધનદત્ત નામે શ્રેષ્ઠી મારો મામો રહે છે. તેને કુશળ છે ?' મુસાફર બોલ્યો કે:–'હે

પથિક ! તારા ધનદત્ત મામાને રાજાએ પકડયો છે અને સહ-કુટુંબ તેને કેદખાનામાં પૂર્યો છે.' બંધુદત્તે પૂછયું કે –'શા માટે રાજાએ આમ કર્યું છે?' મુસાફર બોલ્યો કે:— ગ્રામેશ નરપતિ એકદા વનમાંથી ક્રીડા કરીને પાછા વળતા તારા મામાને પુત્ર કાર્યમાં વ્યગ્ર હોવાથી રાજાનાં આવતાં ઉભો ન થયો તેથી રાજા કોપાયમાન થયા. તે વખતે તારા ધનદત્ત મામા કોઇ ગામ ગયેલા હતા, એટલે તેના પુત્રને રાજાએ કેદ કર્યો. પછી ધનદત્ત ગામથી પાછો આવ્યો, એટલે કરોડ દ્રવ્ય આપવાનું કામ કરાવીને પુત્રને છોડાવ્યો. પરંતુ દંડ ભરવાની રકમ પૂરી ન થવાથી બાકી ધન લેવા માટે તે ધનદત્ત પોતાના ભાણેજ બંધુદત્ત પાસે ગઇ કાલે જ ગયો છે.' આ હકીકત સાંભળીને બંધુદત્ત ચિંતવવા લાગ્યો કે –'અહો મારા કર્મની ગતિ વિષમ જણાય છે; કારણ કે – અહીં પણ કંઈ નથી અને ત્યાં પણ કંઈ નથી, જ્યાં જાઉં છું ત્યાં કંઇ નથી. જે કાર્યની શરૂઆત કરૂં છું તે કર્મયોગે સિદ્ધ જ થતું નથી. હવે મારે શું કરવું અને કયાં જવું?' આમ ચિંતવીને તે મામાના ગામ ભણી ચાલ્યો, એવામાં માર્ગમાં તેના મામા મળ્યા; એટલે પરસ્પર આલિંગન દઇને બંને સ્નેહસહિત મળ્યા. પછી પોતપોતાને વૃત્તાંત (સમાચાર) કહેવાથી તેઓ દુઃખિત થયા અને વિચાર કરવા લાગ્યા. એવામાં અકસ્માત્ બલિદાનને માટે પુરુષની શોધમાં ફરતા પલ્લિપતિના માણસોએ તેમને જોયા. એટલે તેમને પકડીને લઈ ગયા, બીજા પણ આઠ પુરુષોને માર્ગમાંથી પકડીને લઇ આવ્યા. એવામાં એક માસ પૂરો થયો એટલે પલ્લિપતિએ વિચાર્યું કે –'આજે એક મહિનો પૂરો

થયો, પણ બંધુદત્તનો તો પત્તો ન મળ્યો; તો પણ મેં જે દશ પુરુષોની માનતા કરી છે તે તો દેવીને બલિદાનમાં આપવા.' આમ ચિંતવીને પલ્લિપતિ બોલ્યો કે—'હે સેવકો ! ચાલો દેવીની આગળ આ પુરૂષોનું બલિદાન કરો.' તે વખતે તેણે પ્રિયદર્શનાને સપુત્ર ત્યાં અણાવીને દેવીને નમન કરાવ્યું; એટલે પ્રિયદર્શનાએ વિચાર કર્યો કે—'અહો ! બહુ ખેદની વાત છે કે હું શ્રાવકકુળમાં જન્મ પામી છતાં મારે નિમિત્તે આ માણસો માર્યા જાય છે. ખેદનું કારણ વિશેષ એ છે કે પલ્લિપતિને અટકાવ્યા છતાં; તે અટકતો નથી.' અહીં બંધુદત્ત પોતાનું મરણ પાસે જાણીને પંચપરમેષ્ઠિ મહામંત્રનો વારંવાર ઉચ્ચાર કરવા લાગ્યો તથા ખમતખામણા કરવા લાગ્યો અને ઉચ્ચ સ્વરે પાર્શ્વનાથનું નામ સ્મરણ કરવા લાગ્યો. તે વખતે ભીલો તેને મારવા માટે શસ્ત્રનો પ્રહાર કરવા લાગ્યા. પરંતુ બંધુદત્ત પાર્શ્વનાથના નામરૂપ મંત્રને વારંવાર સંભારતો હોવાથી તલવારનો સખ્ત પ્રહાર કરતાં પણ તે તેને લાગતી નહોતી અને તેના મામાને પણ ભગવંતના નામસ્મરણના પ્રસાદથી લાગતી નહોતી. એટલે સેવકોએ આવીને પલ્લિપતિને કહ્યું કે—'હે સ્વામિન્ ! એક પરદેશી પુરુષને સખ્ત પ્રહાર કરતાં પણ તલવાર લાગતી નથી' એટલે પલ્લિપતિ બોલ્યા કે—'તેને અહીં બોલાવો.' સેવકો તેને ત્યાં લઈ આવ્યા; એટલે ત્યાં પ્રિયદર્શના બેઠી હતી તેણે પોતાના પતિને ઓળખ્યો અને બંધુદત્તને પણ પોતાની પત્નીને જોઇને આનંદ થયો. અન્યોઅન્ય હર્ષિત થયેલા એવા તે બંનેની આંખમાંથી હર્ષના બિંદુ ટપકવા લાગ્યા એટલે પલ્લિપતિ બોલ્યો કે—'આ શું ?' પ્રિયદર્શના બોલી

કે –'આ મારા પતિ છે.' એટલે પલ્લિપતિએ બંધુદત્તને આલિંગન કર્યું. અને તેનો સારી રીતે સત્કાર કર્યો. પછી 'આ બીજું કોણ છે?' એમ પલ્લિપતિએ પૂછયું, એટલે બંધુદત્ત બોલ્યો કે :–'એ મારા મામા છે.' પછી બીજા આઠે બંદીજનોને પણ તેણે છોડાવ્યા, અને બંધુદત્ત પત્નીસહિત આઠ દિવસ ત્યાં રહ્યો. પલ્લિપતિએ તેનો વિશેષ સત્કાર કર્યો.

એકદા ચંડસેને બંધુદત્તને પૂછયું કે –"હે બંધુદત્ત ! મને અતિ વિસ્મય થાય છે કે –'કઠિન તલવારના પ્રહાર સખ્ત રીતે કરવાં છતાં પણ તને કેમ લાગ્યા નહિ? શું તારી પાસે કાંઈ ઔષધિ છે કે મંત્રનો પ્રભાવ છે? તે સત્ય કહે.' એટલે બંધુદત્ત બોલ્યો કે –'હે સ્વામિન્ ! એ ઔષધિનો કે મંત્રનો પ્રભાવ નથી. પણ એ મારા દેવ તથા ગુરુનો પ્રભાવ છે.' પલ્લિપતિએ પૂછયું કે –'તારા દેવ, ગુરુ કોણ છે?' બંધુદત્ત બોલ્યો કે –"સ્વામિન્ ! હું સોગંદ પૂર્વક સાચે સાચી વાત કહું છું તે સાંભળો — મારા દેવ પાર્શ્વનાથ ભ. છે અને ગુરુ પણ શ્રી પાર્શ્વનાથ. તેમના નામ સ્મરણથી તલવારનો પ્રહાર અટકે તેમાં શું આશ્ચર્ય? પણ શ્રી પાર્શ્વનાથ નામના પ્રભાવથી બીજા પણ ઘણા વિઘ્નો વિનાશ પામે છે." એટલે પલ્લિપતિ ફરી બોલ્યો કે –'તે દેવ કેવા છે અને કયાં છે?' બંધુદત્ત બોલ્યો કે –, તે શ્રી પાર્શ્વનાથ પ્રભુને ઈંદ્રાદિ દેવો અને નરેંદ્રો સેવે છે. તે ત્રણ ગઢ અને છત્રથી બિરાજમાન અને સચ્ચામરોથી સુશોભિત એવા ભગવાન્ અત્યારે નાગપુરીમાં વિચરે છે. તે અનંત કોટિભવના સંદેહો પણ ભાંગે છે તેમના

નામ તથા પ્રસાદથી મનોવાંછિત પદાર્થ પ્રાપ્ત થાય છે.' તે સાંભળીને પલ્લિપતિ બોલ્યો કે :–' તેમના દર્શન મને કરાવો, કે જેથી હું કૃતાર્થ થાઉં" બંધુદત્ત બોલ્યો કે :–' બહુ સારૂં" પછી પલ્લિપતિ. સ્ત્રી સહિત બંધુદત્ત તથા બંધુદત્તના મામા ધનદત્ત એ ચારે જણ મોટા આડંબરથી ચાલ્યા અને અનુક્રમે નાગપુરીમાં આવ્યા. ત્યાં ત્રિભુવનપતિ પાર્શ્વનાથના સમવસરણમાં જઈને તેમણે ભગવંતને વંદન કર્યું. પછી ભગવંતે આપેલ દેશના સાંભળીને બંધુદત્તે ભગવંતને પૂછયું કે :–' હે ભગવાન્ ! કયા કર્મથી પરણતા માત્રમાં મારી છ સ્ત્રીઓ મરણ પામી અને સાતમીનો વિરહ થયો.' ભગવંત બોલ્યા કે :–" તારો પૂર્વે કરેલા કર્મનો સંબંધ સાંભળ :—

' વિંધ્યાચળ પર્વત પર હિંસામાં તત્પર એવો **શિખરસેન** નામે પલ્લિપતિ રહેતો હતો. તેને **ચંદ્રાવતી** નામે સ્ત્રી હતી. તે પલ્લિપતિ સાતે વ્યસનને સેવનારો હતો અને અનેક પાપકર્મ કરતો હતો. એકદા માર્ગભ્રષ્ટ થયેલો સાધુસમુદાય ત્યાં આવી ચડયો. તે મુનિવરોને જોઇને પલ્લિપતિએ પૂછયું કે :— ' તમે કોણ છો ? ' તે બોલ્યા કે :–' અમે સાધુઓ માર્ગ ભુલેલા અહીં આવ્યા છીએ.' એટલે તેની પ્રિયા ચંદ્રાવતી બોલી કે :–' હે સ્વામિન્ ! એમને ફળાદિકનું ભોજન કરાવીને માર્ગે ચઢાવો' એટલે મુનિઓ બોલ્યા કે :–' અમે ઘણા સમયનું વર્ણ અને ગંધાદિ રહિત થયેલું ફળ ગ્રહણ કર્યું છે, માટે બીજા કલ્પિત ફળોથી અમારે કાંઈ પ્રયોજન નથી, પણ એક ક્ષણભર તું અહીં રહી અમારૂં કથન સાંભળ.' પછી તે બેઠો;

એટલે સાધુઓએ નમસ્કારમંત્ર સંભળાવ્યો અને કહ્યું કે:— ‘આ નમસ્કારનું તારે નિરંતર સ્મરણ કરવું અને લડાઈ વિના તારે કોઈ જીવને ન મારવો.’ એમ કહીને તે મુનિવરો અન્યત્ર વિહાર કરી ગયા. પલ્લિપતિ માર્ગ બતાવીને સ્વગૃહે પાછો આવી તે મુનિવરોની અનુમોદના કરવા લાગ્યો.

એકદા પોતાની સ્ત્રી ચંદ્રાવતી સહિત પલ્લિપતિ નદીમાં ક્રીડા કરવા ગયો હતો, ત્યાં જળપાનને માટે આવેલો સિંહ તે બંનેનું ભક્ષણ કરી ગયો. તે બંને મરણ પામીને નમસ્કાર —ધ્યાનના પ્રભાવથી સૌધર્મ દેવલોકમાં પલ્યોપમના આયુષ્ય-વાળા દેવ થયાં. ત્યાં દેવ આયુ પાળીને ત્યાંથી ચ્યવી શિખર-સેનનો જીવ મહાવિદેહમાં ચક્રપુરી નગરીમાં કુરૂમૃગાંક નામે રાજાનો **મીનમૃગાંક** નામે પુત્ર થયો. અને ચંદ્રાવતીનો જીવ ત્યાંથી ચ્યવીને ભૂષણ રાજાની **વસંતસેના** નામે પુત્રી થઈ. તે બંને યૌવનાવસ્થા પામ્યા, એટલે બંનેનો વિવાહ થયો અને પૂર્વભવના સ્નેહયોગે પરસ્પર પરમ પ્રેમમાં તત્પર થયા છતાં સુખભોગ ભોગવવા લાગ્યા. કુરૂમૃગાંક રાજા ઘણા કાળ સુધી રાજ્યસુખ ભોગવીને વૈરાગ્ય પામવાથી મીનમૃગાંક પુત્રને રાજ્ય આપી પોતે વનમાં જઇને તાપસ થયો; એટલે વસંતસેનાને પટરાણી બનાવીને મીનમૃગાંક રાજ્યસુખ ભોગવતાં યૌવનથી મદમત્ત થઈ હરણીયાદિનો વ્યસની થયો, અનેક તિર્યંચોને તેના સ્ત્રી, પુત્રો સાથે વિયોગ કરાવી તેમને ભોગાંતરાય કરવા લાગ્યો અને ભોગાંતરાય કર્મ બાંધવા લાગ્યો. બળદ, ઘોડા અને પુરુષોનું નપુંસકત્વ કરવા લાગ્યો. એ રીતે તે બહુ પાપ

–વ્યસનમાં પરાયણ થયો. અંતે દાહજ્વરની પીડાથી મરણ પામી રૌદ્રધ્યાનના વશથી છઠ્ઠી નરકે ગયો, વસંતસેના પણ પતિના વિયોગે – અગ્નિમાં પ્રવેશ કરીને તે જ નરકમાં નારકી થઈ ત્યાંથી નીકળી પુષ્કરવરદ્વીપના ભરતક્ષેત્રમાં દરિદ્રના કુળમાં જુદે જુદે ઘરે પુત્ર–પુત્રી થયા તે બંને પરણ્યા. એકદા તેમણે સાધુઓને જોયા, એટલે ભક્તિપૂર્વક પરમ આદરથી તેમને અન્નપાન વહોરાવ્યું અને ઉપાશ્રયે જઈને તેમના મુખથી ધર્મ સાંભળ્યો. પછી બંને ગૃહસ્થધર્મ પાળીને મરણ પામી પાંચમાં બ્રહ્મદેવલોકમાં દેવ થયા. ત્યાંથી ચ્યવીને તમે બંને શેઠના પુત્ર, પુત્રી થયા છો. હે બંધુદત્ત ! ભીલના ભવમાં જે તિર્યંચોના વિયોગ તેં કરાવ્યો હતો, તેથી તને આ ભવમાં વિયોગદુઃખ પ્રાપ્ત થયું. જે જે કર્મ કરવામાં આવે છે, તે તે કર્મ ભોગ્યકાળે તે રૂપમાં જ પ્રગટ થાય છે.”

આ પ્રમાણે જિનવચન સાંભળતાં અને ઉહાપોહ કરતાં બંધુદત્તને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેણે પોતાનો પૂર્વભવ જોયો અને ભગવંતના ચરણમાં પ્રણામ કરીને તે કહેવા લાગ્યો કે :–‘હે ભગવન્ ! તમે જે કહ્યું તે યથાર્થ છે. જાતિસ્મરણ જ્ઞાનથી મારો પૂર્વભવ મારા જોવામાં આવ્યો છે. આપે કહ્યું તે બધું સત્ય જ છે. અહો ! હજી પણ મારૂં ભાગ્ય જાગ્રત છે. કે જેથી આપના ચરણકમળ મને પ્રાપ્ત થયા, હવે મારે શું કરવું અને શું સ્મરવું ( યાદ કરવું ) તે કૃપા કરીને કહો.’ ભગવંત બોલ્યા કે :–‘ હે ભદ્ર ! દુર્જનનો સંસર્ગ તજી સાધુ-સમાગમ કર, રાત્રિ દિવસ પુણ્ય કર અને સદા સંસારની

અનિત્યતા સંભાર, ઔચિત્યનું ઉલ્લંઘન ન કર; સદ્‌ગુરુની સેવા કર તથા દાનાદિકમાં પ્રવૃત્તિ રાખ. વળી શુભ ભાવના ભાવ, તેમજ યોગસિદ્ધિને માટે પ્રવૃત્તિ કરતાં તિરસ્કારનો ત્યાગ કર. સદા અંતરદૃષ્ટિ રાખીને વૈરાગ્ય ભાવના ભાવતાં મંગળજાપ કર અને સ્વદુષ્કૃતની ગર્હા, ચાર શરણાની આરાધના તથા કરેલાં પુણ્યકાર્યની અનુમોદના કર, પરમ જ્ઞાનને મેળવવા માટે પ્રયત્ન કર. સારા દૃષ્ટાંતોનું મનન કર અને ધર્મશાસ્ત્રનું શ્રવણ કર—એજ આ સંસારમાં સારભૂત છે.' આ પ્રમાણે સાંભળીને પલ્લિપતિ બોલ્યો કે :–' હે સ્વામિન્! હું પાપી, દુષ્ટ, નિર્લજ્જ, દુરાચારી, હીનાચારી; સાત વ્યસનમાં આસક્ત અને પરદ્રવ્યને ચોરવાવાળો તથા સ્ત્રીલંપટ છું, તો મારી કોઈ રીતે શુદ્ધિ થાય ખરી?' એટલે જગદ્‌ગુરુ શ્રી પાર્શ્વનાથ ભ. બોલ્યા કે– "હે ભદ્ર! પાપિષ્ઠ પ્રાણી પણ પાપ છોડીને સુકૃત કરે તો તે પણ શુદ્ધ થાય છે આ વિષયમાં શ્રીગુપ્તનું દૃષ્ટાંત છે તે સાંભળ :—

"આજ ભરતક્ષેત્રમાં વૈજયંતી નામે નગરી છે. ત્યાં ન્યાયી અને પ્રજાપાલક **નળ** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને પરમ પ્રેમના પાત્રરૂપ **મહીધર** નામે સાર્થવાહ મિત્ર હતો. તે સાર્થવાહનો સાત વ્યસનમાં આસક્ત એવો **શ્રીગુપ્ત** નામે પુત્ર હતો. તે દરરોજ રાત્રે ચોરી કરતો હતો

એકદા રાત્રે સાર્થવાહ ખેદયુક્ત મનથી રાજા પાસે આવ્યો; એટલે રાજાએ તેને આદરપૂર્વક બોલાવીને પૂછ્યું કે :– 'હે ભદ્ર! તારૂં મુખ કેમ ખિન્ન દેખાય છે?' એટલે સાર્થવાહ

નીચું જોઈ નિસાસો નાખીને બોલ્યો કે :–' હે વિભો ! બીજાથી ઉત્પન્ન થયેલ દુઃખ સુખ કહી શકાય, પણ પોતાનાથી પ્રગટેલ દુઃખ કહી પણ ન શકાય અને છુપાવી પણ ન શકાય.' એટલે રાજાએ તેને એકાંતમાં પૂછ્યું કે :–'તારે શું દુઃખ છે તે કહે.' સાર્થવાહ બોલ્યો કે :—' હે પ્રભો ! મારે એકનો એક પુત્ર છે, તેણે જુગારાદિ વ્યસનમાં લંપટ બની મારૂં પૂર્વે ભેગું કરેલું ધન બધું ગુમાવી દીધું છે. કુસંગતિથી વાર્યા છતાં તે અટકતો નથી. ચોરી અને અન્યાય બહુ કરે છે તેને માટે હવે શું કરવું ? અને કોની આગળ કહેવું ? ધુતકારના સ્થાન (જુગારખાના)થી મહા કષ્ટે ઉઠાડયો ત્યારે સોમશ્રેષ્ઠીના ઘરે ખાતર પાડીને તેનું સર્વસ્વ લઈ લીધું. તે હકીકત જાણીને હું અહીં આવ્યો છું; તેથી મને અપરાધી ગણી મારૂં સર્વસ્વ લઇ લ્યો. કારણ કે :– ' ચોર, ચોરી કરાવનાર, ચોરને સલાહ આપનાર, ચોરના ભેદને જાણનાર, ચોરીનો માલ ખરીદ કરનાર, ચોરને ભોજન આપનાર અને સ્થાન આપનાર – એ સાત પ્રકારે ચોર કહેલ છે.' પછી રાજાએ કહ્યું કે :–' હે સાર્થવાહ ! શાંત થાઓ. બધું ઠીક થઈ રહેશે.' એમ કહી તેને ધીરજ અને સન્માન આપીને રાજાએ ઘરે જવાની રજા આપી.

હવે સવારના કાર્ય કરીને રાજા રાજસભામાં આવીને બેઠો, તેવામાં નગરજનો પોકાર કરતા આવ્યા. રાજાએ પૂછ્યું, એટલે તેમણે ચોરીનો વૃત્તાંત નિવેદન કર્યો. રાજાએ ફરી પૂછ્યું કે :–' અરે ! તમારૂં કેટલું દ્રવ્ય ગયું છે ? ' નગરવાસીઓ બોલ્યા કે :–' હે વિભો ! અમારી એકંદર પચીશ હજાર સોના-

મહોરો ગઈ છે.' તે સાંભળી રાજાએ પોતાના ભંડારમાંથી તેટલું દ્રવ્ય તેમને દેવરાવીને વિદાય કર્યા. પછી ક્ષણભર કોટવાળને ઠપકો આપીને રાજાએ શ્રીગુપ્તને બોલાવ્યો અને તેને આક્ષેપપૂર્વક કહ્યું કે:—'અરે! રાત્રે તેં જે ધન ચોર્યું છે તે બધું અહીં રજુ કર.' એટલે શ્રીગુપ્તે નમ્ર થઈને કહ્યું કે:-'હે પ્રભો! અમારા કુળમાં એવું કુકર્મ કદાપિ કરવામાં આવતું નથી.' રાજા ક્રોધિત થઈને બોલ્યો કે:-'જો તેં ચોર્યું નથી, તો દિવ્ય કર.' તે બોલ્યો કે:-'બહુ સારૂં, હું દિવ્ય કરીશ.' પછી રાજાએ લોઢાના ગોળાને અગ્નિમાં તપાવીને કહ્યું કે:-'આ લોઢાના ગોળાને તારા હાથમાં લે.' એટલે શ્રીગુપ્તે દિવ્યના અગ્નિને સ્તંભન કરનાર સિદ્ધમંત્ર પૂર્વે મેળવેલો તે સંભારીને તપેલા લોઢાના ગોળાને હાથમાં લીધો. મંત્રના પ્રભાવથી તે થોડો પણ અગ્નિથી બળ્યો નહિ. તેને શુદ્ધ થયેલો જાણીને લોકો તાળી પાડવા લાગ્યા. પછી મોટા આડંબરપૂર્વક તે પોતાના ઘરે ગયો. એટલે રાજા શ્યામ મુખ કરીને મનમાં વિચારવા લાગ્યો કે:-'આ તો શુદ્ધ થયો, એટલે એને મેં ખોટું આળ દીધું ઠર્યું, હવે મારે જીવિતથી શું?' આમ ધારીને મરવાને ઈચ્છતા રાજાએ સર્વ મંત્રીઓને બોલાવીને કહ્યું કે:-'હે પ્રધાનો! સાંભળો. શ્રીગુપ્ત દિવ્ય કરીને શુદ્ધ થયો, અને હું જૂઠો પડયો; માટે હવે હું પોતે જ મારા આત્માને ચોરનો દંડ આપીશ. મારે રાજ્યથી સર્યું, રાજ્ય પર ગમે તેને બેસાડો. આ પ્રમાણે સાંભળીને પ્રધાનો બોલ્યા કે:—"હે સ્વામિન્! આ ન સાંભળી શકાય એવા વચન અમને શા માટે સંભળાવો છો? એમાં તમારો શો

અપરાધ છે ? કારણ કે :–' શરીરવૃક્ષને પાંદડું ન આવે તેમાં વસંતઋતુનો શો દોષ ? અને ચાતકના મુખમાં મેઘની ધારા કદિ ન પડે તેમાં મેઘનો શો દોષ ? વિધાતાએ જે લલાટમાં લખ્યું છે, તેને ભુંસવાને કોઈ સમર્થ નથી.' ઈત્યાદિ વચનોથી સમજાવ્યા છતાં રાજા સમજ્યો નહિ. ફરી રાજાએ કહ્યું કે — 'હવે આવા વચનના વિકલ્પથી શું ? તમે જલ્દી ચંદનના લાકડા લાવો. મારે ચિતાપ્રવેશ કરવો છે.' આ હકીકત સાંભળીને સાર્થવાહે તરત જ ત્યાં આવીને રાજાને કહ્યું કે :–' હે સ્વામિન્ ! આ અનુચિત શું આરંભ્યું છે ? અનુચિત કાર્ય કરતાં તો અહિત જ થાય, માટે મને જે આદેશ કરવો હોય તે કરો, કેમકે હું જ એ અનર્થમાં કારણભૂત છું, તેથી દંડને પાત્ર તો હું જ છું.' રાજા બોલ્યો કે :–' હે ભદ્ર ! ખેદ ન કર, તેં જે મારી આગળ કહ્યું હતું તે તો સત્ય જ હતું, પરંતુ એ અગ્નિથી શુદ્ધ થયો, અગ્નિ જ એની સાક્ષી થયો, એટલે લોકોમાં હું જ અપરાધી ઠર્યો; તેથી મારે ચિતાપ્રવેશ કરવો છે.' સાર્થવાહ બોલ્યો –' હે નાથ ! તમારી પાસે મેં જે કહ્યું હતું તે અસત્ય નથી, પ્રલયકાળે પણ તે અન્યથા થાય તેવું નથી; છતાં આમ બન્યું તેથી અહીં કંઈ પણ કારણ હોવું જોઇએ.' તે સાંભળીને મંત્રીઓ બોલ્યા કે :– ' જો એમ હોય તો શ્રીગુપ્તે મંત્રના બળે અગ્નિને સ્થંભ્યો એમ જણાય છે.' એવામાં મતિસાગર મંત્રી રાજાને પ્રણામ કરીને બોલ્યો કે :–' હે વિભો ! રથનૂપુર નગરમાં એક સિદ્ધ પુરુષ વિદ્યાધર રહે છે, તેને બોલાવીને પૂછીએ' રાજાએ કહ્યું કે :–' બહુ સારૂં, તેને બોલાવો.' એટલે મતિસાગર મંત્રીએ બહુમાનપૂર્વક તેને બોલાવ્યો. તે આવ્યો,

એટલે મંત્રી અને રાજાએ તેને બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. તે બોલ્યો કે :–' ફરી એની પાસે દિવ્ય કરાવો. પરવિદ્યાને સ્તંભન કરનારી વિદ્યા મારી પાસે છે, તેથી મારી સમક્ષ દિવ્ય કરાવવાથી એની બધી પોલ જણાઈ આવશે.' પછી ફરી શ્રીગુપ્તને બોલાવીને કહ્યું કે :–' જો તું સાચો હોય તો ફરી દિવ્ય કર.' તે બોલ્યો કે :–' બહુ સારૂં.' પછી તેણે દિવ્ય કર્યું, પરંતુ તેની વિદ્યા સ્થંભાઈ જવાથી બંને હાથ બળી ગયા, અને રાજાનો જયજયકાર થયો. સર્વત્ર મંગળ – ઉત્સવો શરૂ થયા

પછી રાજાએ શ્રીગુપ્તને પૂછયું કે :–' આ બધું તે શી રીતે કર્યું ?' એટલે તેણે બધું યથાતથ્ય ( સત્ય ) કહી સંભળાવ્યું. પછી તેની પાસેથી ચોરીનો તમામ માલ લઇને સાર્થવાહની શરમને લીધે તેને જીવતો છોડી દઈ દેશપાર કર્યો. પછી તે ભમતો ભમતો દૈવયોગે રથનૂપુર નગરમાં ગયો. ત્યાં પેલો મંત્રવાદી સિદ્ધપુરુષ તેના જોવામાં આવ્યો. એટલે તેણે વિચાર કર્યો કે :–' આ મારો શત્રુ છે.' એમ ચિંતવી પ્રસંગ જોઈ તેને મારી નાખીને તે ભાગતો હતો, તેવામાં નગરજનોએ તેને પકડી લઇને કોટવાળને સોંપ્યો. કોટવાળે રાજાને સોંપ્યો, રાજાએ વધનો હુકમ કર્યો એટલે શરીરે થરથરતા શ્રીગુપ્તને એક વૃક્ષની શાખા સાથે ફાંસીએ દઇને રાજપુરુષો સ્વસ્થાને ચાલ્યા ગયા. કંઠપાશથી પીડીત થયેલો શ્રીગુપ્ત આકાશ અને પૃથ્વી સામું ટગરટગર જોવા લાગ્યો. એવામાં આયુષ્યના બળથી તેનો ફાંસો તુટી ગયો, એટલે તે જમીનપર પડયો, અને શીત

પવનથી સાવધાન થઈ ભયને લીધે તે જલ્દી ત્યાંથી ભાગી ગયો. આગળ જતાં એક જંગલમાં તે પેઠો. ત્યાં કોઈ મધુર ધ્વનિ તેના સાંભળવામાં આવ્યો; એટલે શબ્દ (અવાજ) સન્મુખ જતાં સ્વાધ્યાય કરતા એક મુનિ તેના જોવામાં આવ્યા. તેમને બોલતા જોઈને ભયને લીધે એક વૃક્ષની આડે છુપાઈને તે સાંભળવા લાગ્યો. તે સાંભળતાં તેના અંતઃકરણમાં શુભ ભાવના જાગૃત થઈ, તેથી તે વિચારવા લાગ્યો કે :–'અહો ! આ મહાનુભાવ તપ અને સંયમ સાધે છે, અને હું દુરાચારી, મહાદુષ્ટ, મહાપાપીષ્ઠ અને સપ્તવ્યસની છું, તો મારી શી ગતિ થશે ?' આમ વિચારીને તે મુનિની પાસે જઈ તેમને વંદન કરીને તેમની પાસે બેઠો, અને મુનિ પાઠ કરતા હતા તે સાંભળવા લાગ્યો.

મુનિ બોલ્યા કે :–'હે ભદ્ર ! તેં પાપવૃક્ષનું પુષ્પ જ હજુ ભોગવ્યું છે, તેનાં કડવા ફળ તો હવે ભોગવીશ; પરંતુ તું વૃથા પાપ શા માટે કરે છે ? નરકમાં પચન, (પકાવવું) પીડન, તાડન, (મારવું) તાપન, (તપાવવું) અને વિદારણ (કાપવું) – વિગેરે કષ્ટ તારાથી શી રીતે સહન થશે ? આ પાપનું ફળ તારે અનંતીવાર ભોગવવું પડશે.' આ પ્રમાણે સાંભળીને તે બોલ્યો કે :–'ત્યારે હવે મારે શું કરવું ?' મુનિ બોલ્યા કે :–'મારા કહ્યા પ્રમાણે કર. શ્રીગુપ્ત બોલ્યો કે –'આપના કહ્યા પ્રમાણે કરવું કબુલ છે.' મુનિએ કહ્યું કે :– 'સાંભળ. હિંસા ચોરી અને વ્યસનો સર્વથા તજી દે, અને

શ્રી શત્રુંજયતીર્થની સેવા કર. ત્યાં શ્રદ્ધાપૂર્વક કરેલાં દાન, તપ અને ધ્યાન બહુ ફળદાયક થાય છે; તથા બધાં પાપોનો નાશ થાય છે. ત્યાં રહીને દર વરસે સાત છઠ્ઠ અને બે અઠ્ઠમ કરી પારણે સચિત્તના ત્યાગ યુક્ત એકાશન કરવું. એ પ્રમાણે બાર વરસ પર્યંત કરનારના કરોડો જન્મના પાપ પણ નાશ પામે છે.' શ્રીગુપ્ત બોલ્યો કે—'હું એ પ્રમાણે કરીશ. આ પ્રમાણે કહી ત્યાંથી ચાલીને તે શ્રી શત્રુંજય પર્વતે ગયો, અને ત્યાં બાર વરસ પર્યંત તપ અને દાનાદિક કરી એ વિમળાચળતીર્થે તેણે પોતાના આત્માને વિમળ–નિર્મળ કર્યો.

પછી તે ગિરિપલ્લીપુરમાં પોતાના મામાને ઘરે ગયો. તેના પિતાને બધા ખબર મળવાથી તે તેડવા આવ્યા અને શ્રીગુપ્તને જોઈએ રોમાંચિત થઈ તેને આલિંગન દઈને બોલ્યા કે— 'હે વત્સ ! આજ ઘણા વરસે તું મારા જોવામાં આવ્યો. તને નજરે જોતાં મારો મનોરથ સફળ થશે; હવે મારા વંશને તું નિર્મળ કર.' શ્રીગુપ્ત રૂદન કરતો બોલ્યો કે—'હે પિતાજી ! વધારે શું કહું ?' મેં પ્રથમ અનેક પ્રકારનાં કષ્ટો ભોગવ્યાં છે અને પછી ગુરુના ઉપદેશથી શત્રુંજયતીર્થ પર જઇને બહુ તપ તપ્યો છું. હવે પછી આપે મારો અવિશ્વાસ કદાપિ ન કરવો; કેમકે ગુરુના ઉપદેશથી મેં જૈનધર્મ સ્વીકાર્યો છે. હવે પછી હું પાપકર્મ કદી પણ કરવાનો નથી.' પછી સાર્થવાહ પોતાના પુત્રની સાથે પોતાને નગરે ગયો. તેણે શ્રીગુપ્તનો બધો વૃત્તાંત રાજાને કહી સંભળાવ્યો; એટલે રાજાની આજ્ઞાથી શ્રીગુપ્ત પોતાના નગરમાં રહી સામાયિક, આવશ્યક ( પ્રતિક્રમણ ) અને પૌષધ

વિગેરે ધર્મકૃત્યો કરવા લાગ્યો. એમ કરતાં બહુ વરસ પસાર થયા એટલે તેની કીર્ત્તિ પણ સર્વત્ર પવિત્ર વિસ્તાર પામી.

એકદા સવારે સામાયિક કરીને તે નમસ્કાર મંત્રનું સ્મરણ કરતો હતો. એવામાં પૂર્વભવનો મિત્ર કોઈ દેવ આવીને તેને કહેવા લાગ્યો કે –'હે શ્રીગુપ્ત ! તું વિશેષ ધર્મ કર, કેમકે આજથી સાતમે દિવસે તારૂં મરણ થવાનું છે.' આ પ્રમાણે કહીને તે દેવ ચાલ્યો. ગયો. પછી શ્રીગુપ્તે પણ જિનેશ્વરની પૂજા કરીને ચારિત્ર અંગીકાર કર્યું; અને અનશનપૂર્વક નમસ્કારમંત્રના સ્મરણમાં તત્પર થઈ કાળ કરીને સ્વર્ગે ગયો. અનુક્રમે તે મોક્ષસુખ પામશે.

માટે હે પલ્લીશ ! મહા પાપી પ્રાણી પણ પાપનો ત્યાગ અને ધ્યાન તથા દાન અને તપ કરવાથી સદ્ગતિને પામે છે. હે પલ્લીશ ! આ સંસાર અસાર જ છે, તેમાં રહેલા સર્વ જીવો સ્વાર્થ પરાયણ જ છે. વિચાર કરતાં કોઇ કોઇનું નથી. પરિણામે સંસારસુખ મધુબિંદુ સમાન છે." પલ્લીપતિ બોલ્યો કે :–'હે સ્વામી ! મધુબિંદુસમાન શી રીતે છે ?' ભગવંત બોલ્યા કે :–" સાંભળ—

કોઇ એક પુરુષ જંગલમાં ભૂલો પડવાથી આમ તેમ ભમતો હતો, તેવામાં એક હાથીના જોવામાં તે આવ્યો. એટલે તે હાથી તેને મારવા દોડયો. પેલો પુરુષ ભાગ્યો, પણ તે જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં તેની પાછળ પેલો હાથી જવા લાગ્યો. એવામાં એક મોટો વટવૃક્ષ તેના જોવામાં આવ્યો; એટલે તે પુરુષ તેની ઉપર ચડીને તેની એક લટકતી વડવાઈ સાથે તે

અધર લટકી રહ્યો. તે વડવાઈની નીચે એક જીર્ણ કુવો હતો. તે કુવામાં વિકસિત વદનવાળા બે અજગર અને વિકરાળ મુખવાળા ચાર સર્પો હતા; અને તે લટકતી વડવાઇની ઉપર એક મધપુડો હતો. ત્યાંથી મક્ષીકાઓ ( મધમાખીઓ ) ઉડીને તે પુરુષને શરીરે ચટકા ભરતી હતી. તે સાથે સફેદ અને કાળા - બે ઉંદર દાંતથી તે વડવાઈને કાપી રહ્યા હતા. પેલો હાથી ત્યાં આવી તે વૃક્ષને સુંઢ વડે પકડીને તેને પાડવાને મથવા લાગ્યો. પેલો પુરુષ આસ્તે આસ્તે વડવાઇ પકડીને કંઈક નીચે ઉતરી કુવામાં લટકી રહ્યો. તેની ઉપર રહેલા મધપુડામાંથી મધના બિંદુઓ તેના મુખમાં પડતા હતા. તેના આસ્વાદમાં સુખ માનીને વારંવાર તે તેની સન્મુખ જોયા કરતો હતો; અને તેના ટીપાંને તે ઇચ્છતો હતો. આ અવસરે કોઈ વિદ્યાધર વિમાનમાં બેસી ત્યાં આવીને અનુકંપાથી તેને કહેવા લાગ્યો કે :–' અરે ! દુઃખી મનુષ્ય ! તું જલ્દી આ વિમાનમાં બેસી જા કે જેથી ઉપદ્રવ રહિત થઈ જા.' તે બોલ્યો કે :–' એક ક્ષણભર રાહ જુઓ કે જેથી એક મધુબિંદુનો સ્વાદ હું લઈ લઉં.' વિદ્યાધર બોલ્યો કે :–' અરે ! તારી સ્વાદની લંપટતા મહા દુઃખદાયક છે, માટે તેને છોડી દે, નહીં તો હું તો જાઉં છું.' એ પ્રમાણે કહ્યા છતાં સ્વાદલંપટતા ન છોડવાથી વિદ્યાધર ચાલ્યો ગયો. અને તે પુરુષ ત્યાં લટકતો રહ્યો.

આ દૃષ્ટાંતનો ઉપનય ( સાર ) એવો છે કે—જે જંગલ તે આ સંસાર છે, અને હાથી તે મૃત્યુ છે કે જે નિરંતર આ પ્રાણીની પાછળ દોડી રહ્યું છે. જન્મ, ઘડપણ ને મૃત્યુ તે કુવો

છે, અને આઠ કર્મ રૂપ તેનું પાણી છે. બંને અજગર – તે નરક અને તિર્યંચની ગતિ છે. ચાર કષાય – તે ચાર સર્પ છે. વૃક્ષની ઘટા (વડવાઈ) તે આયુષ્ય સમજવું, સફેદ, કાળા ઉંદર – તે બે પક્ષ (સુદ, વદ) સમજવા અને મધમાખીઓના ચટકા તે રોગ, વિયોગ અને શોકાદિ સમજવા. મધુબિંદુનો સ્વાદ – તે વિષયસુખ અને વિદ્યાધર – તે પરોપકારી ગુરુ સમજવા; તથા વિમાન તે ધર્મોપદેશ સમજવો. તે વખતે જે પ્રાણી ધર્મ કરે છે તે સંસારના દુઃખથી મુક્ત થઇ શકે છે.

આ પ્રમાણે પ્રભુના વચનામૃતનું પાન કરીને તે પલ્લીપતિ પ્રતિબોધ પામ્યો. પછી બંધુદત્ત બોલ્યો કે –'હવે મારી શી ગતિ થશે?' ભગવંત બોલ્યા કે –'તમે બંને વ્રત લઇને સહસ્રાર (આઠમા) દેવલોકમાં દેવ થશો, ત્યાંથી ચ્યવીને તું મહાવિદેહમાં ચક્રવર્ત્તી થઈશ અને પલ્લીપતિ તારી પત્ની થશે. ત્યાં સાંસારિક સુખ ભોગવી દીક્ષા લઇને બંને મુક્તિ પામશો." આ પ્રમાણે સાંભળીને બંધુદત્તે સ્ત્રી તથા પલ્લીપતિ સહિત વ્રત ગ્રહણ કર્યું. તે ત્રણે નિરતિચારપણે ચારિત્ર પાળવા લાગ્યા. બાહ્ય કુટુંબનો ત્યાગ કરીને તેમણે અંતરંગ કુટુંબનો સ્વીકાર કર્યો. તે આ પ્રમાણે – શ્રુતાભ્યાસ (જ્ઞાન) તે પિતા, જિનભક્તિ તે માતા, વિવેક તે બંધુ, સુમતિ તે બહેન, વિનય તે પુત્ર, સંતોષ તે મિત્ર, શમ તે ઘર અને બીજા ગુણો તે સ્વજનાદિક સમજવા. એ અંતરંગ કુટુંબનો આશ્રય કરી સુંદર ચારિત્ર પાળતાં અન્તે સહસ્રાર દેવલોકમાં દેવ થયા.

આ પ્રમાણે ભગવંતે તે બંનેનો ઉદ્ધાર કર્યો.

ઇતિ બંધુદત્ત કથા

## ભગવંતનું વર્ણન

લૂરા નામના ગામમાં અશોક નામે માળી રહેતો હતો. તે હંમેશા પુષ્પોનો વ્યાપાર કરતો હતો. એકદા ગુરુમહારાજનો ઉપદેશ સાંભળીને તે જિનેશ્વરની નવે અંગે નવ પુષ્પથી પૂજા કરવા લાગ્યો. એ રીતે રોજ નવ પુષ્પથી પૂજા કરતાં તે તે જ ભવમાં શેઠ થયો અને બીજા ભવમાં નવ કોટીનો સ્વામી વ્યવહારી થયો. એમ સાત ભવ[૧] કરી આઠમે ભવે નવ લાખ ગામનો સ્વામી રાજા થયો, અને નવમાં ભવમાં નવ કરોડ ગામનો સ્વામી રાજા થયો. એકદા પ્રભુ પાસે પૂર્વભવ સાંભળીને દીક્ષા લઈ તે મોક્ષને પાંમ્યો. એ રીતે ભગવંતે અનેક જીવોનો ઉદ્ધાર કર્યો.

હવે પ્રભુનો પરિવાર કહે છે–સોળ હજાર સાધુ, અડત્રીશ (૩૮) હજાર સાધ્વી, એક લાખ ચોસઠ હજાર શ્રાવક અને ત્રણ લાખ સત્તાવીશ હજાર શ્રાવિકાઓ થઈ. ત્રણસો સત્તાવન ચૌદપૂર્વી, ચૌદસો અવધિજ્ઞાની, સાડાસાતસેં કેવળી અને એક હજાર વૈક્રિયલબ્ધિધારી થયા. એ રીતે ભગવંતને કેવળજ્ઞાન થયા પછી તેમનો પરિવાર થયો. અનુક્રમે વિહાર કરતાં

---

૧ આ સાતમા ભવમાં વચ્ચે દેવભવ હોવો જોઇએ, કારણ ઉપરા ઉપર (સળંગ) નવ ભવ સંખ્યાત આયુષ્યવાળા મનુષ્યમાં થતા નથી. વધારેમાં વધારે સાત જ ભવ મનુષ્યના થાય છે.

પોતાનો નિર્વાણસમય ( મોક્ષગમન ) નજીક જાણીને ભગવંત સમેતશિખર નજીક પધાર્યા. તે પર્વતને અજિતનાથ વિગેરે તીર્થંકરોનું સિદ્ધિસ્થાન જાણી અનેક દેવોની સાથે અને કિંનરીઓ જેમના ગુણગાન કરી રહી છે એવા ભગવંત તે પર્વતપર આરૂઢ થયા અને અણસણ કર્યું. તે વખતે આસન ચલાયમાન થવાથી બધાં ઈંદ્રો પ્રભુની પાસે આવી ચરણકમળને નમસ્કાર કરીને ખેદ પામી ત્યાં બેઠા. શ્રાવણ માસની સુદ અષ્ટમીએ વિશાખા નક્ષત્રમાં ભગવંતે પ્રથમ મન, વચન કાય યોગનો નિરોધ કર્યો; એટલે તેત્રીશ મુનીશ્વરોએ પણ તે પ્રમાણે કર્યું. પછી અપૂર્વ શુકલધ્યાન ધ્યાવતા અને પાંચ હ્રસ્વાક્ષરપ્રમાણ કાળનો આશ્રય કરતાં સર્વ કર્મને ક્ષીણ કરી સર્વ સંસારના દુઃખ અને મળથી રહિત થઈ શિવ, અચલ, અરૂજ, અક્ષય, અનંત અને અવ્યાબાધ એવા મોક્ષપદને પ્રભુ પામ્યા. તેત્રીશ મુનીવર પણ સાથે જ અક્ષયપદને પામ્યા.

ભગવંત ગૃહસ્થપણામાં ત્રીશ વરસ રહ્યા અને વ્રતાવસ્થામાં સિત્તોર વરસ રહ્યા. એ પ્રમાણે ભગવંતનું સો વરસનું આયુષ્ય પૂર્ણ થયું. પછી શક્રેન્દ્રે પ્રભુના શરીરને ક્ષીરસમુદ્રના જળથી નવરાવી, ગોશીર્ષ ચંદનથી લિપ્ત કરી, દિવ્ય ભૂષણોથી વિભૂષિત કર્યું. પછી દેવદૂષ્યથી તેને આચ્છાદિત કરીને ઈંદ્રો પાસે બેઠા, એટલે દેવોએ અન્ય મુનિઓના શરીરને એ પ્રમાણે કર્યું. પછી સુગંધી જળ અને પુષ્પની વૃષ્ટિ કરતાં ધૂપઘટીને ધારણ કરી, ગીત, નૃત્ય, વાદ્ય, આક્રંદ, પરિદેવન તથા સ્તુતિ-

પૂર્વક દેવ દેવીઓએ પૂજન કર્યું. પછી બે શિબિકાઓ બનાવવામાં આવી. તેમાં એકમાં પ્રભુના તથા બીજીમાં સર્વ મુનિઓના દેહને પધરાવીને ઈંદ્રે સ્વામિની તથા દેવોએ સાધુ-ઓની શિબિકા સ્કંધ પર ઉપાડીને તે વખતે દેવોએ ચંદન તથા અગરુકાષ્ઠની ચિતા રચી. તેમાં પ્રભુના તથા મુનિઓના દેહને મુકવામાં આવ્યા. એટલે અગ્નિકુમાર દેવોએ અગ્નિ અને વાયુકુમાર દેવોએ વાયુ વિકુર્વીને સ્વામિ અને સાધુઓના શરીરનો સંસ્કાર કર્યો. ક્ષણવારમાં જિનેશ્વરના શરીરની અસ્તિ સિવાય બીજી ધાતુ બળી જતાં મેઘકુમાર દેવોએ ક્ષીરસમુદ્રના જળથી ચિતાને બુઝાવી; એટલે ઇન્દ્ર અને ઇશાનેંદ્ર પ્રભુની ઉપલી બે દાઢા લીધી અને ચમર તથા બલીંદ્રે પ્રભુની નીચેની બે દાઢા લીધી. બીજા ઈંદ્રોએ દાંત, દેવોએ હાડકા તથા મનુષ્યોએ ભસ્માદિક ગ્રહણ કર્યું. તે સ્થાને દેવોએ રત્નમય એક સ્તુપ બનાવ્યો પછી ઈંદ્રો અને દેવો નંદીશ્વર દ્વીપે જઈ, ત્યાં શાશ્વત જિનપ્રતિમા આગળ અઠ્ઠાઈ મહોત્સવ કરી પોત-પોતાના સ્થળે ગયા. ઈંદ્રોએ પોતપોતાના વિમાનમાં સુધર્મા-સભામાં રહેલાં માણવક સ્તંભમાં વજ્રના ગોળ ડાબલામાં સ્વામીની દાઢાઓ મૂકી અને તેઓ પ્રતિદિન તેની પૂજા કરવા લાગ્યા. એ દાઢાઓના પ્રભાવથી તેમને વિજય અને મંગળ પ્રાપ્ત થતા હતા.

विश्वातिशायि महिमा धरणोरगेंद्र-पद्मावतीसततसेवितपादपीठः ।
अंतर्बहिश्च दुरितच्छिदनंतशर्मा, पार्श्वः क्रियादुपयिनीं सुभभावलक्ष्मीम् ॥

તપાગચ્છિય શ્રી પૂ. જગચ્ચંદ્રસૂરીજી પટ્ટપરંપરાલંકાર પૂ. શ્રી હેમવિમલસૂરિજી સંતાનીય પૂ. શ્રી ગચ્છાધિરાજ હેમસૂરિજી વિજયરાજ્યે પૂ. પં. શ્રી સંઘવીરગણી શિષ્ય

પં. ઉદયવીરગણી રચિત પાર્શ્વનાથ ચરિત્ર

અષ્ટમ સર્ગ સમાપ્ત

સમાપ્તોઽયં ગ્રંથ

**પાર્શ્વનાથ ભગવંતના નિર્વાણગમનરૂપ**
**આઠમો સર્ગ સમાપ્ત**

સમાપ્ત સમાપ્ત

—o—

## પ્રશસ્તિ

શ્રી વીરશાસનરૂપ સરોવરમાં હંસ સમાન, સત્વની અધિકતાથી સર્વ ગુણોનો સંગ્રહ કરનાર અને ચંદ્રગચ્છરૂપ કમળમાં ભમરા સમાન એવા શ્રી પૂજ્ય **સોમવિમલ** નામે ગુરુ થયા. જેમના ચરણ પ્રક્ષાલનના પાણીથી સર્પ વિષ તથા જ્વરાદિ રોગો શાંત થતા હતાં. તે પ્રગટ પ્રભાવી અને ગચ્છાધિરાજ ગુરુમહારાજ જયવંતા વર્તો. તેમના પટ્ટરૂપ પૂર્વાચલપર સૂર્યસમાન, ભાગ્યવંત, જંગમ કલ્પવૃક્ષ જેવા, સાધુઓમાં પ્રધાન અને ગચ્છનાં સ્વામી એવા **શ્રીહેમસોમ**-સૂરીશ્વર થયા. તેમના ગચ્છના **સંઘવીર** પ્રમુખ ઘણા ગીતાર્થો થયા, કે જેમના હસ્તસ્પર્શથી મૂર્ખ પણ સકળ કળામાં પ્રવીણ અને પ્રાજ્ઞ થઈ જતા હતા. તેમના શિષ્ય **ઉદયવીર** થયા કે જેમણે પોતાના ગુરુના પ્રસાદ વડે કથાપ્રબંધોથી સરસ અને પ્રધાન એવું ગદ્યબંધ આ ચરિત્ર રચ્યું છે, પ્રાચીન શાસ્ત્રાનુસારે આ ગ્રંથ રચેલા હોવા છતાં તેમાં ન્યૂનાધિકય હોય તો તેને માટે મિથ્યાદુષ્કૃત હો. આ પાર્શ્વનાથ ચરિત્રનું ગ્રંથમાન સાડાપાંચ હજાર શ્લોક પ્રમાણ છે, અને સંવત (૧૬૫૪) ના વર્ષે જ્યેષ્ઠ માસની શુકલ સપ્તમીએ આ ગ્રંથની આનંદપૂર્વક સમાપ્તિ કરવામાં આવી છે.

આ ગ્રંથ સુજ્ઞ જનોથી સદા વાચ્યમાન થઇ યાવચ્ચંદ્ર-દિવાકરૌ જયવંત રહો, અને શ્રી પાર્શ્વનાથના પ્રસાદથી તેના વક્તા – શ્રોતાદિના મનોવાંછિત સિદ્ધ થાઓ.

પૂ. પં. શ્રેયાંસવિજયજી ગણીવર્યની શુભ પ્રેરણાથી ભવાનીપુર (કલકત્તા) માં ચાતુર્માસાર્થે વિ. સં. ૨૦૪૦ ના પધારેલ. તેઓશ્રીની શુભ પ્રેરણાથી આસો સુદ-૧૩ ના છપાવવાનો પ્રારંભ થયેલ જેની પૂર્ણાહુતિ વિ. સં. ૨૦૪૧ ચૈત્ર સુદ ૧૩ તા. ૩-૪-૮૫ ના પૂર્ણ થયેલ છે.

(પાર્શ્વનાથ ચ્યવન તથા કેવળજ્ઞાનકલ્યાણદિન)

શુભં ભવતુ શ્રી સંઘસ્ય

# પ.પૂ.પં. શ્રી શ્રેયાંસવિજયજી ગણિવર્ય

## સંપાદિત ચરિત્રો

| | કિંમત |
|---|---|
| (૧) શ્રી શાંતિનાથ ચરિત્ર પ્રત (ગુજરાતી) | રૂા. ૧૬-૦૦ |
| (૨) પાર્શ્વનાથ ચરિત્ર પ્રત ,, | રૂા. ૦૬-૦૦ |
| (૩) શ્રી ધન્યકુમાર ચરિત્રં પ્રત ,, | રૂા. ૩૭-૦૦ |
| (૪) શ્રી ઉપદેશતરંગીણિ પ્રત ,, | રૂા. ૧૨-૦૦ |
| (૫) બારસાસૂત્ર સચિત્ર પ્રત ,, | રૂા. ૩૦-૦૦ |
| (૬) શ્રી ઉપદેશ પ્રાસાદ ભા. ૧ પ્રત ,, | રૂા. ૧૬-૦૦ |
| (૭) શ્રી ઉપદેશ પ્રાસાદ ભા. ૨ પ્રત ,, | રૂા. ૧૭-૦૦ |

## મંગલમય આરાધના

કમઠે ધરણેન્દ્રે ચ સ્વોચિતં કર્મ કુર્વંતિ,
પ્રભુસ્તુલ્યમનોવૃત્તિઃ પાર્શ્વનાથઃ શ્રિયેડસ્તુ વઃ
(ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્રમાંથી. રચયિતા
પૂ. આ. હેમચંદ્રસૂરિજી મ. સા.)
યસ્ય નામ શ્રુતેવિંઘ્નશ્રેણિર્યાતિ ક્ષયં ક્ષણાત્,
સશ્રી પાર્શ્વપ્રભુર્દદ્યાત્ કલ્યાણકમલાં સતાં
(ભરતેશ્વરબાહુબલવૃત્તિ રચ–પં. શુભશીલગણીવર્ય)
ય સપ્તવિશ્વાધિપતિત્વ સૂચા–નુચાનુ ભોગીંદ્ર ફણાતપત્રૈઃ
વિભાતિ દેવેંદ્ર કૃતાંઘ્રિસેવૈઃ શ્રીપાર્શ્વનાથઃ સ શિવાય ભૂયાત્
(વૈરાગ્યકલ્પલતા રચ. પૂ. ઉપા. યશોવિજયજી મ. સા.)

(૧)

ૐ નમઃ પાર્શ્વનાથાય વિશ્વચિંતામણીયતે
હ્રીં ધરણેંદ્ર વૈરોટ્યા પદ્માદેવી યુતા યતે...૧
શાંતિ તુષ્ટિ મહાપુષ્ટિ ધૃતિ કીર્તિ વિધાયિને
ૐ હ્રીં દ્વિડ્ વ્યાલ વૈતાલ–સર્વાધિ વ્યાધિ નાશિને...૨
જયાજીતાખ્યા વિજયાખ્યા પરાજીતયાન્વિતઃ
દિશાંપાલૈર્ગ્રહૈઃ યક્ષૈર્વિદ્યાદેવીભિરન્વિતઃ...૩
ૐ અસિઆઉસાય નમસ્તત્ર ત્રૈલોકયનાથતાં
ચતુઃ ષષ્ટિ સુરેંદ્રાસ્તે ભાસંતે છત્રચામરૈઃ...૪
શ્રીશંખેશ્વર મંડન પાર્શ્વજીન પ્રણતકલ્પતરૂકલ્પ
ચૂરય દુષ્ટવ્રાતં પૂરય મે વાંછિતં નાથ...૫

## (૨)

ચઉક્કસાયપડિમલ્લુલ્લૂરણુ દુજ્જયમયણુ બાણુમુસુમૂરણુ
સરસપિયંગુવણ્ણુ ગયગામિઉ જયઉ પાસુ ભુવણુત્તયસામિઉ
જસુ તણુકંતિકડપ્પસિણિદ્ધઉ, સોહઈ ફણિમણિકિરણાલિદ્ધઉ
નંનવજલહર તડિલ્લયલંછિઉ, સો જીણુ પાસુ પયચ્છઉ વંછિઉ

## (૩)

સકલભવિજન ચમત્કારી ભારી મહિમા જેહનો
નિખિલ આતમરમારાજીત નામ જપીએ તેહનો
દુષ્ટ કર્માષ્ટક ગંજ રીજે ભવિકજન મન સુખ કરો
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ શંખેશ્વરો
બહુ પુન્યરાશિ દેશ કાશી તત્થ નગરી વાણારસી
અશ્વસેન રાજા રાણી વામા રૂપે રતિ તનુસારીખી
તસ કુખે સુપના ચૌદ સૂચિત સ્વર્ગથી પ્રભુ અવતર્યો,
નિત્ય જાપ જપીએ પાપ ખપીએ સ્વામી નામ શંખેશ્વરો
પોષમાસે કૃષ્ણપક્ષે દશમીદિન પ્રભુ જનમિયા
સુરકુમરિ સુરપતિ ભક્તિભાવે મેરૂશૃંગે સ્થાપિયા
પ્રભાતે પૃથ્વીપતિ પ્રમોદે જન્મમહોત્સવ અતિ કર્યો
નિત્ય જાપ જપીએ...૩

ત્રણલોક તરૂણી મનપ્રમોદી તરૂણવય જબ આવીયા
તવ માત તાતે પ્રસન્નચિત્તે ભામિની પરણાવીયા
કમઠશઠકૃત અગ્નિકુંડે નાગ બલતો ઉદ્ધર્યો.
નિત્ય જાપ જપીએ...૪

પોષવદિ એકાદશી દિને પ્રવ્રજ્યા જિન આદરે
સુર અસુર રાજી ભક્તિ સાજી સેવના બાજી કરે
કાઉસગ્ગ કરતાં દેખી કમઠે કીધ પરિસહ આકરો
નિત્ય જાપ જપીએ...૫

તપ ધ્યાનધારારૂઢ જિનપતિ મેઘધારે નવિ ચલ્યો,
તિહાં ચલિત આસન ધરણ આયો.
કમઠ પરિસહ અટકલ્યો દેવાધિદેવની કરે સેવા
કમઠને કાઢી પરો નિત્ય જાપ જપીએ...૬

ક્રમે પામી કેવળજ્ઞાન કમલા સંઘ ચઉવિહ સ્થાપીને
પ્રભુ ગયા મોક્ષે સમેતશિખરે માસ અણુસણ પાળીને
શિવરમણી રંગે રમે રસીયો ભવિક તસ સેવ કરો. નિત્યજાપ...૭

ભૂત પ્રેત પિશાચ વ્યંતર જલણ જલોદર ભય ટળે
રાજ રાણી રમા પામે ભક્તિભાવે જો મળે
કલ્પતરૂથી અધિકદાતા જગતત્રાતા જય કરો. નિત્ય જાપ જપીએ...૮

જરાજર્જરિ ભૂત યાદવ સૈન્ય રોગ નિવારતાં
વઢીયાર દેશે નિત બીરાજે
ભવિક જીવને તારતા એ પ્રભુતણાં પદપદમસેવા રૂપ કહે
પ્રભુતા વરો. નિત્યજાપ...૯

## સ્તવનો તથા સ્તોત્રો (૧)

કોયલ ટહુકી રહી મધુવનમેં પાર્શ્વશામળીયાજી વસો મેરે મનમેં
કાશીદેશ વાણારસી નગરી જન્મલીયો પ્રભુ ક્ષત્રિયકુળમેં. કોયલ...૧

બાલપણુામાં પ્રભુ અદ્ભૂતજ્ઞાની, કમઠ કો માન હર્યો
એક પલમેં. કોયલ...૨
નાગનિકાલા કાષ્ઠ ચિરાકર નાગકુ કિયે સુરપતિ
એક છીનમેં. કોયલ...૩
સંયમ લઈ પ્રભુ વિચરવા લાગ્યા, સંયમેં ભીંજ ગયો
એક રંગમેં. કોયલ...૪
સમેતશિખર પ્રભુ મોક્ષે સિધાવ્યા. પાર્શ્વજીકો મહિમા
ત્રણ ભુવનમેં. કોયલ...૫
ઉદયરતનકી એહી અરજ હૈ, દિલ અટકયો તોરા
ચરણ કમલમેં. કોયલ...૬

(૨)

નિત્ય સમરૂં સાહિબ સયણાં નામ સુણાતા શીતલ શ્રવણાં
જિનદર્શને વિકસે નયણાં ગુણ ગાતા ઉલસે વયણા રે.
શંખેશ્વર સાહેબ સાચો બીજાનો આસરો કાચોરે. શંખેશ્વર...૧
દ્રવ્યથી દેવદાનવ પૂજે, ગુણશાંતરૂચિપણું લીજે
અરિહાપદ પજ્જવ છાજે, મુદ્રાપદ્માસન રાજે રે શંખેશ્વર...૨
સંવેગે તજી ઘરવાસો, પ્રભુ પાર્શ્વના ગણધર થાશો,
તવ મુક્તિપુરીમાં જાશો, ગુણીલોકમાં વયણે ગવાશો રે.
શંખેશ્વર...૩
એમ દામોદર જીનવાણી, અષાઢી શ્રાવક જાણી,
જિનવંદી નિજ ઘર આવે, પ્રભુપાર્શ્વની પ્રતિમા ભરાવે રે.
શંખેશ્વર...૪

ત્રણ કાળ તે ધૂપ ઉખેવે, ઉપકારી શ્રી જીન સેવે,
પછી તેહ વૈમાનિક થાવે, તે પ્રતિમા તિહાં લાવેરે. શંખેશ્વર...૫

ઘણા કાલ પૂજી બહુમાને, વળી સૂરજ ચંદ્ર વિમાને,
નાગલોકનાં કષ્ટ નિવાર્યા, જ્યારે પાર્શ્વપ્રભુજી પધાર્યારે. શંખેશ્વર...૬

યદુ સૈન્ય રહ્યો રણ ઘેરી, જીત્યા નવ જાએ વેરી,
જરાસંઘે જરા તવ મેલી, હરિબળ વિના સઘળે
ફેલીરે. શંખેશ્વર...૭

નેમીશ્વર ચોકી વિસાલી, અઠ્ઠમ કરે વનમાળી,
ત્રુઠી પદ્માવતી બાળી, આપે પ્રતિમા જાક જમાલીરે શંખેશ્વર...૮

પ્રભુપાર્શ્વની પ્રતિમા પૂજી, બળવંત જરા તવ ધ્રુજી,
છંટકાવ નવણ જળ જોતી, જાદવની જરા જાય
રોતીરે. શંખેશ્વર...૯

શંખપુરી સહુને જગાવે, શંખેશ્વર ગામ વસાવે,
મંદિરમાં પ્રભુ પધરાવે, શંખેશ્વર નામ ધરાવે રે. શંખેશ્વર...૧૦

રહેજે જીનરાજ હજુરે, સેવક મનવાંછિત પૂરે,
એ પ્રભુજીને ભેટણ કાજે, શેઠ મોતિભાઇ રાજેરે. શંખેશ્વર...૧૧

નાનામાણેક કેરા નંદ, સંઘવી પ્રેમચંદ વીરચંદ,
રાજનગરથી સંઘ ચલાવે, ગામો ગામના સંઘ મિલાવે રે.
શંખેશ્વર....૧૨

અઢાર અઠ્ઠોતેર વરસે, ફાગણવદી તેરસ દિવસે,
જીનવંદી આનંદ પાવે, શુભવીર વચનરસ ગાવેરે. શંખેશ્વર...૧૩

(૩)

## અંતરીક્ષ પાર્શ્વનાથ ભ.નું સ્તવન

જય જય જય પાસ જીણંદ, અંતરીક પ્રભુ ત્રિભુવન તારણ,
ભવિક કમલ ઉલ્લાસદિણંદ જય–૧
તેરે ચરણશરણમેં કીનો, તું બીનુ કુન તોરે ભવફંદ,
પરમપુરુષ પરમારથદરશી તું દિયે ભવિકકું પરમાનંદ–૨
તું નાયક તું શિવસુખદાયક, તું હિતચિંતક તું સુખકંદ,
તું જનરંજન તું ભવભંજન તું કેવળકમલાગોવિંદ–૩
કોડિદેવમિલિકે કર ન શકે, એક અંગુઠરૂપપ્રતિછંદ,
એસો અદ્ભૂત રૂપ તારો, વરષત માનુ અમૃતકો બુંદ–૪
મેરે મન મધુકરકે મોલ ન તુમ હો વિમલ સદલ અરવિંદ,
નયનચકોરવિલાસ કર તું હે દેખત તુમ મુખ પૂરનચંદ–૫
દૂર જાવે પ્રભુ તુમ દરિશન તેં, દુખદોહગ દારિદ્ર અઘદંદ,
વાચક જશ કહે સહસ ફલ, તે તુમ હો જે બોલે તુમ ગુનકે વૃંદ–૬

(૪)

ૐ જીતુ ૐ જીતુ ૐ જીતુ ઉપશમધરી, ૐ હ્રીં પાર્શ્વ
અક્ષર જયંતિ.
ભૂતને પ્રેત જોટિંગ સવિ વ્યંતરા,
ઉપસમે વાર એક વીસ સુણંતિ ૐ જીતુ–૧
દુષ્ટગ્રહરોગને સોગ જર જંતુ જે, તાવ એકાંતરાદિહ તપંતિ,

ગર્ભ બંધન હરે વિચ્છુ અહિ વિષ ટલે,
બાલકા બાલની વ્યાલ ખંતિ, ૐ જીતુ–૨
શાયણી ડાયણી રોહિણી રીંગણી,
ફોટિકા મોટિકા દુઃખ હરંતિ,
દાઢ ઉંદરતણી કોલનો લાતણી,
શ્વાન ઝુંઝાર વિકરા લહંતી, ૐ જીતુ–૩
ધરણેંદ્ર પદ્માવતી સમર શોભાવતી, નાટને વાટ અટવી અટંતી,
લક્ષ્મી લૂંદો મળે સુજસ વેલાવલે,
સયલ આસ્યા ફલે મન હરંતી, ૐ જીતુ–૪
અષ્ટ મહા ભય હરે કાનપીડા ટલે,
ઉતરે વૃશ્ચિ અહિ વિષ ભણંતી;
વદતી વર પ્રીતિસું પ્રીત વિમલ પ્રભુ
પાર્શ્વ નામે સદાડક્ષર જયંતિ, ૐ જીતુ–૫

(૫)

અખીયન હરખન લાગી હમારી, અખીયન હરખન લાગી. ૧
દર્શન દેખત પાર્શ્વ જીણંદકો, ભાગ્યદશા અબ જાગી. ૨ હમારી
અકલ અગોચર ઓર અવિનાશી, જગ જનને કરે રાગી. ૩ હમારી
શરણાગત તુમ પદ પંકજ, સેવના તુજ મન જાગી. ૪ હમારી
લીલા લહેરે દે નિજ પદવી, તુમ સબકો નહી ત્યાગી. ૫ હમારી
વામાનંદન ચંદનની પરે, જે છે મહા સૌભાગી. ૬ હમારી
જ્ઞાન વિમલ પ્રભુ ધ્યાન ધરંતા, ભવભવ ભાવઠ ભાંગી. ૭ હમારી

(૬)

ઉવસગ્ગહરં પાસં પાસં વંદામિ, કમ્મઘણ મુક્કં
વિસહર વિસ નિન્નાસં, મંગલકલ્લાણ આવાસં ૧
વિસહરફુલિંગમંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ,
તસ્સ ગહ રોગમારી, દુટ્ઠજરા જંતિ ઉવસામં ૨
ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામોવિ બહુફલો હોઇ,
નરતિરિએસુ વિ જીવા પાવંતિ ન દુક્ખ દોગચ્ચં ૩
તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ,
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં ૪
ઈઅ સંથુઓ મહાયસ, ભત્તિબ્ભરનિબ્ભરેણ હિયએણ,
તા દેવ દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જીણચંદ! ૫

(૭)

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં
વિસહરવિસનિન્નાસં, મંગકલ્લાણ આવાસં ૧
વિસહરફુલિંગમંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ,
તસ્સ ગહ રોગમારી, દુટ્ઠજરા જંતિ ઉવસામં ૨
ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામોવિ બહુફલો હોઈ,
નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખદોગચ્ચં. ૩
ૐ અમરતરૂ કામધેનુ, ચિંતામણિ કામકુંભમાઈયા,
સિરિપાસ નાહ સેવા, ગહણે સવ્વેવિ દાસત્તં ૪

ૐ હ્રાઁ શ્રીઁ ઐંૐ તુહદંસણેણ સામિય, પણાસેઇ રોગસોગદોહગ્ગં,
કુપ્પતરૂમિવ જાયઈ, તુહ દંસણેણ સવ્વફલહેઉં સ્વાહા ૫
ૐ નમિઉણ પણવસહિયં, માયાબીએણ ધરણનાગિંદં,
સિરિકામરાજકલિયં, પાસજીણિંદં નમંસામિ ૬
ૐ હ્રીઁ સિરિ પાસ વિસહર વિજ્જામંતેણ જાણં જ્ઝાએજ્જા,
ધરણ પઉમાવઇ દેવી, ૐ હ્રીઁ ક્ષ્મ્લ્વ્યુઁ સ્વાહા. ૭
ૐ જયઉ ધરણિંદ, પઉમાવઈ ય નાગિણીવિજ્જા,
વિમલજ્ઝાણહિઓ, ૐ હ્રીઁ ક્ષ્મ્લ્વ્યુઁ સ્વાહા. ૮
ૐ થુણામિ પાસનાહં, ૐ પણમામિ પરમભત્તીએ,
અટ્ઠક્ખર ધરણિંદં, પઉમાવઇ પયડિય કીતિં. ૯
જસ પયકમલે સયા, વસઈ પઉમાવઇ ય ધરણિંદો,
તસ્સ નામેણ સયલં વિસહરવિસં પણાસેઇ ૧૦
તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિકપ્પપાયવબ્ભહિએ,
પાવંતિ અવિગ્ઘેણં જીવા અયરામરં ઠાણં. ૧૧
ૐ નટ્ઠટ્ઠમયઠાણં, પણટ્ઠકમ્મટ્ઠનટ્ઠ સંસારં,
પરમટ્ઠનિટ્ઠિઠ અટ્ઠં, અટ્ઠ ગુણાધીસરં વંદે. ૧૨
ૐ ગરૂડો વનિતાપુત્રો, નાગલક્ષ્મીં જહાબલઃ,
તેણ મુચ્ચંતિ મુસા, તેણ મુચ્ચંતિ પન્નગાઃ ૧૩
તુહ નામસુદ્ધમંતં, જો નર જપઈ શુદ્ધભાવેણ.
સો અયરામરઠાણં, પાવઈ નય દોગ્ગઇં દુક્ખં. ૧૪
(ૐ) પંડુભગંદર દાહ, કાસં સાસં ચ સૂલમાઇણિ
પાસપહુ પભાવેણ, નાસંતિ સયલરોગાઈ હ્રીઁ સ્વાહા ૧૫
ૐ વિસહર દાવાનલ, સાઈણિ વેયાલમારિ આયંકા,
સિરિનીલ કંઠપાસસ્સ, સરણમિત્તેણં નાસંતિ. ૧૬

પન્નાસં ગોપીડાં, કુરગ્ગહ દંસણં ભયં કાયે,
આવીઈ નહુંતિ એએ, તહવિ તિસંજ્જં ગુણિજ્જાસુ. ૧૭
પીડજંત ભગંદર, કાસસાસ સૂલતહ નિવ્વાહં,
સિરિસામલપાસ મહંત નામ પઉરપઉલેણ. ૧૮
(ૐ હ્રીઁ શ્રીઁ) પાસધરણસંજુત્તં,
વિસહર વિજ્જાં જવેઈ શુદ્ધમણેણ,
પાવઈ ઇચ્છિયસુહં, ૐ હ્રીઁ શ્રીઁ ક્ષ્મ્લ્વ્ર્યું સ્વાહા. ૧૯
રોગ જલ જલણ વિસહર, ચોરારિ મઈંદ ગયરણભયાઈં,
પાસજીણનામ સંકિત્તણેણ,
પસમંતિ સવ્વાઇ હ્રીઁ સ્વાહા. ૨૦
ૐ જયઉ ધરણિંદ નમંસિય, પઉમાવઇ પમુહ નિસેવિયા,
ૐ કલીઁ હ્રીઁ મહાસિદ્ધિ, કરેઈ પાસ જગનાહો. ૨૧
તં નમહ પાસનાહં, ધરણિંદ નમંસિય દુહં પણાસેઈ.
જસ્સ પભાવેણ સયા, નાસંતિ સયલ દુરિયાઈં. ૨૨
એ એ સમરંતાણં મણે, ન દુહવાહિ ન તં મહાદુક્ખં,
નામપિ મંતસમ્મં, પયડં નત્થિત્થ સંદેહો. ૨૩
જલ જલણ ભય તહ સપ્પં, સીહ ચોરારિ સંભવેવિ અપ્પં,
જો સમરેહ પાસપહું, પહવઇ ન કયાવિ કિંચિ તસ્સ. ૨૪
ઇઅ લોગટ્ઠિ પરલોગટ્ઠિ જો સમરેઈ પાસનાહં તુ,
તત્તો સિજ્જેઈ ખિપ્પં, ઇહનાહં સરહ ભગવંતં ૨૫
ૐ હ્રીઁ શ્રીઁ કલીઁ ગ્રાંગ્રી ગ્રૂં ગ્રં કલીંકલીં
કલિકુંડ સ્વામિને નમો નમઃ ૨૬
ઇઅ સંથુઓ મહાયસ, ભત્તિબ્ભરનિબ્ભરેણ હિયએણ,
તા દેવ દિજ્જ બોહિં, ભવે ભવે પાસજીણચંદ. ૨૭

## જાપ

નમિઊણ પાસ વિસહર વસહ જીણ કુલિંગ ૧

ૐ હ્રીં શ્રીં અર્હં નમિઊણ પાસ વિસહર વસહ જીણ
કુલિંગ હ્રીં શ્રીં નમઃ

આરાધના પોષ વદ ૧૦ (ગુજરાતી માગશર વદ-૧૦ પ્રારંભ ઉપવાસથી એક લાખનો જાપ, ૨૪ હજારનો જપ કરતા જાઈના ફૂલ ચઢાવવા. સર્વ કાર્યની સિદ્ધિ.

ૐ પાર્શ્વનાથાય હ્રીં ૐ હ્રીં અર્હં શ્રી પાર્શ્વનાથાય નમઃ
ૐ હ્રીં અર્હં શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ

રોજ દશ માળા ૨૧ દિવસ સુધી ગણવી.

ૐ હ્રીં શ્રીં કલીકુંડ સ્વામિને નમઃ
ૐ નમો ભગવતે શ્રી કલીકુંડ પાર્શ્વનાથાય હ્રીં ધરણેન્દ્ર પદ્‌માવતિ સહિતાય મનોવાંછિતં કુરૂ કુરૂ સ્વાહા.

સર્વ મનોરથ પૂરા થાય યોગ્ય હોય તો.

ૐ નમો ભગવઓ અરહઓ પાસસ્સ સિજ્જ ઉ મે
ભગવઈ મહાવિજ્જા
ઉગ્ગે મહાઉગ્ગે જસે પાસે પાસે સુપાસે પાસમાલિણી
ઠઃ ઠઃ સ્વાહા.

વિશાખા નક્ષત્રમાં ઉપવાસપૂર્વક ૧૦૦૮ જાપ કરવાથી બલીકર્મ, ધૂપ રોગાદિક શાંત થાય.

ૐ મહાયક્ષ ૐ મહાયક્ષણી પાર્શ્વનાથ ભક્તિકરાય
જ્રૌં જ્રૌં મમ ઈચ્છિતં દેહિ દેહિ સ્વાહા.

સવારના ચંપાના ફૂલથી ૧૦૦૮ વાર જાપ, રિદ્ધિસિદ્ધ મળે.

ૐ નમો શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય હ્રીં શ્રીં ધરણેન્દ્ર પદ્માવતી સહિતાય અટ્ટે મટ્ટે ક્ષુદ્રાન્ સ્થંભય સ્થંભય દુષ્ટાન્ ચૂરય ચૂરય મનોવાંછિતં પૂરય પૂરય ઋદ્ધિં વૃદ્ધિં કુરૂ કુરૂ સ્વાહા

અઠ્ઠમ કે ત્રણ આંબેલ વદ ૯-૧૦-૧૧ જાપ ૧૨,૫૦૦ કરવા. સર્વકાર્ય સિદ્ધિ, ભાગ્ય જોઈએ.

ૐ નમો ભગવતે પાર્શ્વનાથાય હ્રીં ધરણેન્દ્ર પદ્માવતી સહિતાય
અટ્ટેમટ્ટે ભૂતવિઘટ્ટે ભૂતાન્ સ્થંભય સ્થંભય સ્વાહા.

ત્રણ આંબેલ, ૧૨,૫૦૦ ચિત્તની એકાગ્રતાપૂર્વક જાપ. કાર્યસિદ્ધિ.

ૐ ઐં હ્રીં શ્રીં કલીં કલીકુંડનાથાય સૌંનમઃ

૧ લાખ જાપ, ૧૦ હજાર હોમ શુદ્ધ જાઈના ફૂલ. શુભ અથવા અશુભ સ્વપ્નમાં સૂચન કરે.

—卐—

# પદ્માવતીના જાપ

ૐ હ્રીં અં ક્લીં શ્રી પદ્માવત્યૈ નમઃ
ૐ હ્રાં હ્રીં હ્રું હ્રૂં હ્રેં હ્રૈં હ્રૌં હ્રઃ દાતારસ્ય મમ શાંતિ
કુરૂ કુરૂ સ્વાહા.

રોજ ૧૦૦૮ જાપ. ૨૧ દિવસ

ૐ ઐં ક્લીં હરક્લીં હ્રીં હસૌં દેવિ પદ્માવતી નમઃ
પાંચ માળા કાર્યસિદ્ધિ.

ૐ પદ્માવતી પદ્મનેત્રે પદ્માસને લક્ષ્મીદાયિનિ વાંછાપૂર્ણિં ઋદ્ધિં
સિદ્ધિં જયં જયં કુરૂ કુરૂ સ્વાહા.

યંત્ર વાસક્ષેપ પૂજા. ૧૦૦૮ જાપ ઋદ્ધિસિદ્ધિ પ્રાપ્ત.

ૐ આં ક્રૌં હ્રીં ઐં ક્લીં હ્રૌં પદ્માવત્યૈ નમઃ
સવા લાખનો જાપ સ્વપ્નમાં દર્શન આપે.

सुपवित्रतीर्थनीरेण, संयुतं गन्धपुष्पसंमिश्रम् ।
पततु जलं बिम्बोपरि, साहिरण्यं मन्त्रपरिपूतम् ॥
जिनबिम्बोपरि निपतत्, घृतदधिदुग्धादिद्रव्यपरिपूतम् ।
दर्भोदकसन्मिश्रं, पंचसुधा हरतु दुरितानि ॥ १ ॥

## પાર્શ્વનાથ ભગવાનના ૧૦૮ નામ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી | શંખેશ્વર | પાર્શ્વનાથ | ૧૭ | શ્રી | ફલવર્ધન | પાર્શ્વનાથ |
| ૨ | ,, | અંતરિક્ષ | ,, | ૧૮ | ,, | મનમોહન | ,, |
| ૩ | ,, | અમિઝરા | ,, | ૧૯ | ,, | મગશીયા | ,, |
| ૪ | ,, | અજાહરા | ,, | ૨૦ | ,, | તારસલ્લા | ,, |
| ૫ | ,, | અહિછત્રા | ,, | ૨૧ | ,, | સકબલેચા | ,, |
| ૬ | ,, | અવન્તી | ,, | ૨૨ | ,, | બંભણુ | ,, |
| ૭ | ,, | અરજીયા | ,, | ૨૩ | ,, | સ્થંભન | ,, |
| ૮ | ,, | આસચુલા | ,, | ૨૪ | ,, | ગેબી | ,, |
| ૯ | ,, | ભીલડીયાજી | ,, | ૨૫ | ,, | ગોડી | ,, |
| ૧૦ | ,, | પંચાસરા | ,, | ૨૬ | ,, | નીલકંઠ | ,, |
| ૧૧ | ,, | ભોંયરા | ,, | ૨૭ | ,, | હળધરા | ,, |
| ૧૨ | ,, | ભેરવા | ,, | ૨૮ | ,, | શામળા | ,, |
| ૧૩ | ,, | ભાભા | ,, | ૨૯ | ,, | સુરસરા | ,, |
| ૧૪ | ,, | વિજયચિંતામણી | | ૩૦ | ,, | કંકણુ | ,, |
| ૧૫ | ,, | સોમચિંતામણી | | ૩૧ | ,, | દાદા | ,, |
| ૧૬ | ,, | ક્ષીપ્રા | પાર્શ્વનાથ | ૩૨ | ,, | સુરજમંડન | ,, |

| | | | |
|---|---|---|---|
| ૩૩ | શ્રી તરણુતારા પાર્શ્વનાથ | ૫૭ | શ્રી દુઃખભંજન પાર્શ્વનાથ |
| ૩૪ | ,, જગવલ્લભ ,, | ૫૮ | ,, ડોકરીયા ,, |
| ૩૫ | ,, કલીકુંડ ,, | ૫૯ | ,, જીરાઉલા ,, |
| ૩૬ | ,, ચિંતામણી ,, | ૬૦ | ,, સહસ્રફણા ,, |
| ૩૭ | ,, લોઢણુ ,, | ૬૧ | ,, મહેમદાવાદી ,, |
| ૩૮ | ,, સેરીસા ,, | ૬૨ | ,, કોકા ,, |
| ૩૯ | ,, નાકોડા ,, | ૬૩ | ,, કડેરા ,, |
| ૪૦ | ,, ઉનાવલા ,, | ૬૪ | ,, નારીંગા ,, |
| ૪૧ | ,, કલિચુગા ,, | ૬૫ | ,, ચંચુ ,, |
| ૪૨ | ,, રાવણુા ,, | ૬૬ | ,, ચલ્લા ,, |
| ૪૩ | ,, પોશીના ,, | ૬૭ | ,, ચવલેશ્વરા ,, |
| ૪૪ | ,, માણિક ,, | ૬૮ | ,, તીવરી ,, |
| ૪૫ | ,, નાસીરોડીયા ,, | ૬૯ | ,, કલ્યાણુ ,, |
| ૪૬ | ,, કુણુગેર ,, | ૭૦ | ,, ગંગાણીયા ,, |
| ૪૭ | ,, જોરવાડી ,, | ૭૧ | ,, પલ્લવિહાર ,, |
| ૪૮ | ,, કાપલી ,, | ૭૨ | ,, નાગેંદ્રનાથ ,, |
| ૪૯ | ,, દોલતીયા ,, | ૭૩ | ,, કુકુંટેશ્વર ,, |
| ૫૦ | ,, પ્રસમિયા ,, | ૭૪ | ,, તિમીર ,, |
| ૫૧ | ,, મુંજપ ,, | ૭૫ | ,, ગોગા ,, |
| ૫૨ | ,, ગાડરિયા ,, | ૭૬ | ,, દુધીયા ,, |
| ૫૩ | ,, ગુણુગરિસા ,, | ૭૭ | ,, વલ્લભ ,, |
| ૫૪ | ,, હમીરપુરા ,, | ૭૮ | ,, શંખલ ,, |
| ૫૫ | ,, નવલખા ,, | ૭૯ | ,, ધૃતકલ્લોલ ,, |
| ૫૬ | ,, ભીડભંજન ,, | ૮૦ | ,, ધીંગડમલ ,, |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮૧ | શ્રી ઝોટીંગજી | પાર્શ્વનાથ | ૯૫ | શ્રી ઊબરા | પાર્શ્વનાથ |
| ૮૨ | ,, ચોરવાડી | ,, | ૯૬ | ,, નવસારી | ,, |
| ૮૩ | ,, ઊદ્દામની | ,, | ૯૭ | ,, નવપલ્લવ | ,, |
| ૮૪ | ,, કાપરડા | ,, | ૯૮ | ,, મહાદેવ | ,, |
| ૮૫ | ,, સુખસાગર | ,, | ૯૯ | ,, વરકાણા | ,, |
| ૮૬ | ,, વિજ્જુલા | ,, | ૧૦૦ | ,, પંચાકોલ | ,, |
| ૮૭ | ,, કુરકડુ | ,, | ૧૦૧ | ,, ટાંકલા | ,, |
| ૮૮ | ,, મંડલી | ,, | ૧૦૨ | ,, નવખંડા | ,, |
| ૮૯ | ,, કાલી | ,, | ૧૦૩ | ,, મનરંજન | ,, |
| ૯૦ | ,, મહુરીયા | ,, | ૧૦૪ | ,, સાચા | ,, |
| ૯૧ | ,, ફૂલોધિ | ,, | ૧૦૫ | ,, નગીના | ,, |
| ૯૨ | ,, ઔવા | ,, | ૧૦૬ | ,, ખીબડી | ,, |
| ૯૩ | ,, કુલપાક | ,, | ૧૦૭ | ,, અલવરા | ,, |
| ૯૪ | ,, કંસારીયા | ,, | ૧૦૮ | ,, કેસરીયા | ,, |

ॐ ह्रीं श्रीं परमपुरुषाय परमेश्वराय जन्म जरा मृत्यु निवारणाय धरणेंद्र पद्मावती परिपूजिताय । श्रीमते पार्श्वजिनेंद्राय जलं पुष्पं धूपं दीपं अक्षतं नैवेद्यं फलं यजामहे स्वाहा ॥

# नमिऊण स्तोत्रम्

## (पंचमं स्मरणम्)

નમિઊણ પણયસુરગણ, ચુડામણિકિરણરંજિઅં મુણિણો,
ચલણ–જુઅલં મહાભય,–પણાસણં સંથવં વુચ્છં. ૧

સડિય કર–ચરણ–નહ–મુહ, નિબુડ્ડ–નાસા વિવન્ન–લાયન્ના,
કુટ્ઠ–મહારોગાનલ, કુલિંગ–નિદ્દડ્ઢ–સવ્વંગા ૨

તે તુહ ચલણારાહણ, સલિલંજલિ–સેય વુડ્ઢિય–ચ્છાયા,
વણદવ–દડ્ઢા ગિરિ પાયવ વ્વ પત્તા પુણો લચ્છિં. ૩

દુવ્વાય ખુભિય–જલનિહિ, ઉબ્ભડકલ્લોલ ભીસણારાવે;
સંભંત–ભય–વિસંઠુલ–નિજ્જામય–મુક્ક–વાવારે. ૪

અવિદલિઅ–જાણવત્તા; ખણેણ પાવંતિ ઇચ્છિઅં કૂલં;
પાસજિણ-ચલણ-જુઅલં; નિચ્ચં ચિઅ જે નમંતિ નરા ૫

ખરપવણુદ્ધુય વણદવ–જાલાવલિમિલિય સયલદુમ ગહણે,
ડજ્ઝંત–મુદ્ધ–મયવહુ–ભીસણરવ–ભીસણંમિ વણે. ૬

જગગુરુણો કમજુઅલં; નિવ્વાવિઅ–સયલ–તિહુઅણાભોઅં.
જે સંભરંતિ મણુઆ, ન કુણઈ જલણો ભયં તેસિં. ૭

વિલસંત–ભોગભીષણ, –ફુરિઆરૂણનયણ–તરલજીહાલં,
ઉગ્ગ–ભુઅંગં નવ–જલય–સત્થહં ભીસણાયારં ૮

મન્નંતિ કીડ–સરિસં, દૂર–પરિચ્છૂઢ–વિસમ–વિસ–વેગા,
તુહ નામક્ખર–ફુડસિદ્ધ–મંતગુરુઆ નરા લોએ. ૯

અડવીસુ ભિલ્લ–તક્કર,–પુલિંદ–સદ્દૂલ–સદ્–ભીમાસુ,
ભયવિહુર-વુન્નકાયર–ઉલ્લૂરિય–પહિય–સત્થાસુ. ૧૦.

અવિલુત્ત–વિહવ–સારા, તુહ નાહ પણામ–મત્ત–વાવારા,
વવગય–વિગ્ઘા સિગ્ઘં, પત્તા હિય–ઇચ્છિયં ઠાણં. ૧૧.

પજ્જલિઆનલ–નયણં, દૂર–વિયારિઅ મુહં મહાકાયં,
નહકુલિસ–ઘાય–વિઅલિઅ–ગઇંદ–કુંભત્થલા–ભોઅં. ૧૨

પણય–સસંભમ–પત્થિવ, નહ મણિ–માણિક્ક–પડિઅ–પડિમસ્સ.
તુહ વયણ–પહરણ ધરા, સીહં કુદ્ધંપિ ન ગણંતિ. ૧૩

સસિ–ધવલ–દંતમુસલં, દીહ–કરૂલ્લાલ વુડ્ઢિ–ઉચ્છાહં,
મહુપિંગ–નયણજુઅલં, સસલિલ–નવ જલહરારાવં. ૧૪

ભીમં મહાગઇંદં, અચ્ચાસન્નંપિ તે ન વિ ગણંતિ,
જે તુમ્હ ચલણ-જુઅલં, મણિવઇતુંગં સમલ્લીણા. ૧૫

સમરમ્મિ તિક્ખખગ્ગા, ભિગ્ઘાય પવિદ્ધ–ઉદ્ધુર–કબંધે,
કુંત–વિણિભિન્ન–કરિકલહ, મુક્ક–સિક્કાર–પઉરંમિ. ૧૬

નિજ્જિઅ–દપ્પુદ્ધર–રિઉ, નરિંદનિવહા ભડા જસં ધવલં,
પાવંતિ પાવ–પસમિણ, પાસજિણ ! તુહપ્પભાવેણ. ૧૭

રોગ–જલ–જલણ–વિસહર,–ચોરારિ–મઇંદ–ગય–રણભયાઇં,
પાસજિણ–નામ–સંકિત્તણેણ, પસમંતિ સવ્વાઇં. ૧૮

એવં મહા–ભયહરં, પાસ–જિણિંદસ્સ સંથવ–મુઆરં,
ભવિય–જણાણંદયરં, કલ્લાણ–પરંપર–નિહાણં. ૧૯

રાયભય–જક્ખ–રક્ખસ–કુસુમિણ–દુસ્સઉણ–રિક્ખ–પીડાસુ,
સંઝાસુ દોસુ પંથે, ઉવસગ્ગે તહય રયણીસુ. ૨૦

જો પઢઇ જો અ નિસુણઇ, તાણં કઇણો ય માણતુંગસ્સ,
પાસો પાવં પસમેઉ, સયલ–ભુવણ–ચ્ચિઅ–ચલણો. ૨૧

ઉવસગ્ગંતે કમઠા-સુરમ્મિ ઝાણાઓ જો ન સંચલિઓ,
સુર નર કિન્નર-જુવઈહિં, સંથુઓ જયઉ પાસજિણો. ૨૨
એઅસ્સ મજ્ઝયારે, અટ્ઠારસ-અક્ખરેહિં જો મંતો,
જો જાણઈ સો ઝાયઈ, પરમ-પયત્થં ફુડં પાસં. ૨૩
પાસહ સમરણ જો કુણઈ, સંતુટ્ઠ હિયએણ,
અટ્ઠુત્તરસય-વાહિ-ભય, નાસેઈ તસ્સ દૂરેણ. ૨૪

## श्री कल्याणमंदिर स्तोत्रम्

### ( अष्टम् स्मरणम् )

### ( वसन्ततिलका वृत्ताम् )

કલ્યાણમંદિર-મુદાર-મવદ્યભેદિ, ભીતાભયપ્રદ-મનિંદિત-મંઘ્રિ-પદ્મમ્, સંસારસાગર-નિમજ્જદશેષજંતુ, પોતાયમાન-મભિનમ્ય જિનેશ્વરસ્ય. ૧

યસ્ય સ્વયં સુરગુરુર્ગરિમાંબુરાશેઃ, સ્તોત્રં સુવિસ્તૃત-મતિર્ન વિભુર્વિધાતુમ્, તીર્થેશ્વરસ્ય કમઠ-સ્મય-ધૂમ-કેતો,-સ્તસ્યાહમેષ કિલ સંસ્તવનં કરિષ્યે. ૨

સામાન્યતોઽપિ તવ વર્ણયિતું સ્વરૂપ,-મસ્માદૃશાઃ કથમધીશ ! ભવંત્યધીશાઃ ? ધૃષ્ટોઽપિ કૌશિકશિશુ-ર્યદિવા દિવાંધો, રૂપં પ્રરૂપયતિ કિં કિલ ઘર્મરશ્મેઃ ? ૩

મોહક્ષયા-દનુભવન્નપિ નાથ ! મર્ત્યો, નૂનં ગુણાન્ ગણયિતું ન તવ ક્ષમેત, કલ્પાંત-વાંત-પયસઃ પ્રકટોઽપિ યસ્મા-ન્મીયેત કેન જલધેર્નનુ રત્નરાશિઃ ? ૪

અભ્યુદ્યતોડસ્મિ તવ નાથ ! જડાશયોડપિ. કર્તું સ્તવં લસદસં -ગુણાકરસ્ય, બાલોડપિ, કિં ન નિજબાહુ-યુગં વિતત્ય, વિસ્તીર્ણતાં કથયતિ સ્વધિયાંબુરાશેઃ ? ૫

યે યોગિનામપિ ન યાન્તિ ગુણાસ્તવેશ !, વક્તું કથં ભવતિ તેષુ મમાવકાશઃ ?; જાતા તદેવમસમીક્ષિત- કારિતેયં જલ્પંતિ વા નિજગિરા નનુ પક્ષિણોડપિ. ૬

આસ્તા-મચિંત્ય-મહિમા જિન ! સંસ્તવસ્તે, નામાપિ પાતિ ભવતો ભવતો જગંતિ, તીવ્રાતપોપહત-પાંથજ-નાન્નિદાઘે, પ્રીણાતિ પદ્મસરસઃ સરસોડનિલોડપિ. ૭

હૃદ્વર્ત્તિનિ ત્વયિ વિભો ! શિથિલીભવંતિ, જંતોઃ ક્ષણેન નિબિડા અપિ કર્મબંધાઃ, સદ્યો ભુજંગમમયા ઈવ મધ્યભાગ,-મભ્યાગતે વનશિખંડિનિ ચંદનસ્ય. ૮

મુચ્યંત એવ મનુજાઃ સહસા જિનેંદ્ર ! રૌદ્રૈરૂપદ્રવ-શતૈસ્ત્વયિ વીક્ષિતેડપિ, ગોસ્વામિનિ સ્ફુરિત-તેજસિ દૃષ્ટમાત્રે, ચૌરૈરિવાશુ પશવઃ પ્રપલાયમાનૈઃ. ૯

ત્વં તારકો જિન ! કથં ? ભવિનાં ત એવ, ત્વા-મુદ્વહંતિ હૃદયેન યદુત્તરંતઃ. યદ્વાદૃતિસ્તરતિ યજ્જલ-મેષ નૂન,-મન્તર્ગ-તસ્ય મરૂતઃ સ કિલાનુભાવઃ. ૧૦

યસ્મિન્ હર-પ્રભતયોડપિ હૃત-પ્રભાવાઃ. સોડપિ ત્વયા રતિપતિઃ ક્ષપિતઃ ક્ષણેન, વિધ્યાપિતા હુતભુજઃ પયસાડથ યેન, પીતં ન કિ તદપિ દુર્ધર-વાડવેન ? ૧૧

સ્વામિન્નનલ્પ-ગરિમાણ-મપિ પ્રપન્ના,-સ્ત્વાં જંતવઃ કથમહો હૃદયે દધાનાઃ, જન્મોદધિં લઘુ તરંત્યતિલાઘવેન, ચિંત્યો ન હંત મહતાં યદિ વા પ્રભાવઃ, ૧૨

ક્રોધાસ્ત્વયા યદિ વિભો ! પ્રથમં નિરસ્તો, ધ્વસ્તાસ્તદા બત કથં કિલ કર્મચૌરાઃ ?, પ્લોષત્યમુત્ર યદિ વા શિ–શિરાપિ લોકે, નીલદ્રુમાણિ વિપિનાનિ ન કિં હિમાની ? ૧૩

ત્વાં યોગિનો જિન ! સદા પરમાત્મરૂપ,–મન્વેષયંતિ હૃદયાંબુજ–કોશ–દેશે, પૂતસ્ય નિર્મલરૂચે–ર્યદિ વા કિમન્ય–દક્ષસ્ય સંભવિ પદં નનુ કર્ણિકાયાઃ ? ૧૪

ધ્યાનાજ્જિનેશ ! ભવતો ભવિનઃ ક્ષણેન, દેહં વિહાય પરમાત્મ–દશાં વ્રજંતિ. તીવ્રાનલા-દુપલભાવ–મપાસ્ય લોકે, ચામીકરત્વ–મચિરાદિવ ધાતુભેદાઃ. ૧૫

અંતઃ સદૈવ જિન યસ્ય વિભાવ્યસે ત્વં, ભવ્યૈઃ કથં તદપિ નાશયસે શરીરમ્ ?. એતત્સ્વરૂપમથ મધ્ય–વિવર્ત્તિનો હિ, યદ્વિગ્રહં પ્રશમયંતિ મહાનુભાવાઃ. ૧૬

આત્મા મનીષિભિરયં ત્વદભેદ–બુદ્ધ્યા, ધ્યાતો જિનેંદ્ર ! ભવતીહ ભવત્પ્રભાવઃ, પાનીયમપ્યમૃત-મિત્ય–નુચિંત્ય–માનં, કિં નામ નો વિષવિકાર–મપાકરોતિ ?. ૧૭

ત્વામેવ વીત–તમસં પરવાદિનોઽપિ, નૂનં વિભો ! હરિહરાદિ–ધિયા પ્રપન્નાઃ, કિં કાચકામલિભિરીશ ! સિતોઽપિ શંખો, નો ગૃહ્યતે વિવિધવર્ણ–વિપર્યયેણ. ૧૮

ધર્મોપદેશ-સમયે સવિધાનુભાવા, દાસ્તાં જનો ભવતિ તે તરૂ–રપ્યશોકઃ, અભ્યુદ્ગતે દિનપતૌ સમહીરુહોઽપિ, કિં વા વિબોધ મુપયાતિ ન જીવલોકઃ ? ૧૯

ચિત્રં વિભો ! કથમવાઙ્મુખ–વૃંતમેવ, વિષ્વક્ પતત્ય-વિરલા સુર–પુષ્પ–વૃષ્ટિઃ, ત્વદ્ગોચરે સુમનસાં યદિ વા મુનીશ !, ગચ્છંતિ નૂનમધ એવ હિ બંધનાનિ. ૨૦

સ્થાને ગભીર-હૃદયોદધિ–સંભવાયાઃ, પીયૂષતાં તવ ગિરઃ સમુદીરયંતિ, પીત્વા યતઃ પરમ–સંમદ–સંગભાજો; ભવ્યા વ્રજંતિ તરસાપ્ય–જરામરત્વમ્ ૨૧

સ્વામિન્ ! સુદૂર–મવનમ્ય સમુત્પતંતો; મન્યે વદંતિ શુચયઃ સુર–ચામરૌઘાઃ, યેઽસ્મૈ નતિં વિદધતે મુનિ પુંગવાય, તે નૂન–મુર્ધ્વગતયઃ ખલુ શુદ્ધભાવાઃ ૨૨

શ્યામં ગભીર–ગિર–મુજ્જવલ–હેમરત્ન.–સિંહાસનસ્થમિહ ભવ્ય-શિખંડિનસ્ત્વામ્, આલોકયંતિ રભસેન નદંતમુચ્ચૈ,–શ્ચામીકરાદ્રિ -શિરસીવ નવાંબુવાહમ્ ૨૩

ઉદ્ગચ્છતા તવ શિતિદ્યુતિ–મંડલેન, લુપ્તચ્છદચ્છવિ–રશોકતરૂ—ર્બભૂવ, સાન્નિધ્યતોઽપિ યદિ વા તવ વીતરાગ !, નીરાગતાં વ્રજતિ કો ન સચેતનોઽપિ ? ૨૪

ભોઃ ભોઃ પ્રમાદ–મવધૂય ભવજદ્વમેન,–માગત્ય નિર્વૃતિપુરીં પ્રતિ સાર્થવાહમ , એતન્નિવેદયતિ દેવ ! જગત્ત્રયાય, મન્યે નદન્નભિનભઃ સુરદુંદુભિસ્તે. ૨૫

ઉદ્યોતિતેષુ ભવતા ભુવનેષુ નાથ !, તારાન્વિતો વિધુરયં વિહતા-ધિકારઃ, મુક્તા–કલાપ–કલિતોચ્છ્વસિતાતપત્ર, વ્યાજાત્ત્રિધા ધ્રુતતનુ–ર્ધ્રુવ–મભ્યુપેતઃ. ૨૬

સ્વેન પ્રપૂરિત–જગત્ત્રય–પિંડિતેન, કાંતિ–પ્રતાપ–યશસામિવ સંચયેન, માણિક્ય–હેમ–રજત–પ્રવિનિર્મિતેન, સાલ–ત્રયેણ ભગવન્નભિતો વિભાસિ. ૨૭

દિવ્યસ્રજો જિન ! નમત્ત્રિદશાધિપાના,–મુત્સૃજ્ય રત્નરચિતાનપિ મૌલિબંધાન્, પાદૌ શ્રયંતિ ભવતો યદિ વા પરત્ર, ત્વત્સંગમે સુમનસો ન રમંત એવ. ૨૮

ત્વં નાથ ! જન્મજલધે-ર્વિપરાઙ્મુખોડપિ, યત્તારયસ્યસુમતો નિજ–પૃષ્ઠ લગ્નાન્, યુક્તં હિ પાર્થિવ–નિપસ્ય સતસ્તવૈવ, ચિત્રં વિભો ! યદસિ કર્મ–વિપાક–શૂન્યઃ ૨૯

વિશ્વેશ્વરોડપિ જનપાલક ! દુર્ગતસ્ત્વં, કિં વાક્ષરપ્રકૃતિરપ્ય-લિપિસ્ત્વમીશ ! અજ્ઞાનવત્યપિ સદૈવ કથંચિદેવ, જ્ઞાનં ત્વયિ સ્ફુરતિ વિશ્વ–વિકાસ–હેતુઃ ૩૦

પ્રાગ્ભાર–સંભૃત–નભાંસિ રજાંસિ રોષા;–દુત્થાપિતાનિ કમઠેન શઠેન યાનિ, છાયાપિ તૈસ્તવ ન નાથ ! હતા હતાશો, ગ્રસ્ત-સ્ત્વમીભિરયમેવ પરં દુરાત્મા. ૩૧

યદ્ ગર્જ્જદૂર્જિર્જત-ઘનૌઘ-મદભ્ર–ભીમં, ભ્રશ્યત્તડિન્મુસલ–માંસલ ઘોર ધારમ્, દૈત્યેન મુક્તમથ દુસ્તરવારિ દધ્રે, તેનૈવ તસ્ય જિન ! દુસ્તરવારિ–કૃત્યમ્. ૩૨

ધ્વસ્તોર્ધ્વ–કેશ–વિકૃતા–કૃતિ–મર્ત્ય–મુંડ,–પ્રાલંબભૃદ્ ભયદ–વક્ત્ર વિનિર્યદગ્નિઃ, પ્રેતવ્રજઃ પ્રતિભવંત-મપીરિતો યઃ, સોડસ્યાડભવત્પ્રતિ ભવં ભવ–દુઃખ હેતુઃ ૩૩

ધન્યાસ્ત એવ ભુવનાધિપા યે ત્રિસંધ્ય;–મારાધયંતિ વિધિવદ્વિધુતા–ન્યકૃત્યાઃ ભક્-ત્યોલ્લત્પુલક-પક્ષ્મલ–દેહદેશા, પાદદ્વયં તવ વિભો ! ભુવિ જન્મભાજઃ. ૩૪

અસ્મિન્નપાર-ભવ-વારિનિધૌ મુનીશ ! મન્યે ન મે શ્રવણ-ગોચરતાં ગતોડસિ, આકર્ણિતે તુ તવ ગોત્ર-પવિત્ર-મંત્રે કિં વા વિપદ્વિષધરી સવિધં સમેતિ ? ૩૫

જન્માંતરેઽપિ તવ પાદયુગં ન દેવ !, મન્યે મયા મહિત મીહિત–દાનદક્ષમ્ તેનેહ જન્મનિ મુનીશ ! પરાભવાનાં; જાતો નિકેતનમહં મથિતા–શયાનામ્ ૩૬

નૂનં ન મોહ-તિમિરા-વૃતલોચનેન, પૂર્વં વિભો ! સકૃદપિ પ્રવિલોકિતોઽસિ; મર્માવિધો વિધુરયંતિ હિ મામનર્થાઃ, પ્રોદ્યત્પ્રબંધ–ગતયઃ કથમન્યથૈતે ૩૭

આકર્ણિતોઽપિ મહિતોઽપિ નિરીક્ષિતોઽપિ, નૂનં ન ચેતસિ મયા વિધૃતોઽસિ ભક્ત્યા, જાતોઽસ્મિ તેન જનબાંધવ ! દુઃખપાત્રં, યસ્માત્ ક્રિયાઃ પ્રતિફલન્તિ ન ભાવશૂન્યાઃ ૩૮

ત્વં નાથ ! દુઃખિજન–વત્સલ ! હે શરણ્ય ! કારુણ્ય–પુણ્યવસતે ! વશિનાં વરેણ્ય ! ભક્ત્યા નતે મયિ મહેશ ! દયાં વિધાય; દુઃખાઙ્કુરોદ્દલન–તત્પરતાં વિધેહિ. ૩૯

નિઃસંખ્ય-સાર-શરણં શરણં શરણ્ય,–માસાદ્ય સાદિતરિપુ–પ્રથિતાવદાતમ્, ત્વત્પાદ–પંકજમપિ પ્રણિધાનવંધ્યો, વધ્યોઽસ્મિ ચેદ્ ભુવનપાવન ! હા હતોઽસ્મિ. ૪૦

દેવેંદ્રવંદ્ય ! વિદિતા–ખિલ–વસ્તુસાર !, સંસાર–તારક ! વિભો ! ભુવનાધિનાથ !. ત્રાયસ્વ દેવ ! કરુણા–હૃદ ! માં પુનીહિ, સીદંતમદ્ય ભયદ–વ્યસનાંબુરાશેઃ ૪૧

યદ્યસ્તિ નાથ ! ભવદઙ્ઘ્રિ-સરોરુહાણાં, ભક્તેઃ ફલં કિમપિ સંતતિ–સંચિતાયાઃ, તન્મે ત્વદેક–શરણસ્ય શરણ્ય ! ભૂયાઃ, સ્વામી ત્વમેવ ભુવનેઽત્ર ભવાંતરેઽપિ. ૪૨

ઈત્થં સમાહિત–ધિયો વિધિવજ્જિનેંદ્ર !, સાંદ્રોલ્લસત્પુલક-

કંચુકિતાંગ-ભાગાઃ, ત્વદ્‌બિંબ-નિર્મલમુખાંબુજ-બદ્ધલક્ષાઃ. યે
સંસ્તવં તવ વિભો ! રચયંતિ ભવ્યાઃ ૪૩
જન નયન-કુમુદચંદ્ર ! પ્રભાસ્વરાઃ, સ્વર્ગસંપદો ભુક્ત્વા, તે
વિગલિત-મલ-નિચયા, અચિરાન્મોક્ષં પ્રપદ્યંતે. ૪૪

—૦—

## अथ श्री पार्श्वनाथस्य
## मन्त्राधिराजस्तोत्रम्

શ્રી પાર્શ્વઃ પાતુ વો નિત્યં, જિનઃ પરમશંકરઃ ॥
નાથઃ પરમશક્તિશ્ચ, શરણ્યઃ સર્વકામદઃ ॥ ૧ ॥
સર્વવિઘ્નહરઃ સ્વામી, સર્વસિદ્ધિપ્રદાયકઃ ॥
સર્વસત્ત્વહિતો યોગી, શ્રીકરઃ પરમાર્થદઃ ॥ ૨ ॥
દેવદેવઃ સ્વયંસિદ્ધ,--શ્ચિદાનન્દમયઃ શિવઃ ॥
પરમાત્મા પરબ્રહ્મ, પરમઃ પરમેશ્વરઃ ॥ ૩ ॥
જગન્નાથઃ સુરજ્યેષ્ઠો, ભૂતેશઃ પુરુષોત્તમઃ ॥
સુરેન્દ્રો નિત્યધર્મશ્ચ, શ્રી--નિવાસઃ શુભાર્ણવઃ ॥ ૪ ॥
સર્વજ્ઞઃ સર્વદેવેશઃ, સર્વગઃ સર્વતોમુખઃ ॥
સર્વાત્મા સર્વદર્શી ચ, સર્વવ્યાપી જગદ્‌ગુરુઃ ॥ ૫ ॥

તત્ત્વમૂર્તિઃ પરાદિત્યઃ, પરબ્રહ્મપ્રકાશકઃ ॥
પરમેન્દુઃ પરપ્રાણુઃ પરમામૃતસિદ્ધિદઃ ॥ ૬ ॥

અજઃ સનાતનઃ શમ્ભુ,--રીશ્વરશ્ચ સદાશિવઃ ॥
વિશ્વેશ્વરઃ પ્રમોદાત્મા, ક્ષેત્રાધીશઃ શુભપ્રદઃ ॥ ૭ ॥

સાકારશ્ચ નિરાકારઃ, સકલો નિષ્કલોઽવ્યયઃ ॥
નિર્મમો નિર્વિકારશ્ચ, નિર્વિકલ્પો નિરામયઃ ॥ ૮ ॥

અમરશ્ચારુજોઽનન્ત એકોઽનેકઃ શિવાત્મકઃ ॥
અલક્ષ્ય શ્ચાપ્રમેયશ્ચ, ધ્યાનલક્ષ્યો નિરંજનઃ ॥ ૯ ॥

ૐકારાકૃતિરવ્યક્તો, વ્યક્તરૂપસ્ત્રયીમયઃ ॥
બ્રહ્મદ્વયપ્રકાશાત્મા, નિર્ભયઃ પરમાક્ષરઃ ॥ ૧૦ ॥

દિવ્યતેજોમયઃ શાન્તઃ, પરમામૃતમયોઽચ્યુતઃ ॥
આદ્યોઽનાદ્યઃ પરેશાનઃ, પરમેષ્ઠી પરઃ પુમાન્ ॥ ૧૧ ॥

શુદ્ધસ્ફટિકસંકાશઃ, સ્વયંભૂઃ પરમાચ્યુતઃ ॥
વ્યોમાકાઃ સ્વરૂપશ્ચ, લોકાઽલોકાવભાસકઃ ॥ ૧૨ ॥

જ્ઞાનાત્મા પરમાનન્દઃ, પ્રાણારૂઢો મનઃસ્થિતિઃ ॥
મનઃસાધ્યો મનોધ્યેયો, મનોદૃશ્યઃ પરાપરઃ ॥ ૧૩ ॥

સર્વતીર્થમયો નિત્યઃ, સર્વદેવમયઃ પ્રભુઃ ॥
ભગવાન્ સર્વતત્ત્વેશઃ, શિવશ્રી--સૌખ્યદાયકઃ ॥ ૧૪ ॥

ઇતિ શ્રીપાર્શ્વનાથસ્ય, સર્વજ્ઞસ્ય જગદ્ગુરોઃ ॥
દિવ્યમષ્ટોત્તરં નામ-શત-મત્ર પ્રકીર્તિતમ્ ॥ ૧૫ ॥

પવિત્રં પરમં ધ્યેયં, પરમાનન્દ દાયકમ્ ॥
ભુક્તિ-મુક્તિપ્રદં નિત્યં, પઠતાં મંઙ્ગલપ્રદમ્ ॥ ૧૬ ॥

શ્રીમત્પરમકલ્યાણ,--સિદ્ધિદઃ શ્રેયસેઽસ્તુ વઃ ॥
પાર્શ્વનાથજિનઃ શ્રીમાન્, ભગવાન્ પરમઃ શિવ; ॥ ૧૭ ॥
ધરણેન્દ્ર-ફણચ્છત્રા-લંકૃતો વઃ શ્રિયં પ્રભુઃ ॥
દદ્યાત્પદ્માવતીદેવ્યા, સમધિષ્ઠિત-શાસનઃ ॥ ૧૮ ॥
ધ્યાયેત્કમલમધ્યસ્થં, શ્રીપાર્શ્વજગદીશ્વરમ્ ॥
ૐ હ્રીં શ્રીં અર્હં સમાયુક્તં, કેવલજ્ઞાનભાસ્કરમ્ ॥ ૧૯ ॥
પદ્માવત્યાન્વિતં વામે, ધરણેન્દ્રેણ દક્ષિણે ॥
પરિતોઽષ્ટદલસ્થેન, મન્ત્રરાજેન સંયુતમ્ ॥ ૨૦ ॥
અષ્ટપત્રસ્થિતૈઃ પંચ—નમસ્કારૈસ્તથા ત્રિભિઃ ॥
જ્ઞાનાદ્યૈર્વેષ્ટિતં નાથં, ધર્માર્થકામમોક્ષદમ્ ॥ ૨૧ ॥
સત્ષોડશદલારૂઢ, વિદ્યાદેવીભિરન્વિતમ્ ॥
ચતુર્વિંશતિપત્રસ્થં, જિનમાતૃસમાવૃતમ્ ॥ ૨૨ ॥
માયાવેષ્ટયત્રયાગ્રસ્થં, ક્રૌંકારસહિતં પ્રભુમ્ ॥
નવગ્રહાવૃતં દેવ, દિક્પાલૈર્દશભિર્વૃતમ્ ॥ ૨૩ ॥
ચતુષ્કોણેષુ મન્ત્રાદ્યચતુર્બીજાન્વિતૈર્જિનૈઃ ॥
ચતુરષ્ટદશદ્વીતિ,–દ્વિધાંકસંજ્ઞકૈર્યુતમ્ ॥ ૨૪ ॥
દિક્ષુ ક્ષકારયુકતેન, વિદિક્ષુ લાંકિતેન ચ ॥
ચતુરસ્રેણ વજ્રાંક, ક્ષિતિતત્ત્વે પ્રતિષ્ઠિતમ્ ॥ ૨૫ ॥
શ્રીપાર્શ્વનાથમિત્યેવં, યઃ સમારાધયેજ્જિનમ્ ॥
તં સર્વપાપ–નિર્મુક્તં, ભજતે શ્રીઃ શુભપ્રદા ॥ ૨૬ ॥
જિનેશઃ પૂજિતો ભક્ત્યા સંસ્તુતઃ પ્રસ્તુતોઽથવા ॥
ધ્યાતસ્ત્વંયૈઃ ક્ષણં વાઽપિ, સિદ્ધિસ્તેષાં મહોદયા ॥ ૨૭ ॥

શ્રીપાર્શ્વમન્ત્રરાજાન્તે, ચિન્તામણિગુણાસ્પદમ્ ॥
શાન્તિપુષ્ટિકરં નિત્યં, ક્ષુદ્રોપદ્રવનાશનમ્ ॥ ૨૮ ॥
ઋદ્ધિ સિદ્ધિ-મહાબુદ્ધિ--ધૃતિ શ્રી કાન્તિ-કીર્તિદમ્ ॥
મૃત્યુંજયં શિવાત્માનં, જપન્નાનન્દિતો જનઃ ॥ ૨૯ ॥
સર્વકલ્યાણપૂર્ણઃ સ્યાજ્જરા-મૃત્યુ-વિવર્જિતઃ ॥
અણિમાદિમહાસિદ્ધિં, લક્ષજાપેન ચાપ્નુયાત્ ॥ ૩૦ ॥
પ્રાણાયામમનોમન્ત્ર,-યોગાદમૃતમાત્મનિ ॥
ત્વામાત્માનં શિવંધ્યાત્વા, સ્વામિન્ ! સિધ્યન્તિ જન્તવઃ
હર્ષદઃ કામદશ્ચેતિ, રિપુઘ્નઃ સર્વસૌખ્યદઃ ॥
પાતુ વઃ પરમાનન્દ-લક્ષણઃ સંસ્મૃતો જિનઃ ॥ ૩૨ ॥
તત્ત્વરૂપમિદં સ્તોત્રં, સર્વમંગલસિદ્ધિદમ્ ॥
ત્રિસન્ધ્યં યઃ પઠેન્નિત્યં, નિત્યં પ્રાપ્નોતિ સ શ્રિયમ્ ॥ ૩૩ ॥

॥ ઈતિ શ્રી પાર્શ્વનાથસ્ય મન્ત્રાધિરાજસ્તોત્રમ્ ॥

# પંડિત શ્રી વીરવિજયજીકૃત

## શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા

આ પૂજામાં ઉત્કૃષ્ટ ફળ, નૈવેદ્ય, પકવાન્ન વગેરે દરેક વસ્તુના આઠ આઠ નંગ લાવવાં. આઠ સ્નાત્રયી ઉભા રાખવા, આઠ કળશ પંચામૃતના ભરવા આઠ દીપક કરવા અને કુસુમ (ફૂલ) અક્ષત (ચોખા) પ્રમુખ વસ્તુઓ જોઈએ. કદાપિતે પ્રમાણે જોગ ના બને તેમ હોય તો એકેકી વસ્તુથી પણ પૂજા ભણાવી શકાય.

### વિધિ

૧. પ્રથમ સ્નાત્ર ભણાવવું, પછી સ્નાત્રીયા રકેબીમાં કુસુમ (ફૂલ) લઈ ઊભા રહે અને પૂજા ભણાવનારાઓ પહેલી પૂજા ભણાવી મંત્ર કહે એટલે સ્નાત્રાયા કુસુમ (ફૂલ) પ્રભુજીને ચઢાવે.

૨. બીજી પૂજામાં લવિંગ, એલચી, સોપારી, નાળીએર, બદામ, દ્રાક્ષ, બીજોરાં, દાઢમ, નારંગી, કેરી, કેળાં, પ્રમુખ, સરસ, સુગંધિત રમણીય ફળ રકેબીમાં રાખી, રકેબી હાથમાં ધરી પૂજાનો પાઠ કહી છેલ્લો મંત્ર ભણીને પ્રભુ આગળ ફળ ધરે.

૩. ત્રીજી પૂજામાં ઉજ્જવલ અખંડ અક્ષત (ચોખા)રકાબીમાં નાંખી, રકાબી હાથમાં ધરી પૂજાનો પાઠ કહી છેલ્લો મંત્ર ભણી પ્રભુજી આગળ સ્વસ્તિક તથા તંદુલના ત્રણ પુંજ (ઢગલા) કરે.

૪. ચોથી પૂજામાં નિર્મળ જળે ભરેલા કળશ રકેબીમાં રાખી, રકેબી હાથમાં લેઈ પ્રભુ આગળ ઊભા રહે પછી પૂજાનો પાઠ ભણીને છેલ્લો મંત્ર કહી જળપૂજા કરે.

૫. પછી પખાળ કરી અંગલૂંછણાથી લુહીને કેસરની કચોળી (વાટકી) રકેબીમાં રાખી હાથમાં લઇ પાંચમી પૂજાનો પાઠ ભણી છેલ્લો મંત્ર કહી ચંદનપૂજા કરે.

૬. છઠ્ઠી પૂજામાં ધૂપધાણું, રકેબીમાં રાખી હાથમાં લઇ પૂજાનો પાઠ કહી છેલ્લો મંત્ર ભણી, પ્રભુની ડાબી બાજુ ધૂપ ઉખેવે.

૭. સાતમી પૂજામાં, મૌક્તિકસૂત્ર પ્રમુખની વાટ (દીવેટ) કરી, નિર્મળ સુગંધિત ઘીથી કોડિયાં ભરી, દીપક કરી, રકેબીમાં રાખી, રકેબી હાથમાં લઇ પૂજાનો પાઠ કહી, છેલ્લો મંત્ર ભણી, પ્રભુજીની જમણી બાજુએ દીપક રાખીએ.

૮. આઠમી પૂજામા મોદક, સાકર, ખાજાં, પતાસાં પ્રમુખ અનેક ઉત્તમ પકવાન્ન રકેબીમાં ભરી હાથમાં ધરી પૂજાનો પાઠ કહી છેલ્લો મંત્ર ભણી પ્રભુ આગળ નૈવેદ્ય ધરે.

છેવટે પૂજાનો કળશ કહી સ્નાત્રીઆઓ આરતિ ઉતારી પ્રભુજીથી અંતરપટ કરી પોતાના નવ અંગે ચાંલ્લા કરી મંગળ દીવો ઉતારે.

## ।। અથ ચ્યવનકલ્યાણકે પ્રથમ પૂષ્પ પૂજા

### ।। દુહા ।।

શ્રી શંખેસર સાહિબો, સુરતરુસમ અવદાત ।। પુરિસાદાણી પાસજી, ષડદર્શન વિખ્યાત ।। ૧ ।। પંચમ આરે પ્રાણિયા, સમરે ઉઠી સવાર ।। વાંછિત પૂરે દુઃખ હરે, વંદું વાર હજાર ।।૨।। અવસર્પિણી ત્રેવીસમા, પાર્શ્વનાથ જખ હુંત ।। તસ ગણધરપદ પામીને, થાશો શિવવધુકંત ।।૩।। દામોદર જિનમુખ સુણી, નિજ આતમ ઉદ્ધાર ।। તદા આષાઢી શ્રાવકે. મૂર્તિ ભરાવી સાર ।।૪।। સુવિહિત આચારજ કને અંજનશલાકા કીધ ।। પંચકલ્યાણક ઉત્સવે, માનું

વચન જ લીધ ॥૫॥ સિદ્ધસ્વરૂપ રમણુ ભણી નૌતમ પડિમા જેહ ॥ થાપી પંચકલ્યાણુકે, પૂજે ધન્ય નર તેહ ॥ ૬ ॥ કલ્યાણુક ઉત્સવ કરી, પૂરણુ હર્ષ નિમિત્ત ॥ નંદીસર જઇ દેવતા, પૂજે શાશ્વત ચૈત્ય ॥૮॥ કલ્યાણુક પૂજન સહિત, રચના રચશું તેમ ॥ દુર્જન વિષધર ડોલશે, સજજન મનશું પ્રેમ ॥૮॥ કુસુમ ફળ અક્ષત તણી, જળ ચંદન મનોહાર; ધુપ દીપ નૈવેદ્યશું, પૂજા અષ્ટ પ્રકાર ॥૯॥

(ઢાળ પ્રથમ પૂરવ દિશે એ—દેશી)

પ્રથથ એક પીઠિકા, ઝગમગે દીપિકા, થાપી પ્રભુપાસ તે ઉપરે એ ॥ રજત રકેબીઓ, વિવિધ કુસુમે ભરી, હાથ નરનારી ધરી ઉચ્ચરે એ ॥ ૧ ॥ કનકબાહુ ભવે, બંધ જિનનામનો, કરીય દશમે દેવલોકવાસી ॥ સકલ સુરથી ઘણી, તેજ કાન્તિ ભણી, વીસ સાગર સુખ તે વિલાસી ॥ ૨ ॥ ક્ષેત્ર દસ જિનવરા, કલ્યાણુક પાંચસે, ઉત્સવ કરત સુર સાથશું એ ॥ થઇય અગ્રેસરી સાસય જિનતણી રચત પૂજા નિજ હાથશું એ ॥૩॥ યોગશાસ્ત્રે મતા, માસ ષટ્ થાકતા, દેવને દુઃખ બહુ જાતિનું એ ॥ તે નવિ નીપજે, દેવ જિન જીવને, જોવતાં ઠાણુ ઉપપાતનું એ ॥૪॥ મુગતિપુર મારગે, શીતળછાંયડી, તીર્થની ભૂમી ગંગાજલે એ ॥ ચૈત્ય અભિષેકતા સુકૃતતરુ સીંચતા, ભકતે બહુલાભવિ ભવતરે એ

॥૫॥ વારણ ને અસિ, દોય વચમાં વસી, કાશી વારાણસી નયરી એ ॥ અશ્વસેન ભૂપતિ, વામા રાણી સતી, જૈનમતિ રતિ અનુસારિયે એ ॥૬॥ ચાર ગતિ ચોપડા ચ્યવનના ચુકવી, શિવ ગયા તાસ ઘર નમન જાવે ॥બાલરૂપે સુરતિહાં, જનની મુખ જોવતાં, શ્રી શુભવીર આનંદ પાવે ॥૭॥

॥ કાવ્યમ્ ॥ ઉપજાતિવૃત્તમ્ ॥

ભોગી યદાલોકનતોઽપિ યોગી, બભૂવ પાતાલપદે નિયોગી; કલ્યાણકારી દુરિતાપહારિ, દશાવતારી વરદઃ સ પાર્શ્વઃ ॥૧॥

॥ અથ મંત્ર ॥

ઓ હ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય. પુષ્પાણિ યજામહે સ્વાહા ॥

॥ અથ ચ્યવનકલ્યાણકે દ્વિતીય ફલ પૂજા ॥

॥ દુહા ॥

કૃષ્ણ ચતુર્થી ચૈત્રની, પૂર્ણાયુ સુર તેહ ॥
વામા માત ઉદર નિશિ, અવતરિયા ગુણગેહ ॥ ૧ ॥
સુપન ચતુર્દશ મોટકાં, દેખે માતા તામ ॥
રયણી સમે નિજ મંદિરે, સુખ શય્યા વિશ્રામ ॥૨॥

॥ઢાળ॥ મિથ્યાત્વ વામીને, કોશ્યા સમકિત પામી રે—એ દેશી ॥

રૂડો માસ વસંત ફળી વનરાજી રે, રાયણ ને સહકાર વાલા ॥ કેતકી જાય ને માલતી રે ભમર કરે ઝંકાર વાલા ॥ કોયલ મદભર ટહુકતી રે, બેઠી આંબા ડાળ વાલા ॥ હંસ યુગલ જળ ઝીલતાં રે. વિમલ સરોવર પાળ વાલા ॥ મંદ પવનની લહેરમાં રે. માતા સુપન નિહાળ વાલા ॥ એ આં-કણી દીઠો પ્રથમ ગજ ઉજ્જવલો રે બીજે વૃષભ ગુણવંત વાલા ॥ત્રીજે સિંહજ કેસરી રે, ચોથે શ્રી દેવી મહંત વાલા ॥ માળ યુગલ ફૂલ પાંચમે રે, છટ્ઠે રોહિણી કંત વાલા ॥ ઊ-ગતો સૂરજ સાતમે રે, આઠમે ધ્વજ લહકંત વાલા ॥ રૂડો માસ૦ ॥૧॥ નવમે કળશ રૂપાતણો રે, દશમે પદ્મસર જાણ વાલા ॥ અગ્યારમે રત્નાકરૂ રે. બારમે દેવ વિમાન વાલા ॥ ગંજ રત્નનો તેરમે રે. ચઉદમે વહ્નિ વખાણ વાલા ॥ઉતરતાં આકાશથી રે, પેસતાં વદન પ્રમાણ વાલા ॥ રૂડો૦ ॥૨॥ માતા સુપન લહી જાગીયાં રે, અવધિ જુવે સુરરાજ વાલા ॥ શક્રસ્તવ કરી વંદીયા રે, જનની ઉદર જિનરાજ વાલા ॥ એણે સમે ઇંદ્ર તે આવીયા રે, મા આગળ ધરી લાજ વાલા ॥ પુણ્યવતી તુમે પામીયું રે, ત્રણ ભુવનનું રાજ્ય વાલા ॥ ॥રૂડો૦ ॥૩॥ ચૌદ સુપનના અર્થ કહી રે, ઇંદ્ર ગયા

નિજઠામ વાલા ચઉસઠ ઇંદ્ર મળી ગયારે, નંદીસર જિનધામ વાલા ।। ચ્યવન કલ્યાણક ઉત્સવે રે શ્રીફલ પૂજા ઠામ વાલા ।। શ્રીશુભવીરતેણે સમેરે, જગતજીવ વિશ્રામવાલા ।।રૂડો૦।।૪।।

।। કાવ્યં ભોગી યદા૦ ।। ૧ ।।

।। અથ મંત્ર ।। ઓં હ્રીં શ્રીં પરમ૦ ।। ફલાનિ ય૦ સ્વાહા ।।

।। અથ જન્મકલ્યાણકે તૃતીય અક્ષત પૂજા ।।

।। દુહા ।।

રવિઉદયે નૃપ તેડિયા, સુપનપાઠક નિજ ગેહ ।।
ચઉદ સુપન ફળ સાંભળી, વળીય વિસર્જ્યા તેહ ।। ૧ ।।
ત્રણ જ્ઞાનશું ઉપના, ત્રેવીશમા અરિહંત ।।
વામા ઉર સર હંસલો, દિન દિન વૃદ્ધિ લહંત ।। ૨ ।।
ડોહલા પૂરે ભૂપતિ, સખિયો વૃંદ સમેત ।।
જિન પૂજે અક્ષત ધરી, ચામર પંખા લેત ।। ૩ ।।
।। ઢાળ ।। ચિત્ત ચોખે ચોરી નવી કરીએ એ—દેશી ।।

રમતી ગમતી હમુને સાહેલી, બિહુ મળી લીજીએ એક તાળી ।। સખિ આજ અનોપમ દીવાળી ।। લીલ વિલાસે પૂરણમાસે, પોષ દશમ નિશિ રઢીયાળી ।। સખિ૦ ।।૧।। પશુ પંખી વસીયાં વનવાસી, તે પણ સુખીયાં સમકાળી સખિ૦ ।। ઇણુરાતે ઘર ઘર ઉત્સવસેં, સુખિયા જગતમેં

નરનારી ॥ સખિ૦॥૨॥ ઉત્તમગ્રહ વિશાખાયોગે, જન્મ્યા પ્રભુજી જયકારી ॥ સખિ૦ ॥ સાતે નરકે થયાં અજુવાળાં, થાવરને પણ સુખકારી ॥ સખિ૦ ॥૩॥ માત નમી આઠે દિગકુમરી, અધોલોકની વસનારી ॥ સખિ૦ ॥ સૂતિ ઘર ઇશાને કરતી, યોજન એક અશુચિ ટાળી ॥સખિ૦॥૪॥ ઉર્ધ્વલોકની આઠ કુમારી, વરસાવે જળ કુસુમાળી ॥ સખિ૦॥ પૂર્વ રૂચક અડ દર્પણ ધરતી, દક્ષિણની અડ કલશાળી ॥સખિ૦॥૫॥ અડ પચ્છિમની પંખા ધરતી. ઉત્તર અડ ચામર ધારી ॥સખિ૦॥ વિદિશિની ચઉ દીપ ધરંતી, રૂચકદ્વીપની ચઉ બાળી॥સખિ૦॥૬॥ કેળ તણાં ઘર ત્રણ્ય કરીને, મર્દન સ્નાન અલંકારી ॥સખિ૦॥ રક્ષા પોટલી બાંધી બિહુને, મંદિર મેલ્યાં શણગારી ॥ સખિ૦॥૭॥ પ્રભુ મુખકમલે અમરીભમરી, રાસરમંતી લટકાળી ॥સખિ૦॥ પ્રભુ માતા તું જગતની માતા, જગદીપકની ધરનારી ॥ સખિ૦॥૮॥ માતા તુંજ નંદન ઘણું જીવો, ઉત્તમ જીવને ઉપકારી ॥ સખિ૦ ॥ છપ્પન દિગકુમરિ ગુણ ગાતી, શ્રીશુભવીર વચનશાળી ॥ સખિ૦ ॥૯॥

॥ કાવ્યં ॥ ભોગી યદા૦ ॥ ૧ ॥

॥ અથ મંત્ર ॥ ઓં હ્રીં શ્રીં પરમ૦ ॥ અક્ષતાન્ ય સ્વાહા ॥

## અથજન્મકલ્યાણકે ચતુર્થ જલપૂજા ॥

॥ દુહા ॥

ચલિતાસન સોહમપતિ, રચી વિમાન વિશાળ ॥
પ્રભુ જન્મોત્સવ કારણે, આવંતા તત્કાળ ॥૧॥

॥ ઢાળ ॥ કાજ સિદ્ધાં સકલ હવે સાર૦ એ–દેશી ॥

હવે શક્ર સુઘોષા વજાવે, દેવ દેવી સર્વ મિલાવે ॥ કરે પાલક સુર અભિધાન, તેણે પાલક નામે વિમાન ॥૧॥પ્રભુ પાસનું મુખડું જોવા, ભવોભવનાં પાતિક ખોવા ॥ ચાલે સુર નિજ નિજ ટોળે, મુખ મંગળિક માળા બોલે ॥પ્રભુ૦॥ ॥૨॥ સિંહાસન બેઠા ચલિયા, હરિ બહુ દેવે પરવરિયા ॥ નારી મિત્રના પ્રેર્યા આવે, કેઇક પોતાને ભાવે ॥ પ્રભુ૦॥ ॥૩॥ હુકમે કેઇ ભક્તિ કરેવા, વળી કેઇક કૌતુક જોવા ॥ હય કાસર કેસરી નાગ, ફણી ગરુડચઢયા કેઇ છાગ ॥પ્રભુ॥ ॥૪॥ વાહન વૈમાન નિવાસ, સંકીર્ણ થયું આકાશ ॥ કેઇ બોલે કરતા તાડા, સાંકડા ભાઈપર્વના દહાડા ॥ પ્રભુ૦॥૫॥ ઇહાં આવ્યા સર્વ આણંદે, જિનજનનીને હરિ વંદે ॥ પંચ રૂપે હરિ પ્રભુ હાથ, એક છત્ર ધરેશિર નાથ ॥ પ્રભુ૦ ॥૬॥ બે બાજુ ચામર ઢાલે, એક આગળ વજ્ર ઉલાળે ॥ જઇ મેરુ ધરી ઉત્સંગે, ઇંદ્ર ચોસઠ મળિયા રંગે ॥ પ્રભુ૦॥૭॥ ક્ષીરોદક ગંગા વાણી, માગધવરદામનાં પાણી ॥ જાતિ આઠ

ના કળશ ભરીને, અઢીસેં અભિષેક કરીને ॥ પ્રભુ૦ ॥ ૮॥ દીવો મંગળ આરતિ કીજે, ચંદન કુસુમે કરી પૂજે॥ ગીત વાજિંત્રના બહુ ઠાઠ, આલેખે મંગળ આઠ ॥પ્રભુ૦॥૯॥ ઇત્યાદિક ઉત્સવ કરતા, જઈ માતા પાસે ધરતા ॥ કુંડલ-યુગ વસ્ત્ર ઓશીકે, દડો ગેડી રતનમયી મૂકે ॥પ્રભુ૦ ૧૦॥ કોડી બત્રીશ રત્ન રૂપૈયા, વરસાવી ઇંદ્ર ઉચ્ચરિયા ॥ જિન માતાશું જે ધરે ખેદ, તસ મસ્તક થાશે છેદ ॥પ્રભુ૦॥૧૧ અંગુઠે અમૃત વાહી, નંદીસર કરે અટ્ઠાઈ ॥ દેઈ રાજા પુત્ર વધાઇ, ઘર ઘર તોરણ વિરચાઈ ॥ પ્રભુ૦ ॥ ૧૨ ॥ દશદિન ઓચ્છવ મંડાવે, બારમે દિન નાત જિમાવે ॥ નામ થાપે પાર્શ્વકુમાર, શુભ વીરવિજય જયકાર ॥પ્રભુ૦॥ ૧૩ ॥

॥ કાવ્યં ॥ ભોગી યદા ॥ ૧ ॥

॥ અથ મંત્ર ॥ ઓં હ્રીં શ્રીં પરમ૦ જલં૦ ય૦ સ્વાહા ॥

## ॥ અથ જન્મકલ્યાણકે પંચમ ચંદનપૂજા

### ॥ દુહા ॥

અમૃતપાને ઉછર્યા, રમતા પાસકુમાર ॥
અહિ લંછન નત કર તનુ, વરતે અતિશય ચાર ॥૧॥
યૌવન વય પ્રભુ પામતાં, માત પિતાદિક જેહ ॥
પરણાવે નૃપ પુત્રિકા, પ્રભાવતી ગુણગેહ ॥ ૨ ॥

ચંદન ઘસી ઘનસારસું. નિજ ઘર ચૈત્ય વિશાળ ॥
પૂજોપકરણુ મેળવી, પૂજે જગત દયાળ ॥ ૩ ॥

॥ ઢાળ ॥ બાળપણે યોગી હુઆ માઈ ભિક્ષા દોને એ–દેશી ॥

સોના રૂપા કે સોગઠે, સાંયા ખેલત બાજી ॥ ઈંદ્રાણી મુખ દેખતે, હરિ હોત હૈ રાજી ॥૧॥ એક દિન ગંગાકે બિચે, સુર સાથ બહોરા ॥ નારી ચકોરા અપ્સરા, બહૌત કરત નિહોર ॥૨॥ ગંગા કે જળ જિલતે છાંહી બાદલિયાં ॥ ખાવન ખેલ ખેલાયકે સવિ મંદિર વળિયાં ॥૩॥ બેઠે મંદિર માળિયે, સારી આલમ દેખે ॥ હાથ પૂજાપા લે ચલે, ખાન પાન વિશેષે ॥૪॥ પૂછયા પડુત્તર દેત હે, સુનો મોહેન મેરે ॥ તાપસકું બંદન ચલે, ઉઠી લોક સબેરે ॥૫॥ કમઠયોગી તપ કરે, પંચ અગ્નિકી જ્વાળા ॥હાથે લાલ કદામણી, ગળે મોહનમાળા ॥૬॥ પાસ કુંઅર દેખણુ ચલે, તપસીપે આયા; ઓહીનાણે દેખકે, પીછે યોગી બોલાયા ॥૭॥ સુણ તપસી સુખ લેનકું, જપે ફોગટ માલે ॥ અજ્ઞાનસે અગ્નિ બિચે, યોગકું પરજાલે ॥૮॥ કમઠ કહે સુણ રાજવી, તુમે અશ્વ ખેતાઓ ॥ યોગી કે ઘર હૈ બડે, મતકો બતલાઓ ॥૯॥ તેરા ગુરુ કોન હૈ બડા, જિને યોગ ધરાયા ॥ નહિ ઓળખાયા ધર્મકું, તનુ કષ્ટ બતાયા ॥૧૦॥ હમ ગુરુ ધર્મ પિછાનતે, નહિ કવડી પાસે ॥ ભૂલ ગયે દુનિયા દિશા, રહતે

વનવાસે ॥૧૧॥ વનવાસી પશુ પંખીયા, એસે તુમ યોગી, યોગી નહીં પણ ભોગીયા, સંસાર કે સંગી ॥૧૨॥ સંસાર બુરા છોડકે, સુણ હો લઘુ રાજા ॥ યોગી જંગલ સેવતે, લેઇ ધર્મ અવાજા ॥૧૩॥ દયા ધર્મકા મૂલ હૈ, કયા કાન કું કાયા ॥ જીવદયા નહુ જાનતે, તપ ફોગટ માયા ॥૧૪॥ બાત દયાકી દાખિયે, ભૂલ ચૂક હમારા ॥ બેર બેર કયા બોલણાં, એસા ડાકડમાલા ॥૧૫॥ સાંઇ હુકમસેં સેવકે, બડા કાષ્ટ ચિરાયા ॥ નાગ નિકાલા એકીલા, પરજલતી કાયા ॥૧૬॥ સેવક મુખ નવકારસેં, ધરણેંદ્ર બનાયા ॥ નાગકુમારે દેવતા, બહુ ઋદ્ધિ પાયા ॥૧૭॥ રાણી સાથ વસંતમેં વનભીતર પેઠે ॥પ્રાસાદ સુંદર દેખીને,ઉહાં જાકર બેઠે ॥૧૮॥રાજિમતીકું છોડકે,નેમ સંજમ લીના ॥ચિત્રામણ જિન જોવતે, વૈરાગે ભીના ॥૧૯॥ લોકાંતિક સુર તે સમે, બોલે કર જોડી ॥ અવસર સંજમ લેનકા, અબ દેર હૈ થોડી ॥૨૦॥ નિજ ઘર આયે નાથજી, પિયા ખિણખિણ રોવે ॥ માતાપિતા સમજાયકે,દાન વરસી દેવે ॥૨૧॥ દીન દુઃખીયા સુખીયા કિયા, દારિદ્રકું ચુરે ॥ શ્રી શુભવીર હરિ તિહાં, ધન સઘળો પુરે ॥૨૨॥

॥ કાવ્યં ॥ ભોગી યદા૦ ॥ ૧ ॥

॥ અથ મંત્ર ॥ ઓં હ્રીં શ્રીં પરમ૦ ચંદનં૦ ય૦ સ્વાહા ॥

## ॥ અથ દીક્ષાકલ્યાણકે ષષ્ટી ધુપપૂજા

॥ દુહા ॥

વરસીદાનને અવસરે. દાન લીયે ભવ્ય તેહ ॥
રોગ હરે ષટ માસનો, પામે સુંદર દેહ ॥૧॥
ધુપઘટા ધરી હાથમાં, દીક્ષા અવસર જાણ;
દેવ અસંખ્ય મળયા તિહાં. માનું સંજમઠાણ ॥૨॥

॥ ઢાળ ॥ દેખો ગતિ દૈવનીરે—એ દેશી ॥

ત્રીસ વરસ ઘરમાં વસ્યા રે, સુખભર વામાનંદ ॥ સંયમ રસિયા જાણીને રે, મળિયા ચોસઠ ઇન્દ્ર નમો નિત્ય નાથજીરે, નિરખત નયનાનંદ ॥ નમો० ॥૧॥ એ આંકણી ॥ તીર્થોદય વર ઔષધિ રે, મેળવતાં બહુ ઠાઠ, આઠ જાતિ કળશા ભરીરે, એક સાહસ ને આઠ ॥ નમો ॥૨॥ અશ્વસેન રાજા ધુરે રે. પાછળ સુર અભિષેક ॥ સુર-તરૂપેરે અલંકર્યોરે, દેવ ન ભૂલે વિવેક ॥ નમો० ॥૩॥ વિ-શાલા નૃપ શિબિકા રે, બેઠા સિંહાસન નાથ ॥ બેઠી વડેરી દક્ષિણે રે, પટશાટક લેઇ હાથ ॥ નમો० ॥૪॥ વામદિશે અંબ ધાતરીરે. પાછળ ધરી શણગાર ॥ છત્ર ધરે એક યૌવનારે, ઇશાન ફળ કરનાર ॥ નમો० ॥૫॥ અગ્નિ કોણે એક યૌવના રે, રયણમય પંખો હાથ ॥ ચલત શિબિકા ગાવતીરે, સર્વ સાહેલી સાથ ॥ નમો० ॥૬॥ શક્રઇશાન ચામર ધરેરે, વાજિં-

ત્રનો નહિ પાર ॥ આઠ મંગલ આગળ ચલે રે, ઇન્દ્રધ્વજા ઝલકાર ॥નમો૦ ॥૭॥ દેવ દેવી નર નારીયો રે. જોઈ કરે પ્રણામ. કુળમાં વડેરા સજજના રે. બોલે પ્રભુને તામ ॥ નમો૦॥૮॥ જિતનિશાન ચડાવજોરે, મોહની કરી ચકચૂર॥ જેમ સંવત્સર દાનથી રે, દારિદ્ર કાઢ્યું દૂર ॥નમો૦॥૯॥ વરઘોડેથી ઉતર્યા રે, કાશીનયરની બહાર આશ્રમપદ ઉદ્યાનમાં રે, વૃક્ષ અશોક રસાળ॥ નમો ॥૧૦॥ અટ્ઠમ તપ ભૂષણ તજી રે. ઉચ્ચરે મહાવ્રત ચાર ॥ પોષ બહુલ એકાદશી રે ॥ ત્રણ્ય સયાં પરિવાર ॥ નમો૦॥૧૧॥ મનઃ-પર્યવ તવ ઉપનું રે, ખંધ ધરે જગદીશ ॥ દેવદુષ્ય ઇન્દ્રે દિયું રે, રહેશે વરસ ચતતીસ ॥નમો૦ ॥૧૨ કાઉગગ્ગ મુદ્રાએ રહ્યા રે, સુર નંદીશ્વર જાતમાત પિતા વંદી વળ્યાંરે. શ્રી શુભવીર પ્રભાત ॥ નમો૦ ॥૧૩॥

કાવ્યં ॥ ભોગી યદા૦ ॥ ૧ ॥

॥ અથ મંત્ર ॥ ઓમ હ્રીં શ્રીં પરમ૦ ધૂપં ય૦ સ્વાહા ॥

## અથ કેવલજ્ઞાનકલ્યાણકે સપ્તમ દીપકપૂજા

### ॥ દુહા ॥

સારથ ધન ઘરે પારણું, પ્રથમ પ્રભુએ કીધ ॥
પંચ દિવ્ય પ્રગટાવીને, તાસ મુક્તિ સુખ દીધ ॥૧ ॥

જગદીપક પ્રગટાવવા, તપ તપતા રહી રાણ ॥
તેણે દીપકની પૂજના, કરતાં કેવલનાણ ॥૨॥

॥ ઢાળ ॥ મહાવીર પ્રભુ ઘેર આવે—એ દેશી ॥

પ્રભુ પારસનાથ સિધાવ્યા, કાદંબરી અટવી આવ્યા ॥ કુંડ નામે સરોવર તીરે, ભર્યું પંકજ નિર્મળ નીરેરે ॥ મન મોહન સુંદર મેળા, ધન્ય લોક નગર ધન્ય વેળા રે ॥ મન૦ ॥૧॥ એ આંકણી ॥ કાઉસ્સગ્ગ મુદ્રા પ્રભુ ઠાવે, વનહાથી તિહાં એક આવે ॥ જળ શૂંઢ ભરી ન્હવરાવે, જિન અંગે કમળ ચઢાવે રે ॥ મન૦ ॥૨॥ કલિકુંડ તીરથ તિહાં થાવે, હસ્તિ ગતિ દેવની પાવે ॥ વળી કૌત્સુભ વન આણંદે ધરણેન્દ્ર વિનય ધરી વંદે રે ॥મન૦ ॥૩॥ ત્રણ્ય દિન ફણી છત્ર ધરાવે, અહિછત્રા નગરી વસાવે ॥ ચાલતા તાપસ ઘર પૂંઠે, નિશિ આવી વસ્યા વડ હેઠે રે ॥ મન૦ ॥૪॥ થયો કમઠ મરી મેઘમાળી, આવ્યો વિભંગે નિહાળી ॥ ઉપસર્ગ કર્યા બહુ જાતિ, નિશ્ચલ દીઠી જિન છાતી રે॥મન૦ ॥૫॥ ગગને જળ ભરી વાદળીયો, વરસે ગાજે વીજળીયો ॥પ્રભુ નાસા ઉપર જળ જાવે, ધરણેંદ્ર પ્રિયા સહ આવે રે ॥ મન૦ ॥૬॥ ઉપસર્ગ હરી પ્રભુ પૂંજી, મેઘમાળી પાપથી ધ્રુજી ॥જિનભક્તે સમકિત પાવે, બેહુ જણ સ્વર્ગ સિધાવેરે॥ મન૦॥૭॥ આવ્યા કાશી ઉદ્યાને, રહ્યા સ્વામી કાઉસ્સગ્ગ ધ્યાને ॥

અપૂરવ વીર્ય ઉલ્લાસે. ઘનઘાતી ચાર વિનાસે રે ાામન૦ ાા૮ાા ચોરાશી ગયા દિન આખા, વદિ ચૈતર ચોથ વિશાખા ાા અઠ્ઠમ તરુ ઘાતકી વાસી, થયા લોકાલોક પ્રકાશી રે ાા મન૦ાા૯ાા મળે ચોસઠ ઈન્દ્ર તે વાર. રચે સમવરણ મનો-હાર ાા સિંહાસન સ્વામી સુહાવે, શિર ચામર છત્ર ધરાવે રે મન૦ ાા૧૦ાા ચોત્રીસ અતિશય થાવે, વનપાળ વધામણી લાવે ાા અશ્વસેન ને વામારાણી, પ્રભાવતી હર્ષ ભરાણીરેાા મન૦ ાા૧૧ાા સામઠયું સજી સહુ વંદે, જિનવાણી સુણી આણંદે ાા સાસરો સાસુ વહુ સાથે, દીક્ષા લીધી પ્રભુ હાથેરે ાામન૦ ાા ૧૨ ાા સંઘ સાથે ગણીપદ ધરતા, સુર જ્ઞાન મહોત્સવ કરતા ાા સ્વામી દેવછંદે સોહાવે, શુભવીર વચન રસ ગાવે રે ાા મન૦ ાા ૧૩ ાા

ાા કાવ્યં ાા ભોગી યદ્દા૦ ાા ૧ ાા

ાા અથ મંત્ર : ઓં હ્રીં શ્રીં પરમ૦ દીપં૦ ય૦ ાા સ્વાહા ાા

## અથ નિર્વાણકલ્યાણકે અષ્ટમ નૈવેદ્યપૂજા ાા

ાા દુહા ાા

શુભ આદે દશ ગણધરા, સાધુ સોળ હજાર ાા
અડતીસ સહસ તે સાધવી, ચાર મહાવ્રત ધાર ાા૧ાા

એક લખ ચઉસઠ સહસ છે. શ્રાવકનો પરિવાર ॥
સગવિસ સહસ તે શ્રાવિકા, તિગ લખ ઉપર ધાર ॥
દેશવિરતિધર એ સહુ, પૂજે જિન ત્રણ કાળ ॥
પ્રભુ પડિમા આગળ ધરે, નિત્ય નૈવેદ્યનો થાળ ॥૩॥

॥ ઢાળ ॥ એક સમે શામળિયાજી વૃંદાવનમાં એ–દેશી ॥

રંગરસિયા રંગરસ બન્યો ॥ મનમોહનજી॥કોઇ આગળ નવિ કહેવાય ॥મનડું મોહ્યું રે મનમોહનજી॥ વેધકતા વેધક લહે ॥ મન૦ ॥ બીજા બેઠાં વા ખાય ॥ મનડું ૦॥ ॥૧॥લોકોત્તર ફળ નીપજો॥મન ૦॥ મ્હોટો પ્રભુનો ઉપકાર ॥ મનડું ૦॥ કેવળનાણ દિવાકરૂ ॥મન૦॥ વિચરંતા સુર પરિવાર ॥ મનડું ૦॥૨॥કનક કમળ પગલાં ઠવે॥મન૦॥ જળબુંદ કુસુમ વરસાત॥ મનડું ૦॥ શિર છત્ર વળી ચામર ઢળે ॥ મન૦॥ તરૂ નમતાં મારગ જાત ॥ મનડું ૦॥૩॥ ઉપદેશી કેઇ તારિયા ॥મન૦॥ ગુણ પાંત્રીસ વાણી રસાળ ॥મનડું ૦॥ નરનારી સુરઅપ્સરા મન૦॥ પ્રભુ આગળ નાટકશાળ॥ મનડું ૦॥૪॥અવનિતળપાવન કરી ॥મન૦॥ અંતિમ ચોમાસું જાણ ॥ મનડું ૦॥સમેતશિખર ગિરિ આવીયા ॥મન૦॥ ચડતા શિવઘર સોપાન ॥ મનડું૦ ॥૫॥ શ્રાવણ સુદિ આઠમ દિને ॥મન૦॥ વિશાખાએ જગદીશ ॥ મનડું ૦॥ અણુસણ કરી એક માસનું ॥મન૦॥ સાથે

મુનિવર તેત્રીસ ।। મનડું ૦।।૬।। કાઉસ્સગ્ગમાં મુક્તિ વર્યા ।।મન૦।।સુખ પામ્યા સાદિ અનંત ।।મનડું૦।। એક સમય સમશ્રેણુથી ।।મન૦।। નિઃકર્મા ચઉદષ્ટાંત ।। મનડું૦।।૭।। સુરપતિ સઘળા તિહાં મળે ।।મન૦।।ક્ષીરોદધિ આણે નીર।। ।।મનડું ૦।। સ્નાનવિલેપન ભૂષણે ।।મન૦।।દેવદુષ્યે સ્વામી શરીર ।।મનડું ૦।।૮।। શોભાવી ધરી શિબિકા ।। મન૦।। વાજિંત્રને નાટક ગીત ।। મનડું૦।। ચંદન ચય પરજાળતા ।।મન૦।।સુર ભક્તિ શોકસહિત ।। મનડું ૦।।૯।। થુભ કરે તે ઉપરે ।।મન૦।। દાઢાદિક સ્વર્ગે સેવ ।।મનડું૦।। ભાવઉદ્યોત ગયે થકે ।।મન૦।। દિવાળી કરતા દેવ ।। મનડું ૦।। ૧૦ ।। નંદીસર ઉત્સવ કરે ।। મન૦।। કલ્યાણક મોક્ષાનંદ ।। ।। મનડું ૦।। વર્ષ અઢીસેં આંતરૂં ।।મન૦।। શુભવીર ને પાસ જિણંદ ।। મનડું ૦।। ૧૧ ।।

।। અથ ગીતં ।।

( ઘરે આવો ઢોલા—એ દેશી )

ઉત્સવ રંગ વધામણાં, પ્રભુ પાસને નામે ।। કલ્યાણક ઉત્સવ કિયો, ચઢતે પરિણામે ।। ઉત્સવ।।૦।। શતવર્ષાયુ જીવીને, અક્ષયસુખ સ્વામી ।।તુમ પદ સેવા ભક્તિમાં, નવિ રાખું ખામી।।ઉત્સવ૦।।૨।।સાચી ભક્તે સાહેબા, રીઝો એક વેળા ।।શ્રીશુભવીર હુવે સદા, મનવાંછિત મેળા ।। ઉત્સવ૦।।૩।।

॥ અથ કળશ ॥

ગાયો ગાયો રે. શંખેશ્વર સાહેબ ગાયો॥ યાદવલોકની જરા નિવારી, જિનજી જગત ગવાયો ॥ પંચ કલ્યાણક ઉત્સવ કરતાં. અમ ઘર રંગ વધાયોરે ॥ શંખેશ્વર૦ ॥૧॥ તપાગચ્છ શ્રી સિંહસૂરિના, સત્યવિજય બુધ ઠાયો ॥ કપુરવિજય ગુરુ ખિમાવિજય તસ,જસવિજયો મુનિરાયોરે શંખે૦ ॥૨॥ તાસ શિષ્ય સંવેગી ગીતારથ,શાંત સુધારસ નાહ્યો ॥શ્રી શુભવિજય સુગુરુ સુપસાયે, જયકમળા જગ પાયો રે ॥ શંખે૦ ॥ ૩ ॥ રાજનગરમાં રહી ચોમાસું. કુમતિ કુતર્ક હઠાયો ॥ વિજય દેવેંદ્રસૂરીશ્વર રાજ્યે, એ અધિકાર બનાયો રે॥ શંખે૦ ॥ ૪ ॥ અઢારસે નેવ્યાશી અક્ષયત્રીજ. અક્ષત પુણ્ય ઉપાયો ॥ પંડિત વીરવિજય પદ્માવતી, વાંછિત દાય સુહાયો રે ॥ શંખેશ્વર૦ ॥ ૫ ॥

॥ કાવ્યં ભોગી સદા૦ ॥ ૧ ॥

॥ અથ મંત્ર ॥ ઓં હ્રીં શ્રીં પરમ૦ નૈવેદ્યં યળા સ્વાહા ॥

ઈતિ પંડિત શ્રી વીરવિજયજીકૃત

પંચકલ્યાણક પૂજા સમાપ્ત

# ॥ श्री पद्मावती स्तोत्रम् ॥

जयजय जगदानन्ददायिनि ! जय जय धरणेन्द्रवल्लभे ।
सुभगे दवि कणत्रयधारिणि ! त्वं जय पद्मानने ! पद्मे ! ॥१॥

विजया जयाऽजिता त्वं अपराजिता शिवा गौरी ।
रम्भा त्वं वैरोटया प्रज्ञप्तिर्भद्रकाली च ॥२॥

काली च महाकाली शिवङ्करी शङ्करी पद्मनेत्रा ।
हिमवत्तनया लक्ष्मीर्धृतिमति भुवनेश्वरी देवी ॥ ॥३॥

त्वं बुद्धि–सिद्धि–वृद्धिस्तवं ज्वालामालिनीश्वरी बाला ।
कामाक्षा जगदम्बा अम्बा जगदीश्वरी तारा ॥४॥

त्वमम्बिकाऽन्नपूर्णा श्रीर्विद्या त्रिपुरसुन्दरी जननी ।
त्वं भगवती भवानी मातङ्गी राजमातङ्गी ॥ ॥५॥
त्वं भैरवी त्रिनेत्रो शक्तिस्तवं हिङ्गुभाज–हीङ्गोली ।
त्वं वाग्वादिनी शारदा सरस्वती सत्यदेवी च ॥ ॥६॥

ज्वालामुखि भो बाला पीठा शाकम्भरी च त्वमनन्ता ।
शीतला तोतला भद्रा पद्मा कुष्माण्डी चक्रधरा ॥७॥

चामुण्डी महा माया गायत्री सर्व विश्व विख्याता ।
श्रुतदेवी जिनवाणी त्वं विद्या वर्द्धमानस्य ॥८॥

नाग कुमार कुमारी देवी कात्यायनी मधुमती च ।
कुण्डलिनी ह्रींकारो आई माई च दुर्गेमा ॥९॥

भोगी चानन्दकरी त्वं वरदानन्द दायिनी नित्या ।
ब्रह्माणी बाहुबली सिंहमराले समारुढा ॥१०॥

त्वं चैकाक्षर नामा अक्षरी द्र्यक्षरी षडक्षरी माता ।
पञ्च दशाक्षर गर्भिता त्वं भुवनत्रयस्य सौख्यकरा ॥११॥

त्रिखगुप्ताप्तशरीरा जनजाडयाविमञ्जना रविकराया ।
सत्कवाञ्छितफलदा पद्मदला भास्वरी सेव्या ॥१२॥

श्री पार्श्वनाथपदपंकजमविलीना
पद्मासना प्रवरकुर्कटसर्पयाना ॥
दारिद्रयदुःखरिपुवर्गविनाशनोत्का
पद्मावती भवतु मे खलु सा प्रसन्ना ॥१३॥

કમઠે ધરણેન્દ્રે ચ સ્વોચિતં કર્મ કુર્વતિ
પ્રભુસ્તુલ્ય મનોવૃત્તિઃ પાર્શ્વનાથઃ શ્રિયેઽસ્તુ વઃ ૧

સિદ્ધચક્રના ગુણઘણા કહેતા નાવે પાર
વાંછિતપુરે દુઃખહરે વંદુવાર હજાર ૨

અચિંત્ય ચિંતામણી કલ્પશાખિને
વિશુદ્ધસદ્‌બ્રહ્મ સમાધિશાલિને
દયાર્ણવાયાર્થિત દાયિને સતાં
નમો નમઃ શ્રી ગુરૂનેમિસૂરયે ૩

નવકારની મહિમા અનૂઠી સર્વભવભયહારિણી
નવકારની શુભ છત્રછાયા આત્મશાન્તિકારિણી
નવકારમાં સર્વસ્વ આવ્યું સાધના કરતાં સદા
નવકારદાયક સિદ્ધિપદ આરાધના છે સૌખ્યદા ૪

સર્વ મંગલ માંગલ્યં સર્વ કલ્યાણ કારણં
પ્રધાનં સર્વ ધર્માણાં જૈનં જયતિ શાસનમ્ ૫

શિવમસ્તુ સર્વ જગતઃ
પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ
દોષાઃ પ્રયાન્તુ નાશં
સર્વત્ર સુખી ભવતુ લોકઃ ૬

એમ. બાબુલાલ પ્રિન્ટરી, રતનપોળ, અમદાવાદ-૧